# बुद्धिप्रकाश.

પુસ્તક ૬૧ મું. જાન્યુવારી ૧૯૧૪.

## નાણાભીડ.*

(૧) ગુજરાતી કેળવણી મંડળી તરફથી આપવામાં આવતાં ભાષણોમાં આ છઠ્ઠું છે. પહેલામાં આ શહેરનાં બાળ મરણ વિશે વિવેચન થયું હતું. ત્યાર પછીનાં બેમાં વંશોત્પત્તિના વિષય ઉપર એક વિદ્વાન ગૃહસ્થે અર્વાચીન વિચાર દર્શાવ્યા હતા. રસાયન શાસ્ત્રના કેટલાક પ્રયોગો સાથે એક રસિક ને ઉપયોગી કથન કરવામાં આવ્યા પછી, ગયે મહિને ઋતુચર્યાની ઘણા કામની બાબત ઉપર એક પ્રસિદ્ધ વૈદ્યરાજે આપનું ધ્યાન ખેંચ્યું હતું. આ પાંચ ભાષણના વિષયો થોડા વધતા વૈજ્ઞાનિક હતા. હાલની ચાલતી વ્યવહારની સ્થિતિના સંબંધી કંઇક વિવેચન થાય તો શ્રોતાજનોને સારો મનફેર વિષય લાગે એમ માની '**નાણાભીડ**' વિશે થોડા સ્થૂલ વિચાર દર્શાવવાની આ તક સાધી છે.

(૨) એ વિષય ઘણો વ્યાપક છે, ને અર્થશાસ્ત્રના એક ઉપયોગી તથા ગુંચવણીઆ પ્રકારનો ખંડ છે. એનું શાસ્ત્રીય રીતે પૂર્ણ વ્યાખ્યાન કરવાનું મારૂં સામર્થ્ય હોય તોપણ તે શ્રોતાજનોને રસિક પણ લાગે નહિ. માટે સામાન્ય શ્રોતાઓને કંઈ માહિતી જોડે થોડા એ સંબંધના સાધારણ વિચાર દર્શાવવાનો હેતુ રાખ્યો છે. આથી કેટલાક સંસ્કારી ને સુશિક્ષિત પુરૂષોને વખતે તેમાં પુરેપુરો રસ નહિ પડે. પરંતુ તેઓ વિવેચક દાખલ લક્ષ આપે, ને ઇતર પુરૂષોને તે ઉપયોગી થઈ પડે એવી મારી કામના છે.

(૩) આપ જાણો છો કે નાણાનું મુખ્ય કર્તવ્ય માલનો ક્રયવિક્રય કરાવવાનું છે. નાણા વડે માલ ખરીદીયે છીયે ને નાણા બદલ માલ વેચીએ છીએ. એ રીતે નાણું એ ખરીદી વેચાણનું સાધન એટલે ક્રયવિક્રયનું દ્વાર છે. વળી નાણા વડે માલને મૂલવવો ઠીક પડે છે. ગામડાંના લોક જે દાણા પેદા કરે છે તેમને કાપડ, વાસણ વગેરે અનેક ચીજોનો ખપ પડે છે. નાણું ન હોય તો લેવા આપવાના માલની મૂલવણી કરવી કઠણ પડે. હાલ એક રૂપીઆની અધમણ બાજરી મળે છે, ને દોઢ રૂપીઆની એક છત્રી મળે છે, માટે પોણો મણ બાજરી બદલ એક છત્રી લે તો ખેડુતને નુકસાન નથી, એમ તે સમજી શકે છે. પણ નાણું ન હોય તો ખેડુતે કેટલી બાજરી આપી પગરખાં, છત્રી. લોટા વીગેરે લેવાં તે ઠરા-

* તા. ૧૯ મી ડિસેમ્બર ૧૯૧૩ ના રોજ ગુજરાત કેળવણી મંડળ તરફથી અપાએલું છઠ્ઠું ભાષણ.

વવામાં ઘણો વખત જાય ને રકઝક કરવી પડે. તેમજ નાણું ન હોય તો દાણા વાળાને જોઇએ ત્યારે કપડું ન મળે ને કપડા વાળાને ખપ હોય ત્યારે દાણા ન મળે. આગળ જંગલી દેશોમાં ને નિર્ધન અવસ્થામાં લોકો પોતાનો વ્યવહાર સાટાથી નભાવતા. પણ સાટાના વ્યવહારથી બાજરી બદલ કાપડ કે ગાયને મૂલવવામાં તથા લેવામાં ઘણી હરકત પડે એટલું જ નહિ પણ કાપડવાળા કે ગાય વાળાને બાજરીનો ખપ ન હોય તો બાજરી પેદા કરનારને ઘણો કાળ અથડામણ ને અઘવડ પડે એ ઉઘડ છે.

(૪) ઘણા પ્રાચીન કાલથી લોકોને સૂઝયું છે કે નાણા જેવું કાંઈ રાખી મૂકયું હોય તો હમેશને આપણને જે જોઇએ તે સહેલાઇથી મળે. સોનું રૂપું તે એવી જણસો છે કે તેમના થોડા અંશમાં ઘણી કીમત સમાએલી છે, ને તે એક સરખી જાતનાં તથા ટકાઉ છે. સર્વે મનુષ્ય જાતને તેઓની લાલસા છે, માટે સર્વત્ર સોના રૂપાનું નાણું સ્વીકારવામાં આવ્યું છે, ને ન્હાના સોદા માટે ત્રાંબુ પસંદ થયું છે. એ ધાતુઓના સરખા વજનના તથા સરખી શુદ્ધતાના કડકા સરકાર છાપે છે તેથી સર્વને સવડ પડે છે. રૂપાના એક એક તોલાના સરખા વજનના સરખા શિક્કા એટલે રૂપીઆ તેજ આજના પ્રસંગને અર્થે નાણું સમજવાનું છે. નાણું, એટલે રૂપીઆ—એવી સ્થૂલ વ્યાખ્યા લઇને આપણે આજ આગળ ચાલીશું. જ્યારે કોઇની પાસે નાણું જોઇએ તેટલું હોતું નથી ત્યારે તે કહે છે કે હાલ મારો હાથ ભીડમાં છે; હાથ દબાઇને નાણું હાથમાંથી જાણે નીકળી ગયું ન હોય એવી બોલી તે બોલે છે. આ રીતે જ્યારે નાણાની તંગી હોય ત્યારે માણસ ભીડમાં છું એમ કહે છે. માટે નાણાની ભીડ એટલે નાણાની તંગી. જેટલું નાણું પ્રસંગને તથા કાર્યને માટે જોઇતું હોય તેટલું ન હોવું તેનું નામ નાણાભીડ. આ પ્રમાણે નાણાભીડનો શબ્દાર્થ છે.

(૫) જગતમાં ને વિશેષે કરીને હિંદુસ્તાનમાં ગરીબ લોક ઘણા છે, ને રૂપીઆનું મ્હોડું ઘણે દહાડે એકવાર જુવે એવા પણ અનેક છે. વળી અત્રે ઉજલા ને સમજુ લોકમાં નાણાની છૂટવાળા એટલે જ્યારે જોઇએ ત્યારે નાણું વાપરી શકે એવા પણ ઘણા હોતા નથી. એટલે નાણાભીડ એ પદનો શબ્દાર્થ લેઇએ, તો એવી ભીડ બારે માસ થોડી વધતી હજારો લોકમાં ચાલ્યા કરે છે. પણ જનવાર નાણાની તંગી પડે છે તેનાં કારણ દર્શાવવાનો આજના ભાષણનો ઉદ્દેશ નથી. તેવી ભીડ ઘણે ભાગે દેશની ગરીબાઇને લીધે છે. અને એ ગરીબાઈ અનેક કારણોને લીધે, અને મુખ્યત્વે કરી દેશના લોકની કેળવણી, નીતિ, ઉદ્યોગ, સંસારવૃત્તિ વીગેરેને લેઇને છે. એવી ભીડ શાથી હઠે એ ઘણો વ્યાપક પ્રશ્ન છે. હાલ આપણા દેશના વિચારવંત પુરૂષોનું લક્ષ એ ઉપર ઘોળાયા કરે છે. આજના ભાષણની 'નાણાભીડ' નો અર્થ ઘણો સંકોચિત ને એકદેશી છે, તે આપની આગળ હમણાજ આવશે.

૬. જ્યારે કોઈ દેશમાં સાટાસાટી બંધ પડી નાણાથી વ્યવહાર થવા માંડે છે, ને બધી લેવડદેવડ, ક્રયવિક્રય તથા ધીરધાર નાણાવડે થાય છે ત્યારે નાણાનો ખપ ઘણો વધે છે, ને કેટલાક માણસો જુદા જુદા જણો પાસેથી બને તેટલું નાણું એકઠું કરી, એ નાણું જેને જોઇએ તેને ધીરવાનો ધંધો કરે છે. આવા ધંધા કરનારને *નાણાવટી* કે *સરાફ* કે *શાવકાર* કહે છે. થોડા માણસ એવા શ્રીમંત હોય છે, કે પોતાની પંડની પુંજીથી મોટી

ધીરધાર કરી શકે છે—જેવા કે રાજા બહાદુર શિવલાલ મોતીલાલ—પણ ઘણાખરા નાણાવટી અનેક લોકો પાસેથી કરજાઉ નાણું લેઈ પોતાને ત્યાં જમે રાખે છે, ને તે અવેજ જેને જોઇતો હોય તેને ખાતરી કે તારણ લઈ ધીરે છે આ નાણાવટીઓ પોતે વ્યાજ થોડું આપી અવેજ લે છે ને એથી વધારે વ્યાજ લેઈ તેજ.અવેજ ધીરે છે. આ પ્રમાણે જે ગાળો રહે છે તે એમને પોતાની મહેનતને જોખમ ખેડવા બદલ મળે છે.

(૭) હરેક પ્રકારના માલના ઉત્પન્ન કરનારાઓ ને તથા માલને એક સ્થળથી લેઈ જઈ અથવા લાવી બીજે સ્થળે વેચનારાઓને જેટલા નાણાનો ખપ પડે છે, તેટલું નાણું બધા પોતે ગાંઠનું કાઢી શક્તા નથી. તેઓ વિધવિધ રીતે ઉપર બતાવેલા નાણું ધીરનારા અથવા નાણાવટી પાસેથી જોઇતો અવેજ લે છે,,ને વ્યાજ સાથે વખત આવે પાછો ભરે છે. દાણાનો વેપારી હજારો રૂપીઆના દાણા બજારની રૂખ જોઈ ખરીદે છે. તે પોતાના નાણાથી હમેશ ખરીદતો નથી. એ કોઈ પણ નાણાવટીને ત્યાં ખાતું રાખે છે, ત્યાંથી જોઇતા રૂપીઆનો ઉપાડ કરે છે ને જેમ જેમ ભરેલા માલનો વકરો થાય છે તેમ તેમ ઉપાડેલાં નાણાં ભરે છે. રૂ, કાપડ, વીગેરેના સર્વ વેપારી પણ તેમ કરે છે. પોતાનાજ પૈસાથી પોતાનો બધો વેપાર ચલાવી શકે એવા વેપારી ઘણાજ થોડા હશે ને તેઓ લાંબો વેપાર ઉપાડી શક્તા નથી. સારાંશમાં કહીએ તો ઘણા ખરા ઉત્પાદકો તથા વેપારીઓ પારકા પૈસા લઈ પોતાનો ધંધો કરે છે.

(૮.) હવે આ બધા વેપારીઓ પોતાને જોઇતા નાણાં પોતાના ગામના સરાફ કે નાણાવટી પાસેથી લેછે. ગામના વેપાર પ્રમાણે ગામનું નાણાવટ મોટું કે નાનું હોય છે. સાધારણ રીતે વર્ષમાં એકવાર અથવા એકથી વધારેવાર એવો સમય આવે છે કે સારા વેપારીઓને પણ પોતાના વેપાર સારૂ જોઇએ તેટલાં નાણાં મળી શક્તાં નથી, ને બધા વેપારીને નાણાંની તંગી પડે છે. તેવા પ્રસંગે તેમને જોઇએ તેટલો અવેજ માગે ત્યારે મળતો નથી ને તેમના નાણાવટી પાસે તેમને ધીરી શકાય તેટલા નાણાં હોતાં નથી. આવી તંગીને વેપારી લોક ‘ નાણા ભીડ ’ કહે છે. આવે વખતે ગરજ સારવા વેપારી વધારે વ્યાજ આપવા માંડે છે એટલે એકંદર નાણાવટમાં વ્યાજનો દર ચઢે છે. તોપણ જોઇએ તેટલો અવેજ સહેજમાં મળતો નથી. આવી નાણાભીડ શાથી થાય છે એ તપાસવાનો આજનો મારો પ્રયાસ છે. આવી નાણાંની ભીડ એકંદર બધા વેપારીઓને નડે છે. તે આઠ દસ માણસની ભીડ નથી, પણ બધા વેપારીઓ તથા નાણાવટીઓને તે લાગે છે. તે આખી નાણાવટની ભીડ છે. આ પ્રકારની નાણાવટની નાણાભીડનાં કારણ શાં છે ને તે કયારે ને શી રીતે થાય છે ને તે ભીડને બદલે પાછી છૂટ કેવે પ્રકારે ને કીએ વખતે થાય છે તે આપણે આજ સમજવાનું છે.

(૯.) આવી નાણા ભીડ અનેક પ્રકારથી થાય છે. પરંતુ તેનો એક પ્રકાર ઘણો સાધારણ છે, અને તે ઘણું કરી વર્ષોવર્ષ જોવામાં આવે છે, તે પ્રકારને પ્રથમ લેવો જોઇએ. આ નાણાં ભીડ આપણા દેશમાં ઘણું કરી દરેક વર્ષમાં થોડા માસ સુધી બધાં મોટાં શહેરોમાં જોવામાં આવે છે. માત્ર ફેર એટલોજ છે કે કોઇમાં મોડી ને કોઇમાં વહેલી થાય

છે; કોઈવાર તે થોડી મુદત રહે છે ને કોઇવાર તે લાંબી મુદત રહે છે પણ ઘણું કરીને બધે ઠેકાણે થાય છે ખરી. હવે પ્રશ્ન એ છે કે એ શાથી ને કેવી રીતે થાય છે.

(૧૦) એ ભીડનું મુખ્ય કારણ ચોમાસુ કે વર્ષાઋતુ છે. બીજા કેટલાક દેશોમાં ચોમાસાની ઋતુજ નથી, પણ વર્ષમાં વર્ષાદ ગમે ત્યારે વરસે છે. ઈંગ્લાન્ડમાં આ પ્રમાણે છે. મોરીસ ( એટલે મોરીશીયસ બેટ ) માં બારે માસ થોડો ઘણો વરસાદ આવે છે. સીંધની પેઠે મીસર દેશ એટલે ઇજીપ્તમાં વર્ષાદ ઘણો થોડો થાય છે, ને નાઇલના પુરથી તુલ પાકે છે. આપણા ગુજરાતમાં ઘણા ભાગમાં અષાઢથી ભાદરવા લગી વર્ષાદ આવે છે. ને તેનો કેટલોક પાક આસો કારતક માગશરમાં પાકે છે. રૂ. કઠોળ તથા શીયાળુ પાક પોસથી ચૈત્ર લગી પાકે છે. હવે આ પ્રમાણે પાકેલો માલ બધો એકદમ ખપી શકતો નથી. પણ તે ખપાવવાની ખેડુતોને જરૂર હોય છે. ગામડાના ખેડુત અથવા તેમના વેપારીઓ તે શહેરમાં જથાબંધ વેચવા લાવે છે; ને શહેરવાળા પોતાના શહેરના લત્તાના ખપ જેટલો રાખી બાકીનો દેશાવર મોકલે છે. પરદેશ જવાનો માલ આપણે અહીંથી મુંબાઈ જાય છે. ગામડાના લોક કે વેપારી એ બધો માલ ઉધાર વેચી શક્તા નથી. દરરોજ તે માલને બદલે રોકડો અવેજ ગામડામાં મોકલવાની જરૂર પડે છે.

જેમ જેમ માલ વધારે આવે છે તેમ તેમ નાણાવટમાંથી અવેજ વેપારી લોક ઉપાડે છે ને ગામડે મોકલે છે. કીંમતી માલ જેવો કે રૂ, ગોળ, ઘી, શણ રેશમ, વગેરે આવે છે ત્યારે તેની કીંમતમાં ઘણા રૂપીઆ મોકલાવવા પડે છે. આવી રીતના વેપારીઓના નીરંતર ઉપાડને લીધે શહેરની નાણાવટમાં રોકડ નાણાની છત ઘણી ઘટી જાય છે. એટલે નાણાવટીઓ વ્યાજનો ભાવ ચઢાવે છે, તેમ છતાં પણ નાણા લેવા આવનાર ઓછા થતા નથી. વેપારીને જોઇતું નાણું વખતસર મળતું નથી. તેઓથી વેપાર મન પુરતો થતો નથી ને વ્યાજ ભરતાં પણ આ રીતે સંકડામણ થાય છે. નાણાભીડનું આ દેશમાં આ એક મુખ્ય સ્વરૂપ છે.

(૧૧) આ પ્રમાણે કારતક, માગસરથી ચૈત્ર વૈશાખ લગી ગામડાં ભણી રૂપીઆનું વહેણ વહે છે, તેથી શહેરમાં નાણાની ભીડ થાય છે. એ નાણું ગામડાંના હરેક ખેડુતને ત્યાં વહેંચાતુ વહેંચાતુ જાય છે. શહેરની નાણાવટમાંથી ઉપડેલા રૂપીઆ કંઈ ગેબ થયા નથી કે ઉડી ગયા નથી, પણ હજારો ગામડાંમાં ઘેર ઘેર વેરાએલા થોડા ઘણા પડયા રહે છે. જો એ રૂપીઆ જેવા જાય તેવાજ બે ચાર કે પાંચ સાત દિવસમાં શહેરમાં પાછા આવતા હોય તો તે મોડા વહેલા પાછા નાણાવટીને ઘેર એટલે નાણાવટમાં આવે ને નાણાભીડ લાંબી ચાલે નહિ. પણ તેમ બનતું નથી. એ ખરૂં કે ગામડાંના લોકને શહેરમાંથી સ્ત્રીપુરૂષનાં કપડાં, ત્રાંબા પીતળનાં વાસણ, ખાંડ, લોઢાની જણસો, ને સોનુરૂપું, છત્રીઓ, વગેરે અનેક પદાર્થનો દર વર્ષે ખપ પડે છે ને તે શહેરમાંથી ય છે ને રોકડ રૂપીઆ શહેરમાં તેને બદલે આવે છે. પણ તેઓ આ બધું એકદમ ખરીદ કરતા નથી. તેઓ પોતાનું ખર્ચ ત્રેવડથી કરે છે. ને બધું ખેતી પરવાર્યા પછી કરે છે. એટલે શહેરમાંથી ગયેલું નાણું થોડો ઘણો વખત ગામડામાં પુરાયુ રહે છે. જેમ જેમ ગામડાંના લોક તેવા માલની ખરીદી કરે છે તેમ તેમ ધીમે ધીમે તેમનું નાણું પાછું શહેરના દરેક વેપારી પાસે આવે

છે. છુટક વેપારી પોતપોતાના ખાતાવાળા નાણાવટીને ત્યાં ભરે છે ને નાણાવટમાં ધીમે ધીમે નાણાની છૂટ થાય છે. આ પ્રમાણે બેચાર માસે શહેરમાંથી ગયેલા નાણાનું પાછું વહેણ શહેરની નાણાવટમાં આવી રહે છે. તેનો કેટલોક ભાગ ગામડાંમાંથી કડકે કડકે પાછો આવે છે, ને કેટલોક ને મોટો ભાગ રૂ વગેરે મુંબાઇમાં મોકલ્યું હોય છે, તે વેચાએથી પાછો આવે છે. એમ કરતાં કરતાં નાણાવટમાંથી ગયેલો અવેજ ઘણોખરો નાણાવટમાં પાછો આવે છે. ગામડાંનો માલ શહેરોની વસ્તિમાં વેચાણ થઈ ખપી જવાથી પણ છૂટમાં વધારો થાય છે એટલે વ્યાજનો દર બેસી જાય છે; ને વેપારીઓને સહેજ રૂપીઆ મળી શકે છે. પણ આ પ્રમાણે છૂટ થાય છે ત્યારે વેપાર કરવાની મોટી જણસો ગામડાંમાંથી બધી શહેરમાં આવી ગઈ હોય છે, ને પરદેશ ચઢી ગઈ હોય છે; વચમાં ચોમાસુ આવે છે; એટલે આસો કારતકમાં પાછી ફસલ પાકે ત્યાં લગી નાણાવટમાં ભેગું થએલું નાણું રોકવાની મોટી જોગવાઈ આવતી નથી, ને નાણાવટમાં છૂટ રહે છે ને વેપારીના વ્યાજનો દર ઘટી જાય છે.

(૧૨) આ ઉપરથી શ્રોતાજનોના સમજવામાં આવ્યું હશે કે નાણું વરસમાં બે ઉલટી દિશાએ વહે છે. કારતક માગસરથી ચૈત્ર વૈશાખ લગી નાણારૂપી નદી અનેક રીતે મોટાં શહેરમાંથી ગામડાં ભણી વહે છે, તેથી શહેરોમાં ભીડ થાય છે, ને ગામડાંમાં ખેડુતને ઘેર છૂટ થાય છે. જેઠથી આસો લગી એ વહેણ શહેર તરફ વહી ગામડાંમાંથી વહ્યા કરે છે, ને ગામડામાં ભીડ ને શહેરમાં છૂટ થાય છે. વચમાં થોડાં અનેક વહેળા સામસામી વહેતા હોય છે, પણ તે અલ્પ હોય છે, તેથી હાલ તેને ગણતરીમાં મજરે લેવાની જરૂર નથી.

(૧૩) આપણે ઉપર કહી ગયા કે શહેરવાળા એ ગામડામાંથી ખરીદેલો બધો માલ શહેરમાં રહેતો નથી. મોટા શહેરના તથા બીજાં ન્હાનાં પાડોશનાં શહેરોના ખપ જેટલો માલ શહેરમાં રહે છે. પણ કેટલોક ઘણો કીમતી માલ દેશાવર જાય છે. મુખ્યત્વે કરી પરદેશ જવાનો. આ તરફના માલ મુંબાઈ જેવા પાસેના બંદરે જાય છે. જો આ પ્રમાણે પરદેશ ગયેલા માલની કીમત થોડી મુદતમાં પાછી ફરી વળતી હોય તો શહેરની નાણાવટમાં ભીડ કંઈક ઓછી થાય પણ તેમ હમેશ બનતું નથી. પરદેશ ગયેલો માલ વેચાઈ નાણાં પાછા શહેરમાં આવે ત્યાં લગી શહેરને બેવડો ભાર વેઠવો પડે છે. ગામડાંના માલને બદલે જે રોકડ રૂપીઆ ગામડે મોકલ્યા હોય છે તે આવતાં ઢીલ થાય છે, ને બીજી તરફથી દેશાવર વેચવા મોકલેલા માલના નાણાં પાછા વળતાં નથી. આવું થાય છે ત્યારે પાકી ભીડ થાય છે. જો દેશાવરનો વેપાર તેજ હોય ને મોકલેલો માલ તરત ઉપડી જતો હોય તો ભીડ ઘણી ઓછી થાય. ભીડ છેક તો કમી ગામડાંનું નાણું પાછું આવે ત્યારે થાય. તે આવતાં લગી થોડી ઘણીભીડ તો રહેવાની એ ઉઘડ છે.

(૧૪) આ વાત પુરેપુરી સમજવાને એમ કલ્પના કરવી ઠીક પડશે કે પચાસ ગાઉ ફરતું અમદાવાદ એકલુંજ શહેર છે, ને બધાં ગામડાં છે, ને એ ગામડાંનો પેદા કરેલો બધો માલ આઠ દશ વેપારી લે છે, ને ગામડાંના લોક પોતાનાં વસ્ત્ર, વાસણ, ખાંડ, લોઢું, રૂપુ, સોનુ વગેરે બધો માલ આ શહેરમાંથી ખરીદે છે. એવા દાખલાથી અમદાવાદ શહેરની નાણાભીડનું સ્વરૂપ સ્હેજ સમજાશે. આવો દાખલો લેવાથી અમદાવાદજ નાણાભીડનું મથક કે કેન્દ્ર થવું જોઇએ. અમદાવાદના આઠ દશ વેપારી કારતકથી ફાગણ લગીમાં ૫૦ ગાઉ

લગીના ગામડાંના દાણા, રૂ, સરસવ, તલ, શણ એરંડા વગેરે સર્વ જાતનો માલ અમદાવાદમાં લાવે છે. ને અહીં ખપ જેટલો રાખી બાકીનો બધો મુંબાઈ ચઢાવે છે, ને ત્યાં પણ આડત રાખ્યા વગર માલ બધો પોતેજ વેચે છે એમ ધારવું જોઇએ. આવો સ્થૂલ દાખલો લેવાથી તરત સમજાય છે કે તે આઠ દશ વેપારી પોતાનાં માણસોને અમદાવાદની નાણાવટમાંથી રૂપીઆ અપાવી પચાસ ગાઉ લગીના ગામડામાં તે અવેજ વેરશે. આવેલા માલમાંથી કેટલોક અત્રેના ખપ સારૂ રાખશે ને કેટલોક મુંબાઈ ચઢાવશે. આ રીતે અમદાવાદની નાણાવટનો રોકડ અવેજ પચાસ ગાઉનાં ગામડામાં વેરાઈ જશે ને ભારે ભીડ થશે એ ઉઘડ છે.

(૧૫) ગામડાંના લોકને ખેતીનું વધતું ઓછું કામ ફાગણ ચૈત્ર લગી ચાલતું હોય છે તેથી તેમને નવરાશ પણ ત્યાં લગી થોડી હોય છે. વળી એ લોક ઘણાખરા ગરીબ હોય છે. તેથી ત્રેવડથી પોતાનું ખરચ કરે છે. પોતાની પાસે આવેલા રૂપીઆ એકદમ કાઢી નાંખવાનું તેમનું મન હોતું નથી, કેમકે આવતી ફસલ લગી ખરચ કરવાના પ્રસંગ ઘણા આવવાના હોય છે ને ફરી ત્યાં લગી રૂપીઆનું મહો દેખવાનો જોગ તેમને હોતો નથી. માટે તેઓ જોઇએ તેટલાજ ને તેમ તેમ ધીમે ધીમે માલ લે છે. અમદાવાદ આવી ને તે પોતે લેછે, અથવા બીજા પાસે મંગાવીને લેછેઃ એટલે ૫૦ ગાઉ ફરતાં ગામડાંમાં ગયેલા રૂપીઆ શહેરના પરચુરણીઆ વેપારી પાસે થોડે થોડે આવે છે. પરચુરણીઆ વેપારી થોડે થોડે નાણાં નાણાવટમાં ભરે છે. પરંતુ રૂપીઆ જેટલા ઝપાટાથી ઉપડી ગયા હોય છે તેનો થોડો ભાગજ ભીડના વખતમાં પાછો આવે છે. મુંબાઇને દેશાવર ગયેલા માલના પૈસા પણ ત્યાં માલ વેચાયેથી અત્રેના વેપારીના હાથમાં ધીમે ધીમે આવે છે. તેને વખતે કેટલાક માસની ઢીલ લાગે છે. એટલે ગામડાંનો પાક ઉઠાવવાથી અમદાવાદની નાણાવટમાં મોટો ખાડો પડયો હોય છે, તે પુરાતા ત્રણ ચાર માસ લાગે છે એજ નાણાભીડનો કાળ સમજવો.

(૧૬) આ રીતે કારતક માગશરથી ચૈત્ર વૈશાખ સુધી વરસના સારી ખોટા ભાવ પ્રમાણે અમદાવાડની નાણાવટમાં નાણાની અછત રહેવી જોઇએ એ ઉઘડ છે. તેનાં કારણ એ છે. એક તો ગામડામાં ગયેલા રૂપીઆને પાછાં આવતાં વાર લાગે છે, ને બીજું દેશાવર ગયેલા માલની કીમત એકદમ પાછી વળતી નથી. જ્યારે આ બે કારણનું જોર ભરપુર હોય છે ત્યારે ભીડ સખત ચાલે છે. એકનું જોર વિશેષ ને બીજાનું કમી હોય છે ત્યારે ભીડ મધ્યમ હોય છે. ને બેઉ જોર નરમ હોય ત્યારે ભીડ થતી નથી. પણ એવા પ્રસંગ વીરલ આવે છે. હવે અમદાવાદને બદલે વડોદરા કે ભરૂચ કે સુરત ધારીએ ને અમદાવાદના વેપારીને બદલ ભરૂચ, સુરતના વેપારી ધારીએ ને અમદાવાદની નાણાવટને બદલે વડોદરા, ભરૂચ કે સુરતનું શરાફ બજાર લ્યો તોપણ પરિણામ એવું એજ આવશે એ ખુલ્લું છે.

(૧૭) ભીડની અવધિ કારતક માગસરથી ચૈત્ર વૈશાખ લગી ચાલે છે, એવું ઉપર સ્વીકાર્યું છે પણ બધે ઠેકાણે એ પ્રમાણે ભીડ ચાલવીજ જોઇએ એમ માનીએ તો આપણે બરાબર સમજ્યા નથી. ફરીથી કહેવું જોઇએ કે ગામડાંનો માલ ખરીદવાને નાણાં ગામડાંમાં *જાય છે. એજ ગુજરાતની નાણાભીડનું મુખ્ય કારણ છે. પણ ગુજરાતમાં બધાં ગામડાંમાં* એક સરખો માલ પાકતો નથી. ભરૂચ જીલ્લામાં ઘણે ભાગે રૂનીજ પેદાશ છે, ને તે રૂ મહા

ફાગણમાં વીણાય છે. એટલે ભરૂચ જીલ્લામાં ખરી નાણાભીડ મહાથી ચૈત્ર વૈશાખ લગી લાગે છે. સુરત જીલ્લામાં હવે રૂ ઘણું થાય છે માટે ત્યાં ભીડ પણ મોડી શરૂ થાય છે. એરંડા, સરસવ, રૂ, વીગેરે શીયાળામાં પાકે છે માટે તેના મુલકમાં ભીડ, આપણા બાજરી કઠોળના મુલક કરતાં મોડી થાય છે ને મોડી છૂટે છે.

(૧૮) ભીડ વધતી ઓછી થવાનાં બીજાં કેટલાંક કારણ પણ આ ઉપરથી આપણને સુઝી આવે છે. આગલા વરસ કરતાં આ વરસે રૂનો ભાવ કે બીજા તૂલનો ભાવ એકદમ વધે, તો આગલા વરસ કરતાં આ વરસે વધારે રૂપીઆ ગામડાંમાં મોકલવા પડે, ને તેથી વધારે નાણાંનો ખપ પડે, ને ભીડ વધારે થાય દેશાવર મોકલેલા રૂ, સરસવ એરંડા વગેરેના દેશાવરમાં ઝટ ઝટ ઉઠાવત ન થતાં માલ હંમેશના કરતાં વધારેવાર પડયો રહે, તો તેથી પણ ભીડ લાંબી પ્હોંચે એ ઉઘડ છે. એથી ઉલટું એમ ધારીએ કે ગયા વરસ કરતાં આ વરસ રૂનો ભાવ નીચો છે ને માલ ઝડ ઝટ ઉપડી જાય છે તો ગામડાંમાં રૂપીઆ થોડા જાય ને પરદેશના રૂપીઆ વહેલા વહેલા પાછા આવે તો ભીડ આગલા વરસ કરતાં કમી થાય, ને જે થાય તે ઝાઝીવાર ટકે નહિ એ ઉઘડ છે.

ટુંકામાં યાદ રાખવાને એમ કહેવું ઠીક પડે છે કે રૂપીઆનું વહેણ શહેરમાંથી નીકળી ગામડાં તરફ એકદમ કેટલાક માસ ઘણા જોરથી વહે છે, એ ભીડનું મુખ્ય કારણ છે. એ વહેણ ટીપે ટીપે પાછું શહેર તરફ ગામડાંના લોકની ખરીદીથી વળે છે, તે ભીડ મટવાનું એટલે છૂટનું મુખ્ય કારણ છે.

(૧૯) ભીડ વધવાનું ગુજરાતમાં એક સબળ કારણ એ છે કે ભીડના કાળની જોડે ખેડુતોને સરકારનો વેરો ભરવાનો હોય છે. ગુજરાતની જમીન મહેસુલની જમાબંદી આશરે ૬૦-૭૦ લાખ રૂપીઆની હશે. તે બધી ઘણું કરી જાનેવારીથી માર્ચ કે એપ્રીલ આખર લગીમાં ભરવાની હોય છે. એટલે નાણાવટના રૂપીઆ એક તરફથી ગામડામાં જાય છે, ને બીજી તરફથી ગામડાંમાં ગયેલા રૂપીઆનો અગત્યનો અંશ સરકાર ત્રીજોરીમાં જાય છે. સરકારે લીધેલો અવેજ સરકારી નોકરના પગારના રૂપે, સાર્વજનિક રસ્તા મકાનોમાં ખરચ કરી તે રૂપે, કેળવણી વગેરે ખાતાંના નોકરોના પગાર રૂપે થોડો ઘણો પાછો ફરે છે પણ તે હળવે હળવે પાછો નાણાવટમાં આવે છે. એટલે આખરે છૂટ થવામાં એ કારણ પણ અંગભૂત છે. વૈશાખ લગીમાં ગામડામાં ગયેલો ઘણો અવેજ પાછો ફરે છે ને સરકારમાં ગયેલો કેટલોક અવેજ પણ બજારમાં આવે છે ને પરદેશ ગયેલા માલની કીમત પાછી નાણાવટમાં ઘણી ખરી આવી જાય છે ત્યાર પછી છૂટ રહે છે, કારણ કે ચોમાસામાં ગામડાંમાં અવેજ મોકલવાનો જોગજ હોતો નથી, ને ચોમાસું બેસતાં ખેડુતોને શહેરમાં અનેક ચીજો લેવા આવવું પડે છે. એટલે ચોમાસામાં નાણાવટમાં સારી છૂટ સાધારણ રીતે રહે છે.

(૨૦) ઉપર જે કહેવામાં આવ્યું છે, તેજ પ્રમાણે નાણાંના વહેણનો ક્રમ બહોળી દૃષ્ટિએ જોતાં ઉત્તર હિંદુસ્તાનને બંગાલમાં જોવામાં આવે છે. બંગાલના મ્હોટા પાકમાં અંબાડો ( જ્યુટ ) ને ચોખા છે, ને ઉત્તર હિંદુસ્થાનમાં મુખ્યત્વે કરીને ધાન તથા તેલદાણા છે. આ પાક વહેલા પાકે છે એટલે કારતકમાં તૈયાર થાય છે. તેથી બંગાલની નાણા ભીડ પોસ લગીમાં પુરી થાય છે. જ્યાં રૂનો પાક છે, ત્યાં મોડી શીરૂ થાય છે, ને છૂટ પણ

મોડી થાય છે. પરમ દિવસે મુંબાઈ ક્રોનીકલમાં બંગાલનો વેપાર ખાતાનો ખબરપત્રી લખે છે કે હવે ત્યાં નાણા છૂટ થઈ ગઈ છે. નાણાની છૂટ પરખવાની મોટા વેપારીઓમાં એક રીત એવી છે કે ઇલાકાની બેન્કની સીલક ઉપર નજર રાખવી. ગયા અઠવાડીઆમાં જ બંગાળ બેન્કની પુરાતમાં ૩૮ લાખનો વધારો થયો છે, ને રોકડ સીલક હાલ ૬ કરોડ ઉપરાંત છે. ઇલાકા બેન્કોની સીલક ઉપર નજર રાખવાનું કારણ એ છે કે, મોટા વેપારીઓનો છેવટ ઉપાડ એ બેન્કોમાંથી થાય છે.

(૨૧) આ રીતે રૂપીઆનું વહેણ નીરંતર ગામડાંમાંથી શહેરમાં ને શહેરમાંથી ગામડામાં આગળ પાછળ વહ્યા કરે છે. રૂપીઆ ગામ બદલે છે, ઘર બદલે છે, ધણી બદલે છે, તે હાથ બદલે છે, ને કુંડાળામાં ફર્યા કરે છે. એ વહેણથી માલ ગામડામાંથી શહેરમાં આવે છે ને શહેરનો માલ ગામડામાં જાય છે. નાણાનું મુખ્ય કર્તવ્ય માલની ક્રયવિક્રય કરાવવાનું છે, તે કામ રૂપીઆ આ પ્રમાણે બજાવે જાય છે.

(૨૨) આ વિષય શ્રોતામાંના ઘણાને નવીન હશે માટે સરલ દાખલાથી સ્થૂલ રીતથી તથા ઘણીવાર પુનરૂક્તિ કરી વેપારનું તથા તેના અંગની નાણાભીડનું સ્વરૂપ સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો છે. નાણાના જતા આવતા વહેણમાં ઘણા વાંક આવે છે, ફાંટા પડે છે, અડચલા ને ધાંચો નડે છે, તેથી સાધારણ લોકોના સમજવામાં એનું ખરૂં સ્વરૂપ એકદમ આવતું નથી. દૃષ્ટાંત તરીકે—ઉપર કહ્યું કે વેપારીઓ નાણાવટમાંથી રૂપીઆ ઉપાડે છે, પણ કેટલીક વાર તો વેપારીનો તથા નાણાવટીનો ધીરધારનો પ્રત્યક્ષ સંબંધજ હોતો નથી. વેપારી ઘણીવાર એક કાગળ લખીને દલાલના હાથમાં વેચવા આપે છે. એ કાગળમાં એવી મતલબનું લખે છે કે આ કાગળમાં લખેલા રૂપીઆ રોકડા લીધા છે. તે હું ફલાણે દહાડે આપીશ. આ કાગળને હુંડી કે ચીઠ્ઠી કહે છે. વેપારીની સાખ સારી હોય ને નાણાવટીને તેનો ઇતબાર હોય છે તો એ ચીઠ્ઠી કે કાગળ પોતે રાખી રૂપીઆ થોડો નફો લઇ ધીરે છે. આને હુંડી કે ચીઠ્ઠી વેચી કે વટાવી કહે છે. પણ આ વ્યવહારનું ખરૂં સ્વરૂપ જોઇશું તો એટલું જ છે કે વેપારી ને નાણાવટી એ તેની ચીઠ્ઠીનો પુરાવો રાખીને રૂપીઆ ધીર્યા એટલે વેપારીએ નાણાવટમાંથી અવેજ સાક્ષાત ઉપાડયા જેવુંજ પરિણામ બન્યું છે.

(૨૩) ઉપર પ્રમાણે શહેરમાંથી ગએલો બધો અવેજ પુરેપુરો શહેરમાં મોડો કે વહેલો પાછો આવી શકતો હોય એટલે જો ખેડુત પોતાની પાસે આવેલા બધા અવેજનો શહેરનો માલ લે અથવા વધ્યો શહેરમાં વ્યાજે મોકલે; તેમજ સરકારમાં ભરાએલા રૂપીઆ, સરકાર રૈયતના ઉપયોગ સારૂ એજ સ્થળમાં ખરચી રૈયતને પાછો વાળે, ને વચમાં જે જે લોક વેપારમાં સામેલ હતા તે બધા પોતાના રૂપીઆ બજારમાં લાવે તો નવા રૂપીઆ પાડવાની થોડીજ જરૂર પડે એ ઉઘાડું છે પણ તેમ થતું નથી. સરકારને વખતો વખત કરોડો રૂપીઆ પાડવા પડે છે એના કારણ વિષે આગળ થોડું વિવેચન આવશે.

(૨૪) ઉપર વર્ણવેલી નાણાભીડ દર વર્ષે આવે છે કે આવવાનો જોગ હોય છે, માટે આપણે એનું નામ સાંવત્સરિક નાણાભીડ પાડીએ તો ચાલે. આ ભીડથી વેપારીને વ્યાજ વધારે ભરવું પડે છે, ને વ્યાજની ખોટ વાળવા વેપારી માલની કીમત ખેડુતને ઓછી આપે, તોજ એને રોજગાર કરવો પરવડે. આ પ્રમાણે સાંવત્સરિક નાણાભીડનો એક પરિ-

ણામ એ થાય છે, કે માલ પેદા કરનાર ખેડુતને ભાવમાં થોડું નુકસાન ખમવું પડે છે. આપણા દેશમાં પોણા ભાગની વસ્તિ ખેડુતની છે, તેને આવું નુકસાન નાહક ખમવું પડે એ ઇષ્ટ નથી, માટે જો એવો કંઈ માર્ગ હોય કે જેથી આ ખોટ કમી થાય તો તે માર્ગ લેવો ઇષ્ટ છે. ઉપર જે વિવેચન કર્યું છે તેથીજ કેટલાક ઝીણી સમજવાળા પુરૂષોને આવા માર્ગ વિષે કંઇક સૂઝ પડી હશે. સાંવત્સરિક ભીડનું મુખ્ય કારણ એ છે કે ગામડામાં લાખો ખેડુતો પાસે થોડા થોડા રૂપીઆ થોડી મુદતમાં વેરાઈ જાય છે પણ તે એકદમ પાછા આવતા નથી ને તેમાંનો ઘણો ભાગ જેમ જેમ પોતાનું કરજ ખેડુત વાળે છે કે શહેરી માલ લે છે તેમ તેમ શહેરમાં પાછો આવે છે, વચગાળામાં એ રૂપીઆ ખેડુતની પેટીમાં પડી રહે છે. હવે જો એવો કોઈ રસ્તો નીકળે, કે ખેડુત પોતાની પાસે આવેલા રૂપીઆ પોતે શહેરના માલની ખરીદી કરતાં લગી કોઈ શાવકાર, શરાફ કે પેઢી કે બેંક એ અવેજ શહેરની નાણાવટમાં ધીરે તો ભીડ ઝાઝી વાર ટકી શકે નહિં એ ઉઘાડું છે. આ બનવું દેખીતું સહેલું પણ વ્યવહારમાં ઘણું કઠણ છે. સાધારણ ખેડુતો અજ્ઞાનને લીધે થોડું પણ વ્યાજ કમાવાનું સમજતા નથી. તેઓમાં ઘણા ખરા કરજદાર હોય છે, એટલે વ્યાજ આપવાનું સમજે છે, પણ વ્યાજ કમાવાનો સ્વાદ તેમણે ચાખ્યો નથી. એટલે ખેડુત રૂપીઆ ધીરે એવો સંભવ નથી. એ રીતે ખેડુતના અજ્ઞાન રૂપી આડ નાણાભીડનું એક કારણ છે એમ કહીએ તો ચાલે. વળી એમ ધારીએ કે ખેડુત નાણું બે ત્રણ માસ ધીરવાને તૈયાર છે તોપણ દરેક ગામમાં એવો સદ્ધર ને પ્રામાણિક શાવકાર જોઇએ કે જ્યારે ખેડુત માગે ત્યારે તેને લીધેલા નાણા તરત પાછાં આપી શકે. આવા શાવકાર ગામડાંમાં મળવા મુસ્કેલ છે. ત્યાં જે શાવકાર છે, તે ઘણી નાની નાની મુડીવાળા છે ને તેમાં સદ્ધર ઘણાજ થોડા હશે. વળી સદ્ધર હશે તે પણ પ્રામાણિક છે એવી શી ખાત્રી ? આપણી હાલની દુર્દશાનું મોટું કારણ એ છે કે પ્રામાણિકપણું દેશમાં છેક ઓછું થયું છે ને તે એટલે લગી ઓછું થયું છે કે કોઈ આદમી પ્રામાણિક છે, એવું કથન ઘણા ખરાના સહજ માન્યામાં આવતું નથી. પ્રામાણિકપણા વગર ખેડુત પોતાના રૂપીઆ ધીરે નહિં એ સ્વાભાવિક છે. આગળ જતાં એવો કાળ આવશે કે સારી મુડીવાળી બેંકો કે શાવકારો પોતાના સત્ય વહીવટથી ગામડાંના લોકનો વિશ્વાસ મેળવી તેમની પાસે આવેલું પરચુરણ નાણું ભેગું કરી વેપારના અર્થે શહેરની મોટી નાણાવટોમાં ઝટ ઝટ લાવશે. હાલનો અનુભવ જોતાં એવા શાવકાર કે બેન્કો સ્થાપવાને ઘણી વાર લાગશે. એમ દીસે છે ત્યાં લગી તો એક તરફથી ખેડુતનું અજ્ઞાન ને બીજી તરફથી વેપારીઓમાં પ્રામાણિકપણાની ખામીને લીધે સાંવત્સરિક નાણાભીડ કાયમ રહેવી જોઇએ.

(૨૫) આ રીતે અજ્ઞાન ને તેનું બચ્ચું અપ્રમાણિકપણું એ બે આપણા દેશની ઉન્નતિમાં મોટાં નડતર થઈ પડયાં છે. આ નડતરો શુદ્ધ જ્ઞાનના સારા પ્રસાર વિના ટળે તેમ નથી. સારા જ્ઞાનનો પ્રસાર સર્વત્ર સાથે લાગો થાય તો રૂડું પરિણામ વહેલું આવે. તેમ થવાનો જોગ નજરે પડતો નથી. અજ્ઞાનને લીધે આપણું મરણ પ્રમાણ ભારે છે, ને યુરોપિયન લોક કરતાં આપણામાં બમણાથી વધારે માણસો મરે છે. અજ્ઞાનથીજ આપણામાંના ઘણા લોક રોગથી પીડાય છે તથા રોગના અંગનું પૈસાનું ભારે નુકસાન તથા ચિન્તા આપણે ભોગવીએ છીએ. અને આજના સ્થૂલ વ્યાખ્યાનથી સમજાયું હશે કે આપણી નાણાં સંબંધી

કંગાળાઇનું પણ ઘણે અંશે અજ્ઞાનજ કારણ છે. એ અજ્ઞાન દૂર કરવાને શાળાઓ તથા બીજી જ્ઞાન ને નીતિ ફેલાવવાની સંસ્થાઓ સ્થાપવી અવશ્ય છે. મૂળને બાઝીશું તોજ કેટલેક કાળે આપણો ઉદ્ધાર થશે. જ્ઞાન ફેલાવવાની કોશીશ ગુજરાત કેળવણી મંડળીએ આદરી છે તે જરાએ અસ્થાને નથી, ને અકાલ પણ નથી, તથા હરેક દેશહિતેચ્છુના આશ્રયને પાત્ર છે, એ સર્વ કોઇના સમજવામાં આવ્યા વગર રહેશે નહિં.

(૨૬) સાંવત્સરિક સિવાય બીજા પ્રકારની નાણાભીડ હોય છે, તે વિષે વિવેચન શરૂ કરતાં પહેલાં એ સાંવત્સરિક ભીડ કમી કરવાના કેટલાક રસ્તા હાલ ચાલે છે તે ઉપર સહજ નજર કરવી જોઇએ. આ દેશમાં કેટલાક લોક એવા છે કે તે પોતાનું નાણું બારે માસ બજારમાં ધીરતા નથી, પણ નાણાભીડની મોસમમાં જ્યારે વ્યાજ ભારે હોય છે, ત્યારે બે ચાર મહિના પોતાના પૈસા બહાર કાઢે છે ને તેટલામાં જે વ્યાજ મળે તેટલાથી સંતોષ માની વ્યાજની મોસમ વીતેથી પાછું પોતાનું ધન પટારામાં પુરે છે. આ રીતથી ભીડ થોડી કમી થાય છે એ ઉઘાડું છે. એવા ધનવાન પુરૂષો પોતાના પૈસાને બારે માસ વા ખવડાવતા હોય, તો તેમને વ્યાજનો તથા દેશને મુડી સંબંધી વધારે લાભ થાય પણ હાલની રીતથી થોડો પણ લાભ થાય છે એમાં સંશય નથી.

(૨૭) આના જેવીજ એક બીજી રીત થઈ શકે તેવી છે. આપણા શહેરોમાં ઘણાં લોક થોડી ઘણી રકમ ઘરમાં રોકડ રાખે છે. બીજા દેશો કરતાં ને મુંબાઇના લોક કરતાં અત્રે વધારે રાખે છે. એ રોકડ સારી બેન્કમાં કે સારા શરાફને ઘેર ચાલુ ખાતામાં આવે તો વેપારના ભંડોળમાં વધારો થાય ને ભીડ ઓછી થાય. પણ આમાં પણ અપ્રામાણિકપણાની આડ નડે છે. હમેશ ભરૂંસો રાખી શકાય એવા શરાફ ઘણાં નથી, ને જે છે તેમાં કેટલાક એવા નાનાં ખાતાં રાખવા ચાહતા નથી. બાકીનો ઘણો ભાગ એવો છે કે તેમના સદ્ધરપણા વિષે લોકોની ખાત્રી નથી, તેમ પ્રામાણિકપણા વિશે પણ લોકનો પૂર્ણ ભરૂંસો નથી. અડગ પ્રામાણિકતા હોય તો આ બધી પરચુરણ રોકડ વેપારની સેવામાં આવી શકે ને બધાને લાભ થાય. એટલે ફરી ફરીને જ્ઞાન તથા નીતિને વધારી લોકને સુધારવાની અગત્યતા આપણી આગળ આવીને સામી ખડી થાય છે.

(૨૮) નાણાભીડ ઓછી કરવાને એક માર્ગ કેટલાક ગામડાંઓમાં ને મુખ્યત્વે કરીને રૂના પ્રદેશમાં ચાલે છે, તે વિષે ઇસારો કરી સાંવત્સરિક નાણાભીડનું પ્રકરણ આટોપીશું. રૂ, સરસવ વગેરેના પ્રદેશમાં એવો માલ છે કે વેપારીઓ માલ લેવાનું સાટુ કરી ચોમાસામાં ખેડુતને પૈસા ધીરે છે અને તે વખત રૂ વગેરેનો ભાવ નક્કી કરે છે. આને જલપનો વ્યવહાર કહે છે. આ રીતથી લાભ છે. ચોમાસાના છૂટના વખતમાં શહેરના વેપારીને વ્યાજ મળે છે ને તેને બદલે ખરા ભીડના વખતમાં રૂપીઆ આપ્યા વગર માલ આવે છે. વળી ખેડુતને ચોમાસામાં પોતાનો માલ પાક્યા પહેલ નાણાંની તંગી હોય છે તેની પણ સવડ થાય છે. ભાવમાં નુકસાન ન હોય તો આ રીત બેઉને લાભકારી છે. એ રીત કાનમના પ્રદેશમાં વિશેષ ચાલે છે. એમાં પણ પ્રામાણિકપણાનો ઘણો ખપ રહે છે. ખેડુત પ્રામાણિક *હોય તો જ આવો વ્યવહાર બની શકે. પરંતુ ઘણે ભાગે માલ પાકે તો ખેડુત વાંકુ બોલતો નથી. જલપના વ્યવહારથી સાંવત્સરિક નાણાભીડ મોસમમાં કમી થવી જ જોઇએ એ ઉઘાડું છે.*

(૨૯) કોઈ પણ રસ્તે વેપારની મોસમ વખત ધીરવાના અવેજનો વધારો થાય તો નાણાભીડ ઓછી થાય એ ઉઘાડું છે. કેટલાક મોટા વેપારીઓએ આ વર્ષે એવી સૂચના કરી હતી કે સરકાર પાસે હમેશ વીસેક કરોડ રૂપીઆ ત્રીજોરીમાં સીલક રહે છે તેમાંથી થોડા કરોડ સરકાર સદ્ધર વેપારી કે બેન્કોને ધીરે તો તે વેપારના કામમાં આવે ને નાણાભીડનું દબાણ ઓછું થાય. કેટલાક પરદેશી વેપારીઓએ તો આ વાસ્તે સરકાર વિરૂદ્ધ જાહેર છાપામાં હુમલા કરવા માંડયા હતા. હિંદના નાણા પ્રકરણની તપાસ કરવાને વિલાયતની સરકાર તરફથી કમિશન હાલ નિમાયું છે તે એ વાતની તજવીજ કરે છે, ને એ બાબતપર તેમનો વજનદાર અભિપ્રાય આવશે. પણ તે દરમિયાનમાં સરકાર તરફથી નાણા મંત્રીએ જે ખુલાસો કર્યો છે, તે ધ્યાનમાં લેવા લાયક છે. તેઓએ એમ બતાવી આપ્યું છે કે સાધારણ વર્ષમાં સરકારની ત્રીજોરીઓની પરાત સરકારના ચાલુ ખરચના લેવડ દેવડને પહોંચી શકે તેટલીજ હોય છે ને તે કરતાં વધારે હોતી નથી. એટલે સરકારથી નાણા ધીરીને વેપારીઓની નાણાભીડ કમી કરવાનું બને તેમ નથી. આટલાથી ખુલાસો થઈ જાય છે.

(૩૦) પણ પળભર એમ માનીએ કે સરકાર પાસે ચાલુ ખરચ નભાવવા જેટલી સીલક કરતાં પણ વધારે સીલક છે તો પ્રશ્ન એ રહે છે કે વેપારીઓની સાધારણ ભીડ ટાળવાને સરકારે તેઓને પોતાનું નાણું આપવું ઘટિત છે કે કેમ? આનો ઉત્તર એટલો છે કે સરકારનું સામાન્ય કામ વેપાર કરવાનું નથી. સરકારે પોતાના વેરા એવી રીતે નાંખવા જોઇએ કે પોતાના ખરચ જેટલી રકમ અથવા તેથી સહજ વધારે રકમ રૈયત પાસેથી મળે છે તે કરતાં વધારે વેરા સરકાર લે તો તે લીધાથી રૈયતને બેવડું નુકસાન થાય છે. એ વધારાના વેરાથી રૈયત પાસેથી મુંડીની ઘટ થાય ને મુડી ઘટવાથી તે ઉત્પત્તિ તથા વેપારના સાધન રૈયતનાં ઓછાં થાય છેઃ બીજી તરફથી જોઇએ તે કરતાં સીલકમાં વધારો જોઈ જાસ્તી ખરચ કરવાનું સરકારને મન થાય છે. માટે સુધરેલા રાજ્યની નીતિ પ્રમાણે તો સરકારની સીલક માગી લઇ, ભીડ કાઢવાની યોજના અમલમાં લાવી શકાય તેમ નથી. ઇન્દ્રરાજા જેવું કામ કરે છે, તેવું સરકારનું કામ હોવું જોઇએ. ઇન્દ્રરાજા જેમ સૂર્યની દ્વારા પૃથ્વી ઉપરથી પાણી લઈ પાછું સમય આવે વર્ષારૂપે જગતને પાછું આપી હરખાવે છે તેમજ સરકાર વેરાના રૂપે લોકો પાસેથી નાણા લઈ તે વડે રૈયતનું સંરક્ષણ કરી બંદોબસ્ત રાખી કેળવણી આરોગ્યને રૈયતના કલ્યાણના ઇતર માર્ગમાં વેરા ખર્ચવા જોઇએ. તે કરતાં વધારે વેરા લેવાજ ન જોઇએ.

(૩૧) આ સાંવત્સરિક ભીડ હિંદુસ્તાન જેવા દેશો જેમાં ખેતી મુખ્ય ઉદ્યમ છે અને વાણીજ્ય માલ ઉત્પન્ન કરવાના ઉદ્યમ ઘણા થોડા છે, તે બધામાં હોવી જોઇએ. યુરોપીઅન દેશોમાં પણ થોડી ઘણી ખેતી બધે ઠેકાણે છે ને ત્યાં ખેતીનું તુલ પાકે છે ત્યારે થોડી વધતી ભીડ થતી હોવી જોઇએ પણ વાણીજ્યના ઉદ્યમ જે દેશોમાં પ્રબળ છે ત્યાં આવી ભીડ ઘણી થોડીજ નડી શકે.

(૩૨) સાંવત્સરિક નાણાભીડનો વિષય પૂરો કરતાં અગાઉ એક વાતને સહેજ છેડવી જરૂરની છે. એ નાણાભીડનું મુખ્ય કારણ એ છે કે વર્ષાઋતુનો રવિનો પાક થોડા માસમાં પાકે

છે. તે બધો ગામડામાંથી શહેરમાં આવે છે તેથી શહેરનું નાણું એક ખળકે ગામડાંમાં જાય છે. તેમાંનું કેટલુંક તો સરકારને ઘેર વેરારૂપે જાય છે, કેટલુંક ધીરે ધીરે પાછું શહેરોમાં આવે છે ને કેટલુંક તો પાછું આવતુંજ નથી. હવે શહેરોમાં આવેલો માલ ધીમે ધીમે ખપી જાય છે. ગામડાંનો લોકો શહેરનો માલ લેતા જાય છે તેમ તેમ છૂટ થતી જાય છે. શહેરમાં આવેલા માલમાંનો ઘણી ભારે કીંમતનો માલ દેશાવર મોકલવા મુંબાઇ જાય કે એવા પાસેના મોટા બંદરે જાય છે. હવે જો તે માલ મુંબાઇથી ઉતાવળો ઉતાવળો ઉપડે ને તેના નાણાં શહેરોમાં વહેલાં વહેલાં પાછો આવે તો નાણાભીડ ઝાઝી લાગતી નથી કે ઝાઝીવાર ટકે નહી. પણ હંમેશ એમ બનતું નથી. દાખલા તરીકે મુંબાઇમાં છ સાત માસની મોસમમાં આશરે ૩૦ લાખ રૂની ગાંસડીઓ ( ૧૦ મણની ) જાય છે, ને તેમાંથી ખરા વખતમાં ૭–૮ લાખ ગાંસડીનો પરાત રહે છે. :એક ગાંસડીની સરાસરી કીંમત ૧૨૫ થી ૧૫૦ લગીની ગણતાં એ ૧૦ થી ૧૨ કરોડ રૂપીઆની કીંમતની થાય. તેટલા રૂપીઆ શહેરોમાંથી ગામડામાં ગએલાં હોવાથી ને તેનો ઘણા ભાગ પાછો ન આવવાથી ભીડ એટલે નાણાની તંગી રહે એ ઉઘાડું છું.

(૩૩.) એ માલ પરદેશ જાય ત્યારે વેપારીઓને તેનો અવેજ મળે ને છૂટ થાય. હવે પરદેશમાં અત્રેના જેવા રૂપીઆ ચાલતાં નથી. માટે રૂપીઆ આવવાનો માર્ગ શો ? એ આવવાના બે માર્ગ છે. પહેલો તો એ છે કે પરદેશથી સોનુ, રૂપુ, ત્રાંબુ, ખાંડ, કાપડ, લોઢુ વગેરે મુંબઈ વગેરે બંદરે આવે છે ને તે મોટો ભાગ છેવટે જીલ્લાઓમાં ને ગામડામાં વેરાય છે. તેનાં નાણાં બજારમાં પાછાં આવે છે. બીજો રસ્તો જરા વિલક્ષણ છે ને તે આ દેશની રાજ્ય સ્થિતિને લીધે થયો છે. તેનો પ્રકાર આ પ્રમાણે છે. પરદેશ જે માલ જાય છે તે માલ ચઢાવનાર માલની પાવતી પરદેશની અત્રેની બેન્કોને સોંપે છે, ને તે બેન્કો તે માલ પરદેશ લેઈ જઈ તેના નાણા પોતે મેળવે છે. પણ રૂપીઆ રોકડા બેન્કો ક્યાંથી લાવે છે ? તે બેન્કો પાસે રોકડા રૂપીઆ મેળવવાના બે માર્ગ છે. જે માલ પરદેશથી અત્ર આવે છે તેની કીંમતના રૂપીઆ વેપારી પાસેથી ધીરધાર આવે છે તે એક માર્ગ; બીજો માર્ગ જરા વિસ્તારથી કહેવો જોઇએ. આપણી હિંદુસ્તાન સરકારને દર વર્ષે વિલાયત ૨૫ થી ૩૦ કરોડ રૂપીઆ મોકલવા પડે છે તેની મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે. ૪ થી ૫ કરોડ અંગ્રેજ નોકરોના પેનશનના, ૧૨ થી ૧૫ કરોડ કરજના વ્યાજના ને બાકી મુખ્યત્વે કરીને લશ્કર ખરચના ફાળાના તથા વિલાયતમાં રેલવે વગેરેનો માલ ખરીદ થાય છે તેના. હવે સરકાર આ ૩૦ કરોડ રૂપીઆ વિલાયત રોકડા મોકલી શક્તી નથી ને રોકડા રૂપીઆ વિલાયતમાં મોકલ્યા હોય તો ત્યાં પણ તે ખપમાં ન આવે. માટે એવો પ્રચાર કાઢવામાં આવ્યો છે કે અત્રેની પરદેશી બેન્કો વિલાયતમાં ગીનીના રૂપે હિંદુસ્તાન ખાતાના મંત્રીને ત્યાં અવેજ ભરે છે, ને અત્રેની સરકાર તે બેન્કોને રોકડા રૂપીઆ આપે છે. આ રૂપીઆ બેન્કો પાસેથી રૂ વેચનાર તથા બીજો માલ મોકલનાર પાસે આવે છે ને પગથીએ પગથીએ ઉતરી રોકડ રૂપીઆ શહેરની નાણાવટમાં આવે છે. આથી પણ છૂટ થાય છે. આ વ્યવહારમાં જે હુંડીઓ વેચાય છે તેને કાઉન્સીલ બીલ કહે છે.

(૩૪) ઉપર જે નાણાભીડનું વિવેચન કર્યું છે તે ખેતીના ઉદ્યમના સંબંધે છે અને તે વાણિજ્ય ઉદ્યમને લાગુ નથી. તેવા ઉદ્યમોમાં ભીડનો સમય જુદો છે, ને ભીડનાં કારણ પણ ભિન્ન હોવા જોઇએ. હિંદુસ્તાનમાં હાલ કહેવા જેવા વાણિયાના મોટા ઉદ્યમ ત્રણ ચાર છે. (૧) રૂ, કાપડ ને સુતરના રેંટીઆ; (૨) તાતાનો લોઢાનો ઉદ્યોગ (૩) કલકત્તામાં અંબાડાનો ઉદ્યમ (૪) કોલસાની ખાણનો ઉદ્યમ. આ છેલ્લા બે ઉદ્યમ ઘણે ભાગે પરદેશી લોક ચલાવે છે, ને તેઓ પોતાના ખપનાં નાણા મોટી બેન્કોમાંથી લેછે. લોઢાનો ઉદ્યમ હજી બાલ્યાવસ્થામાં છે ને જામ્યો નથી. બાકીનો કાપડ સુતરના કારખાનાનો ઉદ્યમ આપણા જાણવામાં છે. માટે તે વિષેજ અત્રે થોડું વિવેચન કરીશું. જો આવું કારખાનું માલીકે કે કંપનીએ પોતાના અવેજથી બધું ઉભું કર્યું, હોય તો પછી રૂ તથા મસાલો, લેવા જેટલાજ નાણાની જરૂર પડે:—પણ આ લેવાની અમુક મોસમ નથી. રૂ ગમે ત્યારે મળી શકે છે. ચોમાસાને લીધે ગામડાંનો માલ આવી શકતો નથી એ ખરૂં પણ રૂ ઘણુંખરૂં શહેરોમાં વેપારીઓ લાવી ભરી રાખે છે, ત્યાંથી ખપ પુરતું માસ બે માસનું મીલોવાળા ભરી રાખે છે ને જેમ જેમ માલ ખપે છે તેમ નવું રૂ લઈ શકાય છે. ચોમાસું બેસતાં કેટલીક મીલો ચાર પાંચ માસનું રૂ ભરી રાખે છે ત્યારે મીલોને કેટલીકવાર નાણાની વધારે જરૂર પડે છે પણ તે વખત નાણા બજારમાં છુટ હોય છે એટલે ભીડ ઝાઝી નડતી નથી. વળી મુંબઈ ઇલાકાની ઘણીખરી મીલો લોકોની પરચુરણ થાપણો રાખી ચાલુ ખરચ ચલાવે છે; ને તેવી થાપણ મૂકનારા નાણાવટી ઉપરાંત ઇતર લોક હોય છે. તે બારે માસ વરસની બંધીથી નાણા ધીરે છે. તેથી મીલોની ભીડ નાણાબજારને સાધારણ રીતે નડતી નથી. મીલને બે પ્રસંગે નાણા ભીડ નડે છે. એકતો જ્યારે પેદા થએલા કાપડ સુતરનો ઉપાડ મંદો પડે છે ત્યારે; ને બીજું જ્યારે થાપણ મૂકનારાને અવિશ્વાસ પડે છે ત્યારે. પહેલા પ્રકારની ભીડ દર વર્ષે થોડી ઘણી ચાલે છે, પણ ખોટા વરસમાં ઘણી નડે છે. બીજા પ્રકારની ભીડની હદ કહી શકાતી નથી. દુકાળ જેવા વરસમાં તે બેવડી નડે છે; એક તરફથી રૂ મોંઘુ મળે છે ને બીજી તરફથી માલ ઉપડતો નથી. એવામાં થાપણ મૂકનાર અધીરા થાય છે તો ઘણી વિટંબના થાય છે ને આખરે કેટલાકને હાનિકારક પરિણામ સોસવાં પડે છે. ૧૯૫૬ ના દુકાળમાં આ પ્રમાણે અવસ્થા પ્રત્યક્ષ થઈ હતી.

(૩૫) આ પ્રમાણે રૂપીઆની ઘટમાલ ચાલે છે, ને ભર નીકળ થાય છે. હવે જો બધા રૂપીઆ ગામડામાં ગએલા છેવટે પાછા ફરયા હોય તો નવું નાણું પાડવાની છેક થોડીજ જરૂર પડે. જેટલું નાણું ઘસાઈ જાય અથવા ખોવાય કે પરદેશ ( પૂર્વ આફ્રિકા વગેરે ) જાય તેટલું છાપવું પડે. પણ આ કરતાં ઘણા વધારે રૂપીઆ છાપવા પડે છે. એથી અનુમાન એ થાય છે કે રૂપીઆ ગમે તે ઠેકાણે છુપાઈ જાય છે. ખેડુતના ચૂલા તળે કેટલાક દટાયા હશે, કેટલાક વાણીઆની કોઠીઓની અંદર કે નીચે, કેટલાક મોટા રાજાઓના ભંડારમાં વગેરે, પણ રૂપીઆ અલોપ થાય છે એમાં શક નથી. આ અવેજ અજવાળામાં રહે અને મુડી તરીકે ઉદ્યમના પોષણ સારૂં વપરાતો હોય તો તો દેશના ઉદ્યમની પ્રગતિ કેટલી બધી ઉતાવળી થાય ? પણ જ્યાં લગી હાલનું અજ્ઞાન ને અજ્ઞાનની દીકરી અનીતિનું બળ છે, ત્યાં લગી સુધારો થવાની આશા થોડી છે. એટલે ફરી ફરીને આપણે

ઠામને ઠામ આવીએ છીએ. અજ્ઞાન સુધારવાને શિક્ષણના સાધન વધારવા એજ આપણી ઉન્નતિનો ખરો માર્ગ છે.

(૩૬) અત્યાર સુધી સાંવત્સરિક ભીડ વિષે તથા વાણિજ્યના ઉદ્યમની ભીડ વિષે આપણે વિચાર કર્યો છે: પણ આ સિવાય એક ત્રીજી જાતની ભીડ છે તેનો વખતો વખત આપણને પરિચય થાય છે ને આ બે ત્રણ માસમાં જેવો જોઇએ તેવો થયો છે. તેનું નામ અધીરની ભીડ: આ ભીડ સમજવાને યાદ રાખવું જોઇએ કે આપણા લોકનો મોટો ભાગ ગાડરીઆ પ્રવાહે ચાલે છે, ને એક કરે છે તે બીજા કરે છે. એટલે લોક જ્યારે ભરોંસો રાખે છે ત્યારે પુરેપુરો આંખો મીચીને રાખે છે, સારા નરતાનો વિવેક દર્શાવતા નથી ને તપાસ પણ કરતાં નથી. સામાન્ય રીતે કહીએ તો સારા નરતાની પરીક્ષાજ હાલની સ્થિતિમાં દરેક બાબતમં છેક થોડી છે. આવી ગાડરીઆ મતિ ચાલે છે તેથી ધીર કરે છે ત્યારે દેખાદેખીથી ઘણા કરે છે. એકે ધીર કરી તે જાણી બીજો કરે છે. કેટલીકવાર દલાલ ધીર કરાવે છે, પણ તેઓ પણ તેઓ પણ બહુ વાકેફગાર હોતા નથી. વળી સોદો ઉતારવાની લાલચથી ઘણી-વાર ઘરાકને ફાવે તે રસ્તે કેટલાક દલાલ દોરતા હશે. ધીર કરવાના આવા પ્રસારનું પરિ-ણામ એ થાય છે, કે જ્યાં લગી બજાર એકું હોય છે, ત્યાં લગીનું બધું ઠીક ઠીક ચાલેછે. પણ એટલામાં કંઈ નવાજુની થાય છે એટલે બધા ધીરનારા ભડકી ઉઠે છે, ને આગ લાગી હોય ને વર્તે તે પ્રમાણે નાણાં ઉપાડવાની દોડાદોડ થાય છે. આથી નાણાં રાખનાર ને કરજાઉ લેનાર ઉપર તગાદો શીરૂ થાય છે. નાણા લેનારા લીધેલાં નાણાં પટારામાં પુરી રાખતાં નથી પણ ચાલુ ખપ પુરતો અવેજ રાખી બાકીનો વેપારીઓને ધીરે છે ને વેપા-રીઓ તે અવેજનો માલ લઇને આલમાં રોકે છે એટલે તગાદો થવાથી વેપારી બીજાને ત્યાંથી પોતાની વગ પ્રમાણે અવેજ મેળવી ધીરનારને પાછો આપવા પ્રયત્ન કરે છે. પણ જો આ પ્રમાણે તે આપી ન શકે એટલે તેણે દેવાળું કાઢ્યું કહેવાય છે. એક દેવાળુ કાઢે છે, એટલે બીજા ધીરનારા પોતાનું લેણું તપાસવા માંડે છે એટલે ઘણું કરી બીજા ઉપર તગાદો થાય છે ને તે દેવાળું કાઢે છે એટલે અફવાઓનો પવન જોસભેર ફુંકાય છે, એમ કરતાં કરતાં ઘણા બીકણ ને અવિચારી ધીરનારને એમ લાગે છે કે આવા વખતમાં બ્યા-જની ખોટ ખમી રૂપીઆ ઘરના ઓરડામાં રાખ્યા હોય તો સારૂં. આવા પ્રસંગે માગના-રામાં ડાહ્યાને અજ્ઞાનનો ફરક રહેતો નથી. બધા અધીર રૂપી વાયુના ભોગ થઈ પડે છે. એટલે અધીરનું જોર વધે છે ને દેવાળાની સંખ્યા વધી જાય છે. વળી એક પરિણામ એ થાય છે કે કેટલાક દોદલા નાણાવટીની :જોડે સારી સાખ ને મુડીવાળા વેપારી પણ તુટે છે. સુકા જોડે લીલું બળી જાય છે, ને અધીરના કારણથીજ દેવાળાં વધે છે. ને અધીર એટલે લગી વધતી આવે છે કે છેવટે ધીરનો બીલકુલ નાશ થવા માંડે છે.

(૩૭) બધા દેશોમાં અનેક કારણોને લીધે આવા અધીરના પ્રસંગ કોઈ કોઇવાર આવે છે. પણ અફવાઓ સાંભળ્યાની તથા ફેલાવવાની ટેવથી તથા અતિશય બીહીકણપણાથી ને સ્વાર્થીપણાથી એવા પ્રસંગ અત્રે વધારે હાનિકારક થઈ પડે છે, સ્વદેશી બેન્કોની હાલની સ્થિતિ બધા જાણે છે તેમાંની કેટલીએક કપટને લીધે ભાંગી હશે, કેટલીક ગેરવહીવટથી ભાગવા લાયક હશે, પણ વહેમને અફવાના સંજોગથી વાતા સપાટામાં સારી બેન્કોને તથા બીજા હજારો માણસનું અતિશય નુકશાન હાલ થયું છે. દેશની સારી સંસ્થાઓને નુકસાન લાગે તે દેશ સમસ્તને નુકસાન થયું સમજવાનું છે. પણ બહાવરા થએલા, અધીરાને બીહકણ માણસોના સમજવામાં આ વાત આવતી નથી.

(૩૮) આવી અધીરતાના પરિણામો સરાફ બજારમાંથી રોકડ ખર્ચે ઘસડાઇને જણ જણના પટારામાં પડે છે એટલે વેપારીઓને ઘણી ભીડ નડે છે, વેપારમાં ભારે ડખલ થાય છે. સાંવત્સરિક ભીડ નરમ પડતી જશે એવી આશા હંમેશ રહે છે પણ આવી વહેમને ધાસ્તીની અસરથી થએલી ભીડ ક્યારે બંધ થાય એ કહેવું કઠણ છે, વ્હેમ ને બીહીક ટળે, ત્યારે તે ટળે. તેવો વિશ્વાસ પાછો બેસતાં કેટલોક કાળ વહી જાય છે.

(૩૯) આવા સમયે સારા વેપારીને હરકત ન પડે ને સંગીન વેપાર ચાલ્યા કરે માટે કેટલાક દેશોમાં સરકાર તરફથી મદદ કરવામાં આવે છે. સરકાર સદ્ધર બેન્કો કે સાવકારોને યોગ્ય તારણ લઈ અવેજ ધીરે છે ને તે અવેજ ભીડની નાણાવટમાં વેરાતો વેરાતો જઈ ધીમે ધીમે છૂટ કરે છે. હિંદુસ્તાન સરકારે અમુક શરતોથી ઇલાકાની બેન્કોને હાલના સમયમાં અવેજ ધીરી છૂટ કરી છે ને ભીડનાં માઠા પરિણામોની પુરી અસર વેપારને નડવા દીધી નથી એ માટે સરકારનો પાડ માનીએ તેટલો ઓછો છે.

(૪૦) અધીરની ભીડના પરિણામો આ પ્રમાણે સારી મદત આવેથી કેટલેક અંશે ટાળી શકાય છે. પણ તે અધીર અટકાવી શકવાનો માર્ગ સુઝતો નથી. દેશનું સામાન્ય અજ્ઞાન અપૂર્ણ કેળવણી, ટુંકો સ્વાર્થ. વગેરે માનસિક કારણોને એવા ભીડ વળગી રહેલી છે. ને જ્યાં લગી એવા કારણનું બળ ઘટે નહિં ત્યાં લગી એવા અધીરના પ્રસંગ આવવાનો ઘણો સંભવ છે. આ રીતે પાછા આપણે ફરી ફરીને ઠામને ઠામ આવીએ છીએ. દેશની સામાજીક સ્થિતિ કેળવણી, જ્ઞાનને, નીતિના પ્રસારથી ઘણી સુધરે તોજ આવા અધીરના પ્રસંગ થોડા આવે. અથવા આવે ત્યારે તેનું પૂર ઘણું ચઢે નહિ. જ્ઞાન ને નીતિ વધારવાની સંસ્થાઓ તથા તેના લગતા સર્વ ઉદ્યમ કેટલા જરૂરના છે તે આ ઉપરથી પાછું સ્પષ્ટ થાય છે.

અંબાલાલ સાકરલાલ.

# ઐતિહાસિક કાવ્ય.

—*×*—

## વિશ્વનાથ જાની કૃત. ગનીમનો પવાડો.

### (૪)

રાગ ગોડી.

હાહાકાર ઘણોજ થાય અમદાવાદજ માંહે
લશ્કરથી આવે ઘશો ટેભા દીધા તેને ઘાયે ૧
કોહોને શીર, નહી પાઘડી, હથીઆર ને ઘોડા
કેટલાને કાનય નહી કેટલા દીસે ખોડા ૨
ઘણારે આવ્યા સુઇ ષાટલે થૈકો અધ સરતા
એમ સીપાઇ આવીયા શહેરમાંહે ઘસતા ૩
અન્ન વસ્ત્ર નહી કોકને એવી થઈ અવસ્તા
કો દીગમૂઢ થયા ઘણૂં કો આવ કર ઘસતા ૪
બીહીક લાગીરે ગનીમની દેશમાં તે સઉને
કોહાં કાઢીયે નાનાં છોકરાં દીકરી તે વહુને ૫
એમ સઉએ અત્ય ખલભલ્યું હવે શુંરે કરીશે
બાલક જો જાશે લૈઇ,પેટ પાલી મારી મરીશે ૬
દિવસે ધાન,ન ખવાએરે,નહી કો સુએ રાત્યે
કહીય કરાર વલે નહી તે ગનીમની વાતે ૭
હુલ લાગી એહવી શહેરમાં ત્રાહે ત્રાહે કરેરે
હવડાં ગનીમજ આવશે એહવી બીક ધરેરે ૮
શેણાં લાધે સર્વને યે ગનીમ લૂટે છે
ઝબકીને ઉઠે છોકરાં સઉ પેટ કૂટે છે ૯
કાજીને બકશી મીઆં સઉ વલી અકરમદીન
નાયબ યે દીવાંનના મળી ચાર પ્રવીણ ૧૦
ચ્યાર મલીને એકઠા કીધો એમ વિચાર
જાફરષાંન છે જાગતો શેહેર રાષે આવાર ૧૧
સોરઠ જાતા પાછા વલા તે તો જાફરષાંન
ચાર જણે મલીને કહ્યું દઇને ઘણું માન ૧૨
નાયબ થાઓ શેહેરના તમો મોટા સીપાઇ
રાષો તમો ગુજરાતને મનમાંથી ચાહી ૧૩
રલીયાત થાશે પાદશાહા તમ ઉપરે પોતે
મુનપ બહુ ય વધારશે, મુજરો તમ જોતે ૧૪
વચન સુણી ચારે તણાં બોલા જાફરષાંન
માથે વચન ચઢાવીયાં એહવાં વીર નીધાંન ૧૫
આપો ખજાનો મુજને તમે લાખ બે ચાર
લશ્કર રાખું સોહતું પાલા અસવાર ૧૬
આપ્યો ષજાનો ષાંનને જણ ચાર મલીને
લશ્કર રાષો ઉતાવલું નથાદાસ કરીને ૧૭
આવ્યા કોલીને કાછીયા ષોડુ ઘોડુ લઇને
ચાકર થ્યા તે ત્રીસના દરબારજ જઇને ૧૮
ઘાંચી પીંજારા આવીયા ત્રણ તીરજ દેઇને
પાલો તે ચાકર પાંચનો આશામી એક થઇને ૧૯
લશ્કર રાખ્યું સામટૂં મીર પડીયા કાંકરીયે
ભાગ્યવળ્યું સિપાઈ તુંણૂનહોતીમલતી ચાકરીયે૨૦
મીર પોતે બલીયો ઘણું સત્કુલનો શિપાઈ
રાષે પર એ બારનાં ચોર નાવેરે ધાઇ ૨૧
ષાટને કોલી તેડાવીયા અમદાવાદની વાહાર
સેદ કાલેને તેડાવીયા આવીયા અલગારે ૨૨
કોટને અડતાં હાટડાં વલી ઘર ય હુતાં
પાડીને પાધર કીધાં તેતો હીડે રોતાં ૨૩
કોટ પાસે જે ઉગીયાં તેતો વાઢ્યા છે ઝાડ
દર્વાજા બારે વચ્ચે ષોદીયો છે ષાડ ૨૪
બલદને બકરાં બહુ મુઆં ષાડમાં પડીને
ઘોડાં ઉંટને માનવી પડીયાં આષડીને ૨૫
મુક્યા ઘડા કોટે રાપના વલી તે મતવાલા
રાતી ધ્વજા ષોશા બહુ દરવાજે પાલા ૨૬
વેરી ગનીમજ મારવા એહવી કીધીછે પેર
હાથી આગલ યમ કુતરૂં સિંહ આગલ ખર ૨૭
મગર આગલ યમ માછલું સિંધુ આગલ ખાડી
વડ આગલ ધંતુરડો મલ્લ આગલ બાલ ૨૮
ઘડારે આગલ યમ ફૂલડી હેમ આગલ કથીર
સૂર્ય આગલ આગીયો ઘૃત આગલ નીર ૨૯
ગનીમઆગલત્યમસઉ મળ્યા એહવા શૂરશપાઇ
નામે ધ્રુજે ગનીમને ધ્યાને આવે છે ત્રાઇ ૩૦
ખેહ દેષી નાહાસી ગયા ઘોબી ઘોતા હુતા
વસ્ત્રને બલદ મેલી ગયા નવ પેહેરા તે જુતા ૩૧
દર્વાજા દીધા વલી પાલા નાશીને પેઠા
અહ્મે તમારા રાંક છું એમ કહીનેરે બેઠા ૩૨

એમ એવાં પડે છે ઉલકાં દહાડામાં દસવીસ
કોએ કહીએ ખરખડે સઉ પ્રાડે ચીસ ૩૩

પાલા નાંષે હથીઆંડડાં તે ગનીમને નામે
ત્રાસ ઘણો મનમાં રહે સઘલે નીત્ય ગામે ૩૪

લોક જાએ સઉ શહેરમાં જાણે અહીંથી ઉગરાયે
બહારથી એ ઝાલશે. વણુપૂટે મરીયે ૩૫

યેને સગા હુતા ખરા, કોટ માંહેના ઘરના
માન વધૂ દેઇ તેડીયા, તમો તા નહી પરના ૩૬
કોહોને સગા આવી કહે, પડશો નહી ભારે

એણે મશે તમો ના આવશો, નાવતા જોકયવારે ૩૭
કોતો સુતા તેને સાસરે જઇને તે વશારે

કોતો કોનું ચોરી ગયું પછે હાથ ઘશારે ૩૮
કોયે જઇને કોને કહ્યું ઠામ રહેવાને આપો
ત્યેણે મોહો મરહુ ત્યાંહાં માથે છાનારે થાપો ૩૯

કોતો તાલુ દઇને વટે રષે આવે કો રેહેવા
કોતો ધાઇ ઉઠે કરડવા યેકો આવરે કેહેવા ૪૦

કોએક સર્વેને કહે રહેવા આવો તી ભાઇ
ચાર દહાડા એ દુઃખ છે પછે રહેશે ભલાઇ ૪૧

સગપણ વીન કોણે કહ્યુ સંપ સંપીને રહીશે
મારા સમજો આવો નહી દુઃખ સુષજ સહીશે ૪૨

વલી કોણે કહ્યુ કોહોને બાલક ગાલ ષમીશે
યેવું ઇશ્વર આપશે એકઠાં ત જમીશે ૪૩

ક્યાંહાંથી અમારે બારણે તમ શરપા સજ્જન
નહી આવોતો નહી બોલશુ પછી એક ય દીન ૪૪

કોયે કેતો એમજ કહ્યું સાંકડું છે અમારે
શાંને કેહેવા આવીયા ગમ નથી તમારે ૪૫

કોણે તો ભાડે આપીયું યેહેમાં વસતારે કોલ
આગલીથી મુકાવીયા રૂપૈયારે સોલ ૪૬

કોણે પરમારથ રાષીયાં પોતાની પડસાલે
ઓરડો કાઢી આપીયો પોતે ત્રીજે માલે ૪૭

એમ સર્વે જાણ્ પડુ ભુંડોને ભલાઇ
કામ પડે ત્યવારાં જાંણીયે સગપણને સગાઇ ૪૮

કોણે ધન બહુ રાખવા કોહોને આપુ જઇને
બીજે દાઢે તે નામુકર ગયા વઢા સાંહાંમા રહીને ૪૯

કોહોને ઘરેણું મોકલ્યું કો સાથે કોહોને
વચમાંથી કહીયે ગયૂ બીહીકમાં લોકોને ૫૦

માલ ઘરમાંથી કાઢીયા હિંદુ ને તર્કે
સાંન વિના વીસરે કયહી, તે ગનીમની થર્કે ૫૧
વહીતરા વચમાંથી ગયા કોનું લઇને નાશી
એમ ઉઘાડું ધંન ગયૂ રોઇ તે રહ્યા હાથ ઘાશી ૫૨

ઘરમાં સર્વે વિચારીયું સર્વ સેહેરમાં સુઇશે
દાણા લઇ જાશે ચોરટા પછે જોગી થઇશે ૫૩

બાલકને બઇરો તહ્મા સાંઝે શેહેરમાં જાઓ
અમે ઘરમાં સૂઇશું હવડાં એ છે દાઓ ૫૪
એમ વીલ્યપલ્ય પડી ઘણું ગુજરાત ય માંહે
તરશે નીર પીયે નહી ભુષે અન્ન ન ષ.એ ૫૫

સર્વે મ્યલી વાતો કરે મૃત આવ્યુ છે વેરેલું
ચીત્ત ચલ્યાંછે સર્વનાં બીકે દીસેછે ઘેલું ૫૬

ઘડીયાં રંગ ફરે બહુ મુષ નવ નવી વાતો
એમ જાણે મનમાં સઉ જીવ શે નથી જાતો ૫૭
કોતો કેહે દુર્ગદાસજી સૈન્ય લઇનેરે આવ્યા
કોતો કહે કોલિએ મલી ગનીમને નસાવ્યા ૫૮

બેદારબશનૂ આવીયૂ લખ્યુ તે બકશીને
ચાર હજારેજ મોકલા લઢવા હબશીને ૫૯
એહેવી વાત કો આવી કરે મન ટાઢું ય થાશે
કો વલી આવીને કહે આવ્યો ઢુંકડો પાસે ૬૦

કો કહે કાગલ આવીયા, આવ્યો મહી ઉતરીને
કો કહે ભરૂચ મારીયો, ગયો પાછો ફરીને ૬૧
કો કહે આવ્યા ઢુકડા અભરામજ પાંન
કો કેહે ગાજદિપાંનને ભૂપે લષીયુ નીર્વાણ ૬૨
ઘડિકમાં ધીરજ ધરે ક્ષણમાં જીવ ઉડે
કો એક સારી વાતો કરે સારૂં સર્વને રૂડે ૬૩

પરગણાં સર્વ ઉજડ થયાં કોલી લુટે ને બાલે
ઉચાલા આવે બહુ મનમાં અતિ સાલે ૬૪
એમ આવે સઉ સેહેરમાં કો જાએ સેહેરમાંથી

એમ અદ્ભૂત ય થૈ રહુ લોકને સુખ કયાંથી ૬૫
વોહોરા અન્ય બાહે ઘણું વોહોરીઓની બાંકે
દીશે કોણે દીઠી નહી ને ગનીમની હીકે ૬૬

સર્વ ઘરમાં એકઠાં કીધો તે વિચાર
રષે ગનીમનાં હાથ જાતી તું નારય ૬૭
હું ને તું વાલી ઘણૂં દીસો છો અત્ય સારી
આપણે મરવું. ખરૂં સાહી જાશે ત્ય વારી ૬૮

છોકરાંને મારી મરૂં એહને હાથ ય જૈયે
થાપણ આપણે સહી કોહોને વાત નવ્ય કહીયે ૬૯

એમ અનેક વાંધલાં નીત્ય મારે સર્વેરે
બીક તો યમનાથી ઘણી ન બીતા મર્વેરે ૭૦

ધાડો આવે છે સાંમટી કોલીયો તે મલીને
સેદકાલે ને મીરષાંન મારે છે ચઢીને ૭૧
ગોધરે અરિ આવ્યો
મહી કોતર પાલીએ નથી તમારે ઉતરાવ્યો ૭૨

ગપઓલા ચાલે બહુ દઇએ ઉઠે જાલ
મનમાં એમ જાણે સઉ આવો છેહેલો કાલ ૭૩

કો કેહે એ આવે નહી પાંણી વાટે નથીરે
કો કેને મહીની પાર રેવા ઉતરે કયમ અમથીરે ૭૪
કો કેહે મહીનાં કોતરાં ય એણે ન ઉતરાયે
કોલી છે ઘણા બહુ તીરે માર્યો જાય ૭૫
હુગે હુગાં મલે એકઠાં વાતો બીજી નહીરે
ધાંન રેહેરે ગનીમનું મનમાં તે સહીરે ૭૬
ગરડા એવી વાતો કરે કયહીએ આવુ ન દીઠું
કેહેર થયો ગુયરાતમાં દુ:ખ કેમ જાએ વેઠું ૭૭
મુનશીને સસરો દીવાંનનો આવ્યા બેઉ જણારે
વચ્ચે પંભાલી કોટમાં ત્યાંહાં કોલી ઘણારે ૭૭
ગનીમમા વાગ્યુ નહી પણ ભોગ ન મૂકે
યુદ્ધ થયુ ત્યાં ભીલશુ કોલી આવે ને હુકે ૭૮
ઘા મીર્જાને આપીયા પણ કુશલે આવ્યા
મુનશી મીરજાંએ જાણીઉ સમશેરમાં ફાવ્યા ૮૦
કાંહાંનદાસને મુનશી મલા આંસુ આવ્યાંરે દુ:ખે
સ્વામી આપણો સઉ છે ત્યાંહાં કયમ રહીયે સુખે ૮૧
ચોથ જો મોકલાવીએ છુટે ષોજ હમીદ
દુ:ખ દે છે દીવાંનને શું કહીએ પ્રસીદ્ધ ૮૨
લાષ ચોવીસને ચોથના બીજા ચટ લાખ
ત્રીસ જમલે પૂરા થયા એહવું મુખનો છે ભાખ ૮૩
બીજે ગઢે કારંઝમાં એહા પાંચે મલીને
વાત યે હુતી તે કહી પાંચે પૂનહી વલીને ૮૪
પ્રથમ શ્રી ષાંનને કહ્યુ સુબાને જે કાંમ
ચોથ એહને કયમ આપીએ પાદશાહ બદાંમ ૮૫
મીયાં અહમદીને કહ્યુ લોકમાં નથી વીત્ત
મરીને ભરે છે જીજીઓ જાણે છે મારૂં ચીત્ત ૮૬
બક્શીને લોક દીવાંનના વલી કાજી કેહે છે
વ્યાપારીમાં વેરો કરો થોડુ રહીયત સેહેશે ૮૭
કીંગસા તવ બોલીયા શેઠ સેહેર તણોરે
વ્યાપારીમાં વીત્ત છે નહીં રાંક શાને ગણોરે ૮૮
એમ કરતો યે આવશે ચોથ ભરશું આપો પે
પાપ મલુ હશે સર્વનૂં હશે દેવને કોપે ૮૯
આપાપણુ લાગ્યુ ભોગવો એમ સર્વે ઠરાવ્યું
દરબાર ઉઠી બેઠું થયું શહેર ઉલેડરાવ્યું ૯૦
પંનર દાહાનો વાયેદો ગનીમે તે કીધો છે
ત્યાંહાં સુધી નાવું શેહેરમાં એહવો કોલ દીધોછે ૯૧
કોકે કહ્યુ માટે આવશે ચોથ આપ્યા વીનારે
યેહના દુ:ખે પેટમાં ઉઉ કરીને પોકારે ૯૨
વલીતો લોકને દે ઉલવાં વધ બારશ કહીને
વાયદા સર્વ વીતીરહ્યા એણે બાંદ્દુ છે દહીરે ૯૩
સર્વ ઉચલતું દેખીને નાથે મનમાં વીચારૂં
કોણ આગલ જૈઇને કહુ પાણી આપે કો ખારૂં ૯૪

સીંહ સરષા બે દીકરા તેતો જાણે જે મારૂં
પછે ને ભરોસો કોહોનો કરે કાજ અમારૂં ૯૫
ધણીઆણી ઘરમાં કહેશે શું શુદ્ધય ગઇ છે
સર્વ જાવાને સામટૂ અવલી બુધ્યય થઈ છે ૯૬
સર્વ જાએછે સેહેરમાં તેતો ઘેલા નથીરે
ઘણૂ તે ડાપણુ કરીયે નહીં, કેહેછે લોક કથીરે ૯૭
લૂસૂ તાતનુ લોકનું કયહી મૂકીને આવે
આલસુ થૈ બેશી રહ્યા કલેશ કાં ઉપજાવે ૯૮
લુગડાં ને વલી ગોદડાં કોને ઘેર મૂકોરે
અણ ચીંતવ્ય દલ આવશે તહ્મે કાંતે ચૂકોરે ૯૯
રેલનારા જૂઆ થયા પછે સુરે યમીશે
છેઇયાં પાણી પાસે નહીં રાન્ય રાન્ય ભમીશે ૧૦૦
બનુઆને આનંદીઓ કોને ઘેર સુઆરો
લઇ જાશે તો એહને પછે નથી ચારો ૧૦૧
છોકરીઓ છે ગાંમડે સાસરાને સાથે
શોધ્ય કશી લીધી નથી શંભુને શીવનાથે ૧૦૨
નાથે એહવૂ સાંભલી અકલાયો મનમાં
કયાંહ જાઉ કોને કહ્યુ આલોચે મનમાં ૧૦૩
ચૈત્ર શુદ્ધ માહા અષ્ટમી ભવાંનીનો ડાઢો
ચીઠી મૂકી ત્યાંહાં આવિયું તહ્મો માલ ન કાઢો ૧૦૪
નાથે શીશ ચઢાવીને પછે ધીરજ રાખ્યું
કોય ન મોકલૂ કોટમાં કયહીયે કાંઈ ન નાખ્યું ૧૦૫
વીપ્ર મ્લીને એકઠા તેતો જપ કરેરે
માલ લૈ જાએ શેહેરમાં મનમાંથી ડરેરે ૧૦૬
ઘર મેડીઆલાં ભલાં ઘણું અલપાંમણાં થયાંછે
જોઈ નીસાસા મૂકીને ઉચલીને ગયાં છે ૧૦૭
કોહોને ન દેતા પસવા જાણે ઘર તે બગડશે
તે બાલા જાશે ગનીમડા રાષ થૈઇને પડશે ૧૦૮
કણના અંબાર ભયા બઉ કોને ન આવેઉછીનાં
લોટ વેરાગીને નાપીએ હવે થઇશે પછીનાં ૧૦૯
વાડકું એક ન રાષીઉ યેને ચારસે થાલી
ઝાલ ઝબકે ને ઝુમણાં ન રાષી વાલની વાલી ૧૧૦
એહવું કીધું શેહેરમાં ત્યાંથી કયમ રેહેશે
પેહેલો ગનીમજ કોટમાં આવીને લેશે ૧૧૧
કોલાહલ એમ થૈ રહ્યો કોહોને નહીરે કરાર
નાથ તો પાંકીને કહે નહી આવે પરાર ૧૧૨
સ્તુલ અંબાની કીજીએ પરપંચને મેલી
તે સઉ એની રક્ષા કરે પોતે આવીને વેહેલી ૧૧૩

( અપૂર્ણ )

# સ્વર્ગસ્થ અ. સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી.

( એક વિદૂષી, સંસ્કારી *સ્ત્રીકવિનું જીવનચરિત્ર. )

"થાજો પ્રયાણ સુખરૂપ તુને, સખીઓ!"

(૧)

સૌ. વિજયાલક્ષ્મીનો જન્મ સંવત ૧૯૪૫ ના વૈશાખ શુદ ૩ ( અખાત્રીજ ) ને દિવસે થયો હતો. ત્હેમના પિતા રા. રા. પીતાંબર જેઠાભાઈ, વડોદરા રાજ્યના એકાઉન્ટન્ટ જનરલના હોદ્દાપર હતા. આ પ્રમાણે આપણાં સ્ત્રી-કવિ ગર્ભશ્રીમંત હતાં, એમ કહી શકાય.

આ સાધ્વીના નશીબમાં ત્હેનાં નિકટનાં સગાંઓનો લ્હાવો લેવાનું ન હતું. એમ ત્હેમની જીવનરેખા સુચવે છે. તે હજુ થોડાએક માસની બાલકી થયાં ન થયાં એટલામાં તેમની માતાનું મૃત્યુ થયું અને જ્યારે પિતાનો પ્રેમ સમજી શકે તેવડી ઉમ્મરનાં થયાં ત્યારે કમભાગ્યે તેમના પિતાશ્રીએ પણ પરલોકવાસ કર્યો. આ સમયે ત્હેમનું વય સાત આઠ વર્ષનું હતું, છેવટ જ્યારે ત્હેમના પતિ પોતાની કેળવણી પુરી કરી રહ્યા અને ગૃહસ્થાશ્રમમાં દાખલ થવાનો વખત ત્હેમને પ્રાપ્ત થયો, તે પહેલાં તો એમણે આ ફાની જગતનો ત્યાગ કરી પરલોકમાં વાસ કર્યો!

ઉપર જણાવ્યું તે પ્રમાણે શ્રીમંત કુટુંબમાં જન્મ થવાથી પ્રાથમિક કેળવણી મેળવવાનું સૌ. વિજ્યાલક્ષ્મીને ઘણું સુલભ થઇ પડયું. ત્હેમના કુટુંબમાં કોઇ સમવયી બાલીકાઓ નહતી. માત્ર ત્હેમની ઉમ્મરના ભાઇઓજ હતા. અને તે ભાઇઓની સાથે ઘેરજ ગુજરાતી પાંચ ધોરણનો અભ્યાસ ત્હેમણે પૂરો કર્યો. પછી તો ભાઇઓએ અંગ્રેજી ભણવું શરૂ કર્યું એટલે સૌ. વિજયાલક્ષ્મીનો અભ્યાસ બંધ કરવામાં આવેલો. ત્હેમણે શિક્ષક પાસે અંગ્રેજી ભંણવાનો વિચાર રાખેલો, પરન્તુ તે અનુકૂલ નહિં જણાવાથી તેમ બની શકેલું નહિ. આ પ્રમાણે સૌ. વિજ્યાલક્ષ્મીએ જે જે સાહિત્ય ગુજરાતી પત્રોદ્વારા પ્રસિદ્ધ કર્યું છે તે સર્વનું મુળ ગુજરાતી પાંચ ધોરણ સુધીનોજ અભ્યાસ અને ગૃહ કેળવણી જ હતાં. અભ્યાસ જોકે બંધ થયો તોપણ ત્હેમણે વાંચન ચાલુજ રાખ્યું હતું. ત્હેમને વાર્તાઓ સાંભળવાનો ઘણો શોખ હતો. આથી અંગ્રેજી તેમજ આપણી ગુજરાતી વાર્તાઓ તેમણે ઘણી સાંભળી હતી. ત્હેમનું વાંચન પણ નવલકથાઓથીજ શરૂ થયું. અને ત્હેમણે આજથી પંદરેક વર્ષ પહેલાંની પ્રચલિત નવલકથાઓનો મોટો ભાગ વાંચ્યો

*આ લેખ અમને સુંદરી સુબોધના તંત્રી રા. રા. ભાઈ રામમોહનરાય તરફથી મળ્યો છે, જે બદલ અમે તેમનો ઉપકાર માનીએ છીએ. તંત્રી બુ૦ પ્ર૦

હતો. ઘણીખરી વાર્તાઓ તે વાંચતાં, તે આપણા પારસીલેખકોએ ઉત્તમ અંગ્રેજી નવલકથાઓના કરેલા અનુવાદજ હતા. વાંચન માટે મોડી રાત સુધી ઉજાગરા ઘણી વાર તે કરતાં.

થોડા વખતમાં સૌ. વિજયાલક્ષ્મી અભ્યાસ છોડી ગૃહકાર્યમાં જોડાયાં. અને આ કામ પણ ત્હેમને પોતે વયે પહોંચ્યા પહેલાં શીખવાની ફરજ પડી! ત્હેમના સમજુ વડીલોએ પુત્રીની કમઆવડતથી તેને શ્વસુરગૃહમાં દુઃખ ન થાય માટે સર્વ ગૃહકાર્ય શીખવવાને સૌ. વિજયાલક્ષ્મીની દસ અગીઆર વર્ષની ઉમ્મર થઇ કે તુરતજ પ્રારંભ કર્યો. ગૃહકાર્ય પણ આ અકાલ પક્વ ( precocious ) બાલિકાએ તુરતજ સમજી લીધું, એટલુંજ નહિ પણ તે સવ પોતાને માથે ઉપાડી લીધું. અને જ્યારે તેમની ચૌદ વર્ષની ઉમ્મરે લગ્ન પછી શ્વશુરગૃહે જવું થયું, ત્યારે ત્યાંનો સર્વ ભાર પણ તે ગર્ભ શ્રીમંત અને કાચી વયની બાલિકાએ પહેલેજ દીવસથી ઉપાડી લીધોઃ—પોતાનાં બાલક નણંદ તથા દીયરોને ઉછેરવામાં તેમનાં સાસુને મદદ રૂપ થઇ પડયાં અને તેમના જવાની સાથે તેમનાં સાસુ ગૃહકાર્યમાંથી લગભગ નિવૃત્ત થઇ ગયાં.

સૌ. વિજયાલક્ષ્મીનું લગ્ન સંવત ૧૯૫૭ ના માહ શુદ ૧૦)ને દીવસે હાલમાં ભાવનગર રાજયના મુખ્ય વકીલ રા. રા. વિઠ્ઠલદાસ ગીરજાશંકરના જ્યેષ્ટપુત્ર રા. હર્ષદરાય જેઓ બી, એ; એલ, એલ, બી. થઇ હાલ મુંબાઇમાં સોલીસીટરનો અભ્યાસ કરે છે, ત્હેમની સાથે થયું હતું. આ પતિપત્ની વયમાં સમોવડીયાંજ હતાં. ઉમ્મરમાં માત્ર એકાદ દોઢ વર્ષનો ફરક હશે. જ્યારે સૌ. વિજયાલક્ષ્મી શ્વશુર ઘેર આવ્યાં, ત્યારે ત્હેમના પતિ અંગ્રેજી છઠ્ઠા ધોરણનો અભ્યાસ કરતા હતા. આ જણાવવાનું કારણ એટલુંજ છે કે પતિપત્ની બન્ને લગ્ન સમયે કિશોરવયનાં હતાં, પરન્તુ સૌ. વિજયાલક્ષ્મીએ પોતાની સુશીલતાથી અને પ્રેમથી ત્હેમના પતિનું મન હરી લીધું હતું. ત્હેમના પતિ તરફ તેમનો પ્રેમ અમાપ અને અવિચળ હતો. જેટલા પ્રેમથી વિજયાલક્ષ્મી પોતાના પતિને ચ્હાતાં હતાં, તેટલા પ્રેમથી ભાગ્યેજ કોઇ પણ સ્ત્રી પોતાના પતિને ચાહી શકે. આમાં જરા પણ અતિશયોક્તિ નથી. સામાન્ય રીતે જ્યારે મનુષ્ય Ideals (જીવનના આદર્શ) બાંધે છે અને ત્હેને પહોંચવા માટે વૃથા પ્રયાસ કર્યાજ કરે છે, ત્યારે સૌ. વિજયાલક્ષ્મી પોતાના જીવનનાં ( Ideals ) આદર્શોને ઘણીજ સહેલાઇથી અમલમાં મૂકી શકતાં,—અને જીંદગીમાં ઉતારી શકતાં. ત્હેમનો આત્મા પણ આવા આદર્શોને ધારણ કરી શકે તેટલો ઉચ્ચગામી હતો. અને ત્હેની સાથે તે આત્મા પ્રેમપૂર્ણ હતો. સૌ. વિજયાલક્ષ્મીનું જીવનસૂત્ર "પ્રેમ" હતું. અને ત્હેમનો આ પ્રેમ ત્હેમના પતિમાંજ વિરમી જતો હતો એમ નહતું; પ્રભુ પ્રત્યે ત્હેમનો પ્રેમ અનહદ હતો અને કુટુમ્બીજનો પ્રત્યે પણ તે બેહદ પ્યાર રાખતાં હતાં. ભાઇ અગર બ્હેન, માતા અથવા પિતા, સાસુ અથવા સસરા, સર્વને માટે પ્રેમજ હતો. તે સહૃદય એટલાં બધાં હતાં કે કોઇ પણ વ્હાલાજનનું જરા પણ દુઃખ સાંભળતાં કે ત્હેમનાથી અશ્રુપાત થઇ જતો. આ સત્ય એકાદ બે દૃષ્ટાન્તથી વધારે સમજાશે. પાંચેક વર્ષ પહેલાં ત્હેમનાં એક કપોળ સખીનો સ્વર્ગવાસ થયો હતો; છતાં પણ આજ સુધી ત્હેનું સ્મરણ ત્હેમને એટલું કષ્ટ આપતું કે તે સખીના નામ માત્રથી ત્હેમને રડવું આવતું.

વિજયાલક્ષ્મીની તિવ્ર લાગણી અને પ્રેમાળ વૃત્તિઓનું બીજું દૃષ્ટાન્ત ત્હેમનાં મ્હોટાં ભાભીનું મરણ આપે છે. આ સુશીલ સ્ત્રી ગઈ સાલમાં સપ્ટેમ્બર માસમાં મરણ પામ્યાં. તે વખતે સૌ. વિજયાલક્ષ્મી તેમના પતિ સાથે મુંબઈ હતાં. આ માઠા બનાવના સમાચારથી ત્હેમના કોમળ હૃદય ઉપર એટલી છાપ પડી કે તે સમાચાર જાણવાની સાથે ત્હેમને તાવ ચડી આવ્યો. સૌ. વિજયાલક્ષ્મીનું મરણ પણ આ સુશીલ સ્ત્રીના અવસાન પછી એક વર્ષે થયું; પરન્તુ તે દરમ્યાન તેમની તબીયત કદી પણ સારી થવા પામી ન હતી.

સૌ. વિજયાલક્ષ્મી જેમ જેમ યુવાવસ્થા પ્રાપ્ત કરતાં ગયાં તેમ તેમ તેમના ગુણો પણ દૃઢીભૂત થવા લાગ્યા. અભ્યાસ પ્રત્યે તેમની લાલસા વૃદ્ધિંગત થઇ. વળી એવામાં ત્હેમના પતિ વિદ્યાર્થી અવસ્થામાં હતા તેથી મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કર્યા પછી ત્હેમને અભ્યાસ અર્થે બહાર જવું પડયું. આને લીધે વિજયાલક્ષ્મીને વાંચવાને ફુરસદ વધારે મળતી. ત્હેમના ન્હાના દીયેરો અંગ્રેજી અભ્યાસ કરતા હતા; તેથી ત્હેમની સહાયથી અને પોતાની ખંતથી અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો અને લગભગ ચારેક ચોપડી અંગ્રેજી જેટલું જ્ઞાન મેળવ્યું. પરન્તુ સાહિત્યનો શોખ વિશેષ હોવાને લીધે જે અંગ્રેજી જાણવા જેવા ફકરા ત્હેમના વાંચવામાં આવતા ને તેઓ વગર પ્રયાસે યાદ રાખતાં અને તેને થોડી ઘણી મદદવડે બહુ સારી રીતે સમજી શકતાં. ત્હેમના લેખોનું જેણે અધ્યયન કર્યું હશે તેને માલુમ પડશે કે અંગ્રેજી લેખકોના ઘણા ઉતારાઓ તે ટાંકતાં અને તે પણ સમજીનેજ. સંસ્કૃતને માટે પણ તેમજ હતું. સંસ્કૃતનો જાતે અભ્યાસ કર્યો નહતો. પરન્તુ ગુજરાતીની મદદવડે ભગવદ્‌ગીતા અને ધર્મનાં અન્ય પુસ્તકો તે વાંચતાં અને આપણી માતૃભાષાની મદદવડે મૂળ શ્લોક પણ સારી રીતે સમજતાં. વળી તેઓ ધાર્મિક વૃત્તિવાળાં હોવાથી ઘણા શ્લોકો તો એમને મુખપાઠ હતા. ત્હેમની સાથ વિવેચન કરતાં કોઈ પણ માણસ ત્હેમનાં સમયોચિત અંગ્રેજી અને સંસ્કૃત અવતરણોથી ચકિત થઇ જતું. અંગ્રેજી અને સંસ્કૃતનું આ પ્રમાણે ઉપરચોટીયું જ્ઞાન મેળવ્યા ઉપરાંત ત્હેમણે સ્વભાષાનો અભ્યાસ ખંતથી વધાર્યો હતો. અને બાલપણમાં વાંચેલી નવલ કથાઓ ઉપરાંત ધર્મ અને નીતિનાં અંગ્રેજી તેમજ સંસ્કૃત પુસ્તકોના ગુજરાતીમાં થયેલા અનુવાદો ઘણાખરા ત્હેમણે વાંચી નાંખ્યા હતા. આપણા પ્રાચીન તથા આપણા અર્વાચીન કવિઓની કવિતા, જે માસિકો તથા પુસ્તકોદ્વારા પ્રસિદ્ધ થયેલી તે પણ ત્હેમણે વાંચી હતી. ત્હેમને વાંચવાના શોખની સાથે પુસ્તસંગ્રહનો પણ શોખ હતો અને ત્હેમના મરણ સુધીમાં ઉપયોગી ગુજરાતી પુસ્તકોની એક ન્હાની લાયબ્રેરી તેમણે એકઠી કરી છે.

લેખક તરીકેની જીંદગી તેમણે તેમના સોળ અથવા સત્તરમા વર્ષમાં શરૂ કરી. શરૂઆતમાં ભીંતો ઉપર તેમજ કાગળના ન્હાના ટુકડાઓ ઉપર કવિતાઓ લખવા માંડી. પોતે પ્રસિદ્ધિમાં આવ્યાં તે પહેલાં પોતાના પ્રયાસો તેઓ આપણા સાહિત્યમાં જાણીતાં થયેલાં સ્ત્રીલેખક સૌ. હરીસુખગૌરી, રા. વામનરામ કપિલરામનાં પત્નીને સુધારવા માટે મોકલતાં અને તે લાયક સન્નારીએ ઓળખાણ ન હોવા છતાં આ કવિતાઓ સુધારવાની કૃપા કરી, કવિતા લખવાના સૌ. વિજયાલક્ષ્મીના પ્રયાસને ઉત્તેજીત કર્યો હતો. ખરી કવિતા હમ્મેશાં સ્વયંપ્રેરિત—નૈસર્ગિકજ હોય છે, છતાં પણ તે બનાવવાનું પણ

શીખવું પડે છે અને કવિતાઓ બનાવવાના નિયમો સૌ. હરિસુખગૌરીએ સૌ. વિજયા-લક્ષ્મીને શીખવ્યું હતું અને તેટલે અંશે સૌ. હરિસુખગૌરીનાં પોતે શિષ્ય છે એમ સ્વર્ગ-સ્થ સાધ્વી કહેતાં.

કવિતા લખવાની શરૂઆત કરતાંની સાથે, પહેલાજ વર્ષમાં ત્હેમણે ઘણાં કાવ્યો લખી કાઢ્યાં હતાં; પરન્તુ કેટલાએક સંજોગોને લઇને ત્હેમણે તે સર્વેનો નાશ કર્યો હતો. તે કાવ્યો જો મોજુદ હોત તો પાછળથી મેળવેલી તેમના કવિત્વશક્તિથી તેમાં સુધારો વધારો કરી શકાત અને આપણને ત્હેમના પહેલા પ્રયાસો જોવાનો લાભ પણ મળી શકત. પરન્તુ કમનસીબે ત્હેનો નાશ થયો છે.

પોતાના ગદ્ય તથા પદ્ય લેખો માસિકોદ્વારા પ્રસિદ્ધ કરવાની શરૂઆત ચારેક વર્ષ પહેલાં એટલે ૧૯૦૯ ની સાલમાં કરી. શરૂઆતના લેખો તથા કાવ્યો સુધારો સુન્દરી સુબોધમાં તે ઉપયોગી માસિકના અધિપતિએ પ્રસિદ્ધ કરવાની પહેલ કરી. ત્યાર પછી થોડા વખતે તેમનાં કપોળ સખી કે જેને વિષે ઉપર થોડું લખવામાં આવ્યું છે ત્હેના આગ્રહથી કપોળમિત્રમાં પણ પોતાના ગદ્ય અને પદ્યલેખો આપવાની શરૂઆત કરી. ત્યાર-બાદ તો આપણા સાહિત્યનાં આગેવાન માસિકોમાં પણ ત્હેની કવિતાઓ સ્વીકારાવા લાગી. વસંત, બુદ્ધિપ્રકાશ અને સાહિત્ય જેવાં પહેલી પંક્તિનાં માસીકોમાં ત્હેમની કવિતાની કદર થઇ છે. આ ઉપરાન્ત તેમના અપ્રસિદ્ધ લેખોનો એક મોટો સમૂહ છે અને તે ઇશ્વર ઇચ્છા હશે તો પુસ્તકદ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ લેખ ઉપરથી સૌ. વિજયાલક્ષ્મીના ત્રણ મુખ્ય ગુણો વાચકની દૃષ્ટિએ આવ્યા વગર રહ્યા નહિ હોય. (૧) ત્હેમની પ્રેમાળતા (૨) ત્હેમની હોંશ અને (૩) ત્હેમનો ઉદ્યમ. તે એટલાં ઉદ્યમી હતાં કે ત્હેમને નવરાશનો વખત જ નહતો–જ્યારે કંઇ પણ ઘરનું ઉપયોગી કામ કરવાનું ન હોય અથવા તો જ્યારે લખવા તરફ વૃત્તિ ન હોય ત્યારે પો-તાનો સમય ભરત, ગૂંથણ અથવા સીવણમાં તે ગાળતાં. આ કામમાં પણ ત્હેના સ્વભાવ પ્રમાણે તે બહુ કુશળ થયાં હતાં અને ૧૯૧૧ ની સાલમાં ભાવનગર ખાતે ભરવામાં આ-વેલા "હુન્નર ઉદ્યોગ મેળા" માં ત્હેમને ત્હેમના ભરત તથા ગુંથણ કામ માટે બે ચાંદો એનાયત કરવામાં આવ્યા હતા. વળી કેટલાએક નમૂના માટે ત્હેમને Certificate of Merit (બાહોશીનું સર્ટીફીકેટ) પણ મળ્યું હતું. આ મેળાના સ્ત્રીવિભાગની મેનેજીંગ કમીટી (વ્યવસ્થાપક મંડળી) નાં ત્હેમને એક સભાસદ નીમવામાં આવ્યાં હતાં* અને આ વખતથી દરેક સ્ત્રીઉપયોગી હીલચાલમાં સૌ. વિજયાલક્ષ્મીએ ભાગ લેવા માંડ્યો અને પોતાની ભગિનીઓને મદદ કરવામાં ઉત્સુકતા દેખાડી હતી. સ્ત્રીઓના મેળાવડામાં તે હમ્મેશ હાજરી આપતાં અને પોતાની બહેનો માટે ત્હેમને હમ્મેશાં કંઇને કંઇ કહેવાનું હતુંજ. ભાવનગરના સ્ત્રીમંડળમાં ત્હેમની પહેલી પંક્તિના વક્તા તરીકે ગણત્રી થતી. આ સર્વ તેમની હોંશ અને ઉદ્યમીપણાનું જ પરિણામ હતું. વળી જે કામ તે કરતાં પછી તે લખવાનું હો અગર બીજું કોઇ પણ હો, તેમાં તે એટલાં તલ્લીન થઈ જતાં કે તે કામ સંપૂર્ણ રીતે પાર પાડતાં. ત્હેમના લેખોમાં કૃત્રિમતા માત્ર આવવા દેતા નહિં અને

*આ બનાવની નોંધ સુન્દરી સુબોધના સાતમા વર્ષના ૧૨ મા અંકમાં પ્રકટ થઈ છે.

જે ઉર્મિઓ ત્હેમના હૃદયમાંથી નીકળે ત્હેનોજ આવિર્ભાવ કરતાં. ત્હેમના લેખો તેમના વર્તનની છાયા રૂપજ હતા અને ત્હેનેજ લીધે તે લેખો અસરકારક બનતા.

જેણે લેખોથી સાહિત્યની સેવા કરી છે, તથા જાત મહેનતથી કુટુંબની સેવા કરી છે, તેવી સ્ત્રીમાં હાલની કેળવણીના દોષોને દાખલ થવાનો વખતજ નહોતો. પોતે શ્રીમંત પિતાની પુત્રી હતાં અને શ્રીમંત શ્વશુરનાં પુત્રવધૂ હતાં, છતાં પહેરવેશ સાદોજ રાખતાં. તવંગર અને ગરીબ, કેળવાયલાં અને બીનકેળવાયલાં, બધા સંબંધીઓ ઉપર તે સરખોજ પ્રેમ રાખતાં અને બધાનાં ઘણાંજ માનીતાં હતાં.

આવા અનેક ગુણવાળી આ યુવતીના આયુષ્યની દોરી સંવત ૧૯૬૯ના ભાદ્રપદ શુદ ૯ ને દીવસે ત્રુટી ! ત્હેમના પતિને સોલીસીટરના અભ્યાસ અર્થે મુંબઇ રહેવાનું થવાથી તેઓ પણ મુંબઈ ગયાં હતાં. પણ મુંબઇનાં હવાપાણી ત્હેમને અનુકૂળ ન આવ્યાં અને મુંબઇમાં ભાગ્યે બે એક માસ વાસ નહિ કર્યો હોય એટલામાં તો ત્હેમને મરડાનું દર્દ લાગુ પડયું. એકાદ માસ માંદગી ભોગવ્યા પછી ત્હેમને લઇ ત્હેમના પતિ પોતાના પિતાને ઘેર દીવાળીના તહેવારોમાં આવ્યા. તબીયત સુધારા ઉપર આવી એટલે ફરીથી મુંબઇ ગયાં. પણ દોઢ બે માસમાં મરડાએ જોર કર્યું અને એપ્રીલ માસની શરૂઆતમાં ફરીથી ત્હેમને પાછાં મોકલી આપવાં પડયાં. પરંતુ ભાગ્યવશાત્ આ વખતે મરડો લંબાયો, ખોરાકમાં દુધ ઉપરજ તે રહેતાં અને શરીર નબળું પડયું હતું. છેવટ મરડો મટયો હતો પણ નબળાઇ વિશેષ રહી હતી. અમદાવાદમાં ગઇ તા. ૩–૯–૧૩ને દિને એક પુત્રને જન્મ આપ્યો ત્યારે ત્હેમનું સર્વ ચેતનબળ નષ્ટ થયું અને પ્રસૂતિને બીજેજ દીવસે બેભાન થયાં. સારા ઉપચારો કર્યા પણ ભાવિ મિથ્યા થયું નહિં અને તા. ૯–૯–૧૩ ના પ્રભાતમાં બે વાગતાના સુમારે આ સાધ્વીએ જે જે પ્રાણિ પોતાના સહવાસમાં આવ્યું હતું તેની સેવા કરીને–તેનામાં કંઇ પણ નવું તત્વ રેડીને–પોતાના આત્માને બ્રહ્મની સાથે મેળવી દીધો.

આ સાધ્વીએ ત્હેમની પછવાડે બે બાલકીઓ અને એક નવા જન્મેલા પુત્રને મુક્યાં છે તથા સગાં અને સંબંધીઓની મોટી સંખ્યા શોકમાં નાંખી છે.

વાંચક ! મનુષ્ય માત્રમાં દોષ હોય છે અને તે પ્રમાણે સ્વર્ગસ્થ સાધ્વીમાં પણ કંઇક ન્હાની ખામીઓ હશે. પરન્તુ મહાત્માઓનાં જીવનમાં એટલા બધા ગુણો હોય છે કે ત્હેમના દોષ ત્હેમને માટે પૂજ્યબુદ્ધિ રાખનારને દૃષ્ટિએ પડતા નથી. આ લેખકને પણ ત્હેવો અનુભવ થયો હશે એમ માનજો, અને એમ ન માનતા કે લેખકનો ઇરાદો ખામીઓ છુપાવવાનો છે.

## (૨)

(સ્વ. સૌ. વિજયાલક્ષ્મીનો આ પત્રના તન્ત્રિ ઉપરનો છેલ્લો પત્ર.)

ધોળકા. તા. ૨૬–૮–૧૯૧૩.

"પરમ પૂજ્ય સુરબ્બી બન્ધુ રામમોહ(ન)રાય,

વિ. આપનો પત્ર સ્નેહ, દયા ને મમતાથી પરિપૂર્ણ મળ્યો, જે વાંચીને અત્યાનંદ થયો. એજ રીતે કદી કદી આ રંક આત્મા ઉપર અનુગ્રહ કરીને તમારા ઉપયોગી સમય-

માંથી સમય લઇને પત્ર લખવા કૃપા કરશો. મારૂં જ્ઞાન એક ખાબોચીયા જેવું છે. એક લેખક થવાને માટે જોઇતો જ્ઞાનનો ભંડાર મારી પાસે નથી.

મારે તમને વગર સંકોચે જણાવવું જોઈએ કે મારી માતાએ મને એક વર્ષની ને પીતાએ આઠ વર્ષની મુકી હતી. મને સામાન્ય લખતાં વાંચતાંજ શીખવવામાં આવ્યું છે. મ્હને કેળવણી કે સહશિક્ષા મળ્યાં નહિ.

બાળલગ્નને લઇને ને શ્વશુર તેમજ પિતાના ઉભય પક્ષની સંયુક્ત કુટુમ્બની સંસ્થામાં મારાં મન તન એવાં તો તવાણાં કે ઘડાણાં, કે મને નિવૃત્તિ કે આનંદ તો ક્વચીતજ મળે છે. કુદરતને લઇને મને વાંચવા પ્રતી ઘણી રૂચી હતી ને હું છાની રીતે રાત્રીનો સમય લઇને ઉજાગરા કરીને વાંચીને આનંદ મેળવતી. મારી એકાન્ત રાત્રીઓ એથી સહેલાઇથી પસાર થતી ને મને તેથી સંતોષ ને આનંદ થતો.

મારા સ્વામી સ્વતંત્ર નથી; હજી વિદ્યાર્થી છે. તેમજ તેમને સાહિત્ય વિષય તરફ અતી લક્ષ નથી. તેમના પોતાના અભ્યાસમાં તે એટલા રહે છે કે કદી મને તેઓ મદદરૂપે થયા નથી ને થશે પણ નહિ. વળી તેમને મળતી નિવૃત્તિમાં હું આનંદ આપવાને બદલે અભ્યાસ કરવા બેસું તો કંટાળે છે. સમય અને સાધનની ન્યુનતાને લઇને મારે મારી ઉન્નતિના સર્વ વિચારો તજવા પડે છે. હમણા મારી શારીરિક સ્થીતી ઘણી નબળી છે. હું સંગ્રહણીથી પીડાઉં છું. ઉપચારો ચાલુ છે પણ જીવનદોરી પરમાત્માને હસ્ત છે.

આપે સુચવેલાં કાવ્યોમાંથી કોઈ કોઈ વાંચ્યાં છે. બીજાં વાંચીશ. વાંચન વિશાળ હોય તોજ લખી શકાય છે. વળી મારી રંક બુદ્ધિ સારગ્રાહી પણ થોડી છે. વિચાર શક્તિની ન્યુનતાયે–સર્વમાં ફીકાશ એ સ્વાભાવિક છે.

તમારી સુચના ને સલાહ મને ઘણી કીમતી છે. પ્રભુની દયા હશે તો વળી પ્રત્યક્ષ પણ મળાશે. બન્ધુ! શારીરીક તે માનસિક તાપો મનુષ્યના આત્માને વધારે પવિત્ર, વધારે શુદ્ધ ને વધારે ઉચ્ચ કરીને પ્રભુની વધારે નીકટ નથી લઈ જતા? અને જો જાય છે તો પ્રભુ ભલે જીવનપુષ્પને અરણ્યના પુષ્પ જેવું કરે કે જેની પ્રસંશા કે કીમ્મત કોઈ ન કરે ને તે જતાં કોઈ ન ઝુરે. હું બાળક છું, અજ્ઞાન છું. વધુ ઓછું લખાણ માટે ક્ષમા માગું છું. તમે જે મારા પ્રતી સ્નેહ દયા ને મમતા બતાવો છો તે માટે ખરેખર હું તમારી રૂણી છું. પત્ર લખવામાં વિલંબ થયો છે માટે ક્ષમા કરશો.

ફોટોગ્રાફ માટે—જો આપ તે મુંબઈ મધ્યે જેને ત્યાં હોય તે સરનામું મોકલશો તો લઇ અવાશે. મારા સરખું કામકાજ લખી કૃતાર્થ કરશો.

લિ. આપની ચર્ણરજ, શુભેચ્છક **બેન વિજ્યા**ના પ્રણામ વાંચશો.

**“સુંદરી સુબોધ” અંક–૩–૪ માંથી”**

---

# સ્વીકાર.

**શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્વો.*** આ પુસ્તકની પ્રસિદ્ધિ અનેક રીતે આવકારદાયક છે. પ્રથમ તો ગુર્જર સાહિત્યમાં શિક્ષણશાસ્ત્રને લગતાં ગ્રંથો જૂજ અને ગણ્યાં ગાંઠયા છે અને તે વળી અમુક દ્રષ્ટિથીજ લખાએલાં છે. પણ તે વિષયનું શાસ્ત્ર અને કળા—એ બંનેનું મિશ્રણ કરીને, સ્વતંત્ર રીતે ચર્ચા કરતું અને નવીન લખાએલું પુસ્તક માત્ર આજ છે. તેથી આવા એક ઉપયોગી અને કીમતી પુસ્તકનો ઉમેરો કરવા માટે, તેના વિદ્વાન અને સાક્ષર ગ્રંથકર્તા રા. બ. કમળાશંકરભાઇને ધન્યવાદ ઘટે છે.

આપણે અહિં વાનપ્રસ્થ થતા વડિલો તરફથી તેમનાં લાંબા અનુભવ અને પરિપકવ જ્ઞાનનો લાભ ભાગ્યેજ મળે છે, જ્યારે પાશ્ચાત્ય પ્રદેશોમાં પોતાના જાતઅનુભવ અને વિવિધ પ્રકારની માહિતી અને જ્ઞાનનો લાભ ત્યાંના પ્રખ્યાત પુરૂષો વખતોવખત પુસ્તકો અને લેખોદ્વારા આપ્યા કરે છે. વાનપ્રસ્થ અવસ્થામાં તેઓ ઘણુંખરૂં આ જાતનાં અને સમાજને ઉપયોગી થાય તેવાં કાર્યો કરે છે. તેવીજ જાતનો કંઇક લાભ આપણને ઉપરના પુસ્તકદ્વારા પ્રાપ્ત થાય છે. રા. બ. કમળાશંકરભાઇનો શિક્ષક તરીકેનો અનુભવ બહુ લાંબા કાળનો છે અને તે અનુભવ પ્રે. રા. ટ્રેનિંગ કોલેજમાં પૂર્ણ સ્થિતિએ પહોંચ્યો છે. તેમની શિક્ષક તરીકેની કીર્તિ અને ખ્યાતિ સર્વને સુવિદિત છે અને તેમની આખી કાર્કિદી યશસ્વી અને ફતેહમંદ નિવડી છે. વળી તેમની સાક્ષરતા અને વિદ્વતા જાણીતાં છે એટલે તેમના તરફથી તરફથી પ્રાપ્ત થયેલી કૃતિ આદરણિય થાય એ દેખીતું છે.

કેળવણીનું સ્વરૂપ દેશકાળ અને પરિસ્થિતિના ફેરફારો સાથે બદલાયા કરે છે. કેળવણીનો ઉદ્દેશ જ્ઞાન આપ્યાં કરતાં ભાવના રજુ કરવાનો વિશેષ છે. તેથી તેમણે—કેળવણીનો અંતિમ હેતુ જે નીતિના શિક્ષણદ્વારા, **ચારિત્ર્ય બંધારણ** તે પર જે ખાસ ભાર મૂકયો છે, તે યોગ્યજ થયું છે.

તેમાંના શિષ્યનાં લક્ષણ અને કર્તવ્ય તેમજ શિક્ષક, તેના આવશ્યક ધર્મો, અને શિષ્ય પ્રતિ વર્તન—એ પ્રકરણો અમને બહુ ઉપયોગી અને બોધક જણાય છે. શિક્ષણનો ઉદ્દેશ અને હેતુ રજુ કરવાની સાથે શિક્ષણ આપવાની પદ્ધતિ અને તેને લગતી સૂચનાઓ પણ તેમાં આપવામાં આવ્યાં છે અને તે તરફ શિક્ષકવર્ગનું અમે ધ્યાન ખેંચીએ છીએ.

શિક્ષણ અને માનસશાસ્ત્રનો નિકટ સંબંધ ચાલુ જમાનામાં સ્વીકારાયો છે. તેથી માનસશાસ્ત્રને લગતી હકીકત સરલ શૈલીમાં સહેલાઇથી સમજી શકાય એ રીતે તેમાં આપવામાં આવી છે, જે શિક્ષણશાસ્ત્રના શુષ્ક અને નિરસ વિષયને રસિક કરશે, એટલુંજ નહિ પણ તેનું જ્ઞાન શિક્ષકને બહુ મદદરૂપ થઈ પડશે.

આખું પુસ્તક પોતાના અંગત અનુભવ અને જાત માહિતીપરથી ઉપજાવી કાઢવામાં

---

* કર્તા. રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી બી. એ., પૃ. સં. ૪૭૫ કી. રૂ. ૧॥ સોનેરી પાકું પુઠું.

આવ્યું છે, એટલે તે કીમતી છે એવું કહેવાની કશી જરૂર નથી. અમારી ખાત્રી છે કે તે શિક્ષક વર્ગને ઉપયોગી અને સહાયભૂત થઈ પડશે.

પુસ્તકને અંતે સંક્ષેપમાં શિક્ષણનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. તેના વાચનથી કેળવણીના વારંવાર બદલાતા સ્વરૂપનો કંઇક ખ્યાલ આવશે.

વળી પુસ્તકમાં સ્થળે સ્થળે પુખ્ત વિચાર અને પાકટ અનુભવ અને જ્ઞાનના ઉદ્દગારો દ્રષ્ટિગોચર થાય છે અને તે મનન કરવા યોગ્ય છે.

આ પુસ્તકમાંનો ઘણોખરો ભાગ છુટક છુટક "શાળાપત્ર" માં છપાયો હતો પણ તેના એકત્ર સંગ્રહની બહુ જરૂર હતી. તે ખોટ પૂરી પાડવા માટે પણ આપણે તેમના આભારી છીએ. આશા છે કે એજ પ્રમાણે તેઓ એમના વ્યાકરણ અને જોડણી વિશેના નિબંધો પુસ્તકરૂપે છપાવશે.

**રોમિયો અને જુલિયટ.** દુનિયાના મહાન નાટકકાર અને કવિ સેક્સપિયરનું આ કરૂણ રસથી ઉભરાતું નાટક જગપ્રસિદ્ધ છે અને રોમિયો જુલિયટનો સ્નેહ, યુસફ અને ઝુલેખાના ઇશ્ક માફક કહેવતરૂપ થઈ પડયો છે. હજી સુધી આપણા સાહિત્યમાં સેક્સપિયરના તમામ નાટકોના અનુવાદ મળી શકે નહિ એ ખરેખર શોચનિય સ્થિતિ છે.

સુભાગ્યે "કાઠિયાવાડી"ની સંજ્ઞાથી પંકાએલા વિદ્વાન પ્રોફેસર દવેએ એ દિશામાં ઉત્સાહપૂર્વક કામ આરંભ્યું છે અને સેક્સપિયરના ચાર પાંચ નાટકોના ભાષાંતર પ્રસિદ્ધ કર્યાં છે અને તે લોકપ્રિય થયાં છે.

જનસમુહ અને બાળકોને માટે ઇંગ્રેજી સાહિત્યમાં સેક્સપિયરના નાટકોની સારરૂપ વાતો ઉપજાવી કાઢવામાં આવી છે અને તે લોકપ્રિય કરવાનું માન જાણિતા નિબંધ લેખક મી. લેમ્બને છે. એજ કથાનું ગુજરાતી અનુકરણ આપણા સુપ્રસિદ્ધ અને પૂજ્યવહિલ લેખક શ્રીયુત રણછોડભાઇએ "કથાસમાજ" એ નામથી પ્રસિદ્ધ કર્યું છે. પણ તે વાતો માત્ર આપણી જીજ્ઞાસાને ઉશ્કેરે છે. રસતૃપ્તિ માટે તો મૂળકૃત્તિની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે.

એજ કથાને વધારે વિસ્તારથી અને નવલકથારૂપે યોજવાનો ઉપર નોંધેલા પુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે અને આંજકાલ જ્યારે સેંકડો કલ્પિત અને કેટલીકવાર હાનિકારક નવલકથાના પુસ્તકો વાંચવામાં વખતનો વ્યય કરવામાં આવે છે, ત્યારે આવા પુસ્તકની પ્રસિદ્ધિ આવકારદાયક થઈ પડશે અને તેનું વાચન આનંદ આપશે.

પ્રસ્તુત પુસ્તક અત્રે પ્રકટ થતા "રાજ્યમિત્ર" પત્રના ગ્રાહકોને પ્રથમ ભેટ તરીકે બક્ષીસ આપવામાં આવ્યું છે અને તેના લેખક રા. રા. કલ્યાણરાય વ્રજરાય દેસાઇને એજ દિશામાં પ્રયાસ જારી રાખવાને અમારી નમ્ર સૂચના છે.

**કાઠિયાવાડી ચાતુર્વેદિય જ્ઞાતિના મુંથા સમવાયનું વસ્તીપત્રક.** આ પુસ્તક તેના સંયોજક અને પ્રકાશક રા. રા. પ્રભાશંકર જયશંકર પાઠક તરફથી ભેટ મળ્યું છે, જેની પહોંચ અમે ઉપકારસહ સ્વીકારીએ છીએ. તેમાં એ જ્ઞાતિના ગૃહસ્થોને ઉપયોગી થાય એવી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વસ્તીપત્રકમાં કેવા પ્રકારની અને શી શી માહિતી આવવી જોઇએ તે સંબંધમાં, ચાલુ

માસના "સાહિત્ય" અંકમાં "વસ્તીપત્રક" એ મથાળા હેઠળનો અગ્ર લેખ વાંચવાને અમારા વાચકોને સૂચના છે, જેમાંથી ઘણું નવું જાણવાનું મળી આવશે.

**ભારતવર્ષીય વૈદ્યક ડાયરેકટરી.**—થોડાજ વખતપર મેડિકલ રજીસ્ટ્રેશનનો કાયદો પસાર થયાથી આપણા વૈદ્યોની રોજી ભાંગી પડશે અને પ્રાચીન વૈદકશાસ્ત્ર મોટે ભાગે નાશ પામશે એવો ભય રહેતો હતો પણ અત્યારની આપણા વૈદ બંધુઓની ચળવળ જોતાં અને આ નિબંધનો ઉદ્દેશ અને તેમાં દર્શાવેલી વિસ્તૃત યોજનાનો વિચાર કરતાં ને ભય ઘણે અંશે દૂર થાય છે અને આપણા પ્રાચીન વૈદકશાસ્ત્રનો પુનરુદ્ધાર થશે એવી આશા પડે છે.

આવા મોટા વિશાળ દેશમાં કોઈપણ કાર્ય સારી રીતે અને ફતેહમંદ પાર પાડવાને પ્રથમ પુરતી અને જરૂર માહિતી મેળવવાની આવશ્યક્તા છે. તે સિવાય કાર્ય પરિપૂર્ણ અને સફળ થઈ શકે નહિ. તેથી દેશના તમામ વૈદો, વૈદક સાહિત્ય અને વૈદકને લગતું શિક્ષણ આપતી સંસ્થાઓનું એક સવિસ્તર પત્રક તૈયાર કરવાની બહુ જરૂર હતી અને તેવી ભારે યોજના ઉપાડી લેવા માટે અમે આપણા શહેરના પ્રતિષ્ઠિત અને નામાંકિત વૈદ્યરાજ અને જાણિતા માસિકપત્ર "વૈદ્યકલ્પતરૂ" ના વિદ્વાન તંત્રી રા. રા. જટાશંકરભાઈ લીલાધર વૈદને અભિનંદન આપીએ છીએ અને તેમણે તેમના પ્રયાસમાં ફતેહ ઇચ્છીએ છીએ.

તે સંબંધી વધુ હકીકત તેમને પત્ર લખેથી મળશે.

**બાના-કમર** આ નામનું નવલકથાનું પુસ્તક, "વોહરા ઉદય" ના અધિપતિ મી. અબદુલકાદર હસનઅલી તરફથી અમને અભિપ્રાય માટે પ્રાપ્ત થયું છે અને તેની પહોંચ અમે ઉપકારસહ સ્વીકારીએ છીએ. આ ગ્રંથ લખવામાં લેખકનો ઉદ્દેશ તેમના પોતાનાજ શબ્દોમાં નીચે નોંધીશું:—

"આ નોવેલમાં સારૂં શિક્ષણ લીધેલાં અને સુરસ્તે કેળવાયલા સ્ત્રી પુરૂષોનો સંસાર કેવો સુખમય નીવડે છે અને બેદરકારી અને સ્વછંદપણે ઉછરેલાં બાળકોનો સંસાર કેવો બગડે છે તેનો કાંઇક ચીતાર આપવાને કોશીશ કરવામાં આવી છે."

૧૪૦ પૃષ્ટના પુસ્તકની કીમત આઠ આના રાખી છે અને તે વહોરા-ઉદયના ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યું છે.

**સસ્તી વાર્તામાળા**—(૧) પ્રમાદધનની પ્રભુતા અને (૨) રાજપુત કથા કુંજ.

આ જમાનો સસ્તા સાહિત્યનો છે, અહિં તેમજ પરદેશમાં. સસ્તા સાહિત્યની પ્રસિદ્ધિથી ઈંગ્લાંડમાં વાચનનો વિશેષ પ્રચાર અને શોખ બહુ આગળ વધ્યા છે અને ગરીબ અને કારીગર વર્ગ પોતાનું ખાનગી પુસ્તક સંગ્રહ કરવાને શક્તિમાન થયા છે, તે એનાજ વડે. પુસ્તકોની ખપત વધારવાને ભિન્ન ભિન્ન પ્રકારની અને નવી નવી જાતની સેંકડો આવૃત્તિ અને સસ્તી ગ્રંથમાળાઓ ચાલુ પ્રસિદ્ધ થયા કરે છે અને તે વાસ્તે પુસ્તક કરનાર કંપનીઓમાં જબરી હરીફાઈ ચાલે છે.

તેવી સ્થિતિનો કંઇક આછો પણ ખરો આભાસ આપણે અહિં દ્રષ્ટગોચર થાય છે,

અમદાવાદનું બજાર તેના સસ્તાં સાહિત્ય માટે, મુંબાઈ તેમજ ગુજરાતમાં જાણીતું છે પણ તેમાંનો કેટલોક માલ ચીથરીઓ હોય છે. સારૂં, ટકાઉ અને સસ્તું, ઉંચા પ્રકારનું કામ કરવાની પહેલ સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયે કરેલી અમારી જાણમાં છે, અને તે કામ કેટલું ફતેહમંદ અને લોકપ્રિય નિવડયું છે, તે તેની વિવિધ પ્રકારના પુસ્તકોની પ્રસિદ્ધિ અને તે પુસ્તકોની પ્રત સંખ્યાપરથી તુરત દેખાઈ આવશે.

એવું એક બીજું મંડળ સુરતમાં કાર્ય કરે છે. તે મંડળના પુસ્તકો ગ્રંથ મુક્તાવળી એ નામથી પ્રસિદ્ધ થાય છે. તેમાં અધ્યાત્મિક ગ્રંથો વિશેષ અને મુખ્યત્વે પ્રકટ થતાં હોય, એમ તેની નામાવળીપરથી સ્પષ્ટ થાય છે.

આવી એક ત્રીજી સસ્તાસાહિત્યની સંસ્થા, થોડા માસ થયાં જાણીતા લેખક રા. રા. ડાહ્યાભાઈ રામચંદ્ર–તંત્રી–ભારતજીવન–ના તરફથી સ્થાપવામાં આવી છે અને તેનો હેતુ, આ વાર્તાના યુગમાં, સારી અને આનંદ આપનારી, ઉંચી પ્રતિની નવલકથાનો ગુજરાતી વાંચનાર આલમ સમક્ષ રજુ કરવાનો છે અને તે આવકારદાયક લેખાશે.

રા. ડાહ્યાભાઈ પોતે એક સારા લેખક છે અને નવલકથાના કેટલાંક પુસ્તકો રચ્યા છે. એટલે તેમની પુસ્તક પસંદગી સારી નિવડશે, એ વિશે કશી શંકા નથી. અને તેની અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં, ઉપર નોંધેલાં બે પુસ્તકો જોતાં આપણી ખાત્રી થાય છે.

પ્રમાદધનની પ્રભુતા—એ પુસ્તકમાં સ્વ. સાક્ષરશ્રી ગોવર્ધનરામભાઇની સુપ્રસિદ્ધ નવલકથા સરસ્વતીચંદ્રનું–અનુસંધાન યોજવામાં આવ્યું છે. તેમાં પ્રમાદધનને નવું જીવન અર્પીને તેના સાહસ અને પરાક્રમનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ પુસ્તક રચવાનું માન જાણીતી નવલકથા–પાણીપતનું યુદ્ધના લેખક રા. રા. ધીરજલાલને છે.

"રાજપુત કથાકુંજ" માં જુદી જુદી ઐતિહાસિક વાર્તાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે અને તે વાર્તાઓની વસ્તુ સંકળના મોટે ભાગે ટૉડકૃત રાજસ્થાનના પુસ્તકમાંથી લેવામાં આવી છે. તેના સંબંધમાં પ્રકાશકના પોતાનાજ શબ્દો નીચે ઉતારી લઇશું:—

"રાજસ્થાનના ઇતિહાસમાં આવી અનેક વીર નર-નારીનાં ચરિત્રો જોવામાં આવે છે. તેમાં સ્વાર્થ ત્યાગ, આત્મ ત્યાગ અને દેશ પ્રેમનાં અનુપમ દ્રષ્ટાંતો વાંચતાં વાંચતાં આપણું હૃદય હર્ષમાં લીન થઈ જાય છે. એમાંનાંજ કેટલાંક મૂળ કથાનકો ઉપરથી પ્રસ્તુત પુસ્તક "રાજપુત કથાકુંજ" નો જન્મ થયો છે."

આ બંને પુસ્તકો સારી રીતે લખાઈ તૈયાર થયાં છે અને તેની છપામણી, સફાઈ, બાઇડિંગ વગેરે પણ ઉંચા પ્રકારનાં છે. એ બધું વિચારતાં તેનું–સસ્તી વાર્તામાળાનું–વાર્ષિક લવાજમ રૂ. બે કોઈ રીતે વધારે પડતું નથી.

# ગુજરાત વર્નાકયુલર સોસાઈટીમાંના હસ્તલિખિત પુસ્તક સંગ્રહની યાદી.

| નં. | પુસ્તકનું નામ. | કર્તા | રચ્યાસાલ | ઉતાર્યાસાલ | પૃ. સંખ્યા. |
|---|---|---|---|---|---|
| ૧૮ | **વૈરાટપર્વ** | **કાસીસુત** | | | ૨૨. |

છેવટ.

" અન્યોઅન્ય કુશળ પ્રેમ, પુછે જયજયકાર વર્તી રહ્યા;
**કાશીસુત** કહે પુર વીષે, પંચભુપ પ્રગટ થયા. "

આ કાવ્ય અપ્રસિદ્ધ છે.

**અ** કલજુગનો ગરબો. **કૃષ્ણરામ.**

છેવટ:—

ગૌ બ્રાહ્મણ પ્રતીપાલ આસરે રાખો અમને;
**કૃષ્ણરામ** કગાળ ચરણ શરણ છે તમને. "

આ ગરબો બૃ. કા. દો. ભા. ૧ માં છપાયો છે.

**બ રૂક્ષ્મિણીહરણ.** દેવીદાસ. ૨૩

**સંવત ૧૬ સંવસ્તર અઢાર,** માધવદિ પખવાડેજી,
" ગુરૂવારે ગ્રંથ જસો થયો, ગયો દરશનો દહાડોજી.
પદ પાંચસેહ ચોપન દારા, ચૌદ રાગની જાતજી,
કડવાં અઠાવીસ ધોળ બે, કૃષ્ણચરીત્ર વિખ્યાતજી,
મન અશુદ્ધ અપવીત્રપણે મેં કીધું એ આખ્યાનજી.

× × ×

**સોજીત્રા** સુભ સ્થાનકમાં **સાધુ ગાંધર્વ જ્ઞાતી પ્રકાશજી,**
ગ્રંથ સ્મર્પ કરી ગોવિંદનો પ્રણમે જન **દેવીદાસજી.**

આ ગ્રંથ બૃહત કા. દો. ભા. ૬ માં છપાયો છે. (પૃ. ૪૧૫ થી ૪૫૨.)

**ક** પરચુરણ પદો. ૮

**૧૯. બભ્રુવાહન આખ્યાન.** (?)

( જૈમુનિકૃત ) ૭૪

**છેવટ:—**

" રણશ્રંગા વાજે અત્ય ઘણા ચાલતે સંચર કરી,
ઉગમતે મણીપુર થકી મુક્યો હેર આદર કરી."

કર્તાનું નામ જણાતું નથી.

| નં. | પુસ્તકનું નામ | કર્તા | રચ્યાસાલ | ઉતાર્યા સાલ | પૃ સં. |
|---|---|---|---|---|---|

૨૦ **બભ્રુવાહન આખ્યાન** **ઉદ્ધવ સુત ભાલણ.**

છેવટ:—

"કરજોડીને કેહે આનંદે, **ભાલણ સુત ઓધવદાસ.**"

એજ કવિનું **રામાયણ** સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થયું છે.

આ કાવ્ય અપ્રસિદ્ધ છે.

૨૧. **હરિલીલા.** **ભીમ.** **સં ૧૫૩૯** **સં ૧૬૮૫** ૯૬.

છેવટ:—

ભીમ તણી ભાગવત વિચારી, અનુક્રમણી રમણી અપાર
બ્રાહ્મણ તણી પ્રસાદિ કરી, કીધી કથા સંતોખ્યા હરી.

* * * * *

ઉપરની પ્રત સિવાય, સં. **૧૫૭૪** માં લખાએલી બીજી એક પ્રત અમારા પોતાના **સંગ્રહ**માં છે. પ્રાચીન ગુજરાતીના એક સુંદર નમુના તરીકે આ કાવ્ય, જે બૃહત કાવ્ય દોહન ભા. ૪ માં છપાયું છે, તેનું ફરીથી સંશોધન કરી, સારી રીતે એડિટ થવાની જરૂર છે અને તે વખતે જુદા જુદા પાઠો અને કાવ્યની સરખામણી માટે ઉપલી બે પ્રતો ઉપયોગી થઇ પડશે. સોસાઇટીની પ્રત બહુ સારી રીતે અને સ્પષ્ટ લખાએલી છે. બીજી પ્રતનો શરૂઆતનો ભાગ કેટલેક સ્થળેથી ખંડિત છે.

૨૨. **ભીલડીસંવાદ.** **ભાલણ.** ૬

" એકે મન્યે સાંભળે તેહેની પોહોશે આશ,
**ભાલણ**ની પ્રભુ રાખજ્યે, નીત્યે ચર્ણની આશ."

આ કાવ્ય બૃહત. કા. દોહન. ભા. ૧ માં છપાયું છે.

૨૩. **મહાભારત—આદિપર્વ** **( વિષ્ણુદાસ ? )** પૃ. ૪૩૦

આદિ કથા પાંડવકેરી, અંતે ખાંડવ વન,
એટલે **આદપરવ** પરિપુરણ જન્મેજય રાજન.

× × ×

આ ગ્રંથનો કર્તા કોણ છે તે સંબંધમાં અંદર કંઈ માહિતી મળતી નથી પણ મહાભારતના બીજા પર્વો, જેની નોંધ નીચે આપી છે, તે નાકર, વિષ્ણુદાસ અને શાસીસુતના રચેલાં છે. તેપરથી અનુમાન કરી શકાય, કે એ ત્રણમાંથી એકે ઉપરનો ગ્રંથ લખ્યો હશે.

૨૪. **મહાભારત—દ્રોણપર્વ. વિષ્ણુદાસ** ઇ. સ. ૧૮૬૭ ૩૨૮

છેવટ:—

શ્રોતાજન ચતુર તો હોય તે સુહુને ખોડ ન દેશો કોય;
હરિકથા હરીનું નામ, તેવા પીહીચે સબળાં નામ.
બેહુ કરજોડી કહે **વિષ્ણુદાસ**, સ્વામી રાખજે તમારી પાસ.

| નંબર. | પુસ્તકનું નામ. | કર્તા. | રચ્યાસાલ | ઉતાર્યાસાલ | પૃ. સં. |
|---|---|---|---|---|---|
| ૨૫. | **મહાભારત—આર્ણિકપર્વ** | **નાકર.** | | | ૧૫૧ |

છેવટ

" સાંભળતા અઘ જાએ, વૈશંપાયન રાજાને કહ્યું.
કરજોડી **નાકર** કહે, પ્રાકૃત એહવું મેં લહ્યું."

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬. | **મહાભારત—સભાપર્વ.** | **કાસીસુત.** | | | ૮૩ |

છેવટઃ—

સકળ રાણારાય ઉઠયા પાંડવ, અતિ, દુખ ધરતા વન્ય સંચરે,
**કાસીસુત** કહી એ સભા પર્વ, વૈશંપાયન રૂષિ ઉચરિ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭. | **મહાભારત—કર્ણપર્વ.** | **વિષ્ણુદાસ.** | **સં. ૧૬૮૧** | | ૧૦૭ |

**સંવત ૧૬૮૧ તે શ્રાવણ વદ સોમવાર**
દિનપૂરણ થઇ એ કથા, બુદ્ધિમાન નમેલો સર્વથા ગાયે.

સુણે તેહને વૈકુંઠવાસ, એહ્‌ કરજોડી કહે **વિષ્ણુદાસ.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭. અ. | **મહાભારત–શૈલપર્વ.** | (?) | | | ૧૮ |

" **શલ્યપર્વ પુરણ** થયું, શુણ્ય જનમેજય રાય,"
કર્તાનું નામ આપ્યું નથી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭. બ. | **મહાભારત–ગદાપર્વ** | **નાકર** | | સં. ૧૫૨૩ | ૬૮ |

"નરનારીની પહોંચે આશ, કરજોડી કહે **નાકર** દાસ."

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭—ક | **મહાભારત—સૌપ્તિકપર્વ.** | (?) | | | ૧૯. |

છેવટઃ—

" ભાઈ પ્રસિદ્ધ નામ માહારૂં કહું, જો ધરી મન રીસ
પદ-બંધ અક્ષર ભેદ ન જાણું કેહિવરાવ્યું શ્રી જુગદીસ
એહ નામ માટે ગ્રંથ પાવન, રખે ઉવેખો કોય
કહુ **આ મદને** ( ? ) કૃપા કરયો, યમપુનરપિ જન્મ ન હોય.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭—ડ | **મહાભારત—સ્રીપર્વ.** | (?) | | | ૧૫. |

કર્તાનું નામ જણાતું નથી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮ | **મહાભારત—વૈરાટપર્વ.** | **નાકર** | | | ૧૨૪. |

**છેવટ :—**

**" નાકર હરીનો દાસરે "**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮—અ | **મહાભારત—ઉદ્યોગપર્વ.** | ( ? ) | | | ૧૦૭. |

છેવટ.

અવતાર ઉત્તમ દ્વિજ તણો ધરી, પણ ન જાણું કાંઈ કર્મજી
પણ **ભાઇયા સુત** ( ? ) એણી પેર બોલે હરિ ટાળો પુનરપિ મર્મજી."

નંબર. પુસ્તકનું નામ કર્તા રચ્યા સાલ ઉતાર્યા સાલ પુ. સંખ્યા.

૨૭—સૌપ્તિકપર્વની લીટીઓ સાથે, આ સરખાવો. બંનેનો કર્તા એક હોય એવું અનુમાન સંભવે છે.

**૨૮—બ. મહાભારત ભીષ્મપર્વ નાકર** ઈ. સ. ૧૮૬૭ ૮૮.

છેવટ :—"**કર જોડી નાકર કહે**, વૈશ્ણવ જનનો દાસ."

* * * * * *

ઉપર **નાકર** કૃત—**આરણ્યકપર્વ**ની નોંધ કરી છે, તે ઉપરાંત **વિષ્ણુદાસે, એજ** પર્વનું ભાષાંતર કર્યું છે અને તેની રચ્યા સાલ, રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળે, ચોથી સાહિત્ય પરિષદના રીપોર્ટની યાદીમાં જણાવ્યા મુજબ સં. ૧૬૪૯ છે. એજ પર્વનું ભાષાંતર, વિષ્ણુદાસ સુત **અવિચળદાસે** કરેલું અમારા પોતાના સંગ્રહમાં છે અને તેની રચ્યા સાલ સં. ૧૬૯૫ છે.

વિષ્ણુદાસ કૃત-**કર્ણપર્વ**ની રચ્યા સાલ ઉપર સં. ૧૬૮૧ આપેલી છે, જ્યારે બીજી એક લેખિત પ્રતમાં તે સાલ નીચે પ્રમાણે આપેલી છે:-

કર્ણપર્વ:-

"**સંવત સોળ ચોરાસી સાર, જેષ્ટ સુદ ચોથ શનીવાર.**
તે દીવસ પુરણ થઈ એ કથા, બુદ્ધમાને બોલી સર્વથા
કડવાં અડતરીસે કથા કહી, શ્લોક બે હજારે પુરણ થઈ
ગાએ સુણે તેહેને વઇકુંઠ વાસ, કરજોડી કહે **વિષ્ણુદાસ.**

વળી વિષ્ણુદાસે, જેમ દ્રોણ પર્વ લખેલું છે, તેવું બીજું પર્વ ભાઉ કવિ—પાંડવ વિષ્ટિનો કર્તા—એ લખેલું મળી આવ્યું છે.

પ્રેમાનંદ રચિત મહાભારત રચ્યાની દંતકથા સુવિદિત છે.

આ રીતે જોતાં **મહાભારત** ઘણા હાથે લખાએલું મળી આવે છે અને તેમાંના કેટલાક પર્વો તો બબ્બે, ત્રણ ત્રણ વાર, જુદા જુદા કવિઓને હાથ રચાયલાં મળ્યાં છે. તે વિચારતાં, નાકર, વિષ્ણુદાસ, વિષ્ણુદાસ સુત અવિચળદાસ, ભાઉ કવિ અને એક નનામો કવિ—જેનું નામ ઉપર આપેલી યાદીમાં જણાયું નથી—એ સર્વેનો કાળ, ગ્રંથ રચ્યા સાલ અને અરસપરસનો સંબંધ શો હતો, તેનો તુરત નિર્ણય કરવો એ મુશ્કેલ કાર્ય છે. તેથી આ યાદી પુરી થતાં સુધી તેને લગતી વિશેષ હકીકત આપવાનું કે ચર્ચા કરવાનું કામ હાલમાં મોકુફ રાખ્યું છે. દરમ્યાન **ગુજરાતી** પ્રેસ તરફથી **બૃ. કા. દો. ભા.** ૮ માં વિષ્ણુદાસ, નાકર વગેરે કવિઓનાં જીવનવૃત્તાંત આપ્યાની હકીકત પ્રસિદ્ધ **થઈ છે**, તે પરથી પણ વિશેષ પ્રકાશ પડશે અને આપણને ઘણું નવું જાણવાનું મળશે.

**૨૯.—ભાગવત. વલ્લભ (વિપ્ર)** સં. ૧૭૧૮ ૪૭૭.

છેવટ.

કરજોડી **વીપ્ર વલ્લભ** કહે થયો પુરણ દ્વાદસ સ્કંધરે.

આ પ્રત પ્રગણે ઓરપાડ જીલ્લે સુરતનું ગામ ઇછાપોરમાં લખાએલી છે.

'બુદ્ધિપ્રકાશ'નો આ માસના અંકનો વધારો.

# ઉત્તમ ગ્રંથો અને ગ્રંથમાળાઓ.

લોકહિતને કારણે, ઉત્તમ ગ્રંથ અનેક; સ્વલ્પમૂલ્ય સાદર કર્યાં, વાંચો ધરી વિવેક.
સત્ય શ્રેયને પામવા, રાજી કરવા રામ; ઉત્તમ વાંચન વાંચજો, કરજો રૂડાં કામ.
વૃથા વહેતા સમયની, લેવા શુભ સંભાળ; વાંચો વીર વિવેકથી, વિવિધ ગ્રંથની માળ.
ઉત્તમ વાંચન ઉપરે, જો કંઈ હોય વહાલ; 'માળા ગ્રંથ વિવિધ'તણી, તો વાંચો તત્કાળ.

ચાર હજાર નિયમિત ગ્રાહકો ધરાવતી ચાર વર્ષથી ચાલતી

# વિવિધ ગ્રંથમાળા

## દર વર્ષે ૧૫૦૦ પૃષ્ટનાં વિવિધ ઉત્તમ પુસ્તકો.

## માત્ર રૂ. ૧॥ પાકાં પૂઠાં સાથે ૩) પો. માફ.

## ચાલુ ૧૯૭૦ ના વર્ષમાં નીચલામાંનાં પુસ્તકો નીકળશે.

૧-૨ સ્વામીરામતીર્થના ઉપદેશો ભાગ ૬ ઠ્ઠો (છપાયું.) ૩-૪ સમાજસેવાના સન્માર્ગ (છપાયું.) બૌદ્ધધર્મની વાતો, જગતની ૧૬ મહાન લડાઇઓ, નેપોલીયન બૉનાપાર્ટ, નવાયુગની વાતો ભાગ ૩, પ્રભુમાં એકતા, વ્યાખ્યાનસંગ્રહ, સુખની સ્થિતિ, સુબોધક વાતો.

## આગલાં વર્ષના દરેક નીચલા સૅટો પણ એજ મૂલ્યે મળશે.

| સં. ૧૯૬૭ નાં પુસ્તકો. | સં. ૧૯૬૮ નાં પુસ્તકો. | સં. ૧૯૬૯ નાં પુસ્તકો |
|---|---|---|
| ૧—૨ આર્યધર્મનીતિ ઇ. | ૧૩-૧૪ નવસંહિતા | ૨૫-૨૬ રામતીર્થ ભા. ૫ |
| ૩... અબળા હિત દર્પણ | ૧૫-૧૬ કાશ્મીરનો પ્રવાસ ઇ. | ૬...પદ્યાત્મક ભગવદ્ગીતા |
| ૪-૫-૬ સ્વામી રામતીર્થના | ૧૭-૧૮ વિવેકાનંદનાં પત્રો. | ૨૭...નવલકથા સંગ્રહ ભા. |
| ઉપદેશ ભાગ ૧-૨-૩. | ૧૯... નવાયુગનીવાતો ભા. ૨ | ૨૮...નામદાર શહેનશાહ |
| ૭... લઘુ લેખ સંગ્રહ | ૨૦-૨૧ સ્વામી રામતીર્થ ભા.૪ | ૨૯૩૦છોટાલાલ પદબોધિ |
| ૮... સંસારમાં સુખ ક્યાં છે? | ૨૨-૨૩-૨૪ વીર દુર્ગાદાસ | ૩૧...વૈરાગ્ય બોધકાવ્ય |
| ૯... નવાયુગનીવાતો ભા. ૧. | | ૩૨...દુઃખમાં વિદ્યાભ્યાસ |
| ૧૦-૧૧ યોગિની | | ૩૩...કથાગુચ્છ ભાગ ૧ લો |
| ૧૨... અક્ષરમાળા | | ૩૪થી૩૬ ટુંકી વાતો ભા.૧ |

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય,** ઠે. કાલબાદેવી, હાથીબિલ્ડીંગ—મુંબઈ. જમાલપુર રોડ, ખમાસા ચોકી—અમદાવાદ.

દરેક વાંચનારને ખાસ વિનતિ—આ હેંડબીલ વાંચીને વૃથા ફેંકી નહિ દેતાં પોતાની દષ્ટિ

મ્હોટા જનને મારગે ર્હેવા ચાહો વીર, ચરિત્ર વાંચી તેમનાં ધારો ગુણુ ગંભીર.
ચરિત્ર ઉત્તમ વાંચતાં અંતર ઉત્તમ થાય, 'ચરિત્રમાળા' ચાહથી તે અર્થે વંચાય.
મહાજન દેશ વિદેશનાં પવિત્ર ત્હેનાં કામ, શાણા સ્નેહે સાંભળી ક્હાડો તેવાં નામ
પૈસા કે પદવીતણું નહિ કિંચિત પણ કામ, શુભ મન–વાણી–કર્મથી મળશે 'મહાજન' નામ.

# ચરિત્રમાળા.

## મહાન સ્ત્રી પુરૂષોનાં ઉત્તમ ચરિત્રો.

### દર વર્ષે પૃષ્ઠ ૧૫૦૦ ના માત્ર રૂ. ૨) પાકાં પૂઠાં સાથે ૩) પો. માફ.

## ચાલુ ૧૯૭૦ ના વર્ષમાં નીચલામાંના ચરિત્રો નીકળશે.

**દેશ પ્રસિદ્ધ સ્ત્રીઓ**—જેમકે ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનાં માતા શ્રીમતી ભગવતીદેવી, ભાગની નિવેદિતા, અહલ્યાબાઇ હોલ્કર ઇ૦ નાં વિગતવાર ચરિત્રો.

**દેશ પ્રસિદ્ધ પુરૂષો**—જેમકે કર્નલ સુરેશ વિશ્વાસ, જસ્ટીસ રાનડે, તેલંગ, કવિ મયૂર ઇ૦ નાં ચરિત્રો.

**ભારતનાં સ્ત્રીરત્નો ભાગ ત્રીજો**—છેલ્લાં સો બસો વર્ષમાંની શુમારે ૧૫૦ ઉત્તમ સ્ત્રીઓનાં ચરિત્રો.

**ભારતના મહાન પુરૂષો ભાગ ૨ જો**—અશોક, ચંદ્રગુપ્ત, શિખ્ખોના દશ ગુરૂ, મહાદજી સિંધિયા ઇ૦

**જગવિખ્યાત સ્ત્રીઓ**—એમાં યુરોપની અનેક ઉત્તમ સ્ત્રીઓનાં ચરિત્રો આવશે.

**જગવિખ્યાત પુરૂષો ભાગ ૨ જો**—જેમકે બુકર ટી વૉશિંગ્ટન, કાર્લાઇલ, કાઉન્ટ ટૉલ્સ્ટોય, ઇ૦

**વિદેશી વીરમંડળ, પરોપકારી સ્ત્રી પુરૂષો**, ઇ૦ (વધુ પસંદગી જારી છે.)

## આગલાં બે વર્ષનાં પુસ્તકોના સૅટ એજ મૂલ્યે.

### સં. ૧૯૬૮નાં પુસ્તકો પૃષ્ઠ ૧૭૫૦

૧—૨ **શ્રી બુદ્ધ ચરિત્ર અને બુદ્ધોપદેશ ધર્મ**-પદ, અશોકની આજ્ઞાઓ ઇ.સાથે પૃષ્ઠ ૨૮૦

૩ થી ૮ **ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લે** -પ્રાચીન સમયની મહાન સતી સાધ્વીઓનાં ઉત્તમ અને બોધદાયક ચરિત્રો. પૃષ્ઠ ૭૨૦

૯થી૧૨ **ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો**-ઇતિહાસિક સમયની સતી સાધ્વી, વીરપત્નીઓ, કન્યાઓ અને માતાઓનાં તેજસ્વી અને ઉપદેશપ્રદ ચરિત્રો પૃષ્ઠ ૭૫૦

### સં. ૧૯૬૯નાં પુસ્તકો પૃષ્ઠ ૧૫૦૦

૧—૨ **ભારતના મહાન પુરૂષો ભાગ ૧ લો**–રાજર્ષિ ભીષ્મ, યોગી હરિદાસજી અને મહારાજ છત્રસાલજી પૃષ્ઠ ૩૧૨ ચિત્રો ૪

૩... **ડૉ. આનંદી બાઇ જોશી.** પૃષ્ઠ. ૯૬

૪ થી ૭ **ભારતના વીરપુરૂષો**-પ્રખ્યાત ૪૪ વીર પુરૂષોનાં ચરિત્ર. પૃષ્ઠ. ૪૪૮

૮થી૧૦ **ભારતના સંત પુરૂષો ભાગ ૧ લો**–પ્રસિદ્ધ ૧૪ મહાત્માઓનાં ચરિત્ર. પૃષ્ઠ ૩૨૦

૧૧-૧૨ **જગવિખ્યાત પુરૂષો ભાગ ૧ લો**–સોક્રેટીસ, ડૅમિયન. પૃષ્ઠ ૨૫૨ ચિત્રો ૪

[illegible] ઠે. [illegible]—મુંબઈ

‘બૃહદ્ ગ્રંથમાળા’ દ્વારા નીકળેલા ખાસ મ્હોટા અને ઉત્તમ ગ્રંથો.

ચાર પદારથ પામવા, લેવા જીવન લ્હાણ; આદર્શો ઉત્તમ દિયે, મ્હોટા ગ્રંથ મહાન.
શા માટે સહો ભવતૃષા, કરો પ્રેમથી પાન; ઉપદેશામૃતથી ભર્યા, મ્હોટા ગ્રંથ મહાન.
સંસારે પણ સુખ મળે, પરલોકે પણ તેમ; સારા ગ્રંથ સુલક્ષણા, સેવો ધારી પ્રેમ.
ભગવત ભેટે ભાવથી, કંપે કાળ કરાળ; ભાવ થકી ભાઇ ભજો, ‘બૃહદ્ગ્રંથની માળ.’

સેંકડો પરાક્રમી રાજા રાણા અને ધીરવીર સ્ત્રી પુરૂષોનાં અદ્ભુત ચરિત્રોનો સમુદ્ર ! અનેક ઐતિહાસિક કથાઓનો ઉદધિ !! બીજું મહાભારત !!!

# राजस्थाननो इतिहास.

રાજા, બાદશાહ ઇ૦ ૪૦ વ્યક્તિઓનાં ચિત્ર તથા સેંકડો જાણવા યોગ્ય ટિપ્પણો સાથે ટૉડકૃત મહાન ઐતિહાસિક ગ્રંથનું સરલ, રસિક અને તેજસ્વી શૈલીમાં સંપૂર્ણ ભાષાન્તર.

## ભાગ ૧ લો—મેવાડ વા ઉદયપુર રાજ્યનો ઇતિહાસ.

કદમાં ભાષામાં અને વિગતોમાં સર્વ ગુ૦ રાજસ્થાનોથી મ્હોટું છતાં મૂલ્ય તો માત્ર ત્રીજાજ ભાગનું ! આઠ પેજી મ્હોટાં ૮૦૦ પૃષ્ઠ, બે મ્હોટાં વંશવૃક્ષ, મજબૂત પૂઠું છતાં મૂલ્ય માત્ર રૂ. ૨, ઉંચા કાગળ સોનેરી પૂઠું રૂ. ૨॥. ખાસ ઉંચી આવૃત્તિ રૂ. ૩॥. સં. ૧૯૭૦ નાં આખર સુધી દર પ્રતે રૂ.૦। કમી. પોસ્ટેજ ૦।=થી ૦॥=

હિંદુ ધર્મના બળવાન રક્ષક, મરાઠી રાજ્યના પરાક્રમી સ્થાપક.



# श्री शिवाजी छत्रपति.

ગુજરાતીમાં કદી નહિ નીકળેલું એવા મ્હોટા કદનું છતાં ઘણુંજ સસ્તું તથા પુષ્કળ, રસિક, અસરકારક, ઐતિહાસિક બાબતો, બનાવો અને ખુલાસાઓથી ભરપૂર આ મહાન વીર પુરૂષનું જીવનચરિત્ર દરેક સ્વદેશાભિમાની અને સ્વધર્માભિમાનીએ ખાસ વાંચવા યોગ્ય છે. મ્હોટાં ૩૫૦ પૃષ્ઠ, ચિત્ર, મજબુત પૂઠું, છતાં માત્ર ૦॥।, ઉંચા કાગળ ૧, ખાસ ઉંચી આવૃત્તિ ૧। પો. ૦।-

# श्रीमद् भागवत भाषांतर.

વેદધર્મ સભાના ઉત્તમ અને લોકપ્રિય ભાષાંતરની નવીન આવૃત્તિ.

મ્હોટાં ૯૫૦ પૃષ્ઠ, સોનેરી પૂઠું, ૭૫ રતલી કાગળો, આવા મ્હોટા અક્ષરો, વિવિધ રંગનાં

# श्री ज्ञानेश्वरी भगवद्गीता.

૬૦૦ વર્ષપર ભગવદ્ગીતાપર રચાયલી "ભાવાર્થ દીપિકા" નામે રસિક વિસ્તૃત સુબોધક ટીકાનું ઉત્તમ ભાષાંતર. ગીતાના શ્લોક, શ્લોકાર્થ, તથા જ્ઞાનેશ્વરજીના લંબાણ ચમત્કારી ચરિત્ર સાથે, આઠ પેજી મ્હોટાં પૃષ્ઠ ૫૫૦, સોનેરી પૂઠું, ગ્લેજ કાગળ છતાં માત્ર રૂ. ૧॥= પોસ્ટેજ ૦।= બીજે ઠેકાણેથી રૂ. ૪) માં નીકળેલી જ્ઞાનેશ્વરી કરતાં ભાષાંતરમાં, ટાઇપમાં અને કાગળમાં આ જરા પણ ઉતરતી નહિ છતાં ઉલટું આમાંનું ચરિત્ર ઉત્તમ અને વિસ્તૃત છે. વળી રૂ. ૨) વાળી આવૃત્તિ તો કાગળો અને પૂઠાંમાં પણ ખાસ વિશેષતાવાળી છે. આ સંસ્થાના કાર્યનો ઉત્કર્ષ અનેકોને ખુંચતો હોવાથી તેઓ અનેક વિધ ભમાવનારી વાતો જણાવે છે, અને તે વિષે જાતે જોઈને વા પૂછીને ખાત્રી કરવા ભલામણ છે.

---

# બીજા ઉત્તમ અને સસ્તા ગ્રંથો.

## भगवद्गीताओ.

શ્લોક, અર્થ, છબી, મહાત્મ્ય ઈ૦ સાથે.

૦)- થી ૦॥ સુધીના પૃષ્ઠ ૩૦૦ ના ગુટકા.

૦)= સાદું પૂઠું | ૦॥ ખાસ ઉંચી આવૃત્તિ.
૦)≡ પાકું પૂઠું | ૦)- ૨૬ કાગળ ન્હાના અક્ષર.
સોનેરી | ૦)-॥ પદ્યાત્મક ગીતા.

## एकादश स्कंध.

શ્લોક અર્થ સાથે ૧૬ પેજી પૃષ્ઠ ૪૫૦
૦। સાદું પૂઠું, ૦।-॥ પાકું પૂઠું, ૦॥ સોનેરી.

૦॥= સુબોધ રત્નમાળા છત્રીશી.
૦॥- દશમ સ્કંધ. ૦॥= વસિષ્ઠસાર ગીતા.
૦।≡ વૈરાગ્ય મુમુક્ષુ પ્રકરણ શ્લોક અર્થ સાથે.
૦।-॥ સુબોધ રત્નાકર ઉત્તમ ૧૦૫ દૃષ્ટાંતો.
૦। આર્ય ધર્મ નીતિ. ૦)≡ ઈ૦ વિદ્યાસાગર.
૦)≡ સદ્ગુણી બાળકો
૦)≡ બાળકોની વાતો.
૦)≡ બાળ સદ્બોધ.
(આ ત્રણે પુસ્તકો બાળકોને માટે બહુ ઉપયોગી છે.)

## भजनना ग्रंथ.

ભજનસાગર—ભજન ૨૨૨ પૃષ્ઠ ૧૫૦ રૂ. ૦)=
મનહરપદ—પદ ૨૨૨ પૃષ્ઠ ૧૭૫ ૦)=॥

સં. ૧૯૭૦ નું ભીંતે ચ્હોડવાનું પંચાંગ—ભગવાનની છબી સાથેનુ ૦)- માં બે પ્રત ઘર બેઠે.

પોસ્ટેજ વી. પી. ખર્ચ સર્વનું જુદું; નાણું પ્રથમ મોકલી રેલરસ્તે રૂ. ૪-૫ નાં મંગાવ્યે ખર્ચ ઓછો પડશે.

---

# नीकळनार बीजा म्होटा ग्रंथो.

**હોળી અગાઉ નીકળશે**—આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ, સ્વામી રામતીર્થ ભા. ૧ થી ૫ ભેગા.
**દીવાળી અગાઉ નીકળશે**—દાસબોધ, વાલ્મીકિ રામાયણ, રાજસ્થાનનો ઇતિહાસ ભાગ ૨ જો.
**એ પછી યથાસંયોગ નીકળનાર**—પંચદશી, મહાભારત ભાષાંતર, મનુસ્મૃત, રામકૃષ્ણ કથામૃત, યોગવાસિષ્ઠ આખું ભાષાન્તર, ઉપનિષદ, બૃહત્ કાવ્યસંગ્રહ, સુંદરવિલાસ, અખાની વાણી. ઈ૦ ઈ૦

# सस्तुं साहित्य वर्धक कार्यालय.

**સ્થળ** કાલબાદેવીરોડ હાથી બિલ્ડીંગ **મુંબાઈ. ૨.** અને ખમાસા ચોકી જમાલપુરરોડ **અમદાવાદ.**

# બુદ્ધિપ્રકાશના લવાજમની પહોંચ.

### તા.૧૮-૧૨-૧૩ થી તા. ૧૮-૧-૧૪ સુધીનું.

૧-૮-૦ સાર્વજનિક લાઇબ્રેરી વેસ્મા પોષ્ટ નવસારી.

૩-૦-૦ વળા મ્યુ. લાઇબ્રેરી તથા સ્કુલ.

૧૯૧૪

૧-૮ ૦ સ. ગુ. શાળા ડાંગરવા.

૧-૮-૦ મિત્રમંડળ પુસ્તકાલય રણુંજ

૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧લો પીલવાઇ.

૧-૮-૦ સ. ગુ. શાળા શીપોર.

૧-૮-૦ બાબુ પનાલાલ જૈન હાઇસ્કુલ-મુંબાઇ.

૧-૮-૦ સ. ગુ. શાળા સર્મા

૧-૮-૦ સ. ગુ. શાળા ઉંઢાઇ

૧-૮-૦ સ. ગુ. શાળા ફોર્ટ સોનગઢ.

૧-૮-૦ સ. ગુ. શાળા નં ૧ લો. સિદ્ધપુર.

૧-૮-૦ કન્યાશાળા-પાંચોટ.

૧-૮-૦ સ. ગુ. શાળા-પોર.

૧-૮-૦ સ. ગુ શાળા વરણામા.

૧-૮-૦ પેટલાદ ઉર્દુશાળા.

૧-૮-૦ પાટણ સ. ઉર્દુશાળા નં ૧ લો

૧-૮-૦ કપડવંજ મ્યુ. લાઇબ્રેરી.

૧-૮-૦ સ.ગુ. શાળા ભીનાર તા. નવસારી.

૧-૮-૦ સ ગુ. શાળા શાખપુર પોષ્ટ દામનગર.

૧-૮-૦ સ. ગુ. શાળા ઝારોળા પો. બોરસદ.

૧-૮-૦ સ. ગુ. શાળા ચાંદગઢ પો. વાંકીયા

૧-૮-૦ સ. ગુ. શાળા સાંઢાશાલ

૧-૮-૦ સ. ગુ. શાળા ભુરાકોઇ

૧-૮-૦ સ. ગુ. શાળા નં ૧૪ પાટણ.

૧-૮-૦ હિમાભાઇ ઇન્સ્ટીટ્યુટ. અમદાવાદ.

૧-૮-૦ ઉ. વી. પટેલ શેરબાન-આફ્રિકા.

૧-૮-૦ સ. ગુ. શાળા શંખલપુર.

---

## ગુ. વ. સોસાઇટીના નવાં લાઇફ મેમ્બરો

### ( ૧૯૧૩ )

| | |
|---|---|
| ૨૯ શેઠ. જમનાદાસ વસનજી સુનજી. | મુંબાઇ. |
| ૩૦ અ. સૌ. ડાહીગૌરી નરભેશંકર. | ધોળકા. |
| ૩૧ સૌ. મોતીબાઇ, તે દામોદર કલ્યાણજીનાં પત્નિ. | કલકત્તા. |
| ૩૨ દરબારશ્રી દોલતસિંહજી સુરજમલજી. | પાટડી. |

### ( ૧૯૧૪ )

| | | |
|---|---|---|
| ૧ રા. રા. ધર્મસુખરામ તનસુખરામ ત્રિપાઠી. | મુંબાઇ. | ,, |

## નવી રજીષ્ટર્ડ લાઇબ્રેરીઓ.

### ( ૧૯૧૩ )

| | | |
|---|---|---|
| ૨૮ મિત્રમંડળ પુસ્તકાલય | ગંભીરા. | ,, |
| ૨૯ ,, | રણોજ. | ,, |

### ( ૧૯૧૪ )

| | | |
|---|---|---|
| ૧ ,, | સરાય. | ,, |
| ૨ ,, | કાવિઠા. | ,, |
| ૩ ,, | બામણગામ. | ,, |
| ૪ ,, | દરાપુરા. | ,, |
| ૫ ,, | ગેરિતા | ,, |
| ૬ ,, | કસ્બાપોર | ,, |
| ૭ ,, | વાલમ | ,, |
| ૮ ,, | ગોઠવા. | ,, |
| ૯ કલાભૂવન બોર્ડિંગ હાઉસ લાઇબ્રેરી | વડોદરા. | ,, |

## પુસ્તકોની પહોંચ.

નીચેનાં પુસ્તકો અમને ભેટ દાખલ મળ્યાં છે તેની પહોંચ ઉપકાર સહ સ્વીકારમાં આવે છે.

| નંબર | પુસ્તકનું નામ. | કર્તા. | કીંમત. |
|---|---|---|---|
| ૧. | શિક્ષણ શાસ્ત્રનાં મૂળતત્ત્વો | રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી | ૧–૮–૦ |
| ૨. | શ્રી મંચ્છકર જયંતિ–વ્યાખ્યાનો. | ,, | ૦-૧૨-૦ |
| ૩. | રોમિયો અને જુલિયટ | રા. રા. કલ્યાણરાય વ્રજરાય | ૦–૪–૦ |
| ૪. | બાના–કમર | અધિપતિ વહોરા ઉદય | ૦–૮–૦ |
| ૫. | ભારતવર્ષીય ડીરેકટરી (નિબંધ) | રા. રા. જટાશંકર લીલાધર વૈદ્ય. | |
| ૬. | રાજપુત કથાકુંજ | સસ્તી વાર્તામાળા– | વાર્ષિક રૂ. બે |
| ૭. | નીતિની વાતો. | રા. રા. પોપટલા કેવળચંદ શાહ. | ૦–૨–૦ |
| ૮. | શ્રી અજારા પાર્શ્વનાથજી પંચતીર્થ મહાત્મ્ય અને જીર્ણોદ્ધારનો રીપોર્ટ. | રા. રા. મોરારજી રઘુભાઈ વકીલ | |
| ૯ | શ્રી પાલણપુર લુકાગચ્છ સ્થાનક માર્ગી જૈન પુસ્તકાલયનો રીપોર્ટ. | રા. રા. મલુકચંદ જસવંત કોઠારી | |
| ૧૦ | શ્રી સનાતન ધર્મ પ્રવર્તક મંડળનો સંવત ૧૮૬૫ થી ૬૮ સુધીનો રીપોર્ટ. | મંડળની કમિટિ–ભાવનગર. | |
| ૧૧ | સંગીત મંજરી | રા. રા. હિંમતલાલ ગ. અંજારીઆ | ૦–૧૨–૦ |
| ૧૨ | કાવ્ય પીયુષ. | રા. રા. મણિલાલ છબારામ | ૦–૬–૦ |
| ૧૩ | કાઠિયાવાડી ચાતુર્વેદીય મોઢ જ્ઞાતિના મુથાં સમયનું વસ્તિપત્રક. | રા. રા. પ્રભાશંકર જયશંકર | ૦–૮–૦ |
| ૧૫ | ગૃહવ્યવસ્થા | રા. રા. ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ | ૦–૧૨–૦ |
| ૧૬ | કુંભનાથનું શિવાલય | રા. રા. પ્રભાશંકર જયશંકર | ૦–૪–૦ |
| ૧૭ | ગુપ્ત પાણ્ડવ | રા. રા. લલુભાઇ નારણજી. | |
| ૧૮ | શ્રી કૃષ્ણનો સન્દેશો | રા. રા. હરિલાલ દ્વારકાંદાસ સંઘવી | ૦–૫–૦ |
| ૧૯ | શ્રીયુત દાદાભાઇ નવરોજજી | પ્રકાશક રા. રા. પાંડુરાવ જીવણલાલ | ૦–૪–૦ |
| ૨૦ | મોહનલાલ કરમચંદ ગાંધીનું ચરિત્ર | ,, | ૦–૪–૦ |
| ૨૧ | શ્રી દેવકીનન્દનાચાર્યજી મહારાજનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર. | પંડિત માધવજી શર્મા. | |

---


## લાઇબ્રેરીઓ !!!

ના કરતા કારવતા તથા પુસ્તકોના શોખાન–ગૃહસ્થોએ ઉત્તમમાં ઉત્તમ અઢીસેં તથા પાંચસેં-

## ગુજરાતી.

પુસ્તકો કયાં છે તે જાણવું હોય તો તેમણે ફક્ત આઠ આના ખરચી ફેબ્રુઆરીનું–

## " સાહિત્ય. "

વાંચવું–વરસનું લવાજમ અગાઉથી ફક્ત રૂપીઆ અઢી. લખો વ્યવસ્થાપકને.


---

REGISTERLD No. B. 241.

# बुद्धिप्रकाश.

# BUDDHIPRAKASHA.

पुस्तक ६१ मुं. फेब्रुआरी १९१४. अंक २ जो.

## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| અભિલાષ... | (રા. રા. "મલયાનિલ.") | ૩૩ |
| દિલ.. | (મી. હાસમ હીરજી ચારણીઆ.) | ૩૩ |
| બાલ કુસુમોને. | (રા. રા. કુંજ.) | ૩૪ |
| નેપાલ પ્રવાસ વર્ણન. | (રા. રા. ત્ર્યંબકલાલ ચંદ્રશંકર દેશાઇ.) | ૩૫ |
| પનામાની નહેરની વાસ્તુ-ક્રિયા—મહાન્ પ્રદર્શન. | (રા. રા. રામલાલ ચુનીલાલ મોદી.) | ૩૯ |
| ગાથા સપ્તસતીનો સમસામાયિક સંસાર.... | (રા. રા. રણજીતરામ વાવાભાઈ બી. એ,) | ૪૪ |
| ખભાત શબ્દની વ્યુત્પત્તિ તથા તેજ શહેરના શ્રેષ્ઠિ ઋષભદાસે કરેલું ચિતોડના ઘેરાવાનું વર્ણન. | (રા. રા. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ, એમ. એ,) | ૪૮ |
| ગ્રંથાવલોકન—બાલા. | | ૫૪ |
| સ્વીકાર.. ... | | |
| ગુ. વ. સોસાઇટી હસ્તકના હસ્તલિખિત પુસ્તકોની યાદી. | | ૧૩ |


ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી
તંત્રી અને પ્રકાશક,
હીરાલાલ ત્રભોવનદાસ પારેખ, બી. એ.,
આસિ. સેક્રેટરી.

લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧॥) અગાઉથી ટપાલ ખર્ચ માફ.
છૂટક દર અંકના ત્રણ આના.

અમદાવાદ—ધી અ૦ યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

# બુદ્ધિપ્રકાશનાં લવાજમની પહોંચ.

તા.૧૯-૧-૧૪ થી તા. ૧૬-૨-૧૪ સુધીનું.

૧-૮-૦ વ્યારા ધાણુકાવસ્તી ગૃહશાળા.
૧-૮-૦ મીડલ સ્કુલ ભાવનગર.
૧-૮-૦ સ. ગુ. શાળા-નં. ૧ લો ઉમતા
૧-૮-૦ સ. ગુ. શાળા મોટામાંવડા-
પોષ્ટ બરવાળા.
૧-૮-૦ સ. ગુ. શાળા વરસડા.
૧-૮-૦ સ. ગુ. શાળા વડુ
૧-૮-૦ સ. ગુ. શાળા વટાદરા.
૧-૮-૦ સ. ગુ. શાળા પાડરશીંગા
૧-૮-૦ સ. ગુ. શાળા કલોલ.
૧-૮-૦ સ. ગુ. શાળા બરકાળ.
૧-૮-૦ સ. ગુ. શાળા નીચોલ.
૧-૮-૦ ડી. જી. મહાજન અમદાવાદ
૧-૮-૦ સ. ગુ. શાળા નં ૧ લો કડી.
૧-૮-૦ સ. ગુ. શાળા વ્યારા.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા-કરનાળી.
૧-૮-૦ નારણજી વાલજીભાઇ વલશાડ
૧-૮-૦ સ. ગુ. શાળા નં ૧ લો. વિશ્નગર.
૧-૮-૦ મહેસાણા ફ્રી લાઇબ્રેરી.
૧-૮-૦ સ. ગુ. શાળા ગણદેવી.
૧-૮-૦ સ. ગુ. શાળા પલસાણા.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા પલસાણા
૧-૮-૦ સ. ગુ. શાળા શીસ્વા.
૧-૮-૦ સ. ગુ. શાળા બાન્ડુ
૧-૮-૦ સ. ગુ. શાળા. બાળવા.
૧-૮-૦ સ.ગુ શાળાનં ૧૦ ફતેપુરા વડોદરા
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં. ૧ મહેસાણા
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા કાણીએલ
પોષ્ટ તોયણા
૧-૮-૦ સ. ગુ. શાળા દેવકરણના મુવાડા
૧-૮-૦ સ. ઉર્દુશાળા અમરેલી.
૧-૮-૦ સ. ગુ. શાળા પુસ્તકાલય ધનોરી
પોષ્ટ ગણદેવી.
૧-૮-૦ સરક્યુલેટીંગ લાઇબ્રેરી મેડાઆદજ
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં.૧ કોડીનાર
૧-૮-૦ સ. ગુ. શાળા ડભાસા
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧ લો પાદરા
૧-૮-૦ અવાખલ સરક્યુલેટીંગ લાઇબ્રેરી.
પોષ્ટ સાહલી
૧-૮-૦ વડોદરા પ્રાન્તના એજ્યુકેશનલ
ઇન્સ્પેકટર
૧-૮-૦ સ. ગુ. શાળા ફૂદેલ પોષ્ટ બોરસદ
૧-૮-૦ સ. ગુ. શાળા લીંચ
૧-૮-૦ સ. ગુ. શાળા કુણઘેર
૧-૮-૦ સ. ગુ. શાળા દામનગર
૪-૮-૦ રા. રા. હરિપ્રસાદ પીતામ્બરદાસ
મહેતા—અમદાવાદ.

---

## ગુ. વ. સોસાઈટીને મળેલું નવું ટ્રસ્ટફંડ.

**સૌ. કાશીબાઇ કાકુરામ સ્મારક ફંડ (૧૦૦૦)**

સરખેજ તા. ૨૩ મી ડિસેમ્બર સન ૧૯૧૩.

સંદા કૃપાસાગર ઓન રાવબહાદુર રમણભાઇ મહીપતરામ નીલકંઠ
ઓન. સેક્રેટરી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી,
અમદાવાદ.

વિ. સેવામાં નમ્રતાપૂર્વક વિનંતી કે મારાં પરમ પુજ્ય માતુશ્રી સૌ. કાશીબાઇ કાકુરામ અષાડ વદિ ૪ ભોમ સંવત ૧૯૬૯ તા. ૨૨ મી જુલાઈ સન ૧૯૧૩ને દિવસે સાંજરે પાંચ વાગે દેવલોક પામ્યાં છે. તેમના સ્મરણાર્થે મારા પિતાશ્રીએ રૂ. ૧૦૦૦) એક

# बुद्धिप्रकाश.

પુસ્તક ૬૧ મું. ફેબ્રુઆરી ૧૯૧૪. અંક ૨ જો.

## અભિલાષ.*

જોગીન્દ્રપણુંરે શિવજી તમારૂં મ્હેં જાણ્યું. એ રાગ.)

મુખ મ્હારૂં નિશદિન કરૂં તમ સ્હામે,
એ અભિલાષ પૂરો હરિ! પ્રાણે,
જોઉં હું અનિમિષ, જોઉંને જોઉં,
ઉર, એમ પ્રભુ! રાખો આકર્ષ્યું આપે.
સકળ વ્યથામાં ને સકળ આશામાં,
સકળ પ્રહર દિનરાત્રિના કાર્યે,
નવિન નવિન ઉછળતી સ્પૃહાઓ,
એક સ્પૃહા એ પૂરો હરિ! પ્રાણે.
એજ સ્પૃહા, સર્વ રાત્રિએ જાગે,
એજ સ્પૃહા જાગી અન્ય જગાડે,
ગન્થે દિવસને દિવસ આવતાથી,
એજ સ્પૃહા, એક આનંદ ગાને.

—मलयानिल.

---

## દિલ.

જે કહે ત્હેને કહેવા દેજો,
માહૂં એમાં કંઈ નહિ લેજો;
દિલની વાતો દિલકું જાણે,
બીજા એમાં કંઇ નહિ મ્હાણે.

---

* કવિવર રવીન્દ્રનાથ ટાગોરના ગીતાંજલિના ૫૯ મા કાવ્ય ઉપરથી.

દિલડું જીવે દિલની લ્હાણે,
દિલની વાતો દિલ પીછાને;
ખાઉં મોળૂં સરવે રહેજો,
પણ દિલડું પ્રેમીને દેજો.

**હાસમ હીરજી ચારણીઆ.**

---

## બાલ કુસુમોને:–*

મધુરી આશાઓ સકલ ફલદાયી તરૂ તણી!
ખરી જાઓ શાને? સમય તમ વીત્યો નથી હજી!
અહો! ઠેરો કિન્તુ સમય અહીં કાંઈ વધુ, અને
મધુરૂં ખીલીને હસી નિધન પામો પછી ત્હમે!

ત્હમે શું જન્મ્યાં'તાં જીવન ક્ષણનું માત્ર ધરવા—
અને હર્ષો અર્પી ક્ષણ જ, જલદી આમ ઉડવા?
વિધિએ વિશ્વે આ કદર જ ત્હમારી જણાવવા—
અને છે ખોવાને ફક્ત ત્હમને આંહી સરજ્યાં!

ત્હમે કિન્તુ, પૃષ્ઠો રૂચિર, જહીં વાંચી સમજીએ:—
અહો કેવું મૃત્યુ ઝટ થતું, છતાં શૌર્ય વિણ તે!
ત્હમો પેઠે આંહી ક્ષણભર બતાવી મગરૂરી—
પદાર્થો પામે છે નકી નિધન પ્રત્યે સહુ ગતિ!

અરણ્યવાસ,
તા. ૬ : ૭ : ૧૯૧૨

**કુસુમ.**

---

* ઈંગ્રેજી ઉપરથી અનુવાદ.—

# નેપાલ પ્રવાસ વર્ણન.

નેપાલમાં પશુપતીશ્વરનું ધામ ઘણું પવિત્ર ગણાય છે. એ સ્થાન જાવાની મારી ઘણા દિવસ થયા ઇચ્છા હતી, પણ નેપાલમાં દાખલ થવાને નેપાલ સરકાર તરફથી પરવાનગી મેળવવી પડતી હોવાને લીધે અને એ પરવાનગી સુલભ નહીં હોવાથી ત્યાં જવાનો વિચાર કેટલોક કાલ સુધી મુલતવી રાખવો પડયો હતો. એટલામાં મને ખબર મળી કે મહા શિવરાત્રીના પર્વને દિવસે ત્યાં આગળ મ્હોટો મેળો ભરાય છે અને એ મેળામાં જવાને નેપાલ સરકાર તરફથી હિંદુઓને પરવાનો આપવામાં આવે છે. આ પ્રસંગનો લાભ લઇ ગઈ મહાશિવરાત્રી પર નેપાલ જવાનો મેં નિશ્ચય કર્યો. મારી જોડે મારો એક સ્નેહી આવવાને તૈયાર થયો. એકથી બે ભલા એ કહેવત પ્રમાણે એની આવવાની ખબર સાંભળી મને ઘણો આનંદ થયો. ગુરખાઓ પૈસાને માટે વટેમાર્ગુઓને ત્રાસ આપે છે અને અને એકલા મળ્યા હોઇએ તો મારી નાખી આપણી પાસે જે માલમત્તા હોય છે તે લુંટી લે છે એવી લોકોમાં મોટી બ્હીક હોવાથી તેમજ નેપાલનો રસ્તો ઘણો વિકટ હોવાથી મ્હારા કેટલાક સ્નેહીઓએ આ સાહસમાં ન ઊતરવાને માટે મને સમજાવ્યો. સીમલા અને નૈનીતાલના પહાડમાં મેં ઘણી વખતે પ્રવાસ કરેલો તેથી માર્ગના વિકટપણાની મને ઝાઝી બ્હીક નહોતી. સંઘાત હોય તો લુંટાવાનો ઝાઝો ભય નહિ એમ મનમાં ધારી મારા સ્નેહીઓના કહેવા પર કાંઇ લક્ષ નહિ આપતાં આખરે જવાનું નક્કી કર્યું. રસ્તામાં અડચણ ન પડે એટલા માટે અમે એક રસોઇયો જોડે લીધો. એ રસોઇઓ અમને બહુજ ઉપયોગી થઇ પડયો. નિકળતી વખતે મારા સ્નેહીઓ મને વળાવવા આવ્યા. તેમને મેં કહ્યુ કે જો સંઘાત મળશે તોજ હુ આગળ જઇશ; નહિ તો પાછો આવીશ. મળવા આવેલામાંથી એક ગૃહસ્થે મને ખાસ કરીને શીખામણ આપી કે ગુરખાઓનો કદી ભરોસો કરવો નહિ અને રાત્રે પ્રયાણ કરવું નહિ. પ્રવાસમાં એ ગૃહસ્થની શીખામણ હું હમેશ ધ્યાનમાં રાખતો પણ એક વખતે એ પ્રમાણે વર્તન થયું નહિ. એ પ્રસંગનો ઉલ્લેખ આગળ આવશે.

નેપાલની હદમાં દાખલ થવાને રીકસોલ સ્ટેશન સુધી રેલવેની મુસાફરી કરવી પડે છે. મુબઇથી અહીં આવતાં લગભગ સાઠ કલાક લાગે છે, મુંબઇથી રાત્રે નવ વાગતે જબલપુર–કલકત્તા મેઇલમાં બેસી બીજે દિવસે રાત્રે એક વાગતે મોગલસરાઈ સ્ટેશને ગાડી બદલવી પડે છે. કાશી જનારાઓ પણ આજ સ્ટેશને ઊતરે છે. આ સ્ટેશનથી થોડે દુર એક ધર્મશાળા છે તેમાં રહેવાની તથા પાણી વિગેરેની ઘણી સારી સગવડ છે. ધર્મશાળામાં એક મારવાડીની વીશી છે તેમાં દિવસનાં ઘણા ભાગ સુધી તૈયાર રસોઈ મળે છે. લાંબી મુસાફરી કરવાનો જેમને અભ્યાસ નહિ હોય તેમને એક દિવસ આરામ લેવાને આ જગા ઘણી સારી છે. અહીંથી E. I. Ry ની ઘણી ગાડીઓ આવ જાવ કરે છે. સલંગ મુસાફરી કરવાને માટે કલકત્તા મેઇલમાંથી ઊતર્યા કે તરત બીજી ગાડી પ્લેટફોર્મપર ઊભી હોય છે. આ ગાડીમાં બેસી સવારે પાંચ વાગતે બાંકીપુર સ્ટેશને ઉતરવું પડે છે. અહીંથી ગંગા નદીને કિનારે આવેલા દીઘાઘાટ સ્ટેશન પર જવાને માટે એક બ્રાંચ લાઇન છે, ગંગા નદીનો પટ ઘણો મ્હોટો હોવાને લીધે દીઘાઘાટ સ્ટેશન આગળ પુલ બાંધવામાં આવ્યો

નથી પણ ઉતારૂઓને પેલે પાર લઇ જવાને માટે રેલવેવાળા તરફથી નાની સ્ટીમરો રાખવામાં આવેલી હોય છે. આ સ્ટીમરના પ્રવાસને માટે કાંઇ ભાડું લેવામાં આવતું નથી. પેલે પાર જવાને પંદર વીસ મીનીટ લાગે છે. અહીં B. & N. W. Ry. ની ગાડી ઉભી હોય છે. રીકસોલ જવાને આ લાઇન પર મુઝફ્ફરપુર અને સગોલી એ બે જંકશન પર ગાડી બદલવી પડે છે, મુંબઇથી અહીં સુધીનું ઇન્ટર કલાસનું ભાડું રૂ. ૨૬–૧૦–૦ અને થર્ડ કલાસનું રૂ ૧૯–૬–૦ છે.

અમે રીકસોલ સ્ટેશન પર તા. ૨ જી માર્ચે સવારે આઠ વાગતે ઊતર્યા. અમને ઘણા થોડા યાત્રાળુઓ મળ્યા. અમે ઉતર્યા કે તરત ગાડાવાળા અને કુલીઓએ અમને ઘેરી લીધા અને કોઇપણ પ્રકારની તપાસ કરવા નહિ દેતાં "કુલી કરો" "ગાડી કરો" એ પ્રમાણે કહી અમને અકળાવવા લાગ્યા. "અમારે કુલી અથવા ગાડી કાંઇ કરવાં નથી" એવો જવાબ આપી બધાને ત્યાંથી ખસેડી નાખી, એક બીહારી ગાડાવાળાને બોલાવી ત્યાંની બધી હકીકત પુછી લીધી. એણે કહ્યું કે "રીકસોલથી બે માઇલ પર બીરગંજ કરીને ગામ છે. ત્યાંથી તમારે નેપાલ* જવાને પરવાનો લેવો પડશે. છેલ્લા બે ત્રણ દિવસમાં હજારો યાત્રાળુઓ ગયા છે અને હજારો પરવાનો લેવાને માટે બીરગંજ થાણા આગળ હજુ બેઠા છે. આજે તમને પરવાનો મળતાં બહુજ મુશ્કેલી પડશે. અહીંથી નેપાલ બત્રીશ કોસ (એટલે લગભગ એંશી માઇલ) છે અને ત્યાં પહોંચતાં ઓછામાં ઓછા ચાર દિવસ લાગશે". હજારો યાત્રાળુઓનો સંઘાત મળશે એ ખબર સાંભળી મને મનમાં ધીરજ આવી. શિવરાત્રી ૬ ઠી તારીખે હોવાથી જેમ બને તેમ જલદી પરવાનો મેળવી શિવરાત્રીને દિવસે અને બને તો એક દિવસ અગાઉ ત્યાં પહોંચાય એવી તજવીજ થાય તો ઠીક એમ ધારી ગાડાવાળાને વાહન સંબંધી પુછતાં ખબર મળી કે સ્ટેશનથી પંદર સત્તર કોસ સુધી સીધો રસ્તો છે ત્યાં સુધી ગાડી જઇ શકે છે, ત્યાર પછી પહાડ આવે છે; જ્યાં ઘોડા અથવા ગાડી કામમાં આવતાં નથી. ગાડાવાળાએ પોતાનું ગાડું ચોવીસ રૂપીએ પહાડ સુધી લઇ જવાનું કબુલ કર્યું. એ ભાડુ ઘણું આકરૂં લાગવાથી અમે ગાડી કરવાનો વિચાર માંડી વાળ્યો. બીરગંજ જઇ પરવાનો મેળવ્યા પછી આગળ જવાનો વિચાર કરવો એમ નક્કી કરી બીરગંજ સુધી આઠ આને ગાડું ભાડે કર્યું.

સ્ટેશનથી પાંચ મીનીટ ચાલીએ એટલે એક નહેર જેવડી ન્હાની નદી આવે છે. એના પર એક ન્હાનો પુલ બાંધેલો છે. આ પુલ નેપાલ અને બ્રીટીશ રાજ્યની હદને જોડે છે. બીરગંજની હદમાં દાખલ થતાં એક પોલીસ થાણું આવે છે. આ થાણા આગળ કેટલાક માણસોને રોકવામાં આવ્યા હતા. અમારૂં ગાડું પણ રોકાયું. તપાસ કરતાં માલમ પડ્યું કે શહેરના પોલીસ થાણા આગળ પરવાનો મેળવવાને હજારો લોકોની ઠઠ એકઠી થએલી હોવાને લીધે વધારે માણસો શહેરમાં દાખલ કરવામાં આવે તો લોકોની ભીડ વધારે થઇ કચડાકચડીમાં પ્રાણ હાની થાય તેટલા માટે નવા આવતાં માણસોને શહેરમાં દાખલ ન થવા દેતાં થાણા આગળ અટકાવતા હતા. આથી અમે ઘણા નીરાસ થઇ ગયા. એટલામાં સ્ટેશન તરફથી નેપાલ રાજ્યનો એક અમલદાર ગાડીમાં બેસીને આવ્યો. એની

* ખટમંડુને ત્યાંના લોક નેપાલ કહે છે,

ગાડીની આસપાસ યાત્રાળુઓ વીંટલાઇ ગયા. એ અમલદારની પાસે જઇ મેં પરવાનો મેળવવાનેઅરજ કરી પણ એણે મારા કહેવા પર કાંઇ લક્ષ આપ્યું નહિ અને અમને એક દિવસ બીરગંજમાં રહેવાનું કહ્યું. કે પાછો મારા ગાડામાં જઇને બેઠો. અમારી પાસે સામન હતો તે ઉંચકવાને બીરગંજ છોડયા પછી કુલીની જરૂર હતી. ગાડી ઉભી રહી તે દરમ્યાન પોલીસ થાણાના જમાદારની મારફતે અમે બે કુલી ઠેરવ્યા. બ્રીટીશ હદમાં રેલવે સ્ટેશન પર અને સીમલા જેવા "હીલ સ્ટેશન" માં કુલીઓને નંબર આપેલા હોય છે તેવો નેપાલ રાજ્યમાં કાંઇ બંદોબસ્ત નથી જેથી કોઇ વખતે અડધે રસ્તેથી કુલો સામન લઇને ચાલ્યો જાય તો તેને પકડવો મુસ્કેલ પડે છે. જેમ બને તેમ સાવચેત રહેવાને માટે પોલીસ જમાદારની મારફતે અમે કુલી ઠેરવ્યા જેથી કોઇ વખત તેઓ નાસી જાય તો જમાદાર તેમનો કાંઇ પત્તો મેળવી શકે. નેપાલ જઇ પાછા રીકસોલ આવવાને માટે દરેક કુલીને અમે નવ નવ રૂપીઆ આપવાના કર્યા.

અડધા કલાક પછી અમને શહેરમાં જવાની પરવાનગી મળી. આમ અણધારી પરવાનગી મળવાથી અમે ઘણા ખુશી થયા. શહેરમાં દાખલ થતાં અમને યાત્રાળુઓ મળવા લાગ્યા. એમાંનો મ્હોટો ભાગ બીહાર અને યુનાઇટેડ પ્રાંતોના અશિક્ષિત વર્ગનો હતો અને તેમાં મુખ્યત્વે વૃદ્ધ સ્રી પુરૂષોની સંખ્યા વધારે હતી. મારૂં ધારવું હતું કે કોઇ સારા ગૃહસ્થનો સંઘાત થશે પણ તે ખોટું પડયું. પોલીસ થાણા આગળ એટલી ભીડ હતી કે જે અમલદાર પરવાનગી આપતો હતો તેની પાસે જવું ઘણું મુશ્કેલ હતું. અમારો ગાડાવાળો ત્યાંનો માહીતગાર હતો; એ કાંઇ યુક્તિ કરી મને તે અમલદાર પાસે લઇ ગયો. મેં જલદી પરવાનો મેળવવા માટે એને અરજ કરી. મારો પ્રવાસ સફળ થયો. પરવાનો આપતાં પહેલાં દરેકની વૈદ્યક તપાસ થાય છે. અમને પણ તે પ્રમાણે તપાસ્યા અને બપોરે બાર વાગતે પરવાનો મળ્યો.

પરવાનો મળ્યા પછી અમે વાહનને માટે તપાસ કરવા માંડી. નેપાલમાં રસ્તો ઘણો વિકટ છે. સ્ટેશનથી બીરગંજ આવતાંજ અમને ઘણા ખાડાખબોચીઆં નડયાં. કેટલેક ઠેકાણે ગાડાં અને રાહદારીનો રસ્તો જુદો છે. તેમાં ગાડાંનો રસ્તો રાહદારીના રસ્તા કરતા પણ ખરાબ છે. આથી ગાડાં ઘણાં ધીરે ચાલે છે એટલુંજ નહિ પણ તેમાં બેસનારને ઘણીજ હેરાનગતી ભોગવવી પડે છે. સ્ટેશનથી બીરગંજ સુધી જતાંજ ગાડાની મુસાફરીનો પુરેપુરો અનુભવ થવાથી આગળની મુસાફરીને માટે ગાડું ભાડે કરવાનો વિચાર પડતો મુક્યો. બીજા વાહનને માટે તપાસ કરતાં માલમ પડયું કે પહાડ તેમજ સપાટ રસ્તાપર મુસાફરી કરવાને બે પ્રકારના વાહન મળે છે. પહાડમાં સામન લઇ જવાને એક પ્રકારની લાંબી ટોપલી રાખવામાં આવે છે. આ ટોપલી હમાલ પોતાની પીઠપર બાંધીને લઈ જાય છે. આવી ટોપલીઓમાં માણસોને પણ બેસાડીને લઈ જવામાં આવે છે. બીજું વાહન ઝોળી હોય છે. એક લાંબા લાકડાના સોટાને બે છેડે બે કડીઓ લટકાવેલી હોય છે અને એ કડાઓને ઝોળીની માફક એક મજબુત કપડું બાંધેલું હોય છે. એમાં માણસ સુવે છે અને હમાલો એ ઝોળી ઉંચકી લઈ જાય છે. આ ઝોળી અંગ્રેજી Hammock ને થોડી ઘણી મળતી આવે છે. પહેલા પ્રકારના વાહનના ખટમંડુ સુધી જવાના ચારથી પાચ રૂપીઆ બેસે છે. પણ તેમાં એકની એક સ્થિતિમાં બેસી રહેવાનું અને કુલીઓનું બહુજ

ધીમું પ્રયાણ તેથી બેસનારને ઘણોજ કંટાળો આવતો હોવાને લીધે અમે તે પસંદ કર્યું નહિ. ઝોળીના આવવા જવાના ત્રીસ રૂપીઆ પડે છે. આ ભાડું અમારી ગજા ઉપરાંત લાગવાથી તથા તેમાં માંદા માણસની માફક એક બાજુએ સુઈ રહેવાનું હોવાથી અમને એ વાહન પણ પસંદ પડ્યું નહિ. ઘોડા ભાડે કરવાને તપાસ કરી પણ તે મળ્યા નહિ. હજારો વૃદ્ધ સ્ત્રી પુરૂષો પગે પ્રવાસ કરતાં જોઇ એમની સાથે અમે પણ પગે પ્રવાસ કરવાનું નક્કી કર્યું.

ગાડાવાળાને રજા આપી અમે બપોરે દોઢ વાગે બીરગંજથી નિકળ્યા. તાપ ઘણો સખ્ત પડતો હતો. આગલી રાતની રેલવેની મુસાફરીમાં અમને ઉંઘવાનું નહિ મળેલું તેથી થાક વહેલો લાગ્યો. બે કલાક ચાલ્યા એટલે પરયાણપુર ગામ આવ્યું. આખો દિવસ શ્રમ પડેલો હોવાથી અગાડી નહિં ચાલતાં અહીંજ મુકામ કર્યો. નેપાલમાં વાણીઆઓ પોતાના મકાનમાં એક બે ઓરડીઓ પ્રવાસીઓને ઉતરવાને માટે રાખે છે. કેટલેક ઠેકાણે એ ઓરડીમાં ઉતારો કરવાને માટે કાંઇ ભાડું લેવામાં આવતું નથી. પણ ઉતારો કરનારને ખાવાપીવાની બધી ચીજો ઓરડીના માલીકને ત્યાંથી ખરીદવી પડે છે. કેટલેક ઠેકાણે વાસણો પણ પુરા પાડવામાં આવે છે. જાત્રાના પ્રસંગે વાણીઆઓ નાનાં કામચલાઉ છાપરાં પણ બાંધે છે. આ છાપરાંમાં રાતવાસો કરવાને દરેક પ્રવાસી દીઠ એક આનો, પ્રસંગે વધારે પૈસા પણ લેવામાં આવે છે. પરયાણપુરમાં અમે એક વાણીઆને ત્યાં મુકામ કર્યો. અમારી સાથે અમે થોડાં વાસણ રાખેલાં હતાં અને ખુટતાં વાસણ અમને વાણીઆએ પુરાં પડયાં.

બીજે દિવસે ( તા. ૩ જીએ ) પ્રાતઃકાળે ચાર વાગતે પ્રયાણ શરૂ કર્યું. સવારે નવ દસ વાગતા સુધી ચાલવું અને જ્યાં સારો મુકામ કરવાની જગ્યા આવે ત્યાં રસોઇ કરી ભોજન લઇ ત્રણ વાગે પાછું પ્રયાણ શરૂ કરવું અને સાંજના છ વાગતા સુધી ચાલવું એ પ્રમાણે અમે અમારો કાર્યક્રમ બાંધ્યો. પણ એ કાર્યક્રમમાં વખતો વખત ફેરફાર કરવાની જરૂર પડી અને આ દિવસે તો અમારા ધાર્યા કરતાં વધારે ઘણુંજ ચાલવું પડયું. પરયાણપુરથી યાત્રાળુઓની મ્હોટી સંખ્યા અમને મળી જેથી ચાલતાં કંટાળો આવતો નહિ. ત્રણ કલાક ચાલ્યા પછી સેમરી ગામ આવ્યું. અહીં અમે અડધો કલાક વિશ્રાંતી લઈ આગળ ચાલ્યા. બીરગંજથી ખટમંડુ સુધીમાં એક પણ મ્હોટું શહેર રસ્તામાં આવ્યું નહિ. ગામડાં પણ ઘણાંજ ન્હાનાં. તેમાં કેટલાકમાં તો ફકત દસ પંદર ઝુપડાં હતાં. સેમરી ગામ બીજા ગામોના પ્રમાણમાં સાધારણ ઠીક છે. આ ગામમાં ખાવાની બધી જણસો મળે છે. અહીંથી લગભગ દસ કોસ સુધી જંગલ છે. આ જંગલમાં ગાડાં અને રાહદારીઓને માટે એક મ્હોટો રસ્તો છે. પહેલા ત્રણ કોસમાં દરેક કોસે પાણીનો એક નળ એક ન્હાનો ફુવારો અને એક હવાડો છે. જંગલમાં સાગના ઝાડો ઘણા છે અને ઝાડી ઘણી ઘીચ છે. અમે દિવસે પ્રવાસ કરતા હતા તેથી અને લોકોની ઘણી વસ્તીને લીધે કોઈપણ હિંસક પ્રાણીની ધાસ્તી લાગતી નહિ. આ ત્રણ કોસનું જંગલ કાપી બપોરે બાર વાગતે અમે બીચગુરી ગામે આવ્યા. અહીં સુધીનો પ્રવાસ અમને ઘણોજ આનંદમય લાગ્યો. આ ગામ અમે બપોરે બે વાગતે છોડયું. ત્યાર પછી અમને ઘણોજ હાડમારી પડી.

બીચગુરી ગામને પાધરે એક નદી છે. એ નદી ખીણમાં થઇને વહે છે. એમાં ચોમાસામાં પુષ્કળ પાણી રહે છે. પણ ઉન્હાળા તથા શીયાળામાં સુકાઈ જાય છે. ફક્ત કાંઇ

કોઈ ઠેકાણે ન્હાના વ્હેતા પાણીના ઝરા જોવામાં આવે છે. અમારે આ નદીમાં ત્રણ કોસ ચાલવાનું હતું. એમાં એક ન્હાનો રસ્તો કાઢવામાં આવ્યો છે પણ તે ઘણોજ ખડબચડો છે-કેટલેક ઠેકાણે તો મોટા ચીચા પત્થર ઉપરજ ચાલવું પડે છે. મધ્યાહ્ન કાળે તાપ કહે કે મારૂં કામ અને લગભગ બે માઈલ સુધી એક પણ ઝાડનો છાંયો નહિ હોવાથી તેમજ સવારની મુસાફરીના થાકને લીધે, અમને ચાલતાં ઘણો ત્રાસ થવા લાગ્યો. તેથી અમે ધીરે ધીરે રસ્તો કાપતા હતાં. અમારી સાથે વટેમાર્ગુઓ પણ રસ્તાના વિકટપણાને માટે ફરીઆદ કરતા હતા. પણ પશુપતીશ્વરના દર્શન કરવાની તીવ્ર ઈચ્છા અમારા પગને એક પ્રકારનું જોર આપતી. રસ્તો કંટાળા ભરેલો ન લાગે તેટલા માટે વચ્ચે વચ્ચે "પશુપતીશ્વર કી જય" ના ઘોષ કાઢવામાં આવતા. કેટલાક તો અડધે રસ્તેજ આરામ લેવાને બેસતા. અમારે પણ એક ઠેકાણે બેસવું પડયું.

( અપૂર્ણ. )

ત્ર્યંબકલાલ ચંદ્રશંકર દેસાઈ.

---

# પનામાની નહેરની વાસ્તુ-ક્રિયા--મહાન પ્રદર્શન.

અમેરિકાએ સર્વ દિશામાં અદ્વિતીય પ્રગતી કરી છે; સમૃદ્ધિમાં અમેરિકન પ્રજાએ ઘણીક પ્રાચીન પ્રજાઓને પાછળ પાડી દીધી છે. વિજ્ઞાન અને ઉદ્યોગની વૃદ્ધિમાં પણ જગતમાં અમેરિકાના લોકોએ સારી નામના મેળવી છે. અત્યાર સુધી અશક્ય લાગેલું પનામાની નહેર ખોદવાનું મહા ભગીરથ કાર્ય પણ તેઓએ પાર પાડયું છે. તે કાર્યની મહત્તાનો ખ્યાલ 'બુદ્ધિપ્રકાશ' ના સપ્ટેમ્બરના અંક ઉપરથી થોડો ઘણો આવી ચૂકયો હશે. હવે, તે મહાન્ કાર્યને ઉજવવા માટે જે મહોત્સવ થવાનો છે તેનું ટૂંકું વર્ણન કરવું ઠીક થઇ પડશે. આપણા લોકોમાં કોઈ પણ મકાન નવું તૈયાર થયા પછી, તેમાં નિવાસ કરવા પૂર્વે તેની વાસ્તુક્રિયા કરવાનો રિવાજ છે. જગતના આ મહાન્ માયાવી કાર્યનો ઉપયોગ કર્યા પહેલાં, અમેરિકાની પ્રજાએ એક જંગી પ્રદર્શન ભરી, તેની વાસ્તુક્રિયા કરવાનો ઠરાવ કર્યો છે. આ પ્રદર્શન એવા તો જંગી પ્રકારનું થવાનું છે કે જેમણે હિન્દુસ્તાનનાં-અરે આખી દુનિયાનાં-મહાન્ પ્રદર્શનો જોયાં હશે, તેમને પણ તેનો ખરો ખ્યાલ આવી શકશે એમ નથી. વિસ્તાર, વિવિધતા, મોહકતા અને દ્રવ્ય વ્યયમાં અત્યાર સુધી જગતમાં ભરવામાં આવેલાં મ્હોટામાં મ્હોટાં પ્રદર્શનો, આ પ્રદર્શનના કાંઇ હિસાબમાં નથી.

આ પ્રદર્શનથી જગતને થનારા લાભો વર્ણન કરવાની જરૂર છે? દુનિયાના વ્યાપાર, ઉદ્યોગ, હુન્નર, કલા વગેરેને ઘણુંજ ઉત્તેજન મળી શકશે એમાં તો કંઇ સંશય છેજ નહિ. વળી, વિજ્ઞાનમાં પણ અત્યાર સુધી થયેલી તેમજ કેટલીક હજુ સુધી પ્રકાશમાં નહિ આવેલી શોધો, પણ જાણવાની તક મળશે. નવા નવા અપૂર્વ પ્રકારના યાન્ત્રિક આવિષ્કારો પણ પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રદર્શનથી પૂર્વે પશ્ચિમની પ્રજાઓનો સંબંધ વધારે સંઘટ્ટિત અને રૂચિકર થશે. પનામાની નહેરથી તો પૂર્વના દેશો સાથે અમેરિકાનો વ્યાપાર દ્વારા પરિચય તો ઘણોજ વધી જવાનો, પરન્તુ માત્ર આ પ્રદર્શનથીજ તે સંબંધ ઘણો

વધી જવાનો. વળી, આ પ્રદર્શનદ્વારા જગતની શાન્તિના કાર્યને ઘણું ઉત્તેજન મળવાનો સંભવ છે. દુનિયાના પ્રત્યેક દેશની શાન્તિ માટે પ્રયત્ન કરતી સમિતિઓ અહિં એકત્ર થઈ, તે માટે કંઈ સંગીન કાર્ય કરવાનો સંભવ છે.

આ પ્રદર્શન ઈ. સ. ૧૯૧૫ ના ફેબ્રુઆરી માસની ૨૦ મી તારીખે ખુલ્લું મૂકવાનું છે. તેને માટે પાસિફિક મહાસાગર ઉપરનું સાન ફ્રાન્સીસ્કો નામનું મ્હોટું બંદર પસંદ કરવામાં આવ્યું છે. અમેરિકામાં આ પ્રદર્શનને માટે સર્વથી યોગ્ય આજ સ્થળ છે. પનામાની નહેરની પાસેમાં પાસે જો કોઈ મ્હોટું બંદર હોય તો તે આજ છે. વ્યાપારી દૃષ્ટિમાં પણ તે બહુ અગત્યનું છે. પનામાની નહેરથી પૂર્વ સાથેનો વ્યાપાર વધવાનો, તેટલા માટે જ પૂર્વના દેશોને પાસે પડે તેવું આ બંદર છે. તેમજ યૂરોપમાંથી આવનારા લોકોને પનામાની નહેર જોવાની તક મળે, તેટલા માટે અમેરિકાના સામા કિનારાનું બંદર પસંદ કરવામાં આવ્યું છે. યૂરોપથી આવનારાં વહાણો પનામાની નહેરમાંથી પસાર થઇને જ સાનફ્રાન્સીસ્કો જવાનાં. વળી પ્રદર્શન માટે આ બંદરની ખાસ યોગ્યતા પણ છે. ત્યાંની આબો હવા સર્વ શ્રેષ્ઠ છે. આવા કામ માટે તે શહેરની વ્યય શક્તિ પણ ઘણી સારી છે. ૧૯૦૬ની મહાન્ આગમાં બળી જવા છતાં, માત્ર બહુ ટૂંકા વખતમાં તે શહેર રૂ. ૧૫,૦૦,૦૦,૦૦૦ ના ખર્ચે ફરી બંધાઇ ગયું હતું. આ પ્રદર્શન માટે એક જાહેર સભામાં માત્ર બે કલાકમાં જ આ શહેર ૧,૫૦,૦૦,૦૦૦ રૂપિયા ઉભા કરવા સમર્થ થયું હતું. અત્યાર સુધીમાં કાલિફૉર્નીઆ પ્રાન્ત, સાનફ્રાન્સીસ્કો શહેર, ત્યાંની મંડળીઓને અને છૂટક વ્યક્તિઓએ મળી, આ પ્રદર્શનમાં ખર્ચવામાં આવનારા રૂપિયાનો ચોથો ભાગ એટલે રૂ. ૬,૦૦,૦૦,૦૦૦ ( છ કરોડ ) ભેગા કર્યા છે. એકંદરે આ પ્રદર્શનમાં પચીસ કરોડ રૂપિયા ખર્ચાશે!

આ પ્રદર્શન માટે સાનફ્રાન્સીસ્કો અને તેની આસપાસની મળી ૬૨૫ એકર જમીન રોકવામાં આવી છે. જૂદા જૂદા વિભાગો માટે ૧૪ ભવ્ય મહાલયો બાંધવામાં આવનાર છે. તેમાંના મુખ્ય વિભાગો આ પ્રમાણે છે. લલિત કલા, ઔદ્યોગિક કલા, ખેતી, શિક્ષણ, યંત્ર નિર્મિત વસ્તુઓ, વિવિધ ઉદ્યોગો, યંત્રો, આકર જ્ઞાન અને ધાતુવાદ વિભાગ ( Mines and Metallurgy ) યાન્ત્રિક વાહન વિભાગ, ઉદ્યાન, વગેરે—વળી, આ ઉપરાન્ત અમેરિકાનાં જૂદાં જૂદાં સંસ્થાનો અને બીજા સર્વ દેશો તરફથી પોતપોતાનાં જૂદાં મકાનો પણ બંધાવવાનાં છે. આ પ્રદર્શન લગભગ સાડા નવ માસ સુધી ખુલ્લું રહેશે. એટલે ૧૯૧૫ના ફેબ્રુઆરી માસની ૨૦ મી તારીખે ઉઘડી ૧૯૧૫ ના ડિસેંબરની ચોથી તારીખે બંધ થશે. જૂદા જૂદા વિભાગ માટે જૂદી જૂદી ફી રાખવામાં આવશે. મુખ્ય દ્વારમાં દાખલ થવાની ફી ૫૦ સેન્ટ એટલે આપણો રૂ ૧–૦–૦ રહેશે. આ સર્વ મકાનો બંધાવા માંડયાં છે અને થોડા સમયમાં પૂર્ણ થઈ જશે. ત્યારપછી તેમાં વસ્તુઓ ગોઠવવામાં આવશે.

કાર્યક્રમના ન્હાના ન્હાના બનાવો તો હમેશા બનશે પણ મુખ્ય બનાવો બબ્બે મહીને બનશે. તેમાં સૌથી પ્રથમ આન્તર્જાતીય સૈનિક નૌકા પ્રદર્શન થશે. તેમાં જૂદી જૂદી પ્રજાનાં આશરે ૨૦૦ લડાયક વહાણો ભાગ લેશે અને તે પનામાની નહેરમાં થઇને પસાર થશે. આ દેખાવ એવો તો દબદબા ભરેલો થશે કે એના જેનો દેખાવ જગતના ઇતિહાસમાં હજુ સુધી બન્યો નથી. આ બનાવ પ્રદર્શન ખુલ્લું મૂકાયા પછી આશરે બે અઠવાડીઆ પછી બનશે. બીજો મુખ્ય બનાવ વિહાર નૌકાઓની સરત સંબંધી થશે. યૂરોપની

તથા અમેરિકાની ત્વરિતમાં ત્વરિત ગતિવાળી નૌકાઓ યૂરોપમાંથી નિકળી, ન્યૂયોર્ક આવી, પનામાની નહેરમાંથી પસાર થઈ પ્રદર્શનના સ્થળે જશે. કાર્યક્રમમાં ત્રીજો મુખ્ય બનાવ વ્યાયામ અને રમતગમતનાં પરાક્રમો પ્રદર્શિત કરવાનો છે. દરેક કસરત અને રમતોના દુનિયાના ચુનંદા મહારથીઓ ( champions ) ભેગા થશે અને પોતાની શક્તિઓની સ્પર્ધા કરશે. દરેક દેશના વિદ્યાર્થીઓની પણ આન્તર્જાતીય રમતો થશે. આને માટે ૭૫૦૦૦ માણસો જોવા બેસી શકે તેવી જગાઓ બાંધવામાં આવશે. દુનિયાનાં સૌથી સરસમાં સરસ જાનવરોનું પણ પ્રદર્શન થશે. દુનિયાના સૌથી ઉત્તમ ઓલાદના ઘોડા આવશે અને સરતમાં ઉતારવામાં આવશે. આને માટે ૮૧૦૦૦ રૂપિયા ઇનામમાં વ્હેંચવાનાં છે. વળી, શિશિર ઋતુની શરૂઆતમાં પૌર્વાત્ય પ્રજાઓ હિન્દ, ચીન, જાપાન,ફીલીપાઈન્સ આદિના જીવનના મહાન્ દેખાવો બતાવવામાં આવશે. તેમજ લશ્કરી કવાયતો પણ થશે. વળી, આ પ્રદર્શનમાં એશિયા, આફ્રિકા, ઑસ્ટ્રેલીઆ, ઉત્તર અને દક્ષિણ અમેરિકાની જંગલી વિચિત્ર જાતિઓને પણ કુતૂહલ માટે ભેગી કરવામાં આવશે. વળી, પ્રદર્શનના છેવટના દિવસોમાં કૅલિફોર્નિઆના પ્રારંભના ઇતિહાસના દેખાવો પણ દેખાડવામાં આવશે. અધિકારીઓનું એવું માનવું છે કે પ્રદર્શન બંધ કરવાનો આ દેખાવ ઉત્તમ થઈ પડશે. વળી, પ્રદર્શન માટે આ બધા સિવાય બીજી પણ ઘણી અરજીઓ આવે જાય છે; એટલા માટે તેના કાર્યક્રમમાં બીજા પણ કેટલાક બનાવોનો વધારો થશે.

આ પ્રદર્શનમાં સૌથી અગત્યનો બનાવ દુનિયાની મહાન્ સભાઓ અને પરિષદોના સંમેલનનો છે. આ પ્રદર્શનમાં જગતના સર્વ ભાગનાં અને સર્વ પ્રકારની પ્રવૃત્તિવાળાં મનુષ્યો એકઠાં થવાનો સંભવ છે. એ તકનો લાભ લેઈ જગતના લગભગ સર્વ દેશોએ પોતપોતાના દેશની સર્વ પ્રવૃત્તિની સભાઓના પ્રતિનિધિઓ મોકલવાનો ઠરાવ કર્યો છે. અને સર્વ દેશોની આન્તર્જાતીય પરિષદો જુદા જુદા વિષયો માટે મળશે, વિચારોનો પરસ્પર વિનિમય કરશે, પોતપોતાના દેશની હકીકત રજૂ કરશે, અને જગતની પ્રત્યેક દિશાના માનુષિક જ્ઞાનમાં વધારો કેમ થાય તેનું વિવેચન કરશે. દાખલા તરીકે વિજ્ઞાનની આન્તર્જાતીય પરિષદ્‌માં સર્વ દેશના પ્રતિનિધિઓ એકઠા થઈ, પોતપોતાના દેશના વિજ્ઞાનની પરિસ્થિતિ અને પ્રગતિ સંબંધી માહીતી રજૂ કરશે, અને વિજ્ઞાનમાં મનુષ્યજાતિએ ક્યાં સુધી ગતિ કરેલી છે તેનું માપ કાઢશે. આ પ્રમાણે આ પ્રદર્શનમાં દુનિયાના મહાન્ વિચારકો અને શોધકો એકઠા થશે, તેમના દર્શનનો પણ અમૂલ્ય લાભ મળશે. પ્રદર્શનના આ વિભાગની ઉપયોગિતાની અગત્ય ત્યાંના સત્તાધિકારીઓને એટલી બધી જણાઇ છે કે તેમણે તેને માટે રૂ. ૩૦૦૦૦૦૦ ત્રીસ લાખના ખર્ચે એક ભવ્ય સભાગૃહ બાંધવાનો ઠરાવ કર્યો છે. આવી આવી પરિષદો સેંકડોની સંખ્યામાં એકત્ર થવાની છે અને છેક ગયા જૂન સુધીમાં પણ પરિષદ્ અને સભા વિભાગના વ્યવસ્થાપક Hon. Mr. James A. Barr સાહેબને ૫૦ સભાઓ માટે વ્યવસ્થા કરવા અરજીઓ મળી હતી.

આ સંબંધમાં ખાસ અગત્યની બીના એ છે કે પ્રદર્શનના અવસરે આખા જગતના વિદ્યાર્થીઓનું આન્તર્જાતીય સંમેલન થવાનું છે. સર્વ દેશના વિદ્યાર્થીઓ તેમાં એકત્ર થઈ પ્રત્યેક દેશની રાજદ્વારી, સામાજીક, આર્થિક અને શિક્ષણ વિષયક બાબતો ઉપર નિબંધો વાંચશે અને ચર્ચા ચલાવશે. વિદ્યાર્થીઓનું આવું મહાન્ સંમેલન કોઈ સમયે મળ્યુંજ નથી

અને આ દેશના જે વિદ્યાર્થીઓ આવી બાબતમાં રસ લેતા હોય તેમણે "Committee of International Students' Congress 1915, Box 455, Berkeley, Cal. U. S. A." એ શિરનામે પત્રવ્યવહાર ચલાવવો.

પ્રદર્શનમાં જૂદી જૂદી બનાવટની વેચાણ માટે અસંખ્ય પ્રકારની વસ્તુઓ પણ રજૂ થવાની છે. આ પ્રદર્શનમાં દુનિયાના દરેક ભાગનાં મનુષ્યો એકત્ર થવાનાં છે અને સાનફ્રાન્સીસ્કો એક મ્હોટું બંદર છે એટલે વસ્તુઓના બનાવનાર કારીગરો અને તેને વેચનાર વ્યાપારીઓને પ્રદર્શનમાં સારો નફો થવાનો દરેક સંભવ છે. તેમજ દુનિયામાં કેવી જાતની બનાવટો થાય છે અને પોતાના દેશમાં તેમાંથી કઈ જાતની ખપત થઈ શકે એમ છે, તે જોવાને પણ ઘણા વ્યાપારીઓ જશે. એવી અટકળ કરવામાં આવી છે કે ઓછામાં ઓછી રૂ. ૧૦૦૦૦૦૦ દસ લાખની કિંમતની વસ્તુઓ પ્રદર્શિત થશે. આને માટે ત્યાંના સત્તાધિકારીઓએ સવડ પણ સારી કરી આપી છે. પ્રદર્શનમાં રજૂ થનારી કોઈ પણ વસ્તુ ઉપર જકાત લેવામાં આવનાર નથી અને રેલ્વે અને સ્ટીમરોના દરમાં પણ મોટો ઘટાડો થવાનો સંભવ છે. તે ઉપરાન્ત વ્યાપારીઓને બીજા પણ અનેક લાભો અને છૂટછાટ મળવાનો સંભવ છે. જેમને તેવા લાભો મેળવવાનો વિચાર હોય તેમણે આ શિરનામે અરજીઓ કરવીઃ—"Department of Concessions of Panama Pacific International Exposition, Sans Francisco, Cal. U. S. A."

આ પ્રદર્શનની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓની વિગત આ પ્રમાણે છે. પરન્તુ, આ સર્વ પ્રાસંગિક અને તાત્કાળિક છે. વખતના વહેવા સાથે આમાંનું ઘણું ખરૂં ભૂલાઈ જવાનો સંભવ છે, એટલા માટે આ મહાન્ બનાવનું ચિરકાળ સુધી સ્મરણ રહે તેવું સ્મારક ઉભું કરવાનો અમેરિકનોએ વિચાર કર્યો છે. આ સ્મારક માટે એક ભવ્ય ઉતુંગ સ્તંભાલય ( ટાવર ) બંધાવવાનો છે. જમીનથી તેની ઉંચાઇ ૮૫૦ ફુટની થશે અને તેનો પાયો ૨૩૨ ફુટ લાંબો-પહોળો અને ૧૨૦ ફુટ ઉંચો થશે. જ્યારે તે પૂર્ણ થશે ત્યારે દુનિયામાં સૌથી ઉંચામાં ઉંચો પોલાદનો ટાવર થશે. આ મિનારો માત્ર ઉંચાઇને ખાતર જ ઉભા કરવાનો નથી પણ તેનો ત્રણ કામમાં ઉપયોગ પણ કરવાનો છે. (૧) તે ઉંચામાં ઉંચું દોરડા વિનાના તાર માટે આખી દુનિયામાં સૌથી મોટું મથક થશે. (૨) તેના ઉપર પ્રબળમાં પ્રબળ શોધક-પ્રકાશ ( Search light ) નું યંત્ર રહેશે, અને ત્યાં (૩) ખગોળના નિરીક્ષણ માટે એક મહાન્ વેધશાળા બનાવવામાં આવશે. તે ટાવર બાંધવાનું ખર્ચ રૂ. ૬૦૦૦૦૦૦ સાઠ લાખ થશે.

આ પ્રદર્શનમાં જગત્‌ની સર્વ પ્રજાઓ ભાગ લેવાનો સંભવ છે. અને તેઓ એક બીજા કરતાં પોતપોતાને સરસ દેખાડવા જબરી હરીફાઈ કરશે. દરેક દેશ પોતપોતાનું જૂદું મકાન બાંધશે. જાપાન પોતાનાં મકાનો બાંધવા રૂ. ૩૦૦૦૦૦૦ ત્રીસ લાખ ખરચશે. બ્રીટીશ સંસ્થાનોના પ્રધાન મી. હારકોર્ટે પણ બ્રીટીશ મહારાજ્યનાં સંસ્થાનોને બ્રીટીશ મહારાજ્યને છાજતો ભાગ લેવાને માટે વિચાર કરવા લખ્યું છે. સ્પેનના રાજ્ય તરફથી તે દેશના મહાન્ ચિત્રકારોનાં ચિત્રોનું ચિત્ર વિષયક પ્રદર્શન ભરવાનું છે. હૉલાન્ડ પણ અદ્વિતીય પ્રકારનું પ્રદર્શન ભરશે. ફ્રાન્સે પોતાનું મકાન બાંધવાને માટે પોતાના માટે બાર એકર જમીન જૂદી રાખવાને માટે તાર કરી દીધો છે. ચીન પણ પોતાના દેશની ભૂત-

કાળ અને ભવિષ્ય કાળની પરિસ્થિતિનું દિગ્દર્શન કરાવનાર છે.

આ પ્રદર્શનમાં હિન્દુસ્તાને ભાગ લેવાની ઘણીજ અગત્ય છે. પ્રાચીનકાળમાં આ દેશ જગતમાં વ્યાપાર ઉદ્યોગમાં અગ્રસ્થાને હતો. પરન્તુ, અત્યારે તેનો એટલો બધો અધઃપાત થયો છે કે જગત્‌નો વ્યાપારી નીતિમાં તેને સ્થાન નથી અને તેના ઉપયોગની લગભગ તમામ વસ્તુઓ પરદેશથી તૈયાર થઇને આવે છે. આ દેશના ઉદ્યોગપ્રિય સજ્જનો તે પ્રદર્શનમાં જશે તો આ દેશમાં અનેક ઉદ્યોગો ખીલવવા તેમને વિચાર સુઝશે. વળી, વ્યાપારીઓ પણ, બીજા દેશોના વ્યાપારીઓ કેવી રીતે મોટા વ્યાપાર ખેડે છે, તે જાણી શકશે. તેમજ આ દેશની ઉત્તમ કારીગરીની વસ્તુઓ ત્યાં મૂકશે તોપણ તેઓ સારો આવક કરી શકશે. એટલુંજ નહિ પણ હિન્દુસ્તાનનું જગત્‌માં માન વધારશે. એ ખરૂં છે કે હિન્દુસ્તાનને મુખ્ય પ્રજા તરીકે સ્વતંત્ર સ્થાન મળી શકશે નહિ; પરન્તુ અહિંના વ્યાપારીઓ ખાનગી રીતે વસ્તુઓ તેમાં મોકલી શકશે.

હવે, પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે હિન્દુસ્તાને આ પ્રદર્શનમાં કેવો ભાગ લેવો ? હિન્દુસ્તાનમાં પ્રદર્શનમાં રજૂ કરવાને અનેક સામગ્રી છે, એની કોઇથી ના પાડી શકાશે નહિ. આ દેશમાં યાન્ત્રિક બનાવટની કોઈ ચીજ એવી ભાગ્યેજ હશે કે, તે પ્રદર્શનમાં રજૂ કરી શકાય, પણ આ દેશમાં હસ્તકૃત કારીગરીની ઉત્તમ પ્રકારની એવી અસંખ્ય વસ્તુઓ હજી પણ બને છે કે જેને ત્યાં સારૂં સ્થાન મળી શકે. પાશ્ચાત્ય લોકોનો હવે યાંત્રિક બનાવટો ઉપરથી મોહ ઉતરતો જાય છે, તેથી આ દેશની હાથની બનાવટની વસ્તુઓનું સારૂં પોષણ થવાનો સંભવ છે. દિલ્હી અને આગ્રાનું પત્થરનું કોતરકામ, કાશીનું ધાતુ કામ, ગુજરાતનું કસબનું ભરત કામ, વગેરે અનેક વસ્તુઓ તે પ્રદર્શનમાં મોકલી શકાય એમ છે. કલા વિભાગમાં પણ આપણાં પ્રાચીન ચિત્રો તેમજ જયપુરનાં હાલનાં પણ અનુપમ ચિત્રો, કલકત્તાના સુપ્રસિદ્ધ ચિત્રકાર બાબુ અવનીન્દ્રનાથ ઠાકુર અને તેમના શિષ્ય મંડળના નૂતન પ્રકારનાં ચિત્રો તથા આ દેશનાં વાજીંત્રો અને ગાયકોને પ્રદર્શિત કરવામાં આવે તો સારો આવકાર મળવાનો સંભવ છે. વળી, આ દેશની અનેક સભાઓના ચાલકોએ પણ તેવા પ્રકારની ત્યાંની આન્તર્જાતીય પરિષદોમાં પોતાના પ્રતિનિધિઓ મોકલી હિન્દુસ્તાનની પરિસ્થિતિનું વર્ણન આપવું. રાજ્યદ્વારી, સામાજીક, વ્યાપારિક આદિ અનેક વક્તાઓ આ દેશમાંથી ત્યાં જઈ શકે એમ છે. ધાર્મિક વકતાઓને તો અસાધારણ વિજય મળવાનો પૂરો સંભવ છે. ડૉ. બોઝ, ડૉ. રોય, પ્રો. ગજ્જર આદિ વિજ્ઞાનવેત્તાઓએ પણ ત્યાં જઇ જગતને બતાવવું જોઇએ કે હિન્દુસ્તાન પણ વિજ્ઞાનમાં પોતાનો યોગ્ય ફાળો આપી શકે એમ છે. વળી, અહિંની વિચિત્ર પ્રકારની રમતો તેમજ અંગબળ પણ દુનિયાને બતાવવું જોઇએ. આ દેશનાં તરેહ તરેહનાં પ્રાણીઓ તેમજ દુનિયામાં બીજે ન થતાં હોય તેવાં ખનીજો પણ તે પ્રદર્શનમાં મોકલવાં જોઇએ. વિદ્યાર્થીઓને પણ જગત્‌ની પ્રવૃત્તિ નિહાળવાની આ સારી તક છે. અસ્તુ.

આ લેખ લખવામાં ઘણી મદદ 'મૉડર્ન રિવ્યુ'ના જૂલાઇ અને ઑગસ્ટના અંકોમાં થી મળી છે, તે માટે તેના લેખકોનો અને સંપાદકનો ઋણી છું.

પાટણ.
તા. ૩-૧-૧૯૧૪

રામલાલ ચુનીલાલ મોદી.

# ગાથાસપ્તશતીનો સમસામાયિક સંસાર.

( અનુસંધાન પૃ. ૨૯૬ થી. )

**સૌંદર્યઃ**—સ્નેહનાં પાત્ર થયલાંનું સૌંદર્ય કેવું હતું. પૌરુષ સૌંદર્ય વિશે બીલકુલ માહિતી નથી મળતી. વસ્તુતઃ એનાં શરીરસૌંદર્ય કરતાં એનાં જીવનસૌંદર્યથી સ્નેહનો જન્મ થાય છે. પશુસૃષ્ટિની માફક એને પોતાના શરીરસૌંદર્યથી સ્વયંવર કરવા પ્રવૃત્ત થયલી માદાને આકર્ષવાની નથી. મનુષ્ય તરિકે નસીબદાર છે કે સૌંદર્ય સ્ત્રીમાં જઇ વસ્યું છે અને એને આકર્ષે છે. આ શૃંગારનાં સરોવરમાં નારીસૌંદર્યનું રમણીય દર્શન થાય છે. પહેલું તો એમનું આરોગ્ય અને હૃષ્ટપુષ્ટ શરીર જોઇ આનંદ થાય છે. રગેરગમાં દોડતા લોહીથી શરીરનાં અંગેઅંગ લાલ લાલ થઇ રહેતાં. ગાલ મધૂક પુષ્પ જેવા લાલ, શંખપાત્ર જેવાં સ્વચ્છ–એવાં સ્વચ્છ અને પ્રકાશિત કે એમાં ચંદ્રનું પ્રતિબિમ્બ દેખાતું; હથેલીઓ પ્રવાલાંકુર જેવી લોહિત અને સ્નિગ્ધ; વગેરે. દુઃખાદિથી શરીરનું લોહી ઉડી જતું ત્યારે રક્તિમા જતી રહેતી અને પાંડુતા આવતી.

સ્ત્રીશરીર જોતાં થયલી સમગ્ર અસરનું વર્ણન એકે ગાથામાં નથી. અલબત એ લાવણ્યના મોહનું સુંદર વર્ણન એકમાં છે.

**यस्य यत्रैव प्रथमं तस्या अङ्गे निपतिता दृष्टिः ।**
**तस्य तत्रैव स्थिता सर्वाङ्गं केनापि न दृष्टम् ॥**

આપણાં અનેક શાસ્ત્રોમાં વીગતો પર એટલું બધું લક્ષ આપવામાં આવે છે કે સમગ્ર વિષયનું એકી નજરે અવલોકન કરવું રહી જાય છે. સુંદરતાનાં વિવિધ અંગોનું દર્શન વિવિધ સ્થળે થાય છે પણ સુંદરતા એટલે શું એ પ્રશ્ન અચર્ચિત રહે છે.

અંગનાં છૂટાં છવાયાં વર્ણનો સ્થળે સ્થળે વેરાયલાં છે. શિરીષ પુષ્પ સાથે અંગ, ચંદ્ર અથવા કમલ સાથે મુખ, અશોકપલ્લવ કે પ્રવાલાંકુર સાથે હથેલી સરખાવવામાં આવેલાં છે. આંખનું એક ગાથામાં 'પક્ષ્મલ ધવલાનિ દીર્ઘકૃષ્ણાનિ' એવું વર્ણન છે. બીજે કુવલયદલ સાથે સરખાવવામાં આવી છે. સ્નાન પછી આંખ આતામ્ર થતી એવું પણ વર્ણન છે. કર્ણલગ્ન આંખ સુંદર લેખાતી. અધરનો રંગ અરુણ કહેવામાં આવ્યો છે. જલથી ભરેલા જલધર પછવાડેથી દેખાતા ચંદ્ર માફક નીલકંચૂકમાંથી સ્તન દેખાતાં.

અવયવોનાં સૌંદર્ય અને સૌષ્ઠવ બતાવવા વપરાયલી ઉપમાઓનાં ધોરણો નિરનિરાળાં છે. આકાર, રંગ કે પ્રકાશનું ધોરણ જૂદી જૂદી રીતે અખ્ત્યાર થયલું હોય છે. ઉપમાન કમલ હોય ત્યારે ધોરણ રંગનું અને કોમલતાનું હોય છે; ચંદ્ર હોય ત્યારે ઘણું ખરૂં આકારનું, જવલ્લેજ પ્રકાશ કે રંગનું.

**गमिष्यसि तस्य पार्श्वं सुन्दरि मा त्वरस्व वर्धतां मृगांकः ।**
**दुग्धे दुग्धमिव चन्द्रिकायां कः प्रेक्षते मुखं ते ॥**

પરથી તેમજ ઉપરનાં પરિચ્છેદમાં વર્ણવેલી હકીકત પરથી એવું લાગે છે કે તે કાળનાં ગામડાંઓમાં પણ સ્ત્રી શરીર ઉજળું હશે. દક્ષિણીઓને દ્રવિડ ઠરાવતાં આ ધ્યાનમાં લેવા જેવું છે. તેમના ગોરા દેહપર કાન્તે કરેલા દંત કે નખક્ષતથી નીકળેલું લોહી જોનારને સિન્દુરિત શંખપાત્રનું ભાન કરાવતું. નારીદેહવર્ણનમાં આકાર કરતાં રંગનું સૌંદર્ય વિશેષ આકર્ષક હશે એવો ગાથાકારોનો અનુભવ છે.

રાતા પાટલના સુગન્ધ સાથે સ્ત્રીમુખના શ્વાસની સરખામણી કરવામાં આવી છે. આખા શરીરમાં રંગ અને રૂપના લાવણ્યનું જેવું મનોહર દર્શન થતું તેવું તેમાંથી ફુટતી સુવાસથી બ્હેક બ્હેક થઇ રહ્યાનું વર્ણન નથી.

પણ આ સૌંદર્યસૌષ્ઠવ ફક્ત કામુકતાની જ દૃષ્ટિએ જોવાયલું છે, એકનિષ્ઠસ્નેહી કે ભક્તની દૃષ્ટિએ જોવાયું હોતતો નવું જ અલૌકિક દર્શન થાત.

**કેળવણી અને સંસ્કારિતા**:—કેળવણી કેવી હતી ? તે મેળવવાનાં સાધનો કેવાં હતાં ? ઉપાધ્યાય હતો એવું કોઈ એક ગાથા પરથી પ્રતીત થાયછે. તે સિવાય કેળવણી મેળવવાનાં સાધન વિશે કાંઈ જણાતું નથી. સ્ત્રીઓ પણ પતિને કાગળ લખતી, અને કાવ્ય રચતી, નૃત્ય અને આલેખ્યમાં કુશળ લેખાતી. આલેખ્યમાં વાતકા અને ફલક વપરાતાં એટલે શિક્ષણની વ્યવસ્થા હશે. સ્ત્રીપુરૂષ ઉભયને માટે.

કેળવણીથી જીવન ઉત્તમ રીતે સંસ્કારી (cultured) થતું. એ સંસ્કારિતા આખા ગાથાસંગ્રહમાંથી ફુટી નીકળે છે. સ્ત્રીજીવનમાં એ કેવા વ્યાપી રહી હતી તે જોવા કેટલીક સ્ત્રીરચિત ગાથાઓ આપવામાં આવી છે.

તે જમાનામાં એ સ્થળે મુખ્યત્વે કવિતા રચાતીઃ રાજદરબારમાં રાજાની પ્રશંસા અને ખુશામત કરવા અથવા ગમ્મત વિનોદના પ્રસંગે કવિતાથી આનંદ પામવા આથી નિરાળી સ્થિતિમાં કાવ્યનાટક આદિ સાહિત્યનો જન્મ ન્હોતો થતો એમ કહેવાનો આશય નથી પણ ઉકત સ્થળે કવિતાની ઉત્પત્તિ થવાથી ટુંકી અને પ્રાસંગિક રચના—મુક્તકના જેવી અતિશય પ્રચારમાં આવી હતી. આવી રચનાનું વિશાળ સાહિત્ય તે કાલે ફુલીફાલી રહ્યું હતું. તેમાંથી નવનીત તારવી હાલે આ સંગ્રહમાં તેમનાં બહુજ અલ્પાંશને નાશ પામતું બચાવ્યું છે. આ સંગ્રહમાં બધી પ્રાસંગિક ઉક્તિઓ જ છે કે કોઇ મ્હોટા લેખોની છૂટી પાંખડીઓ લઈ ગુચ્છ ગૂંથવામાં આવ્યો છે એ નિરાકરણ થઇ શકે એમ નથી.

પિતામ્બર નામના ટીકાકારે દરેક ગાથાના પ્રણેતાની નામાવલિ આપી છે પણ અફસોસની વાત છે કે એમની ટીકા ખંડિત પ્રાપ્ત થઇ છે. એટલે બહુ જ થોડી કવિઆણી વિશે આપણને પરિચય થાયછેઃ રેવા, પહઈ (પ્રહતા ?), વદ્ધાવહી, અણુલચ્છી, રોહા, અસુલદ્ધી, માહવી, સસિપ્પહા (શશિપ્રભા) નાં નામ પિતામ્બરની ટીકા આપે છે.

એમનાં કવનનું દિગ્દર્શન નીચે પ્રમાણે છે.

૧. રેવાની ગાથાઓ પ્હેલા શતકમાં છે. સંખ્યા ૮૭ અને ૯૦ ની છે.

**अवलम्बितमानपराङ्मुख्या आगच्छतो मानिनि प्रियस्य ।**
**पृष्ठपुलकोद्गमस्तव कथयति संमुखस्थितं हृदयम् ॥ १,८७ ॥**

किं तावत्कृता अथवा करोषि करिष्यसि सुभगेदानीम् ।
अपराधानामलज्जाशील कथय कतरे क्षम्यन्ताम् ॥ १,९० ॥

૨. પહઈની ગાથા:

एकं प्रहारोद्विग्नं हस्तं मुखमारुतेन वीजयन् ।
सोऽपि हसन्त्या मया गृहितो द्वितीयेन कण्ठे ॥ १,८६ ॥

૩. પ્હેલા શતકની સીતેરમી ગાથા,

ग्रीष्मे दवाग्निमषीमलितानि दृश्यन्ते विन्ध्यशिखराणि ।
आश्वासिहि प्रोषितपतिके न भवन्ति प्रावृडभ्राणि ॥ १,७० ॥

વઢ્ઢાવહીને નામે કોઈ ચડાવે છે તો કોઇ તે અનુરાગ નામના કવિનીકૃતિ ગણે છે. સંગ્રહ થયા પછી ઘણે વર્ષે દંતકથા અથવા એના જેવાં સાધનો પરથી રચનારનાં નામ ગોઠવાય ત્યારે આવો ઘોટાળો થવા સંભવ છે.

૪. ત્રીજા શતકમાં અણુલચ્છીની ચાર ગાથાએ છે:

यत्तव सती जाया असत्यो यच्च सुभग वयमपि ।
तत्किं स्फुरतु बीजं तव समानो युवा नास्ति ॥ ३,८८ ॥
हसितं सहस्तताल शुष्कवटमुपगतैः पथिकैः ।
पत्रफलानां सदृशे उड्डीने शुकवृन्दे ॥ ३,६३ ॥
नापि तथा छेकरतान्यपि हरन्ति पुनरुक्त रागरसिकानि ।
यथा यत्र वा तत्र वा तथा वा सद्भावस्नेहवरमितानि ॥ ३,७४ ॥
दृढमूलबन्धग्रन्थी इव मोचितौ कथमपि तेन मे बाहू ।
अस्माभिरपि तस्योरसि निखाताविव समुत्खातौ स्तनौ ॥ ३,७६ ॥

૫. રોહાની ગાથા:

येन विना न जीव्यते अनुनीयते स कृतापराधोपि ।
प्राप्तेपि नगरदाहे भण कस्य न वल्लभोग्निः ॥ २,६३ ॥

૬. અસુલદ્ધીની ગાથાએ બીજા શતકમાં છે પણ તે સંબંધી કેટલાક ટીકાકારોને કર્તૃત્વનો સંદેહ છે.

सखि व्यथयन्ति कदम्बानि यथा मां तथा न शेषकुसुमानि ।
नूनमेषु दिवसेषु वहति गुटिकाधनुः कामः ॥ २,७७ ॥
नाहं दूती न त्वं प्रिय इति कोस्माकमत्र व्यापारः ।
सा म्रियते तवायशस्तेन च धर्माक्षरं भणामः ॥ २,७८ ॥

૭. માહવીની ગાથા:

गोपायन्ति ये प्रभुत्वं कुपितां दासा इव ये प्रसादयन्ति ।
ते एव महिलानां प्रियाः शेषाः स्वामिन एव वराकाः ॥ १,९१.

૮. સસિપ્પહાની ગાથા:

यथा यथा वादयति प्रियस्तथा तथा नृत्यामि चंचले प्रेम्णि ।
वल्ली वलयसंगं स्वभावस्तब्धेपि वृक्षे ॥ ४,४ ॥

આ ગાથાઓમાં એક અપવાદ સિવાય દંપતીસ્નેહનું ભિન્ન ભિન્ન રીતે કવન છે. નારાહૃદયમાંથી નીકળેલા એ કવનમાં કેટલીક વખત અતિશય રૂચિરતા, મધુરતા અને ભાવત્વ આવી ગયાં છે. શાર્ઙ્ગધરપદ્ધતિ પ્રભૃતિ સંસ્કૃત કાવ્યસંગ્રહોમાં સ્ત્રીઓને નામે જે સંસ્કૃત કવન જોવામાં આવે છે તેનાં કરતાં સર્વ રીતે આ કવન ચડીઆતું છે, એટલું જ નહિ પણ જે શૃંગારની નિર્લજ્જતા પુરુષોનાં કવનમાં ઓતપ્રોત થયલી નજરે પડે છે તે જેટલા સ્વરૂપમાં સંસ્કૃતમાં કવન કરનારી સ્ત્રીઓનીકવિતામાં પ્રગટી જુગુપ્સા અને ખેદ ઉત્પન્ન કરેછે તેથી બહુજ ઓછા સ્વરૂપમાં શૃંગારની એવી છાંટ ગાથાઓમાં હોવાથી આનંદની ક્ષતિ નથી થતી.

રાજદરબારમાં રોજ પ્રશંસા અથવા ખુશામત માટે સ્ત્રીઓ કવિતા કરતી હતી? તામિલ કવીઆણી અવ્વાઈ જેવી આંધ્રભૃત્યોના દરબારમાં હતી? છઠ્ઠા શતકની ૯૫ મી ગાથામાં એક કવિ સેવાકુશલા સ્ત્રી પાસે રાજાનું શૌર્ય વખાણાવે છે:

विषमस्थित पक्वैकाम्रदर्शन तव शत्रुगृहिण्या ।
कः को न प्रार्थितः पथिकानां डिम्भे रुदाति ॥ ६,९५ ॥

આ ફક્ત કવિકલ્પના જ છે કે વસ્તુ સ્થિતિનું દર્શન છે?

**પરચુરણ.**—લગ્ન વખતે મંગલગાયિકાઓ ગીત ગાતી—આપણી જાંદરણીઓની માફક. લગ્ન પછી ચાર દિવસ વર સાસરે રહેતો અને ચતુર્થીમંગલ પછી પોતાને ત્યાં આવતો. આ દિવસોમાં બ્રહ્મચર્ય પાળવાની શાસ્ત્રાજ્ઞા છે, પણ તે પળાતું હોય એવું ગાથાસપ્તશતીપરથી નથી લાગતું. જમાઇને માટે સાસરે 'જૂદાં સુવા'ની વ્યવસ્થા, જ્યારે તે ત્યાં જતો આવતો, ત્યારે થતી એવું એક ગાથાપરથી જણાય છે.

મરણોત્તર ક્રિયાઓ કેવી રીતે અને કઈ થતી? ફક્ત ચિતામાંથી હાડકાં એકઠાં કરવાનો પ્રસંગ ઉપમાન તરિકે વપરાયો છે.

દીકરાઓ બાપનું દેવું આપતા.

લડાઈ વિશે થોડાંક છુટા છવાયા ઉલ્લેખ છે. હથીઆરમાં ધનુષ્યબાણ અને ભલ્લનો વપરાશ જોવામાં આવે છે. અનેક યુદ્ધમાં ખમેલા વ્રણથી શોભતા સિપાહીનું વર્ણન છે. લડાઇમાં સામાંવાળાનાં માણસોને કેદ પકડવામાં આવતાં. સ્ત્રીઓને પણ કેદી કરવામાં આવતી. મ્હોટાં યુદ્ધોની કહાણી ગાથાઓમાં નથી. ધાડપાડુઓની સ્હામે થવાનાં પ્રસંગો

નોંધાયલા છે. પણ આ સર્વ શૃંગારને આધીન–શૃંગારનું પ્રસ્ફોટન કરવાનાં ગૌણ ઉદાહરણું તરિકે જ નોંધાયલું છે. ગાથાસપ્તશતી વાંચતાં મરેઠાઓનાં વીરત્વ કરતાં કામુક્તાનું વધારે ભાન થાય છે.

ગામમાં આગ લાગતી ત્યારે ગ્રામનિવાસીઓ સર્વે એકઠા થઈ આગ હોલવતા. ચાણક્યના અર્થશાસ્ત્રમાં દરેક ઘર આગળ આગ માટે પાણી ભરી રાખવાની આજ્ઞા છે. પણ આગથી બહુ નુકશાન થતું હશે. ગ્રામદાહ એ બહુજ ભયંકર આસમાની સુલતાની લેખાતી હતી.

ચોરને સ્મશાનમાં ઝાડપર ફાંસી દેવામાં આવતો. દીવ્યથી નિર્ણય કરવાનો પણ રીવાજ હતો. ' કોષપાન ' નામનાં દીવ્યની હકીકત પાંચમા શતકની ૪૮ મી ગાથામાં છે.

જમીનમાં દાટેલા ધનના ભંડારની સાપ રક્ષા કરતા એવું મનાતું.

રાશિ નામના માપનો ઉલેખ છે.

રણજીતરામ વાવાભાઈ.

# ખંભાત શબ્દની વ્યુત્પત્તિ તથા તેજ શહેરના શ્રેષ્ઠિ ઋષભદાસે કરેલું અકબરનું તથા ચિતોડના ઘેરાનું વર્ણન.

ખંભાત પ્રાચીન નગર છે, સિદ્ધ નાગાર્જુને પારદનું સ્તંભન કર્યું તેથી તેનું નામ સ્તંભન નગર પડ્યું. થંભણનગર, થંભનગર, ખંભ, ખંભપુર, સ્તમ્ભતીર્થ, સ્તમ્ભપુરી, સ્તમ્ભતીર્થનગર, ખંભાયત, ખંભાયતિ, ખંભાતિ, ત્રંબાવતી વગેરે નામો પણ મળી આવે છે. પીટર્સનના પાંચમા રીપોર્ટ, જગડૂચરિત્ર, સોમસૌભાગ્ય, ગુરૂગુણ રત્નાકર કાવ્ય, ગુર્વાવલી, વિજયપ્રશસ્તિ હીરસૌભાગ્ય વગેરે ગ્રન્થોમાં તથા આબુ ઉપરના વસ્તુપાલના લેખોમાં સ્તમ્ભતીર્થ, સ્તમ્ભતીર્થપુર, સ્તમ્ભપુર, સ્તમ્ભન, વગેરે પ્રયોગો આપેલા છે. આ પ્રયોગો સૌના પરિચિત હોવાથી ઉદાહરણો આપ્યાં નથી. સંવત્ ૧૪૧૨ માં રચાયેલા ગૌતમસ્વામિના રાસમાં ખંભનયરિ એ પ્રયોગ કરેલો છે. " ચઉદસઇ બારોતર વર્ષઇ ખંભનયરિ સિરીપાસ પસાઈ " ખંભાયત, ખંભાયતિ, ખંભાતિ, ખંભ અને ત્રંબાવતી એ પ્રયોગો આ રાસમાં વાપરેલાં છે.

ગુરૂનામિ મુઝ પોતી આસ ત્રંબાવતી માંહ્ય કીધો રાસ,
સકલનગર નગરીમાં જોય ત્રંબાવતી તે અધિકો હોય. ॥૯૬૧॥
સકલ દેશ તણો શિણગાર ગૂજર દેશ નર મંડિત સાર,
ગૂજર દેશમાં નગર જબ લહું ખંભાતિ આગળિ હારઇ સહુ.

( આગળ કવિ ખંભાતનું તથા તેના લોકોની રીતભાત, પહેરવેશનું વિસ્તૃત વર્ણન આપે છે. ) તેવીજ રીતે ખંભ, ખંભાયત, ખંભાયતિ વગેરે પ્રયોગો ઘણે સ્થાને નજરે પડે છે. ૧૭૩૧ માં લખેલા એક ગ્રંથના કોલોફોનમાં પણ ખંભાતિ એવો પ્રયોગ કરેલો છે " **संवत् १७३१ वर्षे वैशाख वदि ६ दिने भट्टारकश्री ५ पद्मचंद्रसूरि**

**विजयराज्ये........................श्रीरस्तु........................श्रीखंभाति मध्ये.** સંવત્ ૧૪૮૦ થી ૯૦ ના અરસામાં રચાયેલા એક સ્તવનમાં ખંભાઇતિ એવો પ્રયોગ છે. "પાટણિ ખંભાઇતિ પાસનાહ ધડલી ધોધા પુરતઇ સણાહ." કાન્હડદે પ્રબંધમાં ખંભાતયનું ખંભાઇત એવું પાઠાંતર છે. સં. ૧૫૫૮માં રચાયલા ગજસકુમાર સ્વાધ્યાયમાં પણ ખંભાઇત એવો પ્રયોગ છે " ઇણિપરિ પનર અઠાવનઇ ખંભાઇત માંહિ થંભણ પાસ પસાઉલઈ રચિઉં ઉચ્છાહિં. આ ઉપરાંત " Tuzak-i-Jahangiri or memoirs of Jehangiri" (Beveridge ૪૧૫–૧૬)માં ખમ્ભાવતી એવું નામ સ્પષ્ટ આપેલું છે. જહાંગીર આ નામ વિષે લખતાં જણાવે છે કે પૂર્વે રાજા ત્ર્યંબકકુમાર મૂળ આ શહેરનો રાજા હતો તે ઉપરથી ત્રંબાવતી એવું નામ પડયું. તેના પછી કેટલેક વર્ષે રાજા અભયકુમાર ગાદી ઉપર આવ્યો; તેના વખતમાં મોટા ઝંપાપાતથી શહેરની પાયમાલી થઇ; રાજાને તેની કૂળદેવીએ સ્વપ્નામાં ચેતાવ્યો તેથી મૂર્તિ સહિત વહાણમાં નીકળી ગયો. આની સાથે એક થાંભલો હતો. વહાણ ભાગ્યું પણ થાંભલાને લીધે રાજા સહીસલામત કીનારે આવ્યો. થાંભલાથી પોતાની જીંદગી બચી તે ઉપરથી નવું શહેર વસાવીને તેમાં થાંભલો રોપીને તેનું નામ ખંભાવતી પાડયું. હવે આપણે જોઇશું કે ખંભાઇતિ એ સ્તંભાવતીનો અપભ્રંશ છે કે કેમ અને તેમ હોય તો તે વ્યાકરણ પુરઃસર છે કે કેમ ? **स्तंभे स्तो वा** (૮–૨–૮) એ સૂત્રથી થાંભલાના અર્થમાં ખંભ અને થંભ એવાં રૂપ થાય છે. સ્તંભ એટલે અટકી જવું એ અર્થમાં **थ–ठावस्पंदे** એ સૂત્રથી પારદનું સ્તંભન થયું એવો અર્થ લઇએ તો પણ થંભ એવો પ્રયોગ થાય છે. શરાદિગણમાં સ્તંભ શબ્દને ગણેલો નથી. પણ હેમાચાર્યે **अनजिरादिबहुस्वरशरादीनां मतौ** (૩–૨–૭૮) એ સૂત્ર ઉપર જણાવે છે કે શરાદિ આકૃતિ ગણ છે ( **शरादिबहुवचनमाकृतिग्रहणार्थम्** ) ગણ રત્ન મહોદધિમાં પણ શરાદિ આકૃતિ ગણ ગણેલો છે તેથી દીર્ઘ સિદ્ધિ થાય છે. **आलिवल्लोल्लालवन्तमन्तेत्तेरमणा मतोः** (૮–૨–૧૫૯) એ સૂત્રથી **मतुप्**નો ઇત્ત એવો આ દેશ થતાં ખંભાઇત એવું રૂપ સિદ્ધ થાય છે; અને તે ઉપરથી ખંભાઇતિ, ખંભાયતિ, ખંભાયત, ખંભાત એવા પ્રયોગો થયા. સ્તંભતીર્થનો અપભ્રંશ તો ખંભતિત્થ એવો થાય અને સ્તંબનું **स्तस्य थोऽसमस्तस्तम्बे** (૮-૨-૪૫) એ સૂત્રથી તમ્બ એવું રૂપ થાય.

( २. )

સંસ્કૃતમાં અકબર બાદશાહના પ્રતિબોધક હીરવિજયસૂરિના ચરિત્રના હીરસૌભાગ્ય, વિજયપ્રશસ્તિસાર, જગદ્ગુરૂ કાવ્ય વગેરે ગ્રંથો છે. આ ગ્રંથોમાં સાંપ્રદાયિક બાબતો ઉપરાંત ઐતિહાસિક ઘણી બાબતો મળી આવે છે. ગુજરાતી ભાષામાં પણ ઉક્ત મહા પુરૂષના જીવનચરિત્રના રાસો છે. તેમાંનો એક ખંભાતના શ્રેષ્ઠિ ઋષભદાસે બનાવેલો રાસ બહુ સારો છે. આ રાસનું પ્રમાણ ૪૮૨૫ શ્લોકોનું છે અને તે સં. ૧૬૮૫ (ઈ. સ. ૧૬૨૮) માં પૂરો કરવામાં આવ્યો હતો. આ રાસમાં ગુજરાત તથા અન્ય દેશોની ઉપર્યુક્ત સંસ્કૃત કાવ્યો કરતાં ઘણી વધારે ઐતિહાસિક તથા દેશવર્ણન વિષયક માહિતી આપેલી છે; કવિ અકબર બાદશાહની સમૃદ્ધિનું તથા ચિતોડના ઘેરાનું કેવું વર્ણન કરે છે તે જોઇશું ( ઉપર્યુક્ત જગદ્ગુરૂ કાવ્યમાં પણ ચિતોડ તથા મંદોસરના ઘેરાનું અતિ રસદાયક વર્ણન આપેલું છે.) આ રાસ છપાયેલો નથી પરંતુ તેની ૧૭૫૨ માં લખેલી એક પ્રત ઉપરથી નીચેનું ઉતારવામાં આવે છે. જોડણી લેખકનીજ કાયમ રાખી છે. ઐતિહાસિક સત્યતા વાચક પોતેજ વિચારશે.

### ચોપઇ.

આપ વિચારઇ સહુકો ત્યાંહિ, મેટા પાતશા દુનીઆ માંહિં;
પાતશા બાબર હુમાયુ નંદ, અકબર ઋદ્ધિ જાણે ચંદ. ૬૯૯
સોલ સહિસ ગજ જેહનિ વારિ, અહિરાવણ સરિખા તે ધારિ;
નવલખ હિંવરકેરી હારી, તરૂણ અશ્વ સરખા તે ધાર. ૭૦૦
રથ રૂઅડા જસ વીસ હજાર, દીનકર રથથી અધિક અપાર;
અઢાર લાખ પાયગ પરિવાર, તોબર ગરજ હાથે હથીઆર. ૭૦૧
ચઉદ હજાર દીસઇં જસ હરણ, સોમકુરંગ તણો તે વરણ;
બારહજાર જેહનિં ચીતરા, વાઘ પંચ સહિ જેહનિં ખરા. ૭૦૨
સતર હજાર શક રાજસ લહું, બાવીસ હજાર બાજ જસ કહું;
અગ્યાર હજાર ગ્યવરી જસમાન, સાત હજાર તાની કરઈં ગાન. ૭૦૨
કરણ સમો નહી ઓર કોઇ દાન, ચક્રી સમ નહી ઓર નીધાન;
અકબર સમ નહીં કોઉ સુલતાન, તાનસંગ સમો નહી તાન. ૭૦૩

### દુહા.

બિધનાં એ બિધિ જાનકિં, સેસ નદીને કાન;
મેર સહિત જગડો લહી સુણી તાનસંગકો તાન. ૭૦૪

### ચોપઈ.

તાનીતાન કરઇજ અપાર, પંચ સહિયા પંડિત જસ સાર;
પંચ સહિયાં મોટા પરધાન, વીસ હજાર લેખ ધધર નામ. ૭૦૬
દશ હજાર મોટા ઉંબરા, આજમખાન સરીખા ખરા;
ખાનખાનાનિ ટોડરમલ સેખ, અવજલફજલ તે ભલા. ૭૦૭
બીરબલિનિ અત્યમીતખાંન, ખાન કતબ દીસ બલ ગુંમાન;
સાહિબખાન મોટા ઉંબરો, ખાનસાહઇં બદા આવઇં ખરો. ૭૦૮
તલાખાન કરઈં તસલીમ કલાખાન નવિ લોપઇ સીમ;
હાશમ કાશમ નવરંગખાન, ગુજરખાન પામઈં બહુ માન. ૭૦૯
પરવેજખાન પાદશાહનિ સગો, દોલતખાન તેં સાથિ લગો;
નીજાંસદીઇ હિમદ કહઇવાય, સાહો સમસ્ની સાચો ન્યાય. ૭૧૦
અનેક ઉંબરા અશા અપાર, નાના ઉંબરાનો નહિ પાર;
અસતવેગનિ કલ્યાણરાય, સાહા અકબરના શેવઈં પાય. ૭૧૧
હૂઆ પાતશા કેતી કોડિ, પિણ નહી અકબરશાહાની જોડિ;
ઇહઇમદ મિસુદ શકંદર જેહ, સુલતાન તારા કહીઈં તેહ, ૭૧૨
આલાદીન હુઓ જાસ્તી, વડો મહુફર પૃથ્વીપતી;
બલષ પાતશા અત્યહિ ઉદાર, જેહની સહેલી સોલ હજાર. ૭૧૩
તીલંગ બાબર હુમાઉ જુઓ, અકબર સરીખઉ કોઇ ન હુઓ;
અનેક દેશ લીધા જેણઈં ચંગ, અંગબંગનિ કુલિંગ. ૭૧૩

ગોડ વોડ તીલંગ માલવો, સોરઠ દેશ જસ પોતિ હવો;
ગુજર કુંકણુનિં મલબાર દખણ દિસ જસ પોતઇ સાર. ૭૧૪
ખોરાસાંન કાબિલ મુલતાન, ખાંનદેશનો તું સુલતાન;
લાટ ભોટ વાગડ ભંભેર, કચ્છ દેશ કર્યો જેણઇ જેર. ૭૧૫
કરનાટિક મારૂ મેવાડ, દુરિ કર્યા જેણઇ ડુબી ચાડ;
જાલંધર દીપકનિ શંધ મોટા રાજ કર્યા જેણઇ બંધ. ૭૧૬
મગધ દેશ કાશી નેપાલ, કોશલા દેશનો તું ભૂપાલ;
અનેક દેશ તુજ પોતઇ બહુ, વિષમાગઢ તિં લીધા સહુ. ૭૧૭
ચિત્રકોટિ તિં દીધી ડોટ, લીધો કુંભલમેરનો કોટ;
પાવો જુનોગઢ આ શેર, જીત્યા કોટ વાજંતે ભેર. ૭૧૮
જેણિં નગરી નગર અનેક, જેહનિ પાટણનો નહિં છેક;
જલવટ થલવટ થઇ અજવાય, અશાં નગર કેતાં કહિવાય. ૭૧૯
નાહનાં નગર વસઇ બહુ ગામ, બોલે અકબરના ગુણ ગ્રામ;
નગર વેલાઉલ સાયર તીર, જેનિં ચોગમ ફરતાં નીર. ૭૨૦
અનેક દીપ જેહનિં પણિ કહું, તે પાછલિ જલ ફરતાં લહું;
મલેછતણી રાજધાની ધણી, તે સઘલી કીધી આપણી. ૭૨૧
રત્ન સોવનના આગર જાણ્ય, રૂપું ત્રાંબું લોહની ખાણ્ય;
સપત ધાતની ખાણિ જસ હોય, જસ ઋદ્ધિ પાર ન પામઇ કોય. ૭૨૨
સોલ હજાર સૂખા સણગાર, પાલખીઓ જસ પનર હજાર;
આઠ હજાર દદામાં જોય પાંચ હજાર મદનભેર હોય. ૭૨૩
સાત હજાર સોભતી ધજાય, પાંચ સહસ બદ બોલિ જાય;
ત્રણિ સિહસ છંદ અછઇ જસ વડા, ત્રણ સહસ હસઇ મધપકી પરગડા. ૭૨૪
સહસ ચોરાસી જાસ તલાર, સોલ સહ્યાં જેનિ સુતાર;
છયાસી નર ભૂષણ ત્યાંહાં ધરઇ, છયાસી નર મરદની આશિરઇ. ૭૨૫
ત્રણ સહ્યાં ધરઇ તે શાસ્ત્ર, ત્રણ સહિયાં વાગિ વાજીંત્ર;
નમઇ ખાન મોટા ઉંબરા, સેવઇ હિંદુ રાજા ખરા. ૭૨૬
સેવઈ રજપૂત વડાના પૂત, સેવઈ મુગલ હબેસા પૂત;
રૂમી રોહલા અંગરેજ, સકલ ફિરંગી માનિ તેજ. ૭૨૭
ગરાસીઆ ચાલઈ સંઘાતિ, મહિંતર કેરી કેતી જાતિ;
પાંડવ નર નગર કુંતાર, ભોઇ કાવડીઆ પ્રતિહાર. ૭૨૮
મલ ઘણા જસ ઝાઝા દૂત, કલિઇ ન જાય એ ઘર સુત;
મહીષ પંચ સહસનું માન, વીસ હજાર જસ મોટા સ્વાન. ૭૨૯
કુરકટ પારેવા નહી પાર, પાપી વાઘરી વીસ હજાર;
મંસ ભખીસ્યું જાણઇ ધર્મ, સાધ તણી સ્યું રાખે શરમ. ૭૩૦
કોસે કોસે તેહ પ્રસીદ્ધ, જેણેઇ એક હજીરો કીધ;
ચઉદસઇ ચોદ હજીરા કરઇ, ઉપરિં હરણનાં શિંગડાં ધરઈ ૭૩૧

પાંચ સહિ પાંચતો સીધડાં જોય, અનેક હજીરઈ તે પિણ હોય;
એકઈ દાંતની દાઢા ધણી, બલ ઋદ્ધિ દેખાડે આપણી. ૭૩૨
કૂઓ દસ ગાઉઈ એક શરાહિ, કુઓ એક કીઓ તેણઈ ઠાહિં;
રોપ્યાં ઝાડ તિહા અભીરામ, માંની આપણુ જણાવઇ નામ. ૭૩૩
હરણ ચરમનિ સેંધડા હોય, એક મોહોર સોનાની જોય;
બત્રીસ હજાર ઘર શેખનાં જ્યાંહિ, એવું લહણઉં કીધું જ્યાંહિ. ૭૩૪
મોટા પાતશા એ દુરદાંત, જ્યારે દેશ સાધેવા જાત;
ચકવી દુખ પામિ નીજ જાતિ, ઉડઈ ખેહ પડી લહઈ રાતિ. ૭૩૫
અસતી ઘૂક ખુશી તે હોય, તસકર લેણીઆ હરખ્યા જોય;
ષેંહિં ઢાંક્યાં સુરનિં વંદ, પોયણી પંખીના મુખ મખ. ૭૩૬
આકાશ સૂર ઢંકાયો જસિં, પ્રતાપ રૂપ સૂર ઉગ્યો તસઇં;
જસ રૂપીઓ કીઓ ત્યાંહાં ચંદ, અકબર ગાજી જસ્યો ગયંદ. ૭૩૭
સકલ દેશના રાજા જેહ, છાઈ સૂર મ્હા દે ખઇં તેહ;
મનસ્યું ચિંતઇ હોસ ઇષિઅ, દીસઇં છઇં અકબરનો જેઅ. ૭૩૮
સંગ્રામિં જય એનિં સદા, પાપ થકી નવ બીહઇં કદા;
ચિત્રોડ લેતાં પાતગ થઉં, એકિં જીભઈ ન જાઇં કહિઉં; ૭૩૯
લીધો ગઢ નવી જાઇં જસીં, યંત્ર ઢીકલી કીધી તસિં;
નાંખઈ ઉછાલીનિં પાહાણ, ગઢમાં પડતો હણઇં પરાણ. ૭૪૦
ગઢ તોહઇં લીધો નવી જાય, બહુ માનવનો ખય તીહા થાય;
પાછો અકબ્બર નહીંઇં પાય, વઢઈ સબલ ચિત્રોડોરાય. ૭૪૧
અકબ્બર રહઈ ગઢ ઘેરો કરી, મુગલ ઇત ગઢ પાછલિ ફરી;
ઉપરથી મુંકઇ નરનાલિ, ઘણા પુરૂષ મરઈ સમકાલિ. ૭૪૨
ગજ ઘોડા માનવ જે મરઇં, તેનિં ગઢ ખાઇમાં ભરઇં;
ઉપરિ સુરનર ચાલ્યા જાય, પોલિં જઈ દીધઇં ઘણુ થાય. ૭૪૩
ઉપરથી નાંખિ નર પાહાણ, હણઇ ઘણા પુરૂષના પ્રાણ;
અકબરશાહ પાછો નેવિ વલઈ, ચક્રી ભરત જીમ લડત ન ટલઈ. ૭૪૪
વઢઈ ગુમાની અકબર સ્યાહિ, ગઢ ચિત્રોડ ન લીધો જાય;
હિંદુ તરક ન આપઈ નમી, કરઈ ઉબરા વાત ત્યાંહાં સમી. ૭૪૫
બેટીમાલા ગજ ઘોડા દેહ, વલોપાત શાખજ મતિ લેહ;
મન મનાવ્યૂં પાતસા તણૂં,:માણુસ મોકલ્યું ગઢિ આપણું. ૭૪૬
જઇ રાણાનિં કર્યો જુહાર, પ્રથવી સીદ કરો ખુઆર;
દીજઈ ધેહ ખજમતી ધણી વઢી ફોક હસ્યોરે વણી. ૭૪૭
જયમલ પતા પાસઈ પરધાન, દૂત તણાં છઈ કાપ્યા કાન;
કર્યો ફજેત દીધું અપમાન, ગજ પાતશાની નાઠી શાન. ૭૪૮

માગી બેટી હસતીમાલ, ન દેઉં મરતગ તણો મુંઆલ;
આપી જીવ્યું ધીકાર, બાલ્યો હિંદુનો અવતાર. ૭૪૯

દુહા.

એકપતિનિં વલી પાણિમું, રાખી સકઈં ત્યાહા રાખિ;
જે ઉતર્યું અધપાઇ કહી, તે ન ચઢઈં નર લાખિ. ૭૫૦
બાલિ નનામું જીવીઉં, ભલી સમામી ભુખ;
માથું જાઓ નાકસ્યું, નાકમ જાસ્યો ટુક. ૭૫૧
એક નર મુઆ તે જીવીઆ, જસ કીરતિ જગી સાર;
કીરતિ ખંડી થીર રહ્યા, ધીગ તેનો અવતાર. ૭૫૨

ઢાળ.

ધિગ અવતાર કહુ નર તેનો, જે રણિ કાયર થાઈં;
જા અકબરસ્યાનિ તું કેજે, વઢવું ચોપઢ ધાએ.' ૭૫૩
વલ્યો દૂત તે વચન સૂણીનિં આવ્યો અકબર પાસઈં;
કરણુ દેખાડે કર જોડીનિં પૂરવ વાત પ્રકાશઈં. ૭૫૪
નદીઈં બેઠી કસી દમડી, જયમલ દીઇ તુમ ગાલી;
લડે બીગર ચીતોડ ન આવઇં, બાત કરો સબ ખાલી. ૭૫૫
સુણી પાતશા કોપ્યો ત્યારઈં, હલા કરી જહકારિ;
જલ જાવા નદીઇં ગઢ માહિં, કણુ નાનાકા ભારઈં. ૭૫૬
મહાફરી મઈંમૂંદીઇ અન્ન ચીત્રોડ માંહિ વેચાઈં;
તવ રાજા પરજા ગઢ માંહિ આકલવાકલ થાઈં. ૭૫૭
રાણો ધીરય ખમઇ નહીં ત્યાં કહઇં મુંગલનઈં મલીંઇ;
જયમલ કહઇ નવિ મળીઇ રાજા, વરિ અગ્નિનિં જઈ બલીંઇ. ૭૫૮
તુમ જાયો વઢસ્યું અમ એસ્યું, રાખું ખત્રી લાજે;
જયમલ પતા રહિયા રણુ માડી, છાંડી ગયો મહારાજે. ૭૫૯
જાણ્ઇ વાત અકબરસ્યા જ્યારઈં, ત્યારઈં પુરૂષ હકારઈં;
ગજ મોટા ગાજંતા ત્યાંહિ, પોલઈં માથા મારઈં. ૭૬૦
ભાજી પોલિ ગઢ ભેલો યારિં, હીંદુ હુઆ હોંસીઆર;
સોલ ઝમર હોઈ ત્યાંહા, મોટાં પાપ તણો નહીં પાર. ૭૬૧
ચંદ્રા રૂપવતી રૂદ્રાણી, ચીત્ર કોટની રાણી;
વીરમંતી વાઘેલી બલતીં, હોમઈં અગનિમાં પ્રાણી. ૭૬૨
બહુ નારી સુત સાથીં દાધી, વરણુવતાં દુખ લાગિં;
માહા પાતક જાણિંનિં પંડિત, કવિતા પાછો લગઈ. ૭૬૩
જયમલ પતા ગજ અશ્વ હણીનિં, અકબર સામા ધાવઈં;
વઢતા કિમે ન પાછા ભાગઈં, જે સતખંડએ થાઈં. ૭૬૪

ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ.

# બાલા.*

વીસમી સદીની પ્રથમ વીસીનું મુખ્ય લક્ષણ સ્ત્રીપ્રગતિ છે અને એ સ્ત્રીપ્રગતિનો મુખ્ય પ્રશ્ન સ્ત્રી-હકની લડત તે છે. એટલે આ સૈકામાં સ્ત્રી હીલચાલે પ્રાધાન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે અને સ્ત્રી હકના વિવાદ અને લડતના અંગે સ્ત્રીજાતિના સમાનપણાનો, લાયકાતનો અને ગૌરવનો પ્રશ્ન બહુ પ્રસિદ્ધિમાં આવ્યો છે. સ્ત્રીને રાજદ્વારી હક આપવાના પ્રશ્ન વિશે બે મત છે પણ તેને પુરૂષ વર્ગની સાથે સમાન ગણવાને અને તેની શક્તિનો સત્કાર કરવાને, વિકાસ કરવાને અને તેની ઉન્નતિ અર્થે પ્રયાસ કરવાને સૌ એક મત છે અને તે સુભાગ્યનું સુચિન્હ છે.

સ્ત્રી હીલચાલની શરૂઆત યુરોપમાં ઉદ્‌ભવીને અટકી નથી. તેની અસર ચોતરફ ફેલાઈ છે. સર્વ સ્થળે સ્ત્રીની સ્થિતિ સુધારવાને, તેનું ગૌરવ વધારવાને અને તેના વિકાસ અને ઉન્નતિ માટે સતત્ પ્રયાસ કરવામાં આવે છે, તે ચાલુ ઇતિહાસના વાચકને અજાણ્યું નથી. આજકાલ સ્ત્રી સુધારણા, સ્ત્રી ઉન્નતિ, સ્ત્રી હક અને સ્ત્રી લડતની વાતો ચર્ચાય છે અને તે એટલું આગળ પડતું સ્થાન ભોગવે છે કે જેથી આ સદીના મુખ્ય લક્ષણ તરીકે સ્ત્રી પ્રગતિને નોંધવામાં આવી છે.

આ પ્રગતિનો પડઘો અત્રે પણ સંભળાયો છે અને તેના પ્રતિધ્વનિરૂપે, આ સદીની શરૂઆતથી અમદાવાદમાં સ્ત્રીઉન્નતિ માટે એક સુશિક્ષિત મંડળ **બંધુસમાજ**—તરફથી સારો પ્રયાસ કરવામાં આવ્યો છે.

બંધુસમાજના સભાસદોની ઓળખાણ કરાવવાનો આ પ્રસંગ નથી પણ એટલું તો કહેવુંજ જોઇએ કે તેના સભાસદો ઉચ્ચ અને રમ્ય જીવન ભાવનાઓથી પ્રેરાઇને પોતાનો અવકાશ, સમાજ અને સાહિત્ય સેવાના કંઇક ઉપયોગી થાય એવી કાર્યમાં વ્યતિત કરે છે.

તેમના પુસ્તકોમાં વખતે વિદ્વતાની ખામી હશે, વિચારની અપૂર્ણતા હશે, તે દોષવાળાં હશે, છતાં તે સુંદર આદર્શથી ચિતરાએલાં, નીતિ પોષક અને આશા પ્રેરક જણાશે અને તે આનંદ અને બોધ આપનારાં છે, એવો અનુભવ આપણને થશે. અત્યારની સાહિત્ય સ્થિતિ વિચારતાં, તેમનો પ્રયાસ બહુ સ્તુત્ય છે અને ઉજ્જવળ અને ઉપયોગી વાંચન પૂરૂં પાડવામાં તેમણે સારી મદદ કરી છે. તેમની કૃતિયો લોકપ્રિય નિવડી છે અને તેમને સાહિત્યમાં કાયમનું સ્થાન પ્રાપ્ત થયું છે.

એ રીતે જનસમાજ સમક્ષ ઉચ્ચ અને ઉત્સાહપ્રેરક, જીવનના વિકાસ અને ઉન્નતિ માટે, સુંદર અને ભવ્ય ભાવનાઓ રજુ કરવાનું ઉમદા કૃત્ય બંધુસમાજે કર્યું છે. પણ તે

* કર્તા—રા. રા. રામમોહનરાય જસવંતરાય દેસાઈ, તંત્રી, **સુંદરીસુબોધ**—સુંદરીસુબોધના આઠમા અને નવમા વર્ષની ભેટ. કીમત રૂ. ૧| પૃ. સં ૩૩૬

મંડળનું મુખ્ય અને મહત્વનું ચિરસ્થાયી કાર્ય તો “ સુંદરી સુબોધ” નામના સ્ત્રી સુધારણા અર્થે પ્રયાસ કરનાર એક માસિકની સ્થાપના છે. દશ વર્ષનું ઉપયોગી જીવન પૂર્ણ કરીને, ચાલુ સાલથી તે નવીન અને મોટા કદમાં પ્રસિદ્ધ થવા માંડયું છે અને તેની નોંધ અગાઉ લેવાઇ ગઈ છે. તે માસિકના પ્રથમ વર્ષની ભેટ તરીકે “ યોગિની અથવા સરસ્વતીના જીવન સુવાસ ” નામનું પુસ્તક આપવામાં આવ્યું હતું. લગભગ નવ દશ વર્ષના લાંબા ગાળા પછી તેના અનુસંધાનરૂપે પ્રસ્તુત પુસ્તક–બાલા–આપણને આઠમા અને નવમા વર્ષની ભેટ તરીકે પ્રાપ્ત થયું છે. તેના ગ્રંથકર્તાની ઓળખાણ આપવાની જરૂર પડે તેમ નથી. તેના લેખક–સુંદરીસુબોધના તંત્રી–રા. રામમોહનરાયનું નામ જાણીતું છે. તેમની વિદ્વતાનો આપણને પરિચય છે. એટલે તે સંબંધનો વિશેષ ઉલ્લેખ અત્ર અનાવશ્યક છે.

સ્ત્રીસુધારણા અને સ્ત્રી ઉન્નતિ અર્થે પ્રસિદ્ધ થતાં માસિક પત્ર “ સુંદરીસુબોધ ” માં અને તેના તરફથી ભેટ અપાતાં પુસ્તકોમાં સ્ત્રીજાતિ વિષયક પ્રશ્નો ચર્ચવામાં આવે તે સ્વાભાવિક છે. પણ રા. રામમોહનરાયના પુસ્તકોમાં, ખાસ કરીને તે પ્રશ્નો મહત્વનું અને મુખ્ય સ્થાન પ્રાપ્ત કરે છે. એટલે કે તે પુસ્તકો નવલકથાના પુસ્તકો નથી પણ વાસ્તવિક રીતે સ્ત્રીજીવનના મહાપ્રશ્નોની ચર્ચા કરતા પુસ્તકો છે, એમ કહીએ તો ચાલે. વળી તેપરથી એ વિષયમાં તે કેટલા બધા દિલસોજ અને ઉત્સાહી છે તેનો પણ આપણને સારો ખ્યાલ મળે છે.

સ્ત્રીવિષયક પ્રશ્નો એ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રસ્તુત પુસ્તકનો પ્રાધાન્ય વિષય છે અને તેનું નિરૂપણ અને ચર્ચા તે વિવિધ રીતે અને સારી રીતે કરે છે. પ્રથમ તે આપણી સ્ત્રીઓના અત્યારના જીવન અને તેમની અવનત્ સ્થિતિનો ખ્યાલ જુદાં જુદાં સાંસારિક ચિત્રો આલેખીને આપણી સમક્ષ રજુ કરે છે અને તેની અસરકારક છાપ આપણા મન-પર પડે છે. તે સાથે તેમની સુધારણા અને ઉન્નતિ શી રીતે અને કયે માર્ગે થઈ શકે તે માટે તે કેટલીક વ્યવહારૂ અને ઉદાત્ત વિચાર અને ઉચ્ચ ભાવનાઓવાળી યોજનાઓ રજુ કરે છે. તે સારી અને અમલ કરી શકાય તેવી છે. વળી તે ઉન્નતિને માર્ગે દોરે છે અને જીવનને નિઃસ્વાર્થમય બનાવવાને પ્રેરે છે.

આ પ્રકારની તેમના પુસ્તકની વસ્તુ છે. તે સ્વતંત્ર રીતે યોજવામાં આવી છે. છતાં તેમની વિચાર–શ્રેણી અને લેખન–પદ્ધતિ કેટલેક અંશે સ્વ. સાક્ષરશ્રી ગોવર્ધનરામ કૃત સુપ્રસિદ્ધ ગ્રંથ સરસ્વતીચંદ્રને અનુસરતી હોય, તેવો સ્પષ્ટ ભાસ પુસ્તક વાંચતાં થાય છે. અને તેનો સ્વીકાર લેખક કાંઇક ગર્ભિત રીતે નીચેના શબ્દોમાં કરે છેઃ—

“ તથાપિ સત્યશઃ સ્વ. શ્રીયુત ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના સરસ્વતીચંદ્રની વર્તમાન ગુજરાતી સાહિત્ય ઉપર થએલી સર્વ વ્યાપી અસરમાં બન્ધુસમાજની ગ્રન્થાવળીનો પણ સમાવેશ થઈ જાય છે. ”

પુસ્તકની વસ્તુ શી છે તે જોઈ, હવે નવલકથાના આવશ્યક અંગો–પાત્ર અને વસ્તુ

સંકળના–તેનો વિચાર કરીએ. પ્રથમ વસ્તુ સંકળના તપાસીએ. ખેદ સાથે કહેવું પડે છે કે આ નવલકથામાં વસ્તુ સંકળના જેવું કંઈ નથી. તેનો અભાવ છે અને તે ગ્રંથની મુખ્ય ખામી છે.

સરસ્વતીચંદ્ર માટે કહેવાય છે કે તેમાં અન્ય પ્રસંગો અને વિવાદના વિષયો દાખલ કરીને, અન્યથા રસની જમાવત થઈ વાર્તાનો આનંદ અને મઝા મળત તે ગુમાવાયાં છે, તે ટીકા આ પુસ્તકને ઘણે અંશે લાગુ પડે છે. સરસ્વતીચંદ્રમાં પાત્રની સંકળના હજી એવી રીતે યોજાએલી છે કે છેવટ સુધી તેનો અંત જાણવાને આપણે આતુર રહીએ છીએ પણ આમાં વસ્તુ સંકળના કે રસની જમાવટ જેવું કશું નથી. એક વિદ્વાન વિવેચક જણાવે છે તે પ્રમાણે તેમાં છુટા અને અસંબદ્ધ બનાવોને એકઠાં સાંકળી દેવામાં આવ્યાં છે.

પણ લેખકને આ દોષની ખબર છે. કેમકે "યોગિની" ની પ્રસ્તાવનામાં તે કહે છે કે "ખરૂં જોતાં આ વાર્તા નથી તેમ નવલકથા પણ નથી. પરન્તુ મનુષ્યજીવનનાં ચિત્રો આલેખી, સહૃદય મંડળમાં જન્મ પામેલાં વિચાર કુસુમોથી ત્હેમને શોભાવી, વાચક મહાશયો સમક્ષ કથનીના રૂપમાં તે મૂકયાં છે."

નવલકથાના દ્રષ્ટિબિન્દુએથી વિચારતાં વસ્તુ સંકળનાનો અભાવ એ આ ગ્રંથનો દોષ છે, એમ આપણે આગળ જોયું, પણ લેખકે ગ્રહણ કરેલી પદ્ધતિએ, તપાસતાં તેમાં અન્ય ખુબી આવી છે, તેની અહિં નોંધ કરીશું અને તે ગ્રંથના રસમાં વૃદ્ધિ કરે છે.

સામાન્ય રીતે નવલકથાના ગ્રંથોમાં કલ્પિત વસ્તુ યોજવામાં આવે છે. આજકાલ સેંકડો નવલકથાના ગ્રંથો પ્રસિદ્ધ થાય છે અને તેની વસ્તુ કલ્પનાપર રચવામાં આવે છે. વસ્તુ ઘણાખરી એકજ પ્રકારની હોય છેઃ માત્ર તે જુદાં જુદાં સ્વરૂપોમાં અને વિવિધ રીતે કહેવામાં આવે છે. એટલે પદ્ધતિનોજ ફેર હોય છે. પણ આ પ્રકારની વસ્તુ સ્થિતિ લાંબો કાળ ટકી શકે નહિ. તેને પણ અંત હોય છે.

વળી મનુષ્ય સ્વભાવમાં એવું કંઇક રહેલું છે કે તેની વૃત્તિ વાસ્તવિક અને સાચી હકીકત જાણવા તરફ સહેજે દોરાય છે અને તેને કૃત્રિમ અને કલ્પિત વસ્તુઓ માટે કંઇક અરૂચિ હોય છે.

ન્યુસપત્ર વાંચનારામાંનો મોટો ભાગ ખુન કે ચોરી આગ કે અન્ય ખરા બનેલા બનાવની હકીકત જેટલી હોંશ અને આતુરતાથી વાંચે છે, તેટલી બીજી પત્રમાંની માહિતી-જેને મી. ચેસ્ટરટન કૃત્રિમ અને સંદિગ્ધ હોવાનું જણાવે છે, તે વાંચતો નથી. એનું કારણ ઉપર જણાવ્યા પ્રમાણે, જનસમુહની રૂચિ, સાચી અને સ્વાભાવિક વાતો જાણવા તરફ વિશેષ વળેલી હોય છે.

તેથી નવલકથાની વસ્તુ કલ્પિત કે કૃત્રિમ ઉપજાવી કાઢવાને બદલે તેની યોજના અને સંકળના ખરા અને બનેલા બનાવોપર તૈયાર થાય એ ઇચ્છવાયોગ્ય છે. એ રીતનો ફેરફાર આવકારદાયક લેખાશે.

અને આ પ્રમાણેનોજ કંઇક ફેરફાર રા. રામમોહનરાયે પોતાના પુસ્તકમાં કરેલો દ્રષ્ટિ-

ગોચર થાય છે. તેમાં હિન્દુ ગૃહસંસારના કલ્પિત કે કૃત્રિમ ચિત્રો ઉપજાવી નહિ કાઢતાં દરરોજ બને છે, તેવાં ખરા અને આબેહુબ સાંસારિક દેખાવો તેમણે, તેમની રમ્ય વર્ણન શૈલીમાં આપણી સમક્ષ રજુ કર્યા છે અને તે ચિત્રો તાદશ્ય અને જીવતાં હોય તેવી સ્પષ્ટ છાપ પડે છે. તે સુંદર રીતે આલેખાએલાં છે.

એ છુટક અને અસંબદ્ધ બનાવોના આનંદદાયક દેખાવની પ્રબળ છાપ, આપણા મન-પરથી ભાગ્યેજ ભૂસાશે અને તેનું વખતોવખત સ્મરણ આનંદ અને ગમ્મતનું સાધન થશે.

આ રીતે "વસ્તુસંકળના" ના દોષની ખામી, આ સુંદર અને રમ્ય ચિત્રોના આલેખનથી ઘણે અંશે ઢંકાઈ જાય છે. અને તે ચિત્રોની પ્રબળ અને અસરકારક છાપ પાડવામાં લેખકને મળેલી સફળતાથી તેની કાર્યકુશળતા અને શક્તિ માટે આપણને બહુ સારો અભિપ્રાય થાય છે.

પાત્રની યોજના પણ અમને કંઇક ખામીવાળી જણાય છે. તેમાં દોષ એ થયો છે કે ઘણા પાત્રોને એકીસાથે દાખલ કીધાં છે અને તેથી દરેક પાત્રનું જુદું વ્યક્તિત્વ પૂર્ણ રીતે વિકાસ પામીને સ્પષ્ટ જણાઈ આવતું નથી. રતનરામ અને મંજુલા, પ્રબોધચંદ્ર અને સરલા, નવીન બાબુ અને બાળા, પ્રતાપચંદ્ર અને જગતદાસ, વગેરે અને બીજાં પાત્રોની ગુંથણી એવી ગુંચવાઈ ગઈ છે કે દરેકની જુદી તુલના કરવાનું કામ બહુ મુશ્કેલ થઈ પડે છે. કેમકે તેમનું છુટું વ્યક્તિત્વ સારી રીતે સ્પષ્ટ પડેલું જણાતું નથી અને કેટલેક અંશે તે બીજી વ્યક્તિઓમાં દબાઈ જાય છે. જેમ એક નાના કેનવાસપર સંખ્યાબંધ ચિત્રો દોરવા જતાં, ઉતાવળને લીધે અને તેનું બરોબર માપ ન લેવાયાથી દરેક પાત્રનું ચિત્ર બરોબર સ્પષ્ટ ઉઠતું નથી પણ જેમ ચિત્રકારની કુશળતાથી એકંદરે ચિત્ર રમ્ય અને સુંદર થાય છે, તેવી રીતે આમાં થયેલું માલુમ પડે છે.

પુસ્તકની વસ્તુ શી છે તેની કંઇક નોંધ આપણે શરૂઆતમાં કરી. હવે તે વસ્તુ–વિષય આપણી સમક્ષ કેવી અને શી રીતે રજુ કરવામાં આવ્યો છે, તેનો વિચાર કરીએ.

આપણી સ્ત્રીઓની આધુનિક સ્થિતિ કેટલી અને કેવી અનવત્ છે તે બતાવવાને પ્રથમ તે અગાઉ જણાવ્યા પ્રમાણે આપણા ગૃહ–જીવનના વિવિધ પ્રકારનાં છુટક સાંસારિક બનાવોના ચિત્રો રજુ કરે છે અને તે એવી સારી રીતે રજુ કરે છે કે તે દ્વારા આપણને સ્ત્રીજીવનની ખરી સ્થિતિનો સારો ખ્યાલ બહુ સ્પષ્ટ રીતે મળે છે. વળી તે ચિત્રો એવી કુશળતા અને કારીગરીથી ચિતરાયાં છે કે તેની આપણા મનપર સજ્જડ અને અસરકારક છાપ પડે છે, અને તે સાથે વળી તે ચિત્રો આપણી આંખ સમક્ષ રમ્યાં કરે છે.

હવે તે સ્થિતિ કેવી રીતે સુધારી શકાય અને તેમની ઉન્નતિ માટે કયા માર્ગો લઈ શકાય તેવા છે, તેનો વિચાર કરવામાં આવ્યો છે. તે માટે કેટલીક સાદી અને વ્યવહારૂ પણ ઉન્નત જીવન અને જનસેવાના માર્ગે પ્રેરે એવી યોજનાઓ, જેવી કે, સુંદરીસુબોધ મંડળ અને તેને અંગે–ફરતું પુસ્તકાલય, સ્ત્રી સાહિત્ય અને બાળ વાંચનમાળા તથા અબળા સહાયક ફંડ વગેરે રજુ કરવામાં આવ્યાં છે.

આ યોજનાઓની સરખામણી સરસ્વતીચંદ્રની કલ્યાણગ્રામની યોજના સાથે કરીશું તો જણાશે કે તે એક મનોભાવના છે અને તે મનોરાજ્યમાં વિચરે છે. જ્યારે આ યોજના સાદી, વ્યવહારૂ અને સહેલાઇથી અમલમાં આણી શકાય તેવી છે.

આ બે વચ્ચેનો તફાવત છે. તેવીજ રીતે બંને પુસ્તકોની વિવેચન પદ્ધતિમાં ફેર છે. સરસ્વતીચન્દ્રમાં ઘણાખરા સામાજિક અને સાંસારિક પ્રશ્નોના ગુણદોષની તુલના, પાત્રદ્વારા ઉહાપોહ અને ચર્ચા કરીને કરવામાં આવી છે. તે બુદ્ધિને કસે છે અને તૃપ્ત કરે છે. માનસિક શક્તિઓના વિહાર માટે પૂર્ણ અવકાસ છે. એટલે કે તેનું બંધારણ "બુદ્ધિવાદ" પર રચાયું છે.

આ પુસ્તકમાં રજુ થએલાં પ્રશ્નો બુદ્ધિ કરતાં આપણી લાગણી અને નીતિ ભાવનાને વિશેષ આકર્ષે છે, ઉશ્કેરે છે અને પ્રદિપ્ત કરે છે. તેનું બંધારણ "લાગણી" પર બંધાયું છે. તે મનોમય છે. દાખલા તરીકે તેના પ્રકરણોનાં મથાળાં, જેવાં કે ઉપયોગ કે શણગાર, ઉપભોગની વિષયતા, સંકટ સમાન સન્મિત્ર નથી, અંધકારને શરણે, પ્રકાશની પગલીયે જીવનનો આનંદ વગેરે જેટલાં આપણાં રસભાવ, વૃતિ, લાગણી અને નીતિ-ભાવનાઓને આકર્ષે છે અને અસર કરે છે તેટલાં તે આપણી બુદ્ધિને અસર કરતાં નથી અને તેની તેપર થતી અસર પણ પ્રમાણમાં બહુ ઓછી હોય છે.

આ પુસ્તકની ખામી કે દોષ છે, એમ સમજવાનું નથી. માત્ર તે બે વચ્ચે, તે બેની વિવેચન પદ્ધતિમાં જે ભિન્નતા રહેલી છે, તેજ દર્શાવવાને આ પ્રયાસ થયો છે. કેમકે લેખકે કયી પદ્ધતિ સ્વીકારવી અને કયી વધારે અસરકારક અને ફતેહમંદ નિવડશે તેનો નિર્ણય તે લેખકજ સારી રીતે કરી શકે.

પુસ્તકમાં દોષ તો એ થયો છે કે તેમાં ઘણાં પ્રશ્નો એકી વખતે સામટાં રજુ કરવામાં આવ્યાં છે અને બીજું તેનું સ્પષ્ટ વર્ગીકરણ થયું નથી. તેથી લખાણની છાપ જેવી અને જેટલી પડવી જોઇયે તેટલી સજડ અને અસરકારક પડી નથી. વળી જે વસ્તુનિર્દેશ થયો છે તે એવી કૃત્રિમ રીતે દાખલ થયો છે કે તે વાંચતાં કંટાળો આવે છે. તે યોજના ધીમે ધીમે પાત્રના મુખદ્વારા સ્વાભાવિક અને સરલ રીતે રજુ થઈ હોત તો તે વધારે પસંદ પડત અને લોકપ્રિય થાત. તેને બદલે વસ્તુને પ્રાધાન્ય સ્થાન પ્રાપ્ત થયું છે અને પાત્ર તે માટેજ ત્યાં રજુ કરવામાં આવ્યાં છે એવો કંઇક ખ્યાલ આપણને આવે છે. અને ને તે અસ્વાભાવિક અને કૃત્રિમ જણાય છે.

વળી કેટલેક સ્થળે ઉપદેશના પ્રસંગો અને નીતિનો બોધ ઉપરાચાપરી અને ફરીફરીને દાખલ કર્યાથી તેની છાપ ઝાંખી પડે છે અને અસર નજીવી થાય છે. તે વાંચતા વાર્તાના રસમાં ન્યુનતા આવે છે અને કંઇક અણગમો પણ થાય છે.

તે માટે લેખક જવાબદાર છે અને તે પુસ્તકનો દોષ છે. પણ આપણી અહિંની વસ્તુ સ્થિતિ એવી છે કે આપણે એક નહિં પણ અનેક પ્રશ્નોની ચર્ચા કરવાની છે અને તે પ્રશ્નો વિવિધ પ્રકારનાં છે. તે દરેક પ્રશ્ન મહત્વનો અને જરૂરી છે. તેથી તે નવલ કથાની વસ્તુ તરીકે દાખલ કરવાને તેમજ તેની ચર્ચા કરવાને લેખકને ઉર્મી થાય એ સ્વાભાવિક છે.

તેટલા માટે નવલકથાના પુસ્તકમાં દરેક પ્રશ્ન છુટો લઇને તેની ચર્ચા અને ઉહાપોહ થાય તો તેની અસર વહેલી અને વધારે થવા સંભવ છે.

આ ફેર આવકારદાયક લેખાશે અને તે ઉપયોગી નિવડશે. તેથી બહુ પ્રશ્નોનું સામટું વિવેચન કરવાની પદ્ધતિને બદલે તે અમુક પ્રશ્નપરત્વેજ સંકુચિત થવાની જરૂર છે.

ઇંગ્રેજી સાહિત્યમાં પ્રશ્નોને લગતાં ( Problematic) નવલકથાનાં પુસ્તકોમાં એક કે બેજ પ્રશ્નો ચર્ચવામાં આવે છે અને તે પ્રાધાન્યપદ પ્રાપ્ત કરે છે. દાખલા તરીકે ગ્રાન્ટ એલનના "ધી વુમન હુ ડીડ," એ પુસ્તકમાં લગ્નની સંસ્થાની અનાવશ્યકતા વિશે, મી. હોલ કેનના, "ધ વુમન ધાઉ ગેવેસ્ટ મી," માં લગ્ન અને છુટાછેડાના સવાલ સંબંધી અને મી. એચ. જી. વેલ્સના "ધી પેસોનેટ ફ્રેન્ડસ" એ પુસ્તકમાં લગ્ન સંબંધથી જોડાયાં છતાં, બીજા સાથે સ્નેહ થઈ શકે એ વિચારની ઉહાપોહ—એ પ્રમાણે લગ્નને લગતાં એકજ પ્રશ્નના જુદા જુદા સ્વરૂપોની ચર્ચા આ ત્રણે પુસ્તકોમાં કરવામાં આવી છે. તેથી તેની છાપ સજડ પડે છે અને તેની અસર જલદી અને જબરી થાય છે.

આ પ્રમાણે દરેક પ્રશ્નપર જુદાં જુદાં નવલકથાના પુસ્તકો લખવામાં આવે, તે વધારે આવકારદાયક છે. તેની અસર પણ વધારે અને સારી થશે અને નવલકથાનો એક કળા તરીકે પણ બહોળો વિકાસ થશે.

પુસ્તકના સામાન્ય સ્વરૂપ વિશે આટલા વિસ્તારથી વિવેચન કર્યા પછી તેની વિગતોમાં ઉંડા ઉતરવાની જરૂર અમે જોતાં નથી.

આ ચર્ચાપરથી વાચકે એટલું તો જોયુંજ હશે તે પુસ્તક સામાન્ય પ્રકારનું નથી પણ તે ઉંચી પ્રતિનું છે.

છેવટે આવી ઉંચી પ્રતિનું, ઉન્નત જીવન માટે સુંદર અને રમ્ય આદર્શ અને ભાવનાઓ રજુ કરતું, જનસેવાને માર્ગે પ્રેરનારૂં, અને આનંદ આપનારૂં, સુબોધક પુસ્તક લખવા માટે તેના વિદ્વાન ગ્રંથકર્તાને ધન્યવાદ ઘટે છે. "સત્ય" માસિકમાં ગુજરાતી સાહિત્યમાં દશ ઉત્તમ પંકતિની નવલકથાની યાદી પ્રસિદ્ધ થાયછે, તેમાં એક વિદ્વાન વિવેચકે આ પુસ્તકની તે દશમાં ગણના કરી છે અને તેપરથી પણ તેની ઉત્તમતાનો વાચકને કંઇક ખ્યાલ આવશે.

આવી અનેક કૃતિઓ તેમના તરફ મળવાની આશા રાખીને આપણે વિરમીશું. પરમાત્મા તેમને તે લખવાનું સામર્થ્ય બક્ષો.

---

# સ્વીકાર.

**એગ્યુ અથવા મેલેરિયા તાવો**—આપણા દેશમાં તાવનું મૃત્યુ પ્રમાણ અન્ય દેશો કરતાં બહુ મોટું છે અને હજારો મનુષ્ય મેલેરિયા તાવના ભોગ થઇને, પોતાનો જાન ખુએ છે, અથવા તો હમેશને માટે રીબાય છે. તે તાવ આવવાના કારણો અને તે શાથી અટકે અને મટે, તેની માહિતી જનસમુહમાં સારી રીતે ફેલાવાની જરૂર સૌ કોઇ સ્વીકારશે અને તે હેતુથી સાદી અને વ્યવહારૂ ભાષામાં તેને લગતી ઉપયોગી હકીકત વૈદરાજ જટાશંકરભાઇ તરફથી, આ નાના ચોપાનીયામાં આપવામાં આવી છે અને તે લોકને ઉપયોગી થશે એમ અમારૂં માનવું છે.

મેલેરીયા સંબંધી ઐતિહાસિક અને શાસ્ત્રીય માહિતી મેળવવા જેની ઇચ્છા હોય તેમને ડૉ. હરિપ્રસાદ વ્રજરાયનું લખેલું "મેલેરિયા" નું પુસ્તક વાંચવાની ભલામણ કરીશું. અને એક સુપ્રસિદ્ધ દૈનિક પત્રમાંથી, મેલેરીયા સંબંધી આવેલી સૂચનાઓ ઉપયોગી જણાયાથી તે અત્રે ઉતારી લઇશું:—

૧. મચ્છરોથી સાવચેત રહેજો.

૨. તમારા ઘરોમાં મચ્છરોને રહેવા દેવા એ મેલેરાયા તાવને તેડયા બરોબર છે.

૩. મેલેરીયા તાવનો ફેલાવો, એક માણસથી બીજા માણસપર મચ્છરોને લીધે થાયછે.

૪. મેલેરીયા તાવના અટકાવ માટેના ઉપાયોઃ—

(ક) ટીનના ડબાઓ, બાટલીઓ અને એવા અનેક નાના મોટા વાસણોમાં પાણીનો જમાવ થતો અટકાવવો.

(ખ) તમારા ઘરમાંની ટાંકી તથા ટાંકાઓ, અને કુવાઓ વગેરે મજબુત ઢાંકણુ-ઓથી બંધ કરી લેવાં કે જેથી કરીને મચ્છરો તેમાં પ્રવેશ કરી શકે નહી.

(ગ) દરેક પાણીના ખાડા ખબોચીયા ઉપર દર અઠવાડીએ પેસ્ટરીન અથવા તો કેરોસીન તેલ ( ગ્યાસલેટ ) છાંટવું.

(ઘ) નીયમીત કવીનાઇન લેતાં રહેવું.

(ન) મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

**સંગીત મંગળમય**—આ પુસ્તક "મણિકાન્ત" સંજ્ઞા ધારી, તેના લેખક રા. રા. શંકરલાલ મગનલાલ પંડયા તરફથી મળ્યું છે અને તેમાં જુદા જુદા વિષયો પર, તેમણે લખેલા કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

**જૈન આત્માનંદ સભા**—ભાવનગરનો ત્રિવાર્ષિક રીપોર્ટ–જૈન કોમના સુધારા અને ઉન્નતિ અર્થે જે થોડી ઘણી સંસ્થાઓ કાર્ય કરી રહી છે, તેમાં આ સંસ્થા અગ્રસ્થાને છે અને તેનો કાર્યક્રમ પણ વિશાળ અને બહુદેશી છે. ભાવનગરમાં તેના તરફથી એક સારી લાઇબ્રેરીનો નિભાવ કરવામાં આવે છે, તે "આત્માનંદ" એ નામનું એક ગુજરાતી માસિક પત્ર ચલાવે છે, અને જૈન ધર્મના અપૂર્વ અને ઉપયોગી પુસ્તકો પ્રસિદ્ધ કરે છે. તે સિવાય કેળવણી ફંડ, સાધુ વર્ગને ભેટ આપવા માટેના પુસ્તકોની વ્યવસ્થા, ટુંકાણમાં જૈન કોમને ઉપયોગી થઈ પડે એવું દરેક કાર્ય કરવાને અત્યંત શ્રમ ઉઠાવે છે અને તેનો પ્રયાસ સ્તુત્ય અને આદરણિય છે.

તેનું કામ ઉપયોગી અને સાર્વજનિક છે અને તે દરેક મદદને પાત્ર છે. આશા છે કે જૈનબંધુ, તેના કાર્યની કદર કરીને તેને બનતી મદદ આપશે.

**સ્વામી રામતીર્થ**—એમના સદુપદેશ–ભા. ૬ ઠો. આ પુસ્તક સસ્તા સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી પ્રાપ્ત થયું છે અને તે પ્રથમના પુસ્તકો જેટલોજ આ ભાગ પણ બોધક અને ઉપયોગી છે. વિશેષમાં સ્વામીજીના ગ્રંથ પરત્વે ઈંગ્રેજીમાં જે એક વિદ્વતા ભરેલી પ્રસ્તાવના હતી, તેનો આખો અનુવાદ આ ભાગમાં સામીલ કરવામાં આવ્યો છે. તે પુસ્તકનું રહસ્ય સમજવામાં સહાયભૂત થશે. આ ગ્રંથ વિવિધ ગ્રંથમાળાનો ૩૭ મો મણકો છે અને તેના અનુવાદક રા. રા. કૃપાશંકર બેચરલાલ પંડિત, જેમણે આગળ ૪ થા ભાગનું ભાષાંતર કર્યું હતું–તેજ છે.

# ગુજરાત વર્નાકયુલર સોસાઈટીમાંના હસ્તલિખિત પુસ્તક સંગ્રહની યાદી.

—×✱××✱×—

| નંબર | પુસ્તકનું નામ | કર્તા | રચ્યા સાલ | ઉતાર્યા સાલ | પૃ.સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૩૦ | આદિ પર્વ. | માધવદાસ સુંદરદાસ | સં.૧૬૭૫ | સં.૧૯૧૫ | ૪૭૨ |

છેવટઃ—

બશેને અઢાર અધ્યાયેવનના શ્લોક કહુ વિસ્તાર
આઠ સેહેસ્રીને ખટસત ઉપર ગ્રંથ પુરણ નીરધાર ૧૬
**સંવત ૧૬ સોલ પંચોતરે પુરણ ઉત્તમ અસ્વન માસ**
**શુકલપક્ષને ચતુરદશી રવીવારે પોહોતી છે તે આશ.** ૧૭
* * * * *
ગતી મનની એકસોને અઠાવીશ રાગ વીશ તે નીરધાર
સેહેસ્ત્ર ખટધ્વી શત એકાણું પદ માંહે. ૨૧
**પુરવે તાત પીતા મહસ્થાનકે, અંકલેશ્વર માંહાં વાશ**
**કાએસ્થ કુલને વાલમીક ગ્નાતી વૈષ્ણવ સુત સુંદરદાસ** ૨૨
તેહ તણો સુત કાંઇએ ન જાણે બાલક બુદ્ધ આસન
**માધવદાસ** કહે કરજોડી કીપા કરો હરીજન ૨૩
હવડાવાશ અલ્પમતીનો **સુજરલપુર** (સુરત) નીરધાર
**સુરજ દેહા ત્રાપી તટ ઉપર** તા હોતે વાશ. ૨૪
વૈષ્ણવ જન વેપારી વારૂ રેહે નગ્ર મોહોજાર
અનેક કવીજન પાર નવ જાણુ હરિગુણનો ભંડાર ૨૫
રાગતાલ પદ કોઇએ ન જાણુ વલી ગમ જેહ
સંગીતની મુને જ્ઞાન નહી, આદર કીધો એહ. ૨૬
**કાલા ગ્રેહેમાં લેહેર કરી,** મનવી પોહોતી આશ.
**સુંદર સુત કર જોડી કહે માધવદાસ.** ૨૭

આ ચોપડો **ઓરપાડ** મધે ગામ અછારણના રહેવાસી **કણબી કડવા જ્ઞાતી** પટેલ નરસી જીવણ *** પોતાનાં ઘર સારૂ વાચવા લખાવો છે.

આજ કવિની લખેલી **રાસલીલા**નો થોડોક ભાગ **વસન્ત**ના સં. ૧૯૬૯ ના શ્રાવણ અંકમાં " યુના–આલમ " સંજ્ઞાધારી લેખક તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આ કવિ સંબંધી કશી માહિતી અત્યાર સુધી પ્રસિદ્ધિમાં આવી નથી, તેથી વિસ્તાર ભયે પણ, **આદિ પર્વમાંથી** કવિને લગતી લીટીઓ, ઉપર લંબાણથી ઉતારી લેવાનું યોગ્ય વિચાર્યું છે.

" વાલ્મિક કાયસ્થ " જ્ઞાતિ ત્રિમાસિક પત્ર, આ કવિ સંબંધી વિષેષ હકીકત આપવાને તજવીજ કરશે તો ગુજરાતી સાહિત્યનો વાચક અને અભ્યાસક તેમનો ઉપકારી થશે.

નંબર પુસ્તકનું નામ કર્તા રચ્યા સાલ ઉતાર્યા સાલ પૃ. સંખ્યા.

૩૧ **રામાયણ. વિષ્ણુદાસ** **સં. ૧૯૨૩**

છેવટઃ—

"નામ નીરભે થઇ ગુણ ગાસે; વદે **વીસણુદાસ** તે
પરિબ્રહ્મ પામશે શ્રી રામરામ જપતાં વૈકુંઠ જાશે."

" એ ચોપડો સંવત ૧૯૨૩ ના માહા સુદ ૭ ને ચંદ્રવારે શુભ નક્ષત્રે શુભ યોગે સંપુરણ થયો છે. * * તાલુકે **ઓરપાડનું** ગામ માશ્રમાંનો વાસી પટેલ કોલી હાંશજી દેવાનો સુત કુંવરજીભાઇએ વાચવા લખાવ્યો છે."

૩૨ **સુદામો. શિવદાસ સુત** સં. ૧૬૭૩. સં. ૧૬૮૫ ૧૩

( લુણનો ખડાયતો વાણીઓ )

છેવટઃ—

દશમના આધારથી મેં કર્યો અભ્યાસ
ખોડ મ દેસુ ખરી ખોટી મત્ય માહારી હીન
વૈષ્ણવ જનનું દાસનું તે દાસનું હું દીન
**સંવત સોલ ત્રોહોતરો, વરષ ભાદરવા માસ**
શુકલ પક્ષ દીન નવમી, શનિવાર કીધુ રાસ
**વાસ લુણમાંહી ખડાયતા કુલી**
**જનમીયુ શીવદાસનું સુત ત્યાંહાં.**
પદવિસિ પનર પુરાં કડવાં તેર
ત્રણ રાગી રાસ કીધું ગયો હું **ચાંપાનેર**

૩૩ **રૂકિમણીહરણ દેવીદાસ** સં. ૧૬૧૮ સં. ૧૭૨૧
(સોજીત્રા)

ગયી યાદીમાં આ કાવ્યની નોંધ આપી હતી. આ બીજી પ્રત છે

૩૪ **નરભેરામ કાવ્ય** નરભેરામ (પીજનો ચાતુર વેદી મોઢ બ્રાહ્મણ)

આમાં નરભેરામનાં ૨૪ નાના કાવ્યગ્રંથોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેની યાદી નીચે મુજબઃ— ૧ કંસવધ. ૨ રાસલીલા. ૩ સણગાર ૪ ગજેંદ્રમોક્ષ ૫ વામનાખ્યાન, ૬ ભીષ્મસ્તુતિ, ૭ પરિક્ષિત ગર્ભરક્ષણ ૮ સતભામાનું રુસણું ૯ કૃષ્ણવિનોદ ૧૦ ગાંબરાગ ૧૧ બોડાણા ચરિત્ર ૧૨ નાગદમણ ૧૩ બોડાણાની મુછ ૧૪ જયવિજય શ્રાપની વાત ૧૫ જયવિજયને શ્રાપ થયાનું કારણ ૧૬ પ્રભુ ભજવા વિષે ૧૭ રાગ વસંત ૧૮ મનને શિખામણ ૧૯ જીવને શિખામણ ૨૦ " ૨૧ મનને ઉપદેશ ૨૨ પડેલી ટેવ ન ટળે તે વિશે મનને ઉપદેશ. ૨૪ હરિ ભજવા વિશે.

૩૫ **સુરેખા હરણ.** (?) ૬૮

છેવટઃ—

"પ્રભુનો વિશ્વાસ રાખી કરે કોટી ઉપાયે;
સંસાર સમુદ્ર અથાગ્ય છે, બુડતાં ઘડી ન થાએ".

છેલ્લું પાનું તુટક છે. કર્તાનું નામ ખબર નથી.

વીરજીનું રચેલું **"સુરેખા હરણ"** જાણીતું છે. બીજું "આધાર ભટ્ટે" રચ્યું છે, એવી હકીકત રા. રા. છગનલાલ રાવળે, ચોથી સાહિત્ય પરિષદ રીપોર્ટમાં નોંધી છે.

નંબર. પુસ્તકનું નામ. કર્તા. રચ્યાસાલ. ઉતાર્યા સાલ. પૃ. સંખ્યા.

૩૬ **બાળલીલા** શિવદાસ. ૨૪

છેવટ:—

"ધન્ય ધન્ય જે સાંભળે કાન, ધન્ય **શિવદાસ** કહે મુખ વાણ.

આ કાવ્ય અપ્રસિદ્ધ છે. એજ કવિનું દ્રૌપદી સ્વયંવર વગેરે કાવ્યો પ્રાચીન કાવ્ય ત્રિમાસિકમાં છપાયા છે.

૩૭ **એકાદશી મહાત્મ્ય** શિવદાસ. સં. ૧૬૭૦. ~~સં.~~

છેવટ:—

**સંવત ૧૬૭૦ વરખે**, માસ માગસર ધનજી;
શુકલ પખ પુરણમા પાવન, ગુરૂવાસરનો દંનજી;
પદ પંચાસ એકસો ઉપર, કડવાં પાવન આઠજી;
શ્રી ગુરૂવાસ **ભુધર** પદ વંદી, કથા કરી મુખ પાઠજી.
કવિકુલ સઉઠગ નાંત **નાગરની સ્થંભતીરથ** માહે વાસજી;
સદા ભકતી આપે હરિના હરી, કેહે સેવક **શિવદાસજી.**

આ કાવ્ય પ્રાચીન કાવ્ય ત્રિમાસિક અંક ૪ વર્ષ ૩ જા માં છપાયું છે.

૩૮ **ડાંગવનું આખ્યાન** શિવદાસ. **સંવત ૧૬૭૨.** ૨૭

છેવટ:—

**સંવત ૧૬ બોહોત્યરે**, કીધો કથા એ વિસ્તાર;
વૈશાખ માસ શુદિ એકાદશી, શુભ મુહૂર્ત મંગળવાર.
શ્રી દક્ષણ **વીજાપોર** કીધો એ કથા પદબંધ,
**શિવદાસ** કહે સુને રાખજો, ચર્ણે સ્વામી શ્રી ગોવ્યંદ.

આ કાવ્ય પ્રાચીન કાવ્ય ત્રિમાસક અંક ૪ વર્ષ ૭ માં છપાયું છે.

૩૯ **જ્ઞાનગીતા.** નરહરિદાસ. ૭૨

,, × × × ×

શ્રી **જ્ઞાન ગીતા** ગ્રંથનું, એ આદિ મંગલાચર્ણ;
ગુરૂ બ્રહ્મ ચૈતન્ય તણે પ્રસાદે પામ્યો નિરંજન શર્ણ.
કહે **નરહરિ** સહુ સાંભળો, એ યથારથ પ્રકટ કહ્યું;
ગુરૂ ભક્તિ કરતાં સંતસંગી, અનુભવેઈ પદ લહું".

\+ × ×

૪૦ **વસિષ્ટસાર ગીતા.** નરહરિદાસ. સં. ૧૬૭૭ ૮૦

છેવટ:—

સંવત સોળ શત્યોતરો, માઘ માસે પદબંધ એક ધર્યો;
શુકલ પક્ષ દશમી રવિવાર, પૂરણ ગ્રંથ હવો નિરધાર.

× × × ×

વસિષ્ટસાર ગીતાએ સુણો, વસિષ્ટસાર ગીતાએ ભણો;
વળી વળી કીજે એ અભ્યાસ, કરજોડી કહે **નરહરિદાસ**".

આ કાવ્ય છુટું પુસ્તક રૂપે રા. રા. છગનલાલ કે. મહેતા તરફથી પ્રસિદ્ધ થયું છે.

નંબર. પુસ્તકનું નામ. કર્તા. રચ્યા સાલ. ઉતાર્યા સાલ.પૃ. સંખ્યા.

૪૧ **વસિષ્ટસાર ગીતા. નરહરિદાસ સં. ૧૬૭૭ સં. ૧૮૦૭ ૫૩**

આ એજ કાવ્યની બીજી પ્રત છે.

૪૨ **વસિષ્ટ સાર ગીતા. નરહરિદાસ સં. ૧૬૭૭ સં. ૧૮૮૭ ૮૮**

આ એજ કાવ્યની ત્રીજી પ્રત છે.

૪૨ અ **અખે ગીતા. અખો સં. ૧૮૮૭**

છેવટ:—

કહે અખો આનંદ અનુભવી ન લેહેવા તણો એ;
પૂર્ણ પર્માનંદ, નિત્ય સરાઉ અતિ ઘણો એ.

આ કાવ્ય બૃહત કાવ્ય દોહન ભા. ૨ માં પ્રસિદ્ધ થયું છે.

૪૩ **શિવરાત્રીની કથા. (?) પૃ.–૨૧**

છેવટ:—

અપુત્રવંતી પુત્રને પામે, નીરધંનીયો પામે ધંન;
ક્ષત્રી હોય તે સુરને પામે, બ્રહ્મ તેજ બ્રાહ્મણ".

ઇતિ શ્રી શીવરાત્રીની કથા સંપૂર્ણમ.

આ કાવ્ય અપ્રસિદ્ધ જણાય છે. કર્તાનું નામ આપેલું નથી.

**શિવદાસે** આ કાવ્ય રચ્યાનું અમે **સાંભળ્યું** છે.

૪૪ **સરસગીતા. પ્રીતમ. ૬૬**

છેવટ:—

"તીલક છાપ તુલસી અંગે, મુખે હરિ ગુણ ગાય;
**પ્રીતમ** પ્રાણી પતીત હોએ, પ્રેમ પુનીત તે થાય".

આ કાવ્ય છપાયું છે. **પ્રાચીન** કાવ્ય અંક ૨ વર્ષ ૬.

૪૫ **ભગવદ્‌ગીતા. પ્રીતમ. સં. ૧૮૫૨.**

**સંવત અઢારએ બાવનો,** કૃષ્ણ પક્ષ ભાદરવો માસ;
ત્રતીયા સોમવારે કીધો, ગીતા ગ્રંથ પ્રકાશ.
ધન્ય સંગત ધન્ય રામજી ધંન સીવદત ગોવિંદરામ;
ધન્ય સ્વામી જયાનરાય ઠાકોર, ધન્ય **સંદેસર** ગાંમ.
ગુરૂ બાપુજી કરી કૃપા, સ્વામી આત્મારામ;
સંત સમાગમ **પ્રીતમ** પામ્યો હરીચરણ કમલ સુખ ધામ.

**વલણ.**

અધ્યાય અષ્ટાદશ થયા પુરણ, પ્રગટયો પ્રેમ આનંદરે;
**કહે પ્રીતમ** પ્રેમે કરી, સૌ બોલો જે ગોવિંદરે.

આ કાવ્ય અપ્રસિદ્ધ છે.

હજારની ગવર્નમેન્ટ પ્રોમીસરી નોટ સાડાત્રણ ટકાની લોન નંબર ૧૨૨૧૦૮ ની ૧૮૫૪-૫૫ ની બ્રહ્માર્પણ કરી છે, અને તે લોન ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના રક્ષણમાં સોંપવા આ સાથે મોકલી છે તે બાબત નીચે મુજબ માગણી છે તો તે કૃપા કરી સ્વીકારી આભારી કરશો.

૧. **ફંડનું નામઃ**—એ રકમ "હરજીવન ત્રિભુવન ત્રિપાઠીનાં પત્ની સૌ. **કાશીબાઇ કાકુરામ સ્મારકફંડ**" એ નામે સોસાઇટીએ રાખવી અને એ નામનું ખાતું રાખવું.

૨. એ નોટનું જે વ્યાજ આવે, તેમાંથી ખર્ચ પુરતા પૈસા કાઢી લઇને બાકીની રકમ, મારા પિતાશ્રીની હયાતીમાં તેમને-એટલે રા. રા. હરજીવન ત્રિભુવન ત્રિપાઠીને-દર છ છ માસે મોકલાવી આપશો અને પછી દરેક વખતે જેમનું નામ મારા કુટુંબનો વડિલ પુરૂષ આપને લખી જણાવે તેમને મોકલાવી આપશો જે કલમ ૩ જી માં જણાવ્યા મુજબ વ્યવસ્થા કરી આપને હકીકત લખી મોકલાવશે અને તે આપ બુદ્ધિપ્રકાશ તથા સોસાઇટીના રીપોર્ટમાં બહાર પાડવાની કૃપા કરશો. કદાચ ભવિષ્યમાં એવો પ્રસંગ ઉદ્દ્ભવે કે મારા કુટુંબ તરફથી ટ્રસ્ટીનું નામ આપને લખી જણાવવામાં ન આવે તો તે વખતે મેનેજીંગ કમિટીની નજરમાં આવે તેવા મારી જ્ઞાતિમાંથી સરખેજના હરકોઇ રહેવાસીને ટ્રસ્ટી નીમવાનો અધિકાર આપું છું. આ ફંડના વ્યાજની વ્યવસ્થા ટ્રસ્ટીએ ફંડનો ઉદેશ લક્ષમાં રાખીને, સરખેજ ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ જ્ઞાતિની વિધવાઓ અને બાલિકાઓને ઇનામ અને સ્કોલરશીપ આપવામાં કરવી. (જુઓ-કલમ ૫)

૩. **ઉદ્દેશઃ**-આ સ્મારક ફંડના વ્યાજમાંથી મારા ઉપર નીમેલા ઇસમે અથવા તેની જગ્યાએ જે વખતે જે નીમાય તેણે સરખેજની **ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણની કોઇ સુપાત્ર, ગરીબ, અશક્ત અને નિરાધાર વિધવાઓને અન્ન વસ્ત્ર, ઔષધ અને ધર્મ તથા નીતિનાં પુસ્તકો આપવાં તેમાં "વસ્તા જેદેવના" કુટુંબની વિધવાઓપર વિશેષ લક્ષ આપવું** અને બીજી વિધવા, સધવા, અને કુમારિકાઓ જે "**વસ્તા જેદેવ સરખેજ વનિતા વિશ્રામ**" માં ધર્મ, નીતિ અને વ્યવહારનું જ્ઞાન મેળવવા આવતી હોય તેમને પણ ફંડના પ્રમાણમાં ઉત્તેજન આપવું.

૪. ઉપરની લોનની મુદત પુરી થતાં નાણાં પાછાં આવે તો તેની નવી ગ. પ્રો.લોન અગર અમદાવાદ મ્યુ. ડીબેન્ચર ખરીદવાને **સોસાઇટીની વ્યવસ્થાપક કમિટીને સત્તા છે.**

૫. આ ફંડના વ્યાજની વ્યવસ્થા કરવાને જ્યારે કોઇ પણ વ્યક્તિ હયાત કે લાયક ન **હોય ત્યારે ઉપર મુજબ ટ્રસ્ટી નીમવા સોસાઇટીની મેનેજીંગ કમિટીને સત્તા છે અને ટ્રસ્ટીને નાણાં આપી પહોંચ લેવી એટલાજ પુરતી સોસાઇટી જવાબદાર છે. તે કેમ ખર્ચવા તે જોવા સોસાઈટી બંધાએલ નથી.**

ગ. પ્રો. લોન સોસાઇટીને નામે ચઢાવી, આ સાથે મોકલી છે તેની પહોંચ સ્વીકારશો આશા છે કે ઉપરની માગણી યોગ્ય જણાએ કબુલ રાખી મને ખબર આપવાની કૃપા કરશો તથા આ પત્ર તથા આપના ઠરાવની એક નકલ '**સરખેજ વસ્તા જેદેવ વનિતા વિશ્રામ**' ના સેવક રા. રા. હરજીવન ત્રિભુવન ત્રિપાઠી ઉપર પણ મોકલવા તથા બુદ્ધિપ્રકાશમાં છાપવાની કૃપા કરશો.

લી. આજ્ઞાંકિત સેવક,
**ઇચ્છાશંકર હરજીવન ત્રિપાઠીના**
સા. દં. પ્રણામ.

---

આ ટ્રસ્ટફંડ તા. ૧૧-૧-૧૪ ના રોજ મળેલી વ્યવસ્થાપક કમિટીમાં સ્વીકરવાનું મંજુર થયું છે.

## વજીભાઇ અંજા બ્રહ્મક્ષત્રીય સ્કૅાલરશિપ.

અંજા બ્રહ્મક્ષત્રીય જ્ઞાતિના જે વિદ્યાર્થીઓ ઇંગ્રેજી ચોથા ધોરણથી તે મેટ્રિક્યુલેશન અથવા સ્કૂલ ફાઇનલની પરીક્ષા સારૂ અભ્યાસ કરતા હોય તેમાંથી એકને માસિક રૂ. ચારની સ્કૅાલરશિપ આપવાની છે. મુંબઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પહેલી પસંદગી મળશે.

ઉમેદવારે પોતે અંજા બ્રહ્મક્ષત્રીય જ્ઞાતિનો હોવા વિષેનું નીચેના કોઇ પણ એક ગૃહસ્થનું સર્ટિફીકેટ અરજી સાથે મોકલવું.

૧ રા. રા. વિશ્વનાથ મોરેશ્વર અંજા, નં. ૯ કાન્દાવાડી લેન, ગીરગામ—મુંબાઇ

૨ રા. રા. જેઠાભાઇ મૂળજી મચ્છર, પહેલી કાર્પેન્ટર ગલ્લી—મુંબાઇ.

૩ રા. રા. પુષ્પદત્ત મોરેશ્વર અંજા, નં. ૯ કાન્દાવાડી લેન, ગીરગામ—મુંબઇ.

૪ રા. રા. હરીચંદ રૂપચંદ જોગી ફીકા સ્ટ્રીટ—મુંબઈ.

૫ રા. રા. વિઠ્ઠલ પુરૂષોત્તમ મચ્છર, કાટન આર્યન વર્કસ, બીજી ખેતીવાડી ગલી—મુંબાઇ

અરજીઓ નીચેને શીરનામે તા. ૧૫ મી માર્ચ સન ૧૯૧૪ સુધીમાં મોકલવી.

**રમણભાઈ મહીપતરામ નીલકંઠ.**
ઑનરરી સેક્રેટરી,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી—અમદાવાદ.

---


# અફીણી માટે મૃત.

**દેશમાંથી શુરાતનનો નાશ કરનાર, કુટુંબોને પાયમાલ કરનાર, અને જુવાનીમાં ઘડપણ લાવી પરવશ બનાવનાર-અફીણ-ની આફતમાંથી છુટવા માટે હમારૂં**

# અફીણ રીપુ.

## આશીર્વાદ રૂપ અમૃત સમાન છે.

## देशहितचिंतको અને स्कुल मास्तरो!

આજ સુધી આપ લોકોના પ્રયાસથી કાઠીયાવાડ અને મેવાડ ભુમીના હજારો અફી-
ણીયા **अफिण रीपु** લઇ અફીણના જાલમ પંજામાંથી છુટી ગયા છે.
એક મહીનો અફીણ રીપુના સેવનથી આદત તદન નહીં છુટે તો સ્કુલ માસ્તરનું સર્ટી-
ફીકેટ મોકલેથી પૈસા પાછા મળશે. પરગજુ સ્કુલ માસ્તરોના પરીશ્રમનું ફળ અને
અમૃતના ગુણગાન:—આપના અફીણ રીપુના સેવનથી અફીણ રૂપી રાક્ષસના
જાલમ પંજામાંથી હું સદાને માટે મુક્ત થયો છું અને ફરી કુટુંબ સુખ
ભોગવવા ભાગ્યશાળી થયો છું. લી. દેસાઇ કાળાભાઇ મુ. કડોદરા.

**અફીણ રીપુમાં અફીણ, મોર્ફીયા કે અન્ય કેફી પદાર્થનો ભેળ સાબીત કરનારને
રૂ. ૧૦૦ નું ઈનામ. સંપૂર્ણ આદત છુટે તેટલી મહીનાની દવાના રૂા. ૫.**
ટપાલ ખરચ જુદું—**પંદર દીવસની દવાના રૂા. રાા.**

અફીણ રીપુના બનાવના **દાકતર કે. બી. પટેલ.,** ૫ સદર—કરાંચી.


---

REGISTERLD No. B. 241.

# बुद्धिप्रकाश.

# BUDDHIPRAKASHA.

पुस्तक ६१ मुं. मार्च १९१४. अंक ३ जो.

## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| દૈવ અને મનુષ્ય.... | ( રા. રા. હીરાલાલ મગનલાલ દેસાઇ. ) | ૬૫ |
| લાખો વર્ષ ઉપરનાં પાણી. | ( રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા. ) | ૬૬ |
| પરદેશીઓનું આપણા સંબંધી અજ્ઞાન. | ( રા. રા. મણીલાલ છબારામ ભટ્ટ.) | ૭૦ |
| રજતગિરિ. | ( રા. રા. "બકુલ." ) | ૭૪ |
| ભક્તિ. | ( રા. રા. "મોહન." ) | ૭૭ |
| સીંચણીયું. | ( રા. રા. જયંતિલાલ મોરારજી મહેતા. ) | ૮૨ |
| ખંભાત શબ્દની વ્યુત્પત્તિ. (૨) | ( રા. રા. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ. )... ( રા. રા. નરસિંહરાવ ભોળાનાથ. બી. એ. સી. એસ. ) | ૮૮ |
| ગુ. વ. સોસાઇટી હસ્તકના હસ્તલિખિત પુસ્તકોની યાદી. | | ૧૭ |


ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી

તંત્રી અને પ્રકાશક,

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,
આસિ. સેક્રેટરી.

લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧॥) અગાઉથી. ટપાલ ખર્ચ માફ.

છૂટક દર અંકના ત્રણ આના.

અમદાવાદ—ધી અ૦ યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

## ગુ. વ. સોસાઈટી હસ્તકનાં ટ્રસ્ટ ફંડોની સ્કોલરશીપો ઇનામો વગેરે અપાયાની હકીકત.

(૧) **ડાક્ટર નસરવાનજી ફરામજી બનશા પ્રાઇઝ**—મુંબાઇ યુનિવર્સિટીની છેલ્લી મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં ગણિતના વિષયમાં વધારેમાં વધારે અને સરખા માર્ક મેળવી પાસ થનાર એલ્ફિન્સ્ટન હાઇસ્કુલના મી. એ. જી. મોહિલે, અને ધારવાર. હાઈસ્કુલના એડીઆસ. લુઇઝ. ડુર્તેને ઇનામ મળ્યાં છે.

(૨) **રા. સા. મહીપતરામ રૂપરામ મેડલ**—અત્રેની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના ગયા વર્ષના ત્રીજા વર્ષમાં પાસ થનાર **ત્રીભોવનદાસ રામભાઇ બારોટ** અને મહાલક્ષ્મી ટ્રેનિંગ ફીમેલ કૉલેજના ગયા વર્ષના ત્રીજા વર્ષમાં પાસ થનાર **દીવાળી ઝીણાભાઇને** આ ફંડના રૂપાના ચાંદ મળ્યા છે.

(૩) **માસ્તર બુલાખીદાસ ઇનામ ફંડ**—ચાંપાનેરી ઘાંચી જ્ઞાતિના ગયા વર્ષની પરીક્ષામાં ૫તેહમંદ વિદ્યાર્થીઓને નીચે પ્રમાણે ઇનામ આપવામાં આવ્યાં છે:—

| | |
|---|---|
| ૧. કોઠમડી રતીલાલ પરસોત્તમ | રૂ. ૮) |
| ૨. તંબોળી ચંદુલાલ શીવલાલ | રૂ. ૬) |
| ૩. મોદી ગણપતલાલ ઝવેરદાસ | રૂ. ૬) |

(૪) **ઑન. મિ. જાઇલ્સ સ્મારક ફંડ**—અત્રેની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના ગયા વર્ષના ત્રીજા વર્ષમાં પાસ થનાર. **પ્રેમા ગણેશને** રૂ. ૧૨-૦-૦નું ડ્રૉઇંગનું અને **રતનજી માધુજી દેસાઇને** રૂ. ૯-૦-૦ સંગીતનાં ઇનામ મળ્યાં છે.

(૫) **બાવાભાઈ સ્કોલરશીપ**—જામનગર હાઇસ્કુલમાં અભ્યાસ કરતા નીચેના વિદ્યાર્થીઓને આ ફંડની સ્કોલરશીપો એક વર્ષ માટે આપી છે:—

| | |
|---|---|
| ૧. મહેતા જમનાદાસ ભાણજી | રૂ. ૪) |
| ૨. પુરૂષોત્તમ નારાયણ દસાણી. | રૂ. ૩) |

(૬) **હોપ મેડલ**—અત્રેની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના ગયા વર્ષના ત્રીજા વર્ષમાં પાસ થનાર ભાઇલાલ નાથાભાઇને રૂપાનો અને સોમાભાઇ મથુરભાઇને બ્રોન્ઝનો, એ પ્રમાણે આ ફંડના ચાંદ મળ્યાં છે.

(૭) **રા. બ. રણછોડલાલ છોટાલાલ સાઠોદરા જ્ઞાતિ સ્કોલરશીપ**—અત્રેની રા. બ. રણછોડલાલ છોટાલાલ હાઇસ્કુલમાં અભ્યાસ કરતા નીચેના સાઠોદરા નાગર જ્ઞાતિના વિદ્યાર્થીઓને આ ફંડની નીચે પ્રમાણે સ્કોલરશીપો આપવામાં આવી છે;--

| | | માસિક રૂ. |
|---|---|---|
| ૧. મહેતા માર્કંડયરાય એમ. | સાતમું ધોરણ. | ૬-૦-૦ |
| ૨. મહેતા બાબુરાય કેશવરાય | છઠું ધોરણ. | ૫-૦-૦ |
| ૩. મહેતા રામપ્રસાદ ચીમનલાલ | પાંચમું. ધોરણ. | ૪-૦-૦ |
| ૪. મહેતા બાપાલાલ લલ્લુભાઇ | ચોથું. ધોરણ. | ૩-૦-૦ |

# बुद्धिप्रकाश.

[ પુસ્તક ૬૧ મું. ] માહે માર્ચ. [ અંક ૩ જો. ]


## " દૈવ અને મનુષ્ય. "

### વસંતતિલકા.

" જાશે વહી રજની આ ફૂટશે પ્રભાત,
ભાનુ ઉગી ગગનમાં કરશે પ્રકાશ;
અમ્બુજ વારિ સરમાં બનશે સસ્મિત,
ત્યારે થઈશ કમલોદરથી વિમુક્ત. "—૧

એવા વિચાર કરતો નિજ આત્મ સાથે,
ભૂં ભૂં કરે ભ્રમર કો કમલોદરે એ;
એવે સમે કરિવરે નલિની ઉખેડી,
હા ! હન્ત ! ભૃંગ તજી દેહ થયો વિદેહી.*—૨

* * * *

સૃષ્ટિ સમસ્ત કમલોદરની સમી છે,
ને માનવી ભ્રમર શાં પૃથિવી વિશે છે;
માતંગ આવી નલિની જયમ ત્યાં ઉખેડે,
વિક્રાળ કાળ હણશે સઉ માનવીને.—૩

રે ! માનવી ! ક્ષણિક વૈભવ તું તજી દે,
ગોવિન્દ ગાન ગુલતાનનું લ્હાણુ તું લે;
બ્રહ્માંડ કેરી રચનાજ અગાધ દીસે,
હા ! દૈવ કેરી કૃતિ તું નવ પાર પામે !—૪

મુંબાઈ — હીરાલાલ મગનલાલ દેશાઈ.

---

* " रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम् " નામના એક શ્લોક ઉપરથી સૂચિત.

# લાખો વર્ષ ઉપરનાં પ્રાણી.[1]

## ૧. એક્ટોકોનસ વગેરે.

આપણે જે પૃથ્વી ઉપર વસીએ છીએ તે પૃથ્વી વિષે ભૂસ્તર વિદ્યાએ કરેલી શોધો ઘણી ચમત્કારી છે. ભુસ્તરના યુગ તે બ્રહ્માના દિવસ[2]ની માફક ઘણા લાંબા છે; અને તે ખ્રિસ્તી ધર્મમાં સૃષ્ટિની ઉત્પત્તિ પાંચ સાત હજાર વર્ષ ઉપર થયાની કરેલી કલ્પનાને ખોટી પાડે છે. ભુસ્તર વિદ્યાની શાખા જેને પ્રાચીન પૃથ્વીની શોધ (Palaeontology) કહે છે, તેના અભ્યાસકો પુરાતન પ્રાણીઓનાં અવશેષ પૃથ્વીના પડોમાંથી ખોડી કાઢે છે; એવા એક વિદ્વાને અમેરિકાના સંગ્રહસ્થાનમાં મૂકેલા એક પ્રાણીના દાંત સાથેનું જડબું બતાવ્યું. દાંત આપણા જેવા હતા અને તે પ્રાણી ૩૦૦૦૦૦૦ વર્ષ ઉપર થઈ ગએલું જણાવ્યું તેથી જોનાર દિંગ થઇ ગયો ! એ પ્રાણીનું નામ એક્ટોકોનસ (Ectoconus)[3] છે. પેટે ચાલનારા અથવા ઉરોવામી પ્રાણીનો યુગ (જે વખતે ઉડતા મગરો અને ઘરના જેટલી મોટી ને કુદતી ધરોળીઓ વસતી હતી) ને મુકાબલે કંઈ વિસાદમાં નથી, વળી પેટે ચાલનારાં પ્રાણીના યુગની પૂર્વે લાખો વર્ષ ઉપર કાચબાના જેવા ઢાંકણવાળી માછલીઓ વસતી હતી, અને તેમની પણ પહેલાં બીજાં પ્રાણીઓના યુગ વીતી ગયા હતા !

પ્રોફેસર વાલ્ટર ગ્રેંગર, પ્રોફેસર જે. એચ. સિંકલેર, અને પ્રોફેસર જ્યોર્જ ઓલસેન એમણે અમેરિકાના પ્રાણી–સંગ્રહસ્થાન માટે નવા મેક્સિકોના ઉત્તર પશ્ચિમના ભાગમાંથી અદ્દ્ભુત પ્રાણીઓનાં શેષ ભાગો ખોળી કાઢ્યા છે. તેમને એક્ટોકોનસ નામના આંચળવાળા પ્રાણીનું આખું હાડપિંજર મળી આવ્યું છે. તે પૂર્વે તેના પગ, જડબું ને થોડા દાંત માત્ર હાથ લાગ્યા હતા. આ એક્ટોકોનસ એ કંઈ આલ્મ બળ હાથી કે રાક્ષસી વાઘ જેવું શળ–દંતથી ચીરી નાખનાર જંગલી વાળથી ભરેલું પ્રાણી ન હોવાથી કેટલાકને નાસીપાસી થશે. તે જળબિલાડી જેવું લાબું ને ઠીંગણું પ્રાણી હતું. અને તે શાન્તિથી ભાજીપાલો ખાઇને રહેતું. ફાડીખાવાનો શળદંત ન હોવાથી તેનો આહાર ભાજીપાલાનો હતો તે જણાઈ આવે છે. તેના દાંત ઉપરથી તેનું નામ પડયું છે, અને એ દાંતની બહારની કોરે ફાલતું ત્રણ તીણી ધારો છે.

નવા મેકિસકોની ઉત્તર પશ્ચિમે ટરશરી (ભૂસ્તર વિદ્યામાં ખડકોનું નીચલું ત્રીજું પડ જે ઘણું કરી ચાક–સફેતાના પડ ઉપર હોય છે) પડના મથાળા ઉપરનું જૂનું પડ જેને

---

૧ એડવોકેટ સપ્લીમેન્ટ ઉપરથી.

૨ બ્રહ્માના દિવસનું કાલમાન ૪૩૨૦૦૦૦૦૦૦ સૌર વર્ષનું અને રાત્રિનું પણ તેટલુંજ ગણાય છે ! બ્રહ્માનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોઈ તેનું હાલ ૫૧ મું વર્ષ ચાલે છે; તે ઉપરથી હાલ સુધી કેટલા યુગ વીતી ગયા અને હવે પછી વીતશે તેનો ખ્યાલ વાંચનાર કરી શકશે.

૩ પેટ ઘસડીને અથવા ઘણા નાના નાના પગથી ચાલનાર સાપ, ઘીલોડી, કાચબા, મગર વગેરે.

ઇઓસીન ( Eocene ) કહે છે, અને જે સાત જુઆન અને ટોરેજોન નદીઓની નજીક આવેલું છે, તેમાંથી આંચળવાળા પ્રાણીના શેષ ભાગ બહુ મળી આવે છે, અને તે તરફ પ્રાચીન પૃથ્વી શોધકોનું ઘણું લક્ષ ગએલું છે. એ વિદ્યાના સંગ્રહ ખાતાના નાયબ અમલદારને વોમિંગથી ચાર આંગળાં વાળા ઘોડાનું હાડપિંજર મળી આવ્યું હતું. સારી શોધ હાથ લાગશે એમ ધારીને તે ગયા ઉનાળામાં નવા મેક્સિકોમાં ગયો. પોતાના સાથીઓ સાથે ચાલુ વર્ષના જૂન માસમાં તેણે ખોદવાનું કામ ચલાવ્યું. નજીકમાં એક્ટોકોનસના શેષ ભાગ મળી આવશે એમ તે જાણતો હતો. સ્વ. ઈ. ડી. કોમને સન ૧૮૮૦ના દાયકામાં જડબાના હાડકાના ને દાંતના કડકા મળી આવ્યા હતા.

મી. ગ્રેંગરને જે મોટી શોધ હાથ લાગી તે વેરાન જમીનની સપાટીથી બે હજાર ફુટની ઉંડાઇએ એક કરાડાની બાજુએથી હતી. એ પ્રદેશમાં થોડાક નેવેરો જાતના ઇન્ડિઅન વસે છે. એ સ્થળની નજીક આવેલા પડમાંથી ઉડતાં પેટે ચાલનારાં પ્રાણીના શેષ ભાગ મળી આવ્યા હતા. એ ઉપરથી પેટે ચાલનારાં પ્રાણીનાં ક્રિટેશિઅસ યુગ પછી તુરત એક્ટોકોનસ પેદા થયાં એવું જે વિદ્વાનો માને છે તેના ખરાપણાને પુષ્ટિ મળે છે.

વળી પ્રાણી–સંગ્રહસ્થાનના શોધ માટે ગએલી ટુકડીને એજ જગાની નજીકમાંથી પેન્તોલેમ્બ્દા ( Pantolambda ) ( બીજા જુનામાં જુના આંચળવાળા પ્રાણીનું હાડપિંજર ) ૧૮૯૬માં મળી આવ્યું હતું.

ત્રીસ લાખ વર્ષ અગાઉ હયાતી ભોગવનાર એક્ટોકોનસ કેવી જાતની દુનિયામાં વસતું હતું ? તેનાથી વીશ લાખ વર્ષ સુધી મનુષ્યની ઉત્પત્તિ થઇ નહતી. તેની પૂર્વે વીસ લાખ વર્ષપર હિમ–યુગ હતો. તે વખતે ભયંકર લાંબા પગનાં પાંખોવાળા મગરો અને તેમને મળતાં ઉરોગામી ( પેટે ચાલનારા ) અદર્શ થવા લાગ્યાં હતાં.

પરંતુ એ વખતનો નકશો કંઈ ઘણો ફેરવાળો નહોતો. ઉત્તર અમેરિકાનો આકાર લગભગ હાલના જેવો હતો; પણ દક્ષિણ અમેરિકા તો ગળતો જતો હતો, અને દક્ષિણ ધ્રુવના ખંડ એટલે જે જમીન એ ધ્રુવની ઉત્તર તરફ અને પૃથ્વીને વીંટલાએલી હતી તેમાં વહી ચાલ્યો હતો ! આસ્ટ્રેલિઆ એ દક્ષિણ ધ્રુવખંડની ભૂશિર ટેરવું–અણીદાર ભાગ હતો. આફ્રિકા અને યુરોપ ઘણાખરા તેમની મર્યાદા જાળવી રહ્યા હતા; તોપણ યુરોપને એશિયાનો ઉત્તર ભાગ ઓગળીને પૃથ્વીની ચારે તરફ વીંટળાએલી જમીન જે ઉત્તર ધ્રુવની દક્ષિણે હતી, અને જેમાં ઉત્તર ધ્રુવ ખંડનો સમાવેશ થતો હતો, તેમાં ભળી જતી હતી ! નિદાન જે સત્તાવાચક અભિપ્રાય આપવાને યોગ્ય એવા વિદ્વાનોનું આવું મત છે.

સંગ્રહસ્થાનના પ્રાચીન પૃથ્વીના શોધ ખાતાના ક્યુરેટર, પ્રો સોસબર્નને મતે ઉરોગામીના યુગમાં જે લાંબા સમયસુધી આંચળવાળા પ્રાણીનું ઘણું ધીમું વિવર્તન થતું હતું તેમની ઉત્ક્રાન્તિ એક્ટોકોનસ પેદા થતાં એકાએક થઈ આંચળવાળાં પ્રાણીની ખરી ઉત્પત્તિ ઉરોગામી યુગની પણ પૂર્વે એક કરોડ પચાસ લાખ વર્ષ પર થઇ હતી ! ઉરોગામીના યુગમાંહેલાં આંચળવાળાં પ્રાણીના શેષ ભાગ, ઇંગ્લાંડ, જર્મની, દક્ષિણ આફ્રિકા, પાટાગોનિઆ નજીકના રૉકી પર્વતો અને ઉત્તર કારોલાઇનામાંથી મળી આવે છે, જો કે એક્ટોકોનસના સમયમાં યુરોપ એ એક વિખુટો પડેલો જમીનનો નાનો ટુકડો હતો. અને પીરેનીઝ તથા સ્વિત્ઝરલાન્ડ પર દરિયો ફરી વળેલો હતો; તેમ ફ્રાન્સ એ ઇંગ્લાંડ સાથે જોડાએલો હતો;

તથાપિ ક્રિટેશિઅસ યુગના અંતથી ઉત્તર અમેરિકા મુકાબલે કાયમ રહ્યો હતો. જો કે આફ્રિકા જેટલો જુનો નહિ, તોપણ યુરોપને મુકાબલે ઉત્તર અમેરિકાની જમીનની સપાટી વધારે જૂની, વધારે આગળ પડતી અને વધારે વિશાળ હતી. આટલાન્તિકની હાલના કાંઠાનો કેટલોક ભાગ પાણીની અંદર હતો અને દરિયાના તળિયાનો કેટલોક ભાગ ઉંચો અને સૂકો હતો. ફ્લોરિડા એ સમુદ્રનું તળીઉં હતું. એક મોટા અખાતે જ્યોર્જીઆને વિંધ્યો હતો.

ચાર આંગળાંવાળા ઘોડાની છેલ્લી શોધની હકીકત આપતાં મી. ગ્રેંગર નવા મેક્સિકોની જમીન ( જેમાંથી એક્ટોકોનસ મળી આવ્યું હતું ) તેના બંધારણ વિષે તથા ખોદાણના કામ વિષે આબેહુબ ચિત્ર પાડે છે.

તે લખે છે કે ઉરોગામીના મહાન્ યુગના અંત પછી એટલે આશરે ત્રીસ લાખ વર્ષ ઉપર એ પ્રદેશ સમુદ્રની સપાટી બરાબર હતો. તે વખતે પર્વતોની હાર ઉપસી આવી અને એ આખો પ્રદેશ સામાન્ય રીતે ઉંચો ચઢ્યો. મોતહોર્ન તળેટી–ખીણ એ પર્વતોની હારવડે બનેલી કેટલીકમાંની એક હતી, અને એ તળેટીમાં આસપાસના ઊંચા મુલકોના ખડકોમાંથી તરી ધોવાઇ આવતી હતી. અહીંઆં ભીનાશવાળી ગરમ હવાને લીધે અને ઘણું કરીને પુષ્કળ વનસ્પતિ હોવાથી ઘણાંક આદિ–આંચળવાળાં પ્રાણીઓ લઘુ ઇઓહિપસ ( Eohippus ) ચાર આંગળાંવાળા ઘોડા ( જેઓ કદમાં માત્ર લાંઘ કોલા જેવડા હતા ) ઉદ્ભવતાં, મરણ પામતાં અને તેમનાં હાડકાં ધીમે ધીમે મોટી રેતીના ઢગલા નીચે દબાઇ પથ્થરરૂપ બની જતા.

આ તળેટી તરીથી ૨૦૦૦ ફુટ પુરાઇ ત્યાંસુધી ઘણું કરીને એવી ક્રિયા ચાલુ રહી. તળેટી લગભગ ભરાઇ જતાં ઉત્તર તરફ મિસિસિપિ નદીને મળનારી નહેર બની. પછી આ વસ્તુઃ સ્થિતિ બદલાઇ. પૂરણીની ક્રિયા બંધ પડી અને આજ સુધી કોહવાઇ જવાની ક્રિયા ચાલુ રહી છે. હાલમાં બિગહોર્નની તળેટીની નીચામાં નીચી જગા સમુદ્ર સપાટીથી ૪૦૦૦ ફુટ ઉંચી છે. થોડાક પાણીના પ્રવાહ બાદ કરતાં તે સુકી ને ઉજ્જડ છે. અને મૂળની ૨૦૦૦ ફુટની માટી તથા રેતી પાષાણનો ઘણો ભાગ ખરી ગયો છે. ખેરવવાની ક્રિયા શરૂ થઈ તે વખતે તળેટીની સપાટી કેવી હતી તે કેટલાક ઉંચા ટીંબા રહેલા છે તે ઉપરથી જણાઇ આવે છે; પરંતુ તેનું બંધારણ મોટે ભાગે ઘસાઈ જઈ છેક તળીઆ પાયા સુધી ગએલું છે, અને એ પ્રદેશ નીચો નાના ટીંબાવાળો અને તીણી લંબાકાર ધારોવાળો હોઈ તેમાં મુખ્યત્વે સફેત, લાખ, કદણ ભુંખરી માટી, કંઈ કંઈ રેતી–પાષાણના થર આવેલા છે, અને તે વનસ્પતિથી કેવળ વિમુખ છે. ભૂસ્તરવેત્તાઓ આ પ્રદેશને ખરાબ જમીન કહે છે, અને એ ઠેકાણેથી શોધકો આવા પ્રાચીન પ્રાણીઓના શેષ ભાગ મેળવે છે.

વસંત ઋતુના ને કોઈવાર ઉનાળાના ભારે વરસાદથી જેમ ડુંગરા ધોવાતા જાય છે તેમ કામ કરનારની કેળવાએલી આંખને લાંબા કાળ સુધી દટાઈ રહેલાં હાડકા દીસી આવે છે. ઘણીવાર તે ફક્ત હાડકાનો નિરૂપયોગી કડકો હોય છે. કેટલીક વાર જડબાનો કે ખોપરીનો ભાગ હોય છે, અને પૂર્ણ હાડપિંજર તો ક્વચિતજ મળી આવે છે. સડેલું માંસ ખાનારાઓથી પાણીની ક્રિયાથી કે બીજી ક્રિયા દ્વારા હાડકાં વિખરાઈ જાય તે અગાઉ મુવા પછી તુરત પ્રાણીઓ આવા દૃષ્ટાંતમાં દટાઈ ગયેલાં હોવાં જોઇએ.

શોધ માટે ગયેલા કાફલાના રસોઇઆ અને ગાડીવાન સ્તેઇનને અવકાશના વખતમાં તપાસ કરતો હતો. તેના જોવામાં પ્રથમ ચાર આંગળાંવાળા ઘોડાનું હાડપિંજર આવ્યું હતું.

તીણી નજરવાળા શું ખોલવું તેનાં અનુભવવાળા અને દગ્ધ કરી નાખે એવી રણની ગરમીમાં લાંબા દિવસ સુધી ધીમેથી ઘોડો હાંકનાર કે ચાલનારને પાષાણરૂપ શેષ ભાગ હાથ લાગે છે. ધારના ઢોળાવ ઉપર પડેલા ઇઓહિપસના પાછલા પગના હાડકાંના ધોવાયલા કડકા તરફ સ્તેઇનનું લક્ષ ગયું. સપાટી ઉપરના આ કડકા સંભાળથી ભેગા કરવામાં આવ્યા અને ધાર જે માટીની બનેલી હતી તેની અંદર એ પ્રાણીની કરોડને પાંસળી ગએલી છે એમ ધ્યાનપૂર્વક તપાસતાં જણાયું. ઉપર આવેલો ખડક ખસેડતાં દૃષ્ટિ મર્યાદાની સમાંતર પડેલા હાડપિંજરનો ઉપલો ભાગ દીસી આવ્યો. ખડકમાંથી એક પછી એક હાડકું વીણી લેવાને બદલે વળગી રહેલી જરૂરી માટી સાથે આખું હાડપિંજર ઉપાડયું. સર્વને આવા નમુના માટે જેમ કરવામાં આવે છે તેમ ખાધી જેવા કપડાથી ને ચીકણા પદાર્થથી આખું બાંધી દીધું.

મી. ગ્રેંગર જણાવે છે કે સંગ્રહસ્થાનની પ્રયોગશાળામાં લઈ જઇને પાટા છોડવામાં આવ્યા અને આખા જથામાંથી નાનાં અને અતિ બરડ હાડકાંને જૂદાં પાડવાનું ધીમું ને જરા કંટાળા ભરેલું કામ હાથમાં લીધું.

મી. ગ્રેંગર પોતાને મળી આવેલી કીમતી શોધ (વસ્તુ) લઇને આવતા અઠવાડીઆમાં પાછો આવશે, ત્યારે સંગ્રહસ્થાનના અમલદારોને બેશક આવું કામ ફરીથી આદરવાનું થશે.

**ગિગેન્તોસોરસ** ( Gigantosaurus ) વગેરે આધુનિક શોધ વડે આફ્રિકામાંથી એક ભૂ રાક્ષસના શેષ ભાગ મળી આવ્યા છે. તે રાક્ષસની લંબાઈ ૧૬૦ ફુટ છે. તેને ગિગેન્તોસોરસ નામ આપવામાં આવ્યું છે. જર્મન પૂર્વ આફ્રિકાના ટેન્ડાગુરૂ આગળથી જર્મન પંડિતોને તે મળી આવ્યો છે. તેનું આખું હાડપિંજર હાથ લાગ્યું છે. દક્ષિણ કેનસિંગટનના પ્રાણી સંગ્રહમાં તેનો ઉપલો ભુજાસ્થિ છે. તેની બનાવટ જોતાં અને તેના બાકીના હાડપિંજરના વર્ણન ઉપરથી જણાય છે કે આ રાક્ષસી પ્રાણી અમેરિકામાંથી મળી આવેલ ડીપ્લોડોકસ કારનેગી ( Diplodocus Carnagii ) નું બહુ નજીનું સગું છે. ડિપ્લોડોકસ ૮૪ ફુટ લંબાઇનું અને ખભેથી ૧૧ ફુટ ઉંચાઇનું હતું, અને જ્યારે તેના હાથનું ( આગલા પગનું ) હાડકું માપમાં ૩ ફુટ ૩ ઈંચ લાંબુ હતું; ત્યારે આ નવા રાક્ષસ ( ગિગેન્તોસોરસ ) ના હાથનું હાડકું, ડિપ્લોડોકસના આખા પગ જેટલું લાંબું હતું, અને તેની લંબાઇ ૭ ફુટ ૧ ઈંચ હતી, પણ તે જીવતું હશે ત્યારે તેની લંબાઇ થોડા ઈંચ વધારે હશે, કેમકે તેના બંને છેડાને મથાળે જે કુમળાં હાડકાં આવેલાં હશે તે ગણત્રીમાં લેવાયાં નથી. લંબાઇની બાબતમાં કદાચ ગિગેન્તોસોરસની ખ્યાતિ કંઇક ઓછી થશે, કેમકે તેના અમેરિકન પિત્રાઇની માફકતે લાંબી પુંછડીનું પ્રાણી હતું. ડિપ્લોડોકસના ખભેથી ૧૧ ફુટની ઉંચાઈ તે તેના પ્રતિસ્પર્ધીની ૨૨ ફુટ ઉંચાઇથી ઢંકાઈ જાય છે. ગિગેન્તોસોરસની રહેણી કરણી બાબત અનુમાન બાંધવું એ ભયંકર નહિ તો સ્વાભાવિક રીતેજ મુશ્કેલ છે. તે જગતના ઇતિહાસના એવા પ્રાચીનકાળમાં હયાતી ભોગવતું હતું કે જ્યારે ક્રિટેશિઅસ ખડકો બંધાયા હતા. મનુષ્યના જન્મ પહેલાં લાખો વર્ષ ઉપર આ યુગ થઈ ગયો હતો અને જળચર પ્રાણી કહીએ કિંવા જળને સ્થળનું ઉભયચર પ્રાણી કહીએ તો આપણે બહુધા ખોટા પડીશું નહિ. તેના દાંત ઉપરથી તે ફળાહારી ભાજીપાલો ખાનારૂં પ્રાણી હતું એમ જણાઈ આવે છે. ખોપરીનું પોકળ માણસની મૂઠી કરતાં પણ નાના કદનું હોવાથી તે મંદ બુદ્ધિવાળું હશે એમ સાબીત થાય છે.

હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા.

# પરદેશીઓનું આપણા સંબંધી અજ્ઞાન.

આફ્રિકામાં, અમેરિકામાં અને બીજા ભાગોમાં, આપણી જે અવજ્ઞા થાય છે, તેનું કારણ, બહુ મોટે ભાગે આપણે પોતેજ છીએ, કારણ કે, આપણે આપણા સંબંધી તેમના અજ્ઞાનને દૂર કરવાને યત્ન કરતા નથી. જે માણસ જેને ઓળખતો ન હોય, તેને તે માન આપે નહિ. તેમાં વળી જો તેને ખોટી સમજ બંધાયેલી હોય તો તો તેને તે પોતાથી દૂર રાખવાનો જ યત્ન કરે, એ સ્વાભાવિક છે. પરદેશીઓ આપણને ખરેખરા સ્વરૂપમાં ઓળખતા નથી, અને આપણા સંબંધી તેમને મોટું અજ્ઞાન છે, એટલુંજ નહિ, પણ, આપણે સામા તેમની સમજમાં અધમ દેખાડાએલા છીએ. જ્યાં સુધી આપણા સંબંધી તેમને જે અજ્ઞાન છે તે આપણે દૂર કરી આપણે સારી છાપ પાડીશું નહિ, ત્યાં સુધી આપણા બીજા બધા પ્રયત્નો નિષ્ફળ જ જશે.

મનુષ્ય માત્રનો સ્વભાવજ એવો છે કે, તે પોતાને ડહાપું ને બીજા કરતાં બહુજ ચઢિયાતું ગણે. યુરોપ, આ સ્વાભાવિક દોષથી રહિત નથી, ને સ્વભાવને લઇ દુનિયાંની તમામ પ્રજાઓ કરતાં તે પોતાને શ્રેષ્ઠ માને છે. તેમના મગજ ઉપર તેમના શિક્ષણે એવી છાપ પાડી છે કે, ‘ ગોરી પ્રજા શેહાઇ ભોગવવા સરજાએલી છે, અને કાળી પ્રજા પશુઓની માફક તેમની સેવા કરવાને સરજાએલી છે. ’ આ એમનો દોષ નથી, સવળા પાસાનો દોષ છે. આપણે પણ જ્યારે સૈભાગ્યમાં હતા ત્યારે શૂદ્રોને, સેવા માટેજ સરજાએલા માનતા હતા. યુરોપમાં અને ગોરી પ્રજામાં જ અત્યારે, બુદ્ધિ, માણસાઇ, વિદ્યા, કળાઓને સર્વોપમા યોગ્ય ગુણો વસે છે અને બીજી પ્રજાઓ બુદ્ધિહીન, જંગલી, અજ્ઞાન અને મૂર્ખ છે, એવી તેમને અહંતા આવી છે. તેમની આવી સમજને આપણે ફેરવાવતા નથી અને ત્યાંનું શિક્ષણ તેને પ્રતિ દિન વધારે અને વધારે દૃઢ કરતું જાય છે. આપણો અને એમનો ભેદ તેથી વધે છે. ‘ મોડર્ન રિવ્યુ ’ ના ગયા અંકમાંજ મિ. એ. દાસે. ઈંગ્લાંડની સ્કૂલોમાં ચાલતા એક અભ્યસ્ત પુસ્તકમાંથી ઉતારા આપી આપીને બતાવ્યું છે કે, આપણે માટે યુરોપનાં બાળકોના મન ઉપર ઘણીજ ખોટી છાપ પાડવામાં આવે છે.

આપણે જાણીએ છીએ કે, વાસ્કોડીગામાએ હિંદુસ્તાન શોધી કાઢ્યું ત્યાર પછી, આ ચાર સૈકા થયાં, જે જે યુરોપિયનો હિંદ આવી ગયા તે તે બધાય, આપણને જંગલી જ ચીતરતા ગયા છે. આફ્રિકાની જંગલી પ્રજાઓમાં અને આસ્ટ્રેલેશિયા તથા તેની આસપાસના દ્વીપોમાં જણાએલી જંગલી પ્રજાઓમાં અને આપણામાં તેમણે કંઈ ઝાઝો તફાવત જોએલો હોય, એમ જણાતું નથી. મુસાફરો કરતાં પણ ધર્માભિમાની યુરોપિયનોએ આપણને વધારે ખરાબ–સાપ, કાચબા, કરોળિયા વગેરેને પૂજનાર, જંગલી વર્ણવ્યા છે, અલબત, સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કર્યા પછી જર્મનો, ફ્રેંચો અને અંગ્રેજોએ, આપણા સાહિત્યનાં ભાષાન્તરો કરી આપણો સુધારો અને સંસ્કૃતિ બહુ પ્રાચીન કાળનાં હોવાનું જણાવ્યું છે, પરંતુ તે ગહન પુસ્તકો યુરોપના લોકસમૂહમાં ઝાઝાં વંચાતાં નથી, અને જે પુસ્તકો લોકોના મોટા ભાગમાં વંચાય છે તથા વિદ્યાર્થીઓને શિખવાય છે તેમાં તો આપણને

જંગલી જ ચીતરેલા જોવામાં આવે છે. કાળા, અણુસમજુ, જંગલી, મૂર્તિપૂજક, તુળસી પિંપળા (ઝાડ) પ્રાણીઓ (ગાય) અને જંતુઓને પૂજનાર, મેલા, ગંદા, અવિવેકી, અસભ્ય અને જાણે હમણાં જ વાનરમાંથી મનુષ્ય થએલા હોઇએ, એવા તેમણે આપણને વર્ણવ્યા છે. જેમાં આવાં વર્ણનો હોય એવાં પુસ્તકો ચાર ચાર સૈકાં થયાં યુરોપમાં વંચાયછે તેમ છતાં પણ આપણે તેને ખોટાં પાડવાને કે તેમાં લખેલી બાબતો ગળત છે, એમ જણાવવાને પણ જાગ્રત થયા નથી. યુરોપમાં જ નહિ, પણ અમેરિકામાં, આસ્ટ્રેલિયામાં આફ્રિકામાં અને અવણાં જ સુધરેલી પ્રજાની પંક્તિમાં આવેલા જાપાનમાં પણ, આપણે માટે 'જંગલી પ્રજા' એવી છાપ પડી ગઇ છે અને તે છાપ આપણને તેમની પાસે હાડ માર કરાવરાવે છે. થોડાજ વખત ઉપર એક માસિકમાં વાંચવામાં આવ્યું હતું કે, જાપાન પણ આપણને જંગલી પ્રજા સમજે છે અને આપણી કોઇપણ વાત નીકળતાં, નાક ચઢાવી સૂગ બતાવે છે. આપણા વગર આમાં આપણે બીજા કોઇનો દોષ કાઢવાનો નથી.

આચાર વિચાર અને બીજી ધર્મહાનિના ભયથી જમાનાઓ થયાં આપણે આપણા કુવાની બહાર જવાની બંધી કરી બેઠા છીએ, એટલું જ નહિ, પણ આપણે ત્યાં આવનારની સાથે પરિચય પાડવામાં પણ મોટું પાપ સમજીએ છીએ. મનુષ્ય મનુષ્યનો પરિચય મનુષ્ય જાતની સંસ્કૃતિનું મોટામાં મોટું બીજ છે, તે વાત પણ આપણે ભૂલી ગયા, અને માત્ર ખુણો સાચવવામાં મોટાઈ માની દેશપરદેશની બંધુ પ્રજાઓથી પણ અજાણ્યા રહ્યા છીએ. ચાર સૈકાં થયાં યુરોપિયનો આપણને ઓળખી શકયા નથી અને આપણે તેમને ઓળખી શકયા નથી, એ આપણી અતડાઇની પરાકાષ્ટાનું તો વર્ણન જ થાય તેમ નથી. આઠ નવ સૈકાં થયાં મુસલમાનો આપણા કરા ઉપર મોભ મૂકી પડોશમાં આવી રહ્યા છે, પરંતુ આપણા ઘરના અને આપણા ચારિત્રના આપણે તેમને જાણીતા થવા દીધા નથી. બંગાળીઓ :પંજાબીઓને, પંજાબીઓ મદ્રાસીઓને અને મદ્રાસીઓ ગુજરાતીઓને પણ, તેમના ખરા સ્વરૂપમાં ઓળખતા નથી. તેઓ અન્યોન્યના સહવાસમાં આવ્યા નથી, તેમ આવવાનો યત્ન પણ કરતા નથી, તો પછી, દૂર રહેલી પ્રજાઓ આપણા પરિચયમાં કેવી રીતે આવે ? આપણે અતડા રહીને આપણનેજ હાનિ કરી છે અને કરીએ છીએ. બીજી પ્રજાઓથી અતડા રહીને આપણે આપણું સાચવી શકયા હોત તોપણ ખેર ! પરંતુ તેમે થયું નથી. આપણે આપણને પોતાને ઓળખતા બંધ થયા તેની સાથે આચાર વિચાર, સભ્યતા, ધર્મ અને ધન સૌ હારી ગયા છીએ. નવું શીખવાનું તો રહ્યું પણ શીખેલું હતું તે પણ ભૂલી ગયા છીએ. એક કાળ તો એવો હતો કે, જ્યારે આપણે ચાર ગાઉ ઉપરના આપણા પોતાના ધર્મના અને નાતના ભાઇને પણ ઓળખતા ન હતા. પરદેશીઓની ક્યાં વાત કરીએ, આપણી પોતાની જાતના પણ નાતને નામે જુદા ગણાતા, આપણા બંધુઓથી અતડા રહી આપણે તેમનાથી અલગ થઈ ગયા છીએ અને તેમની રીતભાત ચારિત્રને વગેરે પણ જાણતા નથી. આ આચારિયા અને ધર્મ ભોળિયા વહેમે આપણને ખરેખર કૂપમંડુક બનાવી દીધા છે, પ્રથમ તો આપણે તેમાંથી આપણો પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ.

ઘરના સ્ત્રીઓના અને ભોજનાદિક સંવ્યવહારના પરિચયથીજ માણસને તેના ખરા સ્વરૂપમાં જાણી અને ઓળખી શકાય છે. આ બધી બાબતો આપણે આપણામાંજ બંધ કરી

નાંખી છે. પરદેશીઓજ નહિ પરંતુ પરનાતના માણસો પણ આપણા ઘરના સ્ત્રીઓના કે ભોજન વ્યવહારના પરિચયમાં આવી શકતા નથી; તેમ આપણે પણ તેમના તેવા પરિચયમાં જઈ શકતા નથી. આથી આપણે તેમનાથી અને તે આપણાથી તદ્દન અજાણજ રહીએ છીએ. આ સ્થિતિ મનુષ્ય જાતની સંસ્કૃતિમાં કેટલી બધી વિઘ્ન કરતા છે તે થોડાજ માણસો સમજી શકે છે. ગમે તેટલી કેળવણી વધશે અને ગમે તેટલાં કાર્યમાં આપણે બીજાઓની સાથે ભળીશું, પરંતુ જ્યાં સુધી ઉપરની ત્રણ બાબતોમાં છૂટ નહિ થાય, ત્યાં સુધી, આપણે બીજાઓને કે બીજાઓ આપણને ઓળખશે નહિ.

ત્રણ ચાર સૈકાં થયાં પણ કયો યુરોપિયન હિંદુના ઘરમાં જઈ રહ્યો, તેનાં બૈરાં છોકરાંના પરિચયમાં આવ્યો કે તેમને રસોડે જમ્યો? અથવા કયા હિંદુએ યુરોપિયની સાથે તેવી છૂટ લીધી કે જેથી તેઓ અન્યોન્યને ખરા સ્વરૂપમાં ઓળખે? કોઇએ નહિ. અમલદાર તરીકે, વેપારી તરીકે અને પ્રવાસી તરીકે જે યુરોપિયનો હિંદુસ્તાનમાં આવે છે, તે કોઈ પણ ઉંચી વર્ણના હિંદુને ત્યાં આવતા નથી, તેમના ઘરમાં રહેતા નથી, તેમનાં બૈરાં છોકરાંને જોતા નથી કે તેમની સાથે ભોજન કરવાનો તેમને પ્રસંગ પણ પડતો નથી. તેઓ, જેને હિંદુઓ શૂદ્ર અને અતિશૂદ્ર ગણી અડકતા પણ નથી તેવા, અલબત 'હિંદુ' કહેવાતા હલકા લોકના પરિચયમાં જાય છે અને તે ઉપરથી હિંદુઓનું ચિત્ર ચીતરે છે. આ વાત કોઇથી પણ ના પાડી શકાય તેવી નથી, હિંદુસ્તાનના શૂદ્ર અને અતિશૂદ્રના પરિચયમાં રહી ગએલા યુરોપિયનોએ હિંદુઓને જંગલી ચીતર્યા છે અને હજી પણ જંગલી જ ચીતરતા જાય તો તેમાં તેમનો દોષ કઢાય તેમ નથી. તેઓ જેવું જુએ અને અનુભવે તેવુંજ લખે છે અને લખશે.

આપણે યુરોપિયનોને આપણા ઘરમાં બોલાવી આપણો પરિચય કરાવીએ, એવો વખત આવેલો નથી, એમ કહેનારને પણ એટલો તો ઠપકો ઘટેજ છે કે, તમે તમારે માટે ખોટું લખાતું હોય તે હવે ચલાવી લ્યો નહિ. તમે બે અક્ષર ભણ્યા છો, લોકસ્થિતિ, વસ્તુસ્થિતિ અને કાળસ્થિતિ સમજવા શીખ્યા છો; ત્યારે શા માટે તમારો પોતાનો આ હેતુકાળમાં, હેતુ પુરઃસર બચાવ કરતા નથી? દુનિયાંમાં જુનામાં જુની તમારી સંસ્કૃતિ છે અને અદ્યાપિ પણ જેને ઉંચામાં ઉંચી માણસાઈ કહેવાય, એવાં ધર્મનાં, આચારનાં અને નીતિનાં સારાં શિક્ષણો તમારી પ્રજામાં પ્રવર્તેછે, બીજી કોઈ પણ પ્રજામાં, નથી એવાં જમાનાઓના અનુભવે અનુભવે સિદ્ધ થએલાં સત્યો તમારા બહોળા સાહિત્યમાં ભરેલાં છે, 'હાથની આળસે મુંછો મોંમાં આવે' એવું આલસ્યને લીધે ન થવા દો, જમાનાઓથી જડ થઈ ગએલાં આલસ્ય અને અનુત્સાહ કાઢી નાંખો, અને આપણે કોણ છીએ, કેવા છીએ અને દુનિયાંની પ્રજાઓમાં આપણો નંબર ક્યાં છે, તે દુનિયાંને બતાવી આપવા તત્પર થાઓ.

સત્યાગ્રહ—Passive resistance અશસ્ત્ર પ્રતીકાર એક નવીજ વાત હોય એમ આપણામાંના કેટલાક માને છે, પરંતુ તેમ નથી. 'ત્રાગું' એ કોટિમાંનો તદ્દેશીય પ્રતીકાર છે. આ ઉપાય સારો છે, પરંતુ તે કદાપિ અજ્ઞાનને શોભે તેવો હોય તો હોય. યુરોપનો અચિરજ નિર્વાણ પામેલો મહાન ઋષિ–કાઉંટ ટોલસ્ટોય આ ઉપાયને બહુ સારો ગણી આપણા જનણા હાથ મિ. ગાંધીને ધન્યવાદ આપી ગયો છે, એ બધું ખરૂં,

પરંતુ બુદ્ધિનો આશ્રય છે એજ સૌથી મોટામાં મોટો દુઃખ પ્રતીકાર કહેવાય છે. દુઃખમાંથી છૂટવા અને સુખ લેવાનાં માટે માત્ર બેજ બળ છે. એક શારીરિક અને બીજું માનસિક-બુદ્ધિબળ પહેલાનો ઉપયોગ પ્રાણી માત્ર કરે છે, જ્યારે મનુષ્યને માટે બધી જાતનાં દુઃખમાંથી છૂટવાને બુદ્ધિબળ ઉત્તમોત્તમ બળ ગણાય છે. શારીરિક બળ સ્વજનનો તેમજ પ્રતિપક્ષીનો ઉભયનો નાશ કરી રુધિર પ્રદગ્ધ ભોગો આપે છે,જ્યારે બુદ્ધિબળ સ્વજનને તેમજ પ્રતિપક્ષીને સુખેથી શરણુ આણી આપી આનંદથી ભરપૂર ભોગો-મોટા માનભેર ભોગવાવરાવે છે. શારીરિક બળ જેટલું અનિષ્ટ છે, તેટલુંજ સત્યાગ્રહનું હઠબળ પણ મનુષ્યને અશોભન છે, કારણ કે જેને સ્વમાન કહેવામાં આવે છે તથા જેને આપણે 'હુંપણું' કહીએ છીએ, તે અભિમાનનો તો તે જડમૂળમાંથી નાશ કરે છે. એકાદ ભિખારીને આપણે હડધૂત કરી કરીને ખસેડીએ અને તે આપણા તિરસ્કારને પત્થર ઉપર પાણી જેવા ગણીને હાથ લાંબો કરી ઉભો રહે અને બહુ તિરસ્કારને અંતે કદી એકાદ અડધી તે આપણા ખીસમાંથી કઢાવી જાય; તો તેને તમે પુરુષાર્થ કહેશો, કે, પોતાના બુદ્ધિબળની યુક્તિએ તમને પોતાની તરફ ખેંચી હસી હસાવી તમારા ખીશામાંથી રૂપિયો કઢાવી નાંખશે તેને તમે ઉત્તમ પુરુષાર્થ કહેશો ? આની ઉપર વિચાર કરતાંજ તમને સમજાશે કે હઠબળનો ઉપયોગ કર્યા કરતાં બુદ્ધિબળનો ઉપયોગ કરવો, એ વધારે માન ભર્યો અને પુરુષને શોભે તેવો પ્રતીકાર છે.

આપણાં દુઃખો અને આપણી હડધૂત ટાળવાને આપણે ત્યારે હવે બુદ્ધિ બળનોજ આશ્રય લેવો વધારે યુક્ત છે. આપણે નહિ પરંતુ આપણા યુરોપિયન બંધુએ આપણું એ કાર્ય થોડેજ વખત ઉપર કેપટાઉનના ટાઉન હોલમાંથી શરૂ કર્યું છે. બુદ્ધિબળની જીત લાંબો વખત લે છે, પરંતુ જેઓ તેને શરણે રહી તે ચલાવ્યે જાય છે, તે છેવટની અને કાયમની ફતેહ મેળવે છે. આપણી અને પરદેશીઓની વચ્ચે આફ્રિકામાં અને અન્યત્ર જે હડધૂતના ઝઘડા ચાલે છે, તે દૂર કરવાને બુદ્ધિબળનો આશ્રય લેવો, રાજકીય સુધારણા અને બીજી ઘણીક બાબતોમાં આપણે હાલ પુષ્કળ લખીએ છીએ, તેમ મોટી મોટી હિંદુસ્તાનની અને પરદેશોની રંગભૂમિઓ ઉપરથી પરદેશીઓની ભાષામાં, તેઓ મોંમાં આંગળીઓ ઘાલે એવી છટાદાર તેમનીજ ભાષામાં ભાષણો આપીએ છીએ, તો શા માટે આપણા લેખો અને ભાષણોને આપણા ખરા સ્વરૂપના પ્રકટીકરણ તરફ ન વાળવાં, કે જેથી આપણું માન વધે અને પૂજાતા પૂજાતા આપણે જમીએ. આપણી સામે સમુદ્ર પારના દેશોમાં જે ખરાબ લાગણી અને અભાવ છે, તે બીજા કશાને લીધે નહિ પરંતુ આપણા ખરા સ્વરૂપ સંબંધી તેમના અજ્ઞાનને અને તેમના મગજ ઉપર આપણે માટે પડેલી ખોટી છાપને લીધે છે, અને તેથી આપણું એ પહેલું અને બહુજ અગત્યનું કર્તવ્ય છે કે આપણે કોણ છીએ, તે તેઓને સમજાવવું. રેવ. સી. એફ. એન્ડ્રુસના કેપટાઉન ખાતેના ભાષણને ઉદ્દેશીને લખતાં 'ટાઇમ્સ' જણાવે છે કે—

The chief difficulty in the way of better understanding between India and the overseas dominions, is that to those dominions, India is almost entirely and solely known as the place, from which coolies emigrate. × × × It is on that

account that we welcome any effort such as that made by Mr. Andrews, to bring India and rest of the Empire more closely together, and no country is in greater need of such missionaries of Empire than South Africa–(ટાઇમ્સ તા.૧૯ ફેબ્રુ. ૧૯૧૪)

આ પ્રમાણે યુરોપિયનો કબૂલ કરે છે અને આ ઘણે બધાજ મનમાં સમજીએ છીએ કે, આપણી હડધૂત થાય છે તે બીજા સ્વાર્થોની સાથે ગમે તેટલી જોડાયેલી હો, તોપણ તે મૂળે તો અભાવમાંથી ઉત્પન્ન થયેલી છે અને એ અભાવ પોતાની ઉચ્ચતાના અભિમાનથી અને સામાના સ્વરૂપના અજ્ઞાનમાંથીજ ઉત્પન્ન થયેલો છે. આગળ આપણે જણાવી ગયા કે પરદેશીઓને આપણો અનુભવ નહિ મળતો હોવાથી પોતાના અનુભવમાં જે શૂદ્રજાતિઓ આવે તેમનું જોવાથી અને ખોટા ચીતરવાના દુરાશયથી નહિ તોપણ આપણે પરદેશીઓથી જંગલીમાં જંગલી પ્રજારૂપે ચીતરાયેલા છીએ અને તે ચિત્રો ચાલુ તેમની આંખ આગળ રહ્યા કર્યાં તેથી તેમને આપણે માટે ઘણીજ ખરાબ છાપ પડી ગયેલી છે. આપણી તરફ સમુદ્રપાર રહેતા પરદેશીઓ અભાવની નજરે જુવે છે અને તેમાંથી આવી ખટપટો, હાડમારીઓ અને દુઃખો ઉત્પન્ન થાય છે. આ બધાં સંકટો દૂર કરવાને આપણે કમ્મર બાંધીને લખાણોથી તથા ભાષણોથી પરદેશીઓને સમજાવવું ઘટે છે કે, અમે એવા જંગલી, જડ, અસભ્ય કે અણઘડ નથી પરંતુ જ્યારે દુનિયાની પ્રજાઓ પશુની સ્થિતિમાં સડબડતી હતી ત્યારે દુનિયામાં જે એકલી એકજ સુધરેલી પ્રજા હતી અને જેનું આખી દુનિયાંની નિશાળોમાં શિક્ષણ જતું હતું એવી સર્વની પહેલાં સુધરેલી અને જમાના પર જમાનાના અનુભવ લઈ ઘડાએલી ' હિંદુપ્રજા તે છીએ અને દુનિયાંની હાલની પ્રજાઓની પંક્તિમાં પણ અમારો નંબર અદ્યાપિ આગલી હરોલમાંજ રહેલો છે.

મણિલાલ છબારામ ભટ્ટ.

---

# રજતગિરિ.

—xxxx—

૧.

ગામમાં કોઇને દુઃખ ન્હોતું, કાંઈ અશાન્તિ ન હતી; કદિ થઈ ન્હોતી, અને બધા કહેતા કે કદિ થશે પણ નહિં. દેશનું નામ પિનજલા. એક દિવસ રાજાએ મંત્રીને બોલાવ્યો અને વિચાર કરીને અન્તે નક્કી કીધું કે, પોતાની હયાતીમાંજ યુવરાજ ખુડાનુનો રાજ્યાભિષેક કરી દેવો. યુવરાજ ખુડાનુ જો કે વયમાં ન્હાના હતા છતાં તેમની વિદ્વતા અને બળની ખ્યાતિ ચારે તરફ પસરેલી હતી. એટલે સુધી કે, છેક ઘણે દૂર જંબુદ્વિપની શેષ સીમા પર્યન્ત તેમનો યશ અને ગૌરવ વ્યાપ્ત હતો. યુવરાજ દરેક બાબતમાં નિપૂણ હતા અને તેથી બધાની ઇચ્છા એમજ હતી કે, રાજાની હયાતીમાંજ તેમનો રાજ્યાભિષેક કરવામાં આવે.

આ તરફ ખુડાનુના ચિત્તને શાન્તિ ન હતી; તે એક દિવસ સ્વપ્નમાં એક સુન્દરી કન્યાનું રૂપ જોઇને મોહીત થયો હતો. જીવન મરૂભુમી સમું કરીને મુંગે મ્હોયે અને અસહ્ય કષ્ટ વેદનામાં તે દિવસ વીતાવતો હતો. તેને બધું હતું પણ કંઇ ન હતું.

૨.

સ્હવાર હતું. બધે સૂર્ય ઉગ્યો હતો. તળાવના પદ્મ ઉપર શિશિરબિન્દુ ઝક્ ઝક્ કરતાં હતાં. મોગરો, જુઈ અને ચંપાની સૌરભ ચારે બાજુ પમરાતી હતી. ઝાડ ઉપર પંખીઓ પ્રભાતિઆં ગાતાં હતાં. પોપટ અને મેનાનાં ટોળાં આકાશમાં ઉડતાં હતાં.

મજાલિન્દ એક શિકારી હતો. બિચારો રાત છતાંજ, સ્રીની ધમકી અને ગાળો ખાઇને, ઘેરાયલી અને ઘેરાયલી આંખે, આંખો ચોળતો, પેટના જોગાડને સારૂં શિકાર કરવા નીકળેલો એક તળાવને કિનારે આવી પ્હોંચ્યો. અત્યારે પણ ત્હેની આંખમાં ઉંઘનું ઘેન ભરાયેલું હતું; આ સ્વર્ગ જેવા મનોરમ સ્થાનમાં આવીને તે એક વૃક્ષ નીચે સૂતો અને તરતજ ઉંઘી ગયો.

એવામાં, પરીરાજ્યના રાજા ધૂમરાજની સાત કન્યાઓએ હઠ લીધી કે, 'અમે મર્ત્ય રાજ કદિ જોયું નથી, માટે તે અમને જોવા જવા દો. રાજાએ તેમને દુનિયાના દરેક વ્યાપારથી સાવધાન કીધી અને તે ઉપરાંત અનેક શીખામણની વાત કહીને થોડાક વખતને માટે ફરવા જવાની રજા આપી. સાતે બ્હેનો બનવા જોગે, એ વખતે એજ તળાવને કિનારે આવી પ્હોંચી અને એ મનોરમ સૌન્દર્ય જોઇને મુગ્ધ થઇ. સૌએ મળીને અહિં સ્નાન કરવાનો નિશ્ચય કર્યો અને એકે એકે બધીએ જળમાં ઝીંપલાવી પડી.

૩.

મજાલિન્દની ઉંઘ ઉડી ગઇ. તે ઘડી ઘડી પોતાની આંખ ચોળવા લાગ્યો, પણ કોઈ પણ રીતે તેને ખાત્રી ન થઇ. ત્હેને એમજ સંદેહ થવા લાગ્યો કે, તે પરીઓના રાજ્યમાં આવી ચ્હડયો છે કે શું ! ? જરાક સ્ફુર્તિમાં આવતાં ત્હેને લાગ્યું કે, 'વાહ્ ઠીક થયું; એમાંની એકાદને પકડીને કદાચ રાજપુત્ર ખુડાનુને આપી શકું તો કેવી ભારે બક્ષિસ મળે !' આમ વિચાર કરીને મજાલિન્દ નજીકમાંજ પામુક નામનો ફકીર રહેતો હતો ત્હેને ત્યાં ગયો. ફકીરને ત્યાંથી એક મંત્રેલી જાળ લઇ લીધી, અને તળાવને કિનારે જઇને જાળ પાથરીને બેઠો. દુયામેના નામની એક પરી કન્યા તેમાં સપડાઈ ગઇ. બાકીની છ જણીઓ જે બચી ગઇ તે ઉડીને નાસી ગઈ.

મજાલિન્દે આ બધી હકીકત જઇને ખુડાનુને કહી. ખુડાનુ એકદમ અધીરો બની ગયો, અને એકદમ ત્હેણે દુયામેનાને લઇ આવવાનો હુકમ કર્યો. પરીકન્યાને જોઇને રાજપુત્ર ઘણો ખૂશ થયો અને ભારે ધામધૂમ વચ્ચે તે બન્નેનાં લગ્ન થયાં. આ પછી એ બન્ને ઘણા સુખમાં દિવસ ગાળવા લાગ્યાં.

આ બાજુ એક કાંઇ જુદોજ બનાવ બન્યો. એક વિદેશી રાજા પિનજલા રાજ્ય મેળવવા સારૂં તે રાજ્ય ઉપર હલ્લો લાવ્યો. યુવરાજ ખુડાનુને સૈન્ય સામન્ત લઇને યુદ્ધમાં જવાની ફરજ પડી. યુદ્ધક્ષેત્રમાં ત્હેને ખબર મળી કે, દુયામેનાને એક પુત્ર સાંપડયો છે.

૪.

આજ રાજાનું ચિત્ત ઘણું ઉદાસ છે. એણે એક ખરાબ સ્વપ્ન જોયું છે, અને એ સ્વપ્નનો અર્થ શું હશે એ જાણવાને માટે, ત્હેણે મોકા નામના પોતાના એક ચતુર સભાસદને બોલાવી મંગાવ્યો અને ત્હેની સલાહ લીધી. મોકા ખુડાનુ ઉપર દ્વેષ ધરાવતો હતો અને તેથી પોતાને મળેલી આ સુવર્ણ તકનો પૂરેપૂરો લાભ લેવાનું ત્હેણે નક્કી કર્યું. આથી એણે રાજાને સ્વપ્નનો અર્થ એવો સમજાવ્યો કે, રાજ્યમાં ભયાનક અશાન્તિ થવાનો સંભવ છે, અને ત્હેના નિવારણનો માત્ર એકજ ઉપાય છે; અને તે એ કે, એક સો કુકડા, પાડા, સુવર અને ત્હેની સાથે યુવરાજની નવિન પત્ની દયામેનાનું બલિદાન આપવું. રાજાને પોતાની ઘણી અનિચ્છા છતાં, પણ જરૂરને લીધે, એવો હુકમ આપવાની ફરજ પડી. એક મંત્રીએ જઇને, દુયામેનાને આ હુકમની ખબર આપી. પરીકન્યાએ અનેક વિચાર કર્યા પછી, પોતાના બાળકને પોતાના અશ્રુ સાથે ન્હવરાવીને, પોતાની દાસીના હાથમાં સોંપ્યો, અને પોતે લપાતી છૂપાતી રાજગૃહ મુકીને ચાલી નીકળી. જંગલમાં આવીને, એક ફકીરની ઝુંપડીમાં ત્હેણે આશ્રય લીધો. ફકીરને ત્હેણે બધી અથ ઇતિ કહી સંભળાવી અને એ બધું ગુપ્ત રાખવાનો ત્હેને આગ્રહ કર્યો. એક વીંટી ફકીરને કાઢી આપી અને કહ્યું કે, કદાચ ખુડાનુ ત્હેને મળે અને ત્હેની વાત પૂછે અને તપાસ કરે તો, એ વીંટી ખુડાનુને આપવી અને કયે રસ્તે થઇને પરીરાજ્યમાં જઇ શકાય તે પણ ત્હેને સમજાવવું. આટલું કહીને દુયામેના પોતાના દેશમાં ચાલી ગઇ. ત્હેનાં સંબંધીઓ ત્હેને પાછી આવેલી જોઇને ઘણાં ખુશ થયાં.

૫.

ખુડાનુ યુદ્ધમાંથી પાછો આવ્યો એટલે એને બધી ખબર પડી. અને તરતજ તે જરા પણ વિલંબ કર્યા વીના, રાણીની શોધમાં બ્હાર નીકળી પડ્યો અને પ્રતિજ્ઞા કરી કે, જ્યાં લગિ દુયામેનાનો પત્તો ન લાગે ત્યાં લગી રાજ્યમાં પાછા ન જવું. ઘટના ક્રમે ફરતો ફરતો એ પણ તેજ ફકીરની ઝુંપડી આગળ આવી પ્હોંચ્યો અને એણે પણ ત્યાંજ મુકામ કર્યો. ફકીરે બધી હકીકત કહી સંભળાવી, અને એ જોખમ ભરેલું કામ માથે ન ઉઠાવવા ત્હેને આગ્રહ કર્યો. પણ ખુડાનુએ તે ન માન્યું અને ગમે તે જોખમે અને ગમે તે કષ્ટે દુયામેનાને મેળવવા માટે તે તત્પર થયો. ફકીરે ત્હેની દૃઢ પ્રતિજ્ઞા જોઇને, દુયામેનાએ આપેલી વીંટી ત્હેને સોંપી દીધી, અને પરી રાજ્યના દરેક રસ્તાથી ત્હેને માહીતગાર કર્યો. ખુડાનુ રવાના થયો. અનેક તરેહના વિઘ્ન, વિપદ, રાક્ષસો સાથે યુદ્ધ, અલંઘ્ય પહાડ, વન, જંગલ, વિષાકત સાપ, પીગળેલા પિત્તળની વ્હેતી નદી વિગેરે જાત જાતનાં વિઘ્નો પસાર કરીને આખરે તે, ધૂમરાજાના રાજ્ય રજતગિરિમાં આવ પ્હોંચ્યો.

૬.

ધૂમરાજાના રાજપ્રાસાદમાં ખુડાનુએ જોયું કે, સાત દાસીઓ કુવામાંથી પાણી લેવા આવી છે. ૭ જણીઓ પાણી ભરેલું વાસણ ઉપાડી શકી, પરન્તુ સાતમીથી પાણી ભરેલી ગાગર ન ઉપડી શકવાથી, નજીકમાંજ ખુડાનુને ઉભેલો જોઇને ત્હેની મદદ માગી. ખુડાનુએ ગાગર માથે ચ્હડાવી આપી. ખુડાનુએ ત્હેને પુછ્યું કે, “ આ બધી કો’ની દાસી છે ? ”

ત્હેણે ઉત્તર આપ્યો, "પરીકન્યા દુયામેનાની." યુવરાજ ખૂશ થયો અને છૂપી રીતે દુયામેનાએ આપેલું સંભારણું-પેલી વીંટી, ગાગરની અન્દર નાંખી દીધી. દુયામેના ગાગરમાંથી પાણી લઇને હાથ ધોવા જતી હતી એવામાં પેલી વીંટી ત્હેના જોવામાં આવી. તરતજ તે સમજી ગઇ કે, ત્હેનો સ્વામી અહીં આવ્યો છે. પુત્રી કનેથી રાજાએ તે વાત સાંભળી અને જે દાસી કળશ લાવી હતી ત્હેને પૂછ્યું ત્યહારે ત્હેણે કહ્યું કે, જે માણસે કળશ ત્હેને માથે ચ્હડાવવામાં મદદ કરી હતી ત્હેનુંજ તે કામ હોવું જોઇએ. ખુડાનુને એકદમ રાજા આગળ રજુ કરવામાં આવ્યો.

૭.

ધૂમરાજે ખુડાનુને પુછ્યું કે, "ત્હમે કોણ છો અને આ દેશમાં ત્હમારે શું જોઇએ છે અને કેમ કરીને તમે અહિં આવી શક્યા?!?" ખુડાનુએ બધી વાત સવિસ્તર કહી સંભળાવી. રાજાએ કહ્યું, "ઠીક. ઘણી સારી વાત. પણ, ત્હમે મ્હારી પુત્રીને ઉપયુક્ત પાત્ર છો ત્હેનો યથેષ્ટ પરિચય ત્હમારે અમને કરાવવો જોઇએ." રાજાના હુકમથી એક મોટા ધનુષ્યને દોરી ચ્હડાવવાના કામથી ત્હેની બળ-પરિક્ષા કરવામાં આવી. ત્યાર પછી રાજાના તબેલામાંથી સૌથી મ્હોટા અને તોફાની ઘોડા ઉપર સ્વારી કરવાની પરીક્ષા લેવાઇ. આખરે, આટલેથી સંતોષ ન થયો ત્યહારે, રાજાએ હુકમ આપ્યો કે, સાત પડદાની પાછળ એની સાત કન્યાઓ બેસે અને દરેક જણ પડદાની પાછળથી એક એક આંગળી બ્હાર કહાડે અને યુવરાજ જો પોતાની સ્ત્રીની આંગળી પારખી શકે તોજ યુવરાજની સ્ત્રી યુવરાજને પાછી મળે. દુયામેનાએ આંગળી જેવી બ્હાર કહાડી કે તરતજ ત્હેના ઉપર એક માખ બેઠી અને આને શુકન માનીને ખુડાનુએ તરતજ તે આંગળી પકડી લીધી. રાજા ઘણો સંતુષ્ટ થયો અને દુયામેનાને પડદાની બ્હાર લાવીને એ બન્નેને હાથમાં હાથ મેળવી આપ્યા અને આશિર્વાદ દીધો. પરીરાજ્યમાં બધે આનન્દ ઉત્સવ વ્યાપી રહ્યો.*

બકુલ.

---

# "ભક્તિ."

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૮ થી.)

પ્રેમને લીધે આપણે દિવ્યતાની સાનિધ્યમાં પ્રયાણ કરી શકીએ છીએ. સ્નેહ મનુષ્યને ઇશ્વર સાથે એકત્વ કરાવે છે. જ્યારે હૃદયની પૂર્ણતામાંથી એક લક્ષ્ય પ્રેમ સનમ માટે જાગ્રત થાય છે ત્યારે ભરતીઓટ માફક ચઢી આવે છે ને તે અજ્ઞાનતારૂપી અંધકાર, ભય, સ્વાર્થમય વૃત્તિ, સંશય, મનનું સાંકડાપણું (મનની સંકોચતા) વિગેરે નષ્ટ કરે છે. જ્યારે સનમ ફક્ત

---

* મૂળ બ્રાહ્મી ભાષામાં લખાયેલા એક પ્રાચીન નાટકનો આધાર લઇને લખાયલી એક ટુંકી બંગાળી વાર્તા ઉપરથી અનુવાદ.

હૃદયપટ ઉપર વિરાજે છે, ત્યારે દરેક વ્યક્તિને આધિભૌતિક વસ્તુનો ત્યાગ કરવો અતિ સરળ થઇ પડે છે, કારણ કે પોતાના વ્હાલા સિવાય તેને કશાની અગત્ય નથી એટલે કે તે તેમાં પૂર્ણ રીતે તલ્લીન હોઇ ઐહિક વસ્તુઓ પ્રતિ દુર્લક્ષ હોય છે. તે શાશ્વત, નિરંતર ને નિર્વિકારી છે; અન્ય વસ્તુઓ ક્ષણિક ને ચંચળ છે. તેજ ફક્ત અમર પ્રકાશ છે ને બીજી ચીજો નાશવંત છે. ભક્ત દયારામ કહે છેઃ—

" સહુ બરાબર કૃષ્ણ છે, નહિ કૃષ્ણ બરાબર કોઇ,
સાગર છોળ્યો ને વિચાર શાણા સમજી જોઈ. "

આદર્શ માટેનો સાચો પ્રેમ અમુકને સંસારની જાળમાંથી વગર યત્ને મુક્ત કરે છે. આપણે પવિત્ર બાયબલ તરફ નજર કરીશું તો મહાત્મા જીસસ ક્રાઇસ્ટ, સ્વર્ગમાં વિરાજતા પોતાના " પરમ પિતા " માટેના અખૂટ સ્નેહને લીધે સેતાનની મોહિનીની અવગણના કરતો ને આ ભૂમિની સર્વ સત્તાનો ત્યાગ કરતો જણાશે. જ્યારે સનમ માટે હૃદયપૂર્ણ પ્રેમ ઉદ્ભવ પામે છે ત્યારે આ દુનિયાની કોઇ વસ્તુ પણ આપણને લલચાવી શકતી નથી ને તેથી ત્યાગ સહેલાઇથી થઇ શકે છે, કારણ કેઃ

**स्नेहाद्राग विनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः ।**
**यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैवहि ॥**

( અર્થઃ ભગવાનમાં સ્નેહ થવા થકી ગૃહાદિક એટલે વ્યવહાર વિગેરેનો સ્નેહ નાશ પામે છે. પરમાત્મામાં આસક્તિ થવા થકી ગૃહાદિકમાં એટલે સંસારની ધડમથલમાં અરુચિ થાય છે ને જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન એટલે એકાગ્રતા થાય છે ત્યારે તે કૃતાર્થ છે. )

અહીંઆં જન્મ ધારણ કરી અનિવાર્ય કર્તવ્ય અદા કરવાનો વિચાર ક્રાઇસ્ટ જેવા મહાત્માઓએ ચમત્કારિક રીતે વર્ણવ્યો છે. આપણે પ્રત્યક્ષ પ્રભુ–પરાયણ થવું જોઇએ ને નિરંતર તેનામાંજ ધ્યાનગ્રસ્ત થવું જોઇએ. આથી આપણે પવિત્ર બનતા જઇએ છીએ કારણ કે જ્યારે આપણે પરમ પુનિત પરમાત્માનું અધ્યયન કરીએ છીએ ત્યારે આપની મલિનતા ને અશુચિતા સ્વભાવિક રીતે દૂર થાય છે. જ્યારે આપણે સર્વ કાર્યનો બોજો તેનામાં સમર્પિત કરીએ છીએ ને જ્યારે પૂર્ણ હૃદયથી તેને ચ્હાઇએ છીએ ને જ્યારે આપણું અખિલ હૃદય તેનામાં સંક્રમય્ય થાય છે ત્યારે આપણે દુનિયાદારીની કશીજ પરવા કરતા નથી ને ત્યારે સઘળો ભાર જતો રહે છે. આ ખરો ત્યાગ છે, ને સાચો મોક્ષ છે. શ્રી કૃષ્ણ ગીતામાં કહે છેઃ—

**सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहंत्वा सर्व पापेभ्यो मोक्षमिष्यामिमा शुच ॥**

( અર્થઃ—સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મને એકને શરણથી હું ત્હને સર્વ પાપ માત્રથી મુક્ત કરીશ માટે તું શોક ન કર. )

જેમ પ્રવાહી પદાર્થ અત્રુટિત ધારમાં એક વાસણમાંથી બીજા વાસણમાં પડે છે તેમ જ્યારે મન ઇશ્વરના સતત ધ્યાનમાં આવી રીતે પરોવાય છે ત્યારે તે પરાભક્તિ કહેવાય છે ને જે ભક્ત આવી અદ્વિતીય પ્રકારની ભક્તિથી દિપ્તિમાન હોય છે તે અતિશય નમ્ર બને છે ને સર્વમાં સમાનતા જુવે છે. તે દરેક પ્રતિ મ્હોટાઈના ભાવથી નહિ પણ **दासोऽहं** ના ભાવથી દૃષ્ટિ કરે છે. તેની સનમ બધું જ છે ને તેતો કશું જ નથી. દરેક સ્થળે તે પોતાના વ્હાલાને જુવે છે. જેમ તુલસી દાસ કહે છેઃ—

"યાંહા રામ તાંહા કામ નહિ,
યાંહા કામ તાંહા રામ નહિ."

આવા એકનિષ્ઠ પ્રેમથી તે સર્વ પ્રતિ દાસત્ત્વના ભાવથી વર્તે છે ને દરેક પ્રાણી માત્ર દ્વારે પોતાના આદર્શની સેવા કરે છે. પોતાની જાતને ઘાસના તણખલાથી પણ અધમ ગણતો, વૃક્ષની માફક સહનશીલતાવાળો, સ્વજાતે માન ન સ્વિકારતાં અન્યને આદર સત્કાર કરતો આત્મા પૂજ્ય પ્રભુનું અભિધાન લેવાને યોગ્ય છે, નહિ તો આપણામાંના ઘણાએ મદ અને અહંકારથી મસ્ત બની પ્રતિદિન અધમતામાં ડૂબતા જાય છે ને આથી ભક્તિ માર્ગનું રહસ્ય આપણાથી વિમુખ થતું જાય છે. માટે આપણે સદૈવ યાદ રાખવું કે આપણે એવા વિકારોથી યથાશક્તિ વેગળા રહી ભક્તિરૂપી અમૃત રસમાં અવગાહન કરીએ છીએ ને એજ આપણા સારૂ ઇષ્ટ છે.

આપણે વૃક્ષને ગમે તે પ્રકારે ઉછેરીએ તોપણ તે પોતાની પ્રકૃતિને પોષે છે. જો આપણે તેની ડાળીઓનો ઉચ્છેદ કરીએ તોપણ તે પ્રવૃદ્ધ થતું જાય છે ને આપણને તેની શિતલ છાયાથી આરામ આપે છે; તેવી રીતે સાચો ભક્ત તેની પાસેથી કંઇ ગ્રહણ કરવાની ઇચ્છાથી નહિ પણ તે ત્હેને વ્હાલો છે, તે તેને પ્રિયતમ છે કે જેને તે નિષ્કામ પ્રેમની ખાતર ચ્હાયે છે એવા ભાવથી પોતાના આદર્શનું આરાધન કરે છે. જ્યાં સુધી આપણે કંઈ મેળવવાની આશાએ તેનું સેવન કરીએ છીએ ત્યાં સુધી આપણે તેને સાચી રીતે ચ્હાઈ શકતા નથી ને આથી આદર્શ છેટે નાસતું જાય છે. જ્યારે આપણે નિસ્વાર્થ પ્રેમલક્ષણા ભક્તિથી તેને ચ્હાતાં સહનશીલતાનો મોંઘો ને અમુલ્ય પાઠ શીખાશું ત્યારે આપણે તેને સાચા સ્વરૂપમાં અનુભવી શકીશું. ત્યારે આપણે એકાંતમાં ને શાંતિમાં ચિત્તની એકાગ્રતાથી તેનું સતત ભજન કરીશું. શ્રી કૃષ્ણ ગીતામાં કહે છેઃ—

**मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।**
**श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः**

( અર્થઃ—હે અર્જુન ! મારામાં ચિત્ત સ્થિર કરી નિત્ય યુકત થઇ જે ઉત્કૃષ્ટ શ્રદ્ધાથી મને ભજે છે તે ભક્તિ યોગ ઉત્તમ સ્હમજે છે એમ હું માનું છું. )

કેવી ભક્તિથી પ્રભુ પ્રસન્ન થાય છે તે વિષે ભક્ત દયારામ કહે છેઃ—

"જ્ઞાનાદિકે તમે વશ ન થાઓ, મોક્ષાદિકે દેહે અળગા જાઓ,
વ્હાલા "**વ્હાલ**" થકી ત્હમો બંધાઓ.—"

સાધારણ રીતે મનુષ્યો ત્રણ સૃષ્ટિઓ રચે છે જેવી કે (૧) શારીરિક (૨) માનસિક

(૩) આધ્યાત્મિક; ને આથી તેઓ રજસ, તમસ ને સાત્વિક ગુણોના ભોગરૂપ થઇ પડે છે. પણ અહીં આપણે ભક્ત વિષે જ વાત કરીશું. સાચો ભક્ત આધ્યાત્મક સૃષ્ટિમાં રમે છે ને આથી તે નિઃસંશય સાત્વિક પ્રકૃત્તિનો હોય છે ને તેથી તે સાત્વિક કર્મ, સાત્વિક જ્ઞાન, સાત્વિક ધૃતિ, સાત્વિક સુખ ને સાત્વિક ત્યાગ સંપાદન કરે છે. આ સર્વનું યથાર્થ વર્ણન ગીતાના અઢારમા અધ્યાયમાં આપેલું છે તે જોવા વિનંતિ છે કે ભાવિ જનો તે વાંચશો. પણ સાત્વિક ભાગ કેવો હોવો જોઇએ તે વિષે શ્રી કૃષ્ણ કહે છે:—

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन।
संगं त्यक्त्वा फलं चैव स भागः सात्विको मतः॥

( અર્થઃ—હે અર્જુન! માત્ર કર્તવ્ય સ્હમજીનેજ નિત્ય નૈમિત્તિક કર્મો, ફલાશા તથા કર્તૃત્વાભિમાનના ભાગ પૂર્વક કરવામાંઆવે છે, તે ત્યાગને સાત્વિક ત્યાગ કહેવામાં આવે છે. )

સાચો ભક્ત પોતાના આદર્શમાં એકાગ્ર ચિત્તે મસ્ત રહે છે. જે પોતાની મ્હોટાઇ સારૂ વાત કરે છે તે સાચો ભક્ત નથી. સ્વામી વિવેકાનંદ કહે છે:—

" બાહોશ કારીગરો ( સાચા ભક્તો ) એકાંતમાં કાર્ય કરે છે ને ચૂપકીદીમાં અહીંથી પસાર થાય છે. જેઓ પ્રાણીઓ ખાતર પોતાના પ્રાણનો હોમ કરે છે ( સમર્પણ કરે છે ) તેઓ ઘણાના જાણવામાં નથી આવતા. જ્યાં ત્હમારા આચરેલ કાર્ય સારૂ વખાણ માટે કોઇ ના હોય, જ્યાં ત્હમને તેમાં ઉત્સાહ આપવાને કોઇ ના હોય ને જ્યાં દરેક ત્હમારી અવગણના કરે ત્યાં ત્હમારા કાર્યોમાં અખૂટ ધૈર્ય, શાશ્વત સંતોષ, ને સંપૂર્ણ નિર્ભયતા હોય છે. જ્યારે આપણા ઉપર દૂર્ઘટ કાર્ય આવી પડે છે ને જ્યાં હજારો લોકો આપણી કીર્તિ ગાવાને સજ્જ હોય છે ત્યારે અતિ અધમ નાહિંમતવાન, ને સ્વાર્થી માણસ પણ વીર નરની ગણત્રીમાં ગણાવા સારૂ પોતાની જીંદગીનો પણ ભોગ આપે, પણ જે અન્યથી અવિદિત કાર્ય કરે તેજ ખરો વીર ને પ્રાણી માત્રનો નિસ્વાર્થી સ્નેહી છે. તેને નિઃસંશય ધન્ય છે. "

આવા પ્રકારનું આચરણ કે જે ત્હમને ત્હમારા આદર્શની સાનિધ્યમાં ત્વરાથી લાવી શકે છે તેને પસંદ કરો. કુદરતી વલણની વિરૂદ્ધ દિશામાં તેનું સેવન કરવાના યત્નમાં ભક્તિનો સરળ ને પવિત્ર માર્ગ કંટાળા રૂપ નિવડે છે; ને ઘણી વખતે નિષ્ફળતામાં ઉદ્ભવે છે. ત્યારે શું તે ત્હમને "પરમ પિતા" જેવો લાગે છે? ત્યારે ત્હમો તેને ત્હમારો સાચા પિતા તરીકે સ્વીકારો કે જે પૃથ્વી ઉપરના પિતરો કરતાં અતિ સમીપમાં છે; ને સઘળા આધારને રક્ષણ સારૂ તેનો આશ્રય લો. જો ત્હમને તે "માતા" તરીકે વ્હાલો લાગતો હોય તો ત્હમો તેને ત્હમારી સાનિધ્યમાં પહેલાંના કરતાં વધારે સ્નેહની લાગણીથી લાવી શકશો કારણ કે કોઇ પણ સંબંધી ના લાવી શકે તેની સમીપતામાં માતાના વિચારથી અવાય છે. બાલક પિતા પાસે જરા ભયની લાગણીથી જાય છે પણ માતા પ્રતિ તે આનંદોર્મિઓથી દોડે છે કારણ કે તેણે દુષ્કૃત્ય આચર્યું હોય છતાં પણ તે જાણે છે કે તેને તેણી ખરેખર શિક્ષા નહિ કરે પણ પ્રત્યક્ષ તેને સ્નેહાલિંગનથી બોલાવશે, માફી આપશે ને પોષણ કરશે.

જેવી રીતે ભારતવર્ષમાં ને અન્ય દેશોમાં ઘણાઓ દૈવી બાલક કૃષ્ણ યા ક્રાઇસ્ટને પોતાના બાલકના આદર્શ તરીકે સ્વીકારે છે તેમ આપણા સારૂ પણ તે વધારે ઉત્કૃષ્ટ (સ્વભાવિક) છે. આના કરતાં એકે સંબંધ વધારે સચોટ ને પુનિત નથી. કારણ કે નિસ્વાર્થ ને શુદ્ધ માતૃપ્રેમમાં ઘણી પ્રૌઢતા હોય છે. જેમ જેમ ઉંડા ત્હમો સ્નેહસાગરમાં ઝીલ્યા કરશો તેમ તેમ ત્હમો વિવેક બુદ્ધિથી (પ્રજ્ઞાથી) વધારે ઉજ્જ્વલિત થશો, જ્યારે દિવ્ય બાલક તરીકેના આદર્શને ત્હમો સાચા માતૃપ્રેમથી ન્હાશો ત્યારે કોઈ પણ દુષ્ટતાથી ત્હમો ભ્રષ્ટ થશો નહિ. ત્હમારા પોતીકા બાલક તરીકે તેના ઉપર નિસ્વાર્થ ને નિષ્કામ દૃષ્ટિથી જુવો. જેવી રીતે વિશ્વનિયંતા શ્રીકૃષ્ણની પૂજ્ય માતા દેવકી કે જે પોતાના પ્રિયતમ પુત્રની કીર્તિ કે અખૂટ શક્તિ સારૂ મનમાં જરા પણ વિચાર ન લાવતાં તેને પોતાના "નાના બાલક" તરીકે સ્વીકાર્યો ને આ ભાવથી તેણીએ તેનું રક્ષણ ને પોષણ કર્યું તેમ ત્હમો પણ શુદ્ધ અંતઃકરણથી કરો.

જ્યારે માનવ હૃદયમાં સાચી ભક્તિ ગમે તે પ્રકારના આદર્શ દ્વારે ઉછાળા માર્યા કરે છે ત્યારે તેમની વચ્ચે એવો સાચો શાશ્વત સંબંધ થાય છે કે આદર્શ પ્રતિ હૃદયમાંથી પ્રેમ ને સેવ્યભાવ આપોઆપ (સ્વેચ્છાએ) નિરંતર નદીના પ્રવાહ માફક વહ્યા કરે છે. વિવિધ સ્વરૂપોમાં નૃત્ય કરતી ત્હમારી પોતાની ઇચ્છાઓનો નિગ્રહ કરવાથી સાચી ભક્તિનું દર્શન ત્વરાથી કહી શકાશે. જો ત્હમો સાચી લાગણીથી, આતુરતાથી ને મનના શુદ્ધ ભાવથી ત્હમારી પોતાની અંદર એટલે ત્હમારા આત્મામાં નિરીક્ષણ કરશો તો સત્ય ત્હમને નગ્ન અવસ્થામાં જડી આવશે એટલે કે ત્હમો સાક્ષાત્ પ્રભુનું દર્શન કરી શકશો, ને આજ સાચા ભક્તનું ખરેખરૂં લક્ષણ છે. ગમે તે અભિધાનથી ત્હમો ત્હમારા વ્હાલાને બોલાવો પણ ફક્ત યાદ એટલું રાખવાનું છે કે ત્હમો તેના સારૂ એકનિષ્ઠ પ્રેમ રાખો છો. ટુંકામાં એટલું જ કે નિષ્કપટીપણાથી, નિસ્વાર્થ વૃત્તિથી, ને પવિત્ર મનથી તેના નામનો અહર્નિશ જપ જપ્યા કરો ને આજ સાચી ભક્તિ પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ છે.*

ગુજરાત કૉલેજ. } "મોહન."

---

* આ વિષય પરત્વેના કેટલાક વિચારો મ્હેં સ્વામી પરમાનંદના એક લેખ ઉપરથી લીધેલા છે. કેટલાક સ્થળે ત્હેમના પોતાના શબ્દો પણ મ્હેં આ લેખમાં ઉતાર્યા છે.

# સીંચણીયુ.

—x•x—

આજ રજા હતી. સવારના નવેક વાગ્યાને શુમારે મારા મિત્રોને હું એમ ગણુ-ચારેકનું મંડળ બેઠું હતું. થોડીવાર તો કોઇએ ન બોલ્યું; પણ સોપારી કાતરતાં કાતરતાં અને કોઈ યાદ આવ્યું હોય એવી મારી વદનાકૃતિ જોઈ મન્મુખે પૂછ્યું. "કેમ એકાએક શાનું સ્મરણ થયું ?"

મેં કહ્યું—ગઈ કાલનું સીંચણીયું તુટી ગયું છે એટલે નવું લાવવાનો વિચાર થયો.

"રાજીવ સૂચના આપતો બોલ્યો—જોઇએ તેટલાં બજારમાં છ૭ પૈસે મળે છે તે લઈ આવ્યા."

મેં—૭૭ પૈસાનું સીંચણીયું વાપરવાની ચાકરડી ના પાડે છે, એ તો કહે છે, કે મારે તો શણનું સીંચણીયું જોઇએ."

મન્મુખ—કારણ !

મેં—કાથીના સીંચણીયાથી તેના હાથે લોહી નીકળે છે.

રાજીવ—ઓ ! તારી ! મજુરવર્ગ તો ફાટીને ધુમાડે ગયો.

ઉછરંગ—તેનું કારણ છે. મજુરવર્ગ હવે સમજે છે, કે ગૃહસ્થોનો વૈભવ આપણા લીધે છે.

મેં—ખરી વાત છે. જુઓ ઇંગ્લાંડની કોલસાની ખાણના મજુરોએ અને આપણા દેશની રેલ્વેના મજુરોએ કેવું ધાર્યું કામ કર્યું છે.

ઉછરંગ—ગમે તેમ હો ! પણ હવે મજુરોમાં મનુષ્યત્વ આવતું જાય છે એ વાત તો જાણે ચોક્કસ.

મેં—પણ એ મનુષ્યત્વ આપણને તો નુકસાનકારકજને ?

રાજીવ—ભૂલે છે તું. જો મજુરોમાં મનુષ્યત્વ આવતું હોય તો તેથી નુકસાન નહીં પણ લાભ છે,

મેં—શું !

રાજીવ—જેમ જેમ મજુરો સુધરતા જશે તેમ તેમ મજુરોની તંગી અથવા તો મજુ-રોનો દર ભારે. અને તે સાથે તેમનામાં સાધારણતા બુદ્ધિ વૈભવ પણ આવવાનો. એટલુંજ નહીં પણ અહિંઆં મજુરીનો દર ભારે જોઈ પરદેશ ખાતે જે હિંદી મજુરો છે, તેઓ અને બીજા ઘણાજ મજુરો હિંદમાં આવશે. તેઓમાં ઘણા-ખરા હુન્નરકળાના જાણીતા હશે એટલે દેશમાં ઔદ્યોગિક પ્રગતિ પણ વધશે. તદુપરાંત આપણે માન મૂકી હાથોહાથ કામ કરતાં શિખશું જેથી આપણા શારી-રિક અને માનસિક બળમાં પણ વૃદ્ધિ થશે. આ લાભ કાંઈ જેવો તેવો નથી.

મન્મુખ—વાસ્તવિક છે. તેથી દેશની વસ્તિમાં પણ વૃદ્ધિ થશે. કારણ કે માડાગાસ્કર, કેનેડા તથા દક્ષિણ આફ્રિકા ખાતે ઘણાં હિંદી મજુરો કામ કરે છે.

મેં—તેથી શું તેઓ બિચારાથી ક્યાં આંહી આવી શકાય તેમ છે. ત્યાં તો સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે.

રાજીવ—ત્યારે શું ઓન. લો. મા. ગોખલેની સંસ્થાનો સંબંધેની લડતનું કાંઈજ પરિણામ ન આવ્યું.

ઉછરંગ—કેનેડાએ તો હજી કાંઇક દ્વાર ખુલ્લાં રાખ્યાં છે. પણ ટ્રાન્સવાલની સરકારે તો ક્યારનુંય ઇમીગ્રેશન બીલ પસાર કરી દીધું છે.

મેં—અને ગાંધીએ ક્યારની સત્યાગ્રહની લડત પણ શરૂ કીધી છે.

ઉછરંગ—આટેજ ત્યાં મજુરવર્ગની દુર્દશા છે. મને તો લાગે છે કે છેવટે ઘરબાર ત્યજીને પણ તેઓ આંહીંઆં આવશે.

રાજીવ—હા, તેથીજ આંહીઆં મજુરીનો દર વધી જશે.

મેં—પણ તેથી કોઈ મજુરી થતી બંધ પડશે?

રાજીવ—અરે નારે ના. પણ એટલું તો ખરૂં કે જે પ્રકારની અત્યારે મજુરી છે તે મજુરીમાં રૂપાન્તર થશે. અર્થાત્ સુધરેલી મજુરી થશે.

મેં—સુધરેલી મજુરી કેવા પ્રકારની?

રાજીવ—યાન્ત્રિક શક્તિની.

ઉછરંગ—બનવા જોગ છે. કારણ કે અત્યારે તો પાશ્ચાત્ય દેશોમાં ભોજનાદિની ક્રિયા પણ યન્ત્રદ્વારા થાય છે. ત્યાં તો સાયન્સ યુગ જ પ્રવર્તે છે.

મેં—ત્યારે તો ત્યાં ધર્મતત્ત્વ સમજનારા ઘણાજ ઓછા.

ઉછરંગ—ભૂલ છે. ત્યાં તો સાયન્સ અને ધર્મ તદ્દન ભિન્ન છે.

રાજીવ—પણ મારા સાંભળવા પ્રમાણે તો એતદ્દેશીય સર્વ સાયન્સનેજ ધર્મ માને છે.

ઉછરંગ—હા તેમજ છે.

મન્સુખ—એજ માન્યતાએ ત્યાંના લોકોનું નૈતિક વાતાવરણ દુર્ગંધયુક્ત છે.

રાજીવ—એ માન્યતા શું ખોટી છે? તેથી તો ઉલટું ધર્મમાં રહેલી અપ્રામાણિકતા નાશ પામે.

મન્સુખ—ત્યારે ત્યાં ધર્મતત્ત્વમાં રહ્યું જ શું?

રાજીવ—આત્મિક જ્ઞાન એજ.

મન્સુખ—એ જ અજ્ઞાન. હિંદુ ધર્મ તો ધર્મ સાહિત્યની સાથે જ સાયન્સ-વિજ્ઞાન-રહે એમ ઇચ્છે છે. આપણાં સત્શાસ્ત્રોની યોજના એજ પ્રણાલિપર રચવામાં આવી છે.

મેં—ખરૂં છે. તેમજ હોવું જોઇએ. ચેતનતત્ત્વનું જ્ઞાન સંપાદન કરવાનું અગ્રગણ્ય સાધન જડતત્ત્વનું જ્ઞાન, એ છે. વેદ અને ઉપનિષત્‌માં પંચમહાભૂતાદિ તત્ત્વોનો પણ વિચાર કરવામાં આવ્યો છે. અને ત્યારબાદ આત્મિક જ્ઞાનની આવશ્યકતા સ્વીકારવામાં આવી છે.

મન્મુખ—એમજ જોઇએ.

ઉછરંગ—ભલે તેમ; પણ પાશ્ચાત્ય વિદ્વાનોના વિજ્ઞાનના જ્ઞાન વિષે તો એ મત છેજ નહીં ને ?

રાજીવ—ન્યાયને ખાતર મારે કહેવું પડશે, કે મહાત્મા કપિલ અને કણાદ જેવા મહાન્ વૈજ્ઞાનિકો હિંદના જ હતા. અને અત્યારે પણ હિંદમાં ક્યાં વૈજ્ઞાનિકો નથી.

ઉછરંગ—માત્ર આંગળીને વેઢે ગણાય તેટલાજ.

મેં—એ તો એમજ હોય. તું તો કદાચ વધારે કહેતો હોઇશ પણ હું તો કહું છું, કે માત્ર એક હોય તોયે બસ છે. તેમ છતાંય આપણે તે વિષયનું જ્ઞાન સંપાદન માટે નિર્બુદ્ધ તો નથી ને ?

મન્મુખ—સત્ય છે. હિંદમાં પણ હવે વિજ્ઞાનના અભ્યાસ પાછળ સરકારનું લક્ષ દોરાયું છે; એટલુંજ નહીં પણ પ્રજાવર્ગ પણ વિજ્ઞાનથી દેશની સ્થિતિ સુધરશે એમ ધારે છે. અને તેથીજ ડૉ. રાશબિહારી ઘોષ, પલિત, સર ચીનુભાઈ, તથા મુંબઈના કેટલાક ધનાઢ્ય ગૃહસ્થે વિજ્ઞાનની ખીલવટ પાછળ લાખો રૂપીઆની રકમો કાઢી આપી છે.

રાજીવ—વળી નામદાર સરકારે તો વધારામાં વિજ્ઞાન અને હુન્નર ઉદ્યોગના શિક્ષણ અર્થે સ્કોલરશિપો કહાડી છે. અને વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવા, લાયક વિદ્યાર્થીઓને પરદેશ ખાતે મોકલવામાં આવે છે.

મેં—દેશ હવે ઉજાસમાં આવતો જાય છે.

ઉછરંગ—પણ તેમાં ગુજરાતીની શું બહાદુરી ?

રાજીવ—ગુજરાત ! ગુજરાત તો હિંદનું માનચેસ્ટર છે. કંઇ જેવું તેવું નથી.

મન્મુખ—તમે મતાભિલાષી સ્ત્રીઓનાં તોફાન વિષે જ્ઞાત હશો ?

રાજીવ—મેં તો એવું સાંભળ્યું છે, કે વડો પ્રધાન એસ્કવીથ એથી રાજીનામું આપશે.

ઉછરંગ—કાંઈ વજુદ જેવું નથી. વચ્ચે વાત ઉડી હતી ખરી.

મેં—મને તો એમ લાગે છે, કે આયર્લેંડને સ્વરાજ્ય મળે એ તો જાણે વાજબી; પણ ત્યાં સ્ત્રીઓ જે પ્રકારનો હક માગે છે એ તો અઠીક છે. અગર જો સ્ત્રીઓ પાર્લામેંટમાં બેસવા માટે નાલાયક છે એમ તો ન જ કહેવાય; પરન્તુ તેઓની આ માગણી બહુ ઉંચા ઉદ્દેશવાળી અને દેશહિતકારક છે એમ તો નથીજ, કારણ કે એ શિવાય તેઓને માટે જીંદગીમાં ઘણાં કામો અગત્યનાં છે.

મન્મુખ—આપણા દેશની સ્ત્રીઓ ક્યાંક ચોરની વાદે ચણા ચોરે નહીં ?

મેં—એમ કેમ ?

મન્મુખ—આંહીની સ્ત્રીઓ પણ મ્યુનિસિપાલીટીમાં મેંબર તરીકે દાખલ થવાનો હક માગે તો કાંઈ અજબ જેવું ન ગણાય !

મેં—પણ તમે ધારો છો તેટલી સ્ત્રી કેળવણી આગળ નથી વધી.

રાજીવ—પ્રમાણમાં નથી. પણ આજથી દશ વર્ષ પહેલાં અને આજમાં ઘણો તફાવત

પડયો છે. હવે તો સ્ત્રીવર્ગ ભાષણ આપી, લેખ લખી તથા તેવાં બીજાં કાર્યો કરી આગળ વધવા લાગ્યો છે.

મેં—તેમાંની ૯૫ ટકા સ્ત્રીઓ તો સાહિત્યના ક્ષેત્રમાં છેતરપીંડીનો રાસ ખેલે છે. તેઓ પોતાના પતિ પાસે-જો તે લેખક હોય તો અથવા તો ઓળખીતા જાણીતા કોઇ પણ સગા સંબંધી પાસે કે કોઇ વિદૂષી બ્હેનપણી પાસે લેખો સુધરાવી અને કેટલીકવાર તો લખાવી પોતાને નામે પ્રકટ કરાવે છે. જેમાંની ઘણીખરી બ્હેનો તો માત્ર મા, બા, ભૂ, પા. એટલુંજ જાણનારી હોય છે.

રાજીવ—કેવું ગંભીર અસત્ય ! શું આ સંબંધમાં સાહિત્ય પરિષદ્ અથવા તો સાહિત્યને લગતી સંસ્થા વિચાર ન કરે !

મેં—ત્યાંય પગપર કુહાડો પડે એવું હશે તો કોને ખબર છે ?

ઉછરંગ—મારા તરફ ફરીને બોલ્યા—મને તો તારા કહેવામાં સંદિગ્ધતા લાગે છે!

મેં—તદ્દન અસંદિગ્ધ છે. દાખલા પણ નીકળે. અગર જો કયાંક કયાંક સ્ત્રી રત્નો છે પણ તે જુજ.

રાજીવ—વારૂ, ભલે પણ સ્ત્રીઓની વાચન અને લેખન તરફ જે અભિરૂચિ છે તે પણ સુધારાનું જ ચિહ્ન ગણાયને ?

ઉછરંગ—બિલ્કુલ નહીં. એ તો લુખ્ખો સુધારો કુધારો કહેવાય.

મેં—માટે જ આપણા ઋષિ મહર્ષિઓએ ધાર્મિક કેળવણીને પ્રાધાન્ય આપ્યું છે.

મન્મુખ—પણ ધાર્મિક કેલવણી સાથે વ્યાવહારિક કેળવણી પણ જોઇએ.

મેં—એ તો શિવણ, ભરત અને ચિત્રકામ શિખે; રસોઈ શિખે; અને થોડો સમય સમવયસ્ક સખીઓની સાથે મળી નિર્દોષ વાર્તાલાપ કરે તો બસ.

રાજીવ—નૃત્ય શિખે તો પણ ઠીક.

મેં—બેશક. નૃત્યકલા એ સ્ત્રીઓના શિક્ષણનું આવસ્યક અંગ છે. સ્ત્રીઓએ બની શકે તો નૃત્યકલાનું શિક્ષણ મેળવવું જોઇએ.

મન્મુખ—અરે! પ્રાચીન સમયમાં તો આપણા દેશમાં નૃત્યકલાનું શિક્ષણ પ્રાપ્ત કરવા નૃત્યાલયો હતાં.

ઉછરંગ—પણ અત્યારે તો નાચનારી મીસ મોડ એલનના આવવાથી એંગ્લો ઇંડીઅનો અને આપણાં દેશનાં કેટલાંક વર્તમાનપત્રોએ શોરબકોર કરી મૂકયો છે!

રાજીવ—મીસ મોડ એલનથી નહીં પણ તેના એક પ્રકારના નાચથી ખીજવાટની લાગણી ઉત્પન્ન થઈ છે. અને વર્તમાનપત્રો તો વગર વિચારે ખાલી મીયાંની ચાંદેચાંદ કરે છે.

મન્મુખ—એંગ્લો ઇંડીઅનોનો તો સ્વભાવ જ એવો છે. સ્વભાવનું કાંઈ ઐાષધ નથી.

મેં—બધાય એંગ્લો ઇંડીઅન કાંઇ સરખા નથી હોતા. હિંદીઓના વાજબી હક્કનું સંરક્ષણ કરનારા પણ કેટલાક છે.

મન્મુખ—તેમનું ઇશ્વિર સારૂં કરશે.

મેં—આ જ આપણા લોકોની મોટી ભૂલ ! જ્યાં જુઓ ત્યાં ઇશ્વિર પ્રથમ. મને લાગે છે કે જ્યાં કર્તવ્યની જરૂર ત્યાં ઇશ્વિરનું શું કામ ?

રાજીવ—વાજબી છે. જ્યાં સુધી આપણા લોકોમાં કર્તવ્યનિષ્ઠાનો ગુણ ન આવે ત્યાં સુધી ખાલી બણગાં ફૂંકવાં એ નકામું છે.

મેં—જો કે કર્તવ્યનિષ્ઠ થવું જરૂરનું છે, પણ કેટલીકવાર કહેવાની પણ જરૂર પડે છે. એટલું ખરૂં કે હરકોઇ બાબતમાં વિવેકની હદ ઓળંગવી જોઇએ નહીં.

ઉછરંગ—વિવેકવિહીન મનુષ્ય તો પશુ જ સમજવો.

રાજીવ—અને વિદ્યાવિહીન પણ ખરો.

મન્મુખ—બરાબર, વિદ્યા વગર તો અમારી જ્ઞાતિના માણસો ટપાલ, તાર અને પોલીસ ખાતામાં પટાનું કામ કરે છે.

રાજીવ—અમારામાં પણ ઘણાખરા મુંબઇના ભાટીઆઓને ઘેર ભટ્ટ બની બેઠા છે.

મેં—મારી જ્ઞાતિમાંથી પટામાં અને મુંબઇના ભાટીઆઓને ઘેર તો કોઇ નહીંજ હોય, પણ ઘણે ભાગે ઘણાખરા ડીસ્ટ્રીક્ટમાં ફરે છે.

ઉછરંગ—એટલે ? ત્યારે તો તમારી જ્ઞાતિમાં મોટામાં મોટા અમલદાર !

રાજીવ—તમે ન સમજ્યા. એટલે તો લોટ માગવાનો પવિત્ર ધંધો.

મેં—તેમ છતાંય એકાદ બેરીસ્ટર, એકાદ બે વકીલ, એકાદ બે કૉલેજમાં પ્રોફેસર, એકાદ મામલતદાર અને એક તો વળી એક નમુનેદાર વર્તમાનપત્રનો આધિપતિ છે.

રાજીવ—તેથી શું ? આવડી મોટી સાગર જેવી જ્ઞાતિમાં એકાદ બે સારા હોદ્દાપર તે કાંઇ બહુ ન કહેવાય.

મન્મુખ—ત્યારે આપણા લોકોને મોટા હોદ્દાઓ મળે છે જ ક્યાં ?

રાજીવ—લાયકાત જોઇએ ને ?

મન્મુખ—લાયકાત હોય છે તોપણ ક્યાં ?......

મેં—એમ ન બોલો. મેં હમણાંજ વર્તમાનપત્રમાં વાંચ્યું કે......ભાઇને સરકાર કામચલાઉ કમિશનરના હોદ્દાપર મૂકવા ધારે છે.

રાજીવ—અને વળી આ બાબતનો વિશેષ નિર્ણય કરવા પાદશાહી કમિશન નિમાયું છે. જેમાં શ્રી. મા. ઓ. ગોખલે વગેરે હિંદના નરરત્નો પણ છે.

મન્મુખ—આ કમિશને પોતાનું ઘણુંખરૂં કામ તો આટોપી લીધું છે. સિવિલ સર્વિસની પરીક્ષા અને હિંદીઓને મોટા હોદ્દા આપવા સંબંધેની જુબાની આંકડાઓમાં તેમજ ઇગ્લાંડમાં લેવાઇ છે. એટલે હવે તો કમિશનનું કાર્ય પોસ્ટ, રેલ્વે, તાર વગેરે ખાતાંઓને લગતી તપાસ લેશે.

રાજીવ—તેમાંય ખાસ કરીને રેલ્વેમાં સુધારા કરવાના ઉપાયો લેવાય તો ઠીક.

ઉછરંગ—હા, રેલ્વેમાં બહુ હેરાનગતિ ભોગવવી પડે છે. તેનો ફડચો થવાની જરૂર છે.

મેં—બીજા દેશોની માફક આપણે આંહીઆં રેલ્વે થવાની જરૂર છે. ત્યાં પહેલો, બીજો એવા વર્ગ જ નહીં. સૌએ સરખા.

મન્મુખ—બસ એમજ જોઈએ.

રાજીવ—બીજું એ કે રેલ્વે દર (fare)માં પણ ઘટાડો થવાની જરૂર છે.

ઉછરંગ—એટલુંજ નહીં પણ ભારને લાવવા લઈ જવાના દરમાં પણ ઘટાડો કરવાની જરૂર છે.

મે—આ સવાલને તો વેપારીની મંડળી (ચૅમ્બર ઑફ કૉમર્સ) ઉપાડી લે તો ઠીક.

રાજીવ—ચેમ્બર ઓફ કોમર્સ તો ઠીક જ છે. દેશમાં વેપારને લગતા સાહિત્યની તો, કોઇને કાંઇ ખબર જ નહીં!

મેં—તે સિવાય દેશની પરિસ્થિતિની શું ખબર પડે?

ઉછરંગ—વર્તમાનપત્રો વ્યાપારને લગતી ખબર આપે છે ખરાં.

રાજીવ—પણ તે પૂરેપૂરી નહીં. કારણ કે તેમને કાંઈ તે એક ધંધો છે?

મન્મુખ—ત્યારે વળી વર્તમાનપત્રોને એવા કયા ભારે પ્રશ્નોની ફીકર કરવાની હોય છે.

મેં—કેમ નહીં. દુનીઆમાં બનતા બનાવો, યુદ્ધને લગતા સમાચારો, ધારાસભાની બેઠકો, સંસાર સુધારાના ગુંચવારા, વગેરે વર્તમાનપત્રો માટે પૂરતું સાહિત્ય છે.

મન્મુખ—તેમાંય રાજદ્વારી પ્રશ્નો ઉપર સ્વતંત્ર ઉહાપોહ કરનારાં પેપર તો થોડાં જ.

રાજીવ—હા, એ તો ખરૂં. બાકીનાં તો ચીંથરીયાં.

મેં—ચીંથરાં ઉપયોગનાં છે તો ચીંથરીયાં પેપર કેમ નહીં ઉપયોગી?

રાજીવ—ચીંથરાંના કાગળ બને છે, એ વિદિત છે.

ઉછરંગ—સીંચણીયાં પણ બને છે.

મેં—ત્યારે મને લાગે છે, કે હું ચાકરડી માટે એક ચીંથરાનું સીંચણીયું લાવું કે બનાવરાવું જેથી તેના હાથે લોહી ન નીકળે ને તેનો હમેશનો ટકટકાટ મટે.

પછેગામ.
તા. ૫ મી નવેમ્બર ૧૯૧૩.

જયન્તિલાલ મોરારજી મહેતા.

# ખંભાત શબ્દની વ્યુત્પત્તિ.

(૨).

**तीर्थ** શબ્દનો અપભ્રંશ સામાન્ય રીતે **तित्थ** થાય અને સમાસમાં પણ તેજ રૂપ રહે. સંવત્ ૧૧૨૧ માં રચાયેલા ચંદ્રસૂરિના મુનિ સુવ્રતચરિત્રની તાડપત્ર ઉપરની પ્રતિની પ્રશસ્તિમાં તે પ્રમાણે જ **तित्थ** એવું રૂપ વાપરેલું છે.

तत्थज्जयंततित्थ पारुत्थय अद्धलकखमुप्पन्नम् ।

सेत्तुंजाम्मि तित्थे तीस सहस्सा समुप्पन्ना ॥

( Peterson's Fifth report. Pp. 17–18 )

આવી રીતે સ્તંભ તીર્થનો ખંભતિત્થ એવો અપભ્રંશ થાય પરંતુ સંવત્ ૧૧૬૦ માં રચાયેલા વર્ધમાનાચાર્યના ઋષભદેવચરિત્રની સંવત્ ૧૨૮૯ માં લખાયેલી તાડપત્રની પ્રતિમાંની પ્રશસ્તિમાં **खंभाइत्थ** એવો પ્રયોગ વાપરેલો છે.

विक्कमनिव कालाउ सएसु ए क्कारसेसु सट्ठेसु ।

सिरिजयसिंहनरिंदे रज्जं परिपालयंतम्मि ॥

खंभाइत्थट्ठियेहिं सियपक्खे चित्तविजय दसमीए ।

पुस्सेणं सुरगुरुणो समत्थियं चरियमियंति ॥

( Peterson's Fifth report Pp. 81. )

આ **खंभाइत्थ** એવું રૂપ પણ વ્યાકરણના નિયમોથી સાધી શકાય. **कगचजतदपयवां प्रायो लुक्** । ૮–૧–૧૧૭.

એ સૂત્રથી સમાસમાં પણ તીર્થના તનો લોપ થાય ( **समासे तु वाक्य विभक्त्यापेक्षया: भिन्नपदत्वमपि विवक्ष्यते तेन तत्र यथादर्शन मुभयमपि भवति** ) આથી **खंभतित्थ** અને **खंभइत्थ** એમ ઉભય સિદ્ધ થાય છે. **दीर्घह्रस्वौ मिथोवृत्तो** ૮–૧–૪ સૂત્રથી દીર્ઘ થતાં **खंभाइत्थ** એ સિદ્ધ થાય છે.

ખંભાત એ **स्तंभ** થાંભલા ઉપરથીજ થયેલું લાગે છે. આબુના લેખોમાં તથા જિન હર્ષ ગણિ કૃત સંસ્કૃત વસ્તુપાલચરિત્રમાં સ્તંભતીર્થ અને સ્તંભન તથા સ્તંભનક એ જૂદાં ગણેલાં છે. વસ્તુપાલચરિત્રમાં વસ્તુપાલ સ્તંભતીર્થના સંઘને લઇને સ્તંભનકમાં પાર્શ્વનાથને નમસ્કાર કરવા જાય છે એમ લખેલું છે. સ્તંભન અને સ્તંભનક અપભ્રંશે થંભણ અને થંભણય થાય છે. સરખાવો અભયદેવસૂરિના પાર્શ્વનાથના સ્તવનમાંના.

थंभणट्ठिअ (८)

थंभणपुरट्ठिअ (१७)

थंभणयट्ठिअ (३०) ઇત્યાદિ પ્રયોગો.

જૈન ગ્રંથોમાં સ્તંભન પાર્શ્વનાથનો થંભણ પાર્શ્વનાથ તરીકે જ ઉલ્લેખ ઠેક ઠેકાણે માલુમ પડે છે.

**ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ.**

# 'ખંભાત' શબ્દની વ્યુત્પત્તિ.

'બુદ્ધિપ્રકાશ'ના તન્ત્રી જોગ.

સાહેબ,

ફેબ્રુઆરી ૧૯૧૪ ના 'બુદ્ધિપ્રકાશ'માં રા. **ચીમ**નલાલ ડાહ્યાભાઈના લેખમાં 'ખંભાત' શબ્દની વ્યુત્પત્તિની ચર્ચા જોઈને એક પ્રકારે આનન્દ થયો. **स्तम्भावती** ઉપરથી એ શબ્દ ઉપજાવવાનો વિચારપૂર્વક પ્રયત્ન આ પ્રથમ જ નજરે પડેછે. હેમાં પ્રાકૃત વ્યાકરણનાં પ્રમાણોનો આશ્રય લેવાની રીતિ પણ એ લેખકના બુદ્ધિચાતુર્યની સૂચક છે. આટલું કહ્યા પછી એ લેખકથી મ્હારો જુદો મત દર્શાવું તો કોઇ પણ રીતે દોષદર્શનનો હેતુ નથી એમ વધારે ખાતરી આપવાની જરૂર નહિં રહે. હેમણે જે બુદ્ધિચાતુર્ય વાપર્યુંછે તે ચાતુર્યના વર્ગની બ્હાર આગળ વધતું નથી; અને હેમણે બતાવેલી વ્યુત્પત્તિની ગ્રાહ્યતાને આધાર મળતો નથી. આ માટે કારણો દર્શાવવાનું કર્તવ્ય ઉત્પન્ન થાયછે, તે જણાવુંછું:—

(૧) સંવત્ ૧૪૮૦ ના અરસામાં રચાયલા સ્તવનમાંથી રા. **ચીમ**નલાલે નીચેનું વાક્ય ઉતાર્યુંછે:—

"પાટણિ ખંભાઇતિ પાસનાહ ધડલી ચોધા પુરતઈ સણાહ."

આ સ્થળે 'ખંભાઇતિ' એ નામમાં **स्तम्भावती**નું રૂપાન્તર એઓ જુવેછે. પરંતુ અહિં જેમ 'પાટણિ'માં અન્ત્ય ઇકાર સપ્તમીનો પ્રત્યય છે, તે જ પ્રમાણે 'ખંભાઇતિ'માં પણ છે-અને મૂળ રૂપ તો 'ખંભાઇત' છે.

(૨) 'કાન્હડદે પ્રબન્ધ'માં 'ખંભાયત' નપુંસકલિંગમાં છે (જ્યહારે **गुर्जरत्रा** ઉપરથી થયેલો 'ગુજરાત' શબ્દ સ્ત્રીલિંગમાં છે), તે વાત **स्तम्भावती** એ સ્ત્રીલિંગી શબ્દમાંથી ઉપજાવવાને બાધક થાયછે અને **स्तम्भतीर्थ** એ નપુંસકલિંગી શબ્દમાંથી કઢાતી વ્યુત્પત્તિને સાધક થાયછે.

(આ મુદ્દો ભાદ્રપદ સંવત્ ૧૯૬૯ ના 'વસન્ત'માં પૃષ્ઠ ૪૩૭ મે મ્હેં બતાવ્યોછે તે ઉપર રા. **ચીમ**નલાલનું ધ્યાન ગ્હોટયું જણાતું નથી.)

(૩) **स्तम्भावती** ઉપરથી 'ખંભાઇતિ,' 'ખંભાયતિ,' 'ખંભાયત,' 'ખંભાત' એમ ઉપજાવવાને રા. **ચીમ**નલાલે બે સૂત્રોનાં પ્રમાણનો આશ્રય લેછે:—

(1) સિ. હે. ૮-૨-૧૫૯ ને આધારે **मतुप् ( मत्-वत् )** પ્રત્યયનો **इत्त** આદેશ સ્વીકારી **स्तम्भावती**ના **वती** એ ભાગનો **इत्त** ઉપજાવેછે.

(2) સિ. હે. ૩–૨–૭૮ ને આધારે **स्तम्भ** શબ્દનો અન્ત્ય અકાર દીર્ઘ થયો એમ કહેછે, અને એ સૂત્રમાં એ શબ્દ નથી તેથી **शरादि** ગણ તે આકૃતિ ગણ છે એ સ્થિતિનો લાભ લઈ સમર્થન કરેછે.

આ બેમાંના પ્રથમ પ્રમાણ વિશે આટલું કહેવાનું છેઃ—

આ **इत्त** પ્રત્યય અનેક પ્રત્યયો ભેગો આપ્યોછે, ત્હેનો ઉપયોગ યથેચ્છ રીતે કરવો એમ નથી; ભાષામાં જ્હાં એ પ્રયોગ થયેલો જણાતો હોય ત્યહાં હેનું સમર્થન કરવા માટે છે; **યથાદર્શન** એ સર્વ પ્રત્યયો લેવાનાછે. પ્રાકૃત વ્યાકરણનું (સર્વ ભાષાના વ્યાકરણનું) તત્ત્વ જ એ છે; કેમકે ભાષા તે લક્ષ્ય વસ્તુ અને વ્યાકરણ તે લક્ષણશાસ્ત્ર છે, ત્હેના સંબન્ધનો વિપર્યાસ કરીને વ્યાકરણના નિયમનો યાન્ત્રિક વ્યાપાર કરી ભાષાના શબ્દો ઘડાય નહિં. વ્યાકરણનાં સૂત્રો તે ભાષાના શબ્દો ઘડી કાઢવાનો યન્ત્રસમૂહ નથી. પ્રસ્તુત સૂત્રનાં ઉદાહરણોમાંથી બધા શબ્દોને બધા પ્રત્યયો અદલબદલ કરીને નહિં મૂકી સકાય; જેમકે—**स्नेह** ઉપરથી **नेहालू** છે, **गर्व** ઉપરથી **गव्विर** છે, **मान** ઉપરથી **माणइत्त** છે, તે યથેચ્છ ફેરફાર કરીને **नेहइत्त, नेहिर; गव्वालू, गव्वइत्त; माणालू, माणिर**— એમ રમકડાંની પેઠે રમત રમાશે નહિં.

પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યામાં સ્પષ્ટ કહ્યુંછે—**आलु इत्यादयो नव आदेशा मतोः स्थाने यथाप्रयोगं भवन्ति ॥** આમ **यथाप्रयोगं** (=જ્યહાં જ્યહાં ભાષામાં વસ્તુસ્થિત પ્રયોગ હોય ત્યહાં)—એ તત્ત્વ અહિં સ્પષ્ટ સ્વીકારાયલાનો અનાદર રા. ચીમનલાલ કરેછે, અને યાન્ત્રિક પદ્ધતિનું સેવન કરેછે, તે ભાષાના અભ્યાસનાં સ્વીકારાયલાં ધોરણોની વિરુદ્ધ છે. આપણી પોતાની ભાષામાંથી ઉદાહરણ લેવાથી સ્પષ્ટતા વધારે થશે;—'બોલછા,' 'હીંડછા,' એ શબ્દોમાં 'છા' પ્રત્યય ક્રિયાની રીતિના અર્થમાં લાગેછે; માટે શું કાંઇ 'કહેછા,' 'ચાલછા,' જેવા પ્રયોગ થઈ સકશે? અથવા 'ઘેલછા'માં વિશેષણ શબ્દના ભાવનો વાચક 'છા' પ્રત્યય લાગેછે, માટે 'શાણછા,' 'ડાહ્યછા,' કે હેવાં રૂપ યન્ત્રમાં ઘડી કઢાશે એમ નહિં બને. અથવા 'આઈ,' 'પણ,' પણું,' એ પ્રત્યયો ભાવવાચક લાગેછે તે યથાપ્રયોગ 'ઘેલાઈ,' 'ગાંડાઈ,' 'ઘેલપણ,' 'ગાંડપણ,' 'ડહાપણ,' ઇત્યાદિ થશે; પરંતુ 'ડાહ્યાઈ,' 'રૂડાપણું,' 'લીલાઈ,' 'રતાઈ,' ઇત્યાદ અદૃષ્ટ પ્રયોગો નહિં જ થાય.

વળી, પ્રસ્તુત સૂત્ર (૮-૨૧૫૯) માંનાં ઉદાહરણો જોતાં જણાશે કે **इत्त** એ પ્રત્યય (**इर** જેવા પ્રત્યયોની પેઠે) વિરલ પ્રયોગોમાં જ નિયન્ત્રિત છે. વસ્તુસ્થિત પ્રયોગ **खंभाइत्त**—એમ **इत्त** પ્રત્યયવાળો હોય અને રા. ચીમનલાલ તે પ્રમાણભૂત ગ્રન્થાદિકમાંથી બતાવે તો જુદી વાત.

આમ સ્થિતિ છે, તેથી **स्तम्भावती** શબ્દ મૂળ હોય તો ત્હેના **वती**નું વાગ્વ્યાપારપ્રાપ્ત રૂપ **वदी** અથવા **वई** જ થાય. (આ વાત પણ મ્હેં ઉપર કહેલા 'વસન્ત'ના લેખમાં દર્શાવી જ છે); જેમ **इरावती** (નામની નદી)નું **इरावई** થઈ, પછી (અસ્વરિત પ્રથમ શ્રુતિ લુપ્ત થતાં) **रावई**—રાવી (પંજાબની પાંચ નદીઓમાંની એકનું નામ છે તે) શબ્દ થયોછે, તેમ 'ખંભાવઈ' થાત; અથવા તો શૌરસેનીનો વાગ્વ્યાપાર પ્રવર્તી 'ખંભાવદી' થાત.

બીજા પ્રમાણુ બાબત જોવાનું એ છે કે આકૃતિગણુ એટલે શું? આકૃતિગણુનો વિષય કેટલી મર્યાદામાં પ્રવર્તે? બીજા રૂપમાં કહિયે;—આકૃતિગણુમાં શબ્દ કોઇ પણુ ઉમેરવો હોય તો શા આધારે ઉમેરાય? શી સ્થિતિ હોવી જોઇયે?—એમ તો નાજ હોય કે ગમે તે શબ્દ ગમે તે વખત સ્વેચ્છાથી ઉમેરાય. અહિં પણુ ભાષા અને વ્યાકરણુ એ બે વચ્ચેનો લક્ષ્યલક્ષણુ સંબન્ધ હોવાથી ઉત્પન્ન થતું ઉપર દર્શાવેલું 'યથાદર્શન'નું તત્ત્વ પ્રવર્તેછે. ભાષામાં વસ્તુસ્થિત પ્રયોગ હોય અને હેનું સ્વરૂપ તે તે ગણુમાં પ્રવેશ થવા જેવું હોય તો જ તે નવા શબ્દનો **યથાદર્શન** સંગ્રહ થાય. માટે **स्तम्भावती** એમ વસ્તુસ્થિત પ્રયોગ કોઇ પ્રમાણુભૂત સ્થળે હોય તો **शरादि** આકૃતિગણુમાં પ્રવેશનો લાભ હેને મળે. આ સ્થિતિ ભાષાના વિશાળ સ્વરૂપ અને વ્યાકરણુકારની, પ્રમાણુમાં, સંકુચિત દૃષ્ટિમર્યાદા એ બે અંશોને લીધે ઉત્પન્ન થાયછે. ભાષામાં હેવા અનેક પ્રયોગો હોય તે વ્યાકરણુકારના દૃષ્ટિપથમાં આવ્યા ના હોય છતાં તે ગણુમાં હોય તેમ વ્યાપાર થતો હોય તે પ્રસંગે આકૃતિગણુનું તત્ત્વ પ્રવર્તેછે.

(૪) ઉપર અંક (૩)માં બે સ્થળે નિર્દિષ્ટ કરેલા ધોરણુથી ફલિત થતો પ્રશ્ન એ છે કે—**स्तम्भावती** હેવો પ્રયોગ કોઈ પણુ પ્રમાણુભૂત પ્રાચીન ગ્રન્થ કે શિલાલેખાદિમાં જોવામાં આવેછે ખરો?

કેવળ દન્તકથા અને દન્તકથાના ઉદ્‌ગાર કરનારા ગ્રન્થાદિકને અહિં સ્થાન નહિ મળી સકે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. આમ વસ્તુસ્થિત સપ્રમાણુ પ્રયોગ રા. **ચીમન-લાલ** પ્રગટ કરશે તો વિચાર કરવા માટે કાંઇક સામગ્રી મળશે. ત્હાં સુધી તો **स्तम्भावती** એ કૃત્રિમ વ્યુત્પત્તિ જ માનવી પડશે.

*"તુઝક-ઇ-જહાંગરી"માંથી 'ખંભાવતી' નામ રા. **ચીમન**લાલે બતાવ્યુંછે તે આમ દન્તકથાનો ઉદ્‌ગાર કરનાર પુસ્તકના લક્ષણુમાં જ ગણુાશે.

હેમાંની કથાના સ્વરૂપ ઉપરાંત **ત્રંબાવતી** અને **ખંભાવતી** એમ બંને નામોને ગોઠવ-નારી કથા હેમાં છે તે આ લક્ષણુ સબલતર રીતે પ્રગટ કરેછે.

છેવટે, રા. **ચીમન**લાલ **स्तम्भतीर्थ** શબ્દમાંથી વ્યુત્પત્તિ કાઢવા સંબન્ધે શઙ્કા દર્શાવેછે હેનો ખુલાસો કરવાની જરૂર છે. એઓ કહેછે—**स्तम्भतीर्थ**નો તો અપભ્રંશ 'ખંભતિત્થ' થાય.† રા. **ચીમન**લાલ સિ. હે. ૮-૧-૧૭૭ મા સૂત્ર ઉપરની વ્યાખ્યાનવૃત્તિ ઉપર નજર કરશે તો નીચે પ્રમાણે વ્યવસ્થાવિવેક પ્રગટ થશેઃ—**समासे तु वाक्य-**

* ખંભાતના ગૅઝિટીઅરમાં (Gazetteer of the Bombay Presidency Vol. VI માં) આ જહાંગિરના પુસ્તકમાં કહેલા દન્તકથા પણુ આપી જ છે, અને હેની કીમત કલ્પિત કથારૂપે જ આંકીછે.

† આ શંકાના સંધાણુમાં **स्तंब** નું **तम्ब** થાય-એમ કહ્યુંછે તે માટે પ્રયોજન શું હતું તે સમઝાતું નથી.

**विभक्त्यपेक्षया भिन्नपदत्वमपि विवक्ष्यते। तेन तत्र यथादर्शनमुभयमपि भवति ।** આમ કહી ઉદાહરણ આપ્યાંછે:—**सुहकरो सुहयरो । जलचरो जलयरो । बहुतरो बहुयरो ।** ઇત્યાદિ. આ ધોરણે જ **वनचर**નું **वणयरो** થઈ 'વનેરું' (ગુજ.), **घनतर**ંનું **घणयरं** દ્વારા 'ઘણેરું' (ગુજ.), **अन्यतरत्–अण्णयरं**નું 'અનેરું' થાયછે. **सहचरी** ઉપરથી **सहयरी** દ્વારા 'સહિયર' (ગુજ.) થયુંછે તે પણ આ જ રીતે. (હેમાં બીજો એક ઉત્સર્ગ પ્રવર્તેછે તે દર્શાવવાની અહિં જરૂર નથી). વિશેષ ઉદાહરણો જોઇતાં હોય તો આ જુવો:—

**मंगलपुर**નું મંગલોર; **सिंहपुर**નું શિહોર; **धूपतैल**નું ધૂપેલ; **दीपतैल**નું દીવેલ; **राष्ट्रकूट**નું રાઠોડ; **चित्रकूट**નું ચિતોડ; **देवकुल**નું (**देवउल, देउल** દ્વારા) દેવળ; ઇત્યાદિ સંખ્યાબન્ધ ઉદાહરણો. આ સર્વમાં સમાસના ઉત્તરપદના આદિ વ્યંજનનો લોપ હેમચન્દ્રના ઉપર કહેલા સૂત્ર પ્રમાણે થયોછે.

માટે, **स्तम्भतीर्थ** શબ્દ પ્રાચીન, પ્રમાણયોગ્ય, ગ્રન્થાદિકમાં નજરે પડે છે, અને ત્હેને પ્રતિબિમ્બ આપનાર રૂપ **खंभाइत, खंभायत** વગેરે પણ પ્રત્યક્ષ છે એટલે યથાદર્શન **तीर्थ**ના તકારનો લોપ અહિં થયેલો નિયમાનુસાર જ છે.

સારાંશ, 'ખંભાયત'નું નપુંસકલિંગ, અને **स्तम्भतीर्थ** શબ્દનો પ્રમાણભૂત ગ્રન્થાદિકમાં ઉલ્લેખ–એ 'સ્તંભતીર્થ' ઉપરથી વ્યુત્પત્તિને પોષક અંશો છે; ત્હારે **स्तम्भावती**નું સ્ત્રીલિંગ અને કોઇ પણ પ્રમાણભૂત ગ્રન્થાદિકમાં એ શબ્દના ઉલ્લેખનો અભાવ તે 'સ્તંભાવતી' ઉપરથી વ્યુત્પત્તિને નિરોધક અંશો છે. આ કોટયો ભાદ્રપદ સંવત્ ૧૯૬૯ના 'વસન્ત'માં મ્હેં દર્શાવી જ છે, તે રા. ચીમનલાલને નિઃસાર લાગી હોય તો તો ઉપાય નથી.

વાંદરા.
તા. ૨૭–૨–૧૪.

નરસિંહરાવ ભોળાનાથ.

# ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીમાંના હસ્તલિખિત પુસ્તક સંગ્રહની યાદી.

——xx——

| નંબર. | પુસ્તકનું નામ. | કર્તા | રચ્યાસાલ | ઉતાર્યો સાલ | પૃ. સંખ્યા. |
|---|---|---|---|---|---|
| ૪૬ | ગવરીબાઈ કૃત કીર્તનમાળા. | ગવરીબાઈ. | | સં. ૧૯૩૮ | ૧૧૪ |

છેવટ:—

ભુરકી નાંખી સબ ભરમાયા, રૂપ દેખી કહ્યારે;
દાસ ગવરી ચેત બડભાગી, પ્રભુને ભજ્યા સો તરયારે".

× × × ×

ઇતિ ગવરીબાઈ કૃત કીર્તનમાળા.

આ બાઇના છુટક પદો બૃહત કાવ્યદોહન ભા. ૧ લા માં પ્રસિદ્ધ થયાં છે. આ પદ સંગ્રહ અપ્રસિદ્ધ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૭ | ગોપાળ ગીતા. | ગોપાળ | સં. ૧૭૦૫ | સં. ૧૯૩૮ | ૮૯ |

છેવટ:—

"સત ગુરૂ સ્વામી શ્રી સોમરાજ, કૃપા થકી હવું ગ્રંથ કાજ,
રાજહંસ ગુરૂ કેરી દયા, શબ્દ સકળ ગ્રંથ માંહે કહ્યા;
ગુરૂ પ્રતાપે પોહોંચી આશ, ગ્રંથ હવો ત્યારે જ્ઞાન પ્રકાશ;
સંવત ૧૭ પાંચ સાર, માસ વૈશાખ અષ્ટમી ભોમવાર.

× × × ×

જનમ ભોમ નંદાવની ગામ, પીતા ખીમજી નારણદાસ નામ;
તેનો સુત તે દાસ ગોપાળ, સંત સકળ તણું તે બાળ.

× × × ×

આ ગ્રંથ બૃ. કાવ્યદોહન ભા. ૩ માં છપાયેલ છે. તેમજ કતારગામના રા. રા. લાલભાઇ રણછોડજી તરફથી છુટક પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયો છે. તેમાં રચ્યા સાલ "સંવત સત્તર પચાસો સાર" આપી છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૮ | જીવણરામની ચાતુરી. | જીવણરામ. | | | ૧૦ |

છેવટ:—ગુરૂ પરમહંસની કૃપા થઇ, તે બોલ્યા દાસ જીવન.

| | | | | | |
|---|---|---|---|---|---|
| अ | પંચીકરણ. | અખો. | | | ૮ |

છેવટ;—અહં બ્રહ્મ છે શબ્દજ વિના એ સમજે વેત્તા અખા આપણા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ब | અમરફળની વાર્તા | શામળભટ્ટ. | | | ૪૩ |

વાર્તા નંબર ૧૭. પુતળી મંદાકિની.

છેવટઃ–

"બ્રાહ્મણ શ્રીગોડ માલવી, રાજપુરિમાં વાસ;
· વિરેસર સુત વિનવું, શામળ હરિનો દાસ.

क વ્રજશૃંગાર. રણછોડ.

છેવટઃ–

શણગાર વર્ણવ્યો વ્રજનો, દશ સાત પદ પુરાં થયાં;
આઠ ચોપાઇ એક પદનિ, કેનારે એવાં કર્યાં.
જે ગાએ જે સાંભળે તેની, આસ પુરે એ ધણી;
દાસ રણછોડ ચરણ સેવક, માગે મોજ ઘણી ઘણી.

પદ ૧૭. "ઇતિશ્રી રણછોડ કૃત વ્રજશણગાર સંપૂર્ણ."

૪૯ જીવણદાસની ચાતુરાઓ. જીવનદાસ. ૧૩
अ વણજારો. પ્રેમાનંદ. ૯
ब સંતોષ કલ્પતરૂ.
क હારમાળા. નરસિંહ મહેતા.

પદ સંખ્યા ૧૪૬ છે.

છેવટઃ–

સંવત ૧૫૧૨ ચૈત્ર શુદી સપ્તમી સોમવારરે;
અતી આનંદે માળા ગાઈ, નરસૈયો ઉતારયો પારરે.

હારમાળાની ચર્ચા માટે જુઓ. ગુજરાતી પ્રેસ તરફથી પ્રસિદ્ધ થએલ નરસિંહ મહેતાના કાવ્યનો સંગ્રહ.

૫૦ હનુમાનચરિત્ર. કાસિસુત શેધજી (?) સં. ૧૬૪૭ પૃ. ૧૪

છેવટઃ––

સંવત શોળ સડતાળા સોય, માગસર દ્વીતીવાર હોય;
નક્ષત્ર હસ્ત હતો રવિવાર, તેમાં કીધો વીસ્તાર.
પલવટ કુલ બંધારા સાર, રામચંદ્રે દિધો આધાર.
તે મેં ગ્રંથ કીધો પ્રતિબંધ, કાસીસુત શેધજી મતીમંદ.

૫૧ રાજા હરિચંદ્રની કથા. સુખરામદાસ.

છેવટઃ– પૃ. ૩૯

વણીક વેહેવારે વધે, એમ કેહે સુખરામદાસ.

ઇતિશ્રી રામાયણે રઘુનાથ અગસ્ત સંવાદે હરીચંદ આક્ષાંન સમાપ્ત.

૫૨ સગાળશાની વાર્તા. તુળજારામ. સંવત ૧૯૪૩. ૧૭
( સુખરામ સુત. )

છેવટઃ–

સંવત ૧૯૪૩ના આશ્વિન સુદ દશમી રવીવાર;
સગાળપુરી સંપૂરણ કીધી, તે દીન હરખ અપાર.

ઉદીચ્ય બ્રાહ્મણ સહસ્ર જ્ઞાતી, અમદાવાદ મધ્યે વાસ;
**સુખરામ સુત તુળજારામ** કાહાવે વેગે હરીનો દાસ.
× × × ×

**૫૩ અધ્યાત્મ રામાયણ હરિદાસ. સં ૧૭૭૮ ૫૧૬**
છેવટઃ– (સુત રાઘવદાસ.)
છેવટઃ– કરજોડી કહે **રાઘવદાસ,** રઘુપતિ રાખો ચર્ણ નિવાસ;
**રાઘોદાસનો પુત્ર જ જેહ, હરિદાસ નામ તાં તેહ.**
ત્રણવાર નિરખી રણછોડ, ગોમતિ સહુક બંધ છોડ.
× × × ×
રામચર્ણ આવિ **હરિદાસ,** રામાયણનો કર્યો અભ્યાસ;
ભટ ભીમજીએ સાંભળિ, ગ્રંથ ઉપરથી જોઈ વળી.
વિચે ત્રુટીત **થઈ** હુતિ કથા, જોઈ પ્રત સુધિ કરી તથા
સર્વે સંબંધ જોઇ શુદ્ધ કરિ, **હરિદાસ** સ્મર્ણ કરી.
**સંવત સતર અઠોતરે,** માગસર સુદ પુનમ વાસરે;
ગુરૂ પ્રસાદે શોધણ કરી, પુર્ણ પ્રત લિખિ શિર ધરી.

**૫૪ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા. રાઘોદાસ સુત હરિદાસ. સં. ૧૭૮૫. પૃ. ૧૮૭.**
છેવટઃ– સંવત સતર પંચાસીઆ, **અશાઢ** શુક્લપક્ષે ત્રિતિયા;
શ્રી રામ **આજ્ઞા** રવિવાર, ગીતા ગ્રંથનું પુરણ સાર.
× × × ×
રામ ભક્ત શ્રી રાઘોદાસ, તે સુત હૃદયે કરી પ્રકાશ;
હરીદાસને કરૂણા કરી, જ્ઞાનપ્રકાશ કર્યો શ્રીહરિ.

**૫૫ અશ્વમેધ તુલસી. સં. ૧૭૩૨ સં. ૧૯૨૪ ૪૬૬**
છેવટઃ-
"લીલાવતીમાં વાડવ વારૂ, મંગલ ગણપત તનજી,
વેદ પુરાણ ભણાવે દ્વીજને, જેહેનું ઉત્તમ મનજી.
સંધ્યા તરપણ પુજન હરીનું, દરશન કારણ દેવજી;
મંગળ નામ સદાશીવ કેવ, નીત્યે કરે હરિ સેવાજી;
તે તણો સુત **તુળશી** કીંકર, જાણે દ્વીજનો ભેદજી.
તેણે ગ્રંથ અનુપમ કીધો, નાંણે મનમાં ખેદજી,
**સંવત સતર બત્રીશામાં** વૈશાખે બુધવારજી.
ત્રયોદશિ રવિવારને દિવસે પુરણ થયો વિસ્તારજી."
**આ ગ્રંથ છપાયો છે.** (સમશેર બહાદુર પ્રેસ **અમદાવાદ.**)

**૫૬ કામાવતીની વાર્તા. શિવદાસ. સં. ૧૮૪૨**
છેવટઃ– **જૈનશાસ્ત્ર** વીશે એ કથા, સંક્ષેપે કહી છે જથા;
કેહે **શીવદાસ આ**નંદે કરી, કીપા કરે સહુને નરહરી.
× × × ×

પ્રેમાનંદ શિષ્ય વિરજી એ પણ એજ નામની બીજી એક વાર્તા લખેલ પ્રસિદ્ધ છે.

૫૭ **હારમાળા.** **નરસિંહ મહેતા.** **પદ સંખ્યા ૧૫૧**

આમાં હારમાળાની રચ્યા સાલ સંવત ૧૭૧૨ આપી છે, પણ તે સંવત ૧૫૧૨ હોવી જોઇએ, એવું અમારૂં અનુમાન છે. વધુ વિવેચન અને ચર્ચા માટે જુઓ નરસિંહ મહેતા કાવ્યસંગ્રહ. (ગુજરાતી પ્રેસ.)

૫૮ **મેહેરાવણનું આખ્યાન.** **રાણાસુત.** **સં. ૧૬૮૭** **પૃ. ૩૮**

છેવટઃ—

અંગદ નાટકતણી એ કથા, સંખેપ માત્રે કથવા;
પદ પાંસેહે ઉપર આઠ, શુભ કથા કહી મુખ પાઠ.
સંવત ૧૬ સતાસી ઉદ્દત, તવ એ જ્ઞાન કરૂં અદભુત;
કેહે રાણાસુત હરિનો દાસ, બાળપણે કીધો અભ્યાસ.”

૫૯ **મહાદેવનો વિવાહ.** **કુટમુઠ.** **પૃ. ૨૪.**

છેવટઃ—

જેહેને મન સીવનો વિશ્વાસ, નીરભે થઈ પામે કૈલાસ;
કુટમૂઠ કહે, હું અવસ્ય છું; ભવોભવ ભક્તિ કરૂં મહાદેવ.”

૬૦ **શિવપુરાણ.** **મહાદેવ સુત હરદેવ.** **સં. ૧૭૪૦** **૧૭૮**
( ખંભાતનો ઔદિચ્ય
સહસ્ત્ર બ્રાહ્મણ. )

છેવટઃ—

પાંચે અકષટ દસ સાંખે, **સંવત ૧૭૪૦ ચાલીસેજી;**
કારતગ વદી ૧૩ ભોમવારે, થયા અધ્યાય બાવીસજી.
× × × ×
સ્વસ્થાંન સીવપુરે અમારો, **જન્મ ભોમી ખંભાતજી;**
વછથ ગોત્રપદ ૫૨ છે જાણો, **સહસ્ત્ર ઔદિચ્ય ગુજરાતજી.**
દેવની પોલ સોમેશ્વર ફલીએ, તાંહા પુરવે ઘર વાસજી;
દારિદ્ર ભંજન સીવ કરણા પુરણ, કીધો એ અભ્યાસજી,
**તાપીપુર સુરજપુર** પાવન એગમપરામાં વાસજી.
સીહોડા સંગરહું હવડાં, માલી ફલીઆની પાસજી;
સુભક્ષભાહુત સેહેદેવ જગનેશ્વર, જોગેશ્વર શુભ નામજી.
માતા નામ શ્રીકૃષ્ણ જનુની, જે થઇ ગોકુલ ગામજી;
સુશીળ શ્રીદેવ ગુરૂચરણ પ્રતાપે, પામ્યો અભીધ્યાનજી.
**માહાદેવ સુત હરદેવ પ્રભુ** સીવ શક્તિ પરમ નિધાનજી;
પરમનિધાન સીવ શકિત કેરી, પ્રીત કરી જે ચીત ધરે.
માહાદેવ સુત હરદેવ સ્વામી સદાસીવને અનુસરે.

# બુદ્ધિપ્રકાશના લવાજમની પહોંચ.

## તા.૧૬-૨-૧૪ થી તા. ૨૪-૩-૧૪ સુધીનું.

૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧ ઉંઝા.
૧-૮-૦ રેવ. આર. બી. વીરમી.
વડોદરાકેંપ.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા. છાણી.
૧-૮-૦ સ. ગુ. શાળા પીપળોઇ.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૨ જો વડોદરા.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૨ જો સોજીત્રા.
૧-૮-૦ સાર્વજનીક લાઇબ્રેરી કોલીયાદ
૧-૮-૦ સ. ગુ. શાળા કડાદરા.
૧-૮-૦ જયાનંદ જયરામ રતનપુર
૧-૮-૦ સ. ગુ. શાળા. છારા.
૧-૮-૦ વિષ્ણુ. જે. ત્રિવેદી. મુંબઇ
૧-૮-૦ સાર્વજનીક પુસ્તકાલય. ઉતરાજ.
૧-૮-૦ સ. ગુ. શાળા વાઘોડીયા.
૧-૮-૦ સ. ગુ. શાળા કંડ.
૧-૮-૦ સ. ગુ. શાળા બહીયલ.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા બહીયલ.
૧-૮-૦ સ. ગુ. શાળા કુકરવાડા.

૧-૮-૦ શ્રીરાજચંદ્ર સાહિત્ય મંદિર અમદાવાદ.
૧-૮-૦ મગનભાઇ કરમચંદ કન્યા. ,, અમદાવાદ
૧-૮-૦ સ. ગુ. શાળા ગુંજા.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા ધર્મજ.
૧-૮-૦ સ. ગુ. શાળા નાના અકડીયા.
૧-૮-૦ ડભોડા ગણેશ લાઇબ્રેરી.
૩-૦-૦ ધ ઇન્ડીયન લાઇબ્રેરી દારેસલમ
૧-૮-૦ સ. ગુ. શાળા કમીગઢ.
૧-૮-૦ મિત્રમંડળ પુસ્તકાલય કાલરી.
૩-૦-૦ જલાલુદીન નુરમહમદ મુંબઇ.
૧-૮-૦ કન્યાશાળા નં. ૧ લો. વિસનગર.
૩-૦-૦ જોરભાઇ મસાતે. સીસોદરા.
૩-૦-૦ જાફ્રરાબાદ લાઇબ્રેરી
૧-૮-૦ ઉમીયાશંકર નથુભાઇ ઓઝા સરધાર.
૧-૮-૦ સાહિત્ય સભા પોરબંદર.
૩-૦-૦ નેટીવ જનરલ. લાઇબ્રેરી વઢવાણ.
૩-૦-૦ રતીલાલ પ્રાણલાલ જમાદાર સુરત.
૧-૮-૦ મ્યુ. સ્કુલ, માંડલ.


## અફીણી માટે અમૃત.

**દેશમાંથી શુરાતનનો નાશ કરનાર, કુટુંબોને પાયમાલ કરનાર, અને જુવાનીમાં ઘડપણ લાવી પરવશ બનાવનાર-અફીણ-ની આફતમાંથી છુટવા માટે હમારૂં**

## અફીણ રીપુ.

## આશીર્વાદ રૂપ અમૃત સમાન છે.

## देशहितचिंतको અને स्कुल मास्तरो!

આજ સુધી આપ લોકોના પ્રયાસથી કાઠીયાવાડ અને મેવાડ ભુમીના હજારો અફીણીયા आफिण रीपु લઇ અફીણના જાલમ પંજામાંથી છુટી ગયા છે.
એક મહીનો અફીણ રીપુના સેવનથી આદત તદન નહીં છુટે તો સ્કુલ માસ્તરનું સર્ટીફીકેટ મોકલેથી પૈસા પાછા મળશે. પરગજુ સ્કુલ માસ્તરોના પરીશ્રમનું ફળ અને

અમૃતના ગુણગાન:—આપના અફીણ રીપુના સેવનથી અફીણ રૂપી રાક્ષસના જાલમ પંજામાંથી હું સદાને માટે મુક્ત થયો છું અને ફરી કુટુંબ સુખ ભોગવવા ભાગ્યશાળી થયો છું. લી. દેસાઇ કાળાભાઇ મુ. કડોદરા.

**અફીણ રીપુમાં અફીણ, મોર્ફીયા કે અન્ય કેફી પદાર્થનો ભેળ સાબીત કરનારને રૂ. ૧૦૦ નું ઈનામ. સંપૂર્ણ આદત છુટે તેટલી મહીનાની દવાના રૂા. ૫.**
ટપાલ ખરચ જુદું—પંદર દીવસની દવાના રૂા. ૨।।.

અફીણ રીપુના બનાવનાર. **દાક્તર કે. બી. પટેલ.,** ૫ સદર—કરાંચી.

# બુકકીપીંગ અને એકાઉન્ટન્સી.

## આ શાળાને સરકાર તરફથી મંજુરી મળી છે.

શિક્ષણ પત્રદ્વારા અપાય છે. ગમે તે ધંધો કરતા હો તોપણ આ શિક્ષણ અમુલ્ય માલમ પડશે.

રૂ.દર માસે ૫૦ અગર તેથી વધુ રકમ કમાવા માંગતા હો તો એકાઉન્ટન્સીનું શિક્ષણ લ્યો.

તમે એવું એક પણ ખાતું જોશો નહીં કે જેમાં હિસાબી કામની જરૂર ના પડે.

એક માસ સુધી અમુક છુટ આપવામાં આવશે.

## કોર્સ.

ઇંગ્રેજી જાણુતા ઉમેદવારો આ શિક્ષણુ લેવાને લાયક ગણાય છે. ઉમ્મરની હદના સંબંધમાં કાંઇ પણ સરત નથી તેમ અમુક સર્ટીફીકેટ જોઇએ એવું નથી. ફી ઘણી થોડી છે.

આ શિક્ષણુ લેવાથી પ્રમોશન જલદીથી મેળવી શકાય છે.

માટે ઢીલ કર્યા વગર પ્રોસ્પેકટસ માટે નીચેને સીરનામે લખવું.-

**સી. સી. એજ્યુકેશન ઓફીસ,**

**પુના સીટી.**

REGISTERLD No. B. 241.

# बुद्धिप्रकाश.

# BUDDHIPRAKASHA.

पुस्तक मुं. मे १९१४ अंक ५ मो.

## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| પ્રવાસી. ... ...... ...... ...... ...... ...... | | ૧૨૯ |
| | ( રા. રા. कुंज. ) | |
| કાઠીઆવાડી દુહા. ...... ...... ...... ...... ...... | | ૧૩૦ |
| | ( સંપાદક—રા. રા. પોપટલાલ કેવળચંદ શાહ. ) | |
| વાગ્ભટાલંકાર અને ગુજરાતનો ઈતિહાસ. ...... ...... ...... | | ૧૩૧ |
| | ( રા. રા. રણુજીતરામ વાવાભાઈ. બી. એ., ) | |
| ગુજરાતી જોડણી. ( રા. રા. કુએરદાસ એફ્. મહેતાજી.) ...... ...... | | ૧૩૨ |
| ગેડો. ( ડૉ. મણિલાલ મોહનલાલ ઝવેરી. ) ...... ...... ...... | | ૧૩૫ |
| સંયોગો ઉપર વિચારની અસર. ...... ...... ...... ...... | | ૧૩૯ |
| | ( રા. રા. હરિલાલ દ્વારકાંદાસ સંઘવી. ) | |
| "ખંભાયતિ." ...... ...... ...... ...... ...... | | ૧૪૬ |
| | ( રા. રા. નરસિંહરાવ ભોળાનાથ. બી. એ. સી. એસ. ) | |
| પરીક્ષા. ...... ...... ...... ...... ...... | | ૧૪૭ |
| | પ્રોફેસર. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર. બી. એ.) | |
| ભણ્યાનો શો અર્થ ? ( રા. રા. મણિલાલ છબારામ ભટ્ટ. ) ...... ...... | | ૧૫૨ |
| નેપાળ પ્રવાસ વર્ણન. ...... ...... ...... ...... | | ૧૫૬ |
| | ( રા. રા. ત્રંબકલાલ ચન્દ્રશંકર દેશાઈ.) | |


---


ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી

તંત્રી અને પ્રકાશક,

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી.

લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧॥.) અગાઉથી. ટપાલ ખર્ચ માફ

છૂટક દર અંકના ત્રણ આના.

---

અમદાવાદ—ધી અ૦ યુનિયનપ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

# બુકકીપીંગ અને એકાઉન્ટન્સી.

## આ શાળાને સરકાર તરફથી મંજુરી મળી છે.

શિક્ષણ પત્રદ્વારા અપાય છે. ગમે તે ધંધો કરતા હો તોપણ આ શિક્ષણ અમુલ્ય માલમ પડશે.

રૂ.દર માસે ૫૦ અગર તેથી વધુ રકમ કમાવા માંગતા હો તો એકાઉન્ટન્સીનું શિક્ષણ લ્યો.

તમે એવું એક પણ ખાતું જોશો નહીં કે જેમાં હિસાબી કામની જરૂર ના પડે.

એક માસ સુધી અમુક છુટ આપવામાં આવશે.

# કોર્સ.

ઇંગ્રેજી જાણતા ઉમેદવારો આ શિક્ષણ લેવાને લાયક ગણાય છે. ઉમ્મરની હદના સંબંધમાં કાંઇ પણ સરત નથી તેમ અમુક સર્ટીફીકેટ જોઇએ એવું નથી.
ફી ઘણી થોડી છે.

આ શિક્ષણ લેવાથી પ્રમોશન જલદીથી મેળવી શકાય છે.

માટે ઢીલ કર્યા વગર પ્રોસ્પેકટસ માટે નીચેને સીરનામે લખવું.-

**સી. સી. એજ્યુકેશન ઓફીસ,**
પુના સીટી

# બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૬૧ મું. | મે. ૧૯૧૪. | અંક ૫ મો.


## પ્રવાસી.*

રક્ષિત કેવા પ્રભુ! ભક્ત ત્હારા,
નિશ્ચિત સંરક્ષણ કેવું તેમનું!
અનન્ત પ્રજ્ઞાન સદૈવ નેતા,
સાહાય્ય છે તેમની જેમ ઇશનું!

રક્ષિત સંરક્ષણથી જ ત્હારા
આ દૂર દેશે, પરરાજ્યમાં અને-
બચી ગયો દગ્ધ પ્રદેશથી થતા;
અપુણ્યતામાં અહીં મ્હારૂં પ્રાણને!

માધુર્ય પ્રત્યેક ભૂમિવિષે છે-
ત્હારી દયાથી. સુખી સર્વ દેશોઃ
સૌન્દર્ય રાજે વિકરાલ શૃંગે,
શમી ગયા ત્હારી દયાથી સાગરો!

આત્મા અરે તું મુજ! જો વિચારી-
વિશાલ અબ્ધિ ચઢતો તુફાને!
કેવો દીઠો મ્હેં ભયભીત નેત્રથી
વિચારી જો, આસ્તિકતા ધરી તું એ!

સમુદ્રમાં જ્યાં ચઢી ઊર્મિમાલા
ચાલી અને નાવિકની ન કૈં કલા.
સૌનાં મુખો મ્લાન બની ગયાં, ને
ભીતિ રહી વ્યાપી બધાં ઉરોવિષે!

તથાપિ, સર્વે ભય શોકથી એ
ત્રાતા! થયો મુક્ત દયાથી તાહરી!
શ્રદ્ધા અને પ્રાર્થનમાં ધરીને-
આત્મા રહ્યો આ મુજ તુંવિષે ઠરી!

---

* અંગ્રેજી કવિ [illegible] કાવ્યનો અનુવાદ.

ઊર્મિ પરે ભમ્ર, કશલ વાતે-
હતા અમે અદ્ધર, તોય માન્યું મ્હેં:—
ન કે ન તું સત્વર સાંભળી શકે—
વા રક્ષવા ના બલવાન તું જગે !

વિરામ્યું તોફાન, શમ્યા પ્રવાતો-
ઇચ્છાનુસારે તુજ સર્વ, તાત ! એ
આજ્ઞા થકી જે તુજ ગર્જતો તો-
આજ્ઞા થકી ત્હારી શમ્યો સમુદ્ર તે.

કુંજ.

---

# કાઠિઆવાડી દુહા.

હંસલા સાયરને મનાવી લે, જે છે તારી જોડ;
જેહું રૂડા દીસીએ, તેહું તાણી મ તોડ.
કાદવના કટકા થયા, નીરવીણ નોખા પડયા;
ફટને ફટ નીકુર હૈયા, સજન ગયા ને સાજા રહ્યા.

છપનીઆમાં છ ગયાં, દયા દાન ને દીવો,
સગવટ ને સનેહ ગયો, વેધારા વિના જીવો.
મેમાન માગણુ ને મહીપતિ, ચોથી ઘરની નાર;
એતાં અછત કળે નહિ, લાવ લાવ ને લાવ.

કોયલને કાગ વાને વરતારો નહિ;
જીભડીએ જવાબ સાચું સોરઠીઓ ભણે.
દીવાળે તે દીકરા, કાંઇક ધોરી ને ધરા;
કાંઇક વણુના છોડવા, ને કાંઇક તલસરા.

દી ઉઠાડે દીકરા કાંઇક વહુ ને કાંઇક વરા;
કાંઇક કાંઇક પાડોશી નીકર ભાચું તો ખરા.
ડાબી ભેરવ કળકળે, જમણી લાળી થાય,
લાડી ખંભાલણ એમ ભણે એ સંઘ દ્વારકાં ન જાય.

ખડ સુક્યાં તેમહી વહુ કયાં, વા'લા ગયા વિદેશ;
અવસર ચુકયા મેહુલા, વરસી કાંઉ કરેશ.

સંપાદક—પોપટલાલ કેવળચંદ શાહ.

# વાગ્ભટાલંકાર અને ગુજરાતનો ઇતિહાસ.

આપણા સુવિખ્યાત ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહનો બાહડ નામનો જૈન અમાત્ય હતો. તેણે સંસ્કૃતમાં અલંકાર વિશે સરળ ગ્રંથ રચ્યો છે. બાહડનું સંસ્કૃતરૂપ વાગ્ભટ થઇ એ ગ્રંથ વાગ્ભટાલંકારને નામે પ્રસિદ્ધ છે. સ્વાભાવિક રીતે એ ગ્રંથમાં બાહડે ઉદાહરણોમાં પોતાના અન્નદાતા નરેશ્વરની સ્તુતિ ગાઇ છે. એ સ્તુતિઓ તેમજ ઇતર ઉદાહરણોમાં જે જૂજ ઐતિહાસિક હકીકત જળવાઇ રહી છે, તે પ્રસ્તુત લેખમાં સંગ્રહવાનો ઉદ્દેશ છે.

નિર્ણયસાગરે પ્રગટ કરેલી સિંહદેવગણિની ટીકાવાળી આવૃત્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ચોથા પરિચ્છેદમાં સંશય નિશ્ચયાલંકારનું ઉદાહરણ

इन्द्रः स एष यदि किं न सहस्रमक्ष्णां
लक्ष्मीपतिर्यदि कथं न चतुर्भुजोऽसौ ।
आःस्यन्दन ध्वजधृतोध्धुर ताम्रचूडः
श्री कर्णदेव नृप सूनुरयं रणाग्रे ॥

આપ્યું છે તે પરથી જણાય છે કે સિદ્ધરાજની ધ્વજાપર કૂકડાનું ચિહ્ન હતું. આગળપર અવસરોદાહરણ

स एष निश्चयानन्दः स्वच्छन्द तमविक्रमः ।
येन नक्तंचरः सोऽपि युद्धे बर्बरको जितः ॥

આ પ્રમાણે જે આપ્યું છે તેમાં તેમજ બીજા પરિચ્છેદમાં ટીકાકારે

जयजय बर्बरजिष्णो विष्णोरवतार भूप जयसिंह ।

અવતારેલી કડીમાં બાબરાભૂતનો ઉલ્લેખ છે.

त्रिर्श्व वर्बरबध्यमान पयसः शिप्रापगायाः स्फुर-
न्नाक्रामत्ययमक्रमेण बहुलः कल्लोलकोलाहलः ॥

ગૌડીયા રીતિના આ ઉદાહરણમાં બાબરા અને શિપ્રા નદીને સંબંધમાં આણ્યાં છે એટલે બાબરાનું સ્થાન એથી સૂચિત થાય છે.

અત્યુત્કૃષ્ટ સમુચ્ચયાલંકારના ઉદાહરણમાં—

अणहिल्लपाटकं पुरमवनिपतिः कर्णदेव नृपसूनुः ।
श्रीकलशनामधेयः करी च रत्नानि जगतीह ॥

ગુજરાતના પાનગર અણહિલપુર, રાજેન્દ્ર સિદ્ધરાજ અને તેમના હાથી શ્રીકલશની પ્રશંસા કરી છે.

**यत्र वायुः परं चौरः पौर सौरभ संपदाम् ।**
**युवानश्च कृतक्रोधादेव बिभ्युर्वधूजनात् ॥**

એ શ્લોકપરથી અમાત્ય સૂચવે છે કે અણહિલપુરમાં વાયુ સિવાય ચોર ન્હોતો અને માનિની વહૂઓની બ્હીક સિવાય બ્હીક કોઇની ન્હોતી.

**आनन्दमुल्लासयतः समन्तात्करैरसंतापकरैः प्रजानाम् ।**
**यस्योदये क्षोभमवाप्य राज्ञो जग्राहवेलां किल सिन्धुनाथः ॥**

એ શ્લોક પરથી સિન્ધુનાથને સિદ્ધરાજે સામંત બનાવ્યો એવું ધ્વનિત થાય છે.

**રણજીતરામ વાવાભાઈ.**

# ગુજરાતી જોડણી.

ગુજરાતી ભાષાની જોડણીનો પ્રશ્ન બહુ ચર્ચાઈ ગયો. જોડતોડને ન્યાયે વિદ્વાનોએ હવે તો એકાદ કામચલાઉ ધોરણ ઉપર આવી જવું જોઈએ. શાસ્ત્રદૃષ્ટિએ, વહેવારદૃષ્ટિએ કે એકલી સગવડની દૃષ્ટિએ કામ નહિ થાય; તેમ સૌ રાજી રહે, એવું પણ થશે નહિ. એમ કહેવાય છે કે, મૃતભાષાઓને નિયમોથી જેવી એકધારી બનાવાય છે તેવી ચાલુ બોલાતી ભાષાઓને બનાવી શકાતી નથી. આમાં પણ કેટલુંક સત્ય છે. વળી આવી બાબતમાં સત્તાની પણ જરૂર છે. હોપ વાંચનમાળામાંના અને હમણાં વાંચનમાળા ફેરવનારી કમિટીએ જે નિયમો કર્યા તેમાંના કેટલાક વિદ્વાનોને પસંદ નથી છતાં એ નિયમો ચાલ્યા તે ચાલશે, ભણનારા તે પ્રમાણે ભણશે અને લખનારા તે પ્રમાણે લખશે, માટે એનેજ અનુસરવું એ ઠીક છે, અથવા એમાં કેટલાક વિકલ્પ કરી લેવા. લોકો ગમે તેમ લખે જાય, તેના કરતાં ભૂલ ભરેલું તો ભૂલ ભરેલું, પણ એકાદ ધોરણ હોય તો સારૂં.

જોડણીને માટે જે નિયમો આજ સુધી ચર્ચાયા તે બહુ થોડા છે, અને એમ કહેવું ખોટું નથી કે, જોડણીના નિયમો પહેલાં વ્યાકરણ થવું જોઇએ. જુદી જુદી ભાષાઓમાંથી તત્સમ અને તદ્‌ભવ શબ્દો લઈ બોલાતાં બોલાતાં ‘ વડવાઈ અને અસલ વડ ’ ભૂલી જવાય, એવી સ્થિતિએ જઈ પહોંચેલી એક ભાષાને પાંચ પચીસ નિયમોમાં નિયમબદ્ધ બનાવી શકાય, એ સંભવિત નથી. જે નિયમો ઉપર અત્યાર સુધી ચર્ચા ચાલી તે નિયમોમાં તો ગુજરાતીભાષાના થોડાજ શબ્દોનો સમાવેશ થાય છે. જોડણીને માટે જો એકાદ ધોરણ નક્કીજ કરવું હોય તો, જોડણીનો એકાદ જુદો કોશજ બનાવવો જોઇએ, કે જેથી દરેક શબ્દનો નિર્ણય થઈ જાય; છતાં આવા પ્રશ્નને માટે ચર્ચાય ઉપયોગી છે. રા. નૃસિંહરાવ ભોળાનાથે આ ચર્ચાને હાલ વીસ પચીસ વર્ષ થયાં જાગૃત રાખી જોડણીની ઘણી બાબતો ઉપર લોકોના અભિપ્રાયો બહાર કઢાવ્યા છે. જ્યારે પણ જોડણીનો નિર્ણય થશે, ત્યારે એમનુંજ નામ અગ્રે રહેશે.

હિંદુઓ સંસ્કૃત તરફ અને પારસી મુસલમાનો ફારસી ને અરબી તરફ ખેંચાખેંચ કરે અને પોતપોતાની ભાષામાંથી અમુક શબ્દો આવેલા છે, એવી વ્યુત્પત્તિમાં ઉતરી પડે, તેના કરતાં સાધારણ વ્યવહારદષ્ટિએ, જે ભાષા આપણી સંમુખ છે તેનેજ શિષ્ટ રીતિએ અમુક ધોરણ ઉપર મૂકવામાં આવે, તો વધારે સારૂં. કેળવણી ખાતાના બન્ને વખતના નિયમોમાં આવું તત્ત્વ પ્રવર્તતું કહેવાય છે, તે ખરૂં છે, અને બહુ મત તેનીજ તરફેણમાં છે. ઉંચી ભાષા તેજ કહેવાય કે, જે સાદી, સર્વે કોઇ સમજી શકે તેવી, શુદ્ધ અને અમુક નિયમોવાળી એકજધારી હોય. લાંબી ચર્ચા ચાલ્યા પછી જે કેટલાક અભિપ્રાયો બહાર આવ્યા છે, તે ઉપરથી આ નીચેના નિયમો તારવી કઢાય છે.

૧. સંસ્કૃત, અરબી, ફારસી, કે ઈંગ્રેજી જે શબ્દ મૂળભાષાના જેવોજ રહેલો હોય અને લગભગ તેવોજ બોલાતો હોય તેને તત્સમ શબ્દ ગણી અસલ પ્રમાણે લખવાનો યત્ન કરવો; બીજા બધા અપભ્રંશ શબ્દોને ગુજરાતી શબ્દ ગણવા.

૨. જગત્ કિંચિત્ અકસ્માત્, જેવા તત્સમ શબ્દોને ગુજરાતીમાં વ્યંજનાંત નહિ પરંતુ અકારાંત લખવા.

(૨) મણિ, કાન્તિ, જેવા શબ્દો વિશેષનામતરીકે હોય તોપણ અસલ પ્રમાણેજ લખવા. ( મણી કાંતી નહિ. )

૨. ભાષામાં તત્સમ અને તદ્‌ભવ બેઉ શબ્દો રાખવા. તત્સમ ‘ કઠિન ’ તેમજ તદ્‌ભવ ‘ કઠણ. ’ જેમ અનુકૂળ હોય તેમ તે વાપરવા.

૩. જેની વ્યુત્પત્તિની ખાતરી થતી હોય તેનેજ તદ્‌ભવ શબ્દ ગણી વ્યુત્પત્તિ પ્રમાણે થતી જોડણીએ લખવી.

૪. વ્યુત્પત્તિ ઠોકી બેસાડવી નહિ. ( **शस्य+लड्डु**–તૃણ–મિઠાઈ ઉપરથી શેલડી, અને શેરડી, એવું કરવું નહિ. )

૫. તત્સમે નહિ અને ખાતરી લાયક તદ્‌ભવે નહિ એવા તમામ શબ્દોને ‘ ગુજરાતીશબ્દ ’ ગણવા.

‘ અ ’ ના નિયમો:—

૬. જમ્બુ, રમ્બુ, કર્તાં, કુત્રો, ઉપ્યોગી, બેસ્તો, જેવા શબ્દોમાં ઉતાવળે બોલતાં ‘અ’ ન બોલાતો હોય એવો શાંત અથવા અસ્વરિત લાગે છે, તોપણ ત્યાં ‘અ’ છે, એમ ગણી જમવું, રમવું, કરતાં, કુતરો, ઉપયોગી, બેસતો એમ લખવું.

૭. અમારૂં, અમે, એવું, એતું, ઉનું, અર્શ, અસ્તિ, ઓઠ, એવા અસલ અકાર સ્વરવાળા શબ્દો હકાર જેવા બોલાતા કે લખતા હોય તોપણ અસલ ‘ અ ’ સ્વરને લઈ લખવા, હકારે લખવા નહિ. ( હમારૂં, હવણાં, હુનું, હરસ, હસ્તી, હોઠ લખવા નહિ. )

૮. અસલ ‘અ’ ના ઘણાક શબ્દો હકાર જેવા, અને અસલ હકારના ઘણાક શબ્દો અકાર જેવા, બોલાય છે, પણ, તેમ લખવું નહિ. ( હગવું–અઘવું, હથોડી–અથોડી હોળવું ઓળવું, હોજરી, ઓઝરી, હોદ્દો ઓદ્દો, હલેતું–અલેતું. )

૯. 'ઈ'ના નિયમોઃ—અન્ત્ય અને ઉપાન્ત્ય ઈ દીર્ઘ લખવી. જેમકે–ઘી, બી, જી. કડી, કકડી. કીડી, કીડો, કોડીલી.

૧૦. અન્ત્ય ઉપાન્ત્ય પહેલાંની ઈ પછી હ્રસ્વાક્ષર હોય તો દીર્ઘ ને દીર્ઘાક્ષર હોય તો હ્રસ્વ.:—કિનાર, ચિતારો, સિસાપેન નીકર, ચીમટી, નીસરણી ખીસકોલી.

૧૧. આત, આઇ, ડો, પ્રત્યય લાગીને બનતા શબ્દોમાં (જો કે ઉચ્ચારના વજનને લીધે કેટલેક ઠેકાણે ફેરફાર પણ થાય છે.) ગુજરાતીમાં ઇનું સાધારણ વલણ દીર્ઘ રાખવું. જીવ–જીવાત, જીવાઇ. ગરીબ=ગરીબાઇ. અમીર=અમીરાઇ. નીમા=નીમાડો.

૧૨. સાનુસ્વાર ઇ હ્રસ્વ રાખવીઃ–સિંધુ, હિંદુ, લિંબડો. (લીમડો.)

૧૩. પોચો–મંદ અનુસ્વાર હોય તો દીર્ઘ પણ રાખવી. (વિકલ્પ):–અહીં નહીં. ટીંપું, વીંટવું. ચીંદરડી.

૧૪. જોડાક્ષર પહેલાંની હ્રસ્વ રાખવી.:–કિસ્ત, લિસ્ટ ખ્રિસ્તી, બિસ્તી, પિસ્તાળીસ.

૧૫. શબ્દના અંગમાંની ઇ પછી વિજાતીય સ્વર હોય તો ઇને હ્રસ્વ કરી 'ય' લખવો. જેમકે કડિયો, કોડિયું, દરિયો, ફરિયાદ, દરમિયાન, ઘડિયાળ.

૧૬. વચન, વિભક્તિ અને ક્રિયાપદના પ્રત્યયો લગાડતાં સ્વર પ્રત્યયોને અને ઇને જેમનાં તેમ રહેવા દેવાં. જેમકે–સ્ત્રી=સ્ત્રીઓ, નદીઓ. સ્ત્રીએ, નદીએ. કરીએ છીએ.

૧૭. સમાસમાં જોડણી ફેરવવી નહિ.:–કીડીમંકોડી, ગાડીવાન, હીરાકણી, ભીલીરાણી, અડીઓપટી.

'ઉ'ના નિયમોઃ–

૧૮. અનુસ્વારવાળું ઉ બધે હ્રસ્વ. હું, કકું ચુંક ઘુંટણ, છછુંદર ઉંઘ, ઉંટ.

૧૯. જોડાક્ષર પહેલાંનું ઉ હ્રસ્વ :–સુરત, કુસ્તી, જુસ્સો.

૨૦. એકાક્ષરી શબ્દમાંનું અનુસ્વારરહિત ઉ દીર્ઘ–જૂ. લૂ, રૂ.

૨૧. બેજ અક્ષરના ધાતુ કે શબ્દમાંનું ઉપાન્ત્ય ઉ જો અંત્યાક્ષર અકારાંત હ્રસ્વ હોય તો દીર્ઘ.–ધૂળ, છૂટ, શૂળ, ધૂપ. દૂધ, ફૂટ–વું, કૂદ–વું, સૂઝ–વું.

૨૨. આની ઉપરથી બનતા શબ્દોમાં ને સમાસમાં હ્રસ્વ. જેમકે–ધૂળ–ધુળેટી. ધૂપ- ધુપેલ, દૂધ–દુધાળું. દુધપાક, ખૂન–ખુની.

૨૩. ત્રણ અક્ષરના શબ્દમાં વચલા અક્ષરમાંનું ઉ આગળ પાછળ હ્રસ્વાક્ષર હોય તો દીર્ઘ અને વચલો અક્ષર અકારાંત હ્રસ્વાક્ષર હોય તો પહેલા અક્ષરમાંનું ઉ દીર્ઘ ને હ્રસ્વ બેઉ. (વિકલ્પ.) જેમકે–કપૂત, અખૂટ, અચૂક ખજૂર કૂતરૂં, કૂદકો, સૂપડું (કુતરૂં, સુપડું.)

૨૪. આની ઉપરથી બનતા શબ્દોમાં ને સમાસમાં હ્રસ્વ જેમકે–ખજુરો.

૨૫. વચન વિભક્તિ ને ક્રિયાપદના પ્રત્યયો લગાડતાં કંઇ ફેરવવું નહિ. જેમકે–લાડુ= લાડુઓ. ઝાડુ=ઝાડુઓ. પાડુએ માર્યો. જુઓ છો. જુએ છે. સૂઓ છો, સુએ છે.

૨૬. નારીજાતિનો નરજાતિ થતાં ઓનો વો કરવો ને તેની પહેલાંનું ઉ દીર્ઘ હોય તો હ્રસ્વ. જેમકે કૂઇ=કુવો, જૂ=જુવો. ફૂઇ, ફુવો, લૂઇ=લુવો. સુવો, દુવો ધુંઇ=ધુંવો.

૨૭. શબ્દના અંગમાંનું ઉ ઉડી જઇને પણ ઓનો વો થાય છે. લાડુ=લાડવો, સાથુઓ=સાથવો, ખારુઓ=ખારવો.

૨૮. છેલ્લેથી ગણતાં ત્રીજા અક્ષર પછીનાં બધાં ઉ હ્રસ્વ કરવાં. ઉતરવું, સુસવાડ, કુરકુરિયું.

૨૯. સમાસમાં ઉ હ્રસ્વ:—માથાકુટ, પુરપાટ, છુટછાટ, ઉકાઉક, ભુતપ્રેત, ચાંદો સુરજ, દુધભાઇ, રુમઝુમ.

૩૦. ઋ—ગુજરાતીમાં આ ઋનો જ્યાં તે જોઇએ ત્યાં ઉપયોગ કરવો:—રૂષિ નહિ પણ ઋષિ

'એ'ના નિયમો.—

૩૧. પહોળો ચંપાયેલો ઉચ્ચાર બતાવવા ચિહ્ન યોજવાં નહિ. એબ. ( ઍબ નહિ. ) ઉચાર લિપિથી નહિ પણ બોલીથી શીખવો જોઇએ.

૩૨. એણનું યણ અને વણ થતાં અનુક્રમે તેની પહેલાંનાં ઇ હ્રસ્વ ને ઉ ઉડીજાય છે. જેમકે વાણીએણ=વાણિયણ ખારુએણ=ખારવણ, લાડવણ.

૩૩. એલનું યલ ને ઇ હ્રસ્વ:—ગુણીએલ=ગુણિયલ.

૩૪. એલું કૃ૦ પ્ર૦ જેમનું તેમ રાખવું. જોએલું, ગએલું, છૂએલું.

૩૫. પૈસો ( પઇસો નહિ ) ડૈયો. ઇથી નહિ પણ ઐથી આવા શબ્દ લખવા.

૩૬. 'ર' નો ઉતાળમાં લોપ થઇ કેટલેક ઠેકાણે ઐ બોલાય છે પણ તેમ નહિ કરતાં 'ર' લખવો:-ચૈડપણ=ઘરડપણ કૈડવો=કરડવો. કૈડું=કરડું. બૈડવું=બરડવું.

ઓ-ઔના નિયમો.

૩૭. ઓના પહોળા ચંપાએલા ઉચ્ચાર માટે ચિહ્ન યોજવું નહિ.

૩૮. ઉ નહિ પણ ઔ કરવું. સૌ, ચૌટું, ચૌદ, ઔંસ.

૩૯. ઔ પછીના આ ઓને ઠેકાણે વાવો કરવા:-કૌવો પૌંવા.

---

# ગેંડો.

## ( માણસ જાતનો નિર્દય શત્રુ. )

૧૯૧૧ ના ડિસેંબર મહીનામાં મલિકે મુઆઝમ નેક નામદાર શેહેનશાહ પાંચમા જ્યાર્જ સાહેબ હિંદના પ્રવાસે પધાર્યા હતા, તે વખતે નેપાળના જંગલોમાં તેમણે ગેંડાઓનો શિકાર કર્યો હતો. જેણે વડોદરા જોયું હશે તેના જોવામાં ગેંડો આવ્યો હશેજ. પરંતુ તેની ખાસીઅત તથા ગણ-દોષનું વર્ણન જાણવા લાયક હોવાથી "માંચેસ્ટર ગાર્ડિયન"માં આ પ્રાણી વિષે

મી. જ્યાર્જ જેનીસને કેટલીક હકીકત લખી છે, તેનો સાર આ લેખમાં આપવામાં આવ્યો છે.

ગેંડાને અંગ્રેજીમાં Rhinoceros (રહીનોસરસ) કહે છે. આ પ્રાણી સુસવાટ (Hippopotamus) કરતાં ઓછું કદાવર છે, તોપણ માણસ જાતને માટે તે વધારે ભયંકર છે. તેના પગને ત્રણ આંગળાં છે, તે હાથીના કરતાં જુદી જાતનાં છે. તેના પગનાં તળીઆં માંસની જાડી ગાદીનાં બનેલાં છે. તે છુટાં અને હલાવી શકાય તેવાં હોવાથી આ પ્રાણી કુદવાને અને દોડવાને શક્તિમાન થાય છે. આ પ્રમાણે હોવાથી ચંચળ શિકારીઓને પણ તેના તિક્ષ્ણ અણીદાર સીંગડાની ઝપટમાંથી છુટી જવાનું મુશ્કેલ થઈ પડે છે. વનસ્પતિનો ખોરાક ખાનારાં બીજાં પ્રાણીઓ આ પ્રાણીના જેટલાં ગુપ્ત રીતે તથા વિના કારણે (ગુસ્સો ઉત્પન્ન થયા વગર) માણસો ઉપર હુમલો કરતાં નથી. માણસોના કાફલા ઉપર તેણે કરેલા ધસારા તથા બેડી જડેલા કેદીઓના ટોળાં ઉપર કરેલા હુમલાના દાખલાઓ સાધારણ છે. કેપકોલોનીમાં એક વખતે એક ગેંડાએ કુચ કરતી તોપ ઉપર હુમલો કર્યો હતો, અને તે વપરાય નહિ તેટલે દરજ્જે તેને નુકસાન કર્યું હતું. ગેંડાની વસ્તી દક્ષિણ આફ્રિકામાં પુષ્કળ છે. હિંદુસ્થાન તથા જાવામાં પણ તેમની વસતી એકવાર ઘણીજ હતી, પરંતુ હાલમાં તેમની સંખ્યા ઘટી ગએલી છે.

ગેંડાને કપાળમાં એક સીંગડું હોય છે, એ સીંગડું બીજું કંઈજ નહિ પણ ઘણા ઘણા ઝીણા સુંવાળા નિમાળાનો એક જથ્થો છે. તે હાથીદાંતના જેવો રસવાળો હોય છે, તેથી તે સીંગડું તેને મળતું આવે છે. કુદરતે બહુજ ડાહાપણથી તેને આ સીંગડાની બક્ષીસ કરેલી છે. ખોપરીના હાડકા ઉપર અસાધારણ રીતે વિકાસ પામેલો, તથા સૂક્ષ્મતાથી વણાએલો તે એક છિદ્રમય પદાર્થ છે. સીંગડું ગમે તેવા મજબુત ઝપાટાઓથી તેનો બચાવ કરે છે. હિંદુસ્થાનમાં પેદા થએલા ગેંડાઓનાં સીંગડાં ટુંકાં અને જાડાં હોય છે, અને સામાન્ય રીતે અઢાર ઇંચ લાંબાં હોય છે. આફ્રિકાના કાળા અથવા સામાન્ય ગેંડાઓનાં સીંગડાં આસરે ત્રણ ફીટનાં કે તેથી સ્હેજ મ્હોટાં હોય છે. દક્ષિણ આફ્રિકામાં એક વખતે એક ગેંડો જોવામાં આવ્યો હતો તે સફેત અને ચોખંડા મ્હોંવાળો હતો, અને તેનું સીંગડું ૫૨ થી ૫૪ ઇંચ જેવડું મોટું હતું! હાલમાં તે તરફ પણ એ જાતના ગેંડા જોવામાં આવતા નથી. મુલુતોકોમાં આ સીંગડાં બહુ કીમતી ગણાય છે, અને તેનો રાજ–ચિહ્ન તરીકે ઉપયોગ થાય છે. એક માંડલિક રાજાએ પોતાના મુખ્ય રાજાને આવું એક ઉત્તમ પ્રકારનું સીંગડું આપવાની ના કહ્યાથી મોટી લડાઈ થઈ હતી. આપણા માજી શહેનશાહ સાતમા એડવર્ડને આવા એક મોટા સીંગડાની લાકડી ભેટ મળી હતી.

આ પ્રાણીનો પેટાળનો ભાગ પીઠના ભાગની પેઠે ચામડીના પડના વાટાવાળો (ભીંગડાં) નથી, તેથી તે છરીવડે સહેલાઈથી કાપી શકાય તેવો છે. આ ભીંગડાઓનું પડ સિંહથી તેનું રક્ષણ કરે છે ખરૂં, પરંતુ સામાન્ય રીતે માનવામાં આવે છે તેમ રાઈફલ કે ગોળી સામે તે ટક્કર ઝીલી શકતું નથી. એક ગેંડાનું બચ્ચું પકડવાને હીંમત અને ખંતની જરૂર છે. આપણે તેને ખવરાવી શકીએ તેવડું મોટું, પણ પકડવાને સ્હેલું પડે એવડું નાનું ગેંડાનું બચ્ચું શોધી કહાડવાને દિવસોના દિવસો નીકળી જાય છે. એક વાર તે હાથ આવ્યું કે

શિકારીઓ તેની પુંઠ પકડે છે. ગેંડાઓના કાન બહુ શરવા અને ઘ્રાણેન્દ્રિય બહુ તિક્ષ્ણ હોય છે, તેથી સંતાઇને કે કપટબાજીથી પણ તેની પુંઠ પકડવામાં બહુ સાવધતાની જરૂર રહે છે. તેની દૃષ્ટિ બહુ ટુંકી હોવાથી છેટેથી તે બરાબર જોઈ શકતો નથી; પણ કુદરતે તેનું રક્ષણ કરવા સારૂં ચંચળ રખેવાળ આપેલો છે. યૂરોપમાં પેદા થતા ‡ "સ્ટાર્લિંગ" જાતના પક્ષીની જાતનું એક પક્ષી થાય છે, તેને રાતી ચાંચવાળું "ઑક્સ-બર્ડ" કહે છે. દક્ષિણ આફ્રિકામાં એ પક્ષી ખરીવાળાં પ્રાણીઓની સાથે ને સાથેજ કાયમ કર્યા કરે છે. ખાસ કરીને તે ગેંડાની પીઠ ઉપરજ રહેતું હોવાથી તેને ગેંડાનું પક્ષી (Rhinoceros bird) એવું ઉપનામ મળેલું છે. વારંવાર આ પક્ષીઓનું બે ડઝન જેટલું ટોળું ગેંડાની પીઠ ઉપર બેસે છે, અને તેની ચામડીના વાટામાં રહીને તેને પજવતા ચાંચડ તથા બગાઇઓને વિંણી ખાય છે. ગેંડો ઉંઘતો હોય કે જાગતો હોય તોપણ આ પક્ષીઓમાંનાં ઓછામાં ઓછાં બે તો જાગતાં જોતાં તેની ચોકી ન કરતાં હોય એવું ભાગ્યેજ બને છે. ગેંડો ભયમાં હોય ત્યારે તેઓ 'ચિ-ચિ' નો તિવ્ર સ્વર કાઢતાં તેની પીઠ ઉપરથી ઉડે છે, અને શિકારી અદૃષ્ય થાય નહિ ત્યાં સુધી ફરીથી સ્થિર થઈને બેસતાં નથી. આ અવાજથી ગેંડો શંકાશીલ થાય છે, અને પોતાની શક્તિ માટે તે ગમે તેટલો મગરૂર છતાં પણ સુખેથી આરામ કરતો નથી, તેમ ગાફેલ પણ રહેતો નથી. તુરતજ ગેંડી પોતાનાં બચ્ચાંના પડખામાં પોતાનું સીંગડું અડકાડે છે, એટલે તેઓ તેમની માની પાછળ ચાલ્યાં જાય છે. શિકારી પણ તેમની પુંઠે પુંઠે જાય છે; કેટલીક વખત તો તેને માઈલોના માઈલો તેમની પાછળ જવું પડે છે, અને લાગ મળે ત્યારે ગોળીનો બ્હાર કરે છે. બચ્ચું હમેશાં માની પાસે ને પાસે રહે છે, અને શિકારીઓ ઉપર હુમલા કર્યા કરીને તેમને દૂરના દૂર રાખે છે. આખરે કોઇ શિકારીની ચપળતાથી દોરડાની આંટીમાં તે આવી પડે છે, અને ઘાસ ઉપર પડી જાય છે, પછી એને દામણે બાંધે છે, અને કંઇક દોરીને અને કંઇક ઘસડીને તેને પોતાના મુકામ ઉપર લઈ જાય છે. પછી તેને શીશીની મદદથી બકરીનું દૂધ પીતાં શીખવે છે: દિવસે મુકામ કરાવતા ને રાત્રે થોડી થોડી મુસાફરી કરાવતા મહા મુસ્કેલીથી તેને કિનારા ઉપર લઈ આવે છે.

હિંદી ગેંડાઓ તો નેપાળના રાજ્યના જંગલોમાંજ જોવામાં આવે છે. નેપાળના માજી મહારાજાએ તેમને સંભાળપૂર્વક ત્યાં સાચવી રાખેલા હતા. હાલના માહારાજા (હમણાં ગુજરી ગયા છે.) ને શિકારનો શોખ હોવાથી એક વખત તેમણે ગેંડાનાં બચ્ચાંઓને પકડવાની ગોઠવણ કરી હતી. નેપાળના જંગલોમાં જંગલી ઘાસ ઉગે છે, ને તે વીશથી ત્રીશ ફીટ ઉંચું વધે છે; તેમાં ઘંટાનો નાદ કરતી હાથીઓની હાર ચાલી જાય છે. એ પ્રમાણે સો એક વાર સુધી જંગલમાં તેઓ આગળ વધે છે. હાથીઓની હીલચાલથી પડેલી પગથીઓ (કેડી) માંથી એક ખેતરમાંથી બીજા ખેતરમાં સંતાઈ સંતાઈને દોડતા સસલાની માફક સઘળી દિશાઓમાં ગેંડાઓ છુપાઈ છુપાઈને ફરે છે. એવું જણાવવામાં આવે છે કે તેમને પકડવા સારૂં ૩૦૦૦ ઘોડેસ્વાર અને ૨૦૦૦ પાયદળનું મોટું લશ્કર કામે લગાડવામાં આવ્યું હતું.

‡ આ પક્ષી યૂરોપમાં થાય છે. તે રંગે કાળું હોય છે, અને કાગડાના જેવું દેખાય છે. તે માણસો સાથે હળી જાય છે, અને ઘરો કે જુના મિનારા નજીક માળો બાંધી રહે છે.

પકડાએલા ગેંડામાંથી ચાર વિલાયત મોકલવામાં આવ્યા હતા, પરંતુ ત્યાંની હવા તેમને માફક નહિ આવવાથી વધારે વખત જીવવા પામ્યા નહિ. બીજો એક ગેંડો જેને નેપાળના બગીચામાં કેટલાંક વર્ષ સુધી રાખવામાં આવ્યો હતો, તેને વિલાયત મોકલતાં તે પહેલાજ અઠવાડિયામાં ગુજરી ગયો હતો.

ગેંડાનાં નાનાં બચ્ચાંને પકડવામાં પણ જોખમ ખેડવું પડે છે. તે ઘણાં નાનાં હોય છે ત્યારેજ પકડી શકાય છે. નાનાં હોય છે ત્યારે તે વહાલાં લાગે તેવાં સુંદર હોય છે, અને તેને કબજાવાળી જગ્યામાં છૂટાં રાખ્યાં હોય તો તે બહુ આનંદી બને છે. કેટલાંક તો કદી પણ તોફાની થતાંજ નથી. 'બેલેવ્યુ' માં એક ગેંડાના બચ્ચાંને પાળવામાં આવ્યું હતું પણ તે ત્યાંથી નાસી ગયું તે ફરી પાછું આવ્યુંજ નહિ. તે કોઇને પણ બીવરાવતું નહોતું, પણ એક વખત એક ધોબણ કોરૂં શણનું લુગડું ખખડાવતી હતી તેનાથી ભડકીને તેણે તેને સારી પેઠે કનડગત કરી હતી. બીજું એક પાળવામાં આવ્યું હતું પણ તે તો કદી મળતાવડું થયુંજ નહિ. તેના જુવાનીના મદમાં તે દરેકની સામે થતું, ને છેવટ ફાવતું નહિ ત્યારે ભીંત સાથે માથું પછાડી લોહીલુવાણ થઈ જતું. તે પછી એક ત્રીજું પાળવામાં આવ્યું. તેને જેમ જેમ સીંગડું વધતું ગયું તેમ તેમ તેનો ઘાતકી સ્વભાવ પ્રગટ થવા લાગ્યો. જેમ એક માણસને દાંત ફુટવા માંડે ત્યારે પીડા થઈ ચીડીઉં થાય છે, તેમ આ પ્રાણીને સીંગડું ફુટવા માંડે તેમ તેમ સામાન્ય રીતે તે ઘાતકી સ્વભાવનું થતું જાય છે.

હિંદુસ્થાનના ગેંડા ખાસ કરીને બહુ કઠણ અને ખડતળ હોય છે. આપણા દેશની હવામાં થતા ફેરફાર પ્રમાણે તે પોતાની સગવડતા પોતાની મેળેજ એવી સારી રીતે કરી લે છે કે તેનું આયુષ્ય હાથી કરતાં ટુંકું મનાય છે છતાં પણ તેઓ પોતાના સોબતીઓની સાથે રહીને પ્રાણીઓના સંગ્રહસ્થાનમાં પણ પોતાની જીંદગી એક દસકો લાંબી કરી શકે છે. જુવાન હાથીઓ સહેલાઇથી પાળી શકાય છે, ને કેળવી પણ શકાય છે, પરંતુ એક જુવાન ગેંડો તો પકડાયા પછી ઝુરી ઝુરીને અથવા પછાડીઓ ખાઈ ખાઇને પ્રાણ તજે છે. તેમના આવા જંગલી ખવાસને લઇને અગાડમાં તેમની રમત કરાવવાની મઝા પડે છે. રોમન લોકો હિંદી તથા આફ્રિકાની જાતોને સરકસમાં ખેલ કરાવવાને લાવે છે. ખાડાઓ ખોદી તેમાં તેમને ફસાવી પકડવામાં આવે છે, અથવા તો આરબો એક એવી યુક્તિ કરી તેમને પકડે છે કે તેમના જવાના માર્ગમાં એક ખાડો પસંદ કરી તેમાં પકડનારાઓ સંતાઈ રહે છે, અને એક લાંબા મજબૂત લાકડાના ઢીમચાને ફાંસો બાંધે છે, અને ઝાડી ઝાંખરાં આડાં આવે એવી રીતે તે ફાંસાને રાખી તેમાં તેને અટકાવે છે, અને તેનો રસ્તો બંધ કરી લેછે.

એવું માનવામાં આવે છે કે હાથી તથા ગેંડા વચ્ચે કુદરતી વેર-ભાવ રહેલો છે, અને કેટલાક તરફથી એવું કહેવામાં આવે છે કે હાથી હમેશાં ગેંડાને જોઇને નાસી જાય છે. આ વાતમાં કેટલી સત્યતા છે તે કોઇ ખાત્રીપૂર્વક કહેતું નથી. એથી ઉલટું એવું જણાયું છે કે હાલમાં તેમજ પૂર્વે તેઓ એક એકની સોબતમાં રહેતા હતા, અને તેમની વચ્ચે લડાઈ થવાના દાખલા ઘણા થોડાજ છે. કદાચ હાથી ગેંડાથી ભડકતો હોય તો તે બનવા જોગ છે. એક વખત ફ્રાન્સમાં એક હાથી એક ધાવણા ડુક્કરથી ભડકીને ઘણા માઇલ સુધી દોડી ગયો હતો, અને એવું જણવામાં આવ્યું છે કે એક વાર એક પતંગીઉં ઉડતું આવતું

હતું તેના ઝપાટામાંથી બચી જવાને તેણે સાંકળો તોડી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. પણ આવા બનાવ તો ક્વચિતજ બને છે. લંડનના એક બગીચામાં એક ગેંડા સાથે એક હાથીને જબરી દોસ્તી બાઝી હતી. મી. હેરશીલીંગ્સે ગેંડાના એક બચ્ચાને એક બકરા સાથે દોસ્તી કરાવી હતી, અને તે બંને દોસ્ત તરીકે ભેગાં રહેતાં હતાં. કુદરતનો નિયમ છે કે દરેક પ્રાણીને મિત્રતા ગમે છે.

દક્ષિણ આફ્રિકામાં ગેંડાને મળતું એક સુંઢવાળું પ્રાણી થાય છે, તેને 'ટેપિર' કહે છે આ પ્રાણી મળતાવડાં હોય છે. આમાઝોનના પ્રદેશમાં આવેલા કસ્બાઓમાં તેમના માલીકની પાછળ પાછળ આ પ્રાણીઓ ફરતાં જોવામાં આવે છે. તેમને ફરવા હરવાની સંપૂર્ણ છૂટ હોય છે, ને તેથી તેઓ સીમમાં રખડવા જાય છે, ને સાંજે વગર શોધ્યાં પોતાના ધણીને ઘેર પાછાં આવતાં રહે છે. દક્ષિણ અમેરિકામાં આ 'ટેપિર'ની ચાર જાત છે, તેમાંની એક જાત 'કોર્ડિલેરાસ' ના ઉંચેના પ્રદેશમાં રહે છે, અને તે અમેરિકાની સામાન્ય જાતને મળતી આવે છે, એટલુંજ નહિ પણ પૃથ્વીના બીજા ભાગમાં આવેલા મલાયાના પ્રદેશમાં તેની જે જાત વસે છે, તેની સાથે પણ તે સંબંધ રાખે છે. એથી ઉલટું 'એઅર્ડ' અને 'ડાઉ'ના ટૅપિરો જે પનામાના ઉત્તર ભાગમાં વસે છે, તેનાથી તેઓ તદ્દન જૂદીજ જાતનાં છે. એ જાત ત્રુટક ત્રુટક વહેંચાઈ ગઈ છે તેનાં આ દૃષ્ટાંત છે, પણ લુપ્ત જંતુવિદ્યાની શોધ કરનારાઓએ એવું સાબીત કરી આપ્યું છે કે આગલા વખતમાં યુરોપ અને એશિયા બંને ખંડોમાં તેમનો નિવાસ હતો, પરંતુ હાલની તેમની ઓલાદમાં ને તે વખતની ઓલાદમાં થોડોક ફેર હતો. તેમના વિચિત્ર રંગ સંબંધી સંતોષકારક ખુલાસો જણાયો નથી. દુનિયાના પૂર્વ અને પશ્ચિમ બંને ભાગમાં તેનાં બચ્ચાંઓનાં શરીર ઉપર ચીતરા (ચિત્તા વાઘ) ના જેવા પટ્ટા અને બુટ્ટા હોય છે. તે છ મહીનાનાં થાય છે ત્યારે રંગ બદલાય છે. અમેરિકા તરફનાં બચ્ચાંનો રંગ કાળો સ્લેટના રંગને મળતો થાય છે, ને કાન ઉપર ઉભા સફેત પટાઓ હોય છે. કૉર્ડિલેરાસના ટૅપિરને ગળા નીચે સફેત પટા હોય છે, પણ મલાયા તરફની જાતને માથું અને આગલા તથા પાછલા પગ કાળા હોય છે, અને બાકીનો ભાગ સફેત હોય છે. રંગનો આ વિભાગ તેને રક્ષણ મળવાની સંજ્ઞા તરીકે તો નહિ હોય ? આમાઝોનની કંદણોમાં અથવા ગીચ ઝાડીમાં રાત્રે ચરતાં હોય તે વખતે તેના શત્રુ વાઘ વગેરેને છેતરવાને તો કુદરતે આ રંગની આવી જૂદી રચના નહિ કરી હોય ?

---

# સંયોગો ઉપર વિચારની અસર.

માણસના મનને વાડી સાથે સરખાવી શકાય. મનને બુદ્ધિસર કેળવી પણ શકાય અને તેને વેરાન જેવું પણ બનાવી શકાય. પરન્તુ તે કેળવાય વા ન કેળવાય તોપણ તેણે ફળો આપવાંજ જોઇએ. જો તેમાં ઉપયોગી બીજો વાવવામાં આવે નહિ તો તેમાં છોડ્યાં ઉગી જશે અને તેમાં તેની જાતનાં જ ફળો આવશે.

જેમ બાગવાન પોતાની વાડીમાંથી છોડ્યાં વિગેરેને કાઢી નાંખીને તેને ખેડે છે અને તેમાં પોતાની ઇચ્છાનુસાર ફુલ અને ફળો વાવે છે, તેમ માણસ પોતાના મનો બાગમાંથી બધા અયોગ્ય અને અપવિત્ર વિચારોને નિર્મૂળ કરી નાંખી તેને સારૂં બનાવી શકે છે. અને યોગ્ય અને પવિત્ર વિચારોના ફળ ફુલોને કેળવીને પૂર્ણતાએ પહોંચાડે છે. "માણુસ પોતાના આત્માનો માલીક છે અને પોતાના જીવનનો નિયામક છે" એમ તેઓ આવી પદ્ધતિથી વ્હેલા મોડા પણ જાણતાં શીખે છે. તે પોતાના આત્મામાં વિચારના સૂત્રોને ખુલ્લાં કરી સમજે છે અને પોતાના સમય, સ્થિતિ અને કીસ્મત ઉપર વિચાર શક્તિ અને મનતત્વની શું સત્તા છે એ પણ તેઓ સમજી શકે છે.

વિચાર અને વર્તન બન્ને એકજ છે અને જેમ વર્તન પોતાની જાતને સંયોગ વા સ્થિતિ દ્વારા બનાવી શકે છે તેમ મનુષ્ય જીવનની બહિર્સ્થિતિ તેના અંતરાત્મા સાથે શાંતિથી જોડાયેલીજ માલૂમ પડશે. આથી એમ સિદ્ધ નથી થતું કે મનુષ્યના હરેકોઇ પ્રસંગના સંયોગો તેના વર્તનનાં પૂર્ણ દર્શનો છે. પરન્તુ એ સંયોગો તેના આત્મામાં કોઇ સાત્ત્વિક વિચારતત્ત્વ સાથે એટલા ગાઢ સંબંધથી જોડાયેલા છે. ઘણીવાર તો તેના ઉન્નતિ માર્ગમાં અનિવાર્ય છે.

જીવનશાસ્ત્રના આધારે માણસો જ્યાં છે ત્યાંજ અને તેજ સ્થિતિમાં છે. અને જે વિચારોથી તેનું જીવન બંધાયું છે એજ વિચારો તેને ત્યાં લઇ આવ્યા છે. આપણી જીવન નૌકાની મુસાફરીમાં કીસ્મત જેવું એકે તત્વ નથી, પરન્તુ જે કાયદો કયાંહીએ ભૂલ ખાઈ શકતો નથી તેનુંજ એ પરિણામ છે અને જે માણસોને પોતાના જાતિભાઇઓના સહવાસથી અશાંતિ મળે છે અને જેમને એમના સહવાસમાં આનન્દ મળે છે એ બન્ને વ્યકિતને આ વાત લાગુ પડે છે.

સૃષ્ટિના શ્રેષ્ઠ પ્રાણી તરિકે માણસ જ્યાં છે ત્યાંજ તે છે અને ત્યાંજ તે શીખી શકે છે અને વિકાસ પામે છે. અને જ્યારે તે સંયોગોએ તેને માટે સંગ્રહેલા દૈવી પાઠોનો અભ્યાસ કરે છે ત્યારે તે સ્થિતિ અદશ્ય થાય છે અને કોઇ બીજા સંયોગોજ ત્યાં આવી પહોંચેછે.

જ્યાં સુધી માણસ પોતાને બહિર સંયોગોનું રમકડું માને છે ત્યાં સુધી સંયોગો તેને ધક્કે ચડાવે છે પરન્તુ તે પોતે એક ઉત્પાદક શક્તિ છે અને તે પોતાની હયાતીનાં છુપાં બીજ અને ભૂમિકાને કાબુમાં રાખી શકે એમ છે. એમ જ્યારે તેને ખબર પડે છે ત્યારે તે પોતાના આત્મા ઉપર પૂર્ણ સત્તા મેળવે છે. તેના જીવનની ગુપ્ત ભૂમિકામાંથી સંયોગો જન્મ પામે છે.

વિચારમાંથી સંયોગો જન્મ પામે છે. જેમણે આત્મસંયમ અને આત્મશુદ્ધિનો કાંઇ પણ અનુભવ કર્યો છે તેઓ આ વાત સારી રીતે જાણે છે, કારણ કે તેણે જોયું હશે કે જેટલા પ્રમાણમાં તેની માનસિક સ્થિતિ ફરે છે તેટલાજ પ્રમાણમાં તેના સંયોગોમાં પણ ફેરફાર થાય છે. આ વાત એટલી બધી સત્ય છે કે જ્યારે માણસો પોતાના વર્તનની ખામીઓને સુધારવા મથે છે અને તેમાં ઘણો સારો સુધારો કરે છે ત્યારે તે જલદી જીવનની ચડતી પડતીના ક્રમમાંથી પસાર થાય છે.

આત્મા જેને શાંતિથી શોધે છે તેને પોતાના તરફ આકર્ષે છે. જેને તે મારે છે અને

જેને તે બ્હીવરાવે છે તેને પણ તે પોતાના તરફ આકર્ષે છે. તે પોતાના ઉચ્ચ આદેશોની ટોચે પહોંચે છે. તે તેના અપવિત્ર વિચારોની સપાટી ઉપર પડે છે અને સંયોગો એ એક એવું સાધન છે કે જે દ્વારા આત્મા તેનું પોતાનું મેળવે છે.

મનના વિશાળ ક્ષેત્રમાં વાવવામાં આવેલું વા પોષેલું વા પડી રહેવા દીધેલું બીજ, વ્હેલું મોડું પણ કાર્યમાં પરિણામે છે અને સમય અને સ્થિતિના ફળો ધારણ કરે છે. સદ્‌વિચારો સારાં ફળો ધારણ કરે છે અને દુષ્ટ વિચારો દુષ્ટ ફળો ધારણ કરે છે.

વિચારની આંતરસૃષ્ટિના મનોરથ પ્રમાણે સંયોગો બહારની દુનિઆમાં પોતાનું રૂપ ધારણ કરે છે અને બહારની સુખી વા દુઃખી સ્થિતિ એ બન્ને એવા વિભાગો છે કે જે સમાજના ભલાને માટે મદદ કરે છે. આપણે જેવું વાવીએ તેવું લણીએ છીએ. એ સૂત્રાનુસાર માણસ સુખ વા દુઃખ બન્નેથી પોતાના અનુભવમાં વધારો કરી શકે છે.

અંતરના આદેશો અને વિચારો પ્રમાણે વર્તવાથી (અથવા અપવિત્ર વિચારોના ઝાળાંને પકડવાથી વા ધૈર્યથી સપ્ત અને ઉંચા પ્રયત્નોમાં પડવાથી) માણસ છેવટે તેના ફળો તેના જીવનની બાહ્ય સ્થિતિમાં જ લણે છે. વિકાસ અને વ્યવસ્થાના કાયદાઓ સર્વ સ્થળે મળે છે.

સ્થિતિ વા કીસ્મતના જૂલ્મથી માણસો કદીએ બંધનમાં આવતા નથી પરન્તુ નીચ અને અસ્થિર વિચારોના અભ્યાસથી તેઓ જલદી બંધાઇ જાય છે. તેવીજ રીતે કોઇ પવિત્ર માણસ માત્ર બાહ્યશક્તિના જોરથી ગુન્હેગાર થતો નથી. ખરાબ વિચારોને હૃદયમાં લાંબા વખતથી પોષવામાં આવ્યા હતા અને જ્યારે તે દુષ્ટ વિચારોની હદ થઇ ગઇ ત્યારે કુદરતી રીતેજ તેની દુષ્ટતાને જાહેર કરવામાં આવી હતી. સમય અને સ્થિતિ માણસને બનાવતા નથી. તેઓ માણસના પૂર્ણ સ્વરૂપને તેની પાસે પ્રગટ કરે છે. દુર્ગુણમાં ઉતરવું અને દુઃખ એ દુર્વિચારોથી દૂર રહેવા સદ્‌ગુણમાં ચડવું અને સુખ એ સુવિચારોની ખીલવણીથી દૂર રહે. આવી સ્થિતિ કદીએ નબી શકે નહિ. અને તેથી વિચારના અધિષ્ઠાતા તરિકે, માણસ પોતાનો ઉત્પાદક છે અને પોતાના સંયોગોનો વણનાર છે. જન્મ વખતે પણ આત્મા તેના પોતાના તરફ આવે છે અને પોતાની સંસારયાત્રામાં હરેક પ્રસંગે તે પોતાની સ્થિતિના એ સંબંધોને આકર્ષે છે. એ સ્થિતિ તેની પોતાની પવિત્રતા અને અપવિત્રતા અને જોર અને નિર્બળતાનો ઝાંખો પડછાયો છે.

માણસો જેને માટે તલખે છે તેને તેઓ આકર્ષતા નથી પરન્તુ જે રૂપમાં તેઓ છે તેને આકર્ષે છે. તેમના તરંગો, કલ્પનાઓ અને લોભને હરેક પળે બ્હીવરાવવામાં આવે છે પરન્તુ તેમના અંતરના વિચારોને તેમના પોતાના સ્વચ્છ વા અસ્વચ્છ ખોરાકથી પોષવામાં આવે છે. "જે ઐશ્વર્ય આપણી ઇચ્છાને રૂપ આપે છે." એ આપણામાં જ છે. એ આપણું પોતાનું જ રૂપ છે. માણસોને તેના પોતાના રૂપથીજ મુંઝાવવામાં આવે છે. વિચાર અને કાર્ય એ નસીબના જેલરો છે. તેઓ આપણને કેદ કરે છે તેઓ સ્વતંત્રતાના દેવદૂતો પણ છે. તેઓ આપણને છોડી પણ દે છે. માણસો જે માગે છે અને જેને માટે તેઓ પ્રાર્થના કરે છે, તેને તેઓ મેળવે છે જ એવું નથી, પરન્તુ તેઓ જે ન્યાય પુરઃસર કમાય છે તેજ તેમને મળે છે. તેમની ઇચ્છાઓ અને પ્રાર્થનાઓ જ્યારે તેમના વિચારો અને કાર્ય

સાથે એક થાય છે ત્યારેજ તેમના તરફ દષ્ટિ ફેરવવામાં આવે છે વા તેને જવાબ દેવામાં આવે છે. તો પછી આ સત્યના પ્રકાશમાં " સંયોગો સાથે લડવું " એનો અર્થ શું થાય છે? એનો અર્થ એજ થાય છે કે માણસ જેટલો વખત તેના અંતરમાં તેના કાર્યોને પોષે છે અને સંભાળે છે તેટલો વખત તે હમેશાં બહારના કારણોની સામે બળવો કરી રહ્યો છે. એ કાર્યો વખતે અપરોક્ષ દુર્ગુણ વા પરોક્ષ નિર્બળતાનું રૂપ પણ ધારણ કરે છે આનું ગમે તે હો પણ તે તેના કાર્ય યા હકના પ્રયત્નોને પાછા હઠાવે છે અને એ પછી ઉપચારની બૂમો પાડે છે.

માણસો પોતાની સ્થિતિ સુધારવાને આતુર હોય છે પરન્તુ તેઓ પોતાની જાતને સુધારવાને નાખુશ હોય છે. તેથી તેઓ બંધાયેલાજ રહે છે. જે માણસો આત્મભોગથી બ્હીતા નથી તેઓ પોતાના ધારેલા કાર્યમાં કદીએ નિષ્ફળ થતા નથી. પાર્થિવ અને અપાર્થિવ વસ્તુ બન્ને સરખી રીતે લાગુ પડે છે. જે માણસની મૂળ ઈચ્છા પૈસોજ મેળવવાની છે તેણે પોતાનો હેતુ પાર પડે તે પહેલાં મોટો ભોગ આપવો જ જોઇએ અને એમ કરવાથી તેઓ કેવું સુખી જીવન મેળવશે?

અહિંઆ એક ગરીબ માણસ છે. તે પોતાની સ્થિતિ અને પોતાના ગૃહસ્થાશ્રમના સુખોને સુધારવાને બહુજ આતુર છે. તોપણ તે પોતાના કામથી દૂર રહે છે અને પોતાને ઓછી મજુરી મળે છે એમ બતાવીને તેને કામ આપનાર છેતરવાનો પ્રયત્ન કરે છે. આમ કરવામાં તે ન્યાય કરે છે એમ માને છે. આવા સુખના મૂળ સિદ્ધાંતોને સમજતા નથી અને તેઓ પોતાની ગરીબાઇમાંથી ઉંચે ચડવાને નાલાયક છે એટલુંજ નહિ પણ સુરત મૂર્ખ અને અયોગ્ય વિચારોના સહવાસથી તે પોતે વધારે કંગાલ થતો જાય છે.

અહિંઆ એક શાહુકાર છે. તેણે હદ ઉપરાંત ખાધું છે અને એના પરિણામે તે રોગથી બહુજ પીડાય છે. તે રોગમાંથી મુક્ત થવાને માટે તે મોટી રકમ ખરચી નાંખે છે પરન્તુ તે પોતાની વધારે ખાવાની ટેવને છોડવા રાજી નથી, તેને ઉમદા અને સારા ખોરાકની ઇચ્છા છે અને સાથે સાથે તે તન્દુરસ્તીની પણ આશા રાખે છે. આ માણસ તન્દુરસ્ત થવાને નાલાયક છે કારણ કે તેને તન્દુરસ્ત જીવનના મૂળ સિદ્ધાંતોનું જ્ઞાન પણ નથી.

અહિંઆ એક કંટ્રાકટર છે. તે મજુરોને મજુરી આપવામાં બહુજ સંકોચ કરે છે અને પોતાના કામમાંથી નફો મેળવવાની આશામાં તે તેના મજુરોની મજુરીમાંથી પૈસા કાપી લેછે. આવો માણસ આબાદીને માટે નાલાયક છે અને જ્યારે તે પોતાની આબરૂ અને પૈસાને ગુમાવીને દેવાળું કાઢે છે ત્યારે તે પોતાના નસીબનો દોષ કાઢે છે પરન્તુ પોતે જ એ સ્થિતિ લાવનાર છે એમ તે જાણતો પણ નથી.

મેં આ ત્રણ દાખલાઓ એટલા માટે આપ્યા છે કે " માણસો પોતાના સંયોગોના ઉત્પાદક છે અને કોઇ સારૂં કાર્ય કરવા માટે તે એ કાર્યના વિકાસ માર્ગમાં અંતરાય નાંખે એવા વિચારો અને ઇચ્છાને ઉત્તેજન આપી પોતાના કાર્યમાં નિષ્ફળતા મેળવે છે " એમ તેઓ સારી રીતે સમજી શકે. આવી વાતોને ધ્યાનમાં લઇ શકાય અને તેનું નિરાકરણ

પણ કરી શકાય. પરન્તુ જો પાઠક ગણ નિશ્ચય પૂર્વક પોતાના મન અને જીવનમાં વિચારના સૂત્રોને સમજે તો આ બીના કાંઈ જરૂરની નથી અને જ્યાં સુધી આવું ન કરવામાં આવે ત્યાં સુધી માત્ર વાતો કરવી, એ કાંઇ ઉપયોગની નથી.

જોકે સંયોગો એવા ગુચવણ ભરેલા છે તોપણ વિચારનાં મૂળ એટલાં ઉંડાં નંખાય છે અને દરેક માણુસ સાથે સુખના વિભાગો એવા જૂદા છે કે માણસની આત્મદશાને તેના જીવનના બાહ્ય દેખાવથી બીજાઓ પારખી શકે જ નહિ. માણસો અમૂક બાબતમાં પ્રમાણિક હોઈ શકે તોપણ તેઓ કેટલીક બાબતમાં છૂપાં નુકસાનો ખમે છે. માણસો અમૂક બાબતમાં અપ્રમાણિક પણ હોઇ શકે તોપણ તેઓ પૈસા મેળવે છે. પરન્તુ તેનો અંત એવો આવે છે કે અમૂક માણસ તેના પ્રમાણિક પણાને અંગે નાદાર થઈ જાય છે અને તેની આસામી કાચી પડે છે અને બીજો માણસ પોતાના અપ્રમાણિકપણાને લીધે આબાદ થાય છે. આ બધું ઉપલક બુદ્ધિનું કારણ છે આ ન્યાય એમ બતાવે છે કે અપ્રમાણિક માણસ બહુજ ખરાબ છે અને પ્રમાણિકમાણુસ બહુજ સદ્ગુણી છે. વિશાળ અનુભવ અને ઉંડા જ્ઞાનના પ્રકાશમાં આવો ન્યાય ભૂલ ભરેલો છે. અપ્રમાણિક માણસને અમૂક સારા ગુણો હોઈ શકે અને એ ગુણો બીજામાં હોય પણ નહિ અને પ્રમાણિક માણસોમાં અમૂક દુર્ગુણો પણ હોઇ શકે અને તે દુર્ગુણો બીજામાં હોતા પણ નથી. પ્રમાણિક માણસો પોતાના સારા વિચારો અને કાર્યનું સારૂં પરિણામ લણે છે. તે પોતાના દુર્ગુણોથી પીડાય છે. તેવીજ રીતે અપ્રમાણિક માણસ પોતાના કાર્યના સારાં કે નઠારાં ફળો લણે છે.

પોતાના સદ્ગુણોને અંગે માણસ પીડાય છે એમ માનવું મનુષ્યના અહંકારને ખુશ કરવા જેવું છે પરન્તુ જ્યાંસુધી માણસ પોતાના મનમાંથી દુષ્ટ અને અપવિત્ર વિચારોને નિર્મુળ કરીનાંખે નહિ અને પોતાના આત્મામાંથી પાપના ડાઘને ધોઈ નાંખે નહિ ત્યાંસુધી તેઓ તેનું દુઃખ તેના સારા કાર્યનું પરિણામ છે અને ખરાબ કાર્યનું નથી એમ જાણી વા જાહેર પણ કરી શકતા નથી. અને એ મહાન પૂર્ણતાને તે પહોંચે એ પહેલાં તેણે પોતાના મન અને જીવનમાં એ મહાન કાયદાની પ્રવૃત્તિને જોઈ હશે એ કાનુન પૂર્ણ ન્યાયી છે અને તેથી તે ભલાઇને બદલે બૂરાઈ વા બૂરાઇને બદલે ભલાઇ આપી શકતોજ નથી. આ જ્ઞાન મેળવ્યા પછી તે પોતાના ભૂતકાળના અજ્ઞાન અને અંધકાર તરફ જોઈ, જાણી શકશે કે તેનું જીવન વ્યવસ્થિત છે અને તેના સારા વા નઠારાં ગત અનુભવો જોકે તેઓ પોતે ઉન્નત હતાં નહિ તો પણ તેની ઉન્નતિના બાહ્ય સાધનો હતા.

સારા વિચારો અને કાર્યો કદીએ ખરાબ પરિણામ આપી શકતા નથી. દુષ્ટ વિચારો અને દુષ્ટ કાર્યો કદીએ સારૂં પરિણામ આપી શકતા નથી. દાણામાંથી દાણા સિવાય બીજું ઉત્પન્ન થઈ શકેજ નહિ અને મોગરામાંથી કેતકી કદી નીપજેજ નહિ એ એક મશહુર કહેવત છે. માણસો આ કાયદાને એક સૃષ્ટિ નિયમ તરિકે સમજે છે અને તેની સાથે રહી કાર્ય કરે છે પરન્તુ બહુજ ઓછા માણસો તેને માનસિક વા નૈતિક દૃષ્ટિથી સમજે છે અને તેથીજ તેઓ તેની સાથે કાર્ય કરી શકતા નથી.

દુઃખ એ ખરાબ વિચારોનું પરિણામ છે તે એમ બતાવે છે કે માણસો પોતાની

સાથે, પોતાના જીવનના સૂત્રો સાથે અશાંત છે દુ:ખનો મહાન આદેશ બધી નકામી અને અપવિત્ર વસ્તુઓને બાળી નાંખવાનો અને પવિત્ર બનાવવાનો છે. પવિત્ર માણસો કદી દુ:ખી હોતાજ નથી કચરો કાઢી નાંખી સાફ કર્યા પછી સુવર્ણને બાળવાનો કાંઈ હેતુજ હોય નહિ તેવીજ રીતે પવિત્ર માણસો દુ:ખ સહન કરી શકેજ નહિ.

માણસો પોતાના દુ:ખમાંથી જે અનુભવો મેળવે છે એ તેમની માનસિક અશાંતિનું પરિણામ છે. માણસો સુખમાં જે અનુભવો મેળવે છે એ તેમની માનસિક શાંતિનું પરિણામ છે. સુખ એ યોગ્ય વિચારનું પરિણામ છે. કંગાલીયત એ દુષ્ટ વિચારોનું પરિણામ છે. કોઇપણ માણુસ સુખી વા દુ:ખી અથવા ગરીબ વા શાહુકાર થઇ શકે છે. જ્યારે શ્રીમંતાઇનો સદુપયોગ થાય છે ત્યારેજ ભલાઇ તેની સાથે વસે છે અને જ્યારે કોઇ માણુસ પોતાના નસીબને નકામું માને છે ત્યારે તે અવનતિને પામે છે.

આળસાઈ અને બેદરકારી એ ગરીબાઇના મૂળ કારણ છે. એ બન્ને કૃત્રિમ છે અને માનસિક અવ્યવસ્થાનું પરિણામ છે. માણુસ જ્યાં સુધી તન્દુરસ્ત અને સુખી ન થાય ત્યાં સુધી તેની સ્થિતિ સારી નથી અને સુખ તન્દુરસ્તી અને આબાદી એ માણુસ અને તેના સંયોગની શાંત વ્યવસ્થાનું પરિણામ છે.

કોઇ પણ માણસ જ્યારે દ્વેષ ભાવ રાખતો બંધ થાય છે અને પોતાના જીવનશાસ્ત્રના છૂપા ન્યાયને શોધવાનું શરૂ કરે છે ત્યારેજ તે ખરો માણુસ ગણાય છે. અને જ્યારે તે પોતાના મનને ત્યાં એકાગ્ર કરે છે ત્યારે તે બીજાને પોતાની સ્થિતિના કારણ રૂપે શાપ દેતો બંધ થાય છે અને પછી પોતે ઉમદા અને અડગ વિચારોનું પૂતળું બને છે. તે પોતાના નસીબ સામે લડતો બંધ થાય છે અને તેને પોતાના વિકાસ માર્ગની મદદે ઘસડી જાય છે અને તેને પોતાનામાં રહેલી છૂપી શક્તિઓને શોધવાના સાધન તરિકે વાપરે છે.

કાયદો, અવ્યવસ્થા નહિ, એ વિશ્વનો મુખ્ય સિદ્ધાંત છે. ન્યાય અન્યાય નહિ, એ જીવનનો મૂળ આત્મા છે. સત્ય, અસત્ય નહિ, એ વિશ્વના ઇશ્વરી રાજ્યની મૂળ શક્તિ છે. આવું હોઇને માણસોએ વિશ્વ ખરૂં છે કે નહિ એ શોધવા માટે પોતાને સુધારવા જોઇએ અને પોતાના વિકાસ માર્ગમાં તેને માલૂમ પડશે કે જેમ તે પોતાના વિચારોને ફેરવે છે તેમ તેમ બીજા માણસો અને વસ્તુઓ પણ તેના માટે જૂદું રૂપ ધારે છે.

આ વાતની સાબીતી હરેક માણસમાં છે અને તેથીજ તેને આત્મ પૃથક્કરણ અને દૂર દેશથી શોધવાની જરૂર છે. માણસોને ન્યાય પુર:સર પોતાના વિચારો ફેરવવા દો અને તેના જીવનની પ્રાકૃત દશામાં જે ફેરફાર તે કરશે તેનાથી તે નવાઇ પામશે. માણસો એમ માને છે કે વિચારને ગુપ્ત રાખી શકાય છે પરન્તુ એવું કાંઇ બનતું નથી. એ વિચાર આદતમાં પરિણમે છે અને આદત સંયોગોમાં પરિણમે છે. નીચ વિચારો સ્વચ્છંદી અને વૈભવી ટેવોમાં અવતરે છે અને એટલો રોગ અને વિનાશમાં પરિણમે છે હરેક અપવિત્ર વિચાર દુષ્ટ ટેવમાં અવતરે છે અને તેમાંથી ઉદ્ધત અને મૂર્ખ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ભય, શંકા અને અસ્થિરતાના વિચારો, નિર્બળ, હીચકારી અને અસ્થિર ટેવોમાં અવતરે છે. તેમાંથી નિરાશા, બેદરકારી અને ગુલામગીરી પ્રાપ્ત થાય છે સુસ્ત વિચારો અસ્વચ્છ અપ્રમાણિક ટેવોમાં અવતરે છે. તેમાંથી ગરીબાઈ અને નીચતા જન્મ પામે છે. ક્રોધી અને ઉછાં-

છળા વિચારો, જુસ્સો અને ખૂનમાં અવતરે છે. તે ટેવો નુકસાન અને ખૂવારીમાં પરિણમે છે. તમામ સ્વાર્થી વિચારો સ્વાર્થી ટેવોમાં અવતરે છે અને તે ટેવો બહુજ દુઃખી પ્રસંગોમાં પરિણમે છે. બીજી દિશામાં દૃષ્ટિ કરીએ તો બધા સુન્દર વિચારો, કૃપા અને મમતાની ટેવોમાં અવતરે છે તેમાંથી નમ્ર અને તેજસ્વી સંયોગો જન્મ પામે છે. પવિત્ર વિચારો આત્મસંયમમાં પરિણમે છે. તેમાંથી શાંતિ અને આરામ જન્મ પામે છે. હીંમત, આત્મ વિશ્વાસ અને વિવેક બુદ્ધિના વિચારો બહાદુર ટેવોમાં પરિણમે છે અને તેમાંથી ફતેહ અને સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. ઉત્સાહી વિચારો સ્વચ્છતા અને ઉદ્યોગમાં પરિણમે છે અને તેમાંથી આનન્દ જન્મ પામે છે. નમ્ર અને ક્ષમાના વિચારો નમ્રતામાં અવતરે છે અને તે નમ્રતામાંથી સારી અને સંભાળવા લાયક સ્થિતિ પ્રાપ્ત થાય છે. પ્રેમી, અને નિઃસ્વાર્થી વિચારો અહંતાને ભુલાવે છે અને તેમાંથી અખંડ અને અમર સુખ જન્મ પામે છે.

વિચારની અમુક સંકલ્પના, (પછી તે સારી હોય વા નઠારી હોય) સમય અને સ્થિતિ ઉપર પોતાનું પરિણામ નીપજાવ્યા વિના રહે નહિ. માણસો બારોબાર પોતાની સ્થિતિ પસંદ કરી શકેજ નહિ, પરન્તુ તે પોતાના વિચારોને પસંદ કરી શકે અને એમ પરોક્ષ રીતે પોતાની સ્થિતિને ચીતરી શકે છે.

માણસો જે વિચારોને વધારે પ્રોત્સાહન આપે છે, તે વિચારોનો આનન્દ વધારવામાં પ્રભુ હરેક માણસને મદદ આપે છે. અને સંયોગો પણ એવા આવે છે કે, જે સારા અને ખરાબ બન્ને વિચારોને તેના પોતાના રૂપમાં પ્રકટ કરે છે.

માણસોને પાપી વિચારોથી દૂર રહેવા દો અને તમામ દુનિઆ તેના ઉપર દયા રાખશે અને તેને મદદ કરવાને તૈયાર રહેશે. તેને તેના નિર્બળ અને બિમાર વિચારો છોડી દેવા દો અને સંયોગો એવા સારા આવી જશે કે સૌ કોઇ તેના મક્કમ વિચારને મદદ કરવા તૈયાર થશે. તે સારા વિચારોને તજે ઉત્સાહ અર્પે અને કદીએ તે કંગાલીયત અથવા શરમના ક્રૂર પંજામાં સપડાશે જ નહિ. દુનિઆ તમારૂં સૂક્ષ્મદર્શક યંત્ર છે અને હરેક પળે જે જૂદા જૂદા રંગો તમારી દૃષ્ટિ પાસેથી પસાર થાય છે એ તમારા અસ્થિર વિચારોનું તાદૃસ્ય ચિત્ર છે.

"તમે જેવા થવાની ઇચ્છા કરશો, તેવા તમે થશો. નિરાશા એ સંયોગ જેવા મુફ્લીશ શબ્દમાં ખોટો સંતોષ શોધવા દો પરન્તુ આત્મા તેને ધિક્કારે છે. આત્મા સ્વતંત્ર છે."

"તે સમય અને સ્થિતિ બન્ને ઉપર રાજ્ય કરે છે. તે અહંકારી કીસ્મતને ખૂબ વલોવે છે. અને જૂલ્મી સંયોગને તે પદભ્રષ્ટ થવાનો હુકમ કરે છે અને તેને એક અધમ ગૂલામ બનાવે છે."

"મનુષ્યની ઇચ્છા, એ ગુપ્ત શક્તિ, અમર આત્માનું એ બાલક, એ સૌ પોતાના રસ્તામાં ગમે તેવી પાકી દિવાલો આડી આવે તોપણ કોઇ ધારેલા મકાન તરફ સ્હેલાઇથી જઇ શકે છે."

"વખત વીતી જાય છે માટે અધીરો થાઇશ નહિ, પરન્તુ જ્ઞાની થઇને રાહ જોજે. જ્યારે આત્મા જાગે છે અને હુકમ ફરમાવે છે ત્યારે દેવો પણ તેને તાબે થવા તૈયાર હોય છે."

**હરિલાલ દ્વારકાંદાસ સંઘવી.**

# “ ખંભાયતિ ”

‘ બુદ્ધિપ્રકાશ ’ ના તન્ત્રી,

સાહેબ,

રા. **ચી**મનલાલ દલાલના બીજા બે લેખ “ ખંભાત ’ શબ્દ બાબતના પ્રગટ થયેલા દીઠા; નં. (૨) માર્ચ ૧૯૧૪ના ‘ બુદ્ધિપ્રકાશ ’માં અને નં. (૩) એપ્રિલ ૧૯૧૪નામાં. નં. (૨) વિશે અહિં વિશેષ લખવાની ઈચ્છા નથી; કેમકે ‘ વસન્ત ’ માં એ વિશે થોડુંક હું પ્રગટ કરવાનોછું; પરંતુ અત્રે એટલું તો બોલવું કર્તવ્ય છે કે એ લેખથી રા. **ચી**મનલાલ દલાલની સત્યપ્રિયતા અને સરલતા પ્રત્યક્ષ થાય છે તેથી બહુ જ આનન્દ થાય છે, અને મ્હને બહુ ઉપયોગી પોષક પ્રમાણો પૂરાં પાડયા માટે હેમનો ઉપકાર માનુંછું. નં. (૧) ના લેખમાં કહેલું કે **स्तम्भतीर्थ**નું તો **खंभातित्थ** જ થાય, તે વાતને દુરાગ્રહથી વળગી ના રહેતાં, “**खंभाइत्थ** પ્રયોગનું સંવત્ ૧૧૬૦માં રચાયલા ‘ ઋષભ દેવચરિત’માંથી ઉદાહરણ એઓ જ આપે છે એ હેમના આ સદ્ગુણોનું પ્રગટ પ્રમાણ છે.

હવે નં. (૩)ના લેખમાંના મુખ્ય મુદ્દા ઉપર આવું. ‘ પાટણિ ખંભાઇતિ ’ એ વચનમાં અન્ત્ય ઇકાર સપ્તમીના પ્રત્યયના છે એમ મ્હેં કહેલું. રા. **ચી**મનલાલ પ્રસ્તુત વચન સવિસ્તર ઉતારીને દર્શાવેછે કે એ અન્ત્ય ઇકાર મૂળ શબ્દના પ્રાતિપદિક સ્વરૂપમાં જ છે; વિશેષ જણાવેછે કે ‘ કાન્હડદે પ્રબન્ધ ’માં ‘ ખંભાયતિ ’ રૂપ પણ છે. આ સ્થિતિ જોતાં સપ્તમીનો પ્રત્યય હોવાની કલ્પના છોડવાને હું તૈયાર છું. વિશેષ વિચાર એટલો જણાવુંછું કે—

એ જ ‘ કાન્હડદે પ્રબન્ધમાં ’ **किस्यूं खंभायत** એમ સ્પષ્ટ નપુંસકલિંગનો પ્રયોગ છે તે ઉપરથી, તેમ જ **पाटण** એ નામ તો સ્ત્રીલિંગનું હોય એ અસંભવિત જ છે એટલે **पाटणि** માં સ્ત્રીલિંગનું દર્શન કરવા જવાશે નહિં તેથી, યોગ્ય અનુમાન એ જ ફલિત થાયછે કે **पाटणि खंभायति** ઇત્યાદિમાંનો અન્ત્ય ઇકાર સ્ત્રીલિંગનો પણ નથી, સપ્તમીનો પ્રત્યય પણ નથી, માત્ર સ્વૈચ્છિક આનુષાંગિક વળગાડેલો છે; હેવા સ્વરવિકાર અપભ્રંશમાં અને અપભ્રંશ પછીની ભાષા ( ડૉક્ટર ટેસિટોરી જે’ને Old Western Rajasthani નામ આપેછે તે ભાષા ) માં બહુવાર નજરે પડેછે. અર્થાત્, ‘ ખંભાયતિ ’ માં **स्तंभावती**નું પ્રતિબિમ્બ જડશે નહિં.

આ નં. (૩) ના લેખમાંની બીજી વાતો વિશે લખવાનું પ્રયોજન નથી અને કેટલીક તો ‘ વસન્ત ’ ના લેખમાં સ્પર્શ થઈ જશે.

વાંદરા.
તા. ૩–૫–૧૪ } નરસિંહરાવ ભોળાનાથ.

# પરીક્ષા.

—x—

( શ્રી વાજસૂરવાળા શિક્ષકસમાજની તા. ૯-૧૧-૧૯૧૩ રવિવારની હડાળાની બેઠકમાં વંચાવા માટે. )

૧.

કેવળરામ કરીને એક સોળ વર્ષનો છોકરો હતો. તે હાઇસ્કૂલના સાતમા ધોરણની પ્રિલિમિનરિ (Preliminary) પરીક્ષાનો એક સવાલપત્રક પૂરો કરીને ઘેર આવતાં ઘરના માણસોની સાથે નકામું નકામું ચ્હીડાવા લાગ્યો. થોડી વારમાં એના બાપ ઘેર આવ્યા; અને ચાહ પીતાં પીતાં આ હકીકત ઉપર એમનું ધ્યાન જતાં એમણે તેને બોલાવીને પૂછ્યું.

" કેવળ, આજે કેટલાક જવાબ લખ્યા છે ? "

કેવળ કહે, " જુવો ને બાપુ, આવા તે કંઇ સવાલ હોય ! હું ટર્મિનલ (terminal) માં ગણિતમાં બીજે આવ્યો હતો, અઠવાડીઆની પરીક્ષાઓમાં કોઇ વખત પાંચમાથી નીચે આવ્યો નથી, ગણિત, બીજગણિત કે ભૂમિતિમાં કોઇ અટપટો સવાલ હોય ત્યારે છોકરાઓ મને પૂછતા આવે, અને હું પણ એ બરોબર બેસાડું ત્યારે જ મને જંપ વળે– અને આ સવાલપત્રકમાંથી તો મારાથી પૂરા ૪૦ માર્ક ( Mark ) નું પણ લખાયું નથી. અમારા નવા માસ્તર આવ્યા છે તે ગણિતમાં એમ. એ., બી. એસ સી. (M. A., B. Sc.) છે તેમનો આ સવાલપત્રક છે. પોતાની બધી હુશિયારી અમારા " સવાલપત્રકમાં વાપરવાની હોય ? આ તે કેવો ન્યાય ! મને તો જાણે ત્રીશ માર્ક ( Mark ) નહીં આપે તો ક્યાં જશે–પણ આ આવી પરીક્ષામાં પાસ (pass) કેટલા થશે અને મેટ્રિક (Metric) નાં ફોર્મ ( form ) કેટલાને મળી શકશે ?

*  *  *  *  *

મહેતાજીઓ અને પરીક્ષકો, હેડમાસ્તરો અને ડેપ્યુટીઓ, પરીક્ષાનો વિષય આપણે માટે મહત્ત્વનો છે, શાળાપાઠશાળાના જીવનમાં પરીક્ષાઓનું સ્થાન મોટું છે, અને કોઇ પણ પરીક્ષા જેવી લેવાવી જોઇએ, તેવી લેવાય કે તેવી ન લેવાય, તેનાં કુદરતી પરિણામોની પરંપરા બીનઅનુભવી માણસના ખયાલમાં એકદમ ન આવે એવી ગંભીર છે. કેવળરામ અને એના બાપ વચ્ચેની ઉપલી વાતચિત છેક કલ્પિત નથી, પરીક્ષા આપી આવ્યા પછી નહાનામોટા ઘણા પરીક્ષ્યોની કેવળરામને મળતી સ્થિતિ થાય છે. કોઇ કોઇ અ-સમતોલ મગજનો ઉમેરવાર પરીક્ષા પછી આપઘાત પણ કરે છે. અને એવું કરુણ પરિણામ જ-વલ્લે જ આવે છે તથા તેની જવાબદારી મુખ્યત્વે આપઘાત કરનાર ઉપર જ રહેવા દઇએ, તોપણ સારી રીતે તૈયાર થએલા ઘણા ઉમેદવારો હાલમાં લેવાતી પરીક્ષાઓને વિષે ઘણી વાર બૂમ પાડે છે એ જાણીતું છે. અને એ ઉમેદવારોમાંથી જેઓ છેક કાચી વય અને બુદ્ધિના ન હોય તેમને પણ શિક્ષકો અને પરીક્ષકોની સાથે સાથે પરીક્ષાઓ કેવી લેવાવી જોઇએ એ વિષય ઉપર મત બાંધવાનો થોડો ઘણો પણ હક્ક છે એની ના પાડશે નહીં.

૨.

પરીક્ષા શિક્ષણની નિયામક હોવી જોઇએ, કે વર્ષ સુધી આપવામાં આવેલું શિક્ષણ

ત્રણચાર દિવસની પરીક્ષાનું નિયામક હોવું જોઇએ, એ પહેલો સવાલ છે. પરીક્ષકો શિક્ષકોના કરતાં સામાન્ય રીતે વધારે અનુભવી કેળવાયલા અને ઉપલા દરજ્જાના માણસો હોય છે. પરંતુ શિક્ષણને માટે દરેક ધોરણના ક્રમ એમના કરતાં પણ વધારે અનુભવી કેળવાયલા અને ઉંચા દરજ્જાના અધિકારીઓએ ઠરાવેલા હોય છે. અને એ ક્રમ પ્રમાણે શિક્ષકોએ શીખવવાનું છે તેમ પરીક્ષકોએ પરીક્ષવાનું છે. પરીક્ષાનાં પરિણામો નબળાં આવે છે ત્યારે શિક્ષકો પરીક્ષકોને દોષ દે છે કે તેઓ ધોરણ ઉપરનું પૂછે છે, અને પરીક્ષકો શિક્ષકોને વગોવે છે કે તેઓ ધોરણ પ્રમાણે પોતાનું કામ યથાયોગ્ય કરતા નથી. આવા પક્ષવાદમાંથી ઉપલો જ નિયમ નીકળે છે કે બંનેએ પોતપોતાનું કામ ધોરણ પ્રમાણે કરવાનું છે. વળી જે સત્તા આ ધોરણો ઠરાવે છે તે સત્તા વધારે વધારે યોગ્યતાવાળા શિક્ષકપરીક્ષકો તૈયાર કરવાને અને નીમવાને સતત પ્રયાસ કર્યા કરે છે, એ પણ ઉપલા નિયમને જ પુષ્ટિ આપે છે, કે શિક્ષકો અને પરીક્ષકો બંનેએ પોતપોતાનું કામ ધોરણ પ્રમાણે બજાવવાનું છે.

પરંતુ એ નિયમને વ્યવહારમાં લાગુ પાડતાં મુશ્કેલીઓ આવે છે "ધોરણ પ્રમાણે" એટલે શું ? માનવીની જુદી જુદી શક્તિઓ જુદી જુદી વયે વત્તાઓછા બળની અને વિકાસમાં જુદા જુદા વેગવાળી હોય છે. ધોરણ પ્રમાણેના શિક્ષણ અને પરીક્ષણની સ્થૂલ કૃતિઓથી જે પરિણામ સાધવાનું છે તે માનવ શક્તિઓના સુશ્લિષ્ટ વિકાસનું છે. બાલકની બુદ્ધિમાં કલ્પના અનુકરણ અને સ્મૃતિની શક્તિઓ વધારે બલવાળી હોય છે; તુલના પરિણામની અગમચેતી અને સારગ્રહણના વિવેકની શક્તિઓ નબળી હોય છે; એકાગ્રતા, કાર્યસિદ્ધિપરાયણતા, બીજ રૂપે જ હોય છે; અહમહમિકા અને તજ્જન્ય હર્ષશોકના અતિશયમાં તણાઇ જવાનું વલણ અત્યંત હોય છે; દયા, ન્યાય, અને કર્તવ્યપાલન જેમાંથી વિકસવાનાં છે તે ઉદાર સમભાવનું અંકુર મહિનાઓ સુધી બાલકના વર્તનને નિહાળ્યા કરે તેના જોવામાં પણ કોઇક વાર અને છેક અછડતું આવે એટલું બધું સૂક્ષ્મ અને અદૃઢ હોય છે. અને બીજું શક્તિવિકાસનના કુદરતના નિયમ પણ ગહન છે. છોકરું અનુકરણ કરે કે છોકરું સ્વતંત્ર કૃતિ કરે એ બે પદ્ધતિઓ પરસ્પર વિરુદ્ધ જણાય છે, પણ વિકાસ એ બંને માર્ગે થાય છે. અમુક વય સુધી કે અમુક વિષયમાં અનુકરણને પ્રાધાન્ય આપવું કે સ્વતંત્ર કૃતિને એવો કોઇ પણ સરલ નિયમ દેખાતો નથી. અમુક વિષય તરફ સ્નેહ કે રુચિ ઉત્પન્ન થતાં તે દ્વારા વિકાસ થાય છે, તો શિક્ષક રોજ અમુક વિષયમાં થોડી એકાગ્રતા પરાણે કરાવે તે દ્વારા પણ વિકાસ થઈ રુચિ ઉત્પન્ન થાય છે અને એ રુચિ વિકાસની ગતિ વધવાનું કારણ પણ પછી બને છે. એટલે અમુક વય સુધી કે અમુક વિષયમાં સ્વાભાવિક રુચિને પ્રાધાન્ય આપવું કે બાહ્ય દબાણને પ્રાધાન્ય આપવું, એવો કોઇ પણ સરલ નિયમ દેખાતો નથી. પાઠે કરેલ વિષયનો અર્થબોધ ધીમે ધીમે થતો આવે છે એમ પણ છે, અને અર્થ સમજાય તે પછી વિષય સ્મૃતિમાં ટકે અને તે પછી પાછું અર્થમાં વધારે ઉંડા ઉતરી શકાય એમ પણ છે. સમજણમાં જડ પણ આબેહુબ પ્રતિકૃતિ રચી આપે એવી પોપટિયા કે નકલી બુદ્ધિઓ પાકે છે, અને પૂરેપૂરો અર્થબોધ હોય તોપણ તે બરાબર પ્રકટ ન કરી શકે એવી અંતરમાં ચેતન અને મુખે જડ બુદ્ધિઓ પણ પાકે છે. કલ્પના ખીલતી આવતાં નવા નવા અનુભવ ગ્રહણ કરવાની શક્તિ વધે એમ પણ છે, અને અનુભવ ગ્રહણ શક્તિ ખીલતી આવતાં કલ્પનાશક્તિ યે વધે એમ પણ છે. હૃદયવિકાસથી બુદ્ધિવિકાસ અને બુદ્ધિ-

વિકાસથી હૃદયવિકાસ એમ બંને જોવામાં આવે છે. બાળકો અને કિશોરોનું જીવન સારું જ હોવું જોઇએ એ વિષે તો સુભાગ્યે મતભેદ નથી, પણ બાલકોના યથાયોગ્ય વિકાસને માટે અનુકૂલ સંસ્થિતિનું સુખમય અને સ્નેહની મીઠી લગામથી રક્ષિત જીવન એકંદરે વધારે ઇચ્છવા જોગ છે, કે પ્રતિકૂલ સંસ્થિતિનું અને કડક નિયમનું–એ વિષય મોટા મતભેદ અને અનુભવ ભેદનો છે. મતલબ કે માનવી શક્તિ સમૂહની જુદી જુદી વયની સ્થિતિ રૂપ જે કાચા માલ ઉપર શિક્ષક પરીક્ષકને પોતાની કારીગીરી અજમાવવાની છે, એ મૂળ વિષય બહુ તંતુમય ( complex ) હોઈ ગહન છે; અને શક્તિવિકાસનના નિયમો પણ ગહન છે.

આમ હોઇ શિક્ષણ એટલે શક્તિવિકાસનના કાર્યને વ્યવહારમાં મુકતાં કપાળે કપાળે જુદી મતિ અને હાથે હાથે જુદી કૃતિ જોવામાં આવે, એ જ સ્વાભાવિક છે. અને તોપણ શિક્ષણ અને પરીક્ષણ બંને ધોરણ પ્રમાણે જોઇએ એ સામાન્ય સૂત્રથી જ આપણે અટકી જવું પડે, અને વ્યવહારમાં વ્યક્તિ વ્યક્તિની જુદી જુદી શક્તિ, રુચિ અને આદતોથી ઉત્પન્ન થતી ગુંચવણ ભરી અવ્યવસ્થાને સહન કરી લેવી પડે, એમ છેક નથી. ધોરણ પ્રમાણે શીખવવું એનો અર્થ માત્ર ગોખણ નથી; એનો અર્થ માત્ર અનુકરણ નથી; એનો અર્થ ધોરણની મર્યાદામાં સામાન્ય જ્ઞાનને ન જ આવવા દેવું એવો નથી; એનો અર્થ છોકરાંની કુદરતી જિજ્ઞાસાને જડ કરી નાખવી અને તેને " ધોરણના વિષયોમાં એકાગ્રતા કરાવીએ છીએ " એવી ઉપમા આપવી એવો નથી; એનો અર્થ છોકરાંના હસ્તકાર્યોને અને શબ્દ તેમ લિખિત ઉચ્ચારણોને પરાણે એક જ બીબામાં ઢાળવાં એવો નથી, એનો અર્થ ચાલાક છોકરાઓ ઉપર–કે નબળા છોકરાઓ ઉપર–છોકરાના સારા વિષય ઉપર–કે નબળા વિષય ઉપરે–વિશેષ ધ્યાન આપવું–કે ઓછુંજ ધ્યાન આપવું–એવો નથી; એનો અર્થ ધોરણવિષયોનું માપ માત્ર સાધન છે અને તે દ્વારા શક્તિવિકાસન જ સાધ્ય છે એ ભૂલી જવું એવો નથી; એનો અર્થ ઉપલી સત્તાએ બાંધેલી ધોરણ વ્યવસ્થા ઉપર શિક્ષણ પરીક્ષણના અનુભવનો પ્રકાશ પડવા ન દેવો એવો નથી.

યથાયોગ્ય પરીક્ષણ યથાયોગ્ય શિક્ષણનું જ એક અંગ છે. આપણા જીવનમાં રોમન કૅથલિક ( Roman Catholic ) પંથના પાપપ્રકાશન ( Confession ) કે એવા કોઈ વિધિવડે અગર નિત્યનોંધ લખવાની કે એવી કોઇ આદત વડે આપણે આપણાં કૃત્યોને વચ્ચે વચ્ચે નિહાળતા જઇએ અને તે ઉપરથી સુધરતા જવાનો પ્રયત્ન કર્યા કરીએ તેનું જેવું મહત્ત્વ છે, તેવું જ શાળાજીવનમાં પરીક્ષણનું મહત્ત્વ છે. મોટી ઉંમર અને પાકા અનુભવના માણસો આત્મપરીક્ષણ કરી શકે છે તેવું કાચી વય અને ખીલતી બુદ્ધિના બાલકો કિશોરોથી થઈ ન શકે તે માટે જ તેમના પ્રતિનિધિ તરીકે એ કાર્ય શિક્ષક પરીક્ષકોએ કરવાનું છે. સારા શિક્ષકો અને હેડમાસ્તરો શીખવતા જાય છે તે દરમિયાન લાંબે ટુંકે અંતરે પોતે જ નહાની મોટી પરીક્ષાઓ લેતા જાય છે તેનો ઉચ્ચ આશય આ પ્રકારનો છે. અને મોટપણે પણ એકલું આત્મપરીક્ષણ બસ નથી એ જાણીતું છે. રોમન કૅથલિક પંથના માણસોનું પાપપ્રકાશન સદ્ગુરુ આગળ થાય છે. છ મહિને વર્ષે કે ત્રણ ચાર વર્ષે આપણો કોઇ સદ્ગુરુ કે હિતચિંતક સન્મિત્ર હોય અને તેની આગળ આપણા મનોરાજ્યના ગુપ્તપ્રકટ નહાનામોટા સર્વે પ્રવાહ તેમના અસલ સ્વરૂપમાં જણાવી દઇએ અને એનો મત તથા એની સલાહ મેળવીએ તેનું જેટલું મહત્ત્વ છે તેટલું પરીક્ષાઓનું પણ ગણ-

વાનું છે. યથાયોગ્ય પરીક્ષણ આ પ્રમાણે વિદ્યાર્થીઓના શક્તિવિકાસમાં યથાયોગ્ય શિક્ષણનું ઉપકારક અંગ બને એ જ એનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે.

૩

આવી પરીક્ષા તથા તેના પરિણામ પ્રમાણે છોકરાંને ઉપલા વર્ગમાં ચ્હડાવવાના કે તે જ વર્ગમાં એક વર્ષ વધારે રાખવાના ઠરાવ, એ શાળાજીવનમાં ઘણા મોટા બનાવ છે, અને તેની છોકરાંના મન ઉપર ઉંડી છાપ પડે છે, જેને છોકરાંના મગજમાં નીતિના વિષયમાં કેવી પ્રતીતિઓ અને ભાવનાઓ બંધાય છે તેની સાથે ઘણો નિકટનો સંબંધ છે. પરીક્ષ્યો પરીક્ષાઓ વિષે મત બાંધે છે તે ઘણે અંશે પરીક્ષાઓના ન્યાય અન્યાય વિષે બાંધે છે. "કરો તેવું પામો" એ સૂત્ર વ્યવહાર નીતિનો પાયો છે. શાળામાં ન્યાયરાજ્ય (reign of law) પ્રવર્તે છે; માબાપ આદિની વગ પ્રમાણે, અગર તો અમલદારના મનસ્વી હુકમ પ્રમાણે, અગર તો દગલબાજ હુશિયારી પ્રમાણે ફળ મળતાં નથી, શક્તિ અને નિયમિત ઉદ્યોગના પ્રમાણમાં જ ફળ મળે છે; એવી છાપ પરીક્ષાથી દર વર્ષે છોકરાંના મગજ ઉપર ઉંડી પાડી ન શકીએ, તો નિશાળોમાં નીતિબોધ ગમે તેવા રૂપમાં ગમેતેવા લાયક માણસો દ્વારા, અને ગમે તેટલી વાર અપાતો હશે તે સર્વે જ વ્યર્થ જશે. પરીક્ષાઓના સંબંધમાં જે અનુમાનો છોકરાં તારવશે તેની જ અસર એમના નીતિવિકાસ ઉપર વધારે થશે. નિશાળોની અને પાઠશાળાઓની પરીક્ષાઓમાં પક્ષાપક્ષિનું, કે વગવસીલાનું, કે પરીક્ષક અધિકારીની સ્વચ્છંદી ઇચ્છાનું, કે કપટ અને લુચ્ચાઇ ફાવી જાય એવા અંધકારનું રાજ્ય જે ઉછરતો જમાનો જોશે, તે જમાનાના સ્ત્રીપુરુષો જગતની શાળામાં તો એવા રાજ્યને બદલે ન્યાયરાજ્ય (reign of law and justice) પ્રવર્તે છે અને દરેકને તેની કરણી પ્રમાણે જ ફળ મળે છે, એ સિદ્ધાંત ખરા જિગરથી અને સંપૂર્ણપણે શી રીતે સ્વીકારી શકશે!

કેવળરામ જેવા પરીક્ષ્યો "આ તે કેવો ન્યાય!" એ સવાલ એકવાર પૂછશે, બે વાર પૂછશે, ત્રણ વાર પૂછશે. વારંવાર એવા અણધાર્યા–પરીક્ષ્ય વિદ્યાર્થીઓએ આખા વર્ષમાં કરેલાં કર્મોને અનુરૂપ ફલ તેઓને ન મળે એવા–અનુભવો થતાં, એમની ન્યાયબુદ્ધિ અને કર્ત્તવ્યનિષ્ઠા ધીમે ધીમે બૂઠાં જ થવાનાં અને પરીક્ષાઓ વિદ્યાર્થીઓની લેવાય છે તે સાથે સાથે તેમના શિક્ષકોની પણ લેવાઇ જાય છે. અણધાર્યાં પરિણામો આપનારી પરીક્ષાઓને વિષે શિક્ષકો પણ "આ તે કેવો ન્યાય!" એ સવાલ એકબે વાર પૂછે છે, અને તે પછી એવા અનુભવ વધારે વાર થતાં એમની ન્યાયબુદ્ધિ અને કર્ત્તવ્યનિષ્ઠા પણ કજળે છે. અયોગ્ય પરીક્ષાઓનાં અનીતિમય ફલોની પરંપરા આટલેથી જ અટકતી નથી. શાળાઓ, પાઠશાળાઓ (Colleges) અને શારદાપીઠો (universities) માં ઘણીવાર કોઇ એક શાળા પાઠશાળામાં શિક્ષક અધ્યાપક (professor) હોય છે તેવી જ વ્યક્તિઓ આખી પરીક્ષામાં પરીક્ષક હોય છે. આ વ્યક્તિઓમાંથી જેની જેની ન્યાયબુદ્ધિ અને કર્તવ્યનિષ્ઠા મંદ હોય છે તેની તેની પરીક્ષામાં તેની તેની શાળા પાઠશાળાના વિદ્યાર્થીઓને બીજા વિદ્યાર્થીઓની સરખામણીએ કેટલોક અણધાર્યો અને અનુચિત લાભ મળી જાય છે. અને આવો લાભ ખરેખર જેટલો મળે તેના કરતાં વિદ્યાર્થીમંડલમાં કુદરતી રીતે જ ઘણો વધારે કલ્પાય છે. વળી આથી પણ એક ડગલું વધારે જોઇએ. કેટલાક શિક્ષકો અધ્યાપકો ફૂલણજી

હોય છે. બેત્રણ વાર પરીક્ષક નીમાયા હોય એ વારંવાર નીમાયા કરશે એવો પણ સંભવ પેદા થાય છે. એટલે એવા પરીક્ષકોનું આખા વર્ષનું શિક્ષણ તેમની ન્યાયવૃત્તિ અને કર્તવ્ય નિષ્ઠાની શિથિલતાના પ્રમાણમાં શિથિલ પડતું જાય છે. અને તોપણ એમના શિક્ષણનો જ લાભ પરીક્ષ્યોનો મોટો ભાગ શોધે છે, એટલે એ શાળાઓ કે પાઠશાળાઓના આખા મંડલમાં (ઉત્તમોત્તમ શિક્ષણ જ આદર્શ રૂપ હોવું જોઇએ તેને બદલે) પરીક્ષક થનાર શિક્ષકોનું શિક્ષણ આદર્શરૂપ બની રહે છે. આ કેવી માઠી સ્થિતિ! અને આટલેથી પણ અધમતાની સમાપ્તિ આવતી નથી. આ કરતાં પણ વધારે માઠી સ્થિતિ આવા શિક્ષકપરીક્ષકો ધારે તો આણી શકે છે. કેમ કે "મારા શિષ્યોને લાભ આપીશ," "ગમે તે કારણથી મારી શાળા પાઠશાળા છોડી બીજે જશે તેને વિમાસવું પડશે," એ પ્રણાલિનું વર્તન રાખનારા પાપીઓ પણ સાંભળ્યા છે.

આપણા સ્મૃતિકારો ફરમાવે છે કે નહાનીમોટી દરેક સત્તામાં ઇશ્વરી અંશ છે. ઇશ્વરના જગતમાં "વાવો તેવું લણો" એ મહાન્યાય સર્વવ્યાપી છે. પરીક્ષક પોતાનું નિત્યકર્મ શુદ્ધ ન્યાયબુદ્ધિ અને કર્તવ્યનિષ્ઠાથી ધોરણ પ્રમાણે અને શિક્ષકોનું તેમ વિદ્યાર્થીઓનું ગજું વિચારીને કર્યા કરશે, તો એના હસ્તિપાદમાં સમાયેલી શાળા પાઠશાળાઓના આખા મંડલમાં કર્માનુરૂપ ફલના ન્યાયરાજ્યનું ઝળકતું વાતાવરણ એના આત્માના પ્રકાશ અને શ્વાસોચ્છ્વાસના પ્રવાહ રૂપે ફેલાઇ રહેશે: એના મંડલમાં પ્રવર્તતી કેળવણી નીતિ અને ધર્મનાં ફૂલફળથી શોભી ઉઠશે; એ મંડલમાં પાકતા વિદ્યાર્થીઓમાંથી વિદ્વાન ટેકીલા અને જોખમદારી ઉપાડી શકે એવા ધીર પુરુષો પ્રકટશે. એથી ઉલટું, પરીક્ષક આત્મા જેટલે દરજ્જે અશુદ્ધ, અન્યાયી, દંભી, આળસુ, અજ્ઞાન, ઉન્મત્ત, અને પાપી હશે, તેટલે દરજ્જે તેના મંડલની શાળા પાઠશાળાઓમાં એવું વાતાવરણ ફેલાશે, જે તે મંડલમાં અપાતી કેળવણીમાં અને તે કેળવણી લેતી ઉછરતી પ્રજામાં જે જે સદ્ અંશો હશે તેને પણ વિષમય નીવડશે. શિક્ષકો અને પરીક્ષકો, પરીક્ષાના મહિમાનું આ દર્શન તમારી આગળ રજુ કરું છું, તેને તમે અનેકાનેક રીતે અને જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી જુઓ અને તપાસો, એની સત્યતા વિષે ખાતરી કરો, અને શાળા પાઠશાળાઓના જે મંડલમાં તમારું જીવનકાર્ય નિર્માયું છે તે મંડળમાં તમારે કયા પ્રકારનું વાતાવરણ જોઇએ એનો તમે પાકો નિશ્ચય કરો; અને તમે શિક્ષક તરીકે તથા પરીક્ષક તરીકે મન વચન કાયાથી રાતને દિવસ જે અસંખ્ય નહાનાં મોટાં કાર્યો કરોછો તે તમામ તમે નિશ્ચયપૂર્વક પસંદ કરેલા વાતાવરણના ફેલાવને અનુકૂળ નીવડે એવાં જ કરો. તમારા જીવનકર્તવ્યમાં આવું તપ જેટલે અંશે તમે સેવી શકશો, તેટલે અંશે જ દેશના શિક્ષણ અને કેળવણીના નીતિતંત્રની વિશુદ્ધિ અને ઉન્નતિ સાધી શકાશે; કેળવણી તંત્રના ઉદ્ધાર માટેના ઉપલી સત્તાના આશયો અને પ્રયત્નો તમારું ઉપજાવેલું વાતાવરણ મલિન હશે તે પ્રમાણમાં ઓછા ફળદાયી જ નીવડશે.

તા. ૩૧-૧૦-૧૯૧૩. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર.

# ભણ્યાનો શો અર્થ ?

જાહેર કેળવણીની શરૂઆત થયાને સાઠ વર્ષ થઇ ગયાં. યુનિવરસિટીની આરપાર નીકળી ગયેલાઓ વાનપ્રસ્થ થયા અને તેમાંના કેટલાક મરી પણ ગયા. શહેરોમાં, જિલ્લાનાં નગરોમાં, તાલુકાઓના કસ્બાઓમાં અને છેલ્લે ગામડાંમાં પણ યુનિવરસિટીની મહોર છાપવાળો માણસ મળે એટલી કેળવણી ફેલાઇ, પરંતુ રળવા સિવાય કેળવણીનો બીજો કશો અર્થ આપણાથી સમજાયો હોય એમ લાગતું નથી. નોકરી કરવાને જોઇતા માણસો ઉભા કરવા જેટલોજ આરંભ કરનારાઓમાંના કોઇનો અભિપ્રાય હતો, અને એવું જ થયેલું અત્યારે જણાય છે. સરકારી અને નવી પ્રવૃત્તિમાં ઉભા થયેલા નવા નવા ધંધાદારીઓની પેઢીઓની ખાનગી નોકરીઓમાં અત્યારે તો કેળવાયેલા રોકાયા છે અને ત્યાં જ તેમની વસતિ પણ છે. ખેતરોમાં, જંગલોમાં, ખાણોમાં, સુતાર લુહારનાં કામમાં કે એવાં જ બીજી કારીગરીનાં ક્ષેત્રોમાં, ઉદ્યોગમાં, લશ્કરમાં, સમુદ્રયાનમાં કે નૌકા ખાતામાં, પ્રવાસમાં કે સાહસ કર્મોમાં અથવા મનુષ્યને લાભકારક થાય, દેશ ઉન્નતાવસ્થામાં આવે કે અમુક અમુક 'માર્ગો આ પ્રમાણે ખુલ્લા થાય' ઇત્યાદિ હિતકર વિચારનાં શાસ્ત્રોમાં ભણેલાઓની વસતિ જણાતી નથી. અત્યારે તો બ્રાહ્મણનો છોકરો, કણબીનો છોકરો કે કારીગરનો છોકરો. જે કોઇ ભણે છે તે નોકરીનેજ ઉજળી સમજી તેમાં જાય છે અને પોતાનો પૂર્વનો ધંધો છોડી દે છે. આજ સુધી જેઓ ભણ્યા તેમણે આજ કર્યું અને હાલ ભણે છે તેઓની વૃત્તિઓ પણ એ જ કરવા તરફ લાગેલી છે: અર્થાત્ રળવાને માટે જ ભણવું અને રળવું તે પણ, હાલ જેને 'માસ્તર ફેશન' કહેવામાં આવે છે અને પૂર્વે જેને કુતરાની વૃત્તિથી પણ તુચ્છ કહેવામાં આવતી તે નોકરીથી જ રળવું, એટલી જ સમજ બંધાયેલી જણાય છે.

અસ્તુ, રળવાને ભણવું અને નોકરીથી રળવું, એ હેતુ પણ કેવો પાર પડ્યો છે તે જોઇએ. સરકારમાં કેળવાયેલાઓની પ્રતિષ્ઠા પડી નથી. લોર્ડ કરઝન તો હિંદવાનોને નિર્જીવ સંચાની માફક કામ કરનારા કહી ગયા અને બીજાઓ પણ લગભગ એવું જ કહે છે. ખાનગી નોકરીમાં પણ કલાર્ક જેટલી જ કિમ્મત અંકાઇ છે અને ઉદ્યોગ ધંધામાં અપ્રમાણિકતાનું કેળવાયેલાઓને માથે આળ આવ્યું છે; અર્થાત્ નોકરીમાં પણ શક્કો કે સાખ પડી નથી. અને લોક વ્યવહારમાં ભણેલા 'માસ્તર' ને નામે મોજી ઉજળાં લુગડાં પહેરનારમાં જ ખપ્યા છે.

આ પ્રમાણે અત્યારે તો લોક મત જણાયો છે, અને ભણેલાઓમાંના કેટલાક દુર્ભાગ્યે એવા નીકળ્યા તેથી પણ લોક મતને પુષ્ટિ મળી છે. નવી કેળવણીની વિરુદ્ધ વિચાર ધરાવનારાઓનો મોટે ભાગે આવો અભિપ્રાય હશે, એ ખરું પરંતુ તેમની બહુ મતી છે એટલે બીજાઓ પણ તે મતને મળે છે અને તેમાં દુર્ભાગ્યે આમ તેમથી એવા ભડકાવનારા બનાવો પણ બની આવે છે. આમાં કોનો દોષ છે તે કોઇથી કહી શકાય નહિ, પરંતુ પોતાનો જ દોષ સમજુ માણસે કાઢવો, એ સારો માર્ગ છે, માટે આપણે જેઓ નવીન શિક્ષણના સંસ્કાર પામ્યા છીએ, તેમણે પોતાનામાં ક્યાં દોષ છે, તે જોવા માંડવું અને ભણવામાં

રળવાનો જ હેતુ સમજણમાં ઠસી ગયેલો છે, તે દૂર કરી તથા "જીવનપર્યંત આપણે તો અભ્યાસીજ છીએ" એમ માનીને જે જે ક્ષેત્રો તરફ આપણા લોકની ગતિ નથી થઈ, તે તે ક્ષેત્રો તરફ હવે પ્રવૃત્તિ કરવા માંડી કંઈક કરી બતાવવાને તત્પર થવું જોઇએ.

શાળામાં અને કોલેજમાં એમ. એ. સુધી ભણ્યા એટલે ભણી રહ્યા, એવું આપણે હાલ માનીએ છીએ, પણ તેવું માનવું નહિ. શાળા અને કોલેજના શિક્ષણને તો આપણે આગલા જ્ઞાનના મુખરૂપ માનવું. એટલા સુધી આપણને ભોમિયાએ માર્ગ દેખાડયો. ભવાટવીનો ત્યાં અંત જ આવી ગયો, એમ માનવું નહિ. ભોમિયાએ ભવાટવીને દરવાજે આપણને મૂકયા અને હવે આપણે આપણી મેળે અંદરના માર્ગ શોધી કાઢી કાઢીને તેમાં આપણી પ્રજાના, દેશના અને દુનિયાના હિતની સડકો બાંધવાની છે, એમ માનવું, એજ આપણું સર્વે ભણેલાઓનું કર્તવ્ય છે એવું જાણી તે માર્ગે પ્રવૃત્તિ કરવી.

આપણે કેળવણી લીધી તેનો નોકરી સિવાય બીજો લાભ શો થયો, તે જોવું. નોકરી ધંધો કરવાની યોગ્યતા મેળવી અને તે મળ્યાં તે પછી આપણામાંના કયા માણસે અભ્યાસ —ખાનગી અભ્યાસ ચાલુ રાખી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો, તે કોઇ પણ બતાવશે? કયો ગ્રેજ્યુએટ વિદ્યાની જુદી જુદી શાખાઓમાંની અમુક, પોતાને ગમતી શાખા લઇ તેમાં નામાંકિત થઇ આપણું અને પરદેશીઓનું ધ્યાન ખેંચી રહ્યો? કોઇ પણ નહિ. કેળવણીની શરૂઆતના વખતમાં પોતાની મિનિટમાં લોર્ડ મેકોલેએ લખ્યું હતું કે, પૂર્વ તરફની ભાષાઓ દ્વારા શિક્ષણ આપવાનું કહેવામાં આવે છે, પરંતુ પૂર્વ તરફની ભાષાઓમાં અભ્યસ્ત પુસ્તકોજ કયાં છે? લોર્ડ મેકોલેનાં વચનો અત્યારે પણ આપણે ખોટાં પાડી શકીએ એમ છે? ના. બે ત્રણ આનાની નાની સરકારી ભૂગોળ, આપણે ભણ્યા તેની તે હાલ પણ ચાલુ છે અને એ બાળક છોકરાનું ઝભલું જ મોટાને માટે પણ હાલ હાથ આવે છે. જેને સંપૂર્ણ ભૂગોળ કહેવાય, એવું એકે પુસ્તકે બનાવવાનો કોઇએ યત્ન કર્યો? આગળ આપણે કહ્યું તેમ રળવાને માટે ભણ્યા છીએ, ને ભૂગોળ લખીએ તેમાંથી રળાય શું? છોકરાંને તે નકામી અને મોટા તો ઇંગ્રેજીમાંથી જે જાણવું હોય તે જાણી લે, એટલે માતૃભાષામાં એવો લાભ વગરનો શ્રમ કોણ લે? હમણાં બેએક હજારનું ઇનામ જાહેર કર્યું હોય તો ડઝન લખનારાઓ અરજીઓ આપે, પણ ના, ઇનામથી લખાવેલું પુસ્તક પણ ઠીક નહિ. એવાં પુસ્તકો તો પોતાના મનની ઊર્મિથી લખાવાં જોઇએ. ભૂગોળ જ નહિ, પરંતુ બીજાં તેવાં જ ઉપયોગી શાસ્ત્રોનાં કયાં પુસ્તકો આપણે હૃદયની ઊર્મિથી લખ્યાં અને કયાં અભ્યાસ કરવા યોગ્ય પુસ્તક બનાવ્યાં પણ? આવાં પુસ્તક લખવાનો ખાલી શ્રમ કોણ કરે? એવો વિચાર ભણેલાઓએ રાખવો નહિ જોઇએ, કારણ કે જેઓ ભણ્યા છે અને ભણે છે તેઓ સમાજના ઋણી છે. થોડાજ વખત ઉપર એક આંકડાશાસ્ત્રીએ ગણતરી કરી બતાવ્યું હતું કે, હાલ દરેક વિદ્યાર્થી પાછળ રૂ. ૧૭૫) ખરચ થાય છે. તેમાંના ૬૮) ફી તરીકે વિદ્યાર્થીનાં માબાપ આપે છે અને રૂ. ૧૦૭) સરકાર આપે છે. સરકાર કેળવણી પાછળ જે નાણાં ખરચે છે, તે ગરીબ લોક પાસેથી મેળવેલી મહેસુલમાંથી આપે છે; એટલે ભણનાર માણસ જેટલો તેના માબાપનો ઋણી નથી તેથી વધારે લોકનો ઋણી છે, અને એ ઋણ તેણે લોકને કેળવવા, એ પોતાની ફરજ સમજીનેજ અદા કરવાનું છે. પ્રજાને શિક્ષણ આપીને આપણે એ પ્રજાકીય ઋણ ફેડવું જોઇએ.

ભણેલાઓએ રળવાનો નહિ, પરંતુ આત્મોન્નતિ અને સ્વપ્રજા તથા દેશોન્નતિ કરવાનો ઉમંગ રાખવો. આપણે આપણું આ કર્તવ્ય-ધર્મ બીલકુલ બજાવતા નથી. આગળ કહેવામાં આવ્યું તેમ, નથી આપણે કોઇ ખાસ વિષયના અભ્યાસ પાછળ લાગતા કે નથી કોઇને ભણાવતા અથવા ઉપદેશ આપતા; માત્ર રળવામાં અને આરામનું જીવન ગાળવામાં જ આપણે આપણું કર્તવ્ય પુરૂં કરવાનુ સમજીએ છીએ. ભણ્યા ગણ્યા અને કમાયા પણ ખરા, છતાં આપણામાંના કયા ભણેલાએ ક્યાંહી પ્રવાસ કર્યો અને ત્યાંની પોતાના અનુભવમાં આવેલી વિગતોથી લોકને જાણીતા કર્યા ? પ્રવાસમાં પણ આપણે આગળના જેટલા જ શિથિલ રહ્યા છીએ. બહુ તો હિંદની ને હિંદની થોડીક યાત્રાઓ કરીએ છીએ અથવા શીતળ ટેકરીઓ ઉપર મોજ કરવાના પ્રવાસ કરીએ છીએ. ઇનસાઇક્લોપીડિયામાં અને બીજે ઠેકાણે આપણે ઘણીવાર વાંચ્યું છે કે, જાવામાં અને જાવાની આસપાસના બેટોમાં-'બાલી' બેટમાં હિંદુઓ રહે છે અને તે હજી પણ મનુના જમાનાની રીતિઓ પાળે છે આપણા દેવોને પૂજે છે અને માને છે. મુસલમાનો અને ખ્રિસ્તીઓ, પોતાનો ધર્મ વધારવાને, વાઘોની રાડોથી ગાજી રહેલાં અગમ્ય અરણ્યોમાં જઇ પહોંચ્યા; મનુષ્યોને જીવતાં જ ખાઇ જાય એવા જંગલીઓને તેમણે જીવને જોખમે પોતાના ધર્મનો બોધ કરી ખ્રિસ્તી બનાવ્યા અને કરોડો રૂપિયાને ખરચે તથા હજારો માણસોના જીવને જોખમે પણ તેઓ પોતાનો ધર્મ વધારવા અને જંગલીઓને માણસાઇમાં આણવાને મથે છે. આ બધું આપણે જોઇએ છીએ તેમજ જાણીએ છીએ છતાં આપણે આપણા ભાઇઓ, જેઓ હજારો વર્ષ થયાં પાસીફિકમાં આપણું 'હિંદુ' નામ ધરાવી રહેલા છે, તેમને વિશેષ બોધ કરવાને અથવા તમે અમારા ભાઇઓ છો એવો ભાવ કરાવવા જતા નથી. ઉપદેશ આપવાનું તો રહ્યું પણ જઇને તેમને જોઇ આવવાની પણ કોને ઉત્કંઠા થઇ ? કયો માણસ જાવા તરફ જઈ તેમને મળી આવ્યો ? જાવા કંઈ દૂર નથી, ભણેલાઓમાંનો કોઇ શું એટલાં નાણાં ખરચવાને પણ સમર્થ નથી? ના, છે; પરંતુ તેને એ પોતાનું કર્તવ્ય હોય એમ સમજાયું નથી, ને 'મારો ભાઇ' એવું વહાલે ઉત્પન્ન થયું નથી. ગઇ તા. ૬ઠ્ઠીના 'ટાઇમ્સ'માં જાવાની હકીકતમાં એક લેખકે જણાવ્યું છે કે, ખૂદ જાવામાં અને બાલીમાં અસલ હિંદુઓ રહે છે, હિંદુની રીતભાતે ચાલે છે અને હિંદુ દેવોને માનેછે. આજ સુધી આપણા વેપારીઓ જાવે જતા અને અત્યારે પણ જાવા જવાની કહેતી આપણે ઘેર ઘેર સાંભળીએ છીએ. પશ્ચિમમાંથી 'ડચ' લોકોએ ત્યાં જઇ પોતાનાં રાજ્ય જમાવ્યાં. ત્યાંના વેપારનાં અને ફળદ્રૂપતાનાં ફળ ચાખ્યાં અને આપણે જેઓ હજારો વર્ષ થયાં જાવા જઇએ છીએ અને આપણા લોકોએ ત્યાં વાસ પુરેલો છે તે આપણે જાવાને અને જાવામાંના આપણા ભાઇઓને તદ્દન વિસરી જ ગયા છીએ. શું એ આપણ ભણેલાઓનો ધર્મ નથી કે, જાવા જવું, ત્યાંના હિંદુઓને હિંદુ તરીકે મળવું અને તેમનો પરિચય વધારી તેમને હિંદુપણાનું વિશેષ અભિમાન અણાવી આપણી તરફ ભાવ ઉત્પન્ન કરાવવો ! ત્યાંથી પાછા આવી પુસ્તકો લખી કે ભાષણો આપી હિંદુસ્તાનમાંના હિંદુઓને તેમના ભાઇઓ તરફ પ્રેમ પ્રકટાવવો. બીજું કંઇ જ નહિ તોપણ તેમની આપણી તરફ અને આપણી તેમની તરફ ભાવના ઉભી કરવી, એ શું આપણું કર્તવ્ય નથી ? શા માટે થોડાક હિંદુ ગ્રેજ્યુએટો ધર્મનો ઝુંડો ઉપાડી એ તરફ ન જાય ? અને જેઓ હિંદુ છે તેમને હિંદુપણાનું અભિમાન ના ચઢાવે ? આમ કરવામાં આવે તો શું આપણે માટે

એક જુના સંસ્થાનનો પુનરુદ્ધાર થયો ન કહેવાય? પાસિફિકમાંના ફીઝી સંસ્થાનમાંથી 'ઇંડિયન રિવ્યુ' માં મણિલાલ ડોકટરે પણ એક લેખ લખી આપણી તરફના ઉદ્યોગ ઇચ્છનારાઓનું લક્ષ ખેંચ્યું છે. ડો. મણિલાલ જણાવે છે કે ફીઝીમાં અહીંથી ગયેલા હિંદુ મજુરોની મોટી વસતિ છે ખ્રિસ્તીઓ તથા ચીનાઓના કરતાં તેમની સંખ્યા ઘણી મોટી છે. વળી જુદી જુદી જાતના ધંધાઓમાં ત્યાં કમાણી પણ સારી છે. આવી બાબતો લોક આગળ રજુ કરી લોકને માર્ગો બતાવવા, એ પણ આપણું કર્તવ્ય છે અને ભણેલાઓની તેમ કરવું એ એક ખાસ ફરજ છે.

યુરોપ, અમેરિકા અને જાપાન તરફના પ્રવાસો તો આપણા જુવાનો ભણવાને માટે કરે છે, પરંતુ ભણી ઉતરેલાઓએ જુદા જુદા દેશોના જુદાં જુદાં દૃષ્ટિબિંદુએ પ્રવાસો કરવાની વૃત્તિને હવે આપણે ઉત્તેજવી જોઈએ. ફરે તે ચરે અને બેઠું ભૂખે મરે, એ કહેવતનું સત્ય આપણે યુરોપના વહાણવટીઓની સફરોમાં જોઈએ છીએ. પૂર્વ તરફના દેશો જે આપણી રીતભાતને અને આપણા ચારિત્રને ગોઠે તેવા છે તે તરફ આપણે શા માટે ન જવું? હિમાલય ઉપર કેટલાય યુરોપિયનો ચઢવા મથે છે ટિબેટ અને ચીનની કેટલા બધા યુરોપિયનોએ મુસાફરીઓ કરી અને યુરોપના લોકોને એ લોકોની રહેણી કરણીનું અને ભાષાનું કેટલું જ્ઞાન છે તે જુઓ. ચીન, ટિબેટ, જાપાન, તુર્કસ્તાન, વગેરે દેશોની ભાષાઓ જાણનારા યુરોપમાં કેટલા બધા વિદ્વાનો છે. હિંદુસ્તાનમાં એવી પરદેશી ભાષાઓના કેટલા વિદ્વાનો હશે? યુનિવરસિટીની કેળવણી લઇ નોકરી ધંધે લાગેલાઓ જો પરદેશી ભાષાઓ ભણવાનું ધારે તો સહેલથી ભણી શકે; પણ તેમને એવી વૃત્તિ જ ઉત્પન્ન થતી નથી. આપણા અમદાવાદનો દાખલો લઇએ. અમદાવાદમાં યુનિવરસિટીની કેળવણી પામેલા બસેં ઉપરાંત માણસો હશે. એ સર્વે પોત પોતાના ગજા પ્રમાણે કમાઇ પણ કરે છે અને જો તેઓ ધારે તો પરદેશી ભાષાઓનો પોતાની મેળે અભ્યાસ કરી શકે. હિંદુસ્તાનની બહારની નહિ તો ખેર, હિંદુસ્તાનમાં બોલતી ભાષાઓમાંની કેટલી ભાષાઓ જાણનાર આપણામાં હશે? કોઇ નહિ. કોઇ બંગાળી કે મરાઠી જાણનાર હશે તો તે પણ ઉપરચોટિયા; અભ્યાસ કરીને ભણેલી નહિ. આપણી પૂર્વ તરફની ભાષાઓની એક બીજા સાથે સરખામણી અને વ્યુત્પત્તિ યુરોપિયન વિદ્વાનો આપણને બતાવે, એ શું આપણ ભણેલાઓને શરમાવા જેવું નથી? એકાદ દહાડો સરકાર આપણને ટપાલ ખાતું સોંપે તો આપણે જુદી જુદી ભાષામાં થયેલાં સરનામાં કોની પાસે વંચાવીએ? એવો વારો આવે કે પરદેશ ખાતે આપણા એલચીઓ મોકલવાના હોય તો આપણે કોને ટિબેટ મોકલવો, અને કોને ચીન મોકલવો? ઘેર બેઠે બેઠે નવરાશના વખતમાં જે કામ કરી શકાય તે કામ કરવાની પણ આપણામાં વૃત્તિ જાગૃત થઇ નથી. એકાદ સભામાં જઇને આમ તેમથી એકઠા કરેલા વિચારના લોક રંજન થાય એવા ઓરંગા માર્યા અથવા એકાદ કોઈ મૂળ લેખનો સાર હૃદયમાં રાખી એકાદ વિષય લખી કાઢયો, એટલે આપણે સાક્ષરમાં ગણાયા; અને દેશનું દળદર ફિટાવી નાંખ્યું! આમ નહિ. હવે તો એવો વખત આવ્યો છે કે આપણે ભણેલાઓએ કામધંધા ઉપરાંત ખાનગી નવરાશના વખતનો સદુપયોગ કરી વિદ્યાની જુદી જુદી શાખાઓનો અભ્યાસ કરવા જેવું જીવન ગાળવું, કે જેથી આપણે આપણને પોતાને અને દેશને ઉપયોગી થઈ પડીએ.

શાસ્ત્રીય તેમ કળા પ્રધાન જ્ઞાનની અત્યારે આપણા દેશને બહુ જરૂર છે અને તે ખાનગી અભ્યાસથી જ દેશને આપી શકાશે. ન્યૂટને ઇનામ લઇને શોધ કરી ન હતી, આગગાડી અને સાંચાઓ જે આજ આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે છે તે, શાસ્ત્રીય અને કળા પ્રધાન જ્ઞાન વગર ઉત્પન્ન થયેલ નથી. જુની સાળો આપણને તુચ્છ લાગી અને નવી સાળો બનાવી શક્યા નહિ એટલે આપણે માટે તો એમ થયું કે, એય ગયું ને તેય ગયું. 'ભુંઇ સુંઘણિયા' પણ જતા રહ્યા ને ભૂસ્તરશાસ્ત્રીઓ પણ ઉત્પન્ન ન થયા? જુની રીતે ખેતી કરવી આપણને ઠીક લાગી નહિ અને નવી રીત શોધીએ કાઢી નહિ એટલે એય ગુમાવ્યું અને અને તેય ગુમાવ્યું; આવી સ્થિતિ થઇ. આ બધી પરિસ્થિતિ ઉપર ધ્યાન આપી આપણે કે જેઓ કંઇક દેખતા થયેલા છીએ, તેમનો એ ધર્મ–ફરજ છે કે, દેશને ઉપયોગી બાબતોનો ખાનગી અભ્યાસ વધારવો અને લોકોને તેનો લાભ આપવો. (અપૂર્ણ.)

**મણિલાલ છબારામ ભટ્ટ.**

---

# નેપાળ પ્રવાસ વર્ણન.

મનુષ્ય પ્રાણી સ્વાર્થી છે તેનો મને આજે પૂર્ણ અનુભવ થયો. કેટલાક વખતે સારાં પુસ્તકો વાંચવાથી તથા અસરકારક ભાષણો સાંભળવાથી કર્તવ્યબુદ્ધિ અથવા પરમાર્થ બુદ્ધિને એક પ્રકારનું કૃત્રિમ જોર મળે છે અને હું "અમુક જનસેવા કરીશ" એવો મનમાં સંકલ્પ કરવામાં આવે છે. તેની સાથે કેટલીક વખતે મન પણ કોમળ થાય છે અને બીજાનું દુઃખ જોઇ સહાનુભૂતિ પણ ઊત્પન્ન થાય છે. પણ આવા સંકલ્પો પૂર્ણ વિચાર કર્યા વગર કરેલા હોવાથી જ્યારે ખરી કસોટીનો વખત આવે છે ત્યારે સ્વાર્થબુદ્ધિ આગળ તે ટકી શકતા નથી. મનુષ્ય પ્રાણી પ્રથમ પોતાનું સુખ જુવે છે અને પોતાના સુખના પુરતાં સાધન ઉપરાંત કાંઇ વધારે પોતાની પાસે હોય તોજ બીજાને તેમાંથી થોડું આપવાની તેને ઇચ્છા થાય છે. સખત ઠંડીમાં પોતાની પાસે બે કામળી હોય તોજ એક કામલી ત્હાડે ઠુંઠવાતા બીજાને આપવાની ઇચ્છા થાય છે. પણ ફક્ત એકજ હોય તો આપણે ઠંડીમાં બીજાને ઠુંઠવાતો જોયા કરીએ છઇએ. જેની પાસે અધિક સાધન છતાં કોઇને તેમાંથી કાંઇ ન આપે તે કંજુસ અને જે આપે તે પરમાર્થી. પણ બીજાને રકમ આપવાને પોતે જાતે દુઃખ ભોગવે અને પોતાની પાસે જે કાંઇ થોડું હોય તે આપી દે એવા સાધુ પુરૂષો બહુજ વિરલ. આવા સ્વાર્થ ત્યાગના દાખલા પ્રેમ અને શુરાતનનો જુસ્સો હોય ત્યાં જોવામાં આવે છે. કેટલેક ઠેકાણે ધર્મની લાગણી પ્રબળ હોય છે ત્યાં પણ નજરે પડે છે. પ્રેસિડન્ટ ગારફીલ્ડની માએ પોતાના નાનાં છોકરાંઓ ભૂખે ન મરે એટલા માટે અવરનવર દહાડે અપવાસ કરી ખરો માતૃપ્રેમ દર્શાવ્યો છે. ટાઇટેનીકના અકસ્માતમાં સ્ત્રીઓનું રક્ષણ કરવાને સ્ત્રીઓને નાના મછવામાં બેસાડી પોતાનો પ્રાણ દરીઆને બળી આપી પુરૂષોએ પોતાનું વીરત્વ બતાવ્યું છે. પણ એવાં ઉદાહરણ બહુજ થોડાં માલમ પડે છે. **आत्मानं सततं रक्षेत् दारैरपि धनैरपि** એ કહેવત આ-

પણી સમાજમાં ઘણી પ્રરૂઢ છે. અને તે આપણી સ્વાર્થ બુદ્ધિ અને સ્ત્રી તરફની અવગણના તેમજ કેટલેક અંશે આપણી નબળાઇનું દર્શન કરાવે છે. મારામાં મને એ નબળાઇ પ્રત્યક્ષ જણાઇ અને કૃતિ અને સંકલ્પમાં ઘણો અંતર લાગવા માંડયો. ગમે તેમ મનવાળી રાત્રિ કાઢી.

બીજે દિવસે ( તા. ૫ ) સવારે પાછું ચાલવાનું શરૂ કર્યું. આજે અમારે એકદંતો અને ચંદ્રગઢ એ બે પહાડ ઓળંગવાના હતા. આમાંના પહેલા પહાડમાં ન્હાના મ્હોટા ડુંગરો છે. કેટલેક ઠેકાણે સપાટ રસ્તો છે. એ પહાડ અમે સહેલાઇથી ઓળંગી ગયા. ચંદ્રગઢ સીસાગઢના જેવોજ ઉંચો અને ઊભો છે. લગભગ દસ અગીયાર વાગતે અમે એ પહાડની તળેટી આગળ આવ્યા. ત્રણ કલાક વિસામો લઇ બે વાગતાને સુમારે અમે એ પહાડ ચઢવા માંડયો. અરધો પહાડ ચઢયા એટલે એકદમ વાદળાં ઘેરાઇ આવ્યા. અમને લાગ્યું કે થોડીવારમાં આકાશ સ્વચ્છ થઇ જશે પણ અમારૂં ધારવું ખોટું પડયું. જેમ જેમ અમે ઉપર ચઢતા ગયા તેમ તેમ આકાશ વધારે ઘેરાવા લાગ્યું, અને એકદમ કરાં પડવા માંડયાં. અમારાથી આગળ વધાયું નહિ અને એક ઝાડ નીચે બેસવાની જરૂર પડી. હું બેઠો હતો ત્યાં મારી પાસે એક સાધુ આવીને બેઠો. એની પાસે છત્રી નહોતી તેથી એ વધારે હેરાન થતો હોવાથી પશુપતીશ્વરને ગાળ દેવા લાગ્યો. દેવનું આવી રીતે અપમાન થતું જોઇ મને કંપારી છુટી. થોડીવાર પછી હું વિચાર કરવા બેઠો અને દેવને ઉદ્દેશીને મનમાં ને મનમાં બોલવા લાગ્યો કે " હે પશુપતીશ્વર સંસારના ત્રિવિધ તાપથી તપેલા તારા ભક્તો સંસારની બધી ઉપાધિ છોડી તારે શરણે આવવાને નિકળ્યા છે અને આટલી હાડમારી ભોગવી અહીં સુધી આવ્યા છે છતાં તારા વિચાર પ્રમાણે તેમની શ્રદ્ધાની કસોટી હજી પૂર્ણ થઇ નહિ હોય એમ સમજી તેં મેઘરાજને અમારી શ્રદ્ધાની પરીક્ષા કરવાને મોકલ્યા છે ? અથવા આજ તારા દરબારમાં હજારો ભક્તો તારી સમક્ષ આવી તારા દર્શન કરતા હશે તે જોઇ આનંદમાં નિમગ્ન થઇ ગએલો છે તેથી તારા બીજા ભક્તો તરફ તારૂં દુર્લક્ષ છે ? પણ જો એમ કહુ તો તારી સર્વવ્યાપકતામાં ન્યૂનતા આવે. બધા તને ભક્તવત્સલ અને દુઃખ–ભંજન કહે છે. પણ આ તારી વત્સલતા ? તને દુઃખભંજનને બદલે દુઃખરંજન કહીએ તો શું ખોટું ? પણ નહિ, ઇશ્વર, તારી ગહન ગતિનો કાંઇ પાર આવે એમ નથી. તારા દરેક કાર્યમાં કોઇને કોઇ સારો હેતુ હોય છે તેમજ આમાં પણ કાંઇ હશેજ પણ તે મારા જેવા અલ્પ બુદ્ધિવાળા પ્રાણીથી સમજાતો નથી. તારો હેતુ જે હોય તે ખરો પણ અમે તો કષ્ટ પામીએ છઇએ અને આવા કષ્ટમાંથી અમને જેમ બને તેમ જલદીથી મુક્ત કર " આ પ્રમાણે વિચાર કરતો બેઠો હતો એટલામાં વરસાદનું સખત ઝાપટું આવ્યું. રાત પડે તે અગાઉ પહાડ ઊતર્યા વગર છુટકો નહોતો કારણ કે પહાડપર રહેવાની કોઇ જગ્યા ન્હોતી. ભર વરસાદમાં અમે ચઢવાનું પાછું જારી કર્યું. પહાડપર માટી હોવાને લીધે લપસણું થયું હતું. કેટલાક લપસીને પડયા અને તેમાંના કેટલાકનાં માથાં પણ ફુટયાં. મારો પગ પણ બે વખત લપસી પડયો પણ સદ્ભાગ્યે કાંઇ ઇજા થઇ નહિ. એક બાઇ તો વરસાદ અને ઠંડી હવા ખમી નહિ શકવાથી રસ્તાની બાજુએ સુતી અને થોડી વારમાં તેણે પ્રાણ ત્યાગ કર્યો. જે યાત્રાળુ એને જોતા તે એનાપર દયાની દૃષ્ટિ કરી નીસાસો નાખી પોતાની સ્થિતિ એ બાઇ કરતા સારી છે એમ વિચાર કરી, મનમાં આનંદ

માની આગળ ચાલ્યો. એ બાઇની પાસે બીજું કોઇ માણસ ન્હોતું તેથી તે એકલી આવી હોવી જોઇએ એમ મને લાગ્યું.

આ બાઇને જોઇ હું દેવને દોષ દેવા લાગ્યો અને એના પર નિર્દયતાનો આરોપ મેલવા લાગ્યો. પણ થોડીવાર વિચાર કરતાં એમ લાગ્યું કે કદાચિત એ બાઇનો જીવાત્મા સ્થૂલ દેહદ્વારા પશુપતીશ્વર પાસે જવાને અશક્ત થઇ ગએલો હોવાથી દેવે એને એના સૂક્ષ્મદેહદ્વારા પોતાની સન્મુખ બોલાવ્યો હશે એમ ધારી દેવપર આરોપ મુકવાનું પાતક કરવા માટે મન થોડી વાર ખિન્ન થયું. બાઇની સાથે એનાં સગાં વહાલાં યાદ આવ્યાં. તે બિચારાં આજ આનંદમાં ઘેર બેઠાં હશે અને સમજતાં હશે કે આવતી કાલે ( એટલે શિવરાત્રિને દિવસે ) પશુપતીશ્વરના દર્શન કરી એ કૃતકૃતાર્થ થઇ થોડા દિવસમાં પાછી ઘેર આવશે. બે ચાર દિવસ પછી એની ઘેર આવવાની રાહ જોશે. થોડા દિવસ પછી એમ ધારશે કે બીજી જાત્રા કરવા ગઇ હશે અથવા તો કાંઇ રસ્તો ભુલી હશે તેથી આવતાં મોડું થયું હશે. આ પ્રમાણે અનેક તર્કવિતર્ક કરી મનનું સમાધાન કરશે અને ઘણા દિવસ પછી એની આશા છોડી નિરાશ થશે.

ગમે તેમ કરી સાંજ પડયા અગાઉ પહાડની નીચે ઊતર્યા વગર છુટકો ન્હોતો. પહાડપર ટોપલીવાળાં કુલીઓ ફર્યા કરતા હતા તેમાંના બે કુલીઓ અમે બે જણે ભાડે કરી તેમનો હાથ ઝાલી અમે નીચે ઊતર્યા. ઇશ્વિરે નવો અવતાર આપ્યો એમ મને લાગ્યું. અહીંથી ખટમંડુ ૭ માઇલ દુર હતું. જો અમને વરસાદ નડયો નહિ હોત તો તેજ દિવસે સાંજ સુધીમાં અમે પશુપતીશ્વર પહોંચી જાત પણ પહાડ ઊતરવામાં ઘણો વખત લાગવાથી અમારાથી અગાડી જવાયું નહિ. ગઇ રાતની માફક અહીં પણ રાત વાસો કરવાને જગા મળતાં મુસ્કેલી પડી પણ ગમે તેમ અમે અમારો સમાસ કરી લીધો.

તા. ૬ ઠીએ આ ગામ છોડી અમે આગળ ચાલ્યા. આકાશ સ્વચ્છ થવા લાગ્યું હતું. પહાડની મુસાફરી પુરી થઇ હતી. અને ખટમંડુ સુધીનો રસ્તો સપાટ હતો. અડધોક કલાક ચાલ્યા એટલે હીમાચ્છાદિત પહાડ જણાવા લાગ્યા, જે દૂરથી કપાસના ઢગલા જેવા જણાતા. જેમ જેમ દિવસ ચઢવા લાગ્યો તેમ તેમ સૂર્યના કિરણો બરફ પર પડવાથી પહાડો ચાંદીના સ્થંભ જેવા જણાતા. કેટલેક ઠેકાણે પહાડોની ટોચ વાદળાંથી ઢંકાઇ ગએલી તેથી તે આકાશના સ્થંભ જેવા દેખાતા. હવે અમે ખુલ્લા મેદાનમાં આવ્યા. દૃષ્ટિ મર્યાદા બહુ દૂર સુધી પહોંચી શકતી. કેટલેક ઠેકાણે છુટા છવાયાં ઝુપડાં અને કેટલેક ઠેકાણે ન્હાનાં ગામડાં દેખાતાં. એકાદ કલાક ચાલ્યા એટલે ખટમંડુ શહેરની મ્હોટી ઇમારતો અને મીનારાઓ જણાવા લાગ્યા. લગભગ સાડાઆઠ વાગતે અમે ખટમંડુ પહોંચ્યા. ઘણી મહેનતે મેળવેલી ચીજનો ઉપભોગ કરવામાં ઘણો આનંદ આવે છે તેમ ખટમંડુ શહેર જોવાથી અમને ઘણો આનંદ થયો. ત્યાંના ઘરોની બાંધણી, લોકોનો પહેરવેશ, બજારની રચના વિગેરે જોતાં અમે નવા દેશમાં આવ્યા એમ અમને લાગ્યું. ખટમંડુથી પશુપતીશ્વર બે માઇલ દૂર છે. શહેરના બજારમાંથી પસાર થઇ પાધરા અમે ત્યાં ગયા. અહીં નેપાલ રાજ્યની ઘણી ધર્મશાળાઓ છે. અમે ગયા તે દિવસે બધી ધર્મશાળાઓ ભરાઇ ગઇ હતી તેથી અમે પશુપતીશ્વરના પૂજારીને ત્યાં ઉતારો કર્યો.

પશુપતીશ્વરનું દેવાલય બાગમતી નદીના ઓવારા પર આવેલું છે. એ નદીનો પટ

પચીસથી ત્રીસ ફુટ છે અને તેમાં ઘુંટણ સમાન પાણી છે. એક પારથી બીજે પાર જવાને એક ન્હાનો પુલ બાંધ્યો છે. દેવાલય પેગોડાના આકારનું બાંધેલું છે. તેનું ઉપરનું લાકડાનું કોતરકામ ત્યાંનાજ કારીગરોએ કરેલું ઘણુંજ સુંદર છે. દેવાલયની ચારે બાજુએ ઓસરી છે જે પીતળના પત્રાંથી જડેલી છે. એની ચારે બાજુએ એક એક દરવાજો છે. તેમાંનો મુખ્ય દરવાજો સોનાના ઓપ ચઢાવેલા પત્રાંથી અને બીજા ત્રણ દરવાજા ચાંદીના પત્રાંથી મઢેલા છે અને આખી દીવાલ ઉપર ત્રાંબાના પત્રાં જડેલાં છે. મુખ્ય દરવાજાની સામે સોનાના ઓપ ચઢાવેલા પત્રાંથી જડેલો પંદરેક ફુટ લાંબો અને તેના પ્રમાણમાં ઉંચો એક નંદી મુકેલો છે. આ નંદી કોઇ રાજાએ દેવસ્થાનને ભેટ આપેલો છે. મુખ્ય દેવાલયની આસ-પાસ બીજા કેટલાક નાનાં દેવાલયો છે; તેમાંનાં લગભગ બધાંજ મહાદેવનાં છે. એક ઠેકાણે ન્હાની દીવાલોનો અભિમન્યુનો ચક્રાવો કાઢેલો છે. અને દીવાલોપર ન્હાનાં ન્હાનાં અસંખ્ય મહાદેવનાં બાણો ગોઠવેલાં છે. ભાવિક યાત્રાળુઓ આ ભુલભુલામણીમાં ફરતા અને દરેક બાણ પર થોડા થોડા ચોખા ચઢાવતા. મુખ્ય દેવાલયના એક દરવાજાની સામે દસ ફુટ ચોરસ ત્રાંબાનું પત્રું જડેલું છે. આ પત્રાં ઉપર અન્નકુટને દિવસે પ્રસાદની સામગ્રી મુકવામાં આવે છે. એની નીચે કાશીનું કરવત છે અને એના પર જે આળોટે તેને મુક્તિ મળે છે એવું અજ્ઞાન ભાવિકોને સમજાવી દેવાલયના ઢોલીઓ ( જે તપાસ કરતાં જાતના દરજી હતા એ માલમ પડયું ) એક એક પૈસો લઇ તેમને આળોટવા દેતા.

મહાદેવની પીંડી લગભગ પાંચ છ ફીટ ઊંચી છે અને તેની ચારે બાજુએ એક એક મુખ છે. મ્હોટા પર્વે અથવા યાત્રાના વખતમાં દેવાલયના ચારે દરવાજા ખુલ્લા મુક-વામાં આવે છે જેથી ચારે મુખના દર્શન થાય છે. સાધારણ દિવસમાં ફક્ત એકજ દર-વાજો ઉઘાડો રાખવામાં આવે છે. આ મહાદેવની સ્થાપના આદિ શંકરાચાર્યે કરેલી છે એવું કહેવામાં આવે છે. અહીંના લોકો માંસહારી હોવાને લીધે શંકરાચાર્યની આજ્ઞાનુસાર પૂજારી તરીકે દક્ષિણના બ્રાહ્મણને નીમવામાં આવે છે. હાલનો પૂજારી તેલંગુ બ્રાહ્મણ છે.

આપણા દેશમાં કેટલાક દેવોના સંબંધમાં અલૌકિક આખ્યાયિકા ચાલે છે જેવી કે અંબાજીમાં વાઘનું રાત્રે દર્શન કરવા આવવું, ડાકોરમાં લીમડાની એક ડાળ મીઠી વિગેરે. આવી આખ્યાયિકાઓ કેટલીક વખતે તે સ્થાનના ધનના લોભી બ્રાહ્મણો તરફથી ઉપસ્થિત કરવામાં આવી હોય એમ લાગે છે. પશુપતીશ્વરના સંબંધમાં પણ એક આખ્યાયિકા આખા હિંદુસ્થાનમાં પ્રચલિત છે. આ આખ્યાયિકાનો વિશેષ પ્રસાર કરવામાં બાવાઓ કેટલેક અંશે કારણભૂત છે. તેઓ ત્યાં જાય છે પણ પૂર્ણ તપાસ કર્યા વિના ત્યાંથી પાછા ગયા બાદ પોતાની યાત્રાનું વર્ણન કરે તેમાં લોકો તરફથી સાંભળેલી આ આખ્યાયિકા પણ કહે છે જેથી કેટલાક ભાવિકો તે ખરી માને છે,

એવું કહેવામાં આવે છે કે પશુપતીશ્વરની પીંડી પારસમણીના પત્થરની છે અને તેને જે કાંઈ ચીજ અડકે તે સોનું થઈ જાય છે. ઉત્તર હિંદુસ્થાનમાં દેવાલયોમાં અંદરના ભાગમાં જઈ મૂર્તિને અડકવાની બધાને છુટ હોય છે. પશુપતીશ્વરના પુજારીઓ દક્ષિણના બ્રાહ્મણો હોવાથી ત્યાંના રિવાજ પ્રમાણે દેવાલયના અંદરના ભાગમાં કોઇને જવા દેવામાં આવતા નથી અને પૂજારી શિવાય કોઇને પણ પીંડીને અડકવા દેવામાં આવતા નથી. આથી ઉપરની આખ્યાયિકાને વધારે પુષ્ટિ મળી છે. આ આખ્યાયિકા તદન અસંભવિતજ

છે અને એને માટે કાંઈ વધારે તપાસ કરવાની જરૂર જેવુંજ ન્હોતું. કારણ કે જો એ પ્રમાણે સોનું થઈ જતું હોય તો તેનાપર બિલપત્ર અને પાણી ચઢાવવામાં આવે તે પણ સોનું થઈ જાય. છતાં પણ અમે ત્યાંના એક માહિતગાર મારફતે પાકી તપાસ કરી એ પરથી માલમ પડ્યું કે એ વાત તદન અસત્ય છે. ગુજરાતમાં પણ કેટલાકને મ્હોડે મેં આ વાત સાંભળેલી હોવાથી આ ખોટી સમજુત દૂર કરવાને એની અહીં નોંધ લીધી છે.

મ્હોટી જાત્રાના પ્રમાણમાં બહુજ મ્હોટો મેળો ભરાતો હશે અને ત્યાં નેપાલમાં બનતી જુદી જુદી જાતની અનેક ચીજો વેચાવા આવતી હશે એમ અમારૂં ધારવું હતું, તે ખોટું પડ્યું. દસબાર અનાજની અને તેટલીજ મીઠાઈ વાળાની અને થોડી વાસણ વેચવા વાળાની અને કેટલીક પરચુરણ દુકાનો શિવાય વધારે દુકાનો ન્હોતી. અમારા પાસે કેટ-લાક ગૃહસ્થોએ સાલીગ્રામ અને રૂદ્રાક્ષ મંગાવ્યા હતા. પણ સાલીગ્રામ તો અમને એક પણ મળ્યો નહિ. તપાસ કરતાં માલમ પડ્યું કે એની કાંઈ ત્યાં ખાસ દુકાનો નથી પણ ભુતીઆઓ (ભુતાનના રહેવાશીઓ) કેટલીક વખતે વેચવાને લાવે છે. મેળામાં કોઈ ભુતીયો આવ્યો નહોતો. રૂદ્રાક્ષના ઝાડ ખટમંડુથી લગભગ દોઢસો માઇલ દુર જંગલમાં ઉગે છે. ત્યાંથી રૂદ્રાક્ષ લઈ આવતા ઘણો ખર્ચ લાગતો હોવાથી તે ઘણાં મોંઘા મળે છે.

નાસક, પંઢરપુર એવા મ્હોટા યાત્રાના સ્થાનોમાં જ્યારે ઘણા માણસોનો સમુહ થાય છે ત્યારે કોલેરા, મરકી એવા કેટલાક રોગો ફાટી નીકળે છે. તેનું મુખ્ય કારણ સુધરાઈ ખાતાની વ્યવસ્થામાં કાંઇ ખામી હોવી જોઇએ. નેપાળ રાજ્ય તરફથી સુધરાઇની બહુજ સારી વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેથી કાંઇ પણ રોગ ફાટી નીકળવાનો સંભવ નહોતો એટલુંજ નહિ પણ મેળામાં આવેલાં માણસોની સંખ્યાના પ્રમાણમાં મૃત્યુની સંખ્યા પણ ત્યાં ઘણીજ થોડી હતી. બાગમતી નદીના કિનારા પરજ સ્મશાન ભુમિ છે. અમે રહ્યા તે દરમ્યાન અમે ફક્ત એકજ મુડદું બળતું જોયું.

તા. ૭ મીએ અમે ખટમંડુ શહેર જોવા નિકળ્યા. શહેરમાં દાખલ થતાં ત્યાંના દેવા-લયો પરદેશીઓનું ધ્યાન આકર્ષે છે. જે બાજુએ દૃષ્ટિ પડે તે બાજુએ દેવાલય જણાય. કલકત્તાને City of palaces કહે છે તેમ ખટમંડુને City of temples કહીએ તો ચાલે. આમાંનાં કેટલાક બૌધધર્મીઓનાં અને કેટલાક હિંદુઓનાં છે. હિંદુઓનાં ઘણાંખરાં દેવાલયો મહાદેવનાં છે. આ બધાં દેવાલયો પેગોડાના આકારના છે. લગભગ બધા દેવા-લયોના છાપરાની કોરણે નાની ઘંટડીઓ બાંધેલી હોય છે જેમાંથી પવન ફુંકાતો હોય ત્યારે ઘણુઘણાટ અવાજ નિકળે છે. શહેરમાં નાનાં નાનાં ઘણાં બજાર છે. મુખ્ય બજાર, ઇંદ્રચોક, શહેરના મધ્યભાગમાં આવેલું છે. દુકાનોમાં ઘણોખરો પરદેશી માલ અમારી નજરે પડ્યો. પહાડની નીચેથી માલ લાવતા ઘણો ખર્ચ પડતો હોવાથી હિંદુસ્તાન કરતાં ત્યાં પરદેશી માલ ન્હોઢી અને કેટલીક વખતે બમણી કીંમતે વેચાય છે. ત્યાંની સ્થાનિક બનાવટની કાંઇ ચીજ નમુના દાખલ લેવાનો અમારો વિચાર હતો પણ વાઘ અને હરણનાં ચામડાં શિવાય બીજી કાંઇ ત્યાંની ખાસ લઇ આવવા જેવી જણસ અમારી નજરે પડી નહિં.

(અપૂર્ણ.)

ત્ર્યંબકલાલ ચન્દ્રશંકર.

## જાહેરખબર.

### પારિતોષિક આપીને લખાવવાનાં પુસ્તકો સંબંધી

ગયા અંકમાં આપેલી જાહેરખબર સંબંધે વિશેષ ખુલાસો નીચે પ્રમાણે આપવામાં આવે છે.

**ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી નીચે જણાવેલાં પુસ્તકો પારિતોષિક આપીને લખાવવાનાં છે માટે જેમને તે લખવાની ઈચ્છા હોય તેમણે તા. ૩૦ મી જૂન ૧૯૧૪ સુધીમાં, નમુના દાખલ દશ પંદર પાના જેટલું લખાણ અને આખા અનુક્રમણિકા, ઑનરરી સેક્રેટરી, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદ, એમના ઉપર મોકલી આપવાં.**

૧. **શારીરવિદ્યા** ( સચિત્ર ) સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થએલાં ખગોળ વિદ્યા, રસાયન શાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર, વગેરે પુસ્તકોના ધોરણ અને પદ્ધતિને અનુસરતું, એક સ્વતંત્ર, નવીન પુસ્તક. સાઇઝ સુપર રૉયલ ૧૬ પેજી પૃ. ૩૦૦ ઇનામ રૂ. ૩૦૦.

૨. **ઉત્ક્રાંતિવાદ** ( ડાર્વિનના સુપ્રસિદ્ધ સિદ્ધાંતનો ઉલ્લેખ અને વિવેચન અને શરૂઆતથી આજ દિન સુધીનો હેવાલ—તેમાં થએલા ફેરફારો અને સુધારા વધારા સાથે સુ. રૉ. ૧૬ પેજી પૃ. ૩૦૦. ઇનામ રૂ ૩૦૦.

૩. **નીતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો.** પાશ્ચાત્ય નીતિશાસ્ત્રનાં સિદ્ધાંતોનું નિરૂપણ અને ચર્ચા અને નીતિના વિચારની પ્રગતિ અને ઇતિહાસ—ગ્રીક કાળથી, સાંપ્રત સમય સુધીનો,—એક સ્વતંત્ર અને નવીન પુસ્તક—પાશ્ચાત્ય અને પૌર્વાત્ય નીતિવિચારોની સમાલોચના અને તુલના કરાવનારા ઉપોદ્ઘાત સાથે. પૃ. સં. ૩૦૦. ( સુ. રૉ. ૧૬ પેજી). ઇનામ રૂ. ૩૦૦.

૪. **ગુજરાતી ભાષાનો ઇતિહાસ.**—તે ભાષાની ઉત્પત્તિ, વિકાસ અને આધુનિક સ્થિતિના હેવાલ સાથે. એક સ્વતંત્ર પુસ્તક પૃ. સં. ૨૫૦. ઇનામ રૂ. ૩૦૦.

૫. **ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ.** ( પંદરમા સૈકાથી તે ઓગણીસમા સૈકા—કવિ દલપતરામના કાળ-સુધીનો.) વિવેચનાત્મક સ્વતંત્ર ગ્રંથ પૃ સં. ૫૦૦. ઇનામ રૂ. ૫૦૦.

૬. **ગુજરાતી ગદ્યસંગ્રહ.** ( ઇંગ્રેજી સાહિત્યમાં મી. મેકે કૃત ૧૦૦૧ ગદ્ય સંગ્રહનું પુસ્તક છે, તે ધોરણે-ગુજરાતી સાહિત્યમાંના-પ્રાચીન અને અર્વાચીન-ગદ્ય લેખકોનાં પુસ્તકોમાંના ઉત્તમ ફકરાની સુંદર પસંદગી-ગદ્ય વિકાસના એક ઐતિહાસિક ઉપોદ્ઘાત સાથે. પૃ. ૩૦૦ ઇનામ. રૂ ૩૦૦

૭. **ગુજરાતી પદ્યસંગ્રહ.** ( ઇંગ્રેજી સાહિત્યમાં મી. મેકે કૃત ૧૦૦૧ પદ્ય સંગ્રહનું પુસ્તક છે, તે ધોરણે, ગુજરાતી કાવ્ય સાહિત્ય-પ્રાચીન અને અર્વાચીનમાંથી ઉત્તમ કાવ્યોની પસંદગી, એક ઉપોદ્ઘાત સાથે. પૃ ૩૦૦ ઇનામ રૂ. ૩૦૦

૮. **નિબંધસંગ્રહ**—( ગુજરાતી વાચકોને ઉપયોગી વિવિધ વિષયો, જેવા કે, વિજ્ઞાન, કળા, હુન્નર, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત, પરચુરણ માહિતી, નીતિ વગેરે પર સામાન્ય અને ઉપયોગી જ્ઞાન મળી શકે તેવા નવા અને અપ્રસિદ્ધ નિબંધો, સરળ અને સાદી ભાષામાં. ( રાજકીય અને ધાર્મિક વિષયો તેમજ અંગત વાદવિવાદના વિષયો આવવા ન જોઇએ. ) પૃ. ૩૦૦ ઇનામ રૂ. ૩૦૦

૯. **ટુંકી વાર્તાઓ** (ઇંગ્રેજીમાં મીસ. મેરી એજવર્થ કૃત. મોરલ ટેલ્સ, તેમજ બાળમિત્રની વાર્તાના ધોરણપર રચાએલી, અસરકારક અને બોધક નિવડે તેવી ટુંકી વાર્તો. પૃ. ૨૫૦ ઇનામ રૂ ૨૫૦

૧૦ **અમદાવાદનો ઇતિહાસ** (મુંબાઇ સરકાર તરફથી પ્રસિદ્ધ થએલ અમદાવાદ ગેઝીટીઅર પદ્ધતિ અનુસાર—એક સ્વતંત્ર પુસ્તક. ઈ. સ. ૧૯૧૨ સુધી) પૃ. ૩૦૦.

ઇનામ રૂ. ૩૦૦.

૧૧. **મુંબાઇનો ઇતિહાસ** (મી. એસ. એમ. એડવર્ડ્ઝ રચિત મુંબાઇ ટાપુના ઇતિહાસની પદ્ધતિ મુજબ—તેને અનુસરીને એક સ્વતંત્ર પુસ્તક. પૃ. ૩૦૦.

ઇનામ. રૂ ૨૦૦.

૧૨. **પેશ્વાનો ઇતિહાસ**—પેશ્વાની ચઢતી, તેમની કારકિર્દી, તેમના અમલ. રાજસંપત્તિ, વૈભવ અને પડતી વગેરેનો ઇતિહાસ —સરળ ભાષામાં. પૃ ૩૦૦ ઇનામ રૂ ૨૦૦

૧૩. **મરાઠા રાજ્યોનો ઈતિહાસ**—(હોલ્કર, સિંધિયા, ગાયકવાડ, ભોંસલે વગેરેનો) પૃ. ૪૦૦ ઇનામ રૂ.૩૦૦

૧૪. **પરદેશી મુસાફરોનાં વૃત્તાંત**—(ગ્રીક, ચીના, મુસલમાન અને યુરોપિયન—મુસાફરોના હેવાલનો સંક્ષેપમાં વૃત્તાંત) પૃ. ૩૦૦ ઇનામ રૂ ૨૫૦

નં. ૬ અને ૭ સિવાયના લેખો ભાષાંતરરૂપના કે અનુવાદરૂપના કે બહુધા ઉતારારૂપના હોવા ન જોઇએ પણ લેખકના સ્વ રચિત હોવા જોઇએ.

નં. ૬ અને ૭ માંના ઉતારા માટે કોપીરાઇટનો વાંધો ન આવે તે સારૂ લેખકે ગ્રન્થકારની સંમતિ મેળવીને સંગ્રહ કરવો જોઇએ.

**રમણભાઇ મહીપતરામ નીલકંઠ**
**ઓન. સેક્રેટરી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી,**

---

## સોસાઈટીના લાઇફ મેમ્બરોને અગત્યની ખબર.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના લાઇફ મેમ્બરો તથા રજીસ્ટર લાઇબ્રેરીઓને ભેટ આપવાનાં નીચેનાં **નવાં પુસ્તકો** તૈયાર થયા છે, તે થોડી મુદતમાં રવાના કરવામાં આવશે. બનતાં સુધી એ ભેટનાં પુસ્તકોનું પારસલ રેલ્વે પારસલથી મોકલવામાં આવશે. તેથી જે સ્થળે સીધો રેલ્વે સંબંધ નથી, તે સ્થળના મેમ્બરોને તથા રજીસ્ટર્ડ લાઇબ્રેરીઓના સેક્રેટરીઓને નજદિકનું રેલ્વે સ્ટેશનનું નામ લખી મોકલવા વિનંતિ છે.

મોટા શહેરોના લાઇફ મેમ્બરો, પોતાની ભેટનાં પુસ્તકો જે સદ્‌ગૃહસ્થને ત્યાં અહિંથી મોકલવામાં આવે તેમને ત્યાંથી મંગાવી લેવા મહેરબાની કરશો.

| | | | |
|---|---|---|---|
| ૧ વનસ્પતિ શાસ્ત્ર—આર્થિક દૃષ્ટિએ. | ૧—૦—૦ | ૫ નિરોગી રહેવાના ઉપાય. | ૦—૨—૦ |
| ૨ યુરોપના સુધારાનો ઇતિહાસ. | ૦—૧૨—૦ | ૬ કોલેરા. | ૦—૧—૦ |
| ૩ શહેનશાહ પાંચમા જ્યોર્જ. | ૦—૧૨—૦ | ૭ અગ્નિમાંદ્ય. | ૦—૬—૦ |
| ૪ સર સૈયદ એહેમદનું ચરિત્ર. | ૦—૮—૦ | | |
| | | | રૂ. ૩—૯—૦ |

લી. સેવક,
**હીરાલાલ ત્રી. પારેખ,**
**આસિ. સેક્રેટરી ગુ. વ. સોસાઇટી.**

# बुद्धिप्रकाश.

# BUDDHIPRAKASHA.

पुस्तक ६१ मुं. जुन १९१९. अंक ६ ठो.

## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
| --- | --- | --- |
| હાસ્ય રૂદન...... | ( મી. હાસમ હીરજી ચારણીયા ) | ૧૬૧ |
| નાથજીને અરજી... | ( રા. રા. ત્રિભુવન ગૌરીશંકર ) | ૧૬૧ |
| મિતાહાર ને દીર્ઘાયુષ્ય | ( દી. બ. અંબાલાલ સાકરલાલ દેશાઈ એમ. એ. એલ. એલ. બી. ) | ૧૬૨ |
| સૂર્યની કાર્યશકિતનું ઉત્પત્તિસ્થાન | ( રા. રા. સાંકળચંદ જેઠાલાલ શાહ.; એમ. એ., ) | ૧૬૫ |
| "ગુજરાતી" પ્રેસના પુસ્તકોનું દિગ્દર્શન...... | ( રા. રા. લલુભાઈ નરોતમદાસ મહેતા. ) | ૧૬૯ |
| નેપાળ પ્રવાસ વર્ણન...... | ( રા. રા. ત્રંબકલાલ ચંદ્રશંકર દેશાઇ. ) | ૧૪૬ |
| ધારાપુરીની ગુફામાં. | ( રા. રા. હીરાલાલ મગનલાલ દેશાઇ. ) | ૧૭૭ |
| "રાઇનો પર્વત". | ( રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે બી. એ., ) | ૧૮૩ |
| જાહેર ખબર... | | ૧૯૨ |


---


**ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી** તરફથી

તંત્રી અને પ્રકાશક,

**હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ**, બી. એ.,

**આસિ. સેક્રેટરી.**

**લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧॥.) અગાઉથી. ટપાલ ખર્ચ માફ**

છૂટક દર અંકના ત્રણ આના.

---

અમદાવાદ—ધી અ૦ યુનિયનપ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

## લાઇબ્રેરીનો ને સુખી કુટુંબનો શણગાર શું?—વિદ્વાનોનાં બનાવેલાં પુસ્તકો.

તૈયાર છે. ] **બહાર પડેલાં નવાં પુસ્તકો.** [ તૈયાર છે.

# જયા અને જયન્ત.

રા રા. ન્હાનલાલ દલપતરામ કવિ એમ.એ. કૃત ત્રણ અંકી સંપૂર્ણ નવુંજ નાટક. કિં૰ રૂ. સવા.

# રાઈનો પર્વત.

ઑન. રા. બા. રમણભાઇ મહીપતરામ કૃત સાત અંકી સંપૂર્ણ નવું નાટક. પાકું સોનેરી પુઠું. કિં. રૂ. એક.

"પ્રભુથી સહુ કંઈ થાય છે, અમથી થાય ન કાંઇ. રાઇનો પર્વત કરે, પર્વતનો વળિ રાઈ." આ દોહરો આ નાટકનો આદર્શ સૂત્રરૂપે છે.

# દલપતસતશાહી.

કવી૰ દલપતરામ ડા૰ ના બનાવેલા જુદા જુદા વિષયના મુખપાઠ કરવા જેવા ૭૦૦ દ્રષ્ટાંતિક દોહરા. ઇનામ લાઇબ્રેરી માટે મંજુર છે. કેટલીક અંગ્રેજી સ્કૂલોમાં ચાલે પણ છે કિં. ચાર આના.

# ગુજરાતીશબ્દકોષ.

(શબ્દ ૭૦,૦૦૦) કિંમત રૂ૰ ૬-૦-૦

આ કોષમાં **નર્મકોષમાંના** શબ્દો આપવા ઉપરાંત હજારો નવીન શબ્દોના ઉમેરો કરવામાં આવ્યો છે. શબ્દોની વ્યુત્પતિ અને આધાર માટે પ્રાચીન કાવ્યો તેમજ આધુનિક પ્રખ્યાત લેખકોનાં લખાણોમાંથી અવતરણ પણ આપવામાં આવ્યાં છે. કદ રોયલ ૮ પેજી, સ્મોલપૈકા ઝીણા ટાઇપમાં પૃષ્ઠ ૧૦૦૦ ઉપર પુઠું પાકું સોનેરી નામવાળું.

**સાચો મિત્ર સુરેન્દ્રનાથ**—આ સુબોધક વાતાનું બોતેર પાનાનું પુસ્તક પોસ્ટેજનો અધો આનો મોકલનારને ભેટ અપાયછે

# કલ્લોલિની.

દા. ખુ. બોટાદકરનાં કાવ્યોનો વિદ્વાનોના ઉંચા અભિપ્રાયવાળો, દરેક લાઇબ્રેરીમાં ખાસ રાખવા અને અંગ્રેજી સ્કૂલોમાં ચલાવવા માટે પસંદ કરવા જેવો ઉપયોગી સંગ્રહ. પૃ. ૧૫૦ કિં. રૂ. અર્ધો.

# ગૂજરાતી ગઝલીસ્તાન.

**સાગરે** કરેલો ૨૪૫ ગુજરાતી ગઝલોનો સંગ્રહ સુફિઝમના વિવરણ તથા માર્ગદર્શક ટીકા વગેરે સાથે.) ગ્લેઝડ; સોનેરીની કિં. રૂ. સવા; ૨૬ આવૃત્તિની રૂ. પોણો.

# ન્હાના ન્હાના રાસ.

ન્હાનાલાલ દ. કવિ કૃત. આવૃત્તિ બીજી. કન્યાઓ તથા સ્ત્રીઓને ભેટ આપવા યોગ્ય. કિં. ચાર. આના.

**દી. બ. અંબાલાલ સાકલાલ દેસાઈ કૃત**

# અંગ્રેજી—ગુજરાતી ડીક્ષનેરી.

**બહોળા સુધારા વધારા સાથેની નવી આવૃતિ. મૂળ કિંમત પાંચ રૂ.-ઘટાડેલી કિં. હાલ માત્ર ૩ રૂ પો. ૦-૮-૦.**

આ ડીક્ષનેરીની પહેલી આવૃત્તિ નામદાર સરકારની ખાસ આજ્ઞાથી તૈયાર કરી હતી અને દીવાન બહાદૂર અંબાલાલ સાકરલાલ દેસાઇએ ઘણો પરિશ્રમ લઇ આ નવી આવૃત્તિમાં બહોળો સુધારો વધારો તથા ફેરફાર કર્યો છે. નામદાર સરકારે શાળા, લાઇબ્રેરીઓ વગેરે માટે આ ડીક્ષનેરીજ પસંદ કરેલીછે.

**તમામ પુસ્તકોનું પોસ્ટેજ જુદું—આ તથા બીજાં ઉપયોગી પુસ્તકો મળવાનું ઠેકાણું.**

## જીવનલાલ અમરશી મહેતા,

**મેનેજર—પ્રીન્ટિંગવર્ક્સ એન્ડ બુકસ એજન્સી. ઠે૦ પીરમશાહ રોડ—અમદાવાદ.**

# बुद्धिप्रकाश.

પુસ્તક ૬૧ મું. જુન. ૧૯૧૪. અંક ૬ ઠ્ઠો

## હાસ્ય રૂદન.

રોતાં રોતાં હસતાં રહેજો,
  દુઃખને સુખ વળી સમજી લેજો;
આંસુડે સ્મિત ગૂંથી દેજો,
  રોવાને "રોવું" નહિ કહેજો.
હસતાં હસતાં લગીર રોજો !
  આંસુ સઘળાં હાસ્યે લ્હોજો;
જ્યારે હર્ષથી હસતાં થાજો,
  ડસકે ડસકે રોતાં જાજો.
હસતાં રડતાં જગ ભૂલી જાજો,
  આત્માનાં અમી સહુને પાજો;
છે ઉભયનો પ્રભુ પાસ વાસો,
  ભાસેછે ભિન્ન જ આભાસો.

**હાસમ હીરજી ચારણીયા.**

---

## "નાથને અરજી."

### ગઝલ.

અરે ઓ નાથ ધાજો હો ! તૂટેછે ગાઢ અંતરના,
મુજે ગઢની દિવાલો હા ! પ્રણુતને પાલજો દેવા !
બને મૂર્છિત શક્તિ સૌ, શિથિલતા વીર્યની જોઈ,
હૃદય દધા વિષથી વ્યાપ્યો, ત્રિષોને વારજો દેવા !

તિમીરના ઓઘ ઉછળે છે, વિશુદ્ધિ દાબી દેવાને,
પડે છે જ્યોત ઝાંખી સૌ, પ્રભા પ્રકટાવજો દેવા!
શુભાશુભ વૃત્તિના તારો, ખરેખર ગુંચવાણા છે,
પડી છે આંટીને ગુંટી, તમે ઉકેલજો દેવા!
અરે! આ ચર્મ ચક્ષુમાં ચઢયાં છે મોહનાં પડલો,
નથી સત્યો દગે ચઢતાં, દિશા કંઈ દોરજો દેવા!
અમારી બુદ્ધિનો અમને, બધાને તોર તીખો છે,
હૃદયમાં જે ભર્યું છે તે, બધું જોનાર છો દેવા!
અમોને ધન્યવાદોની, ઘણી છે ભૂખ દુનિયામાં,
હણાતા તે વડે આત્મા, દયાથી તારજો દેવા!

ત્રિભુવન ગૌરીશંકર.

# મિતાહાર ને દીર્ઘાયુષ્ય.

ખાવા પીવામાં મિતાહાર રહેવાથી ઘણો ફાયદો થાય છે, એ સાધારણ રીતે બધા જાણે છે, તેના કેટલાક દાખલા હમારા વાચકના જાણ્યામાં પણ હશે. પ્રસિદ્ધ નાગર દિવાન ગૌરીશંકર ઉદેશંકર ઘણાજ નિયમિત રહેતા હતા અને તેવા મિતાહારી ગૃહસ્થ બેશક અનેક હશે. પણ લ્યુઈ કારનારો નામનો એક શખસ ચાલીસ વરસની ઉમર લગી ઘણો માંદો ને નબળો રહેતો, તેણે રોગથી કાયર થઈને ચાલીસમે વર્ષે મિતાહારી ને નિયમસર રહેવાનો સંકલ્પ કર્યો, ને તે સો વરસનો થઈ મરી ગયો ત્યાં લગી તે સંકલ્પ મૂકયો નહિ; તેણે પોતાના અનુભવની વાત ૮૯ મે વર્ષે લખી છે, તેનો સાર ગ્રહણ કર્યાથી મિતાહારથી કેટલો બધો ગુણ નીપજેછે તેનો ઉત્તમ બોધ થાયછે. તે કહે છે કેઃ—

“ જે લોકો કાંતો રોગી કોઠાને લીધે અથવા સ્વચ્છંદી આહાર વિહારને લીધે અનેક રોગો ને પીડાઓ વેઠે છે, તેમના લાભને અર્થે આ ન્હાનું પુસ્તક હું રચું છું. તેમાં લખેલા નિયમો પાળવાથી તેમનું આયુષ્ય વધશે એટલું જ નહિ પણ તેમના દહાડા સુખમાં જશે. જ્યારે પાંતરીશેક વરસનો હતો, ત્યારે મને નિરંતર હાડજ્વર રહેતો, ખાવાનું ભાવતું નહિ; ભુખ લાગતી નહિ, સાંધામાં ચસકા હમેશ મારતા, ને સુળ તથા ચુંક વગરના થોડા જ દિવસ જતા. આ દુઃખમાંથી છૂટવાને ઓસડવેસડ વગેરે જેટલા ઉપાય હતા તેટલા મેં કર્યા. પૈસો પાણીની પેઠે ખરચ્યો, પણ કંઈ વળ્યું નહિ, ને છેવટે વૈદ્ય દાકતરોએ કહ્યું કે આ પીડાઓમાંથી છૂટવાનો તમારે હવે એકજ ઉપાય રહ્યો છે. મેં પુછ્યું કે તે ઉપાય

શો છે? તેમણે કહ્યું તમે નિયમસર આહારવિહાર કરો, ખાવા પીવા વગેરેમાં સખત પરેજી પાળો તો જ તમારે જીવવાની આશા રાખવી. જો આ માર્ગ જલદી નહિ પકડો તો તમારો રોગ અસાધ્ય થશે, ને પછી પરેજી ને ઉપચારથી તથા શુદ્ધ આહારવિહારથી પણ કંઈ ફાયદો થશે નહિ ને થોડા માસમાં દેવશરણ થવું પડશે.

"દાક્તરોનાં આવાં વચન સાંભળી મારા મનમાં ઘણી ઉંડી ફાળ પડી. આવી ભર-જવાનીમાં મરવું પડશે એ વિચારથી મારા જીવને અત્યંત બળાપો થયો. અનેક સખત રોગોથી હું પીડાતો હતો તોપણ મને મરવું ગમતું નહોતું. ઘણીવાર મુંઝાઇને છેવટે મેં સંકલ્પ કર્યો કે ગમે તેમ થાય તોપણ હવે પછી મારે નિયમસર રહેવું. પછી મેં દાક્તરોને કહ્યું કે તમે આહારવિહારમાં નિયમસર રહેવાનું કહો છો, તેમાં મારે શા નિયમ પાળવા તે મને બતાવો. ત્યારે તેઓએ એક મતે કહ્યું કે માંદા આદમી કરી પાળી, જેવો ખોરાક ખાય ને પીણાં પીએ છે ને જેવી રીતે આચરે છે તે જ તમારે ખાવું પીવું ને કરવું, અને હમેશ ખાવું તે મિતાહારથી ખાવું. પરમેશ્વરની કૃપાથી ઘણાં વર્ષ વીતી ગયાં તો પણ મારો સંકલ્પ હજી પ્રારંભના જેવો દૃઢ રહ્યો છે. મારો નિશ્ચય એવો ને એવો જ રહ્યો છે, ને એમાં લેશ પણ કમીપણું આવ્યું નથી. ખાવા પીવામાં મિતાહાર ૪૦–૪૫ વરસથી મેં રાખ્યો છે, એટલું જ નહિ, પણ બને તેટલી કાળજી રાખી કશું પણ અતિશય ન કરવું એ નિયમ પણ મેં પાળવા માંડયો છે. અતિશય થાક, અતિશય તાપ, અતિશય ટાઢ એ સર્વને હું વર્જવા લાગ્યો છું. મારા આરામ તથા ઉંઘના કાળમાં, કદી પણ મેં નિયમ ભંગ કર્યો નથી. તેમ ખરાબ હવામાં કદી પણ લાંબો વખત રહેવું નહી એ સંકલ્પ પણ મેં અખંડ પાળ્યો છે.

આવા શુદ્ધ આહાર ને વિહારથી તથા નિયમસર જીવનથી થોડા દિવસમાં મને લાગવા માંડયું કે આ માર્ગ મને સારો માફક આવે છે. તેથી એને હું વળગી રહ્યો, અને માનો કે ન માનો, પણ એક વરસ વીત્યું નહિ એટલામાં મારાં બધાં શરીરનાં દુઃખમાંથી મારો છુટકારો થયો. જન્મથી મારૂં શરીર નબળું હતું, એટલે ૪૦ વરસથી વધારે જીવાય એમ મને આશા નહતી, તેમ છતાં હું આટલી બધી ઘરડી ઉમરે પ્હોંચ્યો તે મિતાહાર ને નિયમસર માર્ગને વળગી રહેવાથી પહોંચ્યો છું. મને હાલ ૮૬ વરસ થયાં છે પણ મારી બધી ઇન્દ્રિયો સાબુત છે, મારો સાદ બદલાયો નથી, મને બધું યાદ રહે છે, ને મારૂં મગજ હજી ચોખું છે, કોઇના ટેકા વગર ઘોડેસ્વાર થાઉંછું, દાદરો ચઢતાં હાંફતો નથી એટલું જ નહિ, પણ સ્હેલાઈથી ડુંગરો ચઢી શકું છું. વળી મારા મીજાજ વિશે પુછતા હો તો એક રમુજી હાસ્ય નાટક મેં હાલ જ રચ્યું છે. હું દહાડે દહાડે ઘરડો થાઉં છું. પણ તેથી મારી શક્તિ કમી થતી નથી, કારણ કે જેમ જેમ હું મોટો થાઉંછું તેમ તેમ હું મારો આહાર ઓછો કરૂં છું. આ પ્રમાણે આહારમાં ઘટાડો કરવાની જરૂર છે, કારણ કે ખોરાક હજમ કરવાનું બળ ઉમર વધે છે તેમ તેમ કમી થાય છે, ને છેવટે અશક્તિ એટલી વધે છે કે આપણે થોડા ચમચા દૂધ જ લઈ શકીયે. હું ધારૂં છું કે સો વરસનો થઈશ. મરતાં પહેલ મને કંઈ પણ મંદવાડ કે દુઃખ થશે નહિ. જે મિતાહારથી ખાનપાન કરે છે તેને આવું જ મોત આવે છે.

જ્યારે આપણે માંદા પડીએ છીએ ને વૈદ્ય કે દાક્તરને બોલાવીએ છીએ ત્યારે સૌથી પહેલાં તેઓ આપણને હમેશનો ખોરાક બંધ કરવાનું કહે છે ને પચે એવો થોડો ખોરાક

લેવાની સલાહ આપે છે. આ પ્રમાણે ખોરાક કમી કરવાથી આપણને આરામ થાય છે. આ ઉપરથી એ વાત ઉઘડ છે કે આપણે મંદવાડમાં ખોરાક થોડો કમી કરીયે તો રોગ થાયજ નહિ ને વૈદ્ય દાક્તરનું કામજ ન પડે. આહાર મધ્યમસર રાખવો એ નિયમ પાળવામાં બે વાતનો વિચાર કરવો પડે છેઃ શું ખાવું, ને કેટલું ખાવું ? શું ખાવું એ પ્રશ્નનો ઉત્તર સહેલ છે. જે ખોરાક કોઠાને સદે તેજ ખાવો, ને ન સદે તે ન ખાવો. 'કેટલું ખાવું' તેનો ઉત્તર એ છે કે જેટલું સહેલથી પચે તેટલુંજ ખાવું. આ બે વાતો સાધારણ મધ્યમ વયના માણસ સમજી શકે છે. વળી જાતે અનુભવ કરી શું ખાવું ને કેટલું ખાવું તેનો નિર્ણય દરેક જણ પોતાના પંડને વાસ્તે કરી શકે છે. આ પ્રમાણે અનુભવ કરવાને કશી હરકત નથી. અનુભવથી માલમ પડે છે કે ઘણી વસ્તુઓ બીજાને માફક આવે છે, તે આપણને સદતી નથી. હમેશ નિયમસર રહેવાથી કોઈ પણ માણસ પોતે કહી શકશે કે ફલાણી વસ્તુ મને માફક છે ને ફલાણી મને માફક નથી ને આટલું ખાધાથી મારૂં શરીર સારૂં રહે છે, ને આટલાથી બગડે છે. મધ્યમસર ખાવા પીવાથી તથા નિયમસર રહેવાથી શરીરના બધા રસ એવા સમાન રહે છે અને શરીર એવું દૃઢ થાયછે કે ટાઢ, તાપ, થાક, વગેરેથી શરીર એકદમ કથળી જતું નથી.

વળી કંઈ પણ અણચિંત્યુ વિઘ્ન આવે છે કે અકસ્માત થાય છે તોપણ આ પ્રમાણે આહારમાં નીતિ પાળનારને આરામ વહેલો થાય છે.

સીતેરમા વર્ષે હું એક ટપ્પા ગાડીમાં મુસાફરી કરતો જતો હતો તે વખતે એકાએક ગાડી ઉંધી પડીને ઉંધી ગાડીને ઘોડા થોડેક દૂર ખેંચી ગયા, આથી મને ઘણા હેલા, ને આંચકા લાગ્યા, મારૂં શરીર કચ્ચરઘાણ થયું, છોલાયું, ને લોહી લુવાણ થયું. મારા હાથ પગ ઉતરી ગયા ને માથું ખૂબ ફૂટાયું, વૈદ્યોને બોલાવ્યા ત્યારે તેઓએ કહ્યું કે આ માણસ ભાગ્યેજ ત્રણ દિવસ જીવે. કંઇ પણ દવા દારૂ વૈદ્ય પાસે ન કરાવતાં મેં મારા હાથ પગ ચઢાવ્યા ને દીસે તેલ મર્દન કરાવ્યાં ને થોડા દિવસમાં આગળ હતા તેવા પાછો હું સાજો થયો.

આ જાણી મારા વૈદ્યો પણ દંગ થઇ ગયા. નિયમસર ખાનાર પીનાર પણ કોઈવાર આચરણમાં ચૂક કરે તો હેરાન થાય ખરા. અતિશય તાપ, ટાઢ, થાક, ભૂખ વગેરે વેઠયાથી તેઓને પણ પીડા થાય. પણ તે લાંબી વાર ટકે નહિ, ને બે ચાર દહાડામાં તેઓ હતા તેવા થઈ શકે છે.

કેટલાક ઉમરે પહોંચેલા આદમી છૂટથી ખાય છે, પીયે છે ને એમ બહાનું બતાવે છે કે ખોરાકમાં મિતાહાર કરવાથી અથવા સારો ખોટો કરવાથી હમને તો કંઈ ગુણ જણાતો નથી. પણ સાધારણ અનુભવ પ્રમાણે તેઓનું કહેવું ખોટું પડે છે. તેઓ મોડા વહેલા રોગમાં સપડાય છે અથવા પાકી ઉમરે પહોંચ્યા પહેલા મરી જાય છે. મારા અનુભવથી હું કહું છું કે ખાવા પીવામાં હદ નહિ રાખવાથી ઘણીવાર ઘણુંજ માઠું પરિણામ નીપજેછે.

ચાર વરસ ઉપર માગ સગાં વહાલાં ને મિત્રોના ઘણા આગ્રહથી મેં નવટાંક ખોરાક વધાર્યો. મારો નિયમ પોણો શેર અન્ન ખાવાનો હતો. તેઓ કહે કે નવટાંક તો આટલી મોટી કાયામાં કંઈ નહિ જણાય. મેં કહ્યું થોડા ખોરાકથી મેં ઘણાં વરસ તનદુરસ્તી સાથે સારા ઉદ્યમમાં કાઢ્યાં છે ને જેમ જેમ ઉમર વધે છે તેમ કોઠો નબળો થાય છે તેથી

ખોરાક કમી કરવો જોઇએ. પણ તેઓ બધાંએ મળી મને ખોરાક વધારવાને એટલો બધો પજવ્યો કે છેવટે મેં કાયર થઇને તેમનું મન રાખવા હા કહી.

આઠ દિવસ આટલો વધારે ખોરાક લીધો તેથી પ્રથમ તો મારો મીજાજ બગડવા લાગ્યો. હું ચીઢીઓ થવા લાગ્યો. મન ઉદાસ રહેવા લાગ્યું. બારમે દહાડે મને પાસાંમાં સખત દરદ થયું, તે ૨૨ કલાક રહ્યું. પછી તાવ ચઢ્યો. તે ૩૫ દહાડા લાગી રહ્યો, ને હું મહા મહેનતે મારી આગળના નિયમસરપણાને લીધે પાછો સાજો થયો. હું પોણોશેર હાલમાં ખાઉં છું માટે બધાએ મારા જેટલું જ પોણોશેર ખાવું એમ હું કહેતો નથી; તેમજ હું જેટલા પદાર્થ વરજાંછું, તે બધાએ પરેજી પાળી વરજવા એમ પણ હું કહેતો નથી. પણ હરકોઈ જણ પોતાને શક્તિ હોય તે જ ચીજ ખાવી, ને તે પણ પચે તેટલી જ ખાવી, એમ મારી ભલામણ છે. મારાં કેટલાં સગાંને મિત્રો ખાવા પીવામાં નિયમ ન રાખવાથી દેવશરણ થયાં છે તે જ્યારે સંભારૂં છું ત્યારે મને ઘણો ખેદ થાય છે, ને જીવ બળે છે. તેથી મેં નિશ્ચય કર્યો કે મારો જીવનમાર્ગ કેવો લાભકારક છે તે સર્વને જણાવવાને મારાથી બને તેટલો પ્રયત્ન કરવો. સારી બુદ્ધિને કેળવણીવાળા માણસો મંદવાડને રોગથી હેરાન થતાં છતાં શા વાસ્તે નિયમસરપણાનો માર્ગ પકડતા નથી, તે મારી સમજમાં ઉતરતું નથી. તેઓ કાંતો એના લાભ જાણતા નહિ હોય અથવા તો સ્વાદિષ્ટ ખાવાની મોજના તેઓ ગુલામ થઇ પડ્યા હશે એટલે તેમનાથી મિતાહાર કરવાનો નિશ્ચય થઈ શકતો નહિ હોય. કાચી સમજના આદમી આ પ્રમાણે વર્તે તો બહુ નવાઈ નથી. જુવાનીમાં બધી કામનાઓ પ્રબળ હોય છે ને અનુભવ થોડા હોય છે. પણ પાકી ૪૦–૫૦ ની ઉમરના આદમીએ તો વિચારને વિવેક પ્રમાણે ચાલવું જોઇએ. ખાવાની અયોગ્ય ઝંખના, કરવાથી તથા સ્વાદીઆ થવાથી રોગ વળગે છે એટલું જ નહિ પણ વહેલું મોત થાય છે. આવાં માઠા પરિણામ માત્ર અડધા કલાકના સ્વાદને મઝાને સારૂ હોરી લેવા એ વિવેકી પુરૂષને છાજતું નથી. ખાવા પીવામાં નિયમ ન રાખવાથી જે વ્યાધિઓ થાય છે તેને માટે વૈદ્ય દાક્તર પાસે અવશ્ય જવું જોઇએ. પણ નીરોગી રહેવું એટલો જ જેનો મનોરથ હોય તેણે તો મિતાહાર તથા નિયમિતપણાને જ પોતાનો વૈદ્ય ગણવો. એથી નબળા આદમીઓની તન્દુરસ્તી રહી શકે છે, તેઓ સો વરસ લગી ને તેથી વધારે વરસ સંપૂર્ણ નીરોગીને સુખી દહાડા કાઢી શકે છે, ને છેવટે શરીર જીર્ણ થયેથી વગર મંદવાડે એમનું અવસાન આવે છે.

અંબાલાલ સાકરલાલ દેશાઇ.

---

# સૂર્યની કાર્યશક્તિનું ઉત્પત્તિસ્થાન.

સૂર્યની ગરમી તથા પ્રકાશ બે રસ્તે જળવાઇ રહે. (૧) કાંતો સૂર્ય એક અગ્નિપુંજ છે, જેની બળવાની ક્રિયાથી ગરમી તથા પ્રકાશ ઉત્પન્ન થાય છે. (૨) અથવા તો તે લોખંડના ઉષ્ણ તપ્ત દડાના જેવો તેજોમય સમૂહ છે અને તે પોતે ખપી નહિ જતાં આસપાસની

જગામાં ઉષ્મા તથા પ્રકાશ પાડે છે. જો સૂર્ય એક અગ્નિનો પુંજ હોય તો ગરમીની ઉત્પત્તિના પ્રમાણમાં બળતણ ખપવું જોઇએ; અને નવું બળતણ પૂરૂં પડે નહિ તો અગ્નિ હોલવાઇ જવો જોઇએ. પરંતુ જો સૂર્ય એક તેજોમય સમૂહ જ હોય તો પછી તેમાં નવી કાર્યશક્તિ ઉત્પન્ન થાય નહિ; અને તેનું ઉષ્મામાં રૂપાંતર થાય નહિ તો તે હમેશાં ઠંડો પડતો જવો જોઇએ.

## સૂર્ય મોટી આગ નથી.

વિજ્ઞાનવેત્તાઓનો એક મત એવો છે કે સૂર્ય એક મોટો અગ્નિપુંજ નથી કે જેની અંદર બળવાની ક્રિયાથી ઉષ્મા જળવાઈ રહે છે. તેનાં કારણો ટુંકામાં નીચે પ્રમાણે છે. સાધારણ ભઠ્ઠીમાં કોલસા બળવાની જે ક્રિયા થાય છે તે ક્રિયાથી આપણે ઘણાજ માહિતગાર છીએ. હવે આપણે ધારો કે સૂર્ય કોલસાનો એક મોટો ગોળો છે અને તે તેની સપાટીપર બળે છે. આપણે વધારામાં ધારી લ્યો કે તે દેવતાને કાયમ રાખવાને માટે સૂર્યની આસપાસ એવી હવા છે કે જેની અંદર પ્રાણવાયુ મોટા પ્રમાણમાં છે; કારણ કે આપણે જાણીએ છીએ કે બળવાની ક્રિયા સારૂ પ્રાણવાયુની જરૂર છે. આ કારણસર જેમ જેમ કોલસો બળતો જાય છે તેમ તેમ દહનક્રિયાથી ઉત્પન્ન થતા પદાર્થો કાર્બોનીક એસીડ ગેસ અને પાણીની વરાળના રૂપમાં ઉડી જાય છે. હવા આ બે ચીજોથી ભરપૂર થઈ જાય છે, કોલસાની અંદર પ્રાણવાયુ છૂટથી જઈ શકતો નથી અને પરિણામે અગ્નિ થોડા વખતમાં હોલવાઈ જાય છે.

ઉપરની હકીકત એક પ્રયોગથી સાબિત થઈ શકશે. એક ઓરડીની અંદર એક મીણબત્તી બળે છે. તેની ઉપર બે છેડે ખૂલ્લી એવી એક કાચની નળી ધરીએ તો તે નળી બે છેડે ખૂલ્લી હોવાથી ઓરડીની અંદરની હવાને નળીની અંદર આવવાનો રસ્તો બંધ થતો નથી. હવે શું બને છે? એક બે મિનિટમાં જ્યોત ઝાંખી પડે છે અને તે હોલવાઈ જાય છે.

જો પહેલી મીણબત્તીની પાસે બીજી મીણબત્તી મૂકીએ અને તેના ઉપર ઉપર પ્રમાણે નળી ધરીએ તો ઉપર પ્રમાણે જ ક્રિયા થશે. દહનક્રિયાથી ઉત્પન્ન થયેલા પદાર્થો દરેક નળીની હવાની અંદર ભેગા થવાથી બહારની હવામાં રહેલા પ્રાણવાયુને જ્યોત આગળ જવાનો રસ્તો મળતો નથી. હવે ધારો કે પૃથ્વીની આખી સપાટીની ઉપર પાસે પાસે બળતી મીણબત્તીઓ મૂકેલી છે. કાચની નળીઓની જરૂર નથી. તેઓની દહન ક્રિયાથી ઉત્પન્ન થયેલા પદાર્થ દરેક મીણબત્તીની ઉપરની હવામાં બળી જશે અને બધી બત્તીઓ થોડા મિનિટમાં હોલવાઈ જશે. તેવી જ રીતે જો સૂર્ય પ્રાણવાયુના આવરણવાળો બળતા કોલસાનો સમૂહ હોય તો થોડા જ વખતમાં તે પણ નક્કી હોલવાઈ જશે.

ધારો કે સૂર્ય એવા પદાર્થોનો બનેલો છે કે જેની અંદર બળતણનાં સઘળાં તત્વોનો સમાવેસ થઈ જાય. એટલે કે કાર્બન (carbon) અને હાઇડ્રોજન (hydrogen) જ નહિ પણ પ્રાણવાયુ (oxygen) પણ ખરો. દાખલ તરીકે ગન–કોટન (gun-cotton) નો એક ગોળો લ્યો. તેને જો તેની સપાટીએ સળગાવવામાં આવે તો તે આસપાસની હવાની મદદ સિવાય બળ્યાં કરશે. પણ આવા બળતા ગનકૉટનના ગોળાને બળી રહેતાં કેટલો વખત

લાગશે ? સર વીલીઅમ થૉમસને (લૉર્ડ કેલ્વીન) × ઘણી સંભાળથી ગણત્રી કરીને બતાવ્યું છે કે જો સૂર્ય આવી જાતનો ગોળો હોય અને જે દરે તે ઉષ્મા ઉત્પન્ન કરે છે તેજ દરે ઉષ્મા ઉત્પન્ન કરતો હોય તો દર મિનિટે તે પદાર્થનું અર્ધો ફુટ જાડું પડ અથવા દર વર્ષે ૫૫ માઇલ જાડું પડ ખપી જાય.

જો આપણે એમ કહીએ કે સૂર્યના તેજોમય સમૂહમાં ઘણો જલદી ઘટાડો થતો જાય છે તો તે ઘણું જ અસંભવિત છે. કારણ કે નિરીક્ષણ કરેલી બીનાઓની સાથે સરખાવતાં બંધબેસતું આવતું નથી. આ ધારણા ભૂતકાળને લાગુ પાડીએ તો તેનો અર્થ એવો થાય કે હાલ છે તેના કરતાં સૂર્ય ૮૦૦૦ વર્ષ ઉપર બમણો મોટો હતો. અને આ ધારણા ભવિષ્યને લાગુ પાડીએ તો તેનો અર્થ એવો થાય કે ૮૦૦૦ વર્ષ પછી સૂર્ય પૂરેપૂરો બળી રહેશે અને ઉષ્મા અને પ્રકાશના ઉત્પત્તિસ્થાન તરીકે તેનો નાશ થશે.

કદાચ એમ પણ કહેવાય કે સૂર્યની અંદર બળતણ બહારથી આવે છે, અને આ રીતે કાંઈ પણ નુકસાન ગયા સિવાય સૂર્યનો અગ્નિ કાયમ રહેછે. આ કલ્પના તદ્દન શક્ય છે. કેટલેક દરજ્જે ઘણીજ સંભવીત છે. આપણે જાણીએ છીએ કે ખરતા તારાને નામે ઓળખાતા meteoric પદાર્થો કોઈ કોઈ વખતે ગ્રહપ્રદેશમાં થઇને જમીન ઉપર પડે છે, અને પડતી વખતે તેમાંથી ઉષ્મા અને પ્રકાશ બન્ને ઉદ્ભવે છે. તેટલા માટે સંભવિત છે કે આવા પદાર્થો પણ વખતોવખત સૂર્યમાં પડે છે. અને સૂર્યનું ઉષ્મમાન ઘણું હોવાથી પ્રાણવાયુ પૂરતા જથામાં પાસે હોત તો બળવાની ક્રિયા બેશક ચાલુ રહે.

પણ meteoric પદાર્થોની બળવાની ક્રિયાથી ઉત્પન્ન થતી ઉષ્માને સૂર્યની કાર્યશક્તિના ઉત્પત્તિસ્થાન તરીકે ભાગ્યે જ લેખામાં લઈ શકાય. કારણ કે ચોક્કસ ગણત્રીથી બતાવી શકાય છે કે આકાશમાં ફરતા કોઈ પણ ખરતા તારાના બળવાથી ઉત્પન્ન થતી ઉષ્મા, સૂર્યની સાથે અથડાવાથી ઉત્પન્ન થતી ઉષ્મા સાથે સરખાવતાં, ઘણીજ થોડી છે. અનુભવ પરથી એમ માલૂમ પડે છે કે ખરતા તારાઓ મુખ્યત્વે કરીને લોઢાના બનેલા છે અને એવું બતાવવામાં આવ્યું છે કે પ્રાણવાયુના વાતાવરણમાં લોઢાના સમૂહના બળવાથી જેટલી ઉષ્મા ઉત્પન્ન થાય તેનાથી ૧૮૦૦૦ ગણી ઉષ્મા તેટલો જ લોઢાનો સમૂહ સૂર્યની અંદર પડવાથી પેદા કરે છે. જો સૂર્યની અંદર પડતું બળતણ એકલું ઉત્તમ કોલસાનું હોય તો તેના પડવાથી ઉત્પન્ન થતી ઉષ્મા તેના બળવાની ક્રિયાથી ઉત્પન્ન થતી ઉષ્મા કરતાં ૩૦૦૦ ગણી વધારે છે.

સૂર્યની સપાટીપર દહનક્રિયા થોડે દરજ્જે ચાલુ રહે તે વાત ખરી. પણ દહનક્રિયા સૂર્યની ઉષ્માનું મુખ્ય ઉત્પત્તિ સ્થાન અથવા ઘણું મોટું ઉત્પત્તિ સ્થાન કહેવાય નહિ. એકલા સૂર્યની દહનક્રિયા તેની ઉષ્માનું કારણ નથી; કારણ કે આમ ધારીએ તો ઐતિહાસિક વખતમાં સૂર્યના સમૂહમાં ફેરફાર થયા છે એમ માનવું પડે અને આ માન્યતા તદ્દન નહિ માનવા જેવી છે. સૂર્યની બહારના પ્રદેશમાંથી આવતું બળતણ તેની ઉષ્માનું મૂળ નથી; કારણ

× લૉર્ડ કેલ્વીન ગ્રેટબ્રિટનનો મોટામાં મોટો વિજ્ઞાનવેત્તા થઈ ગયો. તેણે ત્રેપન વર્ષ સુધી પ્રોફેસરનું કામ કર્યું: સને ૧૯૦૭ માં તેમનો દેહાન્ત થયો.

કે આમ ધારીએ તો આવું બળતણ પોતાના બળથી જે ઉષ્મા ઉત્પન્ન કરે તેના કરતાં સૂર્યની સાથે માત્ર અથડાવાથી હજારો ગણી ઉષ્મા ઉત્પન્ન કરે.

## સૂર્ય એક તેજોમય સમૂહ.

આ ઉપરથી આપણે સૂર્યને એક મોટી ભઠ્ઠીની માફક બળતા બળતણના સમુહ તરીકે ગણતા નથી પણ લોઢાના ધગધગતા કડાના જેવો-જે પોતે ખપી જતો નથી અને ઉષ્મા અને પ્રકાશ આપે છે-તેજોમય દ્રવ્યના ગોળા તરીકે ગણીએ છીએ. પણ આ જાતના તેજોમય સમૂહમાંથી આક્ષેપન ( radiation ) થી હમેશાં ઉષ્મા ઓછી થતી હોવાથી તે ઠંડો પડી જવો જોઇએ અને જો કોઇ પણ જાતની કાર્યશક્તિના વ્યયથી તેની અંદર વધારે ઉષ્મા ઉત્પન્ન થાય નહિ તો આસપાસની જગાના ઉષ્માનના જેટલો ઠંડો પડી જાય. હવે આપણને એવું માનવાને અનેક કારણ મળે છે કે આ રીતે સૂર્ય ઠંડો પડી જતો નથી; ૬૦૦૦ વર્ષ ઉપર ઉષ્મા અને પ્રકાશ તેનામાં જેટલાં હતાં તેટલાંજ અત્યારે પણ છે. સવાલ એ ઊભો થાય છે કે ઉષ્મા તથા પ્રકાશની મોટી ખપત હોવા છતાં ખપી ગયાની કોઈપણ નિશાનીના અભાવે જે કાર્યશક્તિ તેને જાળવી રાખે છે તે કાર્યશક્તિનો ભંડાર ક્યાં છે ?

આ સવાલના બે જવાબ આપવાનાં આવ્યા છેઃ તે તેઓની ખરી અગત્યતાને માટે તેમજ તે જવાબ આપનારનાં પ્રખ્યાત નામોને લીધે મનન કરવા જેવા છે. એક જવાબ **સર વિલીઅમ થોમસને** આપ્યો છે. તેમણે કહ્યું છે કે સૂર્યની સાથે ખરતા તારાના પદાર્થોના અથડાવાથી સૂર્યમાં કાર્યશક્તિ ઉત્પન્ન થાય છે. બીજો જવાબ બર્લીનના પ્રૉફેસર **હેલ્મહોલ્ટ્ઝે** આપ્યો છે. તે કહે છે કે ગુરૂત્વાકર્ષણના નિયમને લીધે સૂર્યના સમુહનું ધીમે ધીમે સંકોચન થવાથી તેમાં ઉષ્મા ઉત્પન્ન થાય છે. આ વાદોપર ચર્ચા કરતાં પહેલાં મારે કહેવું જોઇએ કે આપણે અહીંઆં પ્રયોગ સિદ્ધ શાસ્ત્રીય સત્યની હદ ઓળંગી જઇએ છીએ અને અનુમાનના પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ.

જ્યારે આપણે સૂર્યની અંદર કાર્ય શક્તિ કેવી રીતે ઉત્પન્ન થઈ તેવિશે વિચાર કરવા માંડીએ છીએ ત્યારે આપણે-શાસ્ત્રીય જ્ઞાનપર આધાર રાખતાં પણ સાબિત થઇ નહિ શકે તેવા અનુમાન અને તર્ક કરવા માંડીએ છીએ. આ સવાલનું નિરાકરણ કરવામાં આપણી સ્થિતિ એક એવા મુસાફરના જેવી છે કે જે જાણીતા પ્રદેશને અજાણ્યા પ્રદેશથી જુદી પાડતી રેખા આગળ પહોંચ્યો છે; અને હવે આપણે તે રેખા ઓળંગીએ છીએ અને થોડા સાહસિક અને પ્રખ્યાત વિજ્ઞાન વેત્તાઓના ચીલે ચીલે ચાલીને શાસ્ત્રીય શોધના નવા પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ.

( અપૂર્ણ. )

સાકળચંદ જેઠાલાલ શાહ.

# "ગુજરાતી" પ્રેસના પુસ્તકોનું દિગ્દર્શન.

### જનસમાજમાં થયેલી અસર.

**ઉપોદ્ઘાત.**

જ્યારે પરમાત્માની કૃપા મનુષ્યપર થવાની હોય છે ત્યારે વાર લાગતી નથી. કારણ, સુખ દુઃખની ઘટમાળ ચાલ્યાજ કરે છે. સુખને અંતે દુઃખ અને દુઃખને અંતે સુખ મળે છેજ, તે સુખ વેદાન્ત મત મુજબ "સંસારમાં સુખ કયાં છે?" તેવું નહિ પરંતુ પોતાનેજ મન ગણાતા સામાન્ય મનુષ્યથી થયેલી ગુર્જર સાહિત્યની અમુલ્ય સેવા, ગુર્જરિ ગિરા તરફનો માતૃપ્રેમ સિવાય "ગુજરાતી" પત્રદ્વારા થયેલાં દેશ હિત તેમજ ધર્મોદયનાં કર્તવ્યો અને સંસ્કૃત, ઐતિહાસિક સાહિત્ય પ્રતિ ભક્તિ અને તેનાથી લોકોમાં પ્રગટ કરાયેલી ભક્તિઃ આવી આવી ઉચ્ચભાવના એ સુખ નહિ તો બીજું શું?

**"ગુજરાતી" નો જન્મ.**

એક સંસ્કૃત પંડિતે કહ્યું છે કે **अनाश्रया न शोभन्ते न पंडिता वनिता लता ॥** અર્થાત્ આશ્રય વગર કાંઇ શોભતુંજ નથી. સુપ્રસિદ્ધ "ગુજરાતી"ના સ્વામી અને તંત્રી સ્વ૦ ઇચ્છારામભાઇ ડીસ્ટ્રીકટ પ્લીડર તરીકેની પરીક્ષામાં નાપાસ થયા પછી "સ્વતંત્રતા" નામક માસિકમાં આગળ વધી ન શકવાથી કેટલાક કૌટુમ્બીક કારણોથી ગુર્જરીગિરાના સુભાગ્યે મુંબઇ ગયા અને ત્યાં તેમના વિદ્વાન મિત્રોની સલાહ મળતાં "ગુજરાતી" પત્ર કહાડવું શરૂ કર્યું. દૈવયોગે સર મંગળદાસ જેવાની મદદ પણ મળી ગઇ. અને "ગુજરાતી" નો જન્મ ૧૮૮૦ના જુન માસની છઠ્ઠી તારીખે થયો તે વાંચકોને જાણવામાં આવી ગયેલું હશેજ. "ગુજરાતી" પત્રથી જ "ગુજરાતી" પ્રેસનાં પુસ્તકો પ્રગટ થયાં તેમ કહેવામાં કશો પ્રત્યવાય નથીજ. કારણ સ્વ૦ ઇચ્છારામભાઇની જીજ્ઞાસા પુસ્તકો તરફ કેમ સ્ફુરી તે નીચેના કારણથી જણાશે.

**"ગુજરાતી" પ્રેસ અને કાવ્યદોહનની યોજના.**

સને ૧૮૮૩માં "ગુજરાતી" પ્રેસ ખોલવામાં આવ્યું. "ગુજરાતી" પત્ર પણ તેમાંથી પ્રગટ કરવામાં આવ્યું. પણ બાકીના ચાર પાંચ દિવસો પ્રેસનાં માણસોને માટે કેવી રીતે ગાળવા તે માટે તેમના કવિ મિત્ર સવિતાનારાયણ ગણપતિનારાયણે બૃહત્ કાવ્યદોહનને સુધારાવધારા સાથે પુસ્તકાકારમાં પ્રગટ કરવાની યોજના બહાર પાડી. અને તે મુજબ પહેલો ભાગ સન ૧૮૮૫માં બહાર પાડયો.[1] ૯૦૦ નામો કાવ્યદોહનના છપાયા અગાઉ ગ્રાહક તરીકે નોંધાઇ ચુકયાં હતાં. તેની પાંચમી આવૃતિ થઇ છે તેજ તેની લોકપ્રિયતા પુરવાર કરી આપે છે. બૃહત્ કાવ્યદોહનના દસ ભાગ પુરા કરવાનું સ્વ૦ ઇચ્છારામભાઇએ વચન આપેલું છે. તેના આઠ ભાગ બહાર પડયા છે. પોતાનું વચન પુરૂં કરે તે પહેલાં તેમનો સ્વર્ગવાસ થયો છે તે ખેદકારક છે. તેના દરેક ભાગોની એક કરતાં વધારે આવૃતિઓ થઇ છે.

---

૧ "ગુજરાતી" ૧૯૧૨ "કાવ્યદોહનનું આત્મજીવન" નામક લેખમાંથી.

બૃહત્ કાવ્યદોહનના આઠ ભાગ ઉપરાંત નૃસિંહ મહેતા કૃત કાવ્યસંગ્રહ બહાર પડયો છે. તેમાં "ગુજરાતી" પત્રના આદ્ય તંત્રીએ પોતે પણ નૃસિંહ મહેતાને નામે ઘણાં પદો ચડી ગયા છે તે બાબત શંકા બતાવી પોતાના તે સંગ્રહમાં દાખલ કર્યાં નથી. તેનું "હારમાલા" નું કાવ્ય [1]સોલ હસ્ત લિખિત પ્રતો પરથી નૃસિંહ મહેતાનું જાણી દાખલ કર્યુંછે. છતાં હજુ તેને માટે કેટલાક વિદ્વાનોને શંકા છે!! તેની પ્રસ્તાવનામાં બહુજ વિદ્વતા ભર્યો ખુલાસો અને શંકા કરનાર સામે દલીલોથી ભરપુર રદીયો આપ્યો છે. તે વાંચવાથી જણાઈ આવશે છતાં મતભેદથી "મારૂં તે સારૂં અને પરાયું તે નઠારૂં" એ કહેવત લાગુ પાડવી શું ઇષ્ટ છે?

પ્રાચીન કાવ્યોનું સંશોધન કરી અનેક કવિયોના કાવ્યોને પ્રકાશમાં લાવનાર ફક્ત સ્વ૦ ઇચ્છારામભાઇ, રા. બ. કાંટાવાળા અને કવિ દલપતરામ છે. છેલ્લા બે વિદ્વાનોની યોજના અધુરીજ છે. સ્વ૦ ઇચ્છારામભાઇનો પ્રયાસ આગળ વધ્યો છે અને ગુર્જર સાહિત્યના ઉપવનમાંના પુષ્પોને તેમના ઉપાસકોના ગળામાં પહેરાવનાર વીર નર પોતાના તે પ્રયત્નમાં વિજયી થયા છે. આટલું છતાં એ તેને ધૂળધોયાનો ધંધો કહી પોતાનું નિરાભિમાનીપણું સાબીત કરી આપે છે!!

**સંસ્કૃત નાટકો અને કાવ્યો.**

પ્રાચીન કાવ્યોનું સંશોધન કરી પ્રકટ કરવા ઉપરાંત સંસ્કૃત કવિઓનાં કાવ્યો, નાટકો પર પણ લક્ષ આપવામાં આવ્યું છે. કાલિદાસનું "વિક્રમોવર્શિય" નાટક રા. કિલાભાઇ પાસે ભાષાંતર કરાવી પ્રગટ કર્યું છે; પછી તે પ્રયત્ન આગળ વધેલો જણાતો નથી. પરંતુ હવે લક્ષ આપવામાં આવ્યું છે તેમ આપણને તેમના—"ગુજરાતી" પ્રેસના તરફથી બહાર પડેલાં "મેઘદૂત" કાવ્ય પરથી માલૂમ પડે છે. તે કાવ્યમાં કાળીદાસ, ભાસ, અને ભામહ કવિના જીવનને લગતી લંબાણ પ્રસ્તાવના આપી છે અને નાના કાવ્યને મોટા પુસ્તકાકાર જેવુંજ બનાવ્યું છે તે કાંઇ થોડું શ્રમ ભર્યું નથી. તેના ભાષાંતર કર્તાની વિદ્વતાની પરીક્ષા આ કાવ્યપરથી જ થાય છે. ઉપરાંત ભાવદર્શક ચિત્રો પણ આપવામાં આવેલાં છે. તેથી કાવ્ય અસલ કૃતિ પ્રમાણેજ બન્યું છે તેમ કહેવામાં કશો પ્રત્યવાય નથીજ.

**વેદાન્તના ગ્રંથો.**

પ્રાચીન કાવ્યોના સમુદાયને પ્રકટ કરવા સાથે વેદાન્ત જ્ઞાનના ગ્રંથો પણ ગુજરાતી પ્રેસ તરફથી પ્રકટ થયા છે. ચંદ્રકાન્તના ત્રણ ભાગો ગુર્જર પ્રજાને ઘણાજ રસિક થઇ પડેલા છે. ઉપરાંત યોગવાસિષ્ઠ, પંચદશી, રામાયણ, મહાભારત જેવા ગ્રંથોનો સમૂહ પણ "ગુજરાતી" પ્રેસદ્વારા સ્વ૦ ઇચ્છારામભાઇએ પ્રકટ કરેલો છે. પ્રાચીન ગુર્જર સાહિત્ય સાથે સંસ્કૃત ધાર્મિક સાહિત્યનો ઉદ્ધાર કરવામાં પણ 'ગુજરાતી' પ્રેસે સૌથી વિશેષ ફાળો આપ્યો છે. અને તેના ઉદ્ધાર રૂપે તેનાં પુસ્તકો જ દેખાવ દે છે. મહાભારત ટીકા સાથે પ્રકટ કરવાનું કાર્ય પણ સ્વ૦ ઇચ્છારામભાઇએજ કર્યું છે. પંચદશીમાં પોતાની "ચંદ્રકાન્ત" નામની ટીકા લખી લોકપ્રિયબનાવી છે. ચંદ્રકાન્તમાં તેવીજ વિદ્વતા વપરાયલી છે અને તેની સાત સાત આવૃત્તિયો થઈ છે. સ્વ૦

---

૧ "જુઓ નૃસિંહ મહેતા કૃત કાવ્યસંગ્રહની પ્રસ્તાવના.

ઇચ્છારામભાઇનાં પુસ્તકો માટે સ્વતંત્ર અભિપ્રાય આપનાર જો કોઇ પણ વિદ્વાન આજ સુધીમાં બહાર પડેલ હોય તો સ્વ૦ મણિલાલ દ્વિવેદી અને સ્વ૦ નવલરામજી હતા. ચંદ્રકાન્તનો ચોથો ભાગ બહાર નથી પડયો તેથી ગુર્જર સાહિત્યને ખોટ ગઇ છે અને તે ખોટ પુરાય તેવી પણ નથી. તેના કર્તાની જીજ્ઞાસા પણ જલદી બહાર પાડવાની હતી પરંતુ તે વાત પણ વિધિ આગળ નિરૂપાય વશ થઇ પડી છે !!

**ઐતિહાસિક સાહિત્ય.**

વેદાન્ત પ્રાચીન કાવ્યોના પ્રકટીકરણ ઉપરાંત ઐતિહાસિક સાહિત્યનો સ્વાદ ગુર્જર પ્રજા ચાખતાં શિખે એવા હેતુથી 'ગુજરાતી' ના ગ્રાહકોને પ્રતિવર્ષે ઐતિહાસિક નવલકથાની ભેટ આપવાની યોજના સ્વર્ગવાસીયે કરી હતી. અને તે યોજનાના પરિણામે આજે અનેક નવલકથાઓ લખવાનો પ્રયાસ ઘણા વિદ્વાનો તરફથી થયેલો જોઇએ છીએ. રાષ્ટ્રિય ભાવનાનો ગુણ દરેક મનુષ્યમાં હોવો જોઇએ [1]તે ભાવનાના ઉદ્દેશ રૂપે લખાયેલી નવલકથા હિન્દબ્રિટાનીયા પ્રથમ હતી. ત્યારપછી દિલ્લી પર હલ્લો, ઔરંગઝેબને રાજપુતો, પાણીપતનું યુદ્ધ વગેરે, સર્વોત્કૃષ્ટ નવલકથાઓ પ્રકટ થઇ ચુકી છે. લોકોનાં મન ઐતિહાસિક વિગતો જાણવા આતુર થઈ રહ્યાં છે. જેમ ધાર્મિક પુસ્તકો વાર્તારૂપે ગુંથી લોકોમાં લાગણી ફેલાવવાનો પ્રયત્ન મહાત્મા કાઉન્ટ ટોલસ્ટોયે કર્યો હતો[2] તેમ ઐતિહાસિક સાહિત્ય નવલકથાકારમાં લખાવી વાંચકોને આપી મનરંજન કરી તેઓના મનમાં ઐતિહાસિક બાબત જાણવાની જીજ્ઞાસા વધે તેવો ઉદ્દેશ સ્વ૦ ઇચ્છારામભાઇનો હતો અને આવી યોજનાથી બીજાં વર્તમાનપત્રો પણ તેનું અનુકરણ કરવા મંડયાં છે.

**રાજદ્વારી હિલચાલ.**

દરેકે દરેક બાબતપર જેમ "ગુજરાતી" પત્રે પોતાની દષ્ટિ લંબાવી ખર. બાબતો-રૂઢીયોનું-ખંડન કર્યું છે તેમ રાજદ્વારી બાબતમાં પણ પોતાનો પ્રથમ નંબર છે. રાજદ્વારી બાબત જાણવાની જીજ્ઞાસા લોકોને વધે અને કેળવણીનો ફેલાવો થાય એવો ઉદ્દેશ 'ગુજરાતી' નો હતો અને છે અને તે ઉદ્દેશનેજ ઘણા લોકો આભારી છે. રાજદ્વારી બાબતો શું છે તેની પ્રથમ ખબર લેખરૂપે પુરી પાડનાર 'ગુજરાતી' એકજ છે. પાર્લામેન્ટનાં ભાષણો ધારાસભાના પ્રશ્નોતરો, રજુ થયેલાં બજેટો વિગેરેના તરજુમા કરાવી તુરતજ પ્રકટ કરે છે. ઉપરાંત સ્વતંત્ર 'લીડર' તરીકે-અગ્રલેખમાં પણ તેજ બાબત હોય છે. રાજદ્વારી બાબતો પરના વિચારોનું વજન "ગુજરાતી" નું લોકોમાં તેમજ અધિકારી વર્ગમાં સારૂં પડેલુંછે. "ગુજરાતી" પ્રેસ કહો કે સ્વ૦ ઇચ્છારામભાઇનું જીવન (હાલ રા. રા. મણિલાલનું) કહો

**સ્વ૦ ઇચ્છારામ ભાઇની સાદાઇ અને નિરાભિમાનીપણું.**

પણ તે પત્રે પોતાની ફરજ બજાવવામાં કોઇના પણ રોષની દરકાર કર્યા વગર નિડરતાથી બજાવી છે અને બજાવ્યે જાય છે. તે સઘળું સ્વ૦ ઇચ્છારામભાઇના પ્રયત્નનેજ આભારી છે. આ વિષયમાં સ્વ૦ ઇચ્છારામભાઇનું નામ જ્યાં ત્યાં નજરે પડવાનું કારણ આટલી સાહિત્ય સેવા બજાવનાર તેઓશ્રીજ છે. અર્થાત્ "ગુજરાતી"

---

૧ બુદ્ધિપ્રકાશ ૧૯૦૯ એપ્રિલ. 'ગુજરાતી નાટક અને નવલકથા'

૨ " આજકાલનો સુધારો " ની પ્રસ્તાવના જુઓ.

પત્ર, પ્રેસ અને તેઓશ્રી એકજ રૂપ હતા !! આટલી સેવા બજાવ્યા છતાં પણ આત્મશ્લાઘા રૂપી પાપથી તેઓ મુક્તજ હતા. એજ તેમની સાહાઈ અને નિરભિમાનીપણાનો સજ્જડ દાખલો છે. "ગુજરાતી" ની પાકા પૂઠાની ૭ માસિક ફાઇલો જ્યાં ત્યાં નજરે પડે છે. "ગુજરાતી" પત્ર કરતાં પુસ્તકની પદવી તેને પાત્ર થયેલી છે.

**અનેકવિધિ યોજનાઓ.**

જે કોઈ પુસ્તક અગર કોઈ પણ સંસ્થાનાં પુસ્તકોની હારમાળા પ્રકટ કરવાની યોજના "ગુજરાતી" પ્રેસ તરફથી બહાર પડે છે તે યોજના પડતી મુકાતીજ નથી. હિન્દુસ્તાનના ઇતિહાસનું લોકોને જ્ઞાન કરાવવું તે ઉદ્દેશથી ઐતિહાસિક નવલકથાઓ પ્રકટ કરવામાં આવે છે. સ્વામિ વિવેકાનંદના સમગ્ર લેખો-વિષયો-ગ્રંથો, ભાષણોને ગુર્જર ભાષામાં અનુવાદ કરાવી બહાર પાડવાની યોજના પણ અત્યંત પ્રસંશનિય છે. ઉપરાંત "પુરાણમાળા" ના તમામ-અઢારે-મણકા પ્રગટ કરવાની યોજના બહાર પડેલી છે. તે યોજનાના ફળરૂપે શ્રીમદ્ભાગવત, મહાભારત, વામન પુરાણ બહાર પડેલા જોઇએ છીએ. વિવેકાનંદ સ્વામીના ગ્રંથોનાં તેમજ ભાષણોના બે મણકા ગુર્જર વાંચકોને અર્પણ થઇ ચુકયા છે અને લોકોની પ્રશંસાને પાત્ર થયા છે. તેમાં સંસ્કૃતમય વાણીનો સ્વાદ રા. રા. નારાયણદાસે ચખાડયો છે તે માટે તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે. નારાયણદાસ જેવા લેખકોને પોતાનો આશ્રય આપી જાહેરમાં લાવનાર શ્રીયુત ઇચ્છારામભાઇજ છે.[1] કેટલાકોનું એવું કહેવું છે કે "ગુજરાતી" પ્રેસનાં પુસ્તકોની કીંમત ઘણી મોંઘી છે પરંતુ આ કહેવું ઘણું ભૂલ ભરેલું છે. મેઘદૂત જેવાની કીંમત રૂ ૧-૪-૦ ગ્રંથની છપાઈ ચિત્રો આપવાની ઉત્તમ રીતિ સિવાય પ્રસ્તાવનામાં આપેલ અમુલ્ય ગહન વિષય, ઉત્તમ વિસ્તીર્ણ ટીકા જોતાં રૂ. પાંચ પણ ઓછા છે! આવાં ગ્રંથોને ગુર્જર પ્રજા આશ્રય આપવામાં વિલંબ કરશેજ નહિ. મરાઠી-ભાષામાં "ચંદ્રગુપ્ત" ની કીંમત રૂ. બે છે ત્યારે "ગુજરાતી" પ્રેસના તેજ અનુવાદની આઠ આના છે!! જુનું નર્મગદ્ય રૂ ૧-૪ માં રૂ ૭ ને બદલે મળે છે. આને સસ્તું સાહિત્યજ કહી શકાય.

આટલું દિગ્દર્શન વાંચકોને કરાવ્યું. જે સત્ય હતું તેજ વાંચકો પાસે રજુ કર્યું છે. બાકી સ્વ૦ ઇચ્છારામભાઇની સાહિત્ય સેવાની એક આનો પણ સામગ્રી હું રજુ કરી શકયો નથી. તે લખતાં તો પુસ્તક ભરાય!! રા. રા. ઇચ્છારામ-

**ઉપસંહાર.**

ભાઇનું જીવનચરિત્ર બહાર પાડવાની ઘણીજ અગત્ય છે. આશા છે કે આ ગુર્જર વાંચકોની ઇચ્છા રા. રા. મણિલાલ પુરી પાડશે. અંતમાં રા. રા. ઇચ્છારામભાઈ કે જેની સાહિત્ય સેવા બદલ ઉચ્ચારેલા શબ્દો જે તેઓશ્રીના મૃત્યુ વખતે ઉચ્ચારાયા હતા—તે અત્રે ટાંકી શકવાની મારી જીજ્ઞાશાને અટકાવી શકતો નથી.

---

૧ "આર્ય હિતવર્ધક નાટક મંડળી" માંના રા. નારાયણદાસના ભાષણમાંથી."

" હિરલો આખા હિન્દનો, પ્રજા હૃદય વિશ્રામ;
કાળ અકાળ લૈ ગયો, હા! હા! ઈચ્છારામ ! "

× × ×

" ગુર્જર ગિરા ગરજાવવા, ગ્રંથો ગૂંથ્યા બહુ ગુણ ભર્યા,
પ્રત્યેક જનના ઘર વિષે, વંચાય છે તે રસ ભર્યા. "

રા. ભગવાનલાલ.

" × × × પણ પ્રજાવર્ગીય હિલચાલની શાણપણ ભર્યા સાંસારિક સુધારાની અને છેલ્લી પણ કોઈ ઓછી અગત્યના નહિ એવા દેશી " ગુજરાતી " સાહિત્યની જે વિવિધ સેવા બજાવેલી છે તેની કદર કરવા મુંબઈની પ્રજા મંદ થશે નહિ..."

" ......તેમણે ગુજરાતી સાહિત્યની એક પુસ્તકશાળા લખી અને પ્રસિદ્ધ કરેલી છે અને સંસ્કૃત શબ્દોના પ્રવેશથી ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવાના એક આતુર હિમાયતી હતા. " " Times of India " 7 December 1912.

"......તેણે પણ એક સાચા દિલનો મિત્ર અને સમર્થ સાહિત્ય સેવક ખોયો છે અને તેમના મર્ણથી ખાસ કરીને ગુજરાતી સાહિત્ય વિશેષ રંક થયું છે..."

રા. રા. શ્રીયુત ભાઇશંકર નાનાભાઈ.

" ......વર્તમાન પત્રની છાજતી શિષ્ટ ભાષાશૈલીનો ઉત્પાદક ગયો, પ્રાચીન કાવ્યોનો શોધક ગયો, સાહિત્યનો રસિક રાગી ગયો, સરસ્વતીનો ઉપાસક ગયો અને સાક્ષરોના મનમાં માન તથા ભય ઉપજાવનાર નિષ્પક્ષપાત લેખક ટીકાકાર ગયો! "

રા. સ. ગણપતરામ અનુપરામ ત્રવાડી.

* * * * *

" ચાહે તે કરવા ગયો પણ અહીં તોટો પડયો તાહરો,
છેલ્લે આશિષ અર્પું હું જીગરથી આત્મા તું સ્વર્ગે ધરી."[૧]

**લલ્લુભાઇ નરોતમદાસ મહેતા.**

---

૧ અહીં જે વાક્યો ટાંક્યાં છે તે સર્વે " ગુજરાતી " તેમજ અન્ય પત્રોમાંથી ઉતાર્યાં છે. તેને માટે તે પત્રોનો લેખકોનો તથા " ગુજરાતી " નો આભાર માનવાની મારી ફરજ સમજું છું લ. ન. મ.

# નેપાળ પ્રવાસ વર્ણન.

( અનુસંધાન પૃ. ૧૬૦. )

ઇંદ્રચોક મુકી થોડે દુર જતાં એક મ્હોટું મેદાન આવે છે. આ મેદાનને એક છેડે એક મ્હોટા ઘડીઆળનો મીનારો છે અને એક બાજુએ નાનું તળાવ છે. આ તળાવની પાસે એક અને મેદાનને છેડે એક એવે બે ઠેકાણે ત્યાંના મુખ્ય પ્રધાનોનાં બે બાવલાં છે. મેદાનની એક બાજુએ ઝાડની હાર આવી રહેલી છે. આથી આ મેદાનનો દેખાવ ઘણોજ આલ્હાદકારક લાગે છે. શહેરની વચ્ચે એક જુનું મકાન છે. આ મકાન રહેવાને માટે સાધુઓને સને ૧૫૯૬ માં રજા લછમનસીંહ મલે બંધાવ્યું હતું અને એવો લાકડાનો સામાન ઘણો વાપરેલો હોવાથી એનું નામ કાટમાંડુ ( કાટ=લાકડું, માંડુ=મકાન) આપેલું છે અને એ મકાનના નામ પરથી શહેરનું નામ ખટમંડુ પાડવામાં આવ્યું છે એવી દંતકથા છે. આ કાટ માંડુ બંધાયું તે અગાઉ આ શહેરનું નામ મંજુપાટણ હતું.

અમે રાજ્ય મહેલ જોવાને ગયા. પણ અંદર દાખલ થવાને કોઇને પરવાનગી નહિ મળતી હોવાથી અમારે તેના દુરથીજ દર્શન કરી પાછા ફરવું પડયું. આ મહેલ કલકત્તાના ગવર્નમેન્ટ હાઉસના નમુના પર બાંધેલો છે. શહેરના મુખ્ય રસ્તાઓ પહોળા અને સાફસુફ રાખવામાં આવે છે. પણ અંદરના ભાગના રસ્તા ઘણાજ સાંકડા અને ગલીચ છે. રાજ્યની પરવાનગી શિવાય નેપાલ રાજ્યમાં ગાડી રાખવાની મનાઈ હોવાથી અને એ પરવાનગી ફક્ત શ્રીમંતોને અને સારા મોભ્ભાવાળાઓનેજ આપવામાં આવતી હોવાથી ત્યાં ભાડાની ગાડીઓ મળતી નથી. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવાને ડોલીઓ અથવા ટોપલીઓનો ઉપયોગ કરવામાં આવે છે. શહેરમાં પોલીસનો બંદોબસ્ત સારો છે રાત્રે નવ કે દસ વાગતે તોપ પડે છે ત્યાર પછી ખાસ કારણ શિવાય બહાર નિકળવાની મનાઇ હોય છે. હિંદુસ્તાનના મ્હોટા શહેરોની માફક ત્યાં પણ શહેરમાં પાણીના નળો અને રાત્રે રસ્તા ઉપર વીજળીની રોશની કરવામાં આવે છે. શહેરને એક છેડે બ્રીટીશ રેસીડન્સી છે ત્યાં રેસીડંટની ઓફીસ, તેનો રહેવાનો બંગલો, પોસ્ટ ઑફીસ અને ઇસ્પીતાલ છે. આ શહેરમાં તાર ઑફીસ નથી.

ખટમંડુની વસ્તી ૭૦–૮૦ હજારની છે જેમાંનો મ્હોટો ભાગ નેવાર અને ગુરખાઓનો છે. ગુરખા અને નેવારનો થોડો ભાગ હિંદુધર્મ પાળે છે. કેટલાક નેવાર બૌધમાર્ગી છે. રાજા હિંદુધર્મ પાળે છે. ત્યાંના પૈસા પર પશુપતીશ્વરનું નામ છાપેલું હોય છે જેપરથી એ દેવ એમના કુળ દેવ હશે એમ લાગે છે. હિંદુ અને બૌધમાર્ગીઓ બંને માંસાહારી છે. વિષ્ણુ અને ગણપતીને પણ પશુનો ભોગ આપવામાં આવે છે એવું અમે એક ગૃહસ્થને મ્હોડે સાંભળ્યું. ત્યાંના લોકો ઘણા વ્હેમી છે અને જ્યોતિષશાસ્ત્ર પર ઘણી શ્રદ્ધા રાખે છે.

નેવાર જાતમાં લગ્નના બંધન ઘણાં શિથિલ છે. છોકરીના ન્હાનપણમાં બીલ ફૂલ સાથે લગ્ન કરે છે અને ઉમરે આવ્યા પછી તેને માટે લાયક પતિ શોધી કાઢવામાં આવે છે. લગ્ન સુખમય ન નિવડે તો સ્ત્રીને ફારગતી મેળવવાનો અધિકાર છે. ફારગતી મેળવ્યા પછી

તેનાથી નીચ જાતના પુરૂષ સાથે સંબંધ ન બાંધ્યો હોય તો તેને પોતાના પતિને ત્યાં પાછો આવવાનો હક હોય છે. ગુરખામાં બ્રાહ્મણમાં કન્યાવિક્રય અને બાળલગ્નનો રિવાજ છે. સ્ત્રીને ફારગતી મેળવવાનો અધિકાર નથી તેમજ પતિના મરણ પછી પુનર્વિવાહ કરવાનો પણ ચાલ નથી. ક્ષત્રીઓમાં ઘણુંખરૂં લગ્ન પ્રૌઢ વયે થાય છે પરંતુ બાળલગ્ન પણ કવચિત જોવામાં આવે છે. લગ્ન માબાપ ગોઠવે છે પણ કેટલીક વખતે માબાપની સંમત્તિ મેળવી પ્રેમ લગ્ન પણ થાય છે. લગ્ન સુખમય ન નિવડે તો સ્ત્રી છુટા છેડા મેળવી શકે છે.

ત્યાંના રાજાને મહારાજાધિરાજ કહે છે. અને પ્રધાનનો મહારાજાનો ઇલકાબ આપવામાં આવે છે. મહારાજાધિરાજ રાજ્યકારભારમાં ઝાઝું લક્ષ આપતા નથી અને પ્રધાન એટલે મહારાજાના હાથમાં સર્વ કારભાર હોય છે. એને કામમાં મદદ કરવાને એક કાઉન્સીલ નીમેલી હોય છે. આ કાઉન્સીલના સભ્યો મહારાજા જાતે નીમે છે. મુલકી, હિસાબી ન્યાય વિગેરે ખાતાના હુકમો મહારાજે જાતે મહારાજાધિરાજ અથવા કાઉન્સીલની મંજુરી લીધા વગર કાઢે છે. દીવાની અને ફોઝદારી કોરટો જુદી જુદી હોય છે. શિક્ષા જાત્યાનુસાર કરવામાં આવે છે. બ્રાહ્મણને દેહાંત શિક્ષા કરવામાં આવતી નથી.

લશ્કરમાં કમાન્ડરની જગાએ મહારાજાના ન્હાના ભાઇને નિમવામાં આવે છે. લશ્કરી સીપાઇનો પોશાક, પાયજામો, કોટ અને પાઘડી હોય છે. પાઘડી પર દળનો (regiment) અને પદવી પ્રમાણે સોના અથવા ચાંદીનો ચાંદ ખોસેલો હોય છે. મ્હોટા અમલદારના ચાંદમાં નંગ પણ જડેલું હોય છે. દળનાં નામ દેવનાં નામ પરથી આપેલાં હોય છે, જેવાં કે ગણેશ દળ, હનુમાન દળ, વિગેરે અને દળના દેવના નામનું ચિત્ર ચાંદ ઉપર કોતરેલું હોયછે.

લોકો શિક્ષણમાં ઘણા પછાડી છે. રીકસોળથી ખટમંડુ સુધીમાં અમને જે ગામ રસ્તામાં આવ્યાં તેમાનાં એક ગામમાં પણ અમે શાળા જોઇ નહિં. ખટમંડુમાં એક શાળા રાજ્યના ખર્ચે કાઢવામાં આવી છે. આ શાળામાં મેટ્રીકયુલેશન કલાસ સુધી શિક્ષણ આપવામાં આવે છે અને એ કલકત્તા યુનીવર્સીટીના તાબામાં છે.

શહેરમાં સ્ત્રીઓને માટે એક અને પુરૂષોને માટે એક એવી બે ઇસ્પીતાલ છે. અંગ્રેજી પદ્ધતિના ખાનગી દવાખાનાઓ અમારા જોવામાં આવ્યાં નહિ. વિદેશી દવાઓનો ત્યાં કાંઇ પ્રસાર થએલો જણાતો નથી. અંગ્રેજી વેચનારાઓની દુકાન અમારી નજરે પડી નહિ. અમારે એક સાધારણ અંગ્રેજી દવા જોઇતી હતી તે મળી નહિ.

નેપાળમાં રૂપા અને ત્રાંબાના સીક્કા ચાલે છે. રૂપાના સીક્કાને મ્હોર કહે છે. તે બે પ્રકારની હોય છે. મ્હોટી અને ન્હાની. મ્હોટીની કિંમત ન્હાની કરતા બેવડી હોય છે. ન્હાનીની કિંમત બ્રિટીશ રાજ્યના રૂ. ૦–૬–૮ પડે છે. આ રાજ્યમાં બ્રીટીશ સીક્કા તથા નોટો છુટથી ચાલે છે. આપણા દેશના રૂપીઆના નેપાલી ૧૨૦ પૈસા આવે છે. નોટો પણ ત્યાં સ્વીકારવામાં આવે છે. નોટોથી એક ઠેકાણેથી બીજે ઠેકાણે સહેલાઇથી પૈસા મોકલી શકાતા હોવાથી કેટલાક વખતે તેના પર સેંકડે ૩થી ૫ ટકા કમીશન પણ મળે છે.

નેપાલીઓનો પોશાક આપણા કરતાં ઘણો જુદો હોય છે. પુરૂષો પાયજામો અને બદન પહેરે છે; કોઇક કોટ પણ પહેરે છે. માથાપર કેટલાક ટોપી અને કેટલાક પાઘડી મુકે છે. કમરે કમર–બંધ બાંધે છે અને એ કમરબંધમાં દરેક નેપાલી—પછી તે ગરીબ હોકે તવંગર હો—એક છરો રાખે છે. આ છરાને એ લોકો કુકરી કહે છે. સ્ત્રીઓ મારવાડણો

જેવો ચણીઓ અને તેનાપર બદન પહેરે છે. ચણીઆનો આગળનો ભાગ ઘણો ઉપસેલો હોય છે. કેટલીક સ્ત્રીઓ ચણીઆપર ગવન પણ પહેરે છે. ઉત્તર હિંદુસ્થાન અને બંગાળામાં સધવા સ્ત્રીઓ આપણા પ્રાંતની સ્ત્રીઓની માફક ચાંલ્લો કરતી નથી. પણ સેંથામાં સીંધુર પુરે છેઃ અહીંની સ્ત્રીઓ આપણી સ્ત્રીઓની માફક ચાંલ્લો કરે છે. ને વાળ સ્ત્રીઓ માથાના આગળા ભાગપર કપાળના ઉપર અંબોડો બાંધે છે. અને ગરદનની બાજુએ સેંથો પાડે છે. ગુરખા સ્ત્રીઓ આપણી સ્ત્રીઓની માફક માથાના પાછલા ભાગ ઉપર અંબોડો બાંધે છે. એમનામાં પડદાનો રિવાજ નથી અને સ્ત્રીઓ પુરૂષો સાથે છુટથી હરેફરે છે. સ્ત્રીઓ ઘણીજ નીતિમાન હોય છે. અને પુરૂષો બ્રાહ્મણની સ્ત્રી તરફ બહુજ માનની નજરથી જુવે છે. અનીતિએ ચાલનારને રાજ્ય તરફથી સખ્ત શિક્ષા કરવામાં આવે છે.

શિવરાત્રીના મેળા પછી પાંચ દિવસથી વધારે પરદેશીઓને ખટમંડુમાં રહેવા દેતા નથી. ત્યારપછી જે રાજ્યની પરવાનગી વગર ત્યાં રહે છે તેમને કાઢી મુકવામાં આવે છે. અને રાખનારને સરકાર તરફથી સખત શિક્ષા કરવામાં આવે છે. કેટલાક યાત્રાળુઓ ત્યાં પહોંચ્યા પછી બીજે દિવસેજ ચાલ્યા ગયા. અમે શહેર જોવાને ત્રણ દિવસ ત્યાં રહ્યા તે દરમ્યાનમાં લગભગ બધા યાત્રાળુઓ પાછા ફર્યા હતા. અમારો એકાદ દિવસ વધારે રહેવાનો વિચાર હતો. કારણ કે ત્રણ દિવસમાં અમે બધું જોઈ શકયા નહિ. વધારે દિવસ રહેવાથી સંગાથ મળે નહિ અને એકલા જવાનો પ્રસંગ આવે તેથી વધારે રોકાવાનો વિચાર છોડી તા. ૯ મીએ આ બધું છોડયું. સવારે દસ વાગે નિકળી. બપોરે ત્રણ વાગતે ચંદ્રગઢ પહાડની નીચે પહોંચ્યા. ત્યાં થોડો વખત વિશ્રાંતી લઈ આગળ ચાલ્યા. અમે પાછળ રહી ગએલા હોવાથી પહાડપર ચઢતી વખતે અમને કોઇનો સંગાથ નહોતો. ફક્ત ત્યાંના પહાડી લોકો વખતે વખતે રસ્તામાં મળતા. આથી રસ્તો ભયંકર લાગતો. ઠેઠ રીકસોળ સુધી આવી રીતે એકલા જવું પડશે અને કદાચીત રાત્રે લુંટાઈ જઇશું એમ મને ભાસવા લાગ્યું. સાંજરે ૭ વાગતે અમે આ પહાડ ઊતરી એક ગામમાં વિસામો કર્યો. અહીં અમને ધર્મશાળામાં ઊતરેલા ઘણા માણસો મળ્યા. અહીંથી રીકસોળ સુધી કાંઇને કાંઈ સંગાથ મળ્યા કરતો.

તા. ૧૦ મીએ સવારે પાછું ચાલવું શરૂ કર્યું. આજરોજ અમને વૃદ્ધ બંગાલી વિધવા સ્ત્રીઓનાં કેટલાંક ટોળાં મળ્યાં. એઓ અમારાથી બે ત્રણ દિવસ અગાઉ ખટમંડુ ગએલા તેથી જતી વખતે અમને એમાંનું એકપણ ટોળું મળેલું નહિ. બંગાળામાં વિધવા સ્ત્રીઓ વૈધવ્યના સઘળા નિયમો પાળે છે. દરેક વિધવા–પછી તે બાળ વિધવા હો કે પુખ્તવયની વિધવા હો–દિવસમાં એક વખત ખાય છે. રાત્રે ફળાહાર કરે છે અથવા નિરાહાર પણ રહે છે. એકાદશીને દિવસે નિર્જલ અપવાસ કરે છે. આવા બીજા ઘણા નિર્જલ અપવાસ એમને કરવા પડે છે. કેટલીક વિધવાઓ કોઇના હાથનું રાંધેલું ખાતી નથી. કુટુંબમાં લગ્ન જેવા શુભ પ્રસંગ વખતે એમને બે ત્રણ દિવસ ફળાહારપર રહેવું પડે છે. આવી રીતે પતિના મરણ પછી બંગાળી સ્ત્રી બહુજ કષ્ટમય જીવન ગાળે છે. જાત્રા કરવી એ એક મુખ્ય ધર્મ સમજે છે અને એવી સ્ત્રીઓના ટોળેટોળાં જાત્રા કરવા નિકળી પડે છે. આવાં બે ત્રણ ટોળાં અમને રસ્તામાં મળ્યાં. એક પચાસ સ્ત્રીઓના ટોળામાં બે પુરૂષો હતા. તેમાંનો એક આગળ અને એક પાછળ રહેતો અને મેઢાંની માફક સ્ત્રીઓને દોરવી લઇ જતા.

ખટમંડુ જતી વખતે રાતવાસો કરવાને જગા મેળવતાં અમને જેટલી અડચણ પડી તેટલીજ અમને પાછા ફરતી વખતે પણ પડી. પરંતુ દરેક ઠેકાણે જેમ તેમ સમાસ કરી લેતા. સીસાગઢ પહાડ ઊતરતા અમને ઘણી મુશ્કેલી પડી. એ પહાડ ઘણો સીધો અને ઊંચો હોવાથી નીચે નજર કરતા તમ્મર આવતાં. અને પગ લપસી જાય તો જીંદગી પુરી થવાની ધાસ્તી રહેતી. મારી સાથે એક બંગાળી સ્ત્રી ચાલતી હતી તેનો પગ એક વખતે સર્યો પણ સદ્‌ભાગ્યે તે ઘણી નીચે ગગડી પડી નહિં અને તેને ઝાઝી ઇજા થઇ નહિ.

તા. ૧૩ મીએ બીરગંજ પાછા આવ્યા. અહીં કુલીઓ યાત્રાળુઓને ત્રાસ આપે છે. ખડમંડુથી ભાડું કરતી વખતે કોઇપણ રીતની તેઓ સરત કરતા નથી. પણ બીરગંજના થાણા આગળ આવ્યા પછી સ્ટેશન સુધી સામાન લઈ જવા ના પાડે છે અને થાણાથી અગાડી સામન લઈ જવાને મ્હોં માગ્યા પૈસા માગે છે. થાણા આગળ બીજા કુલીઓ મળતા નહિં હોવાને લીધે પ્રવાસીઓ થોડા વધારે પૈસા આપવાના કરી સ્ટેશન સુધી માલ લેવડાવે છે. અમારા કુલીઓ પણ તે પ્રમાણે કરવા લાગ્યા પણ પ્રવાસમાં અમે વખતોવખત એમને ખાવાને પૈસા આપતા તેથી અમારી સાથે એમણે વધારે રકઝક કરી નહિં. અને અમારો સામાન સ્ટેશન સુધી લઇ ગયા. આ પ્રમાણે પહાડનો પ્રવાસ પુરો કરી સુખરૂપ પાછા આવ્યા તે માટે ઇશ્વરનો ઉપકાર માની રેલવેનો પ્રવાસ કરી અને અમારે સ્થાને પાછા આવી પહોંચ્યા.

ત્રંબકલાલ ચંદ્રશંકર દેસાઈ.

---

# ધારાપુરીની ગુહામાં.

---

સિન્ધુ અહે ! ઉછળી રહ્યો અતિ ઘોર ગર્જન નાદથી
વળી શ્વેત વર્ણની ઉર્મિઓ આનન્દથી કૈં નાચતી.

એપોલો–બંદરનો રમણીય અને સૌન્દર્યપૂર્ણ કીનારો જોઈ દૂર દેશથી આવેલા પુરુષના નયન કાંઈ ચકિત અને મુગ્ધ બને છે. અમારા ઘેલા નયણાંમાં આનન્દ અને હર્ષ તરી આવતા હતાં. સ્હવારે નવ વાગે તિમિર વિદારક સહસ્ર રશ્મિ–અંશુમાલી, ક્ષિતિજ થી ઘણે ઉંચે ચઢયો હતો. નયન ચકિત થાય એવા પ્રખર–રશ્મિ વડે સમસ્ત સમુદ્ર સલિલ ચમકાટ કરતું હતું. અમે સર્વે મિત્રો ત્યાં ઉભા હતા. હૃદયમાં આનન્દ ઉભારતો હતો. એક ન્હાની નૌકા સમુદ્ર તીરે નાચતી–કુદતી–તરતી હતી. એપોલો બંદરના પગથીયાં ભણી ગણી અમે સર્વે ઉતર્યા. ન્હાનકડી નૌકામાં સામાન મૂકયો. હું અને સર્વે મિત્રો નૌકામાં બેઠા.

કંઇ નાચતું–કુદતું નાવડું એ, ઝીણી ઉર્મિ ખરે કંઇ હાસ્ય કરે,
નિધિના જળમાં તરતું તરતું, ઝટ બંદરથી નીકળ્યું સરતું.

હૃદયમાં આનન્દને ભીતિ ઉભયનું મીલન ઉદ્‌ભવ્યું–તે અનુભવ્યું. નિધિના ઉંડા જળને આશરે અમારાં અમૂલાં પ્રાણ–એ ભીતિ. કુદરતની દિવ્ય લીલાનું સંદર્શન કરવાનો આવો

શુભ અવસર–એ આનન્દ. પ્રથમ મંદ મંદ અનિલ વ્હાતો હતો. તેથી નૌકા ધીરી ગતિથી માર્ગ કાપતી. અનિલ જોરમાં વાતા કદી વેગપૂર્ણ ધસતી. ધીરી ગતિથી ધસતી નૌકા કવચિત્ ગજગામિની સમી ભાસતી. ત્વરિત ગતીથી ધસતી નૌકા કવચિત્ પ્રિયતમને મળવા જતી તન્વંગી વિરહિણી સમી ભાસતી હતી.

નૌકા સહજ અગાડી ગઈ–એટલે મુંબાઇના ભવ્ય મહાલયો–તાજ મહાલ હૅાટેલ, યૅાટ કલબ–ગગનચૂંબીત રાજાબાઇ ટાવર, ઇ. ઇ. અન્ય ભવ્ય મહાલયો દૂરથી રમ્ય લાગવા માંડયા. ઘડી રાજાબાઇ ટાવરના શૃંગને ચૂમતી આછી ભૂરી વાદળી અમારા હર્ષમાં વૃદ્ધિ કરતી દૂરથી મુંબાઈ શહેરનો દેખાવ અતિ રમણીય અને નયન પ્રિય લાગતો. તે સમે તુર્ત આંગ્લ કવિ વર્ડઝવર્થની નીચલી પંક્તિ સ્મરણપટ પર તરી આવી.

Earth has not anything to show more fair:
Dull would he be of soul who could pass by
A sight so touching in its majesty:
This city now doth like a garment wear
The Beauty of the morning..............

મહાન કવિ વર્ડવર્થની આ ઉક્ત પંક્તિ તે દેખાવને બરાબર લાગુ પાડી શકાય તેમ હતું. નભ ઘુમટમાં રડીખડી આછી વાદળી તરતી દેખાતી હતી.

આ રમ્ય નિલા વ્યોમમાં આનન્દ કરતી વાદળી,
પૂર વેગથી ધસતી કદી ચૂમતી દિસે ગિરિ શૃંગારથી;
અતિ મુગ્ધ લોચનીયાં થકી એ સૃષ્ટિ લીલા ન્યાળતાં
આનન્દને ભીતિ ઉભય હૃદયે થતા તાદૃશ સદા.

એવી રીતે નૌકામાં બેઠાં, સૃષ્ટિ લીલા ન્યાળતાં, હાસ્યવિનોદ કરતા અમારી નૌકા અગાડી ધસી. છુરછુર કરી એક અગ્નિનૌકા ત્વરિત ગતિથી દોડતી હતી. નિધિનું નિર તે જોશમાં કાપતી હતી. શ્વેત ફીણ દૃશ્ય અને અદૃશ્ય થતું. એજ કુદરતનો નિયમ. ફીણ પુનઃ દૃશ્ય થતું પુનઃ અદૃશ્ય થતું. ઉત્પત્તિ છે તેનો લય નિર્માયો છેજ. સંયોગ પછી વિયોગ છેજ. નામ છે તે નાશવંત હા સત્ય માણો સર્વદા. માનવ જીવન પણ એક અગાધ ઉદધિનાં બુદ્બુદ સમાન છે. સ્વકાર્યમાં પ્રવૃત્ત થાવ, અને આત્મ–ઉત્કર્ષ કરો–એમ તે અગ્નિ નૌકા પ્રેરતી હોય એવું ભાસતું. વળી હવામાં મત્સ્ય ભોગી પંખી વિહરતા હતા. ઘડીક સમુદ્રમાં ચંચુ મારી પોતાના ઉદર નિર્વાહ માટે નિર્દોષ બીચારી માછલીના પ્રાણ હરતા હતા. એવા કેટલાક શુદ્ધ સ્ફાટીક સમાન શ્વેત પંખી ઉડતા હતા. સમુદ્ર સલિલમાં પોતાની શ્વેત પાંખ ફફડાવતાં–જીબછબ કરતા હતા. આ રમણીય ભાસતું. પરંતુ નિયતિની કૃતિ શી વિચિત્ર છે? એકને મન પ્રાણહારક વેદના તો બીજાને મન આનન્દ. એકનો આહાર તો બીજાનો વિનાશ હશે! પરંતુ ગહન છે એ વિધાતાની કૃતિ ન્યાળવી. સમય લગભગ સાડા અગીઆરનો હતો,

ને સૂર્ય નિલા વ્યોમથી અતિ ચંડ અંશુ ફેંકતો;
ચૂસી લઇ નિધિ નિરને નિજ વ્યોમ માંહી ખેંચતો.

સમુદ્ર પર કીચીહૃ કીચીહૃ અનિલ–ઉર્મિ સાથે મિશ્ર થતાં ઘુઘુ નાદ કરતો. ક્રાંઇ

શ્રુતિ પ્રિય હતો એ નાદ. હું તો મિત્ર મંડળથી સહજ દૂર બેસી એ લીલાજ ન્યાળતો,–ન્યાળતો અને મુગ્ધ થતો, પરંતુ સંતોષિત ન થતો. નૌકામાં એક મિત્રે આજના જમાનાને પ્રિય થઇ પડેલી ચાહ બનાવી. ચાહદેવીને સહર્ષ અને સ્વહસ્તે વધાવી ત્હેને ઉદર નિવારથાયી બનાવી. એવી રીતે નૌકામાં સમય વ્યતિત કર્યો. એવામાં સમુદ્રમાં " Celtonia–સેલટોનીયા–નામક એક ભવ્ય અગ્નિ નૌકા ઉભી હતી તે દ્રષ્ટિએ પડી. તે ઉપર આંગ્લ નાવિકો આનન્દથી વિચરતા હતા. અમારી ન્હાનકડી નૌકાપ્રતિ તેઓ નીચી દૃષ્ટિથી જોતા હતા. અમારા મિત્રમંડળમાંથી એક આનન્દમાં આવી જઇ બોલી ઉઠયો. Blessed Celtonians, joy–joy તેઓએ પણ હવામાં રૂમાલ ફરકાવી પોતાનો ઉલ્લાસ પ્રદર્શિત કર્યો " સેલટોનીયા " જોઇ વિચાર ઉદ્‌ભવ્યો કે " Titanic–ટાઇટેનીક " આના પ્રમાણમાં કેટલી વિસ્તાર વાળી હશે. તે સૌથી મોટામાં મોટી અગ્નિ નૌકા ગણાતી હતી. તો ત્હેના પ્રમાણમાં આ ઘણી ન્હાની હશે. " ટાઇટેનીક " જેવી એક મહાન્ અગ્નિ નૌકા–જેમાં યથેચ્છ આનન્દ અને મોજ કરવાના પ્રત્યેક સાધન તૈયાર હતા જેમાં–થીયેટર્સ, ટેનીસ કોર્ટ, ઇ. ઇ. અનેક સ્થળ હતા, એવી એક ભવ્ય અગ્નિ નૌકાને–કુદરતના એક રાક્ષસી બર્ફના પર્વતે પલવારમાં અવચ્છિન્ન કરી નાંખી, અલ્પ સમયમાં સમુદ્ર તલ બતાવી દીધું અને ઘણાએક અમૂલા પ્રાણને યમસદનનો માર્ગ બતાવી દીધો, અને અભિમાની બનાવનારના ગર્વનો પલવારમાં વિનાશ કર્યો–તો આ અગ્નિનૌકા અને અમારૂં ન્હાનકડું નાવડું–તે શી વીસાતમાં ! પરંતુ જ્યાં સુધી જગન્નિયંતા, વિશ્વવ્યાપક સર્વ સાક્ષિભૂત એક પરમાત્માનો આશ્રય છે, ત્યાં સુધી માનવનો એક વાળ પણ વાંકો વળતો નથી. કુદરતના નિયમાનુસાર જ વિશ્વ વ્યવહાર ચાલે છે–તો કુદરતથી વિરૂદ્ધ વર્તવામાં શો લાભ ? વર્ડઝવર્થે સત્યજ કહ્યું છેઃ—

" Withdraw yourself from ways
That run not parallel to Nature's course."

અલ્પ સમયમાં એલીફન્ટા કિંવા ધારાપુરીની ગુહાવાળો ન્હાનકડો ટાપુ આવી લાગ્યો. અમારી નૌકા એક લાંબો ચકરાવો લઈ ધીમે ધીમે કીનારા પાસે આવી લાગી. ભ્રાંતિ વિમુક્ત થતાં હૃદયમાં કાંઈ અનેરો આનન્દ થાય છે તે ઉદ્‌ભવ્યો.

રમતી રમતી જલ ઉર્મિ તહીં, વહતી વહતી કંઇ નાચતી શી ?
નવરંગી થતી રવિ રશ્મિ થકી, સ્ફુરતી મૃદુ શાશ્વત પ્રેમ વળી.

અલ્પ સમયમાં અમારા આકાંક્ષી હૃદયનું ઇચ્છેલ સ્થાન આવી લાગ્યું. નૌકામાંથી ઉતર્યા. કીનારે આવ્યા. કીનારા પાસે એક વિશાળ અને ન્હાનકડો ભવ્ય ભાસતો પર્વત પર પ્રયાણ કરવું પ્રારંભ્યું. એક–બે–ત્રણ એમ કરતાં ઘણાંએ પગથીયાં ચઢયાં, કાંઈ શ્વાસ ચઢયો. પરંતુ યૌવનકાળના ઉછરતા લોહી અગળ શા ભાર છે એ શ્વાસના ? ઉમંગ અને આનન્દથી અમે સર્વે ચઢયા. અમે સમુદ્રથી ઉંચા જતા હતા. સમુદ્ર અમારાથી નીચો જતો હતો થોડા સમયમાં એક ન્હાનકડા ગિરિના શૃંગપર આવ્યા. સરસ્વતીચન્દ્રની સુન્દરગિરિની સૌમનસ્ય અને વસન્ત ગુહાનો ખ્યાલ આ જોવાથી કાંઈ આવી શકે ખરો ! અહીંઆથી સમુદ્રનો દેખાવ વિશેષ રમણીય ભાસતો. એક દિશામાં કાંઇ આછું રક્ત બનેલું વારિ ભાસતું,

બીજી દિશામાં કાંઇ નિલવર્ણવાળું દીસતું. અનેક ન્હાની અગ્નિનૌકા અને નાવડા ઉદધિપર રમતાં–તરતાં ભાસતાં. બાલકોના જાણે ન્હાના રમકડાં કેમ ન હોય? કુદરતનો દિવ્ય અને અદૃષ્ય હાથ આ રમકડાં સાથે આનન્દ કેમ ન કરતો હોય! એ વિચાર ઉદ્દભવ્યો. એ ગિરિના શૃંગપર વિશ્રામ લેવા અમારૂં મિત્રમંડળ બેઠું. નિર્દોષ હાસ્ય અને રમુજી ટુચકા સાથે વિનોદ વાર્તાલાપ કર્યો. પ્રાઇમસ સ્ટોવ સળગાવી પુનઃ ચાહ બનાવી, ઉદર નિવારસ્થાયી બનાવી. સાથે લાવેલું ભાથું ખોલી હાસ્ય અને વિનોદ સાથે ત્હેનો આહાર કર્યો. અમારા શિવાય અન્ય ઘણા જોનારા આવ્યા હતા. ત્યારબાદ પ્રત્યેક માણુસ દીઠ ચાર આના ખર્ચી ટીકીટ લીધી. પછી કેટલાક સ્નેપશોટ લેવા સારૂ એક મિત્ર કેમેરા લાવ્યો હતો, તે લઇ નિકળ્યા. તુર્ત પાસેની એક ગુહામાં પ્રવેશ કર્યો. ચોખંડો અને વિશાળ એક ભવ્ય ઓરડો છે. મધ્યસ્થમાં કેટલાક મહાન્ સ્થંભ છે. કેટલીક મૂર્તિ જોઇ. કેટલીક ભગ્નાવસ્થામાં હતી. કેટલીક સમાર કામથી ટકાવી રાખેલ છે. જૂના પૂરાણા સમયની આ મૂર્તિઓ હશે એવું અનુમાન થાય છે. એક મિત્રે સ્નેપશોટ લીધો. એક મૂર્તિ જે અર્ધ નારીની છે તે જોવા લાયક છે. થોડીક એવી સર્વ મૂર્તિ જોઇ. બીજી ગુહામાં નિર્મળ સલિલનું એક ઝરણ છે. નિલ ભાસતું સલિલ બહુ મિષ્ટ છે. અમૃત સમાન સ્વાદિષ્ટ સલિલનું પાન કર્યું. તે મ્હને બહુ ગમ્યું. એ ઝરણવાળી ગુહામાં એક ન્હાનકડી ગુહા છે. તેમાં ગાઢ અન્ધાર છે. એક મિત્રે અન્દર પ્રવેશ કર્યો. "મેગનીસીયમ વાયર" પ્રદિપ્ત કરી તિમિર કાંઇક વિદાર્યું. પરંતુ અગાડી જવા કોઇની હીંમત ચાલી નહિ. અમો પણ તુર્ત પાછા વળ્યા. જીર્ણાવસ્થામાં આવેલ અન્ય કેટલીક મૂર્તિના સ્નેપશોટ લીધા. અમો સર્વે એક ગુહામાં આનન્દ કરતા બેઠા. તે મિત્રે અમો સર્વેનો ફોટો લીધો. એક મિત્રે તો પત્થરમાંથી કોતરેલ વિકટ દંત ધારી એક કેસરી ઉપર ચઢી ફોટો લેવડાવ્યો. ત્યારબાદ બીજી દિશામાં આવેલ એક ટેકરીપર પરિક્રમણ કર્યું. ટેકરીની ટોચપર જઇ સુપ્રિન્ટેન્ડનો બંગલો જોયો. અલ્પ સમયમાં ત્યાંથી પાછા ફર્યા અને મૂળ સ્થળ પર આવ્યા. સામે આવેલ એક વિકટ ટેકરીપર "સીતા-ગુહા" છે. ત્યાં જળકુંડ છે. તે જોવા લાયક છે. અમો સર્વે એ જવાનો વિચાર કર્યો. એક ન્હાની શી ખીણમાં થઇને ટેકરીપર પુનઃ પરિક્રમણ કર્યું. ચઢવાનો માર્ગ અતિ વિકટ હતો. પરંતુ મિત્રમંડળમાં ઉત્સાહ અને હર્ષને લીધે એ વિકટતા આસાન થઇ ગઇ. પગથી ઘડીક ઉંચી, ઘડીક વાંકીચુંકી જતી હતી. કોઇ પત્થર આડોઅવળો માર્ગમાં પડેલો હતો. તેથી આમાંથી માર્ગ લેવું દુષ્કર થઇ પડયું. તથાપિ આનન્દ અને ઉત્સાહ ધરી ચઢયા. પરંતુ "સીતાગુહા" ક્યાં આવેલ છે તે કોઇને માલુમ નહતું. તેથી એક ગંભીર ભૂલ કરી, ત્હેને અનુસરી એક વિકટને ગુંચવણી ભર્યો માર્ગ લીધો. આશરે એક કલાક રખડયા. પરંતુ ગુહાની ભાળ ન લાગી. અને ઉપર ચઢવું ગહન લાગ્યું. સર્વે મળી પુનઃ ઉતરવાનો વિચાર કર્યો. આથી ઉત્સાહ પૂર્ણ સાહસ નિર્વિજયી નિવડયું. ઉંચી ટેકરીપર ચઢવાના પરિણામે અમે સર્વે ખૂબ હાંફવા લાગ્યા. તેથી એક ન્હાનકડા વૃક્ષની શીતળ છાયામાં વિશ્રામ લેવા બેઠાં પરંતુ બેસવાનું વિચિત્ર હતું. તેથી અલ્પ સમય બેસી પુનઃ પ્રયાણ કર્યું. ફરી મૂળ સ્થળપર આવી લાગ્યા, અમૃત સમાન સલિલનું પુનઃ આનન્દથી પાન કરી શાન્ત બન્યાં. સાથે થોડીક નારંગી–સક્કરચંદ–દ્રાક્ષ–ઇ. ઇ. મેવો લાવ્યા હતા ત્હેનો આહાર કર્યો. આવા રમણીય સ્થાને મિત્રમંડળમાં બેસી મિષ્ટ મેવાનો આહાર કરવો એ કાંઇ અનુપમ અને સ્વ-

ર્ગીય આનન્દ આપે છે. સ્ટોવ ફરી સળગાવી ચાહ બનાવી. અમે સર્વે મિત્રો ચાહના પ્રખર ઉપાસક હોવાથી ફરી ચાહ ગટગટાવી. ફરતાં ફરતાં જોવામાં લગભગ ચારેક કલાક વિતિ ગયા હતા. અને સન્ધ્યા સમય થયો હતો. નાવિકે આવી કહ્યું, શેઠ! ચલો, પવન પ્રતિકુળ છે, તો મુંબાઇ પુગતાં વિલંબ થશે. માટે સત્વર તૈયાર થાવો. અમો સર્વે વિશ્રામ લઇ સ્વસ્થ થયા હતા. તેથી સામાન કુલી પાસ ઉંચકાવી નીચે ઉતરવા લાગ્યા. અલ્પ સમયમાં નૌકા પાસે આવી લાગ્યા. સામાન ફરી ગોઠવી દીધો. પુનઃ અમારાં અમૂલાં પ્રાણુને અસિમ સિન્ધુની જળ તરંગની સપાટીપર તરતાં મુકી દીધાં.

સહજ અગાડી ગયાં એટલે અસિમ કુદરતની દિવ્ય અને અદ્દ્ભૂત રચના દૃષ્ટિ સમક્ષ તરી આવી, અમારી નૌકામાંથી તે ન્હાનકડો ટાપુ વાંકોચુંકો પથરાયલો રમણીય ભાસતો. ટાપુપર વૃક્ષરાજિ હિંચતી આનન્દ દર્શાવતી. શાન્ત અને કાંઇક નિર્જન એવા તે કાનન વિશે સન્ધ્યા સમયની સમીર લહરી મંદમંદ વ્હાતી હતી. રક્ત બનેલો આછાં ભુરાં વાદળના યૂથમાંથી માર્તંડરાજ કાંઇક શીત રશ્મિ ફેંકતો હતો. રક્ત બનેલો સૂર્યનો ગોળો પશ્ચિમ પ્રતિ પ્રયાણ કરતો હતો. એટલે તે નિહાળી વર્ડ્ઝવર્થની એક પંક્તિ સ્મરણ પટપર તરી આવી.

The broad sun
Is sinking down in its tranquility;
The gentleness of heaven is on the Sea;

સૌમ્ય સંધ્યા ને તિમિરાલયમાં પ્રવેશ કરવાનું સૂચવતો-સૂચવતો, કિંચીદ્-કિંચીદ્ મંદ હાસ્ય કરતો હતો. રક્ત રશ્મિથી જળ તરંગ ચળકાટ કરતાં હતાં. કુદરતના સૌન્દર્યની કલા સંપૂર્ણ વિકાસી રહી હતી. ક્યાં આ કુદરતની દિવ્ય રચના ? ને કયાં મુંબાઇની કૃત્રિમ અગાધ રચના ! અહીં વૃક્ષરાજથી છવાયલી ટેકરીઓ-ત્યાં ભવ્ય મહાલયો અને બુરજોથી છવાયલું-દૂરથી દીસતુ ન્હાનકડું શહેર ! કુદરત અને કૃત્રિમ રચનામાં આ રચેલો અનન્ત ફેર ! એવા એવા અનેક વિચિત્ર વિચાર ઉદ્દ્ભવ્યા. હૃદયમાં આ જોઇ કાંઇ બ્રહ્મનાદ થતો હોય એમ ભાસ્યું. તરંગશક્તિ સ્વર્ગના દૂર દિવ્ય દેશમાં ભટકવા લાગી હોય એમ ભાસ્યું. વ્યોમમાં-તો ઘડીક સમુદ્ર સલિલ પ્રતિ-ઘડીક શાન્તિથી વહન કરતી અનેક નૌકા પ્રતિ-તો ઘડીક અસ્ત થતા સૂર્યપ્રતિ-ઇત્યાદિ ઇ. પ્રતિ મુગ્ધ દૃષ્ટિથી ન્યાળવા લાગી. કલ્પના શક્તિ—તરંગશક્તિના યથેચ્છ પરિક્રમણમાં પણ સ્વર્ગીય આનન્દ છે. Keats-કીટ્સના વચનની સત્યતા અનુભવી.

"Ever let thy Fancy roam
Pleasure never is at home."

કીટ્સનું આ વચન અક્ષરસઃ સત્ય ભાસ્યું. પુનઃ એ સૌન્દર્ય લીલા જોઇ કીટ્સનું અન્ય વાક્ય હૃદયમાં તરી આવ્યું.

"A thing of beauty is Joy for ever."

અહો ! આ કુદરતના સૌન્દર્યનું સંદર્શન હૃદયમાં દિવ્ય ભાવના ઉત્તપન્ન કરે છે. પંચભૂત દેહમાં સાત્ત્વિક વૃત્તિ પ્રેરે છે. ઇશ્વરની અગમ્ય લીલાનું કાંઇક ભાન આપે છે. જગ-

તમાં રહી મનુસેવાનો મહામૂલો મંત્ર જપવાની વૃત્તિ હૃદયમાં જગાવે છે. એ નૈસર્ગિક સૌન્દર્યે હૃદયમાં પ્રેમ અને જ્ઞાન ઉભયનું અદ્દભૂત મીલન કરે છે. આ પ્રતિભા સૃષ્ટિમાં વિહાર કરતું હૃદય યથેચ્છ ગાવા લાગ્યું:—

સુરમ્ય ને અતિશાન્ત કાનન પ્રેમથી હું ચાહું છું,
નિર્જન અનેરા વ્યોમમાં હું દિવ્ય અંશો માણું છું;
ગિરિ ગવ્હરે વહતા ઝરણુને દિવ્ય દૃષ્ટે ન્યાળું છું,
નિસર્ગ લીલા જોઇને ચૈતન્ય જ્યોતિ જગાવું છું.

ચંચળ ચિત્ત વૃત્તિ દૂર ઉડવા લાગી. ચિત્ત વૃત્તિ સ્થિર કરવી અતિ વિકટ છે. ઘડીક ઘડીક શાશ્વત આનન્દ ચાહે છે. ઘડીક નશ્વર જગતના નશ્વર આનન્દમાં મઝા માણે છે. ઘડીક અરણ્ય વાસો કરવા ઉત્સુક બને છે. ઘડીક સમસ્ત જગતની લક્ષ્મી પ્રાપ્ત કરવાના વિચારમાં સતેજ થાય છે. કોઇ કવિ એ યથાર્થ ઉદ્‌ગાર કાઢ્યા છેઃ—

" કબહુ મનરંગ તરંગ ચઢે, કબહુ મન સાધત હૈ ધનકુ,
કબહુ બન બાસ બિચાર કરે, કબહુ મન સાધન હૈ રનકુ;
કબહુ ચિત્ત ચાહત ભોગનકું, કબ ચાહત યોગ સુસાધનકુ.
કહો કયા કહના ચિત ચંચલકું, રનકુ, ધનકુ, વનકુ, મનકુ. "

હૃદયમાં આવા વિચારોની સંકલના ચાલુ હતી. એવામાં અમારી નૌકાએ એક સજ્જડ ગોથું ખાધું. સર્વેના હૃદયમાં કાંઇક ભીતિ ઉત્તપન્ન થઇ. પરંતુ સુભાગ્યે તુર્ત શાન્ત બની પુનઃ સડસડાટ માર્ગ કાપવા લાગી. આ પ્રમાણે ધીમે ધીમે અગાડી વધ્યા. અમારાથી થોડેક અન્તરે એક બીજી નૌકા પણ હતી. તેમાં કોઈ ગુહા જોવા આવનાર તરુણ વાંસલી વગાડતો હતો. સમુદ્ર સપાટીપર વાંસલીના દિવ્ય સ્વર દૂરથી આવતા સૂણી અમારા આનન્દમાં કાંઈ ઓર વૃદ્ધિ થઈ. શ્રી કૃષ્ણચન્દ્રની મધુર મુરલીનો નાદ કેવો હશે ? વ્રજવનિતાના ચિત્તને તે નાદ ચોરી કેવી રીતે વિવ્હળ કરતો હશે ? આવો પ્રશ્ન સહાજિદ હૃદયમાં ઉત્તપન્ન થયો. એક મિત્રે તો આ હૃદયહારક અને કર્ણ પ્રિય સુસ્વર સુણી નૌકામાં નૃત્ય કરવા માંડયું. શીતળ અનિલ લહરીથી તે નાદ સચોટ અમારી કર્ણેન્દ્રિયપર આવી અથડાતો હતો. આથી હૃદય ડોલવા લાગ્યું. સુરમ્ય—સુસ્વર સુણતાં મીઠી અને મધુર મોહક ભાવનાને હૃદયમાં યોગ્ય સ્થાન મળ્યું. એવી રીતે ધીમે ધીમે અમે અગાડી વધ્યા. ભાનુનો અસ્ત તો થઈ ગયો હતો. પરંતુ અમે ગયા તે દિવસે પૂર્ણિમા હોવાથી કૌમુદિ મંડીત નક્ષત્રનાથનો અન્ય દિશામાં ઉદય થયો. આથી હૃદયમાં વિશેષ હર્ષ વૃદ્ધિ થઈ. આ બધી કુદરતની દિવ્ય અને નૈસર્ગિક લીલા ન્યાળી શબ્દકોષમાંના શબ્દવડે તેનું યથાર્થ વર્ણન કરવું બહુધા અસંભવનિય લાગ્યું. હા ! એ સત્ય છેજ ! અદ્દભૂત વર્ણન કરવું મ્હને તો અશકય લાગ્યું. નૈસગિક સૌન્દર્યની એક સ્ફુરણા હૃદયમાં અખંડ પીયૂષ ઝરો વ્હેવડાવે છે. અનન્ત જ્ઞાન ઝરો રેડે છે. ચીરસ્થાયી આનન્દ ઝરણ રેલાવે છે. પુસ્તકોના વિસ્તૃત વાંચનથી પ્રાપ્ત થતું જ્ઞાન—તુચ્છ છે. કુદરત સૌન્દર્યથી પ્રાપ્ત થતા જ્ઞાન સમક્ષ ધીરે ધીરે રક્ત ચન્દ્ર શ્વેત ચન્દ્ર બન્યો. રક્ત રશ્મિને સ્થાને શ્વેતરશ્મિ પ્રસર્યા. શર્વરીપતિ ક્ષીતિજથી ઉંચો ચઢવા લાગ્યો. તે જોઈ હૃદય ગાવા લાગ્યું:—

પ્રિય ચન્દ્રિકે !

નિર નિર્મળું આ નિધિતુ: શીત રશ્મિથી ચમકાવજે;
નયને અમી રસ છાંટજે: તુજ જ્વલંત રશ્મિ હેલજે;
પ્રિય ચન્દ્રિકે ! તું વિકાસજે: ઝીણી કલા વિકસાવજે;
અધુરાં હૃદયમાં રેડજે: કંઈ બ્રહ્મરસને સીંચજે;
મૃદુ ચન્દ્રિકે ! શીત ચન્દ્રિકે !

નૌકા અને નાવડાંના વહન પછી એક શ્વેત લીસોટો સમુદ્ર સલિલની સપાટીપર પડતો હતો. જાણે સમુદ્ર સપાટીપર વ્યોમ ગંગા વળી તેમાં આછાં ચળકાટ કરતાં અસંખ્ય ઝીણા પડતાં તારલાનું પ્રતિબિમ્બ પડતું. તેથી શ્વેત લીસોટો સચોટ વ્યોમ ગંગાનું ચિત્ર આપતો. નૌકાના વેગ ભર્યાં વહનને લીધે ચન્દ્ર પણ ફાળ ભરતો. શશાંકનું શુદ્ધ સ્વરુપ તેથી પ્રકાશતું. સમુદ્ર નિરમાં તે ગગનગામી સુધાંશુનું પ્રતિબિમ્બ સૌમ્ય ભાસતું. સર્વત્ર આહલાદ અને ધવળ લાગતું. અન્તરીક્ષ ચન્દ્રપ્રભામાં ડૂબ્યું હતું. સમુદ્ર સપાટીપર નિશિકાન્તે શીતરશ્મિવડે શ્વેત દુકુલ પ્રસારી હતી. ઈ. ઇ. કાંઇ કાંઇ લીલા દૃષ્ય થતી. ચન્દ્રનું પ્રતિબિમ્બ જળ તરંગપર પડતું. પરંતુ ઘડીકમાં અનિલ લહરીને લીધે વિનાશ થતું પુનઃદૃષ્ય થતું. પુન અદૃષ્ય થતું માનવ જીવન પણ પ્રતિબિમ્બ સમાન છે. હરિલીલા અકળિત અને અગમ્ય છે. સમય રાત્રે લગભગ દશ વાગ્યાનો હતો. અમારી નૌકા પુનઃ એપોલો બંદરના રમણીય કીનારાપર આવી લાગી. નૌકામાંથી ઉતર્યા. પુનઃભીતિ વિમુક્ત થયા. વિક્ટોરીયામાં બેસી અમે સર્વે વિદ્યાલય પ્રતિ—અમારા પ્રિય નિવાસ્થાન પ્રતિ આવ્યા. પરંતુ આ અગમ્ય–નૈસર્ગિક સૌન્દર્ય લીલા દૃષ્ટિ આગળ ઘડી ઘડી તરી આવતી. હૃદય ક્વચિત્ ગાતું કે:—

ન્યાળી શકે ના કોઇ આ લીલા અખિલ સૃષ્ટિ તણી,
ગાવો અનેરાં ગીત તો વિભુ તણાં સહજન મળી.

ચોપાટી—મુંબાઈ.

**હીરાલાલ મગનલાલ દેસાઇ.**

---

# રાઇનો પર્વત.×

**विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्** (વિદ્વાનોનો પરિશ્રમ, જાણે વિદ્વાન એકલા ). લાંબા સમય સુધી પરિશ્રમ કરી રચેલો ગ્રન્થ થોડા જ સમયમાં વાંચી તેનું અવલોકન લખનારને શું કહેવું ? સ્વ. ગોવર્ધનરામ કહેતા કે જે પુસ્તક લખતાં મને બે વર્ષ

× લખનાર રા. રા. રમણભાઈ મહીપતરામ નીલકંઠ, બી. એ; એલ એલ. બી.; પ્રકાશક જીવનલાલ અમરશી મહેતા, ઠે. પીરમશાહ રોડ—અમદાવાદ.

કિંમત રૂા. ૧–૦૦

થાય છે તે બે દિવસમાં વાંચી જઇ કેટલાક લોકો મને કહે છે કે હવે એક બીજું પુસ્તક લખો ! આવા લોકોમાંનો જ હું પણ એક છું. તથાપિ એક મિત્રની સૂચનાથી પ્રેરાઇ આ ગ્રન્થનું અવલોકન કરવાનું સાહસ કરૂં છું.

રાઇનો પર્વત—આવા અટપટા નામવાળું આ એક નાટક છે. આપણા પ્રસિદ્ધ સાક્ષર રા. રમણભાઇ મહીપતરામે એ રચેલું છે. જીવનની અનેક પ્રવૃત્તિઓને, માનવ હૃદયની અનેક લાગણીઓને, આત્માના અનેક વિચારતરંગોને, મનુષ્યની દૃષ્ટિ આગળ ખડા કરવા અને એકંદરે મનુષ્યને વધારે ને વધારે ઉન્નત માર્ગે દોરવો એ નાટકનો મુખ્ય હેતુ સર્વને જાણીતો છે. આપણાં આધુનિક નાટકો આ હેતુ કેટલે અંશે નજર આગળ રાખે છે એ એક જુદી જ વાત છે, અને હાલની રંગભૂમિને નાટકનો હેતુ બર લાવવા માટે કેવી રીતે સુધારવી એ પણ એક પ્રશ્ન છે.

આ નાટક ઘણે ભાગે એક સાંસારિક નાટક છે એમ કહીએ તો ચાલે. આપણા સંસારના અનેક વિકટ પ્રશ્નો એમાં ચર્ચાયા છે અને કેટલાક ઉપર તો નવીન પ્રકાશ પડયો છે. જીવનમાં વારંવાર પ્રગટ થતો અનેક બળવાન વૃત્તિઓનો કલહ, એ કલહ પ્રસંગે રાખવું જોઇતું ધૈર્ય અને ધર્મ ને નીતિના સનાતન સિદ્ધાન્તોને વળગી રહેવાનું સામર્થ્ય, સંસારમાં સ્ત્રીનું સ્થાન અને તે સ્થાનને યોગ્ય તેને આપવું જોઇતું માન, લગ્નનો મહા સિદ્ધાન્ત, વિધવાની સ્થિતિ ને તેમનું સ્વાતન્ત્ર્ય, પુનર્લગ્નનો વિકટ, પ્રશ્ન અને તે ઉપરાંત મનુષ્યનાં બધાં પરાક્રમો પ્રભુ ઇચ્છા વિના સફળ થતાં નથી એ ધર્મનો સિદ્ધાન્ત,—આવા અનેક પ્રશ્નો આ નાટકમાં ચર્ચાયા છે અને તેમનો નિર્ણય પણ થયો છે.

નાટકનો નાયક રાઈ નામનો એક માળી છે–માળીના વેષમાં દેખાતો એક શૂરવીર ક્ષત્રિય છે; નિખાલસ હૃદયનો, સત્યપ્રેમી, ધર્મ નિષ્ઠ એક માનવ છે. અને માનવ છે તેટલા માટેજ આરંભમાં પોતાની વત્સલ માતાના હૃદયના ઉલ્લાસને માટે રચાયલી પ્રપંચજાળમાં સામેલ થાય છે; છતાં તેનું હૃદય વારંવાર વલોવાયા કરે છે, અને તે કહે છે કે—

"મુજ અન્તરે પ્રતિબિંબમાં કંઈ જ્યોતિઓ જે ઝગઝગે,
શું જાલકામતિવેગમાં જાશે તણાઈ સર્વ તે ?"

'મા ! તારા પ્રેમ આગળ મારૂં આત્મબળ હારી ગયું છે' એમ કહેનાર રાઇના હૃદયમાં પ્રેમ ને સત્યનો વિરોધ એવો સબળ જણાય છે કે તેને સમજાતું નથી કે—

'પ્રેમ ને સત્ય એ બન્ને અંશો એકજ ઇશના;
તથાપિ કેમ દેખાતા વિરોધી માર્ગ તેમના ?'

રાઇની મા જાલકા એ એક રાજખટપટી સ્ત્રીનું ઉત્કૃષ્ટ દૃષ્ટાન્ત છે. પોતાના પતિનો અધર્મથી વધ કરાવી તેનું રાજ્ય પડાવી લેનાર રાજા પાસેથી પોતાનું રાજ્ય પોતાના પુત્રને માટે શી રીતે પાછું મેળવવું એ વિચાર જાલકાના મસ્તકને વ્યાકુળ કરી રહ્યો છે. તે વિચારને અમલમાં મૂકવા તેણે એક જબરજસ્ત ભૂલભૂલામણીના જેવી જાળ રચી અને મહા મહેનતે પોતાના છોકરા રાઇને તેમાં સામેલ કર્યો. વેર અને રાજ્યલોભનો પ્રબળ કીડો જાલકાને અનીતિને રસ્તે દોરે છે અને તે ઠેઠ સુધી તેમાં દોરાય છે. રાઇ અને જાલકા

એ બન્નેમાં આ મોટો તફાવત છે. રાઇ અધર્મ અને અનીતિથી દૂર રહેવા કેટલોક વખત વૃથા પ્રયાસ કરે છે, પણ આખરે વિજયી નિવડે છે. પરંતુ જાલકા તો એની રાજ્યલોભની ધૂનમાં ને ધૂનમાં ઠેઠ અનીતિની પરાકાષ્ઠાએ પોતાના વિચારોને પહોંચાડે છે. **द्रुमसानुमतां किमन्तरं यदि वायौ द्वितयेपि ते चलाः** ( તરુપર્વતમાં કંઈ ભેદ દીસે યદિ વાયુ ઉરાડી શકે ઉભયે ? ) જ્યારે **રાઈ** કહે છે કેઃ—

‘ જગત આખાતણું રાજ્ય ચલાવે પ્રભુ સત્યથીઃ ’

ત્યારે **જાલકા** ઉત્તર દે છે કે—

‘ એવું માત્ર હશે કોઈ પુસ્તકોમાં લખ્યું કદી. ’

વળી, જ્યારે રાઇને પ્રતીત થાય છે કે **જાલકા**ની જાળમાં સંમત થવાથી કાંઈ ઓછી અનીતિ થતી નથી, એક સ્ત્રીને છેતરી તેના શિયળનો ભંગ કરવા પોતે તત્પર થયો છે, અને જ્યારે પોતાના શુદ્ધ હૃદયના વિચારો તે કામે લગાડી નિશ્ચય કરે છે કે—

‘ બે રસ્તા તુજ સમીપ માર્ગ જ્યાં;
તું ગ્રહે ઉભયમાંથિ એક ત્યાં. ’

અને

‘ કહી **અવશ** પોતાને કોને તું રાઇ ! છેતરે ? ’

એમ પોતાની જવાબદારી સંપૂર્ણ રીતે સમજીને સન્માર્ગ પકડે છે; ત્યારે **જાલકા**ને મન તો આ સૌ રમતગમતની જ છેતરપંડી હોય તેમ તે જવાબ આપે છે કે–

“ ‘ રાઇ ’ ને ‘ જાલકા ’ એ તો બાજીનાં સહુ સોકઠાં;
છેતરે કોણ કોને જ્યાં રમે ખેલાડિ એકલાં ? ”

પણ આ પ્રમાણે આ જીવનરૂપી બાજીમાં માત્ર સોકઠારૂપ થવાનું આપણો નાયક પસંદ કરતો નથી, એટલુંજ નહિ પણ પોતે પોતાનું સઘળું મનોબળ એકત્ર કરીને એકદમ નિશ્ચયપર આવે છે કે—

“ જાઓ ભલે જીવન–આશ સર્વે !
ઉત્પાત થાઓ ! ઉપહાસ થાઓ !
થાઓ તિરસ્કાર ! વિનાશ થાઓ !
ન એક થાજો પ્રભુપ્રીતિનાશ. ’

અહા ! કેવું જબરૂં પ્રલોભન ! અને તેમાંથી કેવો વિજયવન્ત બચાવ ! ‘ કનકપુરની ગાદી, ગુજરાતનું રાજ્ય, ગુર્જરેશપરનું આધિપત્ય, દ્રવ્ય–સુખ–વૈભવના ભંડાર, પુરુષાર્થના પ્રસંગ, સંકલ્પ કરી મૂકેલી ધારણાઓ, જાલકાના મનોરથ ’—આ સર્વ એકે સપાટે જતાં કરી ધર્મ અને સત્યના માર્ગને વળગી રહી આપણા રાઇ માળીએ રાણી **લીલાવતી** સમક્ષ પોતે જ જઇ આખું છળ ખુલ્લું કરી દીધું, અને અનુપમ સૌન્દર્યવાળી સ્ત્રીના ઉપભોગરૂપી ‘ **અમૃતમય સુખના અધિકારી** ’ થવાની દુષ્ટ વાસનાને લાત મારી ! આનું નામ જ વીરત્વ આનું નામ જ મનુષ્યત્વ.

આમ છતાં, આપણે ભૂલવાનું નથી કે છળથી પર્વતરાયનું રાજ્ય લેવું એ પણ સ્ત્રીના

શીલનો ભંગ કરવા જેટલું જ રાઇની દૃષ્ટિએ અધર્મ્ય હતું. એના પોતાના જ શબ્દો ઊતારીએ તો—'બન્ને કાર્ય સરખાં અનીતિમય છે.' માત્ર, બીજા પ્રકારની અનીતિથી પહેલા પ્રકારની અનીતિ એના જેવા પુસ્તકપંડિતને વધારે સ્પષ્ટ જણાઇ આવી. એને વેદિયા ઢોર જેવો કહી જાલકા એનો ઉપહાસ કરતી; પરંતુ પોતે વ્યવહારકુશળ છે એમ માની જે માણુસો ફુલાતા હોય તેમણે રાઇના શબ્દો ખૂબ યાદ રાખવા કે—'એની (જાલકાની) વ્યવહારકુશળતાએ મારી પંડિતતાનો પરાભવ કર્યો, તો, મારી પંડિતતાનો એ વિજય છે કે એણે ઇચ્છ્યું તે મેં નથી ઇચ્છ્યું, અને હું તે નહિ ઇચ્છું.'

સંસારમાં સ્ત્રીનું સ્થાન અને તે સ્થાનને યોગ્ય તેને મળવું જોઇતું માન–એ પ્રસ્તુત નાટકમાં બીજે નંબરે મૂકવા લાયક અગ્રગણ્ય પ્રશ્ન છે. આપણા કલાભિજ્ઞ લેખકે પત્નીનું સ્થાન બહુ રસિક રીતે સૂચવ્યું છે. શેરડીનો રસ વેચવાને પ્રસંગે, છોકરાના ગુપ્ત વેષમાં સાથે આવેલી પોતાની પત્ની કમલાને ઉદ્દેશીને દુર્ગેશ કહે છે—'અમારી અપૂર્ણતા એ પુરી કરે છે.' પ્રથમ વાંચને વાંચનારને ખબર નથી કે આ રસ આપનારો છોકરો તે દુર્ગેશની પત્ની કમળા છે: પણ બીજીવાર વાંચતી વખતે આ રસિક કલાવિધાન સ્પષ્ટ જણાઇ આવે છે. ઉપરનું વાક્ય વાંચી સ્વ. ગોવર્ધનરામની નીચેની પંક્તિ કોને યાદ નહિ આવે?—

'અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગણ દમ્પતી.'

દાંપત્યસ્નેહની ભાવના માંગલ્યમય નામવાળાં પ્રધાન–પ્રધાનપત્નીના સુસ્થિત યુગલથી સૂચવાઇ છે. સાવિત્રીનું એક જ વાક્ય ઊતારવું બસ થશે. પોતાના પતિ કલ્યાણકામને તે કહે છે—'તમારા હૃદયનું અનુરંજન શાથી થાય છે તે હું જાણું છું.' બે હૃદયની એક્તા એ જ દમ્પતીભાવની પરમ સીમા. **हृदयं त्वेव जानाति प्रीतियोगं परस्परम** (નક્કી હૃદય જાણે છે પ્રીતિયોગ પરસ્પર.)

શેરડીનો રસ વેચવા નીકળવાની કલ્પના જ રસમય છે; તેમાં વળી છોકરો અને એક પુરવાસી સાથે જે લડાઇ જામે છે તે પ્રસંગ, અને તેમાં છોકરાને મુખે (અર્થાત્ કમળાને મુખે, એટલે કે એક સ્ત્રીને મુખે) સ્ત્રીના માનની રક્ષા કરનારાં વાક્યો મુકાયાં છે તે અતીવ રૂચિકર લાગે છે. સ્ત્રીના માનની રક્ષાનો પ્રસંગ આપણા લેખકને ન્હાનોસુનો લાગતો નથી. 'પુરની સ્ત્રીઓની લાજ પુરવાસીઓ નહિં સાચવે તો કોણ સાચવશે?'—એ વાક્યથી વાંચનારને કેટલો બધો બોધ મળે છે? 'સ્ત્રીઓના સ્ત્રીત્વને ઢાંકી રાખવાનું સામર્થ્ય પુરુષોની અનેક યોજનાઓમાં સમાયેલું છે એ નિઃસંશય છે' આવાં વચન બોલી કમળા દુર્ગેશ ને રાઇ પાસે જે પ્રતિજ્ઞા લેવડાવે છે તેમાં પણ કવિના હૃદયનો ઊભરો સ્પષ્ટ જણાય છે. આ રહી તે પ્રતિજ્ઞા—

'સ્ત્રીજાતિની અવજ્ઞા પરિહારવાને
એવો હુતાશન મહા પ્રકટાવિશું કે
તેની પ્રચંડ ઉંચી જ્વાલની માંહિ થાશે
અજ્ઞાન, સ્વાર્થ, વળી દુર્મતિ સર્વે ભસ્મ.'

સ્ત્રીઓમાં સ્ત્રીત્વ ખીલવું જોઇએ એવું આપણા પ્રાચીનપ્રિય સજ્જનો પાસેથી વારંવાર સાંભળવામાં આવે છે. અલબત્ત એ તદ્દન ખરૂં છે કે સ્ત્રીઓમાં સ્ત્રીત્વ ઉત્કટરૂપે દીપી નીકળવું જોઇએ. પરંતુ એ સજ્જનો ભૂલી જાય છે કે સ્ત્રીત્વ ખીલવા માટે જ સ્ત્રીઓમાં પ્રથમ માનવત્વ ખીલવું જોઇએ. A woman is first a human being and then a woman. આટલું જ જો યાદ રાખવામાં આવે તો સ્ત્રીઓનાં અનેક અકારણ બન્ધનો એની મેળે તૂટી જાય. આ સંબન્ધમાં કમળા શું કહે છે તે સાંભળો—

' પ્રતિષ્ઠા સ્ત્રીકેરી સકલ રહી છે સ્ત્રીત્વનિ મહીં;
**વસ્યું તેને સ્ત્રીત્વે પુરૂષ સરખું માનવપણું;**
ઘડી જે મર્યાદા વિષયમય ભાવોથી પુરુષે,
નથી તેથી સ્ત્રીની પદવી કદિ મર્યાદિત થતી. '

( બીજી પંક્તિ મોટા ટાઇપમાં મેં મૂકાવી છે. )

નારીપ્રતિષ્ઠાને અંગે જ લગ્નનો પ્રશ્ન, વિધવાઓની સ્થિતિનો સવાલ અને તેમનું સ્વાતન્ત્ર્ય, અને પુનર્લગ્નનો મહાપ્રશ્ન એ સૌ રહેલાં છે. એ બધા પ્રશ્નોના અન્તસ્તત્ત્વમાં સ્ત્રીકેળવણીનો ગંભીર પ્રશ્ન સમાએલો છે. પુરુષની પેઠે સ્ત્રીનું મન પણ કેળવાય, માબાપ છોકરીઓને પણ ઉચ્ચ કેળવણી આપતાં શીખે, ત્યારે જ બાળલગ્ન અટકે અને ત્યારે જ લગ્નનો વિધિ યથાર્થ થઈ શકે. નહિ તો, સ્ત્રીપુરુષના હૃદયગ્રન્થિના લગ્નને બદલે હાલની પેઠે વસ્ત્રગ્રન્થિનું લગ્ન થયાં જ કરશે. પ્રેમાંકુર ફૂટયા વિના લગ્ન સંભવતું જ નથી. અલબત એ પ્રેમ કેવળ પરપોટા રૂપે છે કે કાંઈ સારવાળો પદાર્થ છે એ નિશ્ચિત થવું જોઇએ; અને એ નિશ્ચય કરવામાં ગુરુજનના અનુભવનો લાભ લઈ તેમની સંમતિ બને ત્યાં સુધી લેવી જોઇએ. કમળા અને દુર્ગેશનું લગ્ન આ વાતની સાક્ષી પૂરે છે. આ સંબન્ધમાં સંસારમાં આધેડ થએલી સાવિત્રીએ કમળાને દીધેલી શિખામણ યોગ્ય સ્થાને આવે છે—' પ્રેમમાં નિરંતર દૃઢ રહેવાનું મનોબળ તમારા બન્નેમાં છે એમ તમને લાગતું હોય તો જ લગ્ન કરજો. ફીણના ઉભરાથી પાણીની ઉંડાઇનું માપ થતું નથી, માટે ઉભરો શમી જાય ત્યારે પાણી કેટલું રહેશે એનો ખ્યાલ પ્રથમથી કરી મૂકજો. ' આ શિખામણમાં રહેલી ચેતવણી ઉપર ખાસ ભાર મૂકવાની જરૂર છે.

આપણી નાતોમાં ચાલતાં કેટલાંક લગ્નનું એક જરા અતિશયોક્તિ ભર્યું પણ રમુજી ચિત્ર ગોરજજમાનની તકરારમાં આલેખાયું છે. નાતોમાં થતો અન્યાય બંધ કરવાને માટે કલ્યાણકામનું એક વાક્ય કેટલું અર્થગર્ભ છે ?–' અન્યાયનાં બન્ધન છોડી ન નંખાય ? ' વળી, તે ઉદાર મન્ત્રીની ઉદારતા જુઓ—ગોરજજમાનની બેડીઓ કાઢી નાંખવાનો હુકમ કરી તે કહે છે કે ' એમનાં દુરાચરણે એમને બાંધ્યા છે તે બસ છે. '

લગ્નમાં સ્ત્રીના હિત તરફ આપણા લોક ઘણું ઓછું જુએ છે તે સંબન્ધી લીલાવતીના છેલ્લા શબ્દો ટાંકવા બસ થશે–' પ્રજાના સંસારમાં એવી નીતિ પ્રવર્તાવો કે લગ્નવ્યવહારમાં સ્ત્રીજાતિનું હિત જોતાં લોકો શીખે, અને કોઈ સ્ત્રી લીલાવતી જેવી હતભાગ્ય ન

થાય. × × × મારાં આ વચનથી દેશમાં એક દુઃખી સ્ત્રીનું પણ દુઃખ મટશે તો મારા પતિની પ્રજામાં એટલું સુખ વધશે અને ઈશ્વરના ધામમાં મને નિર્વૃતિ થશે.'

હવે આપણે આપણા નાયકના લગ્ન પ્રસંગ તરફ વળીએ. વીણાવતી લેખાને કહે છે કે, 'ખરૂં લગ્ન તો પ્રેમનું હોય છે!' વીણાવતી–જગદીપનું લગ્ન ખરેખર પ્રેમલગ્ન છે જ્યાં સુધી કુદરતે વિધવા બાલિકાઓની હૃદયભૂમિમાં પ્રેમના રોપાઓ રોપી તેમને પ્રફુલ્લિત કરવાનું કામ બંધ કર્યું નથી, ત્યાં સુધી મનુષ્યની શી ગુંજાસ છે કે તેમનાં લગ્નોને પ્રતિષિદ્ધ કરી શકે? આ પ્રમાણે પ્રસ્તુત નાટકનો એક ગૌણ હેતુ એ છે કે બાલવિધવાઓનાં–બલ્કે વિધવાઓનાં–**સ્વેચ્છાપ્રેરિત** પુનર્લગ્નોને ઉત્તેજન આપવું, અને તેમાં નડતા અન્તરાયો દૂર કરવા પ્રયાસ કરવો. જ્યાં સુધી જનસમૂહ કેળવાશે નહિ ત્યાં સુધી આ અન્તરાયો નડયા કરશે; પણ લોકમત કેળવવાનો આ નાટકદ્વારા લેખકે ઘણો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. તેની પુરેપુરી અસર તો આ નાટયને કોઈ હિંમતવાળી કંપની રંગભૂમિને અનુકૂળ કરી ભજવી બતાવવાનો ઉત્સાહ ભર્યો યત્ન કરે ત્યારે જ થાય.

આ પ્રશ્ન પરત્વે આપણા કેટલાક કેળવાયલા સજ્જનો પણ મ્હોં મરડે છે. 'વિધવા લગ્ન કરે તો પ્રેમની ભાવના ખંડિત થાય' એવો લેખાનો ઉત્તર તેઓ આપે છે. પરંતુ, એવી તે શી પ્રેમની ભાવના હશે કે તે પુરુષના પુનર્લગ્નથી ખંડિત નથી થતી, અને સ્ત્રીના જ પુનર્લગ્નથી ખંડિત થાય છે? જુઓ, વીણાવતી વિધવા થઇ; પછી મહારાજ પર્વતરાયે તો ફરીથી લગ્ન કર્યું! આમાં તે અજબ પ્રેમની ભાવના ખંડિત નથી થતી!

આપણા લોકો શાસ્ત્રને માને છે એમ જરા પણ છેતરાશો નહિ. તેમનું શાસ્ત્ર તો શ્રુતિએ નથી, ને સ્મૃતિએ નથી, ને સૂત્રો એ નથી; તેમનુ શાસ્ત્ર તો અતિદુર્ભેદ્ય રૂઢિશાસ્ત્ર છે. રૂઢિ તોડનાર શાસ્ત્રજ્ઞ* વિદ્વાનને પણ લોક તો હાસ્યપાત્ર જ લેખે છે.

પ્રકૃત નાટક બીજાં શૃંગારરસપ્રધાન નાટકો જેવું નથી, તેથી તેમાં પ્રેમનાં ચિત્રો કદાચ બહુ આકર્ષક કોઇને ન લાગે. તથાપિ વીણાવતી–જગદીપનો પ્રેમ ઠીક આલેખાયો છે. કોણ જાણે શાથી, પણ પાશ્ચાત્ય તેમજ આપણા કવિઓને પ્રથમ દર્શને પ્રેમ કરાવતાં ઠીક આવડે છે. આ પ્રમાણે love at first sight વાસ્તવ હશે કે કેમ તેની મને તો શંકા રહે છે. શેક્સપિયર પહેલાનો પણ એક કવિ ( Marlowe ) કહે છે કે—

Who ever loved that loved not at first sight!

'એ સ્રોત છે હૃદયના રસ પુણ્ય કેરો,
એમાં કદાપિ નથિ જોડ વિના તરાતું;—'

---

* ગઇ સાલ અત્રે ભરાયલી સંસારસુધારા પરિષદ તરફ સમભાવ રાખવા માટે આપણા વિદ્વાન પ્રો. ધ્રુવને ઓછું ખમવું પડયું હતું?

એ લીટીઓમાં પ્રેમસ્રોતની વ્યાખ્યા ઠીક અપાઇ છે. મગરમચ્છનો કાંટો વીણાવતીને ગળે બાંધવાનો પ્રસંગ એક દૃશ્ય તરીકે ઘણો આકર્ષક થાય એવો છે. એ પ્રસંગનો વીણાવતીના મુખમાં મૂકેલો ને જગદીપને ઉદ્દિષ્ટ કરેલો તુંકાર મને બહુ સ્પષ્ટ સમજાતો નથી. કદાચ એમ હોય કે પ્રેમની એકતાનતા થાય ત્યારે કૃત્રિમતા નષ્ટ પામે છે. દુર્ગેશના દર્શનથી મોહિત થએલી કમલાના હૃદયમન્દિરમાં જાગ્રત થયેલા કન્દર્પના સંબન્ધમાં સાવિત્રી નીચે પ્રમાણે નિદાનચિકિત્સા કરે છે—

' જાગે સ્વયંભૂ ઉરમાંહિ મન્મથ,
તેના નથી કો નિયમો—ન કારણ;
સામ્રાજ્ય તેનું રહ્યું આત્મવૃત્તિમાં,
અનન્ય તેનું પદ સર્વ સૃષ્ટિમાં.'

આ પંક્તિઓ પ્રથમ વાંચતી વખતે મને **કુમારસંભવ** વાંચતો હોઉં એવો ભણકારો થયો!

પ્રેમ અને સૌન્દર્યને ઘણો નિકટ સંબન્ધ છે. બન્ને ઇશ્વરના અંશો છે, ' સૌન્દર્ય તરફનો આદર એ તો ઉદારવૃત્તિ છે ' એમ કહી રાઇનું મન એના હૃદયને પુષ્ટિ આપે છે. રાઇ સારી પેઠે સમજતો હતો કે પારકાના સૌન્દર્યનો ઉપભોગ કરવાની લાલસાની સાથે જ એ ઉદાર વૃત્તિ પલટાઇને અધમ વૃત્તિ જ બને છે. આવા જ અર્થનું વચન જર્મન ફિલસુફ કાન્ટનું છે—

'Beauty gives us pleasure in the mere contemplation of itself, apart from the vulgar thoughts of possession and use.'

કોઇ પણ નાટકમાં કાવ્યભાગ તરફ વાચકની દૃષ્ટિ સ્વાભાવિક રીતે વિશેષ વળે છે. આપણા આ નાટકમાં કેટલાંક કાવ્યો અતિમનોહર છે. વાનગી નીચે આપી છે.

(૧) પીળાં પર્ણો ફરિ નથિ થતાં કોઇ કાળે જ લીલાં;
ભાગ્યાં હૈયાં ફરિ નથિ થતાં કોઇ કાળે રસીલાં;
પામે વૃદ્ધિ ક્ષય પછી શશી,—પ્રાણિનું એ ન ભાવી;
ના'વે એને ભરતિ કદિ જ્યાં એકદા ઓટ આવી.

(૨) બેભાન પડેલી વીણાવતીનું લાવણ્ય—
અંગે અંગે પટ જલ તણું ઝીણું એને વિંટાયું,
ધોળું કેવું ચકચક થતું કાન્તિથી તે છવાયું!
ચારે પાસે તૃણમય ધરા તેજસંક્રાન્તિ પામી
દીપે જાણે લિલમથી જડી ભૂમિ પ્રાસાદમાંની.

(૩) શાપ એ છે અનાચાર, શાપ દેવો ન કોઇને;
આઘાત થાય છે એથી પ્રભુના પ્રેમતન્ત્રને.

(૪) રસ મિષ્ટ થકી ભરિયું ફલ જે,
રસરક્ષણ કાજ જ છાલ ધરે;
જડ વેષ્ટન એ કરી દૂર શકે,
જન તે જ ગ્રહે રસ નિર્મલ એ.

રા. રમણભાઇમાં હાસ્યરસ ઉપજાવવાની ઘણી સારી શક્તિ છે એ 'ભદ્રંભદ્ર' ના વાંચનારને કહેવું પડે એમ નથી. પ્રકૃત ગ્રન્થમાં પણ એ રસનાં ચટકાં ક્વચિત ક્વચિત નજરે પડે છે. દર્પણદર્શીઓનો વેષ એ એમાંનું પ્રધાન ચટકું છે. દર્પણસંપ્રદાયદ્વારા આપણને બોધ મળે છે કે—

'લઈ ઝાંખી આપની પ્હેલી અન્ય ભણી વળજે.'

વળી, વંજુલમિશ્રનું એક આખું પાત્ર હાસ્યરસની પુષ્ટિને માટે જ ઘડાએલું છે. **प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति**—એ ગીતાવાક્યનો કેવો ગૂઢ અર્થ કાઢ્યો છે!

'રાજનીતિશાસ્ત્રકાર હોત જો સ્ત્રીઓ કદી,
અશ્રુપાત પાંચમો લખાત શાસ્ત્રમાં નકી'—

એ વાંચી કોને હસવું નહિ આવ્યું હોય?

હવે, આ નાટકમાં કેટલાક નાના મોટા દોષ છે તે દર્શાવવાનો ધર્મ ઉપસ્થિત થાય છે. પ્રથમ તો, નાટકનો કાળ અને તેમાં દર્શાવેલા વિચારોને સુસંગત કરી શકાતા નથી. વલભીપુરના નાશ પછીના સમયમાં ગુજરાતમાં આપણા નાયકે દર્શાવેલા સુધારાના અને નીતિતત્ત્વના વિચારો સંભવી શકે નહિ. નૈતિકધર્મના વિચારો દિક્કાલથી અનવચ્છિન્ન છે એમ કહી તેમને સનાતન સિદ્ધાન્તો તરીકે સ્થાપીએ, તથાપિ સંસાર સુધારાના પ્રશ્નો અને તેનું આવું સુશ્લિષ્ટ નિરાકરણ તે સમયના ગુજરાતમાં કેમ સંભવે? રાજ્યનો વારસ લોકો ઠરાવે એ ઉદારભાવના પણ કેમ સંભવે! બીજું, નાટકના મુખપૃષ્ઠ ઉપર લખેલો દોહરો નાટકનો central idea હોય એમ જરા પણ ભાસતું નથી. કેન્દ્રસ્થાને તો એ વિચાર આવે છે કે સત્યાસત્યના વિકટ કલહને પ્રસંગે સત્યને જ વળગી રહી ગમે તેટલો ભોગ આપવો પડે તો તે આપવો, એજ ખરી માણસાઈ છે. ત્રીજી વાત એ કે પહેલે જ પાને કલાવિધાનની ખામી જણાય છે. રંગભૂમિ ઉપર અંધકાર વ્યાપી રહ્યો છે ત્યાં રાઇની બેદરકારીથી બગડી જતી વાડીનું વર્ણન શી રીતે સંભવે? જાલકા ને રાઇને એ સ્થિતિ પરિચિત છે એ ખરૂં, તથાપિ પ્રેક્ષકવર્ગ શી રીતે જોવું કે—

કળિઓ મુખ અર્ધું ખોલિને,
અટકી આ જળ વીણ શોષથી;

ગુંચવે ઉગતી સુવેલિને,
તૃણ કાંટા વધી આસપાસથી ?

વળી, ઝુલતા ઝાંપાની કલ્પના મને પુરેપુરી સમજાતી નથી.

આખા નાટકમાં ભાષા ઘણી શિષ્ટ અને સરળ છે એમ દરેક વાચકે સ્વીકારવું પડે એમ છે.× જોડણીની બાબતમાં મને એક નવી માહીતી મળી. રા. રમણભાઈને મતે પદ્યની જોડણી જુદી ને ગદ્યની જુદી ! આ પણ એક વિલક્ષણતા જ. કોઈ પણ ભાષામાં એવું હશે એમ સાંભળ્યું નથી.

આવા દોષો બાદ કરતાં આખું નાટક ઘણી ઉત્તમ પ્રતિનું છે, અને ગુજરાતી સાહિત્યના નીરસ ભંડારમાં એક અપૂર્વ ઊમેરો થયો છે એમાં સંશય નથી.

લેખકે એક બાબત પ્રથમ કહી છે તે મારે છેલ્લી કહેવાની આવે છે ! તે તેમની અર્પણપત્રિકા છે—

'જે પુષ્પનાં દલ ખોલિને રજ સ્થૂલને રસમય કરે,
અધિકારિ તે મધુમક્ષિકા એ મધુતણી પ્હેલી ઠરે;
તુજ સ્પર્શથી મુજ ચક્ષુને કંઈ સ્વપ્નસમું જે લાધિયું,
જીવનસખી ! તે તુજ વિના રે ! જાય કોને અર્પિયું ?'

રસિક કવિની કલ્પનાથી ઉપરની પંક્તિઓમાં જે રસ જામ્યો છે તેને છેડવા હું નથી ઈચ્છતો. રસનું પૃથક્કરણ કર્યાથી રસ બગડી જાય છે એ વાત ખરી; છતાં કવિતામાં અસંભવદોષ પેસી ન જાય એટલા ખાતર સ્હેજ સૂચન કરૂં છું કે મધુમક્ષિકા સ્થૂલ રજને રસમય કરે છે એ વાત વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ સત્યવિરોધી હોય એમ મને લાગે છે. છતાં એ ચાર લીટીઓના મનોહરતા મારા મગજમાંથી ખસી શકે એમ નથી. છેવટે આ અર્પણ સંબન્ધે એટલું કહેવું જ જોઇએ કે જે ભાગ્યશાળીઓને એમાં વર્ણવ્યા પ્રમાણેની જીવનસખી મળી હોય તે ખરેખર કૃતાર્થ છે.

અન્તમાં વિનન્તિ કે કોઈ ઉત્સાહી નાટક કંપની આ નાટક દૃશ્ય રૂપમાં રજુ કરશે તો તેનો ગુજરાત ઉપર અકથ્ય ઉપકાર થશે એમ મને સ્પષ્ટ લાગે છે.

અમદાવાદ.
૯–૬–૧૯૧૪

**સાકરલાલ અમૃતલાલ દવે.**

---

× પૃ. ૧૪૩ મે 'શ્વાસોચ્છ્વાસ' ને બદલે અશુદ્ધ શબ્દ લખાયો છે.

# ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની વાર્ષિક સામાન્ય સભા.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની **વાર્ષિક સામાન્ય સભા** નીચે જણાવેલા કામ કરવા સારૂં **તા. ૨૯ મી જુન સન ૧૯૧૪ ને સોમવારના રોજ સાંજના સાડાપાંચ વાગે ( સ્ટાન્ડર્ડ ટાઈમ ) અમદાવાદમાં સોસાઈટીના પ્રેમાભાઇ હોલમાં** મળશે. તે પ્રસંગે સોસાઈટીના મેમ્બરો પધારવાની કૃપા કરશો. જે મેમ્બર જાતે હાજર થઈ ન શકે તે પ્રોક્સિથી મત આપી શકે છે. સોસાઇટીનો રીપોર્ટ મેમ્બરોને જોવા સારૂ આજથી ટેબલ ઉપર મૂકવામાં આવ્યો છે.

૧. સન ૧૯૧૩ ની સાલનો વાર્ષિક હિસાબ તથા રીપોર્ટ વાંચી મંજુર કરવો.

૨. નવી વ્યવસ્થાપક કમિટી નીમવી.

૩. નવા ઓડીટર નીમવા.

૪. નવી પ્રેમાભાઈ હોલ કમિટી નીમવી.

૫. પરચુરણ.

**ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઓફીસ—અમદાવાદ.**
તા. ૧૦–૬–૧૯૧૪

**રમણભાઈ મહીપતરામ નીલકંઠ.**
**ઓનરરી સેક્રેટરી-ગુજરાત-વ. સોસાઇટી.**

* પ્રોક્સિના ફોરમ જેને જોઇશે તેને સોસાઇટીની ઓફીસમાંથી મળશે.

---

# સોસાઈટીના લાઇફ મેમ્બરોને અગત્યની ખબર.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના લાઇફ મેમ્બરો તથા રજીસ્ટર લાઇબ્રેરીઓને ભેટ આપવાનાં નીચેનાં **નવાં પુસ્તકો** તૈયાર થયા છે, તે થોડી મુદતમાં રવાના કરવામાં આવશે. બનતાં સુધી એ ભેટનાં પુસ્તકોનું પારસલ **રેલ્વે પારસલથી** મોકલવામાં આવશે. તેથી જે સ્થળે સીધો રેલ્વે સંબંધ નથી, તે સ્થળના મેમ્બરોને તથા રજીસ્ટર્ડ લાઇબ્રેરીઓના સેક્રેટરીઓને નજદિકનું રેલ્વે સ્ટેશનનું નામ લખી મોકલવા વિનંતિ છે.

મોટા શહેરોના લાઇફ મેમ્બરો, પોતાની ભેટનાં પુસ્તકો જે સદ્ગૃહસ્થને ત્યાં અહિંથી મોકલવામાં આવે તેમને ત્યાંથી મંગાવી લેવા મહેરબાની કરશો.

| | | | |
|---|---|---|---|
| ૧ વનસ્પતિ શાસ્ત્ર-આર્થિક દષ્ટિએ. | ૧—૦—૦ | ૫ નિરોગી રહેવાના ઉપાય. | ૦—૨—૦ |
| ૨ યુરોપના સુધારાનો ઇતિહાસ. | ૦—૧૨—૦ | ૬ કોલેરા. | ૦—૧—૦ |
| ૩ શહેનશાહ પાંચમા જ્યોર્જ. | ૦—૧૨—૦ | ૭ અગ્નિમાંદ્ય. | ૦—૬—૦ |
| ૪ સર સૈયદ એહેમદનું ચરિત્ર. | ૦—૮—૦ | | |
| | | | રૂ. ૩—૯—૦ |

લી. સેવક,
**હીરાલાલ ત્રી. પારેખ.**
**આસિ. સેક્રેટરી ગુ. વ. સોસાઇટી.**

---

* બહાર ગામના મેમ્બરોને ભેટનાં પુસ્તકો જુલાઇ માસથી મોકલવા શરૂ કરવામાં આવશે. જ્યાં રેલ્વેનું સાધન નથી તે સ્થળના મેમ્બરોને તથા રજીસ્ટર્ડ લાઇબ્રેરીઓને ભેટનાં પુસ્તકો રજીસ્ટર બુક પોસ્ટથી મંગાવવા માટે રજીસ્ટર ફીના બે આનાના સ્ટેમ્પ મોકલવા વિનતિ છે.

# બુકકીપીંગ અને એકાઉન્ટન્સી.

## આ શાળાને સરકાર તરફથી મંજુરી મળી છે.

શિક્ષણ પત્રદ્વારા અપાય છે. ગમે તે ધંધો કરતા હો તોપણ આ શિક્ષણ અમુલ્ય માલમ પડશે.

રૂ.દર માસે ૫૦ અગર તેથી વધુ રકમ કમાવા માંગતા હો તો એકાઉન્ટન્સીનું શિક્ષણ લ્યો.

તમે એવું એક પણ ખાતું જોશો નહીં કે જેમાં હિસાબી કામની જરૂર ના પડે.

એક માસ સુધી અમુક છુટ આપવામાં આવશે.

## કોર્સ.

ઇંગ્રેજી જાણનાર ઉમેદવારો આ શિક્ષણ લેવાને લાયક ગણાય છે. ઉમ્મરની હદના સંબંધમાં કાંઇ પણ સરત નથી તેમ અમુક સર્ટીફીકેટ જોઇએ એવું નથી. ફી ઘણી થોડી છે.

આ શિક્ષણ લેવાથી પ્રમોશન જલદીથી મેળવી શકાય છે.

માટે ઢીલ કર્યા વગર પ્રોસ્પેકટસ માટે નીચેને સીરનામે લખવું.-

સી. સી. એજ્યુકેશન ઓફીસ,
પુના સીટી

REGISTERLD No. B. 241.

## બસો રૂપીઆમાં અન્ન દાન સાથે.

# અમર નામ !

દાનવીર સજ્જનો અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો !! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ !! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ દાનમાં મળશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દરવર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે. અને તે દાતાના નામની આરસીની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

# જીવીતદાન.

## આપનાર સો પાળક પણ નહીં નીકળે.

દીન વત્સલો પ્રભુની ખાતર દયા અને અનાથોના પાળક બનો. દર માસે રૂ. ૭) આપનાર ધર્માત્માના નામથી બાર વર્ષથી મોટી ઉમરના અનાથને પાળી વિદ્યાદાન આપી શકીશું. આ પુણ્ય ભુમીમાં અનાથના પ્રાણદાતા એવા ૧૦૦) પાળક પણ નહિ નીકળે ? જરૂર દયા લાવી લખોઃ—

## મંત્રી હિંદુ અનાથ આશ્રમ—નડિયાદ.

# बुद्धिप्रकाश.

# BUDDHIPRAKASHA.

पुस्तक ६१ मुं. जुलाई १९१४. अंक ७ मो.


## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ |
|---|---|---|
| કવિ ન્હાનાલાલને કહે. ...... | | ૧૯૩ |
| | રા. રા. "લલિત." ) | |
| રવિન્દ્રનાથ ટાગોર કૃત "ગીતાન્જલી" માંનું કાવ્ય ... | | ૧૯૪ |
| | ( રા. રા. ભાઇશંકર કુબેરજી શુક્લ. ) | |
| કર્ત્તવ્ય. ...... | | ૧૯૫ |
| | ( રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી ) | |
| સમાજ શાસ્ત્રનો એક અધ્યાય. ...... | | ૧૯૬ |
| | ( રા. રા. ત્ર્યંબકલાલ ચંદ્રશંકર. ) | |
| કાપડને ફાયર પ્રુફ બનાવવાની કળા ...... | | ૨૦૬ |
| | ( રા રા. "સી." ) | |
| ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ૬૫ મા વર્ષની વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ | | ૨૧૧ |
| ખંભાત શબ્દની વ્યુત્પત્તિ. ... | | ૨૨૦ |
| | ( રા. રા. સી. ડી. દલાલ. એમ. એ.) | |
| પ્રાચીન કાવ્ય. ... | | ૨૨૩ |
| | ( રા. રા. સી. ડી. દલાલ. એમ. એ. ) | |



**ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી** તરફથી

તંત્રી અને પ્રકાશક,

**હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ**, બી. એ.,

**આસિ. સેક્રેટરી.**

**લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧॥) અગાઉથી. ટપાલ ખર્ચ માફ.**

**છૂટક દર અંકના ત્રણ આના.**

**અમદાવાદ—**ધી અ૦ યુનિયનપ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

લાઇબ્રેરીનો ને સુખી કુટુંબનો શણગાર શું?—વિદ્વાનોનાં બનાવેલાં પુસ્તકો.

તૈયાર છે. ] બહાર પડેલાં નવાં પુસ્તકો. [ તૈયાર છે.

## જયા અને જયન્ત.

રા રા. ન્હાનાલાલ દલપતરામ કવિ એમ.એ. કૃત ત્રણ અંકી સંપૂર્ણ નવુંજ નાટક. કિં૦ રૂ. સવા.

## રાઈનો પર્વત.

ઑન. રા. બા. રમણભાઇ મહીપતરામ કૃત સાત અંકી સંપૂર્ણ નવું નાટક. પાકું સોનેરી પુઠું. કિં. રૂ. એક.

"પ્રભુથી સહુ કંઈ થાય છે, અમથી થાય ન કાંઇ. રાઇનો પર્વત કરે, પર્વતનો વળિ રાઈ." આ દોહરો આ નાટકનો આદર્શ સૂત્રરૂપે છે.

## દલપતસતશાહી.

કવી૦ દલપતરામ ડા૦ ના બનાવેલા જુદા જુદા વિષયના મુખપાઠ કરવા જેવા ૭૦૦ દ્રષ્ટાંતિક દોહરા. ઇનામ લાઇબ્રેરી માટે મંજુર છે. કેટલીક અંગ્રેજી સ્કૂલોમાં ચાલે પણ છે કિં. ચાર આના.

## ગુજરાતીશબ્દકોષ.

(શબ્દ ૭૦,૦૦૦) કિંમત રૂ૦ ૬-૦-૦

આ કોષમાં નર્મકોષમાંના શબ્દો આપવા ઉપરાંત હજારો નવીન શબ્દોના ઉમેરો કરવામાં આવ્યો છે. શબ્દોની વ્યુત્પતિ અને આધાર માટે પ્રાચીન કાવ્યો તેમજ આધુનિક પ્રખ્યાત લેખકોનાં લખાણોમાંથી અવતરણ પણ આપવામાં આવ્યાં છે. કદ રોયલ ૮ પેજી, સ્મોલપૈકા ઝીણા ટાઇપમાં પૃષ્ઠ ૧૦૦૦ ઉપર પુઠું પાકું સોનેરી નામવાળું.

**સાચો મિત્ર સુરેન્દ્રનાથ**—આ સુબોધક વાતાનું ખોતેર પાનાનું પુસ્તક **પોસ્ટેજ**નો અધો આનો મોકલનારને ભેટ અપાયછે

## કલ્લોલિની.

દા. ખુ. બોટાદકરનાં કાવ્યોનો વિદ્વાનોના ઉંચા અભિપ્રાયવાળો, દરેક લાઇબ્રેરીમાં ખાસ રાખવા અને અંગ્રેજી સ્કૂલોમાં ચલાવવા માટે પસંદ કરવા જેવો ઉપયોગી સંગ્રહ. પૃ. ૧૫૦ કિં. રૂ. અર્ધો.

## ગૂજરાતી ગઝલીસ્તાન.

**સાગરે** કરેલો ૨૪૫ ગુજરાતી ગઝલોનો સંગ્રહ સુફિઝમના વિવરણ તથા માર્ગદર્શક ટીકા વગેરે સાથે.) ગ્લેઝડ; સોનેરીની કિં. રૂ. સવા; રફ આવૃત્તિની રૂ. પોણો.

## ન્હાના ન્હાના રાસ.

ન્હાનાલાલ દ. કવિ કૃત. આવૃત્તિ બીજી. કન્યાઓ તથા સ્ત્રીઓને ભેટ આપવા યોગ્ય. કિં. ચાર. આના.

દી. બ. અંબાલાલ સાકલાલ દેસાઈ કૃત

## અંગ્રેજી—ગુજરાતી ડીક્ષનેરી.

**બહોળા સુધારા વધારા સાથેની નવી આવૃતિ. મૂળ કિંમત પાંચ રૂ.-ઘટાડેલી કિં. હાલ માત્ર ૩ રૂ પો. ૦-૮-૦.**

આ ડીક્ષનેરીની પહેલી આવૃત્તિ નામદાર સરકારની ખાસ આજ્ઞાથી તૈયાર કરી હતી અને દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઇએ ઘણો પરિશ્રમ લઇ આ નવી આવૃત્તિમાં બહોળો સુધારો વધારો તથા ફેરફાર કર્યો છે. નામદાર સરકારે શાળા, લાઇબ્રેરીઓ વગેરે માટે આ ડીક્ષનેરીજ પસંદ કરેલી

તમામ પુસ્તકોનું પોસ્ટેજ જુદું—આ તથા બીજાં ઉપયોગી પુસ્તકો મળવાનું ઠેકાણું.

## જીવનલાલ અમરશી મહેતા,

મેનેજર—પ્રીન્ટિંગવર્ક એન્ડ બુકસ એજન્સી. ઠે૦ પીરમશાહ રોડ—અમદાવાદ.

# બુદ્ધિપ્રકાશ.

પુસ્તક ૬૧ મું. જુલાઈ ૧૯૧૪. અંક ૭ મો.

## કવિ ન્હાનાલાલને કંઠે.

( સોરઠ મીઠી રાગિણી–ત્રિતાલ–સોરઠા ).

૧

વસમી વેળને અંત, માંડ મળે નિશ્ચિંત પળ:
તેમ જ તુજ સમ સંત, ન્હાનલ ! અમને સાંપડ્યા !
ગોવર્ધને અનંત, ગુજર્જર ત્રિભુવન દાખિયાં:
ધર્યાં આનન્દ બિન્દુ, ન્હાનલ ! બાલ કલાપિયે !
ઝૂકી ભજનની ધૂન પ્રભુબલાંજની સુહૃદસહ:
આવી તેં કરી પૂર્ણ ન્હાનલ ! ગોંડળ મહુલિયે !

૨

તું તો સાધુરાજ માતતાતનાં જ્યોતિરૂપ:
પ્રથમ દર્શને આજ ન્હાનલ ! દશકો વીતિયો !
સાથે લાવ્યો સંઘ રસિયા સંતોનો વળી:
વંધા સિન્ધુ કાન્ત અમૃત વૈદ્ય રણજીત મુનિ !
સ્મિત ઉલ્લાસની લ્હેર જોઈ તુજ મુખ ત્યારથી:
ભરચક દિલની સેર ન્હાનલ ! અમ ઉડી રહી !

૩

મનભર સામ્ય સજોડ તુજ, સહવાસે વન્દિયે:
પૂરાય ત્યમ અમ કોડ ન્હાનલ ! સુર સંસારના !
વધજો અમર અખંડ તુંને તુજ શું રસાત્મકુલ:
અક્ષર ધરી અરંગ ન્હાનલ ! ઉદ્ધરિયે અમે !

રસિયાજી મનુરાજ દે જયસુખ લોક દાસીનાં:
જન્મતારક સઉ આજ ન્હાનલ ! મહાસાર્થક કરે !

૪

ગરવા ગરૂડરાજ ! પ્રભુના વાહન ! સંગ તું–
પ્રબળ પાંખને સાજ ન્હાનલ ! પ્રભુપથ ઉડવે !
વસંત ! ઇન્દુ ! જયંત ! રસમૂર્તિ પ્રોજ્વલ પુનિત !
અલખ મહેરામણ મહંત ન્હાનલ : મ્હલવે તું સદા !
નરવો ત્હારો નાદ બ્રહ્મનાદ શો ગાજતો:
સ્નેહીના અમ સાદ ન્હાનલ ! તું પૂરે સદા !

૫

બ્રહ્મ બંસરી સૂર, સમવય સમયી ઝીલિયે:
ગુર્જરી રસમાધુર્ય, ન્હાનલ ! ઝીલવો: બંસીધર !
સોહન આભ સુહાગ જગગુર્જરીમાં જગવિયે:
જન્મજયંતી પરાગ ન્હાનલ ! લલિત જીવન ભરો !
કવિ રવીન્દ્ર ટાગોર ઝૂલવે જગ રસકીર્ત્તને:
ગુર્જરી રસિક ચકોર ન્હાનલ ! ગજવો ઝૂક એ !

વડોદરા : જન્મજયંતી સં. ૧૯૩૩ / ૧૯૭૦
જ્યેષ્ઠ કૃષ્ણપંચમી તા. ૧૩–૬–૧૪

લલિત.

---

## રવિન્દ્રનાથ ટાગોર કૃત "ગીતાન્જલી"માંનું કાવ્ય.

( ગુર્જરગિરામાં. )

### હરિગીત.

મુજ જીવનના આધાર ! મારા દેહના સહુ ભાગને,
ચૈતન્યતામય આપના કર ફેરવો છો આવીને;
જીવન્ત સ્પર્શ સદા મને છે આપનો એ જાણીને,
નિશ્ચય કરૂં છું હે પ્રભુ ! રાખું વિશુદ્ધ હું દેહને. ૧

જે સત્યના અંકુરથી, મુજ મન વિશે સુવિચારના,
કિરણો બધા પ્રગટી રહ્યાં, તે સત્ય સ્વરૂપો આપના;
તેથી વિચારો માહરા રાખીશ સત્ય થકી ભર્યા,
કાઢીશ સર્વ અસત્યને મુજ કલ્પનામાંથી સદા. ૨
મુજ હૃદયમાંથી સર્વ પાપ અને અવિદ્યા રૂપને,
જડ મૂળથી હાંકી મુકીશ અનેક એવા દોષને;
મુજ હૃદયમાં ઉંડી ગુફામાં કબરમાં તુજ સ્થાન છે,
ત્યાં પુષ્પ રૂપે તુંજ છે, તે પુષ્પથી કરૂં પ્રેમ રે. ૩
જે જે પછી કર્મો કરૂં, તેમાં તને ખુલ્લો કરૂં,
તારીજ સર્વે પ્રેરણાથી, કાર્ય સઘળાં હું કરૂં;
તુજ શક્તિથી મુજને મળે છે, બળ ઘણું મુજ કર્મમાં,
તે જાણીને તુજ પ્રેમ ભીનો, રાચું છું તુજ પ્રેમમાં. ૪

રામપરડા.
તા. ૧૦-૬-૧૪

ભાઇશંકર કુબેરજી શુકલ.

---

# કર્તવ્ય.

( કવિવર રવિન્દ્રનાથ ટાગોરના એક કાવ્યના હિંદી અનુવાદ ઉપરથી. )

છેદવી પડશે હવે આ મૃત્યુની ભય જાળને,
પુન્જ-પુન્જીભૂત જડતાની જટિલ જંજાળને.
જાગવું પડશે હવે આ દીપ્ત પ્રાતઃકાળમાં,
આ સુજાગ્રત જગતમાં—આ કર્મધામ વિશાળમાં.
અંધ રૂહેતાં શું નથી બાધા બધે સંસારમાં?
ધર્મમાં, સત્કર્મમાં, આચાર ને વિચારમાં?
દૂર કરી સંસારની આ વિઘ્ન-બાધાઓ સહુ,
મુક્ત ખગનો ઉચ્ચ રવ ઉચિત છે ગ્રહવો બહુ.
નીરખવો પડશે હવે વિચ્છિન્ન કરી તમ-તાપને—
વિશ્વમાં તે પૂર્વ જ્યોતિર્મય તથા નિષ્પાપને.
અગ્રસર થઈ પુણ્યપથમાં, કરી અધર્મની શોષણા
આપણે નીજ હૃદયની એ કરવી પડશે ઘોષણાઃ—
"દેવ હે! છઈએ અમે આપજ સમાન મહાન તો
હીન કાંઈ નથી અમે, છઈએ અમૃત-સન્તાન તો."

કલકત્તા.
તા. ૨૪-૬-૧૪

ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી.

# સમાજ શાસ્ત્રનો એક અધ્યાય.*

પૃથ્વી ઉપર વસતી જુદી જુદી પ્રજાના ઇતિહાસનું પરિશીલન કરતાં માલમ પડે છે કે કોઈ પણ જાતનાં ઉન્નતિ અને વૈભવ અક્ષય રહ્યાં નથી. આર્ય, ચીનાઈ, ગ્રીક વિગેરે જાતો ઉન્નતિ શિખરે પહોંચ્યા બાદ અમુક કાળે ધીરેધીરે પાછી અવનતિમાં પડી. આજ કાલ યુરોપીય પ્રજા પૃથ્વી ઉપર શ્રેષ્ઠ ગણાય છે પણ એની શ્રેષ્ઠતા કેટલો વખત ટકી રહેશે એ પ્રશ્ન છે. કાળાંતરે એ પ્રજાની અવનતિ થશે એવી ધાસ્તી ત્યાંના કેટલાક તત્ત્વવેત્તાઓને પડી છે. આર્ય, ગ્રીક વિગેરે જાતોની જે દશા થઈ છે તેવીજ દશા એ પ્રજાની થશે કે કેમ ? અથવા તો કાળના પંજામાંથી છૂટવાને કાંઈ પણ ઉપાય યોજી શકાય કે કેમ આ બે પ્રશ્નો ઉદ્દભવે છે. છેલ્લા પ્રશ્નનો ઉત્તર પ્રારબ્ધવાદીઓ નકારમાં આપે છે. એ પક્ષનું કહેવું એવું છે કે કાળના પંજામાંથી કદી પણ છૂટકો થાય એમ નથી. વિધાતાએ ઉન્નતિ પછી અવનતિ, ઉદય પછી અસ્ત નિર્માણ કરેલાં છે, અને એમાંથી બચવાને પ્રયત્ન કરવો એ વ્યર્થ ફાંફાં છે. એથી ઉલટું, પ્રયત્નવાદી પક્ષ કહે છે કે પ્રારબ્ધને આધિન થઇ પ્રયત્ન કર્યા વગર બેસી રહેવું એ મનુષ્ય જાતને લજ્જાસ્પદ છે. આર્ય, ગ્રીક, ચીનાઈ વિગેરે પ્રજાની જે દશા થઈ તેજ દશાએ આજની યુરોપીય પ્રજા પહોંચશેજ એમ છાતી ઠોકીને કહી શકાય નહિ. કદાચિત વીસમી સદીની શાસ્ત્રીય શોધોની સહાયવડે એ દુર્ભાગ્યમાંથી બચવાને કાંઈ પણ ઉપાય શોધી શકાય અથવા તો યત્ન કરવાથી પ્રારબ્ધવાદી જે અનિવાર્ય દુર્દશા કલ્પે છે તે કેટલાક શતક સુધી ન આવે એવી યોજના તો થઇ શકે. પ્રયત્નવાદીયો જે ઉપાયો સુચવે છે તેનું વિવેચન આ નિબંધમાં કરવામાં આવ્યું છે.

અમુક જાતની ( race ) અવનતિ થવાનાં કારણો જાણવાની પ્રથમ જરૂર છે. કેટલાકનું કહેવું એવું છે કે મનુષ્ય પ્રાણીની માફક દરેક જાતને ( race ) પણ બાલ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ હોય છે. ઘણા કાળ સુધી ઉન્નતિ અવસ્થા ભોગવ્યા પછી તે જરાગ્રસ્ત થઇ તેજહીન થાય છે અને નવું યૌવન પ્રાપ્ત થએલી ઉન્નતિ અવસ્થામાં પ્રવેશ કરતી બીજી કોઇ પ્રજાને હાથે તેનો નાશ થાય છે. એના ઉત્તરમાં બીજા પક્ષનું કહેવું એવું છે કે, વૃદ્ધોના મરણ પછી સમાજમાં યુવકો તેમની જગા લેતા હોવાથી પ્રજા હમેશા યુવાવસ્થામાં જ રહે છે, જેથી બાલ્યાવસ્થા, યુવાવસ્થા વિગેરેનું ઉપર કહેલું રૂપક સમગ્ર પ્રજાને લાગુ પાડી શકાય નહિ.

જુદી જુદી જાતની અવનતિનાં કારણો ઉપરથી ઇતિહાસકારોએ એક સિદ્ધાંત કાઢ્યો છે કે ઉન્નતિ અવસ્થામાં વધતી વિલાસવૃત્તિ અને તેની સાથે સમાજમાં દાખલ થતા અનાચાર, વિગેરે દુર્ગુણો જાતના અવનતિના મુખ્ય કારણો છે. એ કારણોને " આસપાસના સંજોગોનો પ્રભાવ" એવું નામ આપવામાં આવ્યું છે. આજકાલ પ્રજાના ઇતિહાસની જીવ-

* ( "પ્રવાસી"માં પ્રસિદ્ધ થએલા, બાબુ શતીશચંદ્ર મુખોપાધ્યાય એમ. એ. બી. એસ. ના બંગાળી લેખનો અનુવાદ. )

તત્ત્વ વિદ્યા ( Biology )ની દૃષ્ટિથી બારીક તપાસ કરવામાં આવે છે. પ્રયોગ અને અવલોકનદ્વારા જે કુદરતી નિયમો હલકાં પ્રાણીઓનાં સંબંધમાં શોધી કાઢવામાં આવ્યા છે તે નિયમો મનુષ્ય પ્રાણીને પણ લાગુ પાડવામાં આવે છે. આથી પ્રજાની અવનતિનું એક બીજું કારણ શોધી કાઢવામાં આવ્યું છે. એને કૃત્રિમ નિર્વાચન ( artificial selection ) કહે છે, જેનું વિવેચન આગળ કરવામાં આવશે.

કોઈ પણ સમગ્ર જાતની ઉન્નતિ અથવા અવનતિ તે પ્રજાની વ્યક્તિની ઉન્નતિ અથવા અવનતિ† ઉપર આધાર રાખે છે. એ વ્યક્તિ સારી અથવા નઠારી નીકળવાનાં મુખ્ય બે કારણો હોય છે–એક તેના જન્મ–ગુણ અને બીજું શિક્ષણ. આ બંને કારણો સરખા પ્રભાવવાળાં હોય છે. સર્વને વિદિત છે કે દરેક બાળક જુદી જુદી શક્તિ અને વૃત્તિ લઈ જન્મે છે. કેટલાંક બાળક એવાં બુદ્ધિશાળી હોય છે કે અલ્પ પ્રયાસે પાઠ તૈયાર કરી શકે છે. કેટલાંક તો એવા બુદ્ધિહીન હોય છે કે ગમે તેટલી મહેનત કરે તોપણ પાઠ શીખી શકતાં નથી; કેટલાંક સ્વભાવે દયાળુ અને સ્વાર્થત્યાગી અને કેટલાંક સ્વભાવે નિર્દય અને સ્વાર્થી હોય છે. સારાંશ જેવી રીતે જન્મથી દરેક બાળકની આકૃતિ જુદી હોય છે તેવી રીતે તેની માનસિક અને નૈતિક શક્તિ પણ જુદી હોય છે. જેમ ગધેડાને મારી ઠોકીને ઘોડો કરી શકાય નહિ તેમ જન્મથી બુદ્ધિહીન અને સ્વાર્થી બાળકોને શિક્ષણદ્વારા પંડિત અને સ્વાર્થત્યાગ કરી શકાય નહિ. પરંતુ મનુષ્ય પ્રાણીનો સ્વભાવ કેળવવામાં શિક્ષણનો પ્રભાવ પણ કાંઇ થોડો નથી, વાંચનજ ફક્ત શિક્ષણનું સાધન નથી. પરંતુ આસપાસના સંજોગોદ્વારા પણ શિક્ષણ મળે છે. બાળકને જેવી સંગત મળે છે :તેવું તે ઘણુંખરૂં થાય છે. દયાળુ બાળક નિર્દય બાળકના સહવાસમાં આવવાથી અનેક નિષ્ઠુર કર્મ કરતાં શીખે છે. બુદ્ધિવાન બાળક શિક્ષણના અભાવે મૂર્ખ નિવડે; બળવાન અને સાહસિક બાળક વ્યાયામ અને યુદ્ધ શિક્ષણના અભાવે પહેલવાન અને સૈનિક થઈ શકે નહિ. જે બાળક નાનપણમાં વિલાસ અને લાડમાં ઉછરે તે મ્હોટપણમાં સ્હેલાણી અને શક્તિહીન નિવડે પણ તેજ બાળકને નાનપણમાં દરિદ્રતા જોડે સંગ્રામ કરવાનો વખત આવે તો કષ્ટસહિષ્ણુ અને વિચારશીલ થાય. આ ઉપરથી માલમ પડે છે કે કોઇ પણ વ્યક્તિને ધાર્મિક અથવા સૈનિક થવાને તેનામાં સ્વાભાવિક વૃત્તિઓની જેટલી જરૂર છે તેટલી જ તે વૃત્તિઓને ખીલવવાને શિક્ષણની જરૂર છે. એકના અભાવે બીજું નિર્માલ્ય અથવા શુષ્ક થઇ જાય છે. ગણિતના સમીકરણદ્વારા આ સિદ્ધાંત વધારે સ્પષ્ટ રીતે સમજાવી શકાય. ધારો કે સ્વાભાવિક વૃત્તિ એટલે **क** અને શિક્ષણ એટલે **ख**, અને મનુષ્યનું વ્યક્તિત્વ એટલે કે એનો સ્વભાવ, બુદ્ધિ વગેરેનું નામ **ग** એટલે,

**ग = क × ख.**

જો **क** સામાન્ય સંખ્યક હોય અને **ख** અધિક સંખ્યક હોય તો તેનું પરિણામ **ग**

† પ્રજાનું અમુક રીતનું જીવન કેટલાક આકસ્મિક બનાવોથી પણ બંધાય છે. બારમા સૈકામાં હિંદુસ્થાનની પડોશમાં બળવાન અફઘાન રાજ્યની હયાતિ એ હિંદુસ્થાનની પરાધિનતાનું એક કારણ છે. પરંતુ એ કારણ ઘણું સબળ કહેવાય નહિ, કારણ કે હિંદ સમાજ ઘોર નિદ્રામાં પડયો નહિ હોત તો તે પોતાની સ્વતંત્રતા નિભાવી શકત.

છેક ઓછું ન આવે. પણ જો क = ० હોય તો ख ગમે તેટલી સંખ્યા સૂચક હોય તોપણ क × ख નું પરિણામ શુન્ય આવે. એજ પ્રમાણે જો ख = ० હોય હોય અને क ગમે તેટલો અધિક સંખ્યા સૂચક હોય તોપણ क × ख = ० આવે.§ સ્વાભાવિક વૃત્તિ ( क ) વંશાનુક્રમ ( heredity ) પર આધાર રાખે છે એ આગળ બતાવવામાં આવશે.

કેટલાક વિદ્વાનો, મુખ્યત્વે કરી સોસ્યાલીસ્ટો એવી સૂચના કરે છે કે જો દરેક બાળક જન્મે ત્યારથી સશક્ત રહે એવી યોજના કરવામાં આવે અને તે સમાજને ઉપયોગી થાય એવા પ્રકારનું શિક્ષણ આપવામાં આવે તો સમાજની સંપૂર્ણ ઉન્નતિ થાય. ઉપર કહ્યા પ્રમાણે દરેક બાળકની વૃત્તિ અને શક્તિ જુદા જુદા પ્રકારની હોવાને લીધે જો શક્તિ અને વૃત્તિ અનુસાર જુદા જુદા પ્રકારનું શિક્ષણ આપવાની ગોઠવણ કરવામાં ન આવે તો ઘણાકનું જીવન વ્યર્થ જાય. ઉચ્ચ પ્રકારના શિક્ષણથી સારાં પરિણામની આશા રાખવામાં આવે પણ તેની સાથે બાળક જન્મથી ઉત્કૃષ્ટ વૃત્તિ લઇ જન્મે એવી યોજના પણ થવી જોઇએ.

અમુક જાતની વ્યક્તિઓમાં જન્મથી કઈ કઈ વૃત્તિઓ હોય છે તેનો એટલે ઉપર કરેલા સમીકરણના क ચિન્હનો પણ આજકાલ વૈજ્ઞાનિકો વિચાર કરવા લાગ્યા છે એ એક આનંદની વાત છે. જીવતત્વ શાસ્ત્રીનાં કેટલાક સિદ્ધાંતો સમાજને લાગુ પાડી આ વૈજ્ઞાનિકો સામાજીક પ્રશ્નોનો શાસ્ત્રીય પદ્ધતિથી ઊહાપોહ કરે છે. જીવતત્વ શાસ્ત્રના જે સિદ્ધાંતો સમાજને લાગુ પાડવામાં આવે છે તેનો આપણે વિચાર કરીએ.

૧. પ્રાકૃતિક નિર્વાચન ( Natural selection ) અને યોગ્યતમનું ઉદ્વર્તન ( Servival of the fittest ) ઈ. સ. ૧૭૯૮ માં માલ્થુસે Essay on the Principle of Population નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. એમાં એણે પ્રતિપાદન કર્યું છે કે સૃષ્ટિમાં જે પ્રમાણમાં મનુષ્ય પ્રાણીની વૃદ્ધિ થાય છે તે પ્રમાણમાં આહારના સાધનોની વૃદ્ધિ થતી નથી.* આથી થોડે થોડે કાળે આહારના સાધનો કરતાં મનુષ્ય પ્રાણીની સંખ્યા વધી જતી હોવાથી બંનેની સમાનતા સચવાય તેટલા માટે દુષ્કાળ, યુદ્ધ, મરકી વિગેરે ઉપસ્થિત થઇ લોક સંખ્યા ઓછી થાય છે. આવા સંકટના સમયોમાં નિર્બળ અને બુદ્ધિહીન માણસોનો નાશ થાય છે અને બળવાન અને બુદ્ધિવાનો જીવે છે જેઓ વંશ વૃદ્ધિ કરે છે.

જુદાં જુદાં પ્રાણીઓની ઉત્પત્તિ કેવી રીતે થઇ તેને માટે ૧૯ મી સદીના અધવચમાં જીવ–તત્ત્વવિત્ પંડિતોએ ( Biologists ) એક સિદ્ધાંત શોધી કાઢ્યો. સૃષ્ટિના આરંભમાં બધાં પ્રાણીઓ એક સરખાં હતાં. ક્રમે ક્રમે જુદી જુદી સ્થિતિમાં તેમની આકૃતિ અને પ્રકૃતિમાં ફેરફાર થવાથી જુદાં જુદાં પ્રકારનાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં. સને ૧૮૬૮ માં

§ Dr. Saleeby's "Parent-hood and Race calture" P. 127.

* Maltuls's Essay on the Principle of Population ( 6th Ed. ) Vol I PP. 6–17.

ડાર્વીન અને વોલેસે એક કુદરતી નિયમ શોધી કાઢ્યો. વંશવૃદ્ધિદ્વારા એ જીવમાંથી અનેક જીવ ઉત્પન્ન થાય છે. પણ આહારના અભાવે અને બીજાં કેટલાંક કારણોને લીધે તેમાંના ઘણા મરણ પામે છે. એક માબાપનાં બધાં છોકરાં એક સરખાં હોતાં નથી; એમાંનાં બળવાન, બુદ્ધિશાળી, કાંઇક વિશેષ શક્તિવાન, પરિસ્થિતિને યોગ્ય હોય તેજ જીવી શકે છે અને તેમના વંશજ તેમના જેવા બુદ્ધિ સંપન્ન અને વિશેષ શક્તિવાળા હોય છે. આ પ્રમાણે સૃષ્ટિમાં જેમ જેમ ધીરે ધીરે ફેરફાર થતો જાય છે તેમ તેમ પ્રાણીઓની આકૃતિ અને પ્રકૃતિમાં પણ ધીરે ધીરે ફેરફાર થાય છે. આ ફેરફાર થવાને ઘણોજ લાંબો કાળ લાગે છે.

## ૨. સ્પેન્સરનો સિદ્ધાંત.

સ્પેન્સરનો સિદ્ધાંત એવો છે કે સમાજની જુદી જુદી પંક્તિના લોકોની વૃદ્ધિ એક સરખી થતી નથી. જે પંક્તિમાં વિદ્યા, બુદ્ધિ અને સંપત્તિ જેટલાં વધારે તે પંક્તિની વંશવૃદ્ધિ તેટલા પ્રમાણમાં ઓછી હોય છે. એકંદર જીવ જગતમાં માલમ પડે છે કે જે પ્રાણીની શારીરિક રચના ઉત્કૃષ્ટ હોય છે તે પ્રાણીની જનન શક્તિ ઘણી ઘણી ઓછી હોય છે. કીટ, પતંગ, અને માછલાં જેટલી આંચળવાળાં પ્રાણીઓની ઉત્પત્તિ હોતી નથી. આંચળવાળાં પ્રાણીઓમાં પણ મનુષ્ય પ્રાણીની ઉત્પત્તિ બીજાં પ્રાણીઓ કરતાં ઓછી હોય છે. મનુષ્ય પ્રાણીઓમાં પણ જંગલી જાતો કરતાં સુધરેલી જાતોમાં જનન શક્તિ કેટલેક અંશે ઓછી હોય છે. સુધરેલી જાતોમાં પણ ઉતરતી પંક્તિ કરતાં ઉંચી પંક્તિમાં ઓછી હોય છે.

## ૩. વંશાનુક્રમ ( Heredity ).

સને ૧૮૬૯ માં ફ્રાન્સીસ ગેલ્ટને પ્રજાના ઇતિહાસના મુખ્ય અંગ, વંશપ્રભાવનું, શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે સંશોધન કર્યું. ઘણા કાળથી એવું માનવામાં આવે છે કે જેવી રીતે બાળકનો બાહ્ય આકાર તેના માબાપને મળતો આવે છે તેવીજ રીતે બાળકમાં માબાપના માનસિક અને નૈતિક ગુણો પણ ઉતરે છે. જેથી દરેક જાત અને કુટુંબમાં એક વિશેષ ગુણ જોવામાં આવે છે. ગાય, ઘોડા, વિગેરે પ્રાણીઓપર પ્રયોગો કરી એક સિદ્ધાંત શોધી કાઢવામાં આવ્યો છે કે પ્રાણીનું સારાનરસાપણું તેના વંશ ( માબાપ ) ઉપર મુખ્ય આધાર રાખે છે. યુરોપમાં પશુપાલકો આરબી અને બીજી જાતના ઘોડાના મિશ્ર-સંયોગથી ( cross-breeding ) બીજી એક નવીન ઘોડાની જાત ઉત્પન્ન કરે છે. ઘોડે ઘોડાની શરતમાં જે ઘોડાઓ જીતે છે તે બધા એવી શરતમાં આગળ આવેલા ઘોડાઓના વંશજ હોય છે.*

આ નિયમ મનુષ્ય પ્રાણીને લાગુ પાડતાં અનેક પ્રકારનો વાદ ઉત્પન્ન થાય છે. ગેલ્ટને અનેક બુદ્ધિશાળી મનુષ્યોનાં જીવનચરિત્ર એકઠાં કર્યાં જે પરથી એને માલમ પડ્યું કે એમનાં નિકટનાં સગાંઓમાં સાધારણ મનુષ્ય કરતાં કાંઇ વિશેષ ગુણ હતા. એણે ઘણા જોડીઆ ભાઇઓના જીવનચરિત્રોનો સંગ્રહ કર્યો જે પરથી એને માલમ પડ્યું કે એ જો-

* Spencer's Principles of Biology Vol II Secton 343.

ડીઆ ભાઇઓ એક બીજાથી ઘણા દુર અને જુદા જુદા સંજોગોમાં રહેતા હોવા છતાં તેમની બુદ્ધિ અને જાતિમાં વિલક્ષણ સમાનતા હોય છે. ગેલટનના અનુયાયી ચાર્લસ પીઅરસને શાળામાં અભ્યાસ કરતા એક કુટુંબના કેટલાક બાળકોની શારીરિક રચનાનું (ઊંચાઈ નીચાઈ વિગેરે) તેમજ તેમની બુદ્ધિ નીતિ વિગેરેનું સૂક્ષ્મ રીતે અવલોકન કર્યું જે પરથી એને એ બાળકોની શારીરિક રચનામાં જેટલી સમાનતા માલમ પડી તેટલીજ તેમની બુદ્ધિ અને નીતિમાં પણ માલમ પડી. આ ઉપરથી બુદ્ધિ વિગેરે ગુણો વંશાનુક્રમિક જણાય છે. આના જવાબમાં કેટલાકનું કહેવું એવું છે કે પંડિતના છોકરાને પંડિત થવાનો અને યોદ્ધાના છોકરાને યોદ્ધા થવાનો મુખ્ય આધાર તેના માતાપિતાના ગુણો ઉપર નહિ પણ બાળપણમાં તેને જે શિક્ષણ આપવામાં આવે છે તેના ઉપર તેમજ તેને મળતા કેટ-લાક વિશેષ લાભો ઉપર હોય છે. કેટલાક ઉપર કહેલા સમીકરણના **क** અને **ख** બંનેને મહત્વના ગણે છે. નિષ્પક્ષપાતપણે વિચાર કરતાં એમ માલમ પડે છે કે દરેક વ્યક્તિના બુદ્ધિ વિગેરે ગુણો તેના માતાપિતા ઉપર આધાર રાખે છે. પણ એ ગુણોનો વિકાસ કર-વાને શિક્ષણ તેમજ બીજા સંજોગોની જરૂર છે અને તેમાંથી એકના અભાવે પરિણામ શુન્ય આવે છે. બુદ્ધિ વિગેરે ગુણો વંશાનુક્રમિક છે એ સિદ્ધાંત બરાબર નહિ સમજનાર અનેક પ્રકારની શંકાઓ કાઢી અમુક નીતિશાળી પિતાનો પુત્ર નીતિહીન, અમુક બુદ્ધિવાન પિતાનો પુત્ર બુદ્ધિહીન, એવા એવા ઉદાહરણો બતાવી વંશાનુક્રમનો સિદ્ધાંત ખોટો ઠરાવે છે. આ પ્રમાણે વાદ કરનારાઓ માતાના ગુણો વિષે તપાસ કરતા નથી કારણ કે સ્ત્રીઓ વિષે માહિતી મેળવવી ઘણી કઠિણ હોય છે. એજ પ્રમાણે મામા અને આજાના ગુણોનો વિચાર કરવામાં આવે તો વંશાનુક્રમનો સિદ્ધાંત ઘણે અંશે પ્રતિપાદન થઈ દરેક વ્યક્તિમાં ફક્ત તેના માતાપિતાનાજ નહિ પણ માતામહ તથા પિતામહના ગુણો પણ ઉતરે છે. એ સંબંધી ગેલટનનો મત આ પ્રમાણે છે. દરેક વ્યક્તિ તેના સ્વાભાવિક ગુણનો $\frac{1}{2}$ અંશ માતાપિતા તરફથી મેળવે છે ($\frac{1}{4}$ માતા અને $\frac{1}{4}$ પિતા તરફથી); $\frac{1}{4}$ પિતામહ, પિતામહી તથા માતામહ, માતામહી તરફથી; $\frac{1}{8}$ પ્રપિતામહ, પ્રપિતામહી તથા પ્રમાતામહ, પ્રમાતા-મહી તરફથી મેળવે છે, ઇત્યાદી ઈત્યાદી; એટલે કે $\frac{1}{2} + \frac{1}{4} + \frac{1}{8} + \frac{1}{16} + \frac{1}{32}$...... ...... = ૧. નવીન જન્મેલા બાળકનું મગજ એક કોરા કાગળના જેવું નહિ પણ અનેક પ્રકારના ચિત્ર કાઢેલા કાગળના જેવું હોય છે. આ મગજરૂપી પટપર માતાપિતાના કુળની અનેક વ્યક્તિઓના ગુણરૂપી જુદા જુદા પ્રકારના નકશા હોય છે. નિકટના સંબંધીઓના ગુણોના નકશા મ્હોટા અને સંબંધીઓના સંબંધના દૂરના પ્રમાણમાં નાના હોય છે. ઘણા દૂરના સંબંધીઓના છેક નાના અને ઝાંખા હોય છે. કેટલીક વખતે પિતાનો અમુક ગુણ તેના પુત્રમાં નહિ પણ પૌત્રમાં ઉતરે છે. વળી જે ગુણો પિતા, પિતામહ, તથા પ્રપિતામહમાં ન હોય તે ગુણો પુત્રમાં કોઇ વખત જણાઇ આવે છે. આવા પ્રસંગે તેનામાં ઘણાજ દૂરના સગાંઓનો ગુણ વિકાસ પામેલો હોય છે એટલે કે ઘણાજ દુરના સગાનો ગુણરૂપી નકશો મગજરૂપી કાગળમાં અનુકૂલ પ્રસંગો મળી આવવાથી સારી રીતે ખીલી આવી દષ્ટ-ગોચર થાય છે.

માતાપિતા અને દુરના સંબંધીઓના કયા ગુણો વંશાક્રમિક છે તેનો આપણે વિચાર

કરીએ. પુર્વે કેટલાકનું માનવું એવું હતું કે કોઈ વ્યક્તિ અંગ કસરતથી માંસપેશી (Miscles) સારી રીતે ખીલવે અથવા વિદ્યા સંપાદન કરી વિચાર–શક્તિ વધારે તો તેના સંતાન સશક્ત અને વિચારવંત થાય. પ્રસિદ્ધ જીવતત્વવિત્ પંડિત વીઝમેને પ્રયોગદ્વારા સિદ્ધ કર્યું છે કે વ્યક્તિ જાત મહેનતથી જે ગુણો મેળવે છે તે તેના સંતાનમાં ઉતરતા નથી. એણે કેટલાક ઊંદરોની પુંછડી કાપી નાખી. એ ઊંદરોની બધી સંતતી પુંછડીવાળી નીકળી. એ એ પ્રમાણે કેટલીક પેઢી સુધી એણે પુંછડી કાપ્યા કરી પણ જે સંતતી થઇ તે બધી પુંછડીવાળી નીકળી. આવા કેટલાક પ્રયોગો કરી એણે સિદ્ધાંત બાંધ્યા કે કોઇ પણ ખાસ સંજોગોમાં અમુક વ્યક્તિ એકાદ વિશેષ ગુણ સંપાદન કરે તો તે ગુણો તેના સંતાનમાં ઉતરતા નથી. વિદ્યા સંપાદન કરવાની અથવા યુદ્ધ શીખવાની સ્વાભાવિક વૃત્તિ વંશાનુક્રમિક છે. પણ કોઇ વ્યક્તિ ખાસ શ્રમ લઈ પાંડિત્ય અથવા યુદ્ધકળામાં નિપુણતા મેળવે તો તે ગુણો તેના સંતાનમાં કાંઇ ખાસ ઉતરતા નથી. કાંઈ આકસ્મિક કારણોથી પિતા આંધળો, લુલો, લંગડો કે નિર્બળ થાય તોપણ પુત્રમાં ઉતરતી સ્વાભાવિક વૃત્તિઓમાં કાંઇ પણ ન્યુનતા આવતી નથી. આ ઉપરથી માલુમ પડે છે કે દરિદ્રતાને લીધે દુર્બળ થએલાં માબાપના છોકરાં સારી સ્થિતિમાં ઉછરે તો નિરોગી ને સશક્ત થાય. મુખ્ય માનસિક વૃત્તિઓ જેવી કે સ્મરણ શક્તિ, ગ્રહણશક્તિ, વિચારશક્તિ તેમજ નૈતિક વૃત્તિઓ જેવી કે નિ-સ્વાર્થતા, સાહસિકપણું વિગેરે વંશાનુક્રમિક હોય છે. સદ્‌વૃત્તિઓની પેઠે અસદ્‌વૃત્તિઓ જેવીકે સ્વાર્થપરાયણતા, નિષ્ઠુરતા, તેમજ મદ્યપાનાદિ વ્યસનની વૃત્તિ સુધાં સંતાન માતાપિતા તરફથી વારસામાં મેળવે છે. બાહ્ય આકાર અને વર્ણ એ બે વંશાનુક્રમિક છે એ સુપ્રસિદ્ધ છે. માનસિક અને નૈતિક વૃત્તિઓ શરીરના અંશભૂત મગજના ગુણ છે; અને જેવી રીતે સંતાન તેના માતાપિતા તરફથી શારીરિક રચના (શરીરના હાડકાંની લંબાઈ, પહોળાઈ, ઉંચા અથવા ઠીંગણાપણું) મેળવે છે તેવી રીતે ઉત્કૃષ્ટ અથવા નિકૃષ્ટ માનસિક શક્તિઓ પણ તેમની તરફથી મેળવે છે.

કેટલાક વ્યાધિઓ જેવા કે ગાંડપણ, ફેફરું, વિગેરે વંશાનુક્રમિક ઠરાવવાને ઘણાં સબળ કારણો મળી આવે છે પણ કેટલાક વ્યાધિ જેવા કે ક્ષય વિગેરે વંશાનુક્રમિક છે કે નહિ તે વિષે હજી કાંઈ છેવટનો નિર્ણય થઈ શક્યો નથી.×

કૃત્રિમ નિર્વાચન જેમ પ્રાકૃતિક નિર્વાચનદ્વારા સાધારણ પ્રાણીમાંથી ઉત્તમ પ્રાણીની ઉત્પત્તિ થાય છે તેમ અનેક નિર્બળ યા નવી સમુહમાંથી નાનાવિધ નિયમયુક્ત સશક્ત સમાજ ઉત્પન્ન થાય છે. હાલનો સમાજ પૂર્વકાળના જંગલી સમાજમાંથી ઉત્ક્રાંતિ નિયમના બળે થયો છે* પૂર્વના જંગલી સમાજમાં રોગી, દુર્બળ અને સમાજને નિરૂપયોગી માણ-

× કેટલાકનો મત એવો છે કે વ્યાધિઓ વંશાનુક્રમિક નથી પણ વ્યાધિ ઉત્પન્ન થવાનું વલણ (predisposition) વંશાનુક્રમિક હોય છે. આસપાસના સંજોગોમાં ફેરફાર થવાથી એ વ્યાધિઓ સંતાનમાં ઉત્પન્ન થતા નથી.

(Vide J. A. Thomsons Heredity pp. 250–380.)

* Spencer's Study of Sociology p. 330

સોની કોઈ કાળજી લેતું નહિં જેથી તેઓ મરણ પામતા અને ફક્ત સબળ અને બુદ્ધિવાન જીવતા, જેઓ વંશવૃદ્ધિ કરતા. આવી રીતે ક્રમેક્રમે સબળ અને બુદ્ધિશાળીની સંખ્યામાં વધારો કરી આસપાસના સંજોગો સાથે સંગ્રામ કરી સમાજ ઉન્નતિ શિખરે પહોંચે છે.

પ્રસિદ્ધ તત્વવેત્તા હરબર્ટ સ્પેન્સરે સામાજીક શ્રેણી–વિભાગ અને સામાજીક વ્યવસ્થા કેવી રીતે ઉત્પન્ન થયાં તે વિષે પોતાનો મત પ્રસિદ્ધ કર્યો છે. આ મત વિષે વિવેચન કરવાનું આ સ્થાન નથી પણ એ પૈકી એક મુદ્દા વિષે આપણે વિચાર કરવાની ખાસ જરૂર છે. સમાજની જેમ જેમ ઉન્નતિ થતી જાય છે તેમ તેમ તેમાં પ્રાકૃતિક નિર્વાચન ઓછું થતું જાય છે. પૂર્વે રોગી અને દુર્બળો રોગ અને શત્રુથી માર્યા જતા. આજકાલ વૈદકશાસ્ત્રની સહાયતાથી અને રાજ્યની સુવ્યવસ્થાને લીધે એમનું રક્ષણ થાય છે. પુર્વે આળસુ અને બુદ્ધિહીન ભુખે મરી જતા પણ હાલના સમયમાં પરોપકારી પુરૂષો તેમનું ભરણપોષણ કરે છે. જંગલી અવસ્થામાં જે સાધારણ ગુન્હાને માટે દેહાંત શિક્ષા કરવામાં આવતી તેવા ગુન્હાને માટે સુધરેલા સમાજમાં સહેજ શિક્ષા કરી ગુન્હેગારને છોડી દેવામાં આવે છે. વળી ધન, માન, વિગેરે કૃત્રિમ ભેદ ઉત્પન્ન થવાથી પ્રાકૃતિક નિર્વાચનમાં વધારે અડચણો આવે છે. રોગી, લુચ્ચા, આળસુ વિગેરેને જાત મહેનતથી નહિ કમાતાં, વડિલોપાર્જિત મિલકતના જોર ઉપર વંશવૃદ્ધિ કરવાને છૂટ મળે છે. આવા, સમાજને નિરૂપયોગી, લોકદ્વારા વંશવૃદ્ધિ થતી હોવાથી સમાજમાં અયોગ્ય લોકોની સંખ્યામાં વધારો થાય છે અને તેમના ભરણપોષણનો ભાર કેટલેક અંશે યોગ્ય વ્યક્તિઓપર પડે છે. આવી રીતે અયોગ્ય ભાર પડતો હોવાથી, તથા સમાજમાં દાખલ થએલા મોજશોખને લીધે ખર્ચ વધવાથી, યોગ્ય વ્યક્તિઓનો વંશવૃદ્ધિ તરફ અભાવ ઉત્પન્ન થાય છે. વળી આપણે ઉપર કહી ગયા છઇએ કે નિકૃષ્ટ વ્યક્તિઓ કરતાં એમનામાં જનનશક્તિ પણ કુદરતી રીતે ઓછી હોય છે. આમ કેટલાક કાળ સુધી અયોગ્ય વ્યક્તિની વૃદ્ધિ અને યોગ્ય વ્યક્તિનો ઘટાડો થવાથી સમાજની અવનતિ થાય છે. અવનતિના ઉપર કેટલા મુખ્ય કારણો ઉપરાંત પ્રાકૃતિક નિર્વાચનથી ઉલટું આ કૃત્રિમ નિર્વાચન પણ એક કારણ છે.

આ પરથી સ્પષ્ટ માલમ પડે છે કે કોઇ પણ સમાજના ઉત્કર્ષને માટે તે સમાજમાં યોગ્ય માણસોની વૃદ્ધિ અને અયોગ્ય માણસોની હ્રાસ થાય એવી ( એટલે કે યોગ્ય માણસો વંશવૃદ્ધિ કરે અને અયોગ્ય માણસો વંશવૃદ્ધિ કરતા અટકે એવી ) યોજના કરવાની જરૂર છે. વિચાર કરતાં સહેજ માલમ પડશે કે એ યોજના પાર પાડવી ઘણી કઠિણ છે. ગેલટન વિગેરે વૈજ્ઞાનિકોએ કેટલાક ઉપાયો સુચવ્યા છે જેનું વિવેચન નીચે કરવામાં આવ્યું છે. ( આ નિબંધમાં હિંદુ સમાજ વિષે કાંઈ પણ વિવેચન કરવામાં આવ્યું નથી. ફક્ત પાશ્ચાત્ય સમાજ વિષેજ આપણે વિચાર કરીએ છઇએ. )

વસ્તીપત્રક રીપોર્ટ ઉપરથી માલમ પડે છે કે ઇંગ્લાંડ વિગેરે સુધરેલા રાષ્ટ્રોમાં બુદ્ધિવાન, નીતિવાન, મધ્યમ વર્ગની સંખ્યામાં જોઇએ તેટલો વધારો થતો નથી પણ એથી ઉલટું અનીતિવાન ને નીચવર્ગ ઘણો વધતો જાય છે. એનું કારણ એ છે જે મધ્યમ વર્ગમાં વિલાસની વૃદ્ધિ થવાથી અને શિક્ષણ મેળવવું ઘણું મોઘું થએલું હોવાથી એ દેશમાં આ વર્ગનો

ખર્ચ ઘણો વધી પડયો છે.* જેથી એ વર્ગનો કોઈ પણ માણસ સાધારણ રીતે યોગ્ય વયે પણ લગ્ન કરી શકતું નથી. પૈસા મળેથી કોઈ કોઈ પ્રૌઢ વયે લગ્ન કરે છે અને કેટલાક તો આજન્મ અવિવાહિત રહે છે. બીજું કારણ એ છે જે આ વર્ગમાં કેટલાક એમ માને છે કે જેટલા સંતાનોનું બરાબર પાલનપોષણ થઈ શકે તેથી વધારે સંતાન ઉત્પન્ન કરવા એ સમાજને ભારરૂપ છે. વળી તેઓ એમ પણ માને છે કે આહારના સાધનો કરતાં વસ્તીની સંખ્યામાં વધારો થાય તો, દુષ્કાળ તથા મરકી વિગેરે રોગોદ્વારા લોકહાનિ થવાનો સંભવ રહે છે. આખો સમાજ આ પ્રમાણે ચાલે તો ઝાઝું નુકસાન થાય નહિ. પણ નીચલો વર્ગ જે સમાજ પ્રત્યે પોતાની કાંઈ પણ જવાબદારી સમજતો નથી તે નિરંકુશ વંશવૃદ્ધિ કરે છે. આથી મધ્યમ વર્ગને વંશવૃદ્ધિ કરવાને ઉત્તેજન આપવું જોઇએ. આ વર્ગ સમાજના મસ્તકરૂપ છે. સમાજના અગ્રેસરો, કવિ, તત્વવેત્તાઓ, વૈજ્ઞાનિકો, યોદ્ધા, સંસ્કારી પુરૂષો અને રાજ્ય કારભારીઓ મુખ્યત્વે કરી આ વર્ગમાંથી નીકળે છે. મધ્યમ વર્ગની મહેનતથીજ સમાજની ઉન્નતિ થાય છે. વૉશીંગટન અને નેપોલીઅન જેવા બુદ્ધિશાળીઓ સમાજમાં ઉત્પન્ન થયા તે સમાજ તેમની જાહોજલાલીને માટે એમની કેટલી ઋણી છે તે સવિસ્તર કહેવાની કાંઇ જરૂર નથી. વાસ્તવિક રીતે બળવાન, બુદ્ધિવાન અને નીતિવાન પુરૂષો સમાજની સંપત્તિ રૂપ છે. એવું સાંભળ્યું છે કે પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની માને કોઇએ પુછ્યું કે તારી પાસે કેટલું ધન છે તેના જવાબમાં તેણે પોતાના છોકરાઓ તરફ આંગળી કરી કહ્યું કે મારી પાસે આટલા ઘડા મહોર છે. સમાજ હિતૈષિઓ સમાજને ધનદાન અથવા જ્ઞાનદાન કરે તેના કરતાં બુદ્ધિવાન પુત્રનું દાન કરે તે દાન સર્વથી શ્રેષ્ઠ છે.

મધ્યમ વર્ગમાં યૌવન પ્રાપ્ત થએ લગ્ન કરવાને ઉત્તેજન મળે તેને માટે ગેલ્ટન એક ઉપાય સુચવે છે. તે એ કે સમાજના રીતરિવાજો અને નિયમો એવા કરવા જોઇએ કે જેથી સંસાર વ્યવહારમાં જેમ બને તેમ ઓછો ખર્ચ થાય અને એ વર્ગને પૈસાની તંગી પડે નહિ. આ વર્ગના સંતાનથી સમાજને લાભ થતો હોવાને લીધે તેમના ભરણ પોષણનો કેટલોક બોજો સમાજે ઉપાડી લેવો જોઇએ. એક તરફથી એમની આવકમાં વધારો થાય એવો રસ્તો કાઢવો જોઇએ અને બીજી તરફથી તેઓ ભોગવિલાસમાં જેમ બને તેમ ઓછો ખર્ચ કરે એવો નિયમ કરવો જોઇએ. વળી જેમ બને તેમ ઓછાં સંતાન ઉત્પન્ન કરવાની તેમની કલ્પનાને પણ શાસ્ત્રીય જ્ઞાનથી દુર કરવી જોઇએ.

હવે આપણે અયોગ્ય વ્યક્તિઓના ઘટાડાનો વિચાર કરીએ. પ્રાચીનકાળમાં સ્પાર્ટનો સમાજને ઉપયોગી ન થઈ શકે એવા બાળકોને જેવા નિર્દય ઉપાયોથી મારી નાંખતા તેવા ઉપાયોથી નિર્બળ બાળકોને મારી નાખવાનું આજની કોઇ પણ સુધરેલી પ્રજા કબુલ કરે

* આ સ્થિતિ આપણા સમાજના મધ્યમ વર્ગને પણ કેટલેક અંશે લાગુ પડે છે. ફક્ત ફેર એટલોજ છે કે આપણી સમાજના મધ્યમ વર્ગમાં હજી સ્વતંત્ર રીતે ઉદરનિર્વાહ કરવાને લાયક થાય તે અગાઉ માબાપ છોકરાના લગ્ન કરે છે. આથી ઇંગ્લાંડ વિગેરે પાશ્ચાત્ય દેશોના મધ્યમ વર્ગ કરતાં આપણા દેશના મધ્યમ વર્ગ ઉપર કમાણીના પ્રમાણમાં અધિક બોજો પડવા માંડયો છે. અનુવાદક.

નહિ.÷ જે જન્મે તેને મરાય નહિ પણ તેનું પાલણપોષણ કરવુંજ પડે. માટે અયોગ્ય વ્યક્તિઓ જન્મે નહિ એવી વ્યવસ્થા કરવાની જરૂર છે. આનો એક ઉપાય એ છે જે અયોગ્ય વ્યક્તિઓને લગ્ન કરતો અટકાવવામાં આવે તો તેમની વંશવૃદ્ધિ થાય નહિ. કેટલાકને આ નિયમ જુલમી લાગે છે પણ શાંત રીતે વિચાર કરતાં માલમ પડે છે કે આ નિયમ ઘણોજ ન્યાયી અને સહાનુભૂતિદર્શક છે. રોગી અને દુર્બળ સંતાનો ઉત્પન્ન કરી તેમને આજન્મ દુઃખી અવસ્થામાં મુકવાં તે કરતાં રોગી અને દુર્બલોએ જાતે સંસાર સુખ પર પાણી મેલવું વધારે શ્રેષ્ઠ ગણાય. લાંબો કાળ સુધી આ નિયમ સમાજમાં પ્રચલિત રહે તો અયોગ્ય વ્યક્તિઓના ઘણે અંશે ઘટાડો થાય અને સંસારસુખ ન ભોગવી શકે એવાની સંખ્યા પણ ઘણી ઓછી થાય. પણ એ દેશના (ઇંગ્લંડ વિગેરે) હાલના સમાજનું અવલોકન કરતાં માલમ પડે છે કે અયોગ્ય માણસોની સંખ્યા વધતી જાય છે અને તેમના ભરણપોષણ અને શિક્ષણને માટે યોગ્ય માણસોનો કષ્ટથી પેદા કરેલો પૈસો ખરચાય છે. યોગ્ય માણસો આવા બોજાથી પીડાતા હોવાને લીધે વંશવૃદ્ધિ કરવાને અચકાય છે. આથી તે દેશમાં યોગ્ય મધ્યમ વર્ગની સંખ્યામાં ઘટાડો થાય છે અને નિર્બોધ, દારૂડીઆ, અનીતિવાન નીચ વર્ગની વૃદ્ધિ થાય છે. પ્રાકૃતિક નિર્વાચનથી ઉલટા આ કૃત્રિમ નિર્વાચનનું કાળાનુક્રમે શું પરિણામ આવશે તે આજ કહેવું કઠિણ છે.

ઉપર કહેલો નિયમ સમાજમાં પ્રચલિત કરવામાં બે અડચણો નડે છે. આચાર્ય હક્ષલી અને બીજા વૈજ્ઞાનિકોને પણ આ બે અડચણોનું મહત્વ કબુલ કરવું પડયું છે. એમાંની પહેલી અડચણ એ છે જે પાશ્ચાત્ય દેશોમાં લગ્ન એક બીજાની પસંદગીથી થતા હોવાથી એ પસંદગી સર્વ સમયે વિજ્ઞાનને (Science) અનુસરી કરવામાં આવતી નથી. કોઇ માણસ રોગી સ્ત્રીની સાથે પ્રેમમાં પડી લગ્ન કરે છે. પણ જો વિજ્ઞાનાનુસાર લગ્ન

÷ વસતીની સંખ્યા ઓછી થાય એ હેતુથી જે દેશમાં બાળહત્યા કરવાની છૂટ છે તે દેશમાં પણ બાળહત્યા ક્વચિતજ કરવામાં આવે છે. પ્રખ્યાત અર્થશાસ્ત્રી નિકળસન લખે છે કેઃ—

The permission of infanticide, as in China, is said to be a cause of increase, not dimination of population; for the permission removes the fear of the consequences of early marriages, but when the children are born, the natural instincts override the permission except in case of extreme necessity (Nicholson's Elements of Political Economy P. 81).

જે દેશોમાં દાખલા તરીકે, ચીનમાં, બાળહત્યાની છૂટ આપવામાં આવે છે તે દેશોમાં એ છૂટ વસતીમાં ઘટાડો કરવાને બદલે વધારો કરવાને કારણભૂત હોય છે એમ માનવામાં આવે છે. કારણ કે એ છૂટને લીધે નાનપણમાં લગ્ન કરવાથી થતાં પરિણામનો લગ્ન કરતી વખતે કાંઇ વિચાર આવતો નથી. સંતાન થયા પછી માબાપની સ્વાભાવિક લાગણીઓ બળવત્તર થાય છે અને કાંઈ પણ ખાસ કારણ શિવાય એ છૂટનો લાભ લેવાની ઇચ્છા થતી નથી. અનુવાદક.

કરવાનો નિયમ અમલમાં મુકવામાં આવે તો પ્રણય અને તેની સાથે માનવજીવનની રસિકતાનો લોપ થવાનો સંભવ છે. આના જવાબમાં બીજો પક્ષ એમ સૂચવે છે કે સાધારણ જનસમુહને સમાજ તરફ પોતાની જવાબદારી તેમજ અમુક કૃત્યથી સમાજને શા શા ફાયદા અથવા ગેરફાયદા થાય છે તે બરાબર સમજાવવામાં આવે અને તેની સાથે વિજ્ઞાનનું શિક્ષણ પણ આપવામાં આવે તો લગ્ન વિજ્ઞાનાનુસાર થાય.

બીજી અડચણ એ છે જે પશુ પક્ષીઓમાં યોગ્ય અયોગ્ય ઠરાવવું જેટલું સહેલું છે તેટલું મનુષ્ય પ્રાણીના સંબંધમાં નથી. કેટલાક રોગી, દુર્બળ માણસો અસાધારણ પ્રતિભાવાન જોવામાં આવે છે. કેટલાક બુદ્ધિવાન અનીતિએ ચાલનારા હોય છે તેમજ કેટલીક વખતે નીતિવાન બુદ્ધિશાળી હોતા નથી. વળી કયા ગુણો વંશાનુક્રમિક અને કયા ગુણો વંશાનુક્રમિક નથી તેમજ કયા ગુણો સંજોગો અને યત્નનું ફળ છે એ ઠરાવવું પણ ઘણું કઠિણ છે. એના ઉત્તરમાં એમ કહેવામાં આવે છે કે સર્વ પ્રસંગે અમુક એક નિયમ અંધશ્રદ્ધાથી નહિ પાળતાં દરેક માણસે પોતાને માટે પ્રસંગ અને સ્થિતિ અનુસાર સ્વતંત્ર રીતે વિચાર કરવો જોઇએ. સાધારણ રીતે શારીરિક સૌંદર્ય અને બળ કરતાં બુદ્ધિને શ્રેષ્ઠ ગણવી જોઇએ અને બુદ્ધિ કરતાં નીતિને ઉચ્ચ સ્થાન આપવું જોઇએ. તેમજ અમુક વ્યક્તિના કયા ગુણો વંશાનુક્રમિક અને કયા નહિ એ ઠરાવવામાં ફક્ત તેના ગુણોનું નહિ પણ તેના કુટુંબના ઇતિહાસનું પણ નિરીક્ષણ કરવું જોઇએ.

પાશ્ચાત્ય પ્રજાની ઉન્નતિ ટકાવી રાખવાને જે ઉપાયો સુચવવામાં આવે છે તેનું આપણે દિગ્દર્શન કર્યું. ઉપસંહાર કરતાં ફરીથી જણાવવાની જરૂર છે કે આ નિબંધમાં આપણા સમાજ સંબંધી કાંઈ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. કેટલાકના મત પ્રમાણે મહર્ષિ મનુ અને બીજા સ્મૃતિકારો હિંદુ સમાજની પડતીના કારણો છે. વળી એથી ઉલટો કેટલાકનો મત એવો છે કે એજ સ્મૃતિકારોએ સમાજ વ્યવસ્થાને માટે જે નિયમો કર્યા છે તે નિયમોને લીધેજ આપણો સમાજ આજ સુધી ટકી શક્યો છે અને ભવિષ્યમાં એના ઉત્કર્ષની આશા રાખવામાં આવે છે. આ વાદગ્રસ્ત વિષય ઉપર મારા વિચારો દર્શાવવા હું યોગ્ય ધારતો નથી. આ નિબંધમાં પાશ્ચાત્ય તત્વવેત્તાઓના ભિન્ન ભિન્ન વિચારો દર્શાવવામાં આવ્યા છે તે આપણા સમાજની હાલની સ્થિતિને કેટલે અંશે લાગુ પાડી શકાય અને આપણી ઉન્નતિ કેવી રીતે કરી શકાય તેનો વિચાર કરવાનું સુજ્ઞ વાંચકને સોંપી આ લેખ સમાપ્ત કરૂં છું.

ત્ર્યંબકલાલ ચંદ્રશંકર.

---

# કાપડને ફાયર પ્રુફ બનાવવાની કળા.

( અનુસંધાન પૃ. ૧૧૩. )

( ૫ )

**પ્રોફેસર પરકીનના પ્રયોગોનું વર્ણન.**

આ શોધખોળ કેવી રીતે આગળ વધી તેનો હેવાલ જાણવા જેવો છે. હાલનો લેખ જેટલો તેની અંદર આપેલી માહિતી માટે ઉપયોગી છે, તે કરતાં પણ તેની ઉપરથી જણાઈ આવતી શાસ્ત્રવેત્તાઓની કાર્ય પદ્ધતિ; તેમની ખંત અને બુદ્ધિ, તેમનું ધૈર્ય અને નિશ્ચય તેના પુરાવા રૂપે વધારે બોધદાયક છે. પ્રોફેસર પરકીન કહે છે કે આ કામમાં મિસ્તર બ્રેડબરી નામના ગૃહસ્થ મારા મદદનિશ હતા, તેમણે એકંદર ૧૦,૦૦૦ જુદા જુદા કકડાઓ બાળીને તેમનાં પરિણામ નોંધ્યાં છે. તેટલામાં સંતોષકારક રીત મળી આવી. તેમ છતાં પણ વધારે અખ્તરાઓ હાલમાં સરતી ક્રિયાની શોધમાં ચાલુ જ છે.

(૧) અમારે જે પદાર્થ શોધવાનો હતો તે ફાયર-પ્રૂફ અને સાથે લાગો ધોવાથી નાશ ન પામે તે જાતનો હતો. એટલે કે આ પદાર્થ પોતે પાણીમાં ઓગળવો જોઇએ નહિ. બીજું ઘસાવાથી તે દૂર ન થાય અથવા તો તેને લીધે કાપડ ધુળ વાળું હોય તેવું ન લાગે, તેવી સરત પુરી પાડવા માટે અમારો ફાયરપ્રૂફ પદાર્થ કાપડના રેસાના ભીતરમાં પુરેપુરો સંયુક્ત થઈ શકે તે જાતનો હોવો જોઇએ. ઉપર સોડિઅમ ટંગસ્ટેટ અને એલમ તે બે ક્ષારના ફાયરપ્રૂફ ગુણ કે ધર્મ વર્ણવેલા છે. તે બેનાં દ્રાવણ એકઠાં કરવાથી ઍલ્યુમિનિઅમ ટંગસ્ટેટ નામનો પાણીમાં ન ગળે તેવો નવો ક્ષાર બને છે. અને એટલું તો સ્પષ્ટ છે કે જો તે કપડાનાં રેસામાં સજ્જડ ચોંટે તો તે ફાયરપ્રૂફ તો જરૂર નિવડે. વળી આ ક્ષાર પાણીમાં ઓગળે તેવો નથી, માટે જો કપડામાં એકવાર તે સ્થિર થયો તો ધોવાથી નીકળશે નહિ તેવો મોટો સંભવ અમને લાગ્યો.

તે માટે અમે ફ્લૅનલેટનો એક કકડો સોડિઅમ ટંગસ્ટેટના દ્રાવણમાં પલાળ્યો; પછી તેને નીચોવવા માટે રોલરોમાંથી પ્રસાર કરીને ઍલમના પાણીમાં નાંખ્યો. પછી સુકવ્યો, અને ફરીથી બધી ઉપર જણાવેલી ક્રિયાઓ કરી. તેથી છેવટે ઍસ્બેસ્ટોસના જેવો તે ફાયર પ્રૂફ થયો. પરંતુ જ્યારે સાબુ વડે તેને ધોયો, ત્યારે ફાયરપ્રૂફનો ધર્મ તેમાંથી કમી થયેલો જણાયો; અને અમે ઘણા નાસીપાસ થયા કે થોડી વખત ધોવા પછી તે સાદા ફ્લેનલેટ જેવો જ થઈ ગયેલો જણાયો.

(૨). આવું અણધારેલું પરિણામ આવ્યું તેનાં કારણો અમે શોધતા હતાઃ તેવામાં અમને યાદ આવ્યું કે ઍલ્યુમિનિઅમ ટંગસ્ટેટનો આ નવો ક્ષાર ઍસેટીક ઍસિડમાં ઓગળે છેઃ અને જ્યારે ઉકાળીને કે તેમાંથી વરાળ પ્રસાર કરીને ઍસીડ દૂર કરીએ ત્યારે પાછો આપણને ઍલ્યુમિનીઅમ ટંગસ્ટેટ ભુકા જેવો મળી આવે છે. પરંતુ તેની પહેલી

સ્થિતિ કરતાં નવો દેખાવ વધારે દાણાદાર હોય છે. અમને લાગ્યુ કે આ બીનાનો લાભ લેવાથી અમને ઉપરની રસાયણીક ક્રિયા કરતાં વધારે સારૂં પરિણામ કદાચ મલશે.

તેથી અમે સોડિઅમ ટંગસ્ટેટ, ઍલ્યુમિનિઅમ સલ્ફેટ અને જરૂર જેટલો ઍસેટિક ઍસિડ તે ત્રણ વસ્તુઓનું દ્રાવણ તૈયાર કર્યું પછી તેમાં ફ્લૅનલેટનો કકડો બોળ્યો, અને તેને સુકવીને વરાળના કબાટમાં મુક્યો. તેવી રીતે વરાળના કાર્યથી કપડામાં ઍસેટીક ઍસિડની જે કંઈ અસર હતી તે ધોવાઈ ગઈ, અને તેની ગંધ પણ કપડા ઉપરથી દૂર થઈ. આવી રીતે તૈયાર થયેલું કાપડ અલબત્ત આગથી બચે તેવું હતું: વળી થોડીએક ધોણ સુધી તે ફાયરપ્રૂફ ચાલુ રહ્યું. પરંતુ વધારે વખત અને સખત રીતે ધોવાથી અમારો પ્રયત્ન પાછો નિષ્ફળ થયેલો અમે જોયો.

(૩)—આવાં વિરૂદ્ધ પરિણામોથી અમને લાગ્યું કે કાં તો ઍલ્યુમિનિઅમ ટંગસ્ટેટ અમારી ધારણા ખોટી પાડીને જાથુકના ફાયરપ્રૂફકારક તરીકે લાયક નથી: અથવા તો એમ પણ હોય કે તેનામાં અમારે જોઇતા ગુણ છે, પરંતુ બીજા કોઈ નુકશાનકારક ધર્મને લીધે તેની અસર દૂર થતી હશે.

તે વિચારથી બધા ' ટંગસ્ટેટ ' ક્ષારો નાલાયક છે એવું અમે માન્યું નહિ. ઍલ્યુમિનિઅમ ટંગસ્ટેટ જ્યાં આગળ નિષ્ફળ નિવડ્યો, ત્યાં આગળ બીજો કોઈ ટંગસ્ટેટ કેમ ન મળે કે જે કાપડમાં વધારે મજબુતીથી જોડાઈ રહે? માટે અમે બીજા નહિ ઓગળે તે જાતના ટંગસ્ટેટ તપાસ્યા: તેમાંથી પણ અમારે આ જાતના રંગીન ક્ષાર બાતલ કરવા પડ્યા, કારણ કે તેવા વાપરીએ, તો સફેદ કપડાનો દેખાવ બગડે, અને અમારી શોધ માત્ર શાસ્ત્રની ચોપડીઓમાંજ અમર રહે, પણ વેપાર ઉદ્યોગમાં તેનો ઉપયોગ થઈ શકે નહિ.

આવી રીતે અમે સેંકડો કકડાઓને પલાળ્યા અને બાળ્યા, પણ તેથી અમને ફત્તેહ મુદ્દલ મળી નહિ.

તેમ છતાં પણ એક બીના અમને મળી આવી; અને તે ભવિષ્યમાં અમારી શોધ માટે ઘણી લાભકારક નીવડી. આ બીના એ હતી કે ઝિંક અને ટિન તે બે ધાતુઓના ટંગસ્ટેટ્ ક્ષારો બીજા બધા કરતાં ધોવાં સામે વધારે મજબુત માલમ પડયા.

(૪) આવી રીતે ટંગસ્ટેટ ક્ષારો ઉપરથી અમે આશા છોડી, ત્યાર પછી જાત જાતના ફેરો–સાયેનાઈડ, ઍલ્યુમિનેટ, આરસેનીએટ, ઍન્ટિમોનીએટ, પ્લમ્બેટ વગેરે અનેક પ્રકારના ક્ષારોના પ્રયોગ અમે શરૂ કર્યા. તેવી રીતે ઘણા મહિના સુધી અમે મહેનત કરી, પણ કંઇ ફાયદો મળ્યો નહિ. માત્ર ઝિંક અને ટીનના ક્ષાર બીજા બધા કરતાં સારા છે એટલું અનુમાન સિદ્ધ થયું. તે ઉપરથી અમે ટિનના જુદા જુદા ઑકસાઇડ તપાસ્યા, કારણ કે રસાયણશાસ્ત્રમાં જાણીતી બાબત છે કે આવા ઑકસાઇડ આલ્કલિ દ્રાવણોમાં મળી જવાથી જુદા જુદાં સ્ટૅનેટ અને સ્ટૅનાઈટ ક્ષારો થાય છે, કે જેઓ રેસાઓ સાથે ઘણી મજબુત રીતે મળી જાય છે.

(૫) એક પ્રયોગમાં અમને જણાયું કે સોડિઅમ સ્ટૅનેટમાં કપડું બોળીને સુકવ્યા પછી તેને ઝિંક ક્લોરાઇડમાં બોળીને સુકવવાથી તે તદ્દન ન બળે તેવું થયું. બહુ સારી રીતે ધોવા

પછી પણ ફાયરપ્રૂફીંગનો મોટો ભાગ કાયમ રહ્યો એટલે કે કપડાને સળગાવવાથી તે ઘણી મહેનતે સલગ્યું, અને ઘણું ધીમું બળવા લાગ્યું, અને પોતાની મેળે અથવા તો સ્હેજ હલાવવાથી ઓલવાઈ ગયું. આ નવો પ્રયોગ અમને બહુ આશા ભરેલો લાગ્યો, તેથી તેને અનેક સુધારા વધારા સાથે ફરી ફરીને કર્યો: પણ છેવટે લાંબો વખત ધોવાથી બધું ફાયર-પ્રૂફીંગ ચાલી જતું લાગ્યું.

(૬) તે પછીના પ્રયોગોમાં અમે સોડિઅમ સ્ટૅન્નેટ ચાલુ રાખીને બીજો પદાર્થ માત્ર બદલ્યો. ઝિંક ક્લોરાઇડને બદલે (अ) સોડિઅમ ટંગસ્ટેટ, (ब) ઝિંક ઍસિટેટ અને જરૂર પુરતો ઍસેટિક ઍસિડ લીધો, જેને લીધે अ અને ब વચ્ચેથી બનેલો ઝિંક ટંગસ્ટેટ ઓગળેલો જ ચાલુ રહે. આ પ્રયોગ એટલો બધો ફત્તેહમંદ નિવડયો, કે તેથી કપડું ઉન જેવું સહિસલામત થયું, અને વખતો વખત ધોવાથી પણ તેનો ધર્મ ઓછો થયો નહિ. તે રીતે બનાવેલું પહેલ વહેલું ફાયરપ્રૂફ ફ્લૅનલેટ અમે જાહેર પ્રજાના વપરાશમાં મુક્યું.

હવે આ ઠેકાણે ઉપરનાં છએ પગથીઆં ફરીથી સંભારીને પછી આગળ વધીએ. આખો લેખ જેને થોડું ઘણું હુન્નર ઉદ્યોગ સમજવાની શક્તિ હોય તેમને માટે છે: અને લેખનો આ પાંચમો વિભાગ તો માત્ર જેઓને રસાયણશાસ્ત્રનું જ્ઞાન હોય અથવા તો "લોજીક ઑફ સાયન્સ" વિજ્ઞાનશાસ્ત્રની શોધખોળની પદ્ધતિ સમજવાની ઇચ્છા હોય તેમને જ ઉપયુક્ત છે. છેલ્લામાં છેલ્લી રીતનું વર્ણન લેખના છઠ્ઠા સેકશનમાં આપીશું, એટલે જેઓથી ન સમજાય તેને આ અજાયબી ભરેલી પ્રયોગમાળા મુકી દેવા ભલામણ છે. પહેલા પ્રયોગમાં ઍલ્યુમિનિઅમ ટંગસ્ટેટ લઇને, પછી બીજા પ્રયોગમાં તેનું બીજી રીતે બનાવેલું રૂપ વાપર્યું. તે બન્ને નિષ્ફળ નિવડયા એટલે બીજા ટંગસ્ટેટ ક્ષારો વાપર્યા. તેથી માત્ર ઝિંક અને ટિનના ટંગસ્ટેટો બીજા બધા કરતાં સારા એટલી સૂચના મળી: પણ અમારો હેતુ મુદ્દલ સિદ્ધ થયો નહિ. તેથી આ ત્રણે પ્રયોગો જે સોડિઅમ ટંગસ્ટેટ અને ઍલમના ગુણ ઉપરથી અનુમાન રૂપે ઉપજાવેલા હતા તે મુક્યા: અને એકે અનુમાન આગળથી બાંધ્યા વગર બીજા ઘણા ક્ષાર એક પછી એક લઇને અમે તપાસ્યા. આવા ચોથા પગથીઆથી પણ વળ્યું નહિ, પરંતુ એકંદર ઝિંક અને ટિન ઉપર અમારો વિશ્વાસ વધ્યો. તેથી પાંચમા પગથીઆ તરીકે સોડીઅમ સ્ટૅનેટ અને ઝિંક ક્લોરાઈડ તે બે લઇને તેમની ઉપરથી ઝિંક અને ટિન તે બન્નેનો અરસપરસનો ક્ષાર એટલે ઝિંક સ્ટૅનેટ ઉપજાવીને વાપર્યો. તેથી એકંદર ફાયદો થયો, પણ પુરી ફત્તેહ મળી નહિ. તેથી છઠ્ઠા પ્રયોગ સમૂહમાં અમે પહેલા ત્રણ પ્રયોગો વાળો એક ટંગસ્ટેટ તે પણ ઝિંકનો અને ચોથા અને પાંચમા પગથીઆં વાળો ટિનનો ક્ષાર સોડિઅમ સ્ટૅન્નેટ તે બન્ને વચ્ચે કાર્ય ઉપજાવીને ફાયર-પ્રુફીંગ કર્યું. તેથી ખરૂં ફાયર-પ્રૂફ તેમજ ટકાઉ ટકે તેવું એ બન્ને સરતો પાર પડી. તેથી અમારૂં ટેકનિકલ કે ક્રિયા શોધવા જેટલું મુખ્ય કાર્ય પૂરૂં થયું. પણ તેમાં પણ બે બાબતો વાંધા ભરેલી લાગી. એક તો ફાયર-પ્રૂફ કરેલું કાપડ વખતોવખત ભીનાશ પકડતું અને બીજું એ કે પ્રયોગમાં વાપરેલા ઍસેટિક ઍસિડના સરકા જેવી ગંધ કાપડમાં રહી જતી. તે પણ ફાયર-પ્રૂફ કર્યા પછી કપડાને વરાળ વડે ધોવા છતાં આ બે વાંધા ઉપરાંત ટકાઉ-પણામાં વધારો હજી અમારે કરવાની ઇચ્છા હતી. અને આ રીત વેપાર ધંધામાં હમેશની

વપરાય તેવું તેના ખરચાળપણાને લીધે બનવું અશક્ય હતું. તેથી અમે સ્ટૅનેટને કેન્દ્ર તરીકે વળગી રહીને નવા પ્રયોગો શરૂ કર્યા.

(૭) આગળ પ્રમાણે કપડાને સોડિઅમ સ્ટૅનસ ક્લોરાઇડ નામના ક્ષારમાં નાંખીને રેસાઓમાં ક્ષારનો પાસ મજબુત બેસાડયો. એકંદર પરિણામ સારૂં આવ્યું. પણ સ્ટૅનસ ક્લોરાઇડના કેટલાએક ગુણને લીધે કપડાના રંગ ખવાઇ જવા લાગ્યા. તેથી આ રીત માત્ર સફેદ કપડા માટે ઉપયોગી માલમ પડી.

(૮) તેટલો અવગુણ દૂર કરવા માટે, સ્ટૅનસ ક્લોરાઇડને બદલે અમે સ્ટૅનીક ક્લોરાઇડ લીધો. અને તેને લીધે કપડામાં નરમાશ (tendering) થતી અટકાવવા માટે સોડિઅમ સ્ટૅનેટમાંથી બધો સ્ટૅનેટ બદલાય નહિ તે પ્રમાણમાં રહેજ ઓછો ક્લોરાઇડ લેવાનું રાખ્યું. આથી બધી રીતે ઉત્તમ ફાયર-પ્રૂફ મળ્યું. વખતોવખત ધોવા પછી પણ તે બળે તેવું નહોતું. તેનો દેખાવ અને તેનું પોત તે પણ ઘણાં સરસ રહ્યાં. માત્ર એકજ વાંધો એ રહ્યો કે ઘસારાથી રહેજ તેમાંથી ઝીણા લોટ જેવું ખર્યા કરતું. હવે આ આઠમી પ્રયોગ શ્રેણીમાં સ્ટૅનિક ક્લોરાઇડ અને સોડિઅમ સ્ટૅનેટ બન્ને એકી વખતેજ વાપરેલાં હતાં. તેથી રેસામાં જે વસ્તુનો પાસ બેઠેલો અને જેને લીધે તેનામાં ફાયર-પ્રૂફ ધર્મ આવેલો હતો તે સ્ટૅનિક ઑકસાઇડજ હોવો જોઇએ, એવી અમારી ખાત્રી થઇ. પણ આ ક્રિયામાં જોઇએ તેટલી કરકસર નહોતી, તેમાં થોડું ઘણું ટિન (કલઇ) વ્યર્થ જતું હતું. કારણકે જેટલો સ્ટૅનિક ઓકસાઇડ બનાવવાનો હોય તેના પ્રમાણમાં વધારે સોડિઅમ સ્ટૅન્નેટ લેવા ઉપરાંત જેટલો સ્ટૅનિક ઓકસાઇડ કપડા ઉપર પહેલીવાર બેસતો તેમાંનો મોટો ભાગ થોડી ધોણ પછી નીકળી જતો; તેમ થવાથી ફાયર-પ્રૂફનો ગુણ તો ઘટતો નહિ, પરંતુ જરૂર કરતાં વધારે ટિનનો વપરાશ થતો. ટિનના મોંઘા ભાવને લીધે ઉદ્યોગમાં સફળ થવા માટે સ્ટૅનિક ઑકસાઇડ બીજાં કોઇ પ્રતિકાર્યો વડે મેળવવાનો અમે ઉપાય કર્યો.

(૯) સોડીઅમ સ્ટૅનિક ઍસિડ ઘણી રીતે છુટો પાડી શકાય છે. તેમાંની એક સાધારણ વપરાશની રીત સ્ટૅન્નેટના દ્રાવણમાં સોડિઅમ સલ્ફેટ કે ઍમોનિઅમ નાઇટ્રેટ અથવા એવો બીજો કોઇ ક્ષાર મેળવવાની છે. તેથી બધું ટિન તેના ઑકસાઇડ કે હાઇડ્રૅટ રૂપે છુટું પડી આવે છે. આ જાતની કોઇ ક્રિયા વડે કરેલો સ્ટૅન્નિક ઑકસાઇડ જાથુકને માટે રેસાઓમાં સજ્જડ જોડાશે કે નહિ તેની ખાત્રી કરવા માટે ફલૅનલેટના ઘણા કકડાઓને સોડિઅમ સ્ટૅન્નેટમાં પલાળીને સુકવીને પછી જુદા જુદા સોડિઅમ કે ઍમોનિઅમના ક્ષારોના દ્રાવણમાંથી જુદી જુદી ઉષ્ણતાએ [ ઉકળવાની હદ સુધી ] પ્રસાર કર્યા. તેનાં પરિણામો બધી વખતે એક સરખી રીતે સારાં આવ્યાં નહિ, પણ ઘણુંખરૂં અમુક દરજ્જે જાથુકનું ફાયર-પ્રૂફીંગ થઇ શકતું તેથી તે ઉપરથી સુધારીને આ રીત અમે નીચે મુજબ હુન્નર ઉદ્યોગમાં વપરાશમાં આપી છે.

( ૬ )

ઉપરના પાંચમા વિભાગમાં પ્રોફેસર પરકીનના પ્રયોગોનો ઇતિહાસ વર્ણવ્યો. તેનાં નવ

**પ્રોફેસર પરકીને શોધી કાઢેલી ઉત્તમ રીત.**

પગથીઆં પાડીને એક પછી એક તેઓ ક્યા અનુમાન વડે આગળ વધ્યા, તે જોયું. અને છેવટે સ્ટૅનિક ઑકસાઇડનો પદાર્થ બધી રીતે ઉત્તમ અને વાંધા વગરનો તેમજ બની શકે તેટલી કરકસરથી નવમી પ્રયોગ-શ્રેણીમાં તેમને મળ્યો. તે પણ સૂચવ્યું, સ્ટૅનિક ઑકસાઇડની રીત ઉદ્યોગમાં વાપરવા મુકેલી છે તે ટુંકાણમાં આ પ્રમાણે છે. ફ્લૅનલેટ અથવા જે કપડા ઉપર ફાયર-પ્રૂફીંગ ચઢાવવાનું હોય તેને ૪૫° Tw. (એટલે ડિગ્રી ટ્વૅડલ. તે વડે દ્રાવણમાં પાણી અને પદાર્થનું પ્રમાણ માપવાની રીત છે.) ના સોડિઅમ સ્ટૅન્નેટના દ્રાવણમાંથી પ્રસાર કરવામાં આવે છે. તેમાં જેટલું બને તેટલું સ્ટૅન્નેટ કાપડને મજબુત ચોંટે તેવી સંભાળ રાખવામાં આવે છે. પછીથી તેને નીચોવી નાંખીને ગરમ કરેલાં ત્રાંબાનાં રોલરો વચ્ચેથી પ્રસાર કરીને સુકવવામાં આવે છે. ત્યાર પછી તેને ૧૫° Tw. ના ઍમોનિઅમ સલ્ફેટના દ્રાવણમાંથી પ્રસાર કરીને નીચોવીને સુકવવામાં આવે છે.

તેથી કરીને કપડાંની અંદર જે સ્ટૅનિક ઑકસાઇડનો પાસ બેસે છે, તે ઉપરાંત થોડું ઘણું ઑકસાઇડનો પાસ બેસે છે, તે ઉપરાંત થોડું ઘણું સોડિઅમ સલ્ફેટ અંદર રહે છે. કપડાને ચોખ્ખા પાણીમાં નાંખવાથી તે જતું રહે છે. પછીથી કપડાને સુકવીને સામાન્ય રીત પ્રમાણે ફિનિશ કરવામાં આવે છે, એટલે તેમાં આર નાંખીને ઘડી કરવામાં આવે છે. બધી રીતે પરીક્ષા લેતાં આ કપડું તદ્દન જાથુકનું ફાયર-પ્રૂફ થયેલું જણાયલું છે. ગમે તેટલા સાબુ અને પાણીથી ધોવાથી તેનો ફાયર-પ્રૂફનો ગુણ જતો નથી. એટલે જ્યાં સુધી કપડું ટકે ત્યાં સુધી અગ્નિમાં નહી બળવાનો તેનો ગુણ ટકે છે. બબ્બે વરસ સુધી વાપરેલા અને દર અઠવાડીએ ધોવાથી છેવટે ચીંથરે હાલ થઇ ગયેલા કપડામાં પણ ફાયર-પ્રૂફના ગુણ કાયમ રહેલા જોવામાં આવ્યા છે. તે ઉપરથી એમ જણાય છે કે ઉનનો ઓકસાઇડ તે રેસાઓની સાથે જોડાઇને બીજો કોઇ એવો સંયુક્ત ઉત્પન્ન કરે છે કે જે ધોવાથી બદલાતો નથી.

પણ વ્યવહારિક રીતે વધારે અગત્યનું તો એ છે કે આ ફાયર-પ્રૂફના વપરાશથી કપડાના કોઈ પણ જાતના નાજુક રંગો બદલાતા નથી. તેથી ચામડીને કંઇ પણ નુકશાન થતું નથી. મૂળ ફ્લૅનલેટ કરતાં કલઇના આ સંયુક્તથી કપડાનું પોત વધારે સુંવાળું અને મજબુત લાગે છે અને તેથી પણ વધારે અણધારેલું પરિણામ તો એ આવે છે કે તેને લીધે કપડાની મજબુતી મૂળ કરતાં વધે છે. માનચેસ્ટર ચૅમ્બર્સ ઑફ કોમર્સ તરફથી થયેલા પ્રયોગોમાં કપડાની મજબુતી અસલ કરતાં સેંકડે વીસ ટકા વધેલી જોવામાં આવી છે. એટલે ફાયર-પ્રૂફનાં ખરચનો બદલો મજબુતી વધવાની અંદર વળી જાય છે. અને તેથી એકંદર રીતે મૂળ ફ્લૅનલેટ જેટલુંજ આ કપડું સસ્તું પડવા ઉપરાંત, ફ્લૅનલમાંથી બનેલું હોય તેવી તેની સહિસલામતી રહે છે.

(૭)

**પ્રોફેસર પરકીનની શોધનો ઉપયોગ.**

ઉપરની રીતે જાથુક માટે ફાયર-પ્રૂફ કરેલું ફ્લૅનલેટ હાલમાં માન્ચેસ્ટરમાં મેસર્સ વ્હીપ બ્રધર્સ ઍન્ડ સૉડ ( Whipp Bros. and Sod ) ની કંપની મોટા પ્રમાણમાં બનાવે છે. તેનું નામ તેઓએ "નૉન-ફ્લેમ" ( Non-flam ) એટલે નહિ બળે તેવું એ પ્રમાણે પાડેલું છે. અને જો કે તેની શરૂઆત જરા ધીમી થયેલી છે તોપણ આગળ ઉપર

સાદી ફ્લૅનલેટને બદલે તેજ વાપરવામાં આવશે એવી ખાત્રી રાખવામાં આવે છે. કલાઇની કિંમત દર ટને લગભગ ત્રણ હજાર રૂપીઆ જેટલી થવા જાય છે, તેથી આ ક્રિયાનું ખરચ ઘણું છે. તોપણ દર વાર કપડે એક આના કરતાં તેનો વધારે ભાવ પડતો નથી. એટલે બાળક માટે બનાવેલા કપડામાં દર કકડે દોઢ બે આના જેટલી કિમ્મત માત્ર વધે છે.

છેવટે એટલું કહીશું કે આ ક્રિયા માત્ર ફ્લૅનલેટને માટે નહિ પણ હરકોઇ પ્રકારની મલમલ, બીજા સુતરાઉ કાપડ માટે વાપરી શકાય તેવી છે. જેવી રીતે મલમલનાં કપડાં તેવીજ રીતે લેસના પડદાઓને પણ આ ક્રિયાથી નહિ બળી શકે તેવી કરવાની ખાસ જરૂર છે કારણ કે તેથી ઘણીવાર ભારે હાનિકારક આગો લાગેલી છે. આ લેખમાં લખેલી અથવા તો બીજી કોઈ ક્રિયા વડે બધાં સુતરનાં કપડાંને ફાયર-પ્રૂફ બનાવવામાં આવે, તો જરૂર ઘણીએક ભયંકર આગ અને ન્હાનાં બાળકોની જીંદગી બચે: તેવી ધારણાથી જ આ વિષય ઉપર અત્રે ધ્યાન ખેંચવામાં આવેલું છે. "સો."

---

# ગુજરાત વર્નાકયુલર સોસાઈટીની ૬૫મા વર્ષની વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ૬૫ મી વાર્ષિક સામાન્ય સભા સોસાઇટીના નગર શેઠ પ્રેમાભાઇ હૉલમાં રા. રા. ભાઈશંકર નાનાભાઇના પ્રમુખપણા હેઠળ તા. ૨૯ મી જૂન ૧૯૧૪ ને સોમવારના રોજ સાંજના સાડા પાંચ વાગે મળી હતા. તે વખતે નીચે પ્રમાણે સભાસદો હાજર હતા:—

૧ રા. રા. ભાઇશંકર નાનાભાઇ
૨ દિ. બ. અંબાલાલ સાકરલાલ દેશાઈ
૩ રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ.
૪ પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવ.
૫ રા. સા. જમીયતરામ ગૌરીશંકર શાસ્ત્રી.
૬ રા. રા. બાપુજી જગન્નાથ.
૭ રા. બ. જેઠાલાલ વ્રજભાઈ.
૮ રા. રા. રેવાશંકર અંબારામ.
૯ રા. રા. મોતીભાઈ લલ્લુભાઈ મજમુદાર.
૧૦ રા. રા. દલસુખરામ હરગોવિંદદાસ સાહેબા.
૧૧ રા. રા. મણિલાલ ભગુભાઇ ઝવેરી.
૧૨ રા. રા. મૂળચંદ આશારામ શાહ.
૧૩ રા. રા. મણિશંકર ભાઇશંકર.
૧૪ રા. રા. છોટાલાલ કાળીદાસ.
૧૫ રા. રા. વિઠ્ઠલદાસ ધનજીભાઈ.
૧૬ રા. રા. લલ્લુભાઈ દલપતરામ,
૧૭ રા. રા. મણિલાલ શામળદાસ દ્વિવેદી.
૧૮ રા. રા. કીશનલાલ ગોવિંદલાલ દેવાશ્રયી.
૧૯ ડૉ૦ જોસફ બેનજામીન.
૨૦ રા. રા. હીરાલાલ વ્રજવલ્લભદાસ.
૨૧ રા. રા. ગીરધરલાલ અમૃતલાલ દેસાઈ.
૨૨ રા. રા. માણેકલાલ મણિલાલ.
૨૩ રા. રા. છોટાલાલ કેશવલાલ.
૨૪ રા. રા. વિઠ્ઠલરાય ગોવર્ધનપ્રસાદ વ્યાસ.
૨૫ રા. રા. મોહનલાલ હરિલાલ.
૨૬ રા. રા. પુરુષોત્તમદાસ ગોવિંદલાલ.
૨૭ રા. રા. મણિલાલ છોટાલાલ.
૨૮ રા. રા. લલ્લુભાઈ રાયચંદ.
૨૯ રા. રા હરિલાલ મંછારામ
૩૦ રા. રા. ચુનીલાલ નગીનદાસ.
૩૧ રા. રા. માધવલાલ હરગોવિંદ (પ્રોક્ષીથી)

ઉપરાંત નીચેના સદ્‌ગૃહસ્થોએ તેમના પ્રેક્ષી રા. રા. ભાઇશંકર નાનાભાઇ મારફત સભાના કામમાં ભાગ લીધો હતો, તેમનાં નામની ટીપ નીચે પ્રમાણે છે:—

૧ રા. બ. ગોવિંદભાઇ હાથીભાઈ દેશાઈ.
૨ રા. રા. શેઠ જમનાભાઈ ભગુભાઈ.
૩ રા. રા. પ્રાણશંકર નરોત્તમ ભટ્ટ.
૪ રા. રા. મુળશંકર જેઠાભાઈ.
૫ રા. બ. વસનજી ખીમજી.
૬ રા. સા. અંબાશંકર ઉ. મલજી.
૭ રા. રા. લવજીભાઈ મૂળજી.
૮ રા. રા. જાની હરગોવિંદ લાલભાઇ.
૯ રા. રા. અમૃતલાલ ભવાનભાઇ પૂજારા.
૧૦ રા. રા. જીભાઇ કેવળદાસ
૧૧ રા. રા. ગુણવંતરામ શિવપ્રસાદ.
૧૨ બેન જાસુદ મણિલાલ દલાલ.
૧૩ રા. રા. પ્રતાપચંદ ગુલાબચંદ
૧૪ રા. રા. સાંકળચંદ રતનચંદ.
૧૫ રા. રા. નરહરરાય બળવંતરાય.
૧૬ રા. રા. ચુનીલાલ નગીનદાસ.
૧૭ રા. રા. રણછોડલાલ બાપાલાલ વૈદ્ય.
૧૮ રા. રા. રામચંદ્ર નરસી.
૧૯ રા. રા. લીલાધર કૃષ્ણારામ દ્વિવેદી.
૨૦ રા. રા. ઠક્કર આનંદજી મૂળજી નથુ પાંદી.
૨૧ રા. રા. દ્વારકાંદાસ ત્રિભોવનદાસ.
૨૨ રા. રા. કરસનદાસ હરિ.
૨૩ સર શાહપોરજી બરજોરજી ભરૂચા.
૨૪ રા. રા. કરસનદાસ હરગોવનદાસ.
૨૫ રા. રા. નાનાભાઇ તલકચંદ.
૨૬ મી. જમસેદજી અરદેસર મહુડાંવાળા.
૨૭ રા. રા. પ્રાગમલ લીલાધર.
૨૮ ,, હીરાલાલ ઈ. મજમુદાર.
૨૯ ,, માધવજી વીરજી.
૩૦ ,, ચીમનલાલ લલ્લુભાઇ વકીલ.
૩૧ શેઠ કીકાભાઇ પ્રેમચંદ રાયચંદ.
૩૨ રા. રા. ગુલાબચંદ મો. દમનીઆ.
૩૩ ,, અમૃતલાલ આર. બક્ષી.
૩૪ શેઠ ચીમનલાલ શામલભાઇ બહેચરદાસ.
૩૫ રા. રા. પુરુષોત્તમ વિશ્રામ માવજી.
૩૬ ,, ડાહ્યાભાઈ તાપીદાસ.
૩૭ ,, અમૃતલાલ જેઠાભાઇ.
૩૮ મી. દીનશાહ દાદાભાઇ મુલાં.
૩૯ ,, એસ. વિ. મજમુદાર.
૪૦ ,, વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય.
૪૧ ,, વરજીવનદાસ ભાઇદાસ.
૪૨ ,, પરસોતમ જીવણદાસ
૪૩ બેન સમરથ કંકુચંદ મૂળચંદ.
૪૪ રા. રા. હીરાલાલ રણછોડદાસ મુનીમ.
૪૫ ,, જીવણદાસ નારણદાસ.
૪૬ ,, શંકરલાલ નાથાલાલ.
૪૭ બેન ચંચળ મનસુખભાઇ.
૪૮ રા. રા. રતનજી માધવજી વકીલ.
૪૯ નામદાર રાણા મેવાભાઈ.
૫૦ બેન જશલક્ષ્મી મગનલાલ કવિ,
૫૧ રા. રા. નરભેરામ એમ. જોશી.
૫૨ શેઠ અબદુલ લતીફ મહમદ હબીબસફરી.
૫૩ રા. રા. શેઠ ચત્રુભુજદાસ.
૫૪ ,, ઝવેરભાઇ નાથાભાઇ અમીન.
૫૫ બાઇ મણી કચરાભાઈ કસ્તુરચંદ.
૫૬ બેન જડી ચીમનલાલ.
૫૭ રા. રા. કાલીદાસ ચુનીલાલ.
૫૮ ,, ચુનીલાલ જેચંદ.
૫૯ બેન રૂક્ષ્માણી ગિરધરલાલ.
૬૦ રા. રા. ત્ર્યંબકલાલ ભવાનીશંકર દવે.
૬૧ રા. સા. ગણપતરામ અનુપરામ ત્રવાડી.
૬૨ સૌ. મંછા મૂળજી કરૂણાશંકર.
૬૩ રા. રા. એમ. જી. દેશમુખ.
૬૪ ,, જમનાદાસ વસનજી.
૬૫ સૌ. હરિગંગા—માધવલાલ હરિલાલનાં પુત્રી.
૬૬ રા.બ. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા.
૬૭ સૌ. ચંપા રતિલાલ દલાલ.
૬૮ સૌ. સુરબાઈ દેવજી રામસી.
૬૯ રા. રા. વીરચંદ પદમસી લાલન.
૭૦ ,, ખેંગાર થોભણ.

૭૧ ,, અનુપચંદ જગજીવન મોદી.
૭૨ ,, કેશવલાલ મોતીરામ.
૭૩ ,, ઇશ્વરભાઈ ઝવેરભાઈ
૭૪ ,, બાલાભાઇ મગનલાલ.
૭૫ ,, કે. બી. મજમુદાર.
૭૬ ,, જમનાદાસ ઘેલાભાઇ.
૭૭ ,, અમરચંદ જમજીવનદાસ.
૭૮ ,, છગનલાલ ઘેલાભાઈ.
૭૯ ,, ચુનીલાલ નારણલાલ.
૮૦ ,, મેઘજી વલ્લભદાસ
૮૧ રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.
૮૨ ઠાકોર શ્રી છત્રસિંહજી બહાદુર.
૮૩ સૌ. ડાહીગૌરી બી. ત્રિવેદી.
૮૪ સૌ. મંગુબા, રામભાઇ કાશીભાઇનાં પુત્રી.
૮૫ રા. રા. મોતીલાલ લલ્લુભાઈ.
૮૬ ,, જેચંદ હીરાચંદ ભોજક.
૮૭ સૌ. કમળાગૌરી ચુનીલાલ. ડૉ.
૮૮ રા. રા. બાપાલાલ ગોદડભાઈ.
૮૯ ,, રણછોડલાલ ગિરધરલાલ.
૯૦ બાઇ કૃપા મનોહર.
૯૧ રા. રા. ભાઇચંદ પુંજાદાસ.
૯૨ ,, મહાસુખભાઇ સી. શેઠ.
૯૩ રા. રા. રાયજીભાઇ એમ. પટેલ.
૯૪ બાઇ ડાહી ગોરધનદાસ.
૯૫ રા. રા. રણછોડલાલ વં. પટવારી.
૯૬ બાઇ કૃપા સામાભાઇ.
૯૭ રા. રા. અમથાભાઇ ગોવિંદભાઇ.
૯૮ ,, પુરૂષોત્તમરાય સુંદરજી ઝાલા.
૯૯ રા. બ દુલભજી ધર્મસી વેદ,
૧૦૦ બાઈ ભુરી માણેકલાલ.
૧૦૧ મીસીસ યશોદાબાઇ ઠાકુર.
૧૦૨ રા. રા. વસનજી સોજપાર.
૧૦૩ ,, છગનલાલ લલ્લુભાઈ.
૧૦૪ ,, પુરૂષોત્તમદાસ વિહારીદાસ.
૧૦૫ બાઇ મણીગૌરી ચુનીલાલ કેસ્તુરચંદ.
૧૦૬ મી. રૂસ્તમજી નાનાભાઈ રાણીના.
૧૦૭ પરી. બાપુભાઈ માધવજી.
૧૦૮ રા. રા. હીરાલાલ ડાહ્યાભાઈ નાણાવટી.
૧૦૯ ડૉ. ટી. સી. ખાંડવાળા.
૧૧૦ સરદાર અમરસિંહજી.
૧૧૧ ડૉ. મીસ. મોતીબાઈ કાપડીયા.
૧૧૨ રા. રા. નંદલાલ વલ્લભદાસ.
૧૧૩ મિ. હોરમસજી એ. પટેલ.
૧૧૪ મે. શેખ મહમદ બાઉદીનભાઇ.
૧૧૫ રા. રા. શીવજી મુરારજી.
૧૧૬ બેન સવિતા વિશ્વનાથ.
૧૧૭ રા. રા. અમરજી આણંદજી.
૧૧૮ ,, રાવજીભાઈ ભાઇલાલ.
૧૧૯ ,, ટોકરસી પુંજાભાઈ.
૧૨૦ ,, બળવંતરાય રામનારાયણ.
૧૨૧ બેન મણી છોટાલાલ મહેતા.
૧૨૨ રા. રા. વ્રજલાલ ભગવાનદાસ શેઠ.
૧૨૩ રા. રા. ઇશ્વરભાઈ અમથાભાઇ.
૧૨૪ ,, રતિલાલ ઘેલાભાઇ.
૧૨૫ ,, હીરાલાલ પરશોતમદાસ.
૧૨૬ ,, માણેકચંદ પાનાચંદ.
૧૨૭ ,, મોતીલાલ મુગટલાલ મુનશી.
૧૨૮ ખા. બ. જમસેદજી અરદેસર દલાલ.
૧૨૯ મીસીસ શિવલક્ષ્મી રામકૃષ્ણ.
૧૩૦ સૌ. મનહરગૌરી ધીરજલાલ.
૧૩૧ રા. રા. છગનલાલ ઠાકોરદાસ મોદી.
૧૩૨ ,, માધવરામ હરિનારાયણ વ્યાસ.
૧૩૩ ,, ભગવાનદાસ વિશરામ.
૧૩૪ સરદાર બહેમનજી એદલજી મોદી.
૧૩૫ સૌ. દેવલક્ષ્મી ગુણવંતરાય
૧૩૬ રા. રા. ગીરધરલાલ હરિલાલ મહેતા.
૧૩૭ ,, ડાહ્યાભાઈ ઇજતરામ.
૧૩૮ ,, જેઠાલાલ રણછોડદાસ.
૧૩૯ સૌ. શારદાગૌરી બાપાલાલ.
૧૪૦ સૌ. પ્રભાવતી મગનલાલ.
૧૪૧ બાઇ ગંગાબાઇ પ્રાણશંકર.
૧૪૨ રા. રા. ગીરધરલાલ હરગોવિંદદાસ.

૧૪૩ ,, પ્રહ્લાદજી સેવકરામ.
૧૪૪ ,, સાંકળચંદ મગનલાલ.
૧૪૫ બાઇ પરસન દલસુખરામ.
૧૪૬ રા. રા. મોતીલાલ તુળજારામ.
૧૪૭ ,, હીરાલાલ વિદ્યારામ રાવળ.
૧૪૮ ,, રામચંદ્ર ઇચ્છારામ વ્યાસ.
૧૪૯ બેન જયાકુંવર હરગોવિંદદાસ કાંટાવાળા.
૧૫૦ બેન સુરજ રેવાશંકર જગજીવન.
૧૫૧ મિસીસ નંદકુંવર મણિલાલ.
૧૫૨ રા. રા. કાનજી દેવસી.
૧૫૩ ,, મોહનલાલ હરજીવન પંચોલી.
૧૫૪ બાઇ દિવાળી મગનલાલ ત્રવાડી.
૧૫૫ રા. રા. મણિશંકર ગૌરીશંકર ભટ્ટ.
૧૫૬ ,, વિઠ્ઠલદાસ શામળદાસ
૧૫૭ ,, મોહનલાલ દુર્લભરામ.
૧૫૮ ,, કાન્તિલાલ ચુનીલાલ મહેતા.
૧૫૯ સૌ. મોંઘી બાઇ વિ. નારણદાસ.
૧૬૦ રા. રા. મણિલાલ મોહનલાલ ઝવેરી.
૧૬૧ રા. રા. માધવજી ધારસી.
૧૬૨ ઓન. મી. પ્રભાશંકર દલપતરામ પટણી. સી. આઇ. ઇ.
૧૬૩ શેઠ નરોત્તમ મોરારજી ગોકુળદાસ.
૧૬૪ રા. રાં. પ્રેમચંદ રતનસી.
૧૬૫ ,, પોપટલાલ હંસરાજ.
૧૬૬ ,, અમૃતલાલ હાઉસા.
૧૬૭ ,, ગોકુળદાસ પ્રેમજી.
૧૬૮ ,, ધીમંતરામ નવલરામ.
૧૬૯ ,, નરોત્તમ શામળદાસ.
૧૭૦ ,, ભોળાનાથ ભાઇલાલ.
૧૭૧ સૌ. રૂક્ષ્માણી વૈજનાથ.
૧૭૨ રા. રા. ગણપતરામ મહાશંકર.
૧૭૩ ,, કુંવરજી આણંદજી.
૧૭૪ ,, હરજીવન રાયચંદ.
૧૭૫ ઠાકોર સાહેબ દાજીરાજજી.
૧૭૬ રા. રા. પરભુદાસ ભગવાનદાસ.
૧૭૭ બેન મણીબાઇ વશરામ.
૧૭૮ બેન હંસા મનુભાઇ મહેતા.
૧૭૯ રા. રા. નર્મદાશંકર માહેશ્વર.
૧૮૦ ,, મનુભાઇ નંદશંકર મહેતા.
૧૮૧ ,, હાકેમરામ ભગવાનરામ.
૧૮૨ ,, ફીલાભાઇ દુર્લભરામ.
૧૮૩ ,, મોતીલાલ હીરાભાઇ.
૧૮૪ બાઈ પાનકુંવર. (કલકત્તા.)
૧૮૫ મી. મહમદભાઈ હાજીભાઇ.
૧૮૬ ,, માણેકચંદ પાનાચંદ.
૧૮૭ બેન જયાકુંવર રાયચંદ.
૧૮૮ બેન મણીબાઇ રણછોડલાલ મોદી.
૧૮૯ દેશાઇ રાયસિંગજી કેશવભાઇ.
૧૯૦ પરી. ચુનીલાલ ત્રિભોવનદાસ.
૧૯૧ રા. રા. શંકરપ્રસાદ હરિપ્રસાદ દેસાઇ.
૧૯૨ ,, ગિરિજાપ્રસાદ હરિપ્રસાદ દેશાઈ.
૧૯૩ રા. બ. કેશવલાલ હીરાલાલ
૧૯૪ બેન ગજરી દોલતરામ વકીલ.
૧૯૫ રા. રા. મોતીલાલ કુબેરદાસ.
૧૯૬ બેન સુરજ પીતાંબર શંભુરામ.
૧૯૭ રા. રા. રામજી જશરાજ ગણાત્રા.
૧૯૮ સૌ. કાશીલક્ષ્મી ગણપતરામ.
૧૯૯ રા. રા. ચુનીલાલ તારાચંદ દલાલ.
૨૦૦ બેન સુમિત્રા મણિલાલ.
૨૦૧ ,, રૂક્ષ્માણી નારણજી.
૨૦૨ બાઈ મણી માણેકચંદ.
૨૦૩ ઠાકોર. કરણસિંહજી.
૨૦૪ બેન કાશી મહાદેવ.
૨૦૫ ,, વેજબાઇ જેઠાભાઇ
૨૦૬ રા. રા. રૂપસિંહ મથુરાંદાસ લવજી.
૨૦૭ ,, લલ્લુભાઈ કાલીદાસ.
૨૦૮ સૌ. હીરાકુંવર પ્રાણજીવન.
૨૦૯ રા. રા. ડાહ્યાભાઈ ચુનીલાલ.
૨૧૦ સૌ. ચંદાગૌરી દલાલ.
૨૧૧ ,, મગનબેન માણેકચંદ.
૨૧૨ રા. રા. પ્રેમચંદ કે.
૨૧૩ ,, ગુલાબરાય વિ. છાયા.

૨૧૪ ,, ત્રિભુવન ત્રિકમજી જાની.
૨૧૫ ,, પોપટ પ્રભુરામ વૈદ્ય.
૨૧૬ ,, જીસબ અલારખીઆ.
૨૧૭ સૌ. મોંઘીબાઇ મોરલીધર.
૨૧૮ રા. રા. ધર્મસુખરામ તનસુખરામ ત્રિપાઠી.
૨૧૯ ,, નરસી ધનજી.
૨૨૦ ,, લાધાભાઇ હરજીભાઇ.
૨૨૧ ,, સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી.
૨૨૨ ,, બ્રીજમોહનદાસ હરકીશનલાલ.
૨૨૩ ,, ત્ર્યંબકરાય ભવાનીશંકર.
૨૨૪ ,, પ્રેમચંદ ચુનીલાલ.
૨૨૫ મિસીસ મણીગૌરી નારણજી.
૨૨૬ રા. રા. રણછોડભાઇ ઉદયરામ.
૨૨૭ રા. રા. લાલભાઇ ત્રિકમલાલ.
૨૨૮ બાઇ દિવાળી નાથજી.
૨૨૯ રા. રા. જગુભાઇ હીરાલાલ.
૨૩૦ ઠાકોરશ્રી નટવરસિંહજી માનસંગજી ઝાલા.
૨૩૧ સૌ. ચંદ્રપ્રભા તે પ્રો. હરિલાલ માધવજી ભટ્ટના પત્ની.
૨૩૨ ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઇ.
૨૩૩ સૌ. વિષ્ણુલક્ષ્મી કનૈયાલાલ.
૨૩૪ બેન સરસ્વતી જીવણચંદ સાકરચંદ.
૨૩૫ મિ. કરમઅલી રહીમઅલી નાનજીઆણી
૨૩૬ રા. રા. બજીભાઇ મણિશંકર.
૨૩૭ સૌ વિદ્યામણી વિ૦ નરભેરામ.
૨૩૮ ,, દેવમણી ઠાકોરલાલ પરમોદરાય.
૨૩૯ રા. રા. મગનલાલ બાપુભાઇ.
૨૪૦ ,, જેઠારામ મગનલાલ ભટ્ટ.
૨૪૧ ,, શિવાભાઈ ઉમેદભાઇ
૨૪૨ ,, મહેતા ભુપતરાય વિઠ્ઠલદાસ.
૨૪૩ મિ. આદરજી મંચેરજી દલાલ.
૨૪૪ રા. રા. જુગલદાસ દામોદરદાસ.
૨૪૫ ,, જમનાદાસ નારણદાસ.
૨૪૬ ,, જેશીંગભાઇ ફકીરચંદ ઝવેરી.
૨૪૭ સૌ. કાશીબેન છોટાલાલ.
૨૪૮ રા. રા. જીવણલાલ હરગોવિંદદાસ.
૨૪૯ ,, વરજીવનદાસ ચુનીલાલ.
૨૫૦ રા. રા. શિવપ્રસાદ દલપતરામ પંડિત.
૨૫૧ ,, મણિલાલ તલકસી શાહ.
૨૫૨ ,, નગીનલાલ મગનલાલ.
૨૫૩ સૌ. સમરથ કેશવલાલ જમનાદાસ.
૨૫૪ સૌ. પુષ્પાવતી મોતીલાલ.
૨૫૫ બાઇ ગુલાબ મંછુભાઈ સાકરચંદ ઝવેરી.
૨૫૬ મિ૦ મુસાભાઇ અલાદીનભાઇ.
૨૫૭ સૌ. ગગાબા કેશવજીઈ.
૨૫૮ રા. બ. મોતીલાલ ચુનીલાલ.
૨૫૯ રા. રા. નાથાલાલ કુબેરજી.
૨૬૦ ,, બી. એમ. દેશાઇ.
૨૬૧ રા. બ. મનસુખરામ સુળજી.
૨૬૨ રા. રા. ગોપાળશંકર વેણીશંકર ભચેચ.
૨૬૩ રા, રા. ઠક્કર ભાણજી વિશ્રામ.
૨૬૪ ,, કૃષ્ણરાવ ભોળાનાથ દીવેટિયા.
૨૬૫ સૌ. હીરાલક્ષ્મી વેણીલાલ.
૨૬૬ રા. રા. કરૂણાશંકર કુબેરજી.
૨૬૭ ,, કીરપાશંકર બી. વ્યાસ.
૨૬૮ બેન સરસ્વતી જીવણલાલ અમરસી મહેતા
૨૬૯ રા. રા. વિશ્વનાથ વિઠ્ઠલજી.

મહેરબાન રા. રા. ભાઇશંકર નાનાભાઇ ઉપર ૨૬૯ પ્રોક્ષીઓ મોકલી આપવામાં આવી હતી તે સર્વે તેમના કહેવાથી સોસાઇટીના આસિ. સેક્રેટરીએ લઇને સોસાઇટીના દફતરે દાખલ કરી હતી. પરંતુ બધું કામ સર્વાનુમતે પાસ થયાથી પ્રોક્ષીઓથી મત લેવાની જરૂર પડી ન હતી.

પ્રારંભમાં પ્રમુખ સાહેબની આજ્ઞાથી આસિ. સેક્રેટરી રા. હીરાલાલ ત્રીભોવનદાસ પારેખે આજની સભા મેળવવાની નોટીસ વાંચી સંભળાવ્યા બાદ સોસાઇટીનો સન ૧૯૧૩ ની સાલનો રીપોર્ટ વાંચી સંભળાવવામાં આવ્યો અને સોસાઇટીનો હિસાબ અગાઉથી સોસા-

ધટીની આફીસમાં સર્વની જાણ માટે ટેબલ ઉપર રાખવામાં આવ્યો હતો માટે તેને વાંચ્યા બરાબર માની લઇને હિસાબનું તાત્પર્ય અને પરિશિષ્ટોની મતલબ માત્ર કહી જવામાં આવી હતી. ત્યાર બાદ પ્રમુખ સાહેબે ટુંકામાં નિચે પ્રમાણે કહી સંભળાવ્યું.

ગૃહસ્થો આપની વ્યવસ્થાપક મંડળીના તમામ સભાસદો આજે પોતાનો હોદ્દો છોડે છે. તે અગાઉ આપણા માનવંતા રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકરે સરકારી નોકરી લાંબો વખત કરી પોતાની ઉત્તર અવસ્થામાં શાંતિ લેવા માટે પેનશન લેઇ પોતાની સ્વદેશભૂમિ સુરતમાં રહેવાનું ઠરાવ્યાથી તેમણે પોતાના હોદ્દાનું રાજીનામું આપવાનું વ્યવસ્થાપક કમિટીને ગયા મે માસમાં લખી મોકલ્યું હતું. પણ તેમણે આપણી સોસાઇટીની આજ સુધી જે કીમતી સેવા બજાવી છે અને તેમણે કેળવણીનાં કામોમાં વખતે વખતે પોતાના દીર્ઘકાળના અનુભવનો લાભ આપી જે જાહેર સેવા બજાવી છે તે બાબત આવી રીતે આપ સર્વના સમક્ષ તેમનો આભાર માનવા તથા તેમની ગેરહાજરીથી આપની વ્યવસ્થાને જે ખોટ અને અગવડ પડશે તે જાહેર કરવાની અમોને તક મળે માટે તે નામંજુર કરતાં તેમની મુદ્દત પુરી થાય ત્યાં સુધી ચાલુ રહેવા તેમને વિનંતિ કરવામાં આવી હતી. તેમની જાહેર સેવાની કદર બુજી તેમની કાયમની યાદગીરી રહે એમ કરવાની હિલચાલ બીજી તરફથી બીજે સ્થળે થાય છે માટે એ બાબત વિશેષ વિવેચન ના કરતાં મેં આગળ જણાવ્યું તેમ માત્ર તેમનો આજે ઉપકાર માની તે ઉપકારનો પત્ર તેમને મોકલી આપવા હું આપને વિનંતિ કરીશ અને હું આશા રાખું છું કે તે આપ એક અવાજે માન્ય રાખશોજ. ( આ સૂચના સર્વે સભાસદોએ હર્ષનાદથી વધાવી લીધી હતી. )

હું આ વખતે એક બીજી બાબત ઉપર પણ બે બોલ બોલવાની રજા લઉં છું કે, આપણા માનવંતા મરહુમ ઓનરરી સેક્રેટરી લાલશંકર ઉમિયાશંકર જેમણે પોતાની જીંદગી માંનો કીમતી અને લાંબો વખત આપણી સોસાઇટીની વ્યવસ્થા કરવામાં ગાળી સોસાઇટીને હાલની સ્થિતિએ પહોંચાડી છે તેમણે વખતે વખતે પોતાના તનમન અને ધનથી જે કીમતી મદદ કરી છે તેટલેથી ના અટકતાં સોસાઇટીને એક પાદશાહી દશ હજાર રૂપઇયાની ભેટ સોસાઇટીના ઉદ્દેશોમાંના એક અગત્યના ઉદ્દેશને પુષ્ટિ આપવાને પોતાની જીંદગીની પોલીસી ભેટ કરીને તેના ફંડમાં વધારો કર્યો છે. આ બાબતમાં તેમના ટ્રસ્ટીઓએ તે રકમનો વહીવટ સોસાઇટીના વખતે વખતે જે પ્રમુખ હોય તેમને સામીલ રાખી કરવાનું કબુલ કર્યું છે એટલુંજ નહીં પણ તે રકમ સોસાઇટીને સ્વાધિન કરી તેની વ્યવસ્થા કરવા માટે આપની વ્યસ્થાપક કમિટીને પસંદ પડતી ગોઠવણ કરવામાં તેમણે પોતાની સારી સમજ અને તેમના "ટ્રસ્ટ્ટર"ની ખાયેશને ઉત્તેજન આપ્યું છે. તમારી વ્યવસ્થાપક કમિટીએ તે સંબંધમાં કરેલી ગોઠવણને બાહાલી આપવા અને તે સંબંધીનો એક પત્ર મરહુમના ભાઇ રા. નરભેશંકરભાઇ ઉપર ટ્રસ્ટી સાહેબોનો ઉપકાર માનવા સંબંધી અને મરહુમ લાલશંકરભાઇની ઉદારવૃત્તિનો ઘટતા બોલોમાં ઉપકાર માનવાનો પત્ર આપના પ્રેસિડન્ટ અને ઓનરરી સેક્રેટરીના નામથી લખવાની હું આપ સમક્ષ દરખાસ્ત મૂકનાર છું તેને આપ જેવી રીતે લાલશંકર ભાઇનું નામ આ સંસ્થા સાથે જોડવા માટે ઉત્સાહપૂર્વક માન્ય રાખી હતી તેવીજ રીતે આ દરખાસ્તને પણ વધાવી લેશો.

અને ત્રીજી બીના એ છે કે જેથી મેં આપને મારા ખાનગી પત્રથી વાકેફ કર્યા છે તે મતલબની દરખાસ્તો હું આપની સમક્ષ રજુ કરૂં તે આગમચ આપણા સર્વ સભાસ-

દોના અભિપ્રાય જાણવાની મને જરૂર જણાયાથી મેં મારો પત્ર ટુંકામાં લખી મારી ધારણા તેમના સમક્ષ મુકી તેમની તરફથી જેમ સુચવશે તેમ વરતવા અને તેમાંય જે તરફ વિશેષાનુ મત પડશે તે પ્રમાણે વર્તવા અને કરવા મેં વચન આપ્યું છે તે આપ સર્વે જાણો છો. હવે મારા ઉપર મોટી સંખ્યાની પ્રોક્ષી ઘણીખરી વાતો મારી નજરમાં આવે તેમ કરવા માટેની આવી છે અને ઘણી થોડીમાં પોતપોતાના અભિપ્રાય દરશાવ્યા છે તોપણ જેમણે પોતાના વિચારો જુદી જુદી બાબતોમાં દરસાવવા કૃપા કરી છે તેમાંથી જે તરફ વધારે મત હશે તે તરફજ મારો અને મારા ઉપર વિશ્વાસ મુકનારાઓને મત આપવાનું મેં નકી કર્યું છે. કારણ કે આવી સંસ્થાના વહીવટમાં તાણી તોષીને કામ લેવા કરતાં સલાહ સંપ અને બનતા સુધી સર્વની માન્યતાથી કામ લેવાય તેમાંજ શ્રેય સમાયલો છે.

હવે આપે અમારી વ્યવસ્થા કમિટીનો અહેવાલ સાંભળ્યો અને હિસાબ જોઇ લીધો હશે એટલે મને કહેવાને ઘણી ખુશી ઉપજે છે કે આપણી સોસાઇટી જેમ જેમ વખત જાયછે તેમ તેમ ઉન્નતિએ પહોંચતી જાય છે, પ્રજાનો વિશ્વાસ મેળવતી જાય છે અને વહીવટમાં પણ વર્ષોવર્ષ કંઈ ને કંઇ ભંડોળમાં વધારો કરતી જાય છે એ આપણને સર્વને ખુશી થવા જેવું છે.

## ઠરાવ ૧ લો.

આજ સુધી રીપોર્ટ અને હિસાબ પાસ કરવાની દરખાસ્ત આપમાંના હરકોઇ ગૃહસ્થ મારફત થતી પણ જેમ બીજી સંસ્થાઓમાં થાય છે તેમ અમો અમારા વહીવટનો જવાબ દેવા અને તેથી આપને સંતોષ મળ્યો છે કે નહીં તે જાણવા દર વરસે હાજર થઇએ છીએ તેથી તેનો રીપોર્ટ અને હિસાબ બાહાલ રાખવાની દરખાસ્ત અમારી વ્યવસ્થાપક કમિટી તરફથી હું જાતે કરૂંછું અને તેમાં ઓનરરી સેક્રેટરીની સંમત્તિ છે માટે જેમ આપને એ બાબતમાં રૂચે તેમ ઠરાવ કરવાની આપને વિનંતિ કરી દરખાસ્ત કરૂંછું કેઃ—હમણાં વાંચવામાં આવેલો સન ૧૯૧૩ની સાલનો રીપોર્ટ તે સાથે જોડેલાં પરિશિષ્ટો સુદ્ધાંત મંજુર કરવો અને તે છપાવી સોસાઇટીના લાઇફ મેમ્બરો, રજીષ્ટર લાઇબ્રેરીઓ તથા ટ્રસ્ટફંડોમાં નાણાં આપનારાઓમાં વહેંચવો.

આ દરખાસ્તને રા. રા. વિઠ્ઠલદાસ ધનજીભાઇએ ટેકો આપ્યો અને તે સર્વાનુમતે મંજુર થઇ તેથી તે સર્વાનુમતે બહાલ રાખવામાં આવી એમ પ્રમુખ સાહેબે જાહેર કર્યું.

## ઠરાવ ૨ જો.

રા. રા. કીસનલાલ ગોવિંદલાલ દેવાશ્રયીએ દરખાસ્ત કરી કે આવતાં ત્રણ વર્ષને માટે નીચેના ગૃહસ્થોની વ્યવસ્થાપક મંડળી નીમવી.

### પ્રમુખ.

૧. રા. રા. ભાઇશંકર નાનાભાઇ

### ઓનરરી સેક્રેટરી.

૨. ઓન. રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ,

### સભાસદો.

૩. ધી ઓન. સરદાર સર ચીનુભાઇ માધવલાલ રણછોડલાલ બારોનેટ સી. આઇ. ઇ.

૪. દી. બા. અંબાલાલ સાકરલાલ.

૫. પ્રો. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ.

૬. રા. બ. જેઠાભાઇ વ્રજભાઇ

૭. રા. રા. નવલશંકર નરસિંહપ્રસાદ

૮. શેઠ અંબાલાલ સારાભાઇ.

૯. રા. રા. બાપુજી જગન્નાથ.

૧૦. રા. રા. મણીલાલ ગંગાદાસ.

૧૧. રા. સા. જમીયતરામ ગૌરીશંકર શાસ્ત્રી

૧૨. મી. નુરાનુદીન અબદુલ્લામીઆં.

૧૩. રા. રા. રેવાશંકર અંબારામ,

૧૪. રા રા. દલસુખરામ હરગોવિંદદાસ સાહેબા

૧૫. રા. રા. મુળચંદ આશારામ શાહ.

આ વખતે રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવનું નામ ઉમેરવા સુચના થવા ઉપરથી અને વ્યવસ્થાપક કમિટી ત્રણ વર્ષની કરવાને બદલે સોસાઇટીની રૂલમાં છે તેમ આવતા વર્ષ માટેનીજ નીમાવી જોઇએ એવી સુચના દીવાન બાહાદુર અંબાલાલ સાકરલાલ અને રા. રા. મુળચંદભાઇ આશારામ તથા રા. રા. મણીલાલ બગુભાઇ તરફથી થવાથી પ્રમુખ સાહેબે જણાવ્યું કે ત્રણ વર્ષ કે પાંચ વર્ષને માટે કમિટી નીમવાની મારી ધારણા હતી પણ તે મુજબ વર્તવા અગાઉ આપણા સભાસદોનો અભિપ્રાય જાણવા મેં સહુને પત્ર લખ્યા છે અને તેમના અભિપ્રાય મોટે ભાગે તેમ કરવાના આવ્યા છે અને માત્ર ચાર પાંચ સિવાય બધાએ મને મારી મરજીમાં આવે તેમ કરવા સુચવ્યું છે તોપણ હું ધારૂંછું કે એ બાબત પ્રથમ મેનેજીંગ કમિટીનો અભિપ્રાય જાણી બીજી વખતે રૂલમાં ઘટતો ફેરફાર કરી કરાવી કરવું એ વધારે બંધબેસતું છે. માટે મુદતની બાબત મુલતવી રાખી ચાલતા રીવાજ પ્રમાણે હાલ તુરત આવતા વર્ષને માટે મેનેજીંગ કમિટી નીમવી અને રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવનું નામ મેનેજીંગ કામટીમાં વધારવા મને તેર સભાસદો તરફથી સુચના થઇ છે માટે હું તેમનું નામ વધારી મારી તરફથી દરખાસ્ત કરૂંછું કે રા. રા. કિસનલાલે દરસાવેલાં નામ ઉપરાંત રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ સુદ્ધાંતની એક મેનેજીંગ કમિટી આવતા વર્ષ માટે નીમવી. તે દરખાસ્તને રા. રા. છોટાલાલ હરજીવનદાસે અનુમોદન આપ્યું તે ઉપર મત લેતાં તે દરખાસ્ત વિરૂધ મત પડયા વગર વિશેષાનુંમતે પસાર થઇ એમ પ્રમુખ સાહેબે જાહેર કર્યું.

### ઠરાવ ૩ જો.

રા. બા. જેઠાલાલ વ્રજભાઇએ દરખાસ્ત કરી અને રા. રા. દલસુખરામ હરગોવિંદદાસે અનુમોદન આપ્યું કે, સન ૧૯૧૪નો હિસાબ તપાસવા માટે રા. રા. ગીરધરલાલ અમૃતલાલ દેસાઇ અને રા. રા. ખુસાલદાસ ગોકલદાસ પટેલને ઓનરરી ઓડીટર નીમવા.

આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી એમ પ્રમુખ સાહેબે જાહેર કર્યું હતું.

### ઠરાવ ૪ થો.

રા. રા. ભાઇશંકર નાનાભાઇએ દરખાસ્ત કરી અને રા. રા. વિઠ્ઠલદાસ ધનજીભાઇએ અનુમોદન આપ્યું કે, આવતી વાર્ષિક સાધારણ સભા થતા સુધીને માટે નીચેના ગૃહસ્થોની પ્રેમાભાઈ હોલ કમિટી નીમવી.

૧. ઓન. સરદાર સર ચીનુભાઇ માધવલાલ. ૨. રા. રા. નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇ.
૩. રા. રા. ભાઇશંકર નાનાભાઇ. ૪. દી. બા. અંબાલાલ સાકરલાલ.
૫. રા. બ. રમણભાઇ મહીપતરામ. ૬. શેઠ મણીભાઇ દલપતભાઇ.
૭. શેઠ પુરૂષોતમભાઇ મગનભાઇ હઠીસીંગ.

અને તેમણે વખતે વખતે અમદાવાદમાં જે સભાસદો હાજર હોય તેમના વિશેષાનું મતે કામ કરવું.

આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી એમ પ્રમુખ સાહેબે જાહેર કર્યું હતું.

ઠરાવ ૫ મો.

રા. રા. ભાઇશંકર નાનાભાઇએ દરખાસ્ત કરી કે રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી રીટાયર થયા છે તેમણે મેં પ્રથમે જણાવ્યું છે તે મુજબ મેનેજીંગ કમિટીના સભાસદ તરીકે લાંબી મુદત સુધી કામ કર્યું છે તે દરમ્યાન તેમણે મેં જણાવ્યું છે તે રીતે સોસાઇટીની સારી સેવા કરી છે. માટે તે બદલ તેમનો સોસાઇટીના પ્રમુખ અને સેક્રેટરીની સહીથી એક ઉપકાર પત્ર લખી મોકલવો.

આ દરખાસ્ત સર્વાનુમતે પાસ થઈ હતી એમ પ્રમુખ સાહેબે જાહેર કર્યું હતું.

ઠરાવ ૬ ઠો.

રા. રા. ભાઇશંકર નાનાભાઇએ દરખાસ્ત કરી કે, સ્વ. રા. બ. લાલશંકરની વીમાની પોલીસીના રૂ. ૧૦૦૦૦ સોસાઇટીને મળ્યા હતા પરંતુ સ્વર્ગસ્થના વીલમાં તેનો ઉપયોગ પોતે સ્થાપેલી કેળવણીની સંસ્થા માટે કરવાનું જણાવ્યું હતું અને તે સોસાઇટીના હેતુમાંનો એક હેતુ કેળવણીનો પ્રચાર કરવાનો છે અને મરહુમે સોસાઇટીની કરેલી સેવા ધ્યાનમાં લઇને, એ નાણાંનું ટ્રસ્ટ સોસાઇટીને સોંપીને તે નાણાંના વ્યાજના પૈસા સૌ૦ દીવાળીબાઇ કન્યાશાળામાં ખરચવા આપવાનો સોસાઇટીની વ્યવસ્થાપક કમિટી અને મરહુમના વીલના એક્ઝીક્યુટરો અને ટ્રસ્ટીઓ વચ્ચે જે ઠરાવ થયો છે તે ઘણું સારૂં થયું છે અને એ સંબંધી એવું સંતોષકારક સમાધાન લાવવા માટે તેમના વીલના એક્ઝીક્યુટરો અને ટ્રસ્ટીઓને ધન્યવાદ ઘટે છે માટે તે બાબતનો મેં પ્રથમે સૂચવ્યું છે તેવો એક પત્ર પ્રમુખ અને સેક્રેટરીની સહીથી લખી મોકલવો અને મેનેજીંગ કમિટીએ જે બંદોબસ્ત કરી ઠરાવ કર્યો છે તેને બહાલી આપવામાં આવેછે

આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ હતી એમ પ્રમુખ સાહેબે જાહેર કર્યું હતું.

ત્યારબાદ રા. રા. ભાઇશંકર નાનાભાઇએ પોતે સોસાઇટીના સભાસદોને મેનેજીંગ કમિટીની મુદત ત્રણ વરસની કરવાને, લાઇફ મેમ્બરોનું લવાજમ વધારવાને, સોસાઇટીના પૈસાના ટ્રસ્ટીઓ નીમવાને અને રા. બ. રમણભાઇને કાયમના સેક્રેટરી કરવાને સુચના લખી મોકલી અભિપ્રાય પુછાવ્યા હતા અને લગભગ ૨૬૯ સભાસદોએ તેમને મત આપવાને પ્રોક્ષી મોકલી આપી હતી પરંતુ લાઇફ મેમ્બરોના લવાજમ વિશે કેટલાક સભાસદોએ નાખુશી દર્શાવેલી હોવાથી તે દરખાસ્ત કરવાનું તેમણે માંડી વાળ્યું હતું. ટ્રસ્ટીઓ બાબત સહેજ મતભેદ હોવાથી તે પ્રશ્ન કમિટીમાં ચર્ચાવાને અને જે ગૃહસ્થોનાં નામ ટ્રસ્ટી તરીકે સુચવેલાં તેઓ ટ્રસ્ટી થવાને ખુશી છે કે કેમ તે પુછાવવાને માટે મુલતવી રાખ્યો હતો. કમિટીની મુદત ત્રણ

વરસની કરવાને સોસાઇટીના નિયમમાં ફેરફાર કરવાની જરૂર હોવાથી તે મોકુફ રાખી હતી. અને રા. બ. રમણભાઇએ આપણી સંસ્થાના મંત્રી તરીકેનું કામ ઘણુંજ સારી રીતે ચલાવી સવ બાબતમાં પુરતો સંતોષ આપ્યો છે તે માટે તેમની યોગ્ય શબ્દોમાં સ્તુતિ કરી લાયક ગૃહસ્થને લાયક માન આપવા અને તેમની સેવાની કદર પીછાણવા માટે તેમને કાયમના ઓનરરી સેક્રેટરી નીમવાની દરખાસ્ત કરી હતી. કારણ કે તેમના તરફ આવેલી પ્રોક્ષીમાં માત્ર ચાર પાંચ સિવાય સર્વે જણાએ એક અવાજે એવી નીમણુંક કરવાની વાત એક અવાજે ઉચકી લીધી છે. આ વખતે ઓનરેબલ રાવબહાદુર રમણભાઇએ તેમને કાયમના ઑનરરી સેક્રેટરી નીમવા બાબત પોતાતરફથી આનાકાની જણાવવાથી તે બાબત પણ તેમની સાથે વાત કરી તે બાબત નક્કી કરવા અને કમિટીમાં ચર્ચવા માટે મુલતવી રાખવામાં આવી હતી.

આ રીતે તે સુચનાઓ મેનેજીંગ કમિટીમાં નિરાકરણ માટે રજુ કરવાને સર્વાનુમતે ઠરાવ થયો હતો અને તે કામ જ્યારે વ્યવસ્થાપક કમિટી ઠરાવ કરશે ત્યારે ચર્ચાવા માટે એ કામ મુલતવી રાખવામાં આવ્યું હતું એમ પ્રમુખ સાહેબે જાહેર કર્યું હતું.

રીપોર્ટવાળા વર્ષમાં ઓનરરી સેક્રેટરીએ અને વ્યવસ્થાપક કમિટીએ ઘણું સંતોષકારક કામ કર્યું છે તે બદલ તેમનો ઉપકાર માનવાને ને આજની સભાનું કામ બહુ સંતોષકારક રીતે બધાનું સમાધાન કરીને સારી રીતે ચલાવ્યું તે બદલ પ્રમુખ સાહેબનો ઉપકાર માનવાને સર્વાનુમતે ઠરાવો પાસ થયા હતા. ત્યારબાદ બાકીનાં કામ કરવાને આ સભા વ્યવસ્થાપક કમિટી વિચાર કરી જે દિવસ ઠરાવે તે દિવસ ઉપર મુલતવી રાખવામાં આવી હતી.

(સહી) **ભાઈશંકર નાનાભાઈ.**
**પ્રમુખ.**

---

# ખંભાત શબ્દની વ્યુત્પત્તિ.

(૪)

ખંભાતનાં જૂનાંખતોમાં ખંભાએત, ખંભાયત, ખંભાત શબ્દો વાપરેલા છે.

स्वास्ति श्री संवत् १७१९ श्रावण वदि ३ सोमे अद्येह पादशाहा श्री ९ सूल्तान शाहजाहा पादशाहा गाजी धारमीक सत्यवादी वाचा अविचल यवनकुलतिलक सकल रायां शिरोमणी माहाराजराज्ये राज्येश्वर एहेवो पादशाहा सदेव [1]मूद्रां राज्य करोति श्रीगूजरात

[1] અહીં આ મુદ્રાનો અર્થ રાજ્યના seal and signet થાય છે કેટલાક લેખોમાં અમુક સુબાનો મુદ્રાવ્યાપાર એવું પણ આવે છે તે તે દેશનો સુબો હોય તેનો જાણવો.

**ॐ स्वस्ति श्री गुर्जरधरित्र्यां पातसाहश्रीमहिमूदपट्टप्रभाकरपातसाह श्री मदाफरसाहपट्टोद्योतकारकपातसाह श्रीश्रीश्रीश्रीश्रीबाहदरसाहविजय राज्ये संवत् १५८७ वर्षे राज्यव्यापारधुरंधरषान श्रीमझादषानव्यापारे.**

Epigraphia Indicc, 2, 42-47

**गुर्जरमण्डले धवलक्कप्रमुख नगरेषु मुद्रा व्यापारान् व्यापृण्वता महं० श्री तेजःपालेन.**

मध्ये सोवि साहिब श्रीमाहाराजाधिराज श्री राए जसवंतशंघ दीवानी श्रीमीरजां रिहिमत-षान अमदाबादमधे हवि श्री षालसि षासप्पति षंभाएत मध्ये हाक्यमश्री मीरजा अबदूल वगरे

स्वस्तिश्री१७२९....पादशाहा श्रीगाजी सर्वमुद्राराज्य करोति....पंचकुल प्रतिपत्तौ श्री **षंभायत** वासी वी०

सवस्तिश्री १७६४....पादशाहा श्री मूलतान गाजी आलमशाहा बाधूर सरवमुद्रा राज्यं करोति....श्री **खंभात**खालसाहवाले વગેરે

स्वस्तिश्री....महमूदशागाजी सर्वमुद्रां राज्य करोति....श्री **खंभात** खालसे हवाले વગેરે

**ખંભાત.**

ખંભતી ખંભાત રાગ પ્રસિદ્ધ છે. સંસ્કૃતમાં તેને સ્તમ્ભતીર્થિકા ખંભાઇતિ ખંભાવતી વગેરે નામો આપેલાં છે.

उक्ताश्चतस्रो गुर्जर्यो भुञ्छिका **स्तम्भतीर्थि**का ।

સંગીતરત્નાકર ૨—૧૬

मध्यमेन निषादेनान्दोलिता त्यक्तपञ्चमा ।

**खम्भाइति** त ( स१ ? ) वदंशान्ता शृङ्गारे विनियुज्यते ॥

સંગીતરત્નાકર ૧૪૦

इति **खम्भाइतिः** ।

સંવત્ ૧૬૩૮માં રચાયેલા શાલિભદ્ર રાસની એક પ્રતમાં ખંભાઇતિ રાગનું નામ આપેલું છે.

સંગીત રત્નાકરના કર્તા શાર્ઙ્ગદેવનો સમય ઇ. સ. ૧૨૧૦—૧૨૪૭ સુધીમાં છે. અહોબલના સંગીતપારિજાતમાં ખમ્ભાવતી એવું નામ છે.

**खम्भावती** पहीना स्यात् कोमली कृत धैवता ।

સંગીતપારિજાત ૩૯૮

અહોબલ શાર્ઙ્ગદેવ પછી થયેલો છે.

---

**महं० श्री जयन्तसिंहे सं० ७९ वर्षपूर्वमुद्राव्यापारं व्यापृण्वति सति** ( હમ્મીર-મર્દન નાટક સ્તંભતીર્થમાં જયંતસિંહની આજ્ઞાથી ભજવાયું હતું તેમાં જયંતસિંહને સચિવ કહેલો છે.) ( **सभ्योय च जयंतसिंहसचिवः** )

भूपालश्रीमत्कुमारपालदेवविजयराज्ये ५ श्री **महादेवे श्री श्री करणादौ समस्तमुद्राव्यापारान्**. ( Bhavanagar Inscriptions p. 173 )

राणक श्री वीरधवलदेव सत्क **समस्तमुद्रा** व्यापारिणा–श्रीतेजः **पालेन**. ( Ibid 219 ).

**महामात्यराणक श्रीमालदेवो श्रीश्रीकरणादिसमस्तमुद्राव्यापारान् परिपंथय-तीतीत्येवं.** ( Ibid 224 )

**संवत् १९२५ वर्षे अद्येह श्रीमल्लके........देवकल्याण विजयराज्येमहाप्र-धान चि० श्री धर्मदेवे सर्वमुद्राव्यापारान् परिपंथयत्येवं** ( S. R. Bhandarkar's Second Report p. 179 )

લક્ષ્યસંગીત નામના નવીન ગ્રંથમાંથી.

खंभाजीमेलके प्रोक्ता खंभावत्याह्वया शुभा ।

ભાવભટ્ટ વિરચિત સંગીતાનૂપાંકુશ ગ્રંથમાંથી—

सोरठीपूर्वकश्चैव खंभावत्यादिकस्ततः ॥

લક્ષ્ય સંગીત પાન ૧૨૩.

માનોજીરાવ ગાયકવાડ આશ્રિત નૂતન શ્રીગૌડબ્રાહ્મણ મયાશંકરે માનમનોરંજન નામનો સ્વરશાસ્ત્રનો સંસ્કૃત ગ્રંથ શાકે ૧૭૧૩માં લખેલો છે તેમાં પણ ખમ્ભાવતિ એજ પ્રયોગ છે.

मालकोशांगना टोडी रागिणी

टोडी गौडी गुणकली खंभावत्यथ सा ककुप् ।७६

अथ मालकोश चतुर्थाङ्गना खम्भावतिरागिणी ८०

Tuzak-i-ahangiri માં નં. ૧ માં બતાવ્યા પ્રમાણે ત્રંબાવતી ( તામ્રલિપ્રી ) નો રાજા અભયકુમાર તેની કુળદેવીની મૂર્ત્તિના સ્તમ્ભથી બચ્યો તેથી તે સ્તમ્ભના માનમાં તેને શહેર વચ્ચે રોપીને નવું શહેર વસાવ્યું અને તેનું નામ ખંભાવતી ( સં॰ સ્તમ્ભાવતી) પાડયું. હવે આપણે વિચારીએ કે આ સ્તમ્ભવાળી દેવી કોણ? કુલસ્તમ્ભેશ્વરના પુરીના તામ્રશાસનમાં લખેલું છે કે શુલ્કિ રાજાઓના વંશની દેવી સ્તમ્ભેશ્વરી હતી.

हरपा दाब्ज रेणवः स्वस्तिश्री त्रिभुवनविदिते शुल्कि राजवंशभूषणराज....श्री स्तम्भेश्वरीलब्धवरप्रभावो महानुभावः परममाहेश्वरो श्रीरणस्तम्भः

ભઞ્જ રાજાઓની પણ કુલદેવી સ્તમ્ભેશ્વરી હતી.

समधिगतपञ्चमहाशब्दमहासायमन्त वन्दित स्तम्भेश्वरी लब्धवर प्रसाद राणक श्री रणभञ्जदेव कुशली

હવે જોવાનું કે આ શુલ્કિ રાજાઓ કોણ ?

ઈ. સ. ૮૨૫ ના Baroda plates માં તથા ઈ. સ. ૮૬૭ ની Bagumra plates માં શુલ્કિકરાષ્ટ્રનું નામ આવે છે. એમનું રાજ્ય ખેડામાં હતું.

આ ઉપરથી સહેજ અનુમાન થાય છે કે શુલ્કિક એ શુલ્કિ હોવા જોઇએ અને રાષ્ટ્રકૂટોની કુળદેવી સ્તમ્ભેશ્વરી હશે અને તેઓનું રાજ્ય ખેડામાં હોવાથી તેમનો અથવા તેમના વંશના કોઇ પુરુષનો અમલ ખંભાત ઉપર હશે. કારણ કે હજુ પણ ખેડાના કલેકટરના તાબામાંજ ખંભાતનું રાજ્ય છે. રાષ્ટ્રકૂટ રણાવલોક ખંભાય્યનું નામ પણ આપણા અનુમાનને ટેકો આપે છે કે રાષ્ટ્રકૂટો અને સ્તમ્ભેશ્વરી દેવીને સંબંધ હતો. [૩]બંગાળામાં સોનપુર શહેરમાં ખમ્ભેશ્વરી દેવીનો સ્તમ્ભ છે અને તેને વિષે બે વૃત્તાન્ત છે; એક તો સોનપુરના રાજાના પૂર્વજને જમીનમાંથી સાફ કરાવતાં તે સ્તમ્ભ મળ્યો હતો અને બીજો એકે તે રાજાની સ્ત્રી પોતાના પિતૃગૃહેથી સ્તમ્ભેશ્વરી દેવીનાં રમકડા જેવો નાનો સ્તંભ લાવી હતી. તેના ઉપરથી રાજાએ મંદિર બંધાવ્યું. ખંભેશ્વરી દેવીને શંબલપુરમાં તથા ઓરિસાના ગર્જત મહાલમાં હુમાલ લોકો પૂજે છે; તેઓ એ કાળા લાકડાનો સ્તમ્ભ કરે છે.

સી. ડી. દલાલ.

---

(૧) T. A. S. B. July 1911 p. 443
(૨) Ind. Ant. Vol. XIV p. 199
(૩) Ibid Vol. XII. p. 183
(૪) T. A. S. B. 1911 p. 445

# પ્રાચીન કાવ્ય.

## પ્રીતિ લેખ.

૨૦૦ વર્ષના જૂના પ્રીતિલેખ તરીકે નીચેનું અસલ પ્રમાણેજ ઉતારેલ છે.

સ્વસ્તિશ્રી વર વીનવે વાહલાં છઈ જિણઇ દેસિ,
સુંદરિ સુગુણ સુજાણ છઈ વાંચે લેખ સંદેસ. ॥૧॥
સહજ સુરંગા સાજના મોહન ચતુર સુજાણ;
ખિણ ખિણ હૈડે સાંભરે જો પાસિ મુંઝ પ્રાણ. ॥૨॥
વયણે વયણે દિનપ્રતિ જેહસ્યૂં બાંધ્યું મન,
તે વિના જગ સૂનો સહી સખિ ન ભાવિ અન્ન. ॥૩॥
મૃગનયણી ગજગામિની પહેરણ ભૂષણ સાર;
રૂપિ રંભા હરાવતી ઉરે એકાવલ હાર. ॥૪॥
તુઝ ગુણ દાવાનલિ કરી બાલે મુઝ મનસાર:
રંગ લાગો તુઝ બોલડે બાંધ્યો પ્રેમ અપાર. ॥૫॥
દૂરે રહ્યાં ઇમ વિનવૂં તું છે મોહનવેલ,
મુઝ મન ઉલટ એહવો સાજન નયન સુમેલ. ॥૬॥
દર્શન દુર્લભ તાહરૂં જિમ ગુલ્હેરનું ફૂલ;
જે દિન તુહ્મ મુખ દેખસ્યું સ્યો દિનનું નહી મૂલ. ॥૭॥
તુહ્મ ગુણગણગંગાજલિ ઝીલે મુજ મનિ હંસ,
પિણિ હું વિરહિં પીડિઓ જિમ શ્રીકૃષ્ણે કંસ. ॥૮॥
સંદેશે સજ્જનતણે જીવ ધરે ઉલ્હાસ;
દૂર દેસંતર વાસિઆં સંદેષે સુખવાસ. ॥૯॥
પ્રીતિ ભલિ પંખેરૂઆં, ઉડા જેહ મિલંત;
માણસ પરવસ બાપડા, દૂરિથકા ઝૂરંત. ॥૧૦॥
ફિટ રે હૈડા ફુટો નહિ, હજિ નહી તુઝ સાજ,
જીવત પ્રાણ વિયોગડે, જીવન કહો કુણકાજ. ॥૧૧॥
માણસથિ માછાં ભલાં, સાચો નેહ સુજાણ;
જબ જલથી થયાં જૂજૂઆં, તવ સહી છંડે પ્રાણ. ॥૧૨॥
સહસ લહે સંદેસડો, લેષ લહે લષમૂલ,
અંગો અંગ મેલાવડો, સુરતરૂ ફુલ અમૂલ. ॥૧૩॥
સુપનાંતરમાં તું મલિ, યદિ પરતક્ષ મિલેસ;
બાવનચંદન નાગ જિમ, ગલે લપટાય રહેસ. ॥૧૪॥
અમૃત સમરે દેવતા, જિમ રતિ સમરે કામ,
માધવ મન જિમ રાધિકા, તિમ સમરું તુઝ નામ. ॥૧૫॥
સહેજ સલૂણા સાજના, સમય સમય સોવાર:
અણસંભાર્યાં સાંભરે, બહુ ગુણ મણિ ભંડાર. ॥૧૬॥

બમણિ ત્રમણી સોગુણી, સહસ ગુણીએ પ્રીત,
તુહ્મ સાથિ મન મોહિઉં, રાખું રૂડી રીત. ॥૧૭॥

ગામ નગરપુર પાટણિ, નારિ છઈ લષ કોડ;
ઇંદ્ર તણી જે અપછરા, તે નાવિ તુઝ જોડ. ॥૧૮॥

સહજ વચન સોહામણું, અમિય રસાયણ પૂર,
શ્રવણ કચોલે પીજીઉં, દૂષ જાયે સવિ દૂર. ॥૧૯॥

કેતું લષિઇ લેષમાં કેતું કાહિજે મુખ,
તુહિજ જાણે વેદના, તુજ વિરહિ જે દુખ. ॥૨૦॥

દિન જાઈ તુમ વાતડી, રાતડી રોતાં જાઈ;
એક રાગિને રોગિયાં, બે નંઇ સરિષી થાય. ॥૨૧॥

સજ્જનથી વિસહર ભલાં, ડંકીનિ જીવ લેહ;
સજ્જન ડંકી થયે જૂજૂયા, ખિણખિણ સાલિ તેહ. ॥૨૨॥

કિં બહુ કાગલમંઇ લખું ઘણું ઘણેરૂં આજ,
તુમ હમ હોસે મેલાવડો, તવ સરસે મુઝ કાજ. ॥૨૩॥

ગોરી કાંઇ કહાવયો, અહિં અમ્હસરીષું કાજ;
ઘણૂં લિખિઉં લેખમાં, લિખતાં થાઇ લાજ. ॥૨૪॥

રખે વિસારો ચિત્તડે, ધર્યો મોહ અપાર,
વહેલાં મલવા આવયો, (જો) લેખ લખૂ લખવાર. ॥૨૫॥

વલી સંદેસો કહાવયો (જો) વહેલો લખયો લેહ,
જૂહાર અમ્હારો માનગો, જિહાં નવિ મલિઇ દેહ. ॥૨૬॥

કરસ્યું કોડિ વધામણી, જપસ્યુ જય જયકાર,
મંગલતુર વજાવસ્યૂં સફલ ગણૂં અવતાર. ॥૨૮॥

હિયડું રાખું નવિ રહઇં, નયણનિ વારઇ જાય;
તે થાંનક દીસઇં નહિ, જિહાં એકલાં મીલાઇ. ॥૨૯॥

કીજિઇ પ્રીતિઇ સુમાણસાં, જે જાણઈ ગુણભેદ;
નિગુણા સરસી પ્રીતડી, વહિલી દાખઇ છેહ. ॥૩૦॥

સજન વોલાવિ વલ્યાં, લોચન થયાં નીરાસ;
મન મોરૂં સાથઇં ગઉં, હઇઉં ન છંડઇ આસ. ॥૩૧॥

જે કોઇ કહિંસઇ આવતો, સજન સહિ સુચંગ;
તેહનઇં દઉં વધામણી, જીભડિ સોનાની ચંગ. ॥૩૨॥

દેખી સજન આપણા, દુખ શરીરઇ જાઇં,
હિઉં વહિસે કમલજમ, મનપંજરિ ન માય. ॥૩૩॥

ચિત્ત તુમ્હે કાં ટાલીઓ, કાગલ તણો સનેહ;
કેહા અવગુણ મુઝતણા, થેતો ઉતાર્યો નેહ. ॥૩૪॥

ચિતડારૂપિં પંખેરૂયાં, એક ઘડી મુઝ દેસ,
પ્રેમ પવને ઉડિ કરિ, જઇ વાલાં ભેટિંસ. ॥૩૫॥

આદિ મહાકર્મ જિમ નિડઇં, દુખ દીઈ સંસાર;
તિમ તુમ્હ વિરહો દુખ દીઈ, સૂવું નહિ એકવાર. ॥૩૬॥

ઇતિશ્રી પ્રેમપત્ર સંપૂર્ણં સંવત ૧૭૫૨ વર્ષે પોષવદિ ૮ વાર ભૌમ લષિતમ.

# બુકકીપીંગ અને એકાઉન્ટન્સી.

## આ શાળાને સરકાર તરફથી મંજુરી મળી છે.

શિક્ષણ પત્રદ્વારા અપાય છે. ગમે તે ધંધો કરતા હો તોપણ આ શિક્ષણ અમુલ્ય માલમ પડશે.

રૂ. દર માસે ૫૦ અગર તેથી વધુ રકમ કમાવા માંગતા હો તો એકાઉન્ટન્સીનું શિક્ષણ લ્યો.

તમે એવું એક પણ ખાતું જોશો નહીં કે જેમાં હિસાબી કામની જરૂર ના પડે.

એક માસ સુધી અમુક છુટ આપવામાં આવશે.

## કોર્સ.

ઇંગ્રેજી જાણતા ઉમેદવારો આ શિક્ષણ લેવાને લાયક ગણાય છે. ઉમ્મરની હદના સંબંધમાં કાંઇ પણ સરત નથી તેમ અમુક સર્ટીફીકેટ જોઇએ એવું નથી. ફી ઘણી થોડી છે.

આ શિક્ષણ લેવાથી પ્રમોશન જલદીથી મેળવી શકાય છે.

માટે ઢીલ કર્યા વગર પ્રોસ્પેકટસ માટે નીચેને સીરનામે લખવું.-

**સી. સી. એજ્યુકેશન ઓફીસ,**
**પુના સીટી**

REGISTERLD No. B. 241.

## બસો રૂપીઆમાં અન્ન દાન સાથે.

# અમર નામ!

દાનવીર સજ્જનો અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો ! ! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ ! ! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ દાનમાં મળશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દરવર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે. અને તે દાતાના નામની આરસીની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર દયા લાવી લખોઃ—

# જીવીતદાન.

## આપનાર સો પાળક પણ નહીં નીકળે.

દીન વત્સલો પ્રભુની ખાતર દયા અને અનાથોના પાળક બનો. દર માસે રૂ. ૭) આપનાર ધર્માત્માના નામથી બાર વર્ષથી મોટી ઉમરના અનાથને પાળી વિદ્યાદાન આપી શકીશું. આ પુણ્ય ભુમીમાં અનાથના પ્રાણદાતા એવા ૧૦૦) પાળક પણ નહિ નીકળે ? જરૂર દયા લાવી લખોઃ—

### મંત્રી હીંદુ અનાથ આશ્રમ--નડિયાદ.

# बुद्धिप्रकाश.

# BUDDHIPRAKASHA.

पुस्तक ६१ मुं. ऑगष्ट १९१४. अंक ८ मो.

## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| સાક્ષર સમક. | (રા. રા. "નવલ.") | ૨૨૫ |
| પ્રભુનાં પંખીડાને | ( રા. રા. હીરાલાલ મગનલાલ દેસાઇ ) | ૨૨૬ |
| મેઘદૂત. (ગ્રંથાવલોકન.) | ( રા. રા. લલુભાઇ વિ. નરોતમદાસ મહેતા. ) | ૨૨૭ |
| સ્ત્રી—ધૈર્ય | ( રા. રા. હરિપ્રસાદ દીરપારામ ઠાકોર, એલ. સી. ઈ.,) | ૨૩૬ |
| શરીર અને તનદુરસ્તી ઉપર વિચારની અસર | ( રા. રા. હરિલાલ દ્વારકાદાસ સંઘવી. ) | ૨૨૯ |
| મંગળનો ગ્રહ—એક કૂટ પ્રશ્ન | (રા. રા. જાલમભાઇ દાજીભાઈ દેરાસરી.) | ૨૪૩ |
| આફ્રીકાની આરપાર રેલવે ... | ( રા. રા. મણીલાલ છબારામ ભટ. ) | ૨૪૭ |
| સૂર્યની કાર્ય શક્તિનું ઉત્પત્તિ સ્થાન. | ( રા. રા. સાંકળચંદ જેઠાલાલ શાહ, એમ.એ., ) | ૨૫૩ |


---


**ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી (અમદાવાદ) તરફથી**

તંત્રી અને પ્રકાશક,

**હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ,** બી. એ.,

**આસિ. સેક્રેટરી,**

ધ.શીરામની પોળ—**અમદાવાદ.**

---

**લવાજમ**—વર્ષ એકનો; રૂ. ૧॥) અગાઉથી. ટપાલ ખર્ચ માફ.

છૂટક દર અંકના ત્રણ આના.

---

અમદાવાદ—ધી અ૦ યુનિયનપ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

# બુદ્ધિપ્રકાશના લવાજમની પહોંચ.

તા. ૨૫-૪-૧૪ થી તા. ૩૧-૮-૧૪ સુધી

૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧ લો લાડોલ.
૧-૮-૦ સ. ગુ. શાળા પીપળવા:રાજકોટ.
૧-૮-૦ સાર્વજનીક પુસ્તકાલય હથુરણ
૧-૮-૦ સોનગઢ બોર્ડીંગ સ્કુલ.
૧-૮-૦ ડે. એ. ઇ. સબડીવીઝન વડોદરા
૧-૮-૦ ડે. એ. ઈ. પેટલાદ વિભાગ
૧-૮-૦ નથુ નેમીદાસ પારેખ મુંબઇ.
૧-૮-૦ ડે. એ. ઈ. વિસનગર વિભાગ.
૩-૦-૦ સ. ગુ. શાળા મણુંદ.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા મહુવા.
૧-૮-૦ સાર્વજનીક પુસ્તકાલય આગંભડા
૧-૮-૦ સ. ગુ. શાળા કોડીનાર.
૧-૮-૦ સ. ગુ. શાળા વડાવલી.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. લો વિજાપૂર.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં. ૧ લો વડનગર
૧-૮-૦ સ. ગુ. શાળા પીઝ.
૧-૮-૦ સાર્વજનીક પુસ્તકાલય ગોધરા
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧ લો. દેણપ.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૩ જો વિસનગર
૧-૮-૦ વિઠ્ઠલેશ્વર લાઇબ્રેરી પ્રાચી.
૧-૮-૦ સ. ગુ. શાળા શીનોર.
૧-૮-૦ સ. ગુ. શાળા જાશકા.
૨-૮-૦ સ. ગુ. શાળા ધાવટ.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧ લો ડભોઈ
૧-૮-૦ સ. ગુ. શાળા કઠોર.
૧-૮-૦ સરક્યુલેટીંગ લાઇબ્રેરી ધનતેજ.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧ લો ગોઝારીયા
૧-૮-૦ સ. ગુ. શાળા કરબડીયા.
૧-૮-૦ ડે. એ. ઇન્સ્પેક્ટર ડભોઇ.
૧-૮-૦ સ. ગુ. શાળા કાવીઠા.
૧-૮-૦ સ. ગુ. શાળા ડભોડા.

૧-૮-૦ જલાલપુર લાઇબ્રેરી.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં. ૧લો ઉમરાટ
૧-૮-૦ મિત્રમંડળ લાઇબ્રેરી બોડકા
૧-૮-૦ સાર્વજનીક લાઇબ્રેરી અમોલ.
૧-૮-૦ સ. ગુ. શાળા રાધેજા,
૧-૮-૦ સ. ગુ. શાળા જાળીયા.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા આંતરસુબા
૧-૮-૦ સાર્વજનીક પુસ્તકાલય કુંડીસણ.
૧-૮-૦ સ. ગુ શાળા પોર.
૧-૮-૦ છગનલાલ ખુશાલદાસ ગાંધી આફ્રીકા.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૪થો વડોદરા.
૩-૦-૦ સ. ગુ. કન્યાશાળા ધીણોજ
૬-૦-૦ સ. ગુ. શાળા કોયલી.
૧-૦-૦ મિત્રમંડળ પુસ્તકાલય ધીણાવ.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા મહેલાવ.
૧-૮-૦ અત્યંજ શાળા અમરેલી.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૨જો કલવડ
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૨જો ગોઝારીયા.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧લો અમરેલી
૧-૮-૦ સ. ગુ. શાળા બેટ.
૧-૮-૦ સાર્વજનીક લાઇબ્રેરી કઠોર
૪-૮-૦ સ. ગુ. શાળા મરોલી.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧લો વસો.
૧-૮-૦ સ. ગુ. શાળા શિહોલ.
૧-૮-૦ સ. ગુ. શાળા કાંસા.
૧-૮-૦ રતનશી માણેકચંદ સુથરી
૧-૮-૦ સ. ગુ. શાળા હાથીજણ.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા વરીઆવ.
૧-૮-૦ સ. ગુ. શાળા ખરોડ.
૧-૮-૦ ડે. એ. ઇ. કડી વિભાગ.
૧-૮-૦ સ. ગુ. શાળા ઉમરાટ.

# बुद्धिप्रकाश.

પુસ્તક ૬૧ મું. | અગષ્ટ, સને ૧૯૧૪. | અંક ૮ મો.


## સાક્ષર સપ્તક.

૧.

જેનાં પવિત્ર દિલમાં અતિ શુદ્ધતાઈ,
અદકિ અતિ અમી થકી જેમાં મીઠાઈ;
અત્યન્ત કોમલ કવિત્વ કલાપ કારી,
છે એક સુ રાજ્ય કવિ એ કલાપી.
કો મંજુને મૃદુલ પદ્ય શકે બનાવી,
સ્વારસ્ય રસ રાશિ સુ અર્થ લાવી;
ભરી પિયુપથી પ્રણયી કલોલ કારી,
છે સત્ય સત્ય એ એક કવિવર કલાપી.

૨.

નવલાં અનેક આભુપણો અંગ ધારી,
ઉપની નવીન ધરી વેશ મહા રૂપાળી;
લોભાય દિલ ગજ ગામિની એ નિહાળી,
ગાથા સાર્થ કર એ કવિ પ્રેમ ભક્તિ.

૩.

આલેખતી લેખ ગુઢત્વ ઉંડા,
મહા ગુણ ભરી શાણીને સ્નેહી મુગ્ધા;
પ્રીતી યુક્ત રસરૂપ શિષ્યા મિરાંની,
ગિરા લલિતની એજ લાલિત્ય વાળી.

૪.

કહી કુદરતી અતિ અદ્‌ભુત વાણી,
બહુ ગુઢ તલસ્પર્શી ગામ્ભીર્ય વાળી;

ત્યજીને રસ રાગ થઈ તત્વ જ્ઞાની,
ગિરા સોહતિ એ કવિ સેહેનીની.

૫.

અતિ સરલ સુ વાક્યથી ચિત્ર દોરે,
નિહાળી નવોઢા નકી મન મોહે,
મહા પ્રેમ પાગી રહી રાચી રાગે,
ગિરા ગુણવતી છે ખબરદારની એ.

૬.

બહુ સરલ સુગમ્ય ને શુદ્ધ વાણી;
રૂડી રસભરી સાર્થ સુહાવે શાણી;
ભરી લાગણી પુર્ણતઃ પ્રેમની ચીત્તે,
કવિતા મધુરી મકરંદની એ.

૭.

છટાદાર મહા મદભરી ચાલ ચાલે,
અલંકાર પ્રીતિ અવનવા અંગ ધરે;
સુધા પાઇ પ્રેમીનું હૈડું હલાવે,
ગિરા મસ્ત ગાઇ કવિ ભીમરાવે.

નવલ.

---

# પ્રભુનાં પંખીડાને.

( ત્રિતાલ—આશાવરી. )

પ્રભુના પંખીડા વિહાર,
નભ માંહી ઉચે ઉડીને ગજવે તાન અનેક,
પંખીડા હે! પ્રભુ સદનના, દે! વિભુના સંકેત;
ગીતડાં મીઠડાં તું લલકાર.

આકાશે જ્યાં ધસતુ ધીમે રંગીન અભ્ર વિશાળ,
ફફડાવી ત્યાં પાંખ મધુરી ઘૂમતો તું વિશટ;
ગીતડાં મીઠડાં તું લલકાર.

સ્વર સુકોમળ સુન્દર સુણતાં મનડું બને મસ્તાન,
હૃદય પટે અમી ઝરણું વહીને વહી જાતું અભિરામ;
હો ! કોઈ ઝીલો પીયૂષની ધાર.

તુજ રવ મીઠા સુણતા ચિતમાં ગંભીર ઘોષણુ થાય,
મુરલી, વીણા, સિતાર કેરા, સંગીત પણ ભૂલાય;
હો ! કોઈ ઝીલો પીયુષની ધાર.

ગીતડાં ગાતાં, નભ સંચરંતાં, મધુરાં પંખીરાજ,
પ્રભાત કેરાં, ઝાકળ દળમાં, કરતો શું વિલાસ ?
હો ! કોઇ લ્યો સંગીતની લ્હાણુ.

આનન્દ શું તુજ મધુરાં રવમાં, શીખાવ પંખીરાજ,
લલિત હરિત ને વિનોદ સુસ્વર, સુણવા ઉત્સુક આજ;
હો ! કોઈ લ્યો સંગીતની લ્હાણુ.

વાત્સલ્યતા, ગૂઢ ભાવ અનેરા, ધરતો શું સ્વર માંહ્ય ?
શીખવી તુજ આદેશ મધુરા, જ્યોતિ જ્ઞાન જગાવ;
હો ! કોઈ શીખજો પ્રભુ આદેશ.

શીખી અનેરાં પાઠ મધુરાં, ગીતડાં હું ગાઇશ,
આનન્દ ભોગી જગત જનોમાં, અમૃત હું સાંચીશ.
હો ! કોઇ શીખજો પ્રભુ આદેશ.

મુંબાઇ. હીરાલાલ મગનલાલ દેસાઈ.

---

# મેઘદૂત.*

અભેદ દષ્ટિએ વિષમય ગણાતા આ અસાર સસારમાં દામ્પત્ય એવી વસ્તુ છે કે તેને સુખમય વસ્તુની ઉપમા આપી શકાય પણ તે દામ્પત્યનો પ્રેમ નિઃસ્વાર્થી હોવો જોઇએ. દરેક પશુ પ્રાણિ માત્રમાં આ સત્તા પરમાત્માએ નિર્માણ કરી છે તો પછી મનુષ્યમાં હોય તેમાં નવાઇ શું ?

પ્રેમ એવી વસ્તુ છે કે તેના વગર મનુષ્યને ચાલતું નથી. ચંદ્રકાન્તમાં પ્રેમ માટે—ભાવના માટે—બહુજ સારી રીતે સ્ફોટન કરેલું છે હૃદયનો ખરો—શુદ્ધ—સાત્વિક પ્રેમ—નિઃસ્વાર્થી પ્રેમ—જે મનુષ્યમાં નથી તેને જંગલીની ઉપમા આપવામાં કોઇપણ જાતનો પ્રત્યવાય નથીજ.

---

* મેઘદૂત—કાળીદાસ પ્રણીત—ભાષાંતર કર્તા રા. રા. કિલાભાઇ ઘનશ્યામ ભટ્ટ. પ્રકાશક "ગુજરાતી" પ્રેસ—મુંબઇ.

દામ્પત્ય-દંપતિ-નો શુદ્ધ-નિઃસ્વાર્થી-પ્રેમ કેવા પ્રકારનો હોવો જોઇએ મનના ભાવો કેવા હોવા જોઇએ, તેમજ આર્યસંસારમાં દાંમ્પત્યના પ્રેમની ગણના જુના જમાનામાં કેવી થતી હતી, તાત્પર્ય કે પ્રેમ એ વસ્તુ શું હતી, તે જણાવવા ખાતર મહાન સંસ્કૃત કવિ કાળિદાસે મેઘદૂત નામક સંસ્કૃત કાવ્ય રચ્યું છે. તે કાવ્ય નાનકડું છે. પરંતુ તેના ગુણોથી સંસ્કૃત વિદ્વાનોમાં તેમજ ગુર્જર વિદ્વાનોમાં અનુકરણ કરાવવાની શક્તિ ઉત્પન્ન કરેલ છે. આમાંનું "પાર્શ્વાભ્યુદય" તો કાળીદાસના મેઘદૂતના દરેક શ્લોકના દરેક દરેક ચરણ પોતાના પાર્શ્વાભ્યુદયમાંના શ્લોકમાં છેડે લગાડીને તેને આધારે રચાયલું છે. અને નેમીદૂતમાં કાળીદાસના શ્લોકનું ચોથું ચર્ણ માલુમ પડે છે. નેમીનાથ, સુમતિ વિજય, તેમજ મલ્લીનાથ જેવા ટીકાકારોના મનમાં મેઘદૂતનું અનુકરણ તેમજ ટીકા કરવાની ભાવના ઉપજાવનાર કાળીદાસ સિવાય બીજો કોઇપણ આવું માન મેળવવા ભાગ્યશાળી થયો નથી. આવા પ્રાચીન સમર્થ ટીકાકારો ઉપરાંત પાશ્ચાત્યોમાં પણ મી. વિલ્સન, ડા. હુલ્ઝ, તેમજ મોન ફ્રૂચ વિગેરે વિદ્વાનોમાં પ્રેમ ઉપજાવનાર કાળીદાસનું મેઘદૂત જ છે તેમ કહેવામાં પ્રલવાય નથી જ.

હવે જ્યારે આર્ય સંસારનું કાવ્ય પાશ્ચાત્ય પ્રજાના હૃદયમાં છાપ પાડે ત્યારે પોતાના જ સંસારનું કાવ્ય પોતાના હૃદયમાં શામાટે માન ન ઉપજાવે ? જેમ સંસ્કૃત વિદ્વાનોએ અનુકરણો, અને ટીકાઓ કરી છે તેમજ ગુર્જર વિદ્વાનોમાં પણ આવી ભાવનાથી ત્રણ અનુકરણો થયેલાં છે. અને ભાષાંતરો પણ સાત આઠ થયેલાં છે-મારા જોવામાં પાંચ આવેલાં છે.-થોડા વિસ્તારવાળી ગુર્જરભાષામાં આટલાં ભાષાંતરો થાય તે કાંઇ થોડું ખુશી થવા જેવું નથી.

હવે ભાષાંતર કરવું તે કાંઇ ઘી ખીચડી ખાવાનું કામ નથી. પ્રથમ તો મૂળ-વસ્તુમાંનો ભાવ, તેમજ શબ્દે શબ્દની રચના, ગુર્જર ભાષામાં ઉપરાંત રાગ, છંદ, વૃતના માપમાં જ લખાવું જોઇએ. આવા આવા દુર્ઘટ કાર્યો ભાષાંતરમાં ભાષાંતર કર્ત્તાએ કરવાનાં છે અર્થાત બહુજ વિષમતા છે. બહુજ વિદ્વતા ભરેલું કાર્ય કરવું તે જેવા તેવાથી બની શકતું નથી.

પ્રસ્તુત ભાષાંતરમાં મારા જોવાની દ્રષ્ટિએ જોતાં ઉપર જણાવેલી કાંઇપણ ખામીઓ જણાતી નથી. મંદાક્રાન્તા વૃત રાખવાની પસંદગી શ્લોક શ્લોકમાં કાળીદાસની છાયા નહિ, પરંતુ સંપૂર્ણવાણી-ભાવ-ઉપરાંત વીસ્તિર્ણ ટીકા-કે જેથી વાંચકોને બહુજ સરળ માર્ગ જડે છે.—આવા આવા નિયમોને રા. રા. કિલાભાઇ સંપૂર્ણ રીતે જાળવી રાખવામાં ફતેહ પામ્યા છે, તેમ કહેવામાં અતિશયોક્તિ જેવું નથી જ.

હવે આપણે ભાષાંતર તરફ દ્રષ્ટિ કરીએ કે કાળીદાસનો શૃંગાર રસ જ મુખ્ય છે. અર્થાત્ કાળીદાસને તે રસ પર અનુકૂળતા અર્થાત્ લેખન કાર્યમાં દેખાતી છટા વિશેષ સારી હોય તેમ જણાય છે. આપણા આર્યસંસારમાં સ્ત્રીની પદવી આગળ કેવી હતી, જોકે તેનો ભાવ જ માત્ર આપ્યો છે, કાંઇ સ્ત્રીની પદવી વિષે પ્રસ્તુત કાવ્ય લખાયું નથી-તેનો ચિતાર કાળીદાસે આબેહુબ પ્રસ્તુત કાવ્યોમાં ચિત્ર્યો છે અને રા. કિલાભાઇએ પણ તેના ગુઢ અર્થોને સરળતાથી સમજાય તેટલા ખાતર બહુજ સ્પષ્ટ કરેલા છે. અને શબ્દેશબ્દના અર્થો અને તેનાપર ટીકા આપી બહુજ સરળતાથી સાદી ભાષામાં સમજાવવામાં અને વાંચકો તરફનો સત્કાર મેળવવામાં ફતેહ પામ્યા છે.

હવે કાવ્યમાંના વસ્તુ તરફ નજર કરીશું તો અયોગ્ય નહિ જ ગણાય.

સુમતિ વિજય, મલ્લીનાથ, વિગેરે ટીકાકારોનું એવું કહેવું છે કે એક દિવસે કુબેરે એક યક્ષને પ્રાતઃકાળમાં કમલ લાવવાની હમેશ માટે આજ્ઞા કરેલી, પરંતુ એક દિવસ એવું બન્યું કે યક્ષ પોતે પોતાની સ્ત્રીના મોહમાં લુબ્ધ થયેલ હોવાથી રાત્રે કમળ લાવી રાખેલ. સવારમાં પૂજા વખતે કમળમાંથી ભ્રમરે કુબેરને ડંશ કર્યો તેથી કુબેરે શાપ દીધો કે, જે સ્ત્રીના આસંગથી મારી આજ્ઞાનો ભંગ કર્યો છે તે સ્ત્રીથી તને એક વર્ષનો વિયોગ થશે. શ્રાપને આધિન થઇ યક્ષ રામગીરી પર્વત પર આવી વસ્યો. ત્યાં કેટલાક માસ ગાળ્યા પછી વર્ષાૠતુ બેઠી. વર્ષાૠતુમાં વિયોગીણી સ્ત્રીઓ પોતાના પતિની આતુરતાથી રાહ જુએ છે અને વર્ષાૠતુ એ સંયોગનો કાળ છે. વર્ષા ૠતુમાં મારી સ્ત્રી ઝુરી મરતી હશે માટે હવે સંદેશો કહેવરાવું, પણ કહેવરાવવો કોની સાથે? તેવામાં મેઘને જોતાં તેને આવકાર આપે છે. અને તેને ભેટી અને સંદેશો લઇ જવાનું કહે છે. મેઘને આમાં મનુષ્ય રૂપે કલ્પેલ છે. પણ મેઘ વળી સંદેશો શી રીતે લઇ જતો હશે વારૂ? આવી શંકા થાય તે સ્વાભાવિક છે. તે શંકાના સ્ફોટન માટે કવિ કાલિદાસે નીચે મુજબ ખુલાસો કર્યો છેઃ—

ધૂમ્ર, જ્યોતિ. જળ પવનના, મેઘ ક્યાં આ બનેલા,
ક્યાં સંદેશા સમજણ ભર્યા, પ્રાણીથી લૈ જવાતા;
એવું કાંઇ ન લહી અધીરો યાચતો યક્ષ તેને,
કામિ નિશ્ચે જડ સજીવમાં ભેદ ના કૈ પ્રમાણે.

કવિનું ચાતુર્ય આમાં ઝીણી નજરથી જોનારને તુરત જણાઇ આવશે કે કવિએ તટસ્થ રહીનેજ લખાણ કર્યું છે તેમ "કામિ નિશ્ચે જડ સજીવમાં ભેદ ના કૈ પ્રમાણે"નામક ચરણથી સાબીત થાય છે. કાળીદાસનો શૃંગાર રસ એટલો બધો હદ બહાર કલમમાં દેખાય છે કે અર્ધદગ્ધ લોકો જેને હલકા પ્રકારના શ્રૃંગારની ઉપમા આપતાં અચકાતા નથી પરંતુ પોતાનું તટસ્થપણું સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. અને તેથીજ તેનાં કાવ્યો—નાટકોમાંનો શૃંગાર ઉંચા પ્રકારનો ગણાય છે અને પાશ્ચાત્ય પ્રજાના હૃદયમાં છાપ પાડી શકવામાં ફતેહ પામેલ છે. આ શ્લોકથી કામી જનોની સ્થિતિ કેવા પ્રકારની હોય છે તેનો અનુભવ મળી શકે છે.

ઉપર મુજબ મેઘને આવકાર આપતાં પોતાના સંદેશા માટે અધિરાઇ બતાવે છે પછી મેઘને કહે છે કે પોતાની પ્રિયની સ્થિતી મ્હુજ વિયોગે કરીને ખરાબ હશે, અર્થાત્ મારા વિયોગમાં ઝુરી મરતી હશે માટે હે મેઘ!

જોશે તું ત્યાં દિવસ ગણતાં પ્રાણધારી રહેલી*
એક સ્વામી વ્રત ધરી રહી, જીવતી ભાભી તારી;
આશા તંતુ કુસુમ સરખાં નારીનાં સેજ માંહે;
ફાટી જાતાં પ્રણયી હૃદયો ધારી રાખે વિયોગે.

મૂળમાંનાં શ્લોકો સાથે ટાંકવાનું કારણ એટલુંજ કે વાંચકોને તુલના કરવાનો પ્રસંગ

---

* મૂળમાં આ શ્લોક દસમો છે. મી. નંદારગીરકરની આવૃતી જેને રા. રા. કિલાભાઇ અનુસર્યા છે તેમાં મુળ શ્લોક નીચે મુજબ છે.

મળે કે રા. રા. કિલાભાઇના ભાષાંતરમાં કેવો ભાવ આપેલો છે. શબ્દે શબ્દનો ભાવ લાવવામાં તેમજ ભાષામાં માધુર્ય પણ મૂળ કાળીદાસ જેવુંજ વંચાય તેવા સરળ અને મધુર શબ્દોનો ઉપયોગ રા. રા. કિલાભાઇએ કરેલો છે. તેથી વાંચનારને બહુજ સુગમતા અને આનંદ ઉત્પન્ન થાય છે.

મેઘને યક્ષ કહે છે કે ત્યાં મારા શાપના બાકી રહેલા દિવસો ગણતી તારી ભાભી શોસાઇ ગયેલા શરીરવાળી તને દેખાશે. આમાં "ભાભી" શબ્દથી બંધુત્વ ભાવ તેમજ બહુજ ગાઢ મૈત્રીનો ભાવ આપેલો છે. મેઘને યક્ષ પ્રત્ય જુદાઇપણું ન જણાય આવો ભાવ કવિનો હશે તેમ જણાય છે અને શ્લોકના અંતમાં કરૂણા રસનો ભાવ પણ આપેલો છે કેઃ—

आशाबन्धः कुसुमसदृशं प्रायशो ह्यङ्गनानां ।
सद्यः पाति प्रणयि हृदयं विप्रयोगं रुणद्धि ॥

એટલે કાળીદાસ શૃંગારમાં કરૂણા જેવો રસ પણ મુકવાને ચુકેલ નથી કે જેથી વાંચકોને પ્રિય થઇ ન પડે.

ઉપરના શ્લોક પછી યક્ષ મેઘનું પ્રયાણ શરૂ કરવાનું સુચવે છે અને તેના મિત્ર રામગિરી પર્વતને ભેટવાનું કહે છે પછી મેઘનું પ્રયાણ શરૂ થવાની તેયારી થાય છે ત્યારે યક્ષ કહે છે કે—

તારામાં છે ફળ કૃષી તણું પ્રીતિથી એમ ધારી,
ન્યાળી જોશે જન પદ વધુ દૃષ્ટિથી નિર્વિકારી,

तां चावश्यं दिवसगणनातत्परा मेकपत्नी
मव्यापन्नामविहतगतिर्द्रक्ष्यसि भ्रातृजायाम् ।
आशाबन्धः कुसुम सदृशं प्रायशो ह्यङ्गनानां
सद्यः पाति प्रणयि हृदयं विप्रयोगं रुणद्धि ॥

પરંતુ આ શ્લોક રા. કિલાભાઇએ આઠમા શ્લોકને સ્થાને મુક્યો છે. કેટલીક ટીકાઓ અને મી. વિલસને પણ આ ક્રમને પસંદ કરેલો હોવાથી રા. કિલાભાઇ પણ તેનેજ અનુસર્યા છે. વધુ માટે જુઓ મેઘદૂત.

તાજી ખેડયે મસમસી રહ્યા, માળનાં ખેતરોને,
ઓળંગીને ઝટ વળિ જરા, ઉત્તરે માર્ગ લેજે.‡

પ્રસ્તુત શ્લોકમાં કાલીદાસે વરસાદ પર મનુષ્યોમાં કેટલો ભાવ હોય છે તેમજ કૃષી જે

‡त्वय्यायत्तं कृषिफलमिति भ्रूविकारानभिज्ञैः
प्रीति स्निग्धैर्जन पदवधु लोचनैः पीयमानः ।
सद्यः सीरोत्कषणसुरभि क्षेत्रमारुह्य मालं
किंचित्पश्चाद्व्रज लघुगतिर्भूय एवोत्तरेण ॥

પહેલાં હિંદુસ્તાનનું જીવન હતું અને અદ્યાપિપર્યંત છે, તેને વરસાદ વગર ચાલતુંજ નથી તેનો ભાવ કાલીદાસે આબેહુબ ચિત્ર્યો છે. અને રા. રા. કિલાભાઇએ પણ પોતાના ભાષાંતરમાં તે ભાવમાં જરા પણ ક્ષતિ પહોંચવા દીધી નથી. હે મેઘ ! તારામાં ખેતીના ફળનો આધાર હોવાથી સુંદર અને કોમલાંગી લલનાઓ તને નિર્વિકારી દૃષ્ટિથી નિહાળી જોશે. અર્થાત્ તને નિર્વિકારી દૃષ્ટિથી આવકાર આપશે અર્થાત્ આ સંદેશો લઇ જતાં વચમાં આવી મુગ્ધાઓના સૌંદર્યોને સ્વાભાવિક રીતે તને વિલાસી નેત્રોને નિરખવાનો પ્રસંગ મળશે.

ઉપરના શ્લોકમાં કવિએ સ્ત્રીઓના ભાવો, રૂઢીઓ, અને મેઘને સંદેશ સાથેના યક્ષનો સ્વાર્થ પાર પડવો ઉપરાંત મેઘને જડ અને સજીવ રૂપે કરેલી કલ્પનાનું દિગદર્શન, આટલી વસ્તુ સામગ્રી એકઠી કરીને ગુંથેલી માલુમ પડે છે. એટલે ગુર્જર ભાષાંતરમાં પણ જરાએ મૂળના રસને હાનિ પહોંચીજ નથી ઉલટું તેનો અસલ પ્રમાણેજ આકર્ષક અને મનોહર લાગે છે.

ત્યાર પછી કવિ મેઘને ઉજ્જયિનિમાં જવાનું વાંકે માર્ગે સૂચવતાં લખે છે કે–

રસ્તો વાંકો અહીંથી બહુ છે, ઉતરે મેઘ ! જતાં,<br>
તો'યે ઉંચાં ભૂવન પર જૈ, બેસજે ઉજ્જનિમાં<br>
વિદ્યુત્તે જે નયન મિચતી, નાગરીનાં કટાક્ષો,<br>
એને ત્યાં તું રમીશ નહિ તો, જાણજે રે ઠગાયો.

કેટલાક ટીકાકારોના મત મુજબ કાલીદાસ ઉજ્જયનિનો રહીશ હતો અને તેથીજ તેણે પોતાનું જન્મભૂમિ (?) પ્રત્યેનું ભાવદર્શક ચિત્ર આલેખ્યું છે. અર્થાત્ પોતાનો ભાવ દર્શાવ્યો છે કે હે મેઘ ! અહીંથી ઉત્તરે જતાં રસ્તો બહુજ વાંકો છે. તોપણ ઉજ્જયનિના ઉંચા મહેલો પર બેસી જો તું ત્યાંની વિજળીના ઝબકારા વડે આંખ મિચતી નાગરી નારીઓનાં કટાક્ષો ને જોવાનો લાભ ચુકીશ તો તારો જન્મજ અફળ ગયો માનજે. અર્થાત્ ત્યાંની નારીઓનાં સૌંદર્યને જોવાને પણ ચુકતો નહિ. આમાં પોતાની જન્મભૂમિ પ્રત્યેનો ભાવ તેમજ પોતાના સમયમાં કેવી સમૃદ્ધિ હતી તેનું દિગ્દર્શન છે.

ત્યાર પછી કવિ ૪૨ શ્લોક સુધી ઉજ્જયિનિનું વર્ણન કરે છે અને કહે છે કે હે મેઘ ! આવા ઐશ્વર્યવાન સ્વર્ગ તુલ્ય નગરો જોયા વગર જઇશ નહિ. પછી આગળ જવાનું સૂચન કરતાં જણાવે છે કેઃ—

ગંભીરાના હૃદય સરખા સ્વચ્છ વારિ પ્રવાહે,<br>
તારો આત્મા સુભગ ઠરશે ત્યાં જઇ છાયરૂપે;<br>
ઉડી રે'તાં કુમુદ વરણાં મત્સ્ય રૂપી કટાક્ષો,<br>
જોજે એનાં અફળ કરતો મેઘ થૈ ખુબ મોંઘો.

**હે મેઘ !** આગળ ચાલતાં ગંભીરા નદીના સ્વચ્છ વારિ પ્રવાહમાં તારૂં પ્રતિબિંબ પડશે **અર્થાત્** તારા જેવા સુંદર પુરૂષની કાન્તિ જોઇને ગંભીરા નદી તેના અંતરમાં સ્થાન આપશે માટે તે નદીમાંના ઉડતાં મત્સ્યો રૂપી કટાક્ષોને અનુકૂળ થજે અર્થાત્ તેની પ્રેમભાવનાને વ્યર્થ જવા દઇ નિરાશ ન કરતો એટલે મોંઘો થતો નહિ.

પ્રસ્તુત શ્લોકમાં ગંભીરા નદીને નાયિકા અને મેઘને નાયક કલ્પી શૃંગાર રસનું ભાન

વાંચકોને કરાવ્યું છે. ગંભીરા નદીને પણ નાયિકા રૂપે કલ્પી છે. શ્લોકનો ભાવ શૃંગાર રસથી ભરપુર છે.

પછી આગળ કવિ બે શ્લોકમાં ગંભીરા નદી સાથે કેવી રીતે વર્તી આગળ પ્રયાણ શરૂ કરવું તે સૂચવે છે. અને પછી હિમાલય પર જવાનું સૂચન કરે છે તેનું વર્ણન પણ સાત આઠ શ્લોકમાં આપે છે પછી હિમાલયમાંથી બહાર નિકળી કૈલાસ પર્વતની પાસે રહેલ અલકા નગરીમાં જવાનું કહે છે. હિમાલયથી બહાર કેમ નિકલવું તેનું વર્ણન નીચે મુજબ કરેછેઃ—

જોતાં જોતાં હિમગીરી તણા પ્રાન્તની આવી લીલા,
હંસદ્વારે ભૃગુપતી તણી કીર્તિના માર્ગમાં જાઃ
પેસી વાંકો થઇ વિચરજે ઉતરે ક્રૌંચમાંથી,
શોભા પામી બળી દમનમાં વિષ્ણુના પાદ જેવી,

અર્થાત્ હે મેઘ ! આવી કુદરતની લીલા જોતો જોતો તું હિમાલયના હંસદ્વારને ઓળંગી જઇ અને હે મેઘ ! તું કૈલાસ જવાને માટે વાંકો વળી લાંબો થઇ આ ક્રૌંચ માર્ગમાંથી પેસી ઉત્તરે જવા માંડીશ ત્યારે વળી દમન વખતે લાંબા કરેલા પરમાત્મા વિષ્ણુ ભગવાનના પગ જેવો શ્યામ રંગનો અર્થાત્ શોભાયમાન દેખાઇશ. આમાં પુરાણમાં બળીને ભગવાને એક પગથી પાતાળમાં દાબી દીધો હતો તેનું દિગ્દર્શન પણ કરી દેખાડયું છે. ત્યાર પછી મેઘને કૈલાસપુરી તરફ ગમન કરવાનું સૂચવે છે. તેની પાસે રહેલી અલકાનગરીનું વર્ણન આપતાં યક્ષ મેઘને અલકામાં પ્રવેશ કરવાની નિશાની નીચે મુજબ આપે છે.

ખોલે તેને પ્રિય ગણી સર્યું વસ્ત્ર ગંગાનું ધારી,
બેઠેલી તું નગરી અલકા જાણજે કામ ચારી;
જે વર્ષામાં જળ ટપકતાં મહેલથી અંબુ ધારે,
મોતી સેરો ગુંથતી અલકે, કામિની શી સુહાયે.

જેમ ગંભીરામાં મેઘને નાયક અને નદીને નાયિકા રૂપે કલ્પેલ હતાં, તેમ આમાં અલકાને નાયિકા અને કૈલાસ પર્વતને પ્રિયતમ કલ્પ્યો છે અર્થાત્ તેના સંગમાં બેઠેલી નગરી અલકા પ્રિયા જેવીજ શોભે છે પાસે નિર્મળ રૂપેરી વારિ પ્રવાહ ગંગાનો વહ્યો જાય છે તે પોતાના પ્રિયતમના સ્પર્શને લીધે રસલીનતાથી જાણે આપો આપ સરી પડતું અલકા રૂપી નાયકાનું રેશમી વસ્ત્ર હોય તેવો દેખાય છે. અત્યંત ઉંચાં મહેલનાં શિખરો તેના મસ્તક રૂપે છે. શામ વર્ણનાં મેઘનાં ટોળાં એના અંબોડાને સ્થળે છે. અને તેમાંથી ખરતાં સ્વચ્છ વૃષ્ટિનાં બિન્દુ એ કાળા કેશમાં ગુંથેલી મોતીની સેરો રૂપે છે. આવો નાયક નાયિકાનો મનોહર સંયોગ જોતાં હે કામચારી ! અર્થાત્ ઇચ્છા પ્રમાણે ગમન કરવાવાળા હે મેઘ ! તું સહજ જાણી શકશે કે આજ અમારી અલકા નગરી છે.

કાળીદાસની અત્યંત રમણીય કલ્પનાશક્તિનો આ નમુનો છે.

ઉપર મુજબ કાળીદાસ અલકા પ્રવેશનું વર્ણન આપે છે અને ત્યાં પૂર્વ મેઘ પુરો થાય છે અને ઉત્તર મેઘમાં તેને ઉત્તરે જવાનો માર્ગ નિશ્ચય કરી પોતાનો સંદેશો કહે છે તેનું વર્ણન આગળ આપીશું.

પ્રિય વાંચકો ! આપનો સમય મેં રોકયો અને આપને શ્રમ આપ્યો પરંતુ કાળીદાસના ટાંકેલા શ્લોકો પરથી તેમજ રા. રા. કિલાભાઇના ભાષાંતર પરથી આપની સારી રીતે ખાત્રી થઇ હશે કે આ ભાષાંતર કરવામાં રા. રા. કિલાભાઇએ સરલ ગુજરાતી ભાષા મૂળ મુજબ મંદાક્રાન્તા વૃત્ત રાખવાની પસંદગી અને તેમાં શબ્દે શબ્દમાં ઉતારેલી કાળીદાસની સંપૂર્ણ છાયા અર્થાત્ ભાવના વિગેરે બાબતો જે ભાષાંતરોનાં મુખ્ય અંગ ગણાય છે તે અંગોને જાળવી રાખવામાં રા. રા. કિલાભાઇએ સંપૂર્ણ ફતેહ મેલવેલી છે.

ભાષાંતરના આટલાં કાર્યો–અંગો–ઉપરાંત શબ્દેશબ્દ પર વિસ્તીર્ણ ટીકા કરી છે ઉપરાંત આઠ ભાવદર્શક ચિત્રો આપેલાં છે તેનું વર્ણન અત્રે આપવું અયોગ્ય નહિજ લેખાય. પહેલું ચિત્ર યક્ષનું છે તેમાં તે રામગીરી પર્વત પર જઇ વસેલો છે અને શરીરે નિર્બળ થઇ ગયેલો વિચારમાં બેઠો છે તેનો દેખાવ ઘણોજ મનોહર લાગે છે. બીજું રામગીરી પર્વત પર યક્ષ મેઘને જોતાં આવકાર આપે છે. તે ચિત્રમાં સ્હેજ ભાવ બદલાયલો લાગે છે. યક્ષ પર્વતપરથી આવકાર આપે છે પણ તે ઉડતો હોય તેવો દેખાવ છે. કદાચ હર્ષાવેશમાં તેવો ભાવ આપ્યો હોય પણ સહેજ ભાવ તો બદલાયલોજ જણાય છે.* ત્રીજામાં વરસાદથી પૃથ્વીનો થતો દેખાવ તેમજ આકાશમાં ઉડતા રાજહંસોના આકર્ષક દેખાવનું રમણીય ચિત્ર આપેલું છે.‡ વરસાદથી પૃથ્વીનો દેખાવ કેવો થાય છે તેમજ આકાશમાં ઉડતા રાજહંસોનું ચિત્ર કેવું લાગે છે. મનુષ્યો ગાયો વિગેરેનો દેખાવ પણ આબેહુબ અપાયલો છે તે ચિત્ર ઘણુંજ ભાવદર્શક છે. અત્યારે શહેર કરતાં ગામડાઓમાં દેખાવ રમણીય લાગે છે.

આ ચિત્રમાં રાજહંસો જે કૈલાસમાં આવેલા માનસરોવરમાં ઉડી જતા તારા સાથી થશે એમ મેઘ કહે છે. તારી ગર્જનાથી મોહિત થઇને આકાશમાં તારા સાથી થશે.

ચોથા ચિત્રમાં મહાકાળેશ્વરમાં પૂજન વખતે નૃત્ય કરતી વારાંગનાઓ છે. આ વારાંગનાઓ ચમર આમ તેમ ઢોલે છે. આવો ભાવ આ ચિત્રમાં આપ્યો છે. પરંતુ અજાણ્યા માણસને તો આ ચિત્રમાં અને શ્લોકના ભાવમાં ઘણોજ ફરક દેખાય છે. ચિત્રનો ભાવ જાણે યક્ષની સ્ત્રી મેઘને જોતી હોય અને વાદળીઓ આમ તેમ ફરતી હોય તેવો છે પરંતુ શ્લોકનો ભાવ આવો નથી. ચિત્રકારની ખામી હોય કે ચિત્ર કઢાવનારની ખામી હોય તે કલ્પી શકવું અશક્ય છે. પરંતુ ચિત્રનો ભાવતો ઘણો જ બદલાયો હોય તેમ જ જણાય છે.

---

* જુઓ શ્લોક ૪ થો.

" દેખી વર્ષા નિકટ સખીના પ્રાણ ઉગારવાને,
સંદેશામાં કુશળ ખબરો કાવવા મેઘ સાથે;
તાજાં ખીલ્યાં કુટજ કુસુમો હર્ષથી આપી અર્ધ,
પ્રીતિભીનાં વચનથી દીધો મેઘને આવકાર.

‡ જુઓ શ્લોક ૧૧ મો

પૃથ્વીને જે ફળવતી કરે ખિલી રે'તાં શિલિંધે,
એવી તારી શ્રવણ સુખદા ગર્જના સાંભળીને;
કૈલાસાદ્રિ સુધિ બિસભરી, માનસે ઉડીજાતા,
તારા સાથી નભમહીં થશે રાજહંસો રૂપાળા.

શ્લોકનો ભાવ* જોતાં ચિત્ર આપવાની રીતી ઉલટીજ જણાય છે. વારાંગનાઓ હારમાં મણીથી જડેલાં ચમરો ઝીલી નૃત્ય કરતાં આમતેમ ચામર ઢોલે છે. તેનાં રત્નોનાં પ્રકાશથી તેમના ઉદરપરની ત્રિવલ્લી આછાં વસ્ત્રમાંથી દેખાય છે આમ કહેવાનો હેતુ છે પરંતુ ચિત્ર જોતાં તદ્દન જુદોજ ભાવ જણાય છે. જાણે શંકરના દેવાલયની બહાર બેઠેલી વારાંગનાઓમાંની એક મુખ્ય, સૃષ્ટિ લીલા જુએ છે અને આકાશ ભણી મુખ હોય તેમ મનાય છે. અર્થાત્ મેઘદૂતના કાવ્યથી અજાણ્યુ વાંચકને તો તે જાણે યક્ષની સ્ત્રી હોય તેવું લાગે છે અને આસપાસની સ્ત્રીઓ આકાશમાં વાદળાં અગર વૃષ્ટિ થશે તેમ સુચવે છે. ગમેતેમ પણ ભાવ બદલાયલો જણાય છે ખરો. પરંતુ "કેહેવા કરતાં કરવું મુસ્કેલ છે." એ કહેતીનું પણ સ્મરણ વાંચકોને યાદ કરવાનું ભૂલી જવું જોઇતું નથી.

પાંચમા ચિત્રમાં હિમાયલય પરના મૃગો—કસ્તુરી મૃગો ચરતા ઉભા છે§ અને ગંગા નદીનું મુખ જ્યાંથી નીકળે છે તેવા પર્વત—બરફથી સફેદ દેખાતા હિમગીરી—પર જ્યારે મેઘ વિસામો લેછે ત્યારનો દેખાવ છે. આ ચિત્રથી શ્રાવણ માસનો પર્વતપરનો દેખાવ યાદ આવે છે... હિમાલયના કસ્તુરી મૃગો. કે જેની સુગંધથી શિલાઓ પણ સૌગન્ધ્યથી ભરપુર જણાયછે તેવા મૃગો ઉભા છે તેનું વર્ણન ઘણુંજ અસરકારક ચિતર્યું છે.

છઠ્ઠા ચિત્રમાં× અલકા નગરીનો દેખાવ ઘણોજ અસરકારક લેખિનીથી ચિત્રાયલો છે. તેમાં અલકાનગરીનું વર્ણન છે. અને મેઘ હિમાયલમાંથી નિકળતાં અલકા પ્રવેશનો દેખાવ છે ચિત્ર ઘણુંજ ઉત્તમ અને મનોરંજક છે.

ઉપર મુજબ ૭ ચિત્રો પૂર્વ મેઘમાં છે, બાકીમાં બે ઉત્તર મેઘમાં આપેલાં છે (તેનું વર્ણન ઉત્તરમેઘના અવલોકનમાં આવશે) પ્રસ્તુત ભાષાંતરમાં ચિત્રો કોઇપણ આવૃત્તિનું અનુકરણ કરીને અપાયા નથી પણ ચિત્રો આપવાની હિમ્મત પહેલવહેલીજ કરી છે. ચિત્રો આપવાથી રા. રા. કિલાભાઇએ નીચેની ખામીઓ પુરી પાડી છે.

---

* શ્લોકનું ભાષાંતર નિચે મુજબ છે.

પાયે દુખે ઘસઈ નખમાં અંગુઠે તાલ આપી,
તેને જ્યારે નવજલકણે મેઘ તું દેશ શાન્તિ;
ત્યારે તારાભણી મુખ કરી ત્યાંની વારાંગનાઓ,
જોશે નાખી મધુકરતણી શ્રેણી જેવાં કટાક્ષો.

§ જ્યાં બેઠાથી મૃગ મસમસે કસ્તુરીથી શિલાઓ,
જ્યાંથી ગંગા નિકળી, ગિરિએ હિમથી શ્વેત વર્ણો;
એવે શૃંગે જઈ વિરમતાં ટાળવા થાક તારો,
દેખાશે તું શિવજી વૃષભે પંક જાણે ઉખાડયો.

× ઉચાં ઉચાં ભવન શિખરે, એ પૂરી મેઘકાર્યે,
વારી બિન્દુથકી નિગળતાં, અભ્રનાં વૃન્દ ધાર;
તે શું જાણે પ્રિયતમતણા, આવિને અંક માંહે,
મોતી સેરો ગુંથી અળકમાં કામિની બેઠી હોયે.

(૧) ચિત્રો આપવાથી કાવ્યનું અતિમહત્વપણું દેખાઈ આવે છે.

(૨) ભાવ-કર્તાનો-કેવો હશે. તે પણ તથા આ ઉપરથી ભાષાંતર કર્તાની વિદ્વતાની પરીક્ષાની વાચકોને પ્રતિતી થાય છે અને આવા નિરભિમાની સાક્ષરો માટે વાંચકો અભિમાન ધરાવે છે.

(૩) ચિત્રોથી સહેલામાં સહેલું વાચકોને વાંચવાનું તેમજ સમજવાનું મળે છે અર્થાત બહુ તકલીફ પડતી નથી, કારણ ભાવ તો લોકોને-ચિત્રોમાં-જોવાથીજ જાણવામાં આવી જાય છે વળી ૧૩૦ જેટલા શ્લોકોમાં આઠ ચિત્રો ઓછાં નથી.

(૪) વાંચવાનું જેને મન ન હોય અર્થાત્ જેને કંટાળો હોય તેને પણ ચિત્રોથી ગરજ સરી રહે છે.

આવી ખામીઓ પ્રસ્તુત પુસ્તકથી રા. કિલાભાઇએ પૂરી પાડી ગુર્જર સાહિત્યની અમુલ્ય સેવા બજાવી છે. સ્થળે સ્થળે રા. રા. કિલાભાઇનું નિરાભિમાનીપણું વાંચકોને સાબિત થાય છે. આને માટે વધારે લખવું સૂર્યને આલેખવા સમાન છે.

મેઘદૂત-કાવ્યપર વિસ્તીર્ણ ટીકા શબ્દોના અર્થો સરળતાથી સમજાવવાનો પોતાથી બનતો પ્રયત્ન કરવા ઉપરાંત કાળીદાસ અને ભાસના સબંધમાં અમુલ્ય ચર્ચા કરી છે, અને ભાસના સંબંધમાં મી. ચોધરી બારિસ્ટર તથા મી. જયસ્વાલ સાથે ચર્ચામાં ભાગ લઈ પ્રસ્તુત પુસ્તકમાં તેઓ આવા નિર્ણયપર આવેલા છેઃ—

" .........મહાકવિ ભાસ પૂર્વે ત્રીજા શતકના અંતમાં એટલે મહારાજા ચંદ્રગુપ્તના સમયમાં થયા હશે અને કાળીદાસ અગ્નિમિત્રના સમયમાં એટલે ઈ. સ. પૂર્વે ૧૫૦ થી ૧૭૦ વર્ષ સુધીમાં થયા હશે. એવું અનુમાન હાલ તુરતતો વધારે સંભવિત લાગે છે.

કાળીદાસ તથા ભાસ માટે ઉપરનો કાળ પોતાના બહુ વખતના વિચાર પછી પ્રદર્શીત કર્યો છે આને માટે વધુ ચર્ચા આગળ ઉપર કરીશું હાલતો ભાસ, કાળીદાસ અને ભવભૂતિ તથા બાણ માટે ભાષાંતર કર્તાના ઉદ્‌ગારો વાંચકોની દૃષ્ટિ આગળ પુનઃ દેખાડવાની લાલસા થોભાવી શકતો નથી કેઃ—

**कालिदासस्तु शृंगार भासो वीरे विशिष्यते ।**
**करुणेभवभूतिश्चबाणः सर्वेषु मध्यमः ॥**

લલ્લુભાઈ વિ. નરોત્તમદાસ મહેતા.

# સ્ત્રી-ધૈર્ય.

( ૧ )

સામાન્ય વ્યવહારમાં ભીરૂ દેખાતી પણ સ્નેહની મદદમાં સિંહની અડગ છાતીવાળી, તે સ્ત્રી. સ્ત્રીઓમાં ઘણા ગુણોની ખામી હશે પણ જે ધૈર્યથી તેઓ અણીને સમયે પડખે ઉભી રહે છે તે ધૈર્યના સૂર્યપ્રકાશ આગળ પુરૂષના ઘણા ગુણો તારાના તેજ સમાનજ નિર્માલ્ય જણાય છે.

હસમુખી, આનંદી, શાંતા રજનીરાયની પુત્રી હતી. સ્વભાવે ન્હાનપણથીજ ચંચળ હતી. વળી એકની એક પુત્રી, ઘરમાં સંપત્તિ સારી, અને માબાપ પુત્રી ઘેલાં એટલે ટુંકમાં તે 'લડાવેલી' થઈ હતી.

તેનામાં કાંઈ દુર્ગુણ ન્હોતો. તે હમેશ હસતી કારણ કે તેને રોવાનું કાંઈ કારણજ ન્હોતું. તે ઘણાને તોછડી લાગતી પણ તેનું કારણ તેને મનમાં કાંઈ રાખી મ્હોડે કાંઇ બોલતાં ન્હોતું આવડતું તે હતું. પણ તેના હસવામાં, બોલવામાં બીજાને દુઃખ દેવાના ઇરાદાનું સ્વપ્ન પણ ન્હોતું. સ્વચ્છ નિર્મળ જળમાં કાદવનો રજકણ ન્હોતો ભેળાયો.

'બળ્યું કીકી, આ શો વેશ કહાડયો!'

રજનીરાયને હું મેડીએ બેઠા હતા ત્યાં ગોદાવરી ભાભીનો સ્વર આવ્યો. ખડખડ હસતી શાંતા બોલી 'પણ બા રમીએ છીએ તે. આપણે પરમ દહાડે કાંતુભાઇ પરણ્યા ત્યારે વરવહુ કેવાં હતાં તે ગંગાને બતાવું છું. એ થઈ છે વહુ ને હું વર. પણ એને રમતાં આવડતું નથી તો?'

રજનીરાયે હસવા માંડયું ને મેં બારીએથી ચોકમાં નજર કરી. શાંતાબાઇએ ધોતીઉં બદન પ્હેરી માથે રૂમાલની પાઘડી બાંધી હતી. કેડે બીજું ધોતીઉં બાંધી તેનો છેડો ગંગાને આપ્યો હતો ને તેને માથે ટુવાલનો ઘુમટો કહડાવ્યો હતો. વરકન્યા વચલા થાંભલા આસપાસ મંગળ ફેરા ફરતાં હતાં. શાંતા રોફમાં વરના અને ધીમી રાંકી ગંગા શરમાળ વહુના નમુના રૂપ હતાં.

'વાહ વાહ શાંતા! ખુબ કરી આજ તો!'

'કેમ કાકા! પરમ દહાડે વરવહુ આમજ ચાલતાં હતાં ને?'

'હા બેટા. પણ તું પરણી અને ત્યારે ત્હારો વર રોફ મારશે ને ત્હારે નીચું જોઈ ચાલવાનું આવશે.'

'ના, તે કાકા હું કોઇની પાછળ એમ નીચું ઘાલી પુંછડા પેઠે ચાલું નહિ.'

'જોઇશું એતો શાંતા.' મેં હસતાં હસતાં કહ્યું.

( ૨ )

ઉપરની વાતને ઘણો વખત ગયો. ફરી શાંતાનો મેળાપ મને આઠ વર્ષે થયો. આજ

શાંતાને પરણે ત્રણુ ચાર વર્ષ થયાં હતાં. બાળકી મટી તે યૌવનાવસ્થામાં પ્રવેશ કરતી હતી. સ્વાભાવિક રીતેજ ત્હેનો સ્વભાવ પ્હેલા કરતા જરા ઠરેલ થયો હતો પણુ હજી કોઇ કોઇ વખત તેની હસતી આંખનો ચમકારો તેની જુની લાંઠાઈ યાદ કરાવતો હતો, તેના હાસ્યની છુટ જરા ન્યૂન થઇ હતી પણુ તેમાં આર્દ્રતા ઉમેરાઇ હતી.

હું ને રજનીરાય બેઠા હતા ત્યાં ચ્હા લઇને શાંતા આવી.

'કેમ કાકા ખુશીમાં તો છોને ? ઇન્દુ સારી છે ને ?'

'હા, સારી છે. પણુ શાંતા પછી પરણુતી વખતે શું કર્યું ? તું પુંછડું થઇ હતી કે કંચનલાલ ? મ્હેં તેની ન્હાનપણુની વાત સંભારી હસતાં હસતાં પુછયું.

શાંતા શરમાઇ—હસી—પછી ડોક ઊંચી કરી તેની ન્હાનપણુની સ્વતંત્રતાથી બોલી.'

'પુરૂષ છોને આગળ રહી ડોળ કરે પણુ પાછળથી તેમને પુતળા માફક નચાવનાર સ્રી તો.'

'એમજ કે ? બિચારા કંચનલાલ !'

'તે હું કાંઇ મ્હારી વાત નથી કરતી, હુંતો દુનિયાની સામાન્ય વાત કહું છું.'

'હાસ્તો, હવે કાંઇ છટકાશે કે ?'

'સારૂ ત્યારે કાકા, હું હારીને તમે જીત્યા થયું. મોટાં આગળ ન્હાનાં હારેસ્તો ? આમ મ્હોડેથી પોતાને 'હારી' કહેતી પણુ ચ્હેરા ઉપર હારનાં કાંઇ પણુ ચિન્હ વગરની અત્યાર સુધી અજીત્ય શાંતા હસતી હસતી ગઇ.

( ૩ )

કંચનલાલને મુંબાઈ નોકરી હતી. અને શાંતાએ ત્યાં રહેવા માંડયું હતું. સમય વ્હેતો ગયો અને રજનીરાય તથા ગોદાવરીભાભી તેમની પુત્રીને મુકી દેવલોક પામ્યાં. શાંતા એકલવાઇ થઇ.

× × + ×

આજ મુંબાઇમાં મેજીસ્ત્રેટની કોર્ટમાં તોફાનીઓની તપાસ ચાલતી હતી. ગયે મંગળવારે ગણપતિ ચોથનો ઉત્સવ હતો અને વરઘોડો નીકળ્યો હતો તેમાંથી એક મસ્જીદ અગાડી મારામારી થઇ હતી. પોલિસ લોકોને વિખેરવાની તજવીજ કરતી હતી તેવામાં હિંદુઓના ટોળામાંથી ધડાકો થયો અને એક પોલિસ સિપાઇ જમીન ઉપર પડયો. બીજીજ ક્ષણે પોલિસે ધસારો કરી કેટલાક માણસોને પકડયા. આરોપી કંચનલાલ સઉથી આગળ હતો. ધસારો થતાં બીજા ન્હાસી ગયા પણુ તે ખસ્યો ન્હોતો. પિસ્તોલ તેની પાસ જમીન ઉપર પડી હતી. પોલિસ સિપાઇ તુકારામે તેનો હાથ ઉંચો થતાં જોયો હતો. બીજા આરોપીઓને પાસેથી પકડવામાં આવ્યા હતા. તેમની પાસ લાકડીઓ હતી તે તથા પિસ્તોલ રજુ કરવામાં આવ્યાં છે. આ પોલિસની જુબાની હતી.

ગણપતિ ચોથને દિવસે કંચનલાલ હમેશ માફક બ્હાર ફરવા ગયો હતો ત્યાંથી પાછો ન આવ્યો. શાંતાએ રાત્રે વાટ જોઇ પણુ કંચનલાલ ક્યાંથી ? બીજે દિવસે સવારે તેણે

તોફાનની ખબર સાંભળીને પાડોસમાંથી નારણલાલને સાથે લઇ ઇસ્પિતાલોમાં ફરી વળી પણ ત્યાં પણ કંચનલાલનો પત્તો ન્હોતો. સાંજરે ખબર પડી કે કંચનલાલને તો પોલિસ પકડી ગયા છે. તરત ત્યાં જઇ તે કંચનલાલને મળી ને સઘળી વિગત પુછી લીધી.

મુંબાઇ શહેર જ્યાં ભલભલા પુરૂષો પણ અજાણ્યા હોય તો ગભરાય ત્યાં મ્હારી એકલવાઇ શાંતા ઉપર આ આફત આવી. યુરોપની મડમો જન્મથીજ સ્વતંત્રતામાં ઉછરી હોય છે પણ આપણી સ્ત્રીઓનો સંસાર ઘરમાંજ સમાપ્ત થાય છે. તેઓને રૂશિયામાં શું ચાલે છે તેની ખબર હોતી નથી. બ્હાર કદી એકલી નીકળી હોતી નથી. આવી સ્ત્રીને વકીલ શોધવા જવાનું તેને હકીકત સમજાવવાની, પતિને ખાવાપીવાનો બંદોબસ્ત કરવાની અને તેને હિમ્મત આપવાની, સર્વ વ્યવસ્થા કરવાની, માથે આવી. મ્હારી બ્હાદુર શાંતાએ ધીરજથી બધું કર્યું.

મેજીસ્ટ્રેટની કોર્ટમાં તપાસ ચાલીને કંચનલાલ 'કમિટ' થયો. બાકીનો હેવાલ મુંબાઇનું એક પત્ર નીચે પ્રમાણે આપે છે.

( ૪ )

'છેલ્લા તોફાનમાં પકડાયેલા કંચનલાલની તપાસ ત્રણ દિવસથી હાઇકોર્ટમાં ચાલે છે તે અમારા વાંચકો જાણે છે. આજ તેની તપાસ શરૂ થતાં એક 'સેન્સેશનલ' બનાવ બ્હાર આવ્યો છે. એમ જણાય છે કે કંચનલાલ જે આજુબાજુના 'circumstantial' પુરાવાથી ખરો ખુની લાગતો હતો તે નથી. કાલ રાત્રે એક આદમી બોરી બન્દર સ્ટેશનેથી પુનાની ગાડીમાં જતો હતો તેની હિલચાલ ઉપરથી છુપી પોલિસના એક અમલદારને હેના ઉપર શક આવતાં તેને અટકાવી તેનો સામાન તપાસ્યો. તેની ચામડાની હેન્ડબેગને ખોટું તળીઉં હતું અને તેમાંથી કેટલીક કારતુસો તથા પિસ્તોલ મળી આવી છે. કારતુસો કંચનલાલની પાસેથી મળી આવેલી પિસ્તોલમાં વપરાય એવી છે એમ દારૂખાનાનો અનુભવ જણાવે છે. અમારા વાંચનારને યાદ હશે કે આરોપી કંચનલાલે પોતાના બચાવમાં જણાવ્યું છે કે તે તોફાનને દિવસે ફક્ત જોવાનેજ ઉભો હતો. પણ લોકોના ધસારાથી આગળ ધસડાઇ આવ્યો. તે કહે છે કે તેની પાછળ ભડાકો થયો તેથી કાન બંધ કરવા હાથ ઉંચો કર્યો અને ભડાકાથી ગભરાઇને ઉભો હતો એટલામાં પોલિસે તેને પકડ્યો. બોરી બન્દર ઉપર પકડાયલા સખસનું નામ કેશવ સખારામ ખડગગ્રૂર છે ને તેણે પોતાના ગુન્હાનો એકરાર કર્યાથી મિ. કંચનલાલને માન સહિત છોડી મુકવામાં આવ્યા છે.'

( ૫ )

વર્તમાનપત્રમાં ફક્ત ઉપરનો લુખ્ખોજ હેવાલ આપ્યો છે. પણ મ્હારી શાંતાએ મ્હને અવસરે અવસરે વાત કહેલી તે ઉપરથી જણાય છે કે કેશવે પોતાનો ગુન્હો કાંઇ એકદમ કબુલ કર્યો ન્હોતો. પોલિસે તેને સમજાવ્યો પણ તે એકનો બે થયો નહિ. છેવટે શાંતાની અરજ ઉપરથી તેને સમજાવવા જવા દીધી. શાંતાની આંખમાં હજી વાત કરતાં આંસુ આવે છે. કેશવ પરણેલો છે. શાંતાને જોતાં અને તેની આજીજી સાંભળતાં તેને પોતાની સ્ત્રી સાંભરી અને તેનું મન પીગળ્યું. અને આખરે તેની સ્ત્રી સીતાની સંભાળ રાખવાની

શાંતાએ કબુલાત આપતાં એકરાર લખી આપ્યો. ગમે તેવા માણસને પણ સારે રસ્તે વાળવાની કળ હોય છે. કેશવની કળા તેનો પત્ની પ્રેમ નીવડયો.

મ્હારી શાંતાએ—બધાએ આશા છોડી ત્યારે પોતે આશા રાખી ધૈર્યનો દષ્ટાન્ત દેખાડયો છે તેવા જુના વખતમાં તો સીતા તારાએ દેખાડયા હતા. પણ હાલના વખતમાં પણ સ્ત્રીનો તે અડગ ધૈર્યનો ગુણ હજી તેવોને તેવો છે ને ફરી બતાવે છે. રજનીરાયની લહાવેલી ઉછાંછળી શાંતા તે ધીમી અને સહનશીલ બની પોતે સહનશીલ બની. હિમ્મત રાખી અને બીજાને રખાવી. સ્નેહને વાસ્તે સ્ત્રી શું નહિ કરે ?

હરિપ્રસાદ કીરપારામ ઠાકોર.

---

# શરીર અને તન્દુરસ્તી ઉપર વિચારની અસર.

લેખ ૩ જો.

શરીર એ મનનો ગુલામ છે. તે મનની પ્રવૃત્તિને આધિન છે. મનની પ્રવૃત્તિ વિચારશીલ વા ઉદ્ધત હોય તેની પણ શરીરને પરવા નથી. અયોગ્ય વિચારોના અભ્યાસથી શરીર જલદીથી રોગ અને વિનાશમાં ડૂબે છે. સુન્દર અને આનન્દી વિચારોના અભ્યાસથી શરીર સુન્દર અને યુવાન બને છે.

સંયોગોની જેમ, રોગ અને તન્દુરસ્તીના મૂળ વિચારમાં ઉંડાં નંખાયા છે. રોગીષ્ટ વિચારો એની મેળેજ બીમાર શરીરમાંથી આવે છે. ભયના વિચારો માણસોને ગલોલીની જેમ મારે છે એમ જાણવામાં આવ્યું છે. અને ધીમે ધીમે પણ જલદીથી તેઓ હજારો માણસોના ખૂન પણ કરે છે. રોગના ભયમાં રહેનાર માણસો હમેશાં રોગીજ હોય છે. દુનિયાની ઉપાધિઓ શરીરને ચીંખી નાંખે છે અને તેને માટે રોગના રસ્તા ખૂલ્લા મૂકેછે. અપવિત્ર વિચારો આ નાજૂક પ્રવૃત્તિને વિખેરી નાંખશે.

દૃઢ, પવિત્ર અને સુખી વિચારો શરીરને શક્તિ અને સૌંદર્ય આપે છે. શરીર એક નાજૂક શસ્ત્ર છે. જે વિચારોની શરીર ઉપર સત્તા છે તે વિચારોને તે પ્રતિધ્વની આપે છે. અને વિચારોની ટેવ શરીર ઉપર સારી કે નઠારી અસર નીપજાવશે.

માણસો જ્યાં સુધી અપવિત્ર વિચારોને પોષે છે ત્યાં સુધી તેઓ બીમાર રહેશે. સ્વચ્છ અંતઃકરણમાંથી સ્વચ્છ જીવન અને સ્વચ્છ શરીર પેદા થાય છે. અસ્વચ્છ મનમાંથી દુષ્ટ જીવન અને બીમાર શરીર જન્મ પામે છે. વિચાર એ કાર્ય, અને જીવનનું વ્હેન છે. એ વ્હેનને પવિત્ર બનાવો અને સર્વ વસ્તુ પવિત્ર થશે.

જે માણસો પોતાના વિચારોને નહિ ફેરવે તેઓને માત્ર ખોરાક ફેરવવાથી કાંઈ મદદ મળશે નહિ. જ્યારે માણસો પોતાના ઉપચારો પવિત્ર બનાવે છે ત્યારે એને અપવિત્ર ખોરાકની ઇચ્છા થવાજ નથી.

વિચારોમાંથી સ્વચ્છ ટેવો જન્મ પામે છે. પોતાની દેહ શુદ્ધિ નહિ કરનાર મહાત્મા એ કાંઈ મહાત્મા નથી. જેમણે પોતાના વિચારોને વિશુદ્ધ અને દૃઢ બનાવ્યા છે તેમને ઇર્ષાખોર યંત્રણા માટે વિચારવાનો અવકાશ પણ નથી.

તમને તમારા શરીરની વધારે કાળજી હોય તો પહેલાં તમે તમારા મનને સંભાળો. તમને તમારા શરીરમાં નવજીવનની જરૂર હોય તો તમારા મનને સુન્દર બનાવો. ઇર્ષા, અદેખાઈ, નિરાશા અને ભયના વિચારો શરીરની તન્દુરસ્તીને બગાડે છે. તેઓ શરીરના સૌંદર્યને પણ લૂંટી લેછે. નસીબથીજ કાંઈ મવાલી મુખ પેદા થતું નથી. મવાલી વિચારોથીજ મવાલી ચ્હેરો પેદા થાય છે. મ્હોં ઉપર પડેલી કરચલીઓ એ મૂર્ખાઈ, ગુસ્સો અને અભિમાનથી પડેલી છે.

૯૬ વર્ષની એક ડોશીને હું પીછાણું છું. તેનો ચ્હેરો એક બાલકના જેવો સુન્દર અને નિર્દોષ છે. હું એક આધેડ વયના માણસને પીછાણું છું. આવડી નાની ઉમરમાં તેના ચ્હેરા ઉપર કરચલીઓ પડી ગઈ છે. એક એ મધુર અને ગૌરવ ભરેલા સ્વભાવનું પરિણામ છે અને બીજું એ નિરાશા અને અસંતોષનું પરિણામ છે.

જ્યાં સુધી તમે તમારા નિવાસમાં સ્વચ્છ અને છૂટી હવાને દાખલ થવા દો નહિ ત્યાં સુધી તમને સુન્દર અને મધુર નિવાસ મળી શકેજ નહિ; તેમજ આનન્દ, સદ્‌વૃત્તિ અને શાંતિના વિચારોને મનમાં છૂટથી દાખલ કરવાથીજ મજબૂત શરીર અને સુન્દર અને શાંત ચ્હેરો પ્રકટ થાય છે.

વૃદ્ધ પુરૂષોના ચ્હેરા ઉપર કેટલીક કરચલીઓ દયાથી પડી ગઈ છે. કેટલીક માત્ર દૃઢ અને પવિત્ર વિચારોથી પડી છે અને કેટલીક તો માત્ર આકાંક્ષાથી પડી ગઈ છે. કોણ તેને ઓળખી શકતું નથી ? જેમણે સત્ય જીવન ગાળ્યું છે, તેમની સાથે અવસ્થા. શાંત, મધુર અને નાજુક છે. થોડાજ વખત ઉપર મેં એક ફીલસુફને મરણ પથારીએ પડેલો જોયો હતો. માત્ર વર્ષની ગણત્રી સિવાય તે વૃદ્ધ નહતો. જેટલી શાંતિથી તે જીવતો હતો તેટલીજ શાંતિથી તે મરી ગયો.

શરીરના દુઃખોના ઉપચાર માટે આનંદી વિચાર જેવો બીજો કોઈ સારો વૈદ્ય નથી. દુઃખ અને શોકની છાયાને ટાળવાને માટે સદ્‌વૃત્તિ જેવો એકે દિલસોજ મિત્ર નથી. હમેશાં બૂરાઈ, નિર્વિદવાદ, શંકા અને ઇર્ષાના વિચારમાં મસ્ત રહેવું એ પોતે હાથે કરેલા કેદખાનામાં પૂરાઇ રહેવા બરાબર છે. પરન્તુ સર્વનું ભલું ચાહવું, સર્વની સાથે હેતથી રહેવું અને સર્વમાં ભલાઈજ જોવી. આવા નિઃસ્વાર્થ વિચારો સ્વર્ગના માર્ગ દર્શક દૂતો છે. અને દરેક પ્રાણી સાથે હમેશાં શાંતિથી રહેવાથી આપણે અખંડ અને અમર સુખને પ્રાપ્ત કરીએ છીએ.

—હરિલાલ દ્વારકાંદાસ સંઘવી.

---

# મંગળનો ગ્રહ—એક કૂટ પ્રશ્ન.

રાત્રે નિર્મળ આકાશમાં અસંખ્ય તારા-ગણમાંથી આપણે મંગળના ગ્રહને તેના રતુમડા ધગધગતા અંગારા જેવા પ્રકાશને લીધે સહજ ઓળખી શકીએ છીએ. પરંતુ નરી આંખે જોવાથી તે ગ્રહમાં રહેલી ખુબીઓ આપણે જોઇ શકતા નથી. નિરીક્ષણ કરવાના ઘણાજ અનુકૂળ પ્રસંગે પણ નરી આંખે તો તે માત્ર અડધા રૂપિઆ જેવડો જાણે આપણાથી બે ત્રણ હજારવાર દૂર હોય તેવોજ દેખાય છે-પછી ધીમે ધીમે તે ઘણો ન્હાનો થઈ જાય છે. અને તે વખતે તેના આકાશગામી સ્નેહિઓ કરતાં ઘણોજ રાતો દેખાય છે. તેના આ ગુણને લીધેજ આપણા ખગોળ શાસ્ત્રીઓએ પણ તેનાં લોહિતાંગ અંગારક વિગેરે નામો પાડ્યાં છે.

આ ગ્રહનું નિરીક્ષણ કરવા ખગોળવેત્તાઓએ મોટાં મોટાં દૂરબીનો બનાવ્યાં છે. તેમાં આ ગ્રહ આપણને નરી આંખે જેવડો ચંદ્ર જણાય તેવડો મોટો દેખાય છે.

આમ થવાથી આખા નભમંડળમાં ઘણોજ ચમત્કારિક ગ્રહ છે એમ ખગોળશાસ્ત્રીઓને લાગ્યું છે અને તેથી હર્ષોન્માદ ઉત્પન્ન કરે અને ગુંચવી નાંખે તેવા ગુપ્ત ભેદોના રહસ્યનું સ્પષ્ટીકરણ કરવાની મહાભારત મુશ્કેલીઓમાં તેઓ આવી પડ્યા છે. આ ગુપ્ત ભેદોને માટે અસંખ્ય અનુમાનો રજુ કરાઇ ચુકાયાં છે પણ દરેક અનુમાન પહેલાં કરેલાં અનુમાન કરતાં વધારે ઉટંગ અને અસંભવિત જણાય છે.

વિજ્ઞાનવેત્તાઓ આ અનુમાનો માટે સામસામાં યુદ્ધ ચલાવી રહ્યાં છે, નવલકથાકારોયે આ પ્રશ્નોને કેવળ કપોળ કલ્પિત ગણ્યા છે. પરંતુ વસ્તુસ્થિતિ નીચે પ્રમાણે છેઃ—

આપણી પૃથ્વીની પેઠેજ મંગળપર પાણી ને જમીન એવા બે વિભાગ છે જ્યારે મંગળની જમીન-જેનો રંગ નારંગી જેવો છે, તેને સ્વચ્છ વાતાવરણમાં દૂરબીન વડે જોઇએ છીએ ત્યારે જાણે તેમાં ચારે તરફથી દરેક દિશામાં સીધા કાપા પાડ્યા હોય તેવું જણાય છે. આ કાપા જાણે આંકણીથી આંકીને પાડ્યા હોય તેવા સીધા દેખાય છે.

આ લીંટીઓ કિનારા આગળથી નીકળી ખંડના મધ્ય ભાગ તરફ ટપકાં જેવી જણાતી વસ્તુને મળે છે. આ લીટીઓ એક બીજાને તમામ ખૂણે છેદીને પણ જાય છે; અને આ સઘળી લીંટીઓનું કેંદ્ર જાણે અમુક ગોળ કાળા ડાઘાઓ જેને સરોવર કહે છે તે હોય એમ દેખાય છે. આ કાળા ડાઘાઓને વિશાળ રેલ્વે જંક્શનની ઉપમા આપી શકાય.

દૂરબીન વડે જોતાં આ ગ્રહ ઉપરની ઘેરી લીંટીઓ આપણને તારનાં દોરડાં, નરી આંખે સો ફીટ દુરથી જેવા દેખાય તેવી જણાય છે. એટલે કે તેઓ બિલકુલ પહોળી તો જણાતી જ નથી; પણ દૂરબીનમાં તંતુ જેવી જણાતી સાંકડામાં સાંકડી લીંટીની પહોળાઈ સુમારે એક માઇલ જેટલી છે અને વધારેમાં વધારે તેની પહોળાઈ દસ માઇલ સુધી હોય છે. એની લંબાઈ ત્રણસેંપચાસ માઇલથી ચાર હજાર માઇલની હોય છે. લાંબામાં લાંબી લીંટી લંડનથી ચિકાગો કરતાં પણ ઘણી દૂર જાય એટલી છે.

આ તમામ લીટીઓ બિલકુલ વાંકી ચુંકી નહિ એવી સીધી હોવાનું કારણ ખગોળ શાસ્ત્રીઓને ગુંચવણીમાં નાંખે છે. આ ગ્રહ ઉપર લીટીઓનું અસ્તિત્વ અશ્રદ્ધાળુ જગત સમક્ષ રજુ કરાયું ન કરાયું એટલામાં તો બધી લીટીઓ જાણે બેવડી દોરેલી હોય એવું આ ગ્રહ ઉપર કોઇ કોઇ સમયે જણાય છે એ વાત પ્રસિદ્ધિમાં આવી।

આ બીજી લીટીઓ દરેક રીતે પહેલી લીટીઓને મળતી આવે છે; ને પહેલી લીટીઓની લગોલગ જ્યાંથી તે શરૂ થતી દેખાય છે ત્યાંથી તે તેના છેડા સુધી રેલ્વેના પાટાની પેઠે સમાંતર જતી હોય તેવી જણાય છે. આમાંની કેટલીક, સમાન્તર લીટીઓ વચ્ચે ત્રીસ અને કેટલીક વચ્ચે ત્રણસેં માઇલનું અંતર છે.

કેટલાક વખત સુધી એમ મનાયું કે આવી રીતે લીટી બેવડી દેખાવાનું કારણ દષ્ટીભ્રમણા હશે. અશ્રદ્ધાળુઓએ આ બીજી લીટીઓનું અસ્તિત્વજ કબુલ ન કર્યું. પરંતુ વિશેષ અવલોકનથી આ દષ્ટીભ્રમણાનું તહોમત લુલું થઇ ગયું, અને બધાને નહિ પણ આઠ લીટીઓની સાથે આવી બેવડી લીટીઓ છે એ સિદ્ધ થયું.

આ લીટીઓ એ શું હશે ? તે આવી આંકણીથી આંકયા જેવી સીધી કેમ હશે ? તેમાંની કેટલીક આવી બેવડી કેમ હશે ? અને બધી લીટી બેવડી કેમ દેખાતી નહિ હોય એ જાણવાની જીજ્ઞાસા જેમ ખગોળશાસ્ત્રીને થાય તેમ વાચકને થઇ હશે.

વળી એક બીજો ભેદ પણ આ છેઃ—અમુક વખતે, મુકરર ઋતુઓમાં આ લીટીઓ જાદુગરના લખોટાની પેઠે ઉડી જાય છે ! જ્યારે મંગળ પૃથ્વીની પાસે પાસે આવતો જાય છે અને તેનુ નિરીક્ષણ કરવાના અનુકૂળ સંયોગો ઉત્પન્ન થાય છે તેજ વખતે આ લીટીઓ અદૃશ્ય થાય છે ! અને જ્યારે મંગળ પૃથ્વીથી આઘો આઘો જતો જાય છે ત્યારે આ લીટીઓ પાછી દેખા દે છે ! કેટલીક વખત પેન્સીલથી કરેલા જાડા લીટા જેવી દેખાય છે અને કેટલીક વખત છેક કરોળીઆની તાંત જેવી ઝીણી દેખાય છે. કોઇ વાર ચોવીસ કલાકમાં એક લીટીને બદલે બે નજરે પડે છે.

આ બધાનો શું અર્થ હશે ? શું મંગળવાસીઓ ( જો ત્યાં માણસો હોય તો ) કોઇ આસુરિ યંત્ર વડે આપણી તરફ નિશાનીઓ કરે છે ? આ અનુમાન પણ નિર્દિષ્ટ કરાયું છે અને તેને ઘણા વિદ્વાનો તરફથી અનુમોદન મળ્યું છે.

" મંગળ પર માણસો વસી શકે ? " એ નિબંધમાં ડૉ. આલ્ફ્રેડ રસલ વૉલેસ કાંઇ ઓરજ સિદ્ધાન્ત પ્રતિપાદન કરે છે. તે કહે છે કે અસંખ્ય અવાન્તર ગ્રહો અને ખરતા તારાઓના ગળી જવાથી અને રૂપાન્તર થવાથી જ્યારે મંગળ ઘન રૂપે થયો ત્યારે તેની સપાટી ઉપરનું પડ સંકોચાઇ જવાથી તેમાં તડો પડી; અને આ લીટીઓ દેખાય છે તે તડો હોવી જોઇએ. જો એ તડો જ હોય તો તે આવી આંકેલી લીટીઓ જેવી સીધી કેમ હોય ? વળી તેમાંની કેટલી બેવડી કેમ હોય ? વળી કોઇ વાર દેખાય અને કોઇ વાર અદૃશ્ય થાય, એ બધા પ્રશ્નનું આ સિદ્ધાંત માન્ય કર્યાથી નિરાકરણ થઇ શકતું નથી.

કેટલાક કહે છે કે આ લીટીઓ તે નદીઓ છે. પરંતુ નદીઓ સીધી લીટીમાં કદી હોતી નથી તેમજ તેની પહોળાઇ પણ એકજ સરખી સંભવે નહિં. બીજા કેટલાક એવું

પણ અનુમાન કરે છે કે ખરતા તારાના આકર્ષણને લીધે એ ગ્રહની સપાટી ઉપર જમીન ઉપરની આવેલી છે તેથી લીટીઓ જેવું દેખાય છે. પરંતુ આ અનુમાનનો રદીઓ એમ જ આપી શકાય છે—જો એમ હોત તો આ લીટીઓ એક સરખી રીતે જ્યારે જોઇએ ત્યારે દેખાવી જોઇએ. આને બદલે ઋતુ પ્રમાણે લીટીઓ બદલાય છે ને અમુક વખત દેખાતી બંધ પડી પાછી દેખા દે છે.

બહુ માન્ય સિદ્ધાંત તો નહેરોનો છે. અતિશય બાહોશ અને સુધારાની ટોચે પહોંચી ગયેલા મંગળવાસીઓએ પોતાના ગ્રહમાં દિનપ્રતિદિન ઘટી જતા પાણીના સમૂહને ઉપયોગમાં લઇ લેવા ગંજાવર નહેરો બનાવી હોય તેવું આ વિચિત્ર લીટીઓથી અનુમાન થઇ શકે છે. પ્રોફેસર લોવેલ જેણે ગણત્રી કહાડી છે કે આવી ૪૫૦ નહેરો ત્યાં છે. તે કહે છે કે આ નહેરોની યોજનાનો વિકાસ ત્યાંના ધ્રુવ પ્રદેશપરના બરફ પીગળવા ઉપર છે. એ બરફ પીગળવાથી ઘણું પાણી વહેવા માંડે છે. આ પાણીને ખંડના મધ્ય ભાગમાં કાળા ડાઘા જેવી જગાઓએ લઇ જવાને માટે જ આ રાક્ષસી નહેરો બંધાઇ છે. પ્રો. લૉવેલ આ કાળા ડાઘાઓને 'રણમાંહેલી ફળદ્રુપ જગ્યાઓ' ની ઉપમા આપે છે.

આવી ભવ્ય અસંખ્ય નહેરો માણસોએ બનાવી હોય એ સંભવતું નથી એવી પણ એક દલીલ આ સિદ્ધાંત સામે અણાય છે. પરંતુ જો મંગળવાસીઓનું અસ્તિત્વ માન્ય રાખીએ તો એ પણ માન્ય રાખવું પડશે કે મંગળવાસીઓ કાંઇક અદ્દ્ભુત જ મનુષ્યો હોવા જોઇએ. ભિન્ન સંયોગોની અસર તેમના પર થવી હોવી જોઇએ. પ્રો. લૉવેલ જે આ મંગળવાસીઓનું અસ્તિત્વ કબુલ રાખે છે તેણે એક ઠેકાણે કહ્યું છે કે 'અદ્યાપિ કોઇ સ્ત્રીને પેટે વાનરનો જન્મ થયો નથી માટે માણસ જાતના પૂર્વજો એઓ ન હોય એ દલીલ જેમ અપ્રસ્તુત છે તેવીજ અહિંથી માણસ મંગળ પર જાય તો અકળાઇ મરી જાય માટે ત્યાં માણસો નહિ વસતાં હોય એ દલીલ પણ અપ્રસ્તુતજ છે.

પ્રો. પિકરિંગ આ નહેરો સંબંધી કાંઇ જુદુંજ અનુમાન કરે છે. તે એમ માને છે કે આ નહેરો નથી પણ મંગળની સપાટી ઉપરની તડોપરની ધાર પાસે ઉગતી કોઇ હલકા પ્રકારની વનસ્પતિ જેનું પોષણ ગ્રહના મધ્ય ભાગમાંથી નીકળતી હવા કે ભેજથી થાય છે તેના એ પટા જેવું દેખાય છે. કાળા ડાઘા વિશે તે એમ માને છે કે જેમ ચંદ્રની સપાટી ઉપર જ્વાળામુખીનાં મુખ અને તેમાંથી નીકળતી તડો દેખાય છે તેમ આ પણ એવુંજ હોવું જોઇએ. પાંચેક વર્ષ પહેલાં પ્રો. પિકરિંગે ૫। માઇલ ક્ષેત્રફળ જેટલી જગ્યામાં તકતા ગોઠવી મંગળ તરફ નિશાનીઓ કરવાની વિચક્ષણ યોજના ઉભી કરી હતી. પૃથ્વીની ધરી રહે છે તેમ આ બધા તકતા એક ધરી ઉપર રાખી તેમને મોટર વડે ફેરવવા, અને ચોવીસ કલાકમાં એક આંટો ફરી રહે તેવી ગોઠવણ રાખવી.

પ્રો. પિકરિંગ એમ માનતા કે જો મંગળવાસીઓ દૂરબીનનો ઉપયોગ કરતા હશે તો આ પ્રમાણે કરવાથી પડતાં પ્રતિબિંબને સહેલાઇથી જોઇ શકશે. સૂર્યનાં કિરણને એક ક્ષણ ભર આ તકતાઓ પર પડતાં અટકાવી પાછાં તેમના પર પડવા દેવાથી જે ઝબકારા થાય તેવા ઝબકારા જેમ તાર મુકતા હોઇએ તેમ થોડે થોડે અંતરે કરવા એવી એમની સુચના

હતી. આમ કરવાથી મંગળવાસીઓનું ધ્યાન આપણા તરફ ખેંચાશે અને વખતે તેઓ આપણી સંજ્ઞાઓના ઉત્તર પણ વાળે! આ યોજના શબ્દોમાં લખવા તો ઘણીજ સરળ છે પણ તેને અમલમાં મુકતાં ત્રીસ કરોડ રૂપિઆનું ખર્ચ લાગે છે!

નામાંકિત અમેરિકન ખગોળશાસ્ત્રી પ્રો. ડેવિડ ડૉડે વાયરલેસ ટેલીગ્રાફીની મદદ વડે મંગળવાસીઓ સાથે વાતચિત કરવાની યોજના કરી હતી. એ નામાંકિત પુરૂષની યોજના નીચે પ્રમાણે હતીઃ—બલુનમાં બેસી ઘણે ઉંચે પાતળા વાતાવરણમાં જવું, જેથી મંગળ-પરથી આવતા સંદેશાઓને પૃથ્વીપરની કશી પણ અસર અડચણ રૂપ થાય નહિ. કાર્બોનિક એસિડ શ્વાસ બહાર કાઢી નાંખે, ઓક્સજન જોઇતા પ્રમાણમાં મળ્યા કરે અને ઉંચે ચ્હડવાથી શરીર બગડે નહિ માટે હવાનું દબાણ જોઇએ ને પ્રમાણમાં રહે એવાં યંત્રો સાથે રાખીને એક એલ્યુમીનીયમના પાંજરામાં પેસવું. આથી આપણાથી ઘણેજ ઉંચે જવાશે ને ત્યાં રહેવું હોય તેટલું રહેવાશે. ઉંચે ચ્હડયા પછી આપણી સાથે રાખેલાં દોરડાં વગર સંદેશો મોકલવાના યંત્ર વડે મંગળપરથી માત્ર આવતાજ સંદેશા લેવા–તે તરફ મોકલવા નહિ.

મંગળનિવાસીઓ આપણી સાથે વાતચિત કરવા ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે એવું માનનાર પ્રો. ડૉડ કાંઇ એકલાજ નથી. હમણાં ગયેજ વર્ષે જ્યારે આ ગ્રહનું નિરીક્ષણ લગભગ સત્તર દિવસ ચાલ્યું હતું ત્યારે જીનીવાના સુપ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી મેં. લ. કૉલ્ત્રએ ધોળા અને ભુરા રંગના તેજસ્વિ વિજળીના દીવા જેવા સંખ્યાબંધ ઝબકારા જોયા હતા. આ ઝબકારા અમુક ક્ષણ સુધી રહેતા હતા અને કેટલાક દિવસ સુધી રાતે દેખાયા હતા.

આવો પ્રકાશ પહેલી જ વાર દેખાયો હોય એમ નથી. છેલ્લાં છ સાત વર્ષમાં કેટલાક ખગોળશાસ્ત્રીઓને જુદે જુદે વખતે આવો પ્રકાશ જણાયો છે, અને તે કાંઈ વાતાવરણની કે જ્વાલામુખીની અસર હશે એમ સમજાવવાનો તેમણે પ્રયત્ય કર્યો છે. પણ મેં. લ. કૉલ્ત્ર, મંગળવાસીઓ આપણી સાથે વાતચિત કરવા પ્રયત્ન કરે છે એવું ખાત્રીથી માનેછે.

આવો એક બીજો પણ મર્મસૂચક બનાવ બન્યો હતો. ન્યુયૉર્કના બિંગહામ્પટનમાં ઇ. સ. ૧૮૯૭ માં એક વખત પ્રો. જેરેમ મેકડોનલ્ડ પ્હો ફાટતાં પહેલાં ઘેર આવતા હતા એવામાં એકાએક અતિશય પ્રકાશમાન ઝલકારાથી તેમની આંખ અંજાઇ ગઈ અને તેમના ઘરથી થોડે દૂર કાંઇક વસ્તુ જમીનમાં પેસી જતી તેમણે જોઇ. થોડી વાર પછી ત્યાં ખોદતાં ગરમીને લીધે ગળી ગયેલી ધોળા રંગની ધાતુનો ગઠ્ઠો તેમને મળી આવ્યો. આ ગઠ્ઠો ખોદી કહાડયો ત્યારે ગરમ હતો. તેને હ્હાડો પાડી ભાગી જોતાં તેમાંથી એક બીજાં ધોળી ધાતુનો કકડો નીકળ્યો. તે કકડા ઉપર જાણે કાંઇ લખ્યું હોય તેવાં ખુલ્લાં ચિન્હો હતાં.

આ કોઇ ખરી પડેલો તારો હશે. પણ પ્રો. વ્હિટ્નેએ તેને સંપૂર્ણ રીતે તપાસ્યો હતો ને જાહેર કર્યું હતું કે મ્હેં અદ્યાપિ જોએલી વસ્તુઓમાં આ કાંઇ ભિન્ન પ્રકારની જ વસ્તુ છે. આથી એ ગુહ્ય પદાર્થ મંગળવાસીઓએ આપણી સાથે વાતચિત કરવાના સાધન તરીકે વાપરી અહિં ફેંકયો હશે એવું પ્રો. ડોનલ્ડ શ્રદ્ધાપૂર્વક માને છે.

ખગોળશાસ્ત્રીઓએ આ ગ્રહ સંબંધી અમુક વિલક્ષણ વસ્તુ સ્થિતિ સિદ્ધ કરીજ મુકી છે, આપણી પૃથ્વીની પેઠે ત્યાં પણ વાતાવરણ ઋતુ, જમીન, પાણી, વાવાઝોડાં, વાદળાં

અને પર્વતો છે. આપણા દિવસ કરતાં મંગળનો દિવસ ચાળીસ મીનીટ લાંબો છે. તેમનું વર્ષ આપણા વર્ષથી લગભગ બમણું છે. મંગળના ઉત્તરાર્ધમાં વસંત ૧૯૯, ઉનાળો ૧૮૩, શરદ ૧૪૭ અને શિઆળો ૧૫૮ દિવસનો છે.

પૃથ્વીના કદ અને ઘટત્વ કરતાં મંગળનાં કદ અને ઘટત્વ એટલાં તો ન્હાનાં છે કે આંહિ જે માણસનું વજન ૨૦૦ રતલ થાય તેનું વજન ત્યાં માત્ર ૭૫ રતલ જ થાય. સીસાનું વજન પત્થર જેટલું અને પત્થરનું વજન પાણી જેટલું ત્યાં લાગે. આપણા કરતાં મંગળવાસીઓની શક્તિ ૮૩ ગણી વધારે હોવી જોઇએ. બે ફીટની વાડ કુદતાં જે શ્રમ આપણને પડે તેટલો જ શ્રમ ૮ ફીટ ૪ ઇંચની વાડ કુદતા મંગળવાસીઓને પડે. મંગળવાસીઓ ગોલ્ફના દડાને એક ફટકે પચાસ માઇલ આઘો કહાડી શકે.

આવી આશ્ચર્યજનક હકીકત જાણ્યા પછી મંગળવાસીઓ કેવા દેખાતા હશે તે જાણવાની જીજ્ઞાસા વાચકને થાય એ સ્વાભાવિક છે, પણ એજ જીજ્ઞાસા તૃપ્ત શી રીતે કરાય એ એક પ્રશ્ન છે. કારણ કે જો મંગળવાસીઓને આપણે આપણાથી હજાર ગણા મોટા કલ્પિયે તો પણ હજારો ટન વજનના અને સેંકડો વાર લાંબા દૂરબીન વડે પણ આપણે એ લોકોને દેખી શકીયે તો નહિંજ. આથી આપણે તર્કનોજ આશ્રય લેવો પડશે. નવલકથાકારોના કપોળ કલ્પિત તરંગોને બાજુએ રાખી એક બે વજનદાર ખગોળશાસ્ત્રીઓ આ ચિત્તાકર્ષક વિષય માટે શું કહે છે તે જોઇએ.

મંગળવાસીઓ કેવા હશે તેના કરતાં મંગળવાસીઓ કેવા ન હોવા જોઇએ તે વાતનો નિર્ણય કરનાર પ્રો. લૉવેલ કહે છે કે 'તેઓ આ પૃથ્વીપર દોડધામ કરનાર મનુષ્યો કરતાં કેવળ ભિન્નજ પ્રકારના છે. મંગળવાસીઓ મનુષ્ય નથી પણ અક્કલવાળા સેન્દ્રિય પદાર્થ છે ને માણસ સાથે કશી પણ રીતે મળતા આવતા નથી. જો ત્યાં વસ્તિ હોય તો તેમના જીવનનો મૂખ્ય ધર્મ નહેરો બનાવવી એજ હોવો જોઇએ. તેમના મનમાં પાણીનો પ્રશ્ન સતત ઘૂમ્યા કરતો હશે. તેમણે રચેલી ભવ્ય નહેરો તેમની અદ્‌ભૂત બુદ્ધિની સાક્ષી પુરે છે. આ વર્ણનથી મંગળવાસીઓ કેવા હશે તે બરોબર કલ્પિ શકાતું નથી.

ફ્રેંચ એરોનોટીકલ સોસાઇટીના ડીરેક્ટર મૉ. એડમન્ડ પેરીયરે મંગળવાસીઓનું આબેહૂબ વર્ણન કર્યું છે. તે લખે છે કે 'મંગળવાસીયો માણસથી બમણા કદાવર, ઘણા મોટા નાક વાળા, અને ઘણી મોટી આગળપડતી આંખવાળા છે. એમની આંખોનો રંગ ઘણા ભાગે આશમાની છે ને તેમના વાળનો રંગ લગભગ ધોળોજ છે. તેમના શરીરમાં ડોક અને કમર નથી; કાન ઘણા આગળ પડતા છે; માથાં અને શરીર ઘણાં મોટાં છે પણ પગના નળા ઘણા પાતળા અને પગના પંઝા ઘણા નાના છે.'

મંગળની સપાટીની સ્થિતિ એવી છે કે તેના ઉપર રહી શકાય નહિ. રાત દિવસ ફુંકાતા ઉન્હા પવનને લીધે સપાટી ઉપર રહેવું અસહ્ય હોવાથી તેમજ આ પવનના ત્રાસથી બચવા, અને તેમને મન અમૂલ્ય, પાણી પાસેજ રહેવા મંગળવાસીઓએ નહેરોનાં ઉંડાણ ભાગમાં, પાણીની સપાટી પાસે પોતાનાં શહેરો વસાવ્યાં હશે એવી કલ્પના થઈ શકે છે.

આ ન્હાનો લેખ પુરો કરતાં પહેલાં આ ભેદભર્યા ગ્રહના સંબંધમાં એક આશ્ચર્ય-જનક વાત બની છે તે લખવા હું લલચાઉં છું.

મંગળની આસપાસ બે નાના ચંદ્ર ફરે છે એવું ઈ. સ. ૧૮૭૭ માં શોધી કહડાયું. આ બે ચંદ્રનાં નામ ડીમોસ અને ફોલોસ પાડયાં. વિશેષ નિરીક્ષણ કરતાં જણાયું કે મંગળની પાસેનો ચંદ્ર ફોબોસ દિવસમાં ત્રણ વાર મંગળની પરિક્રમણા કરે છે. આખા સૂર્ય મંડળમાં સહુથી ઓછો વખત આને લાગે છે.

જેમણે ગુલિવરની મુસાફરીનું પુસ્તક વાંચ્યું હશે તે જાણતા હશે કે લાપુટાદ્વીપ ઉપરના ખગોળશાસ્ત્રીઓએ મંગળને બે ઉપગ્રહો છે ને તેમાંનો એક મંગળની આસપાસ દસ કલાકમાં ફરી રહે છે એવું શોધી કહાડયું હતું!

તાજુબી ભર્યું તો એ છે કે આ ગ્રહ સંબંધી કાંઇ પણ ખુબીઓ ખગોળશાસ્ત્રીઓએ શોધી તે પહેલાં એક સૈકાથી પણ વધારે વર્ષો ઉપર આ પુસ્તક રચાયું છે!

સર રૉબર્ટ બૉલ કહે છે કે આ વિદ્વાન ગ્રંથકર્ત્તાએ ઉપગ્રહોની સંખ્યા સંબંધી ખરી અટકળ કરી છે. એટલું તો શું પણ તેમના પરિક્રમણનો કાળ પણ જાણે ખરેખરૂં ગણિત કરી કહ્યો હોય તેવું જણાય છે!! મંગળને બે ઉપગ્રહો છે એ કદાચ ગ્રંથ કર્ત્તાની કલ્પના હોય પણ તેમાંનો એક અમુકજ વખતમાં પરિક્રમણ કરી રહે છે એવું પ્રતિપાદન તે કલ્પના કોણ માને? તેના પરિક્રમણ કાળની અટકળ શી રીતે કરી હશે તે સમજી શકાતું નથી. કેટલાંક વર્ષો પહેલાં લાપુટાની મુસાફરી વાંચનાર કોઇપણ ખગોળશાસ્ત્રીને આ કલ્પના અશક્ય જેવી જણાઈ હશે!

મંગળના ગુહ્ય ભેદો સંબંધી અનુમાન આટલેથી જ અટકતાં નથી.

અમદાવાદ.
૧૪ જુલાઇ, ૧૯૧૪.

જાલમભાઇ ડા. દેરાસરા.

# આફ્રિકાની આરપાર રેલવે.

એશિઆ અને યુરોપની સંયુક્ત ભૂમિની નીચે સુએજની સંયોગી ભૂમિથી એશિઆને જોડાયેલા આટલાંટિક અને હિંદી મહાસાગરની વચ્ચે પડેલો એક બહુ મોટા બેટ જેવો આફ્રિકા ખંડ છે. આ મોટા ખંડના કેટલાક દેશો અને પ્રાંતો વિષે આપણે ભૂગોળમાં થોડું ભણ્યા છીએ અને મંગોપાર્ક જેવા સાહસિક મુસાફરે તેના અજ્ઞાત પ્રદેશમાં કરેલી મુસાફરીની કંઇક ઝાંખી આપણને વાંચનમાળામાં પણ થયેલી છે. અરબસ્તાનને સામે કિનારે નાઇલ નદીની ખીણનો જે મીસર-ઇજીપ્ત નામે દેશ છે તે બહુ પ્રાચીનકાળે સુધારાની ટોચે પહોંચેલો દેશ હતો. વિદ્યા, સુધારો અને રાજ્ય ત્યાં બહુ આબાદ હતાં એટલુંજ નહિ પરંતુ ત્યાંની શિલ્પાદિ કળાઓ તો બહુજ સારી ખીલી નીકળી હતી. દુનીઆંની અજાયબીઓમાંના પીરામીડો જે ત્યાંના રાજાઓ અને ધનાઢયોની કબરો છે તે એમની કળાની જગતને અત્યારે પણ સાક્ષી આપે છે. રટેનના સંટાલાના નામના શહેરની આગળ 'અલ્ટામીરો નામની એક બહુજ પ્રાચીન ગુફા છે. એ ગુફામાંથી શોધખોળ કરનારાઓને મીસર દેશના ચિતારાઓએ ચીતરેલાં કેટલાંક હરણ, ઘોડા વગેરેનાં ચિત્ર મળી આવ્યાં છે. એ ચિત્રો વીસહજાર વર્ષ જેટલાં પ્રાચીન માનવામાં આવે છે. તે ઉપરથી આપણે કહીશું કે આફ્રિકાનો નાઇલ નદીની ખીણનો પ્રદેશ મીસર તો બહુજ પ્રાચીનકાળથી એશિઆ અને યુરોપના વતનીઓની જાણમાં હતો અને ત્યાંનાં વિદ્યાકળા યુરોપના ગ્રીસ આદિ દેશોમાં ગયાં હતાં. આબીસિનિયા અને તેને લગતાં આફ્રિકાના પૂર્વ કાંઠાના પ્રદેશો હિંદુસ્તાનના આર્યોને પરિચિત હતા. એમ પણ કહેવાય છે કે દક્ષિણ આફ્રિકાની સોનાની ખાણોવાળા દેશમાં ચાલેલી શોધખોળ ઉપરથી જણાયું છે કે સોનું ગાળવાની દ્રાવિડિયન-મદ્રાસી લોકોની પુરાણી પ્રાચીન ભઠ્ઠીઓના કંઇક અવશિષ્ટાંશ ત્યાં જડયા છે. એશિયાની પ્રજાઓને આ પ્રમાણે આફ્રિકાના કિનારાના ફળદ્રૂપ પ્રદેશોની થોડી ઘણી માહીતી હતી અને આરબો તેની અંદરના ભાગના જંગલી લોકોને પકડી બહુ પ્રાચીનકાળથી ગુલામી ધંધો ચલાવતા હતા તો પણ યુરોપ કે એશિઆના વતનીઓને તેની ચતુર્દિશાની માહીતી ન હતી અને તેમ અંદરના ભાગો તો છેક અર્વાચીન કાળ સુધી અને કેટલાક તો અદ્યાપિ લગી અજ્ઞાતજ રહેલા છે.

પંદરમા શતકમાં યુરોપિઅનોને 'સુવર્ણ ભૂમિ' હિંદુસ્તાન શોધી કાઢવાની તાલાવેલી લાગી અને સ્પેન પોર્ટુગાલ, હોલાંડ, ફ્રાંસ અને છેલ્લે ઇંગ્લાંડના સાહસિક વહાણવટીઓ મહાસમુદ્રો ખેડવા મંડયા. કોલંબસે અમેરિકા ખંડ શોધી કાઢયો અને વાસ્કોડી ગામા અને બીજાઓ આફ્રિકાને પશ્ચિમ કિનારે કિનારે છેક કેપ ઓફ ગુડ હોપ સુધી જઇ હિંદી મહાસાગરને ઓલંગી હિંદુસ્તાનને પશ્ચિમ કિનારે જઈ ઉતર્યા. આ અરસામાંજ યુરોપિઅનોને આફ્રિકાની વિશાળતાનો વિચાર આવ્યો અને તેઓ એક પછી એક તેના કિનારાઓ ઉપર ઉતરી ત્યાંના પ્રદેશમાં ધામા નાખવા લાગ્યા. અત્યારે લગભગ આખોય આફ્રિકા યુરોપિઅનોએ રોકી લીધો છે અને તેના જુદા જુદા વિસ્તારો ઉપર નાનાં મોટાં ફળદ્રૂપ

સંસ્થાનો સ્થાપી દીધાં છે. કેપકોલોની, નાતાલ, ટ્રાન્સવાલ, પૂર્વ આફ્રિકાનાં સંસ્થાનો, પશ્ચિમ આફ્રિકાનાં સંસ્થાનો ઝાંઝીબાર આબીશીનીઆ, મીસર, ત્રીપોલી મધ્ય આફ્રિકાના પ્રદેશો યુગેંડા વગેરે દેશો સારા અજવાળામાં આવી સોનું હીરા, કોલસો અને બીજી ઘણીજ અગત્યની વેપારની વસ્તુઓને લીધે તે સંસ્થાનો સુખી અને સાધન સંપન્ન થઈ રાજ્યોની સ્થિતિએ પહોંચી ગયાં છે. છેલ્લાં ત્રણ સૈકાની અંદર આ પ્રમાણે એક મોટો અને સમૃદ્ધિથી ભરેલો ખંડ યુરોપિઅનોએ મોટાં મોટાં સાહસો ખેડીને જીવનને જોખમે મુસાફરીઓ કરીને પોતાને હાથ કરી લીધોછે અને અદ્યાપિ તેને સુધારવાના ખીલવવાના અને આબાદ કરવાના તેઓના યત્નો ચાલુજ રહેલા છે.

આફ્રિકા ખંડ મોટા મોટા પર્વતો, નીલ, ઝંબેઝી વગેરે મોટી નદીઓ, સહરા જેવાં નિર્જલ નિર્માનુષ્ય રણો, મોટાં મોટાં સરોવરો અને રસાળ મોટા મોટા ભૂમિભાગોથી ભરપુર છે. બે મોટા અને સુધરેલા ખંડોની વચ્ચે આવેલો હોવા છતાં હજારો વર્ષોથી તે અંધારામાં પડી રહેલો એક મોટો અજ્ઞાત ખંડ છે. ત્યાંનાં જનાવરો, ત્યાંના જંગલી લોકો ત્યાંના મનુષ્યના જેવાં મોટાં વાંદરાં, હાથીઓ, સિંહો, જીરાફ઼ે નામનાં પ્રાણીઓ—જળગેંડાઓ અને જમીન ઉપરના ગેંડાઓ વગેરે વિચિત્ર પ્રાણીઓ પણ તેમાં ઘણાં છે. એવા અંધકારથી જંગલી રહેલા દેશોમાં જવું એ જીવ સટોસટનું કામ હોવાથી અસલના એશિઆવાસીએ તેની દરકાર કરી નહતી, પરંતુ પંદરમા સૈકાથી જાગ્રત થએલા યુરોપિઅનોએ બહુ મોટાં જોખમો ખેડીને આખો ખંડ હાલ પોતાને હાથ કરી લીધો છે. આફ્રિકાની હાલની આબાદી અને સુધારો વધારો યુરોપની સાહસિક પ્રજાઓને ખાસ કરીને ત્યાંના મુસાફરોને આભારી છે. મંગોપાર્ક, લિવિંગસ્ટન, સ્ટેનલી અને બીજા સાહસિક મુસાફરોએ ગયા સૈકામાં આફ્રિકાખંડમાં જે જીવ સટોસટને જોખમે મુસાફરીઓ કરી હતી અને જે નવા નવા દેશો નદીઓ અને લોકોની શોધ તેમણે જાહેરમાં આણી હતી તેનાં વૃત્તાંતો બહુ વાંચવા જેવા છે એટલુંજ નહિ પરંતુ તેમનાં એ પ્રવાસ વર્ણનોની માહીતીઓથી સત્તાવાળાઓ આફ્રિકના અંધારામાં રહેલા મુલકોમાં જઈ સંસ્થાનો વસાવવાને શક્તિમાન થયા છે. વાઘ અને સિંહના કરતાં પણ વધારે ભયંકર મનુષ્યને ખાઈ જનારી જંગલી જાતોના મુલકોમાંથી તેમણે પોતાની મુસાફરીઓ આગલ ચલાવી હતી. ઠીંગણા માણસોના એક ભાગનું વર્ણન કરતાં સ્ટેનલી જણાવે છે કે, લોકો ઠીંગણા હોવા છતાં એવા બળવાન આગ્રહી અને લડવૈયા છે કે તેઓ સહેજ નતિ આપતા નથી. જમીન ઉપર રેતીનાં મોટાં મોટાં રણો ઉપર કે જ્યાં પાણીનું એક ટીપું પણ મળતું નથી ત્યાં પર્વતો ઉપર, અને જમીનની અંદરનાં મોટાં દરીઆ જેવાં સરોવરો ઉપર થઇને તેઓએ પ્રવાસ કર્યા હતા. જંગલી જનાવરો, સિંહો, હાથીઓ, ગેંડાઓ અને છેલ્લે આફ્રિકાની અદ્દ્ભુત પરાક્રમી કીડીઓ કે જેના હુમલા સામે જંગલી પ્રાણીઓ પણ ટકી શકતાં નથી તે બધાંની વચ્ચે થઇને કરેલી મુસાફરીઓનાં વર્ણનો. વાંચતાં આપણી અક્કલ કહ્યું કરતી નથી અને યુરોપિઅન મુસાફરોએ તે પ્રવાસો દરમિઆન બતાવેલી હિંમત અને ધીરજ આપણને તેમની ઉપર હજારો હજાર ધન્યવાદ અપાવરાવે છે.

આ મોટો ખંડ ઉત્તરથી દક્ષિણ લગભગ પાંચ હજાર માઇલ લાંબો છે અને જો કે એટલા મોટા વિસ્તાર ઉપરની સળંગ રેલવે હજી તૈયાર થઇ નથી તોપણ ભવિષ્યમાં આપણે કેરોથી કેપટાઉનની રેલવે થઇ જવાની આશા રાખીએ તો તે અસંભવિત નથી; કારણ કે

રેલવેની લાઇનો એક બીજી સાથે જોડાય એટલી જ હવે તેને વાર છે. 'ચિલ્ડરન્સ મેગેઝીન' નો એક લખનાર જણાવે છે કે કેરોથી કેપટાઉન સુધી જે રેલવે થવાની છે તેમાં સૌથી વધારે ખુશી થવા જેવું તો એ છે કે, એ મોટી રેલવે લાઇન તમામ બ્રિટિશ મુલકમાં જ દોડતી થશે, અને તેની લંબાઈ ૫૬૦૦ માઇલની થશે. ઇજીપ્તના કેરો શહેરથી ઉપડેલી એ લાઇન દક્ષિણ ઇજીપ્તમાં થઇ નાઇલ નદીને કિનારે કિનારે દોડતી યુગેંડા રેલવેને જઈ મળશે. એ લાઇન પછી જેમાંથી નાઇલ નદી નીકળે છે તે મોટાં સરોવરોનો પ્રદેશ આવે છે. એ ભાગની મુસાફરી રેલવે ઉપર નહિ પરંતુ સરોવરોમાં ચાલીસ સ્ટીમરો મારફતે થશે. ત્યાંથી આગળ જતાં હીરાની અને સોનાની ખાણોવાળા મુલક જે બ્રિટિશ તાજ તળે છે ત્યાંથી રેલવે મારફતે આગળ ચાલશે. મધ્ય આફ્રિકા અને વિષુવવૃત્તના આગળના પ્રદેશોમાંથી રેલવે કાઢનારા શિલ્પ શાસ્ત્રીઓની બુદ્ધિ ઉપર ત્યાંની વિગતો વાંચનારાઓ આફરીન થાય છે. રોહેડેશિઆમાંથી રેલવે લાઇન લેતાં એ નદીઓના મોટા મોટા પૂલો બાંધતાં કેટલું ખરચ અને કેટલો ભોગ અપાયેલો છે તેનો ખ્યાલ વાચકને આ નાના વિષયદ્વારા આપી શકાય તેમ નથી, ઉપર જણાવેલા ચોપાનિઆમાં રેલવે લાઇનિ નાંખનારાઓની મુસ્કેલીઓનાં જે બ્યાન આપેલાં છે તેમાંના હુંક ઇંતેખાબ આપ્યા વગર આગળ વધવું ઠીક લાગતું નથી, સિંહની વસ્તીવાળા ભાગમાંથી લાઇન નાંખતાં બે મોટા સિંહો તે લોકોની પાછળ પડયા હતા અને લગભગ છપ્પન માણસોના તેમણે જાન લીધા હતા. લાઇનિ ઉપર બેધડક ઉભા રહી નિર્જીવ છતાં અપાર શક્તિવાળા એંજીનની સામે પણ તેઓ ઘુઘવતા અને છલંગ મારી એંજીનમાંના માણસને પણ લઇ જતા. એકવાર મજુરોને સરસામાનથી ભરેલા ટ્રેનના એંજીનને એક મદોન્મત ગેંડાએ પોતે મરી ગયો તેમ છતાં લાઇન ઉપરથી ઉથલાવી નાંખ્યું હતું. કેટલાક ભાગોમાં તેમને સૌથી વધારે ત્રાસ કીડીઓ આપતી હતી. ઘણા માણસોએ મળીને કરેલું દિવસનું કામ એક રાતમાં જ કીડીઓ હતું નહતું કરી નાંખતી. આફ્રિકામાં એક જાતની એવી કીડીઓ એટલી બધી સંખ્યામાં થાય છે કે જ્યારે તેઓ બહાર નીકળી ઉભરાઇ આવે છે ત્યારે પૃથ્વી ઉપર જે કંઈ હાથ આવે તેનો એકદમ નાશ કરી નાંખે છે. લાગડાં વગેરે કોરવામાં તો તેઓ બહુ જ ઉતાવળી જણાઇ છે. ઝાડનાં ઝાડ તેઓ સપાટાબંધ કોરી ખાય છે અને વાઘ સિંહ કે હાથી પણ જ્યાં તેઓ ઉભરાઈ આવી હોય ત્યાંથી જીવ લઇને નાશી જાય છે. લાઇન નાંખનારાઓને જંગલી હાથીઓનાં ટોળાંએ જે હેરાનગતિ પહોચાડેલી તે પણ કંઈ ઓછી નોંધને યોગ્ય નથી. તેઓ વરાળયંત્રની પણ સામે થતા અને એક ગોથું મારી આખી ટ્રેન અને એંજીન લાઇનિ ઉપરથી ઉથલાવી નાંખતા. જંગલી માણસો આપણા દેશની માફક એંજીનને ગોરાઓનું જાદુઇ કામ માનતા અને તેની આરાધના કરતા. એક ઘરડા આરબે તો એંજીન ડ્રાઇવરને એકવાર એવું કહ્યું હતું કે તારા યંત્રમાં તેં જે બળદોની જોડોને પૂરી રાખી છે તેને બહાર કાઢ. આવી આવી મુસ્કેલીઓ અને વિટંબણાઓથી નંખાએલી રેલવે લાઇનો ઉપર થઇને દક્ષિણમાં જતાં બ્રિટિશ સંસ્થાનોની આબાદ ભૂમિમાં પ્રવાસ કરવાનું મળે છે. ટ્રાન્સવાલ ઓરેંજ રિવ્વરના મુલક અને ત્યાંથી કેપ સંસ્થાનની રેલવે મારફતે છેક દક્ષિણે કેપટાઉન ખાતે પહોંચાય છે. આગળ તેમાંના થોડાક ગેપ પૂરવાના હજી બાકી રહેલા છે. જ્યારે આ રેલવે સળંગ પુરી થશે ત્યારે

દુનીઆમાં એક મોટામાં મોટી લાઇન અને તે પણ અનેક જાતના કુદરતી વૈચિત્ર્યમાંથી પસાર થતી રેલવે ગણાશે.

આફ્રિકાની આરપાર જનારી આ રેલવે અનેક અજાયબીવાળા દેશોમાંથી પસાર થશે. ઇજીપ્ત અથવા જેને આપણે મીસર નામથી ઓળખીએ છીએ તે દેશ તેના અતિ પ્રાચીન સુધારાને માટે પ્રખ્યાત છે એટલું જ નહિ પરંતુ ત્યાંના કારીગરોએ બનાવેલા પીરામીડો એક એવી જાતનાં બાંધકામો છે કે જે દુનીઆંની અજાયબીઓમાં ગણાય છે. પીરામીડોનાં બાંધકામમાં બીજી પણ કેટલીક ખૂબીઓ રહેલી કહેવાય છે અને તે ખૂબીઓ તે એ છે કે, તેના ઘૂમ્મટોમાં જણાતાં બાકાં અમુક અમુક ગ્રહોના અવલોકનાર્થે રાખેલાં છે એમ કેટલાકોનું માનવું છે. એ રીતે જાણે તે વેધશાળાઓ છે. અમુક ઋતુમાં અમુક ગ્રહ અમુક બાકામાંથી દેખાય છે અને અંદરથી તેનું બહુ સારી રીતે નિરીક્ષણ થઇ શકે છે. પીરામીડોમાં જે 'મમી' મડદાં દાટેલાં છે તે વળી એવી રીતે દાટેલાં છે કે, હજારો વર્ષ વીતી જવા છતાં તે જેવાં ને તેવાં જ રહ્યાં છે અને તેની સાથે દાટેલી વસ્તુઓ તેમના કાળની સંસ્કૃતિની સાક્ષી આપે છે. મીસરની કુદરતી અજાયબીઓમાં નીલ નદી પણ એક છે. એના જેવી મોટી નદી દુનીઆમાં બીજી કોઈ નથી. વળી એ નદીમાં થતા જળગેંડા પણ અજાયબી ગણાય છે. નીલ નદીનું મૂળ શોધવાને જે યુરોપીય મુસાફરોએ મહેનત લીધી છે તે અથાગ છે. મધ્ય આફ્રિકામાં તેઓને વિક્ટોરિઆનાન્ઝા અને આલબર્ટનાન્ઝા નામનાં જમીન ઉપર જેમ બે મોટા સાગર જ હોય એવાં સરોવરોનો પત્તો લાગ્યો અને તેમાંથી નીલ નદી નીકળતી જણાઇ. એ પ્રદેશ પાણીથી ભરપુર છે. ત્યાંનાં હવા પાણી વળી તેથી પણ વિચિત્ર છે. વિષુવવૃત્તનો પ્રદેશ જેને વીંધીને આ રેલવે દક્ષિણમાં જાય છે તે પ્રદેશ પણ પ્રાણી વનસ્પતિ અને કુદરતની બીજી ખુબીઓથી વિચિત્ર છે. તે પછી ટ્રાન્સવાલ, ઓરેંજ રિવ્વર કોલોની અને કેપસંસ્થાનનો પ્રદેશ આવે છે. આફ્રિકાખંડ ઓસ્ટ્રેલીઆની માફક ઘણીક અજાયબીઓથી ભરેલો છે ત્યાંની ભૂમિ વેપાર વણજની ઘણી કાચી વસ્તુઓ ઉપજાવે છે. યુરોપના ભિન્ન ભિન્ન દેશોના લોકોએ ત્યાં પોતાનાં સંસ્થાનો વસાવી સંસ્કૃતિ ફેલાવવા માંડી છે અને થોડે જ વર્ષે આપણે જોઇશું કે જે ખંડ એકવાર ખરેખરા અંધકારમાં પડેલો હતો તે પૂર્ણ પ્રકાશમાં આવી ગયો છે.

યુરોપખંડના લોકોએ છેલ્લાં ત્રણ સૈકાંની અંદર આખી દુનીઆં ઘૂમી વળી દરેક ઠેકાણે પોતાનો પ્રતાપ પાડ્યો છે અને પોતાની સંસ્કૃતિને ફેલાવવા માંડી છે. આગળ જેમ એશિઆ દુનીઆંની નિશાળ રૂપ હતું તેમ આજ યુરોપ દુનીઆંની નિશાળરૂપ બન્યું છે અને ત્યાંથી ઉત્પન્ન થતા વિચારો દુનીઆંમાં સર્વત્ર ફેલાય છે. અત્યારે યુરોપનો જમાનો–અર્થાત્ સુધારા વધારો, ઉદ્યોગ અને જ્ઞાનનો જમાનો છે અને જો આપણે દુનીઆની પ્રજાઓની હરોલમાં રહેવું હોય તો એ ખાસ જરૂરનું જ છે કે વિદ્યાકળા અને સુધારામાં તેમની બરોબરીના થવાનો હમેશ યત્ન કરતા રહેવું.

# સૂર્યની કાર્યશક્તિનું ઉત્પત્તિ સ્થાન.

( અનુસંધાન પૃ. ૧૬૮. )

### પ્રકાશ અને દહન ક્રિયા.

તેજોમય સમૂહ અને બળતા બળતણના સમૂહમાં શો તફાવત છે તે મારે પહેલાં સમજાવવું જોઇએ. કારણ કે જે સવાલ વિશે આપણે વિચાર કરવાનો છે તે સવાલમાં આ તફાવત મુખ્ય જરૂરનો છે. જ્યારે એક પદાર્થને બાળવામાં આવે છે ત્યારે તે ગરમ થાય છે અને બળીને ભસ્મવત્ થઈ જાય છે. પણ જ્યારે એક પદાર્થ બળ્યા સિવાય તેજોમય સ્થિતિમાં રહે છે ત્યારે તે ખપી જતો નથી પણ તેનો સમૂહ તથા તેની રાસાયણીક રચના અસલ સ્થિતિમાંજ રહે છે. કોલસાનો એક કોથળો તમે ભઠ્ઠીમાં બાળશો તો, મારે કહેવાની જરૂર નથી કે, જ્યારે દેવતા હોલવાઇ જશે ત્યારે તે કોલસાની હયાતિ નષ્ટ પામશે. પણ ભઠ્ઠીમાં તમે લોઢાના દડાને શ્વેત તપ્ત કરો તો લોઢાનો દડો ઉષ્મા અને પ્રકાશ આપવા છતાં ખપી જતો નથી, અને ફરીથી તે ઠંડો પડી જાય છે ત્યારે તે બરોબર પહેલાના જેટલોજ રહે છે.

તેમ છતાં તેજોમય સમૂહને કોઈ કાર્યશક્તિના ભંડારમાંથી ઉષ્મા મળવી જોઇએ. સમૂહ પોતે ખપી જતો નથી તોપણ જે ઉષ્માને જગામાં પ્રસારે છે તેને ઉત્પન્ન કરવાને કોઈ પદાર્થ ખપી જવો જોઇએ. આ મૂળ અગત્યનો મુદ્દો છે અને એક બે જાણીતા દાખલાથી તમારા મનપર તે ઠસાવવા ઇચ્છું છું. ઉપર આપેલા દાખલામાં ભઠ્ઠી તે કાર્યશક્તિનો ભંડાર છે અને ભઠ્ઠીમાં મૂકેલા લોઢાના દડાને તે ભંડારમાંથી માત્ર થોડી કાર્યશક્તિ મળે છે અને ઉષ્ણ થાય છે પણ ખપી જતો નથી. પણ કાર્યશક્તિનો ભંડાર બીજાં રૂપોમાં હયાતિ ભોગવે છે. તમે જાણો છો કે લુહાર હથોડાને વારંવાર ટીપવાથી લોઢાના સળીઆને રાતોચોળ બનાવી શકે છે. આ દાખલામાં લોઢાનો સળીઓ ખપી જતો નથી પણ લુહારના હાથના સ્નાયુની શક્તિ ખપી જાય છે; વળી ઉત્પન્ન થયેલી ઉષ્માની કાર્યશક્તિ, તેને ઉત્પન્ન કરવામાં વપરાયેલી સ્નાયુની કાર્યશક્તિની બરોબર છે. હવે લોઢાનો પ્રકાશિત સળીઓ આસપાસની જગામાં ઉષ્મા અને પ્રકાશનાં કિરણો પ્રસારે છે. જો લુહાર માત્ર થોડી મિનિટ કામ કરતો અટકે, અને જે શક્તિઓ વપરાઇ જાય છે તેની ખોટ પૂરી કરવામાં આવે નહિ તો સળીઓ પ્રકાશતો બંધ પડશે. આ પ્રમાણે કોઈ પદાર્થને તેજોમય સ્થિતિમાં રાખવાને નવી કાર્યશક્તિના ચાલુ ભંડારની ઘણીજ જરૂર છે.

વિદ્યુત્ પ્રવાહ બીજો ઘણો સૂચના દાયક ( instructive ) દાખલો છે. જ્યારે હું પ્લૅટીનમના તારના ગુંચળામાંથી જલદ પ્રવાહ પસાર કરૂં છું ત્યારે તે ધાતુ સપ્ત ઉષ્માથી પ્રકાશે છે; પણ તે ગુંચળું ખપી જતું નથી. તમે જાણો છો કે વિદ્યુત્ પ્રવાહના વ્યયથી તે ઉષ્મા જળવાઇ રહે છે. તાર એકત્ર વખતમાં જેટલી ઉષ્મા પ્રસારે છે તેટલીજ ઉષ્મા તેટલા વખતમાં તારમાંથી વહન કરતો પ્રવાહ ઉત્પન્ન કરે છે અને તેથી ગુંચળું પ્રકાશ્યા કરે છે અને આક્ષિપ્ત ( Radiant ) ઉષ્મા અને પ્રકાશનો પૂર્ણ ચાલુ પ્રવાહ બહાર કાઢે છે. જો હું પ્રવાહ બંધ કરૂં છું તો થોડા વખત સુધી તે તાર પહેલાંની માફક પ્રકાશ્યાં કરશે. પણ હવે તે ભંડારને તાજો કરવાને કોઇપણ નવી કાર્યશક્તિ લીધા સિવાય તે હવે

ઉષ્મા વાપરી નાખે છે. એક કે બે મિનિટમાં તે તાર પ્રકાશતો બંધ થાય છે અને બીજી થોડી સેકંડમાં આસપાસની વસ્તુઓના જેવો ઠંડો થઇ જાય છે.

હવે જે સવાલ આપણે હાથ ધરવાનો છે તે તમે સ્પષ્ટ રીતે સમજ્યા હશો એમ હું ધારૂં છું. ઉષ્મા અને પ્રકાશનો જે મોટો વ્યય થયે જાય છે તેને પહોંચી વળવાને જો કોઇ મોટી કાર્યશક્તિનો ભંડાર પાસે હોય નહિ તો સૂર્ય પોતે જેટલી દૃઢતાથી બુઝાઇ જાય તેના કરતાં વધારે દૃઢતાથી હથોડાના ઘા બંધ રાખવાથી લોઢાનો તેજોમય સળીઓ પ્રકાશ તો અટકશે નહિ; અને વિદ્યુત પ્રવાહ બંધ કરવામાં આવે તો પ્લેટીનમનું ગુંચળું સૂર્ય જેટલી દૃઢતાથી અટકશે તેના કરતાં વધારે દૃઢતાથી પ્રકાશતાં અટકશે નહિ. હવે સવાલ એ છે કે સૂર્યના ઉત્પત્તિ સ્થાનને ક્યાં શોધવું ?

## સર વીલીઅમ થૉમસનનો ઉલ્કાપાત વાદ. (Meteoric theory).

ઈ. સ. ૧૮૫૪ માં **સર વીલીઅમ થૉમસને** એડીનબરોની રૅાયલ સોસાયટી આગળ સૂર્યમંડળના યંત્રિકબળ વિશે એક લખાણ વાંચ્યું જેની અંદર તેણે જે પોતાનો વાદ દાખલા દલીલો સાથે રજુ કર્યો તે એ હતો કે સૂર્યની સાથે meteoric પદાર્થોના અથડાવાથી સૂર્યમાં કાર્યશક્તિ ઉત્પન્ન થાય છે. તમે જાણો છો કે જ્યારે બંદુકની ગોળી નિશાનને વાગે છે ત્યારે તેની ગતિની શક્તિનું એકદમ ઉષ્મામાં રૂપાંતર થાય છે. ત્યારે હવે ધારો કે તે નિશાનપર દરેક પળે ગોળીઓનો ચાલુ મારો આવ્યા કરે છે. જેવી રીતે લુહારના હથોડાના ઘાથી લોઢાના સળીઆને રાતોચોળ રાખી શકાય છે તેવી રીતે ગોળીઓના ઘટ્ટ અથડાવાથી નિશાનને કેવી રીતે રાતુંચોળ રાખી શકાય તે તમે સહેલાઇથી સમજી શકશો. **સર વીલીયમ થૉમસને** ધાર્યું કે સૂર્ય કાંઇક આવા નિશાનની સ્થિતિમાં છે; તેના સમૂહમાં નાના meteoric પદાર્થ પડવાથી તેઓ તેને નિરંતર અથડાયાં કરે છે; અને ચાલુ અથડાવાથી જે ઉષ્મા ઉત્પન્ન થાય છે તે તેની સપાટી ઉપર થતા વપરાશને પહોંચી વળવાને પૂરતી છે.

સૂર્યમંડળમાં ખરેખરી હયાતિ ભોગવતા meteoric પદાર્થો વિશે જે આપણે થોડું જાણીએ છીએ તેની સંક્ષિપ્ત હકીકત અહીંઆં આપું છું. ખરતા તારાના નામથી ઓળખાતા કુદરતી બનાવથી દરેક જણ જાણીતું છે. સાધારણ રીતે આ ખરતા તારાઓ દર વખત એકેકજ દેખાય છે. પણ કોઇ કોઇ વખત તે સંખ્યાબંધ પડે છે અને ક્વચિતજ આશરે ૩૩ વર્ષમાં એક વખત—તેઓ ઘણા કલાકો સુધી હવામાં થઇને છૂટતા દેવતા જેવા દડાઓના વરસાદની માફક પડે છે. આ જાતનો દિલપસંદ દેખાવ ઇ. સ. ૧૮૬૬ ના નવેમ્બરની ૧૩ મી તારીખની રાત્રે બન્યો હતો. આશરે સાડા દસ વાગે આ દેવતામય વરસાદે થોડા છૂટા છવાયા દડાઓથી શરૂઆત કરી. ત્યારપછી બે બે ત્રણ ત્રણ સાથે પડવા લાગ્યા અને એક વાગ્યા સુધી સંખ્યામાં એટલો બધો વધારો થતો ગયો કે કેટલા વખત સુધી દર સેંકડે સરાસરી એક પડવા લાગ્યો. તે વખતનો દેખાવ ખરેખર સુશોભિત અને મનહર હતો. આ પછી સંખ્યા ધીમે ધીમે ઘટતી ગઇ અને સવારે સાડાચાર વાગે દેખાવ બંધ થયો.

આ ખરતા તારા જડ પદાર્થના સમૂહ વગર કાંઇ નથી. તે પદાર્થ ગ્રહોની માફક સૂર્યની આસપાસ તેની પ્રદક્ષિણાના માર્ગમાં ફરે છે અને ઘણીવાર દર સેકંડે ૨૦ થી ૩૦ માઇલની ઝડપથી ફરે છે. જ્યારે તેઓ પૃથ્વીના રસ્તા આગળ આવે છે ત્યારે કાંઇક આપણા વાતાવરણના ઘર્ષણને લીધે અને કાંઇક તેઓની આગળની હવાના સંકોચાવાને લીધે તેઓનું ઉષ્ણમાન ઘણું ઉંચું ચઢી જાય છે અને એકાએક તેઓ તેજોમય બની જાય છે. કોઇ કોઇ વખત જ્યારે તેઓ જોઇએ તેટલા પાસે આવે છે ત્યારે પૃથ્વીના આકર્ષણ બળથી તેઓ પોતાના માર્ગની બહાર ખેંચાઇ આવે છે અને પૃથ્વીપર પડે છે. જેઓએ તેમને પડતા જોયા છે તેઓએ તેમને વારંવાર ઉપાડી લીધા છે; અને તમે ખનીજ પદાર્થના કોઇપણ મોટા સંગ્રહસ્થાન ( mosemm ) માં meteoric પથરાના નામવાળા તેઓના નમુના જોશો. તેઓ મુખ્યત્વે કરીને લોઢાના બનેલા છે; પણ બીજાં ઘણાં તત્વો જેવાં કે ત્રાંબુ, કલાઇ, નીકલ, કોબાલ્ટ. વળી પોટાશ, સોડા, મેગ્નેશીઆ, ચૂનો, રેતી (silica) તેમાં થોડે ઘણે ભાગે હોય છે. આ meteoric પથરામાંથી એવું એકે તત્વ શોધી કાઢવામાં આવ્યું નથી કે આપણા પોતાના ગ્રહ ( પૃથ્વી ) માં રહેલા પદાર્થોમાંથી મળી આવે નહીં.

તમે કદાચ એમ માનવાને અચકાશો કે માત્ર આપણા વાતાવરણમાં થઇને ફરવાથી લોઢાના ઠંડા સમૂહનું તેજોમય ખરતા તારામાં રૂપાંતર થઇ જાય છે. ઘનપદાર્થ સામેના વાયુના અથડાવાથી આવી અતિશય ઉષ્મા ઉત્પન્ન થયાનો દાખલો આપણને હમેશાં મળી આવતો નથી, પણ આ સિદ્ધાંત એક સાદા દાખલાથી સ્પષ્ટ સમજાશે. આ એક સાધારણ અનુભવની વાત છે કે જ્યારે બંદુકની ગોળી બખ્તરની સાથે અથડાય છે અને તેથી તેની ગતિ એકાએક અટકી જાય છે ત્યારે તે અતિશય ગરમ થઇ જાય છે અને અથડાતી વખતે તેમાંથી વારંવાર પ્રકાશનો ભભૂકો નીકળતો દેખાય છે. હવે આ બાબતમાં ઉત્પન્ન થતી ઉષ્માનું કારણ ગતિનું એકાએક નાશ પામવું તે છે. અથડાયાથી ગતિમય કાર્યશક્તિનું ઉષ્માની કાર્યશક્તિમાં રૂપાંતર થઇ જાય છે.

આ વિચારને આપણે એક ચોકસ રૂપમાં મૂકીએ ધારો કે એક રતલ વજનનો લોઢાનો દડો ૧૬૦૦ ફુટની ગતિના વેગથી એક લોઢાના નિશાનની સામે અથડાય છે. અથડાતી વખતે ઉત્પન્ન થયેલી ઉષ્માની પૂરેપૂરી શાસ્ત્રીય ચોકસાઇથી ગણત્રી કરવી સહેલી છે. ગણત્રીની વિગતમાં ઉતર્યા સિવાય હું કહું છું કે ઉત્પન્ન થયેલી ઉષ્માથી એક રતલ પાણી ૩૯° સેન્ટીગ્રેડ ઉષ્ણમાને પહોંચશે, અને એક રતલ લોઢાનો દડો ૨૪૦૦ સેન્ટીગ્રેડ ઉષ્ણમાને પહોંચશે. અલબત તે ઉષ્માનો માત્ર થોડો ભાગ લોઢાના દડામાં ઉત્પન્ન થયો છે અને થોડો ભાગ જે નિશાન તેની ગતિને અટકાવે છે તે નિશાનમાં ઉત્પન્ન થયો છે. જો આપણે ધારીએ કે બધી ઉત્પન્ન થયેલી ઉષ્મા બંનેમાં સરખે ભાગે વહેંચાઈ ગઇ છે તો લોઢાનો દડો અથડાવાથી ૧૨૯° સેન્ટીગ્રેડ ઉષ્ણમાને પહોંચશે. જ્યારે એક રતલ વજનના લોઢાના દડાની ગતિ અટકાવવામાં આવે છે અને તે દર સેકંડે ૧૬૦૦ ફુટનો વેગ ખૂએ છે ત્યારે આ પરિણામ આવે છે.

હવે આપણે દર સેકંડે ૨૦ માઇલના ગતિના વેગથી અવકાશમાં થઇને ફરતા એક રતલ વજનના લોઢાના meteoric સમૂહનો દાખલો લઇએ. જ્યારે તે આપણા વાતા-

વરણમાં પ્રવેશ કરે છે ત્યારે તેની ગતિ ઘર્ષણથી અટકે છે, અને આપણી હવામાં થઇને પસાર થતાં, હું ધારૂં છું કે, આરંભ (initial) ની તેના વેગનો સરાસરી પાંચમા ભાગ તે સહેલાઇથી ખૂએ છે. આ રીતે આપણી પાસે દર સેકંડે ૫૦ માઇલની ગતિના વેગથી આપણા વાતાવરણમાં પ્રવેશ કરતું એક રતલ વજનનું દ્રવ્ય છે, અને તે દર સેકંડે રસ્તામાં ૪ માઇલની ગતિનો વેગ ખોવાથી દર સેકંડે તેની ગતિનો વેગ ૧૯ માઇલ રહે છે. હવે નાશ પામેલી ગતિની સઘળી કાર્ય શક્તિનું ઉષ્મામાં રૂપાંતર થઈ જાય છે; અને એમ બતાવી શકાય કે એક રતલનો લોઢાનો દડો એક સેકંડમાં ૧૬૦૦ ફીટની ગતિના વેગથી જ્યારે નિશાનની સામે અથડાય છે ત્યારે જે ઉષ્મા તેમાં ઉત્પન્ન થાય છે તેના કરતાં તેટલાજ સમૂહનો એક રતલનો meteoric પદાર્થ હવામાં દર સેકંડે ૩૦ માઇલની ગતિના વેગથી પસાર થતાં તેમાં સરેરાશ ઉત્પન્ન થતી ઉષ્મા ૧૫૦૦ ગણી વધારે છે. બેશક, આ ઉષ્માનો મોટો ભાગ હવાના ઉષ્ણમાનને વધારે છે પણ તમે ઘણી સહેલાઇથી સમજશો કે તેનો થોડોજ અંશ meteoric સમૂહને પ્રકાશિત કરવાને, અને થોડો વખત તે પસાર થાય છે તેટલામાં પણ તેનો પ્રકાશ જાળવી રાખવાને પૂરતો છે.

હવે અવકાશમાં થઇને ફરતા meteoric પદાર્થો હયાતી ભોગવે છે એ ચોક્કસ બીના છે. જ્યારે જ્યારે આ પદાર્થોની ગતિ અટકાવવામાં આવે છે અથવા તેનો નાશ કરવામાં આવે છે ત્યારે ત્યારે ઉષ્મા ઉત્પન્ન થાય છે તે પણ ચોક્કસ વાત છે અને તે શાસ્ત્રીય આધારથી પૂરેપૂરી સાબિત કરી શકાય તેવી બીના છે. હવે **સર વીલીઅમ થૉમસને** બતાવ્યું કે સૂર્યની આસપાસ ફરતા આ જાતના પદાર્થો ધીમે ધીમે ગુરૂત્વાકર્ષણના બળથી તેની તરફ ખેંચાય છે અને આખરે તેની સપાટીપર પડે છે. એ ઉપરથી તેમણે કહ્યું કે સૂર્યમાં ખરતા તારાઓનો નિરંતર વરસાદ વરસે છે એમ ધારવું એ વ્યાજબી છે; અને તેમણે એવી ગણત્રી કરી કે તેઓના પડવાથી ઉત્પન્ન થતી ગતિનો વેગ દર સેકંડે ૨૭૦ માઇલ કરતાં ઓછો હોઈ શકે નહિ, પણ સૂર્યની સપાટીપર તેઓ આવી પડે તે પહેલાં આ સઘળી ગતિનો વેગ નાશ પામવો જોઇએ અને દિવસે દિવસે આ પ્રમાણે મોટા વિસ્તારમાં નાશ પામતી ગતિની કાર્યશક્તિ સૂર્યને મળતી ઉષ્માનું મુખ્ય ઉત્પત્તિસ્થાન હોવું જોઇએ.

કદાચ એવો વાંધો ઉઠાવી શકાય કે આ વાદ પ્રમાણે બહારથી બીજું દ્રવ્ય મળવાથી સૂર્ય દરવર્ષે મોટો અને મોટો થતો જવો જોઇએ. પણ લાંબા વખતથી તેની કાળજીપૂર્વક નિરીક્ષા કરવામાં આવે છે તે છતાં હજુ સૂધી તેના કદમાં કાંઇ જાણવા જેવો વધારો થયો દેખાતો નથી. **સર વીલીઅમ થૉમસનની** બારીક નજરમાંથી આ મુશ્કેલી છટકી જવા પામી નહિ. દલીલોની ખરી કિંમતનો અડસટ્ટો કાઢવાના હેતુથી આક્ષેપન વાટે જે ઉષ્મા ખર્ચાય છે તેનો બદલો વાળવાને દર વર્ષે સૂર્યમાં કેટલું દ્રવ્ય પડતું હોવું જોઇએ તેની ગણત્રી કરવાથી તેને માલૂમ પડયું કે સૂર્યની સપાટીના દરેક ચોરસ ફુટ ઉપર પડતું દ્રવ્ય આશરે ૩૮૦૦ રતલ વજનનું હોય છે. હવે સૂર્યની મધ્યમ સાન્દ્રતા આશરે પાણીની મધ્યમ સાન્દ્રતાના જેટલી છે; અને આપણે ખરતા તારાની અને પાણીની મધ્યમ સાન્દ્રતા સરખી ગણીએ તો સૂર્યની આખી સપાટી ઉપર દર ચોરસ ફુટે દર ચોરસ ફુટ ઉપરના ૩૮૦૦ રતલના વજનને લીધે ૬૦ ફુટ ઉંડું દ્રવ્યનું થર બને.

ત્યારે આ ધારણા પ્રમાણે સૂર્યનો વ્યાસ દર વર્ષે ૧૨૦ ફીટ અથવા ૪૦ વર્ષમાં આશરે એક માઇલ વધે. આ દરે સૂર્યના વ્યાસનો કુલ વધારો ૬૦૦૦ વર્ષમાં ૧૪૦ માઇલ કરતાં કાંઇક ઓછો થાય. હવે ૧૪૦ માઇલ તે સૂર્યના ખરા વ્યાસનો માત્ર $\frac{૧}{૬૦૦૦}$ મો ભાગ છે અને આટલો થોડો વધારો ૬૦૦૦ વર્ષમાં થવાને બદલે હાલના સૈકામાં થયો હોય તોપણ તેટલો થોડો વધારો આધુનિક વિજ્ઞાનના બારીક ઉપકરણોની મદદથી ભાગ્યેજ જાણી શકાય. તેટલા માટે આપણે ખાતરીથી માનવું જોઇએ કે ઐતિહાસિક વખતમાં સૂર્યમાંથી જે બધી ઉષ્મા નીકળેલી છે તે તેના સમૂહમાં પડતા ખરતા તારાઓથી ઉત્પન્ન થયેલી હોવી જોઇએ; તેમ છતાં તે વખતે માણસ બની શકે તેટલી બારીક તપાસ કર્યા છતાં પણ તેના કદમાં થયેલો વધારો કળવામાં આવ્યો નહિ હોય.

આ ઉલ્કાપાત વાદથી **સર વીલીઅમ થૉમસને** સૂર્યની ઉષ્માનું મૂળ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો. ખગોળ શાસ્ત્રની નજરે જોતાં પણ આ વાદની સામે વ્યવહારીક અનુત્તરણીય વાંધાઓ છે. જો સૂર્ય મંડળના બહારના પ્રદેશમાંથી સૂર્યની અંદર ખરતા તારાઓનો આ મોટો સમુહ પડે તો તેઓ પૃથ્વીના માર્ગમાં અને કનિષ્ટ ગ્રહોના માર્ગમાં એટલી બધી હરકત કરે કે તે હરકત જણાયા વિના રહે નહિ. અને જો આ અડચણ દૂર કરવાને માટે આપણે એમ ગણીએ કે તેઓ સૂર્યની નજીકના ઘાડા દ્રવ્યનું વાદળ છે તો જો પૂછડીઆ તારા તે પ્રદેશમાંથી પસાર થાય છે એમ જાણીએ છીએ અને આટલા મોટા સમુહના કાર્યથી તેમના માર્ગમાં જાણવા જેવા પાછા હઠે છે એમ પણ જાણીએ છીએ તે પૂછડીઆ તારાની સાથે તેમને અથડાઅથડી થઇ હોવી જોઇએ. તેમ છતાં આ પૂછડીઆ તારાઓ નિર્વિઘ્ને પોતાને માર્ગે ચાલ્યા ગયા છે અને એવી કોઇ જાતની અથડાઅથડીનું ચિન્હ દેખાડયું નથી.

મુખ્ય આ કારણોને લીધે વિજ્ઞાન વેત્તાઓએ આ વાદ સાધારણ રીતે તજી દીધોછે; અને **સર વીલીયમ થૉમસને** પોતે પણ તે તજી દીધો છે. તે હવે એમ માને છે કે meteoric પદાર્થો વખતો વખત સૂર્યમંડળમાં પડે છે અને પડીને તેઓ સૂર્યની ઉષ્માને વધારવામાં કેટલેક દરજ્જે સાહાય્ય કરે છે. પણ એકંદર વિચાર કરીને તે કહે છે કે ઉષ્માના દરરોજના મોટા ખર્ચની સાથે સરખાવતાં તેની અસર નહિ જેવી છે.

### પ્રૉ. હેલ્મ હોલ્ટઝનો સંકોચન વાદ.

જો કે ઉલ્કાપાત વાદ સૂર્યની કાર્યશક્તિ મેળવવાના ઉત્પત્તિ સ્થાનની માહિતી પૂરી પાડવાને ખરી રીતે અપૂર્ણ છે તોપણ તેણે મોટી અગત્યની સેવા બજાવી છે. ગુરૂત્વાકર્ષણનું બળ જે સૂર્યની અંદર એક બળ તરીકે છે અને જે ઉષ્મા અને પ્રકાશ ઉત્પન્ન કરવાને શક્તિમાન છે તેના ઉપર તેણે વિજ્ઞાનવેત્તાઓનું લક્ષ ચોંટાડયું છે. ઉલ્કાપાત વાદની આ એક મુખ્ય કલ્પના છે. જે meteoric પદાર્થો અવકાશમાં થઇને પહેલાં ઉડયા કરતા હતા તેના મોટા વાદળને ગુરૂત્વાકર્ષણ બળ મોટા સમૂહમાં ખેંચે છે. તે બળ તેમને અતિશય બળથી ખેંચે છે અને બરોબર અથડાઅથડીથી ફરતા ખરતા તારાની કાર્યશક્તિનું રૂપાંતર ઉષ્માની કાર્યશક્તિમાં થાય છે. ' '

મેં કહ્યું છે કે આ વાદ પ્રમાણે હમેશાં સૂર્યમાં પડતો meteoric પદાર્થોનો મોટો જથ્થો હયાતિ ભોગવે છે એમ માની શકાય નહિ. પણ ખરી વાત એ છે કે તેમની તો જરૂરજ નથી. સૂર્યનું ગુરૂત્વાકર્ષણ બળ, ખરતા તારાના વાદળ ઉપર કાર્ય કરવાથી અને

તેમને સૂર્યના મધ્યબિંદુ તરફ ખેંચવાથી જેમ ગરમી ઉત્પન્ન કરવાને શક્તિમાન છે તેમ તે ગુરૂત્વાકર્ષણ બળ સૂર્યના પોતાના સમૂહ ઉપર કાર્ય કરવાથી અને તે સમૂહને તેની અંદરના મધ્યબિંદુ તરફ એક સાથે ખેંચવાથી ગરમી ઉત્પન્ન કરી શકે છે. હેલ્મ હોલ્ટઝની આ સાદી અને સ્પષ્ટ વાત છે જેની તરફ હવે હું તમારૂં ધ્યાન ખેંચું છું.

હાલમાં સૂર્યમાં સંકોચન ક્રિયા થયાં કરે છે તે વધારે સંભવિત લાગે છે. પ્રકાશ પૃથક્કરણ યંત્ર ઉપરથી આપણે જાણીએ છીએ કે જે તત્વોની પૃથ્વી બનેલી છે તેજ તત્વોનો મુખ્યત્વે કરીને સૂર્ય બનેલો છે. અને તેમ છતાં સૂર્યની મધ્યમ સાન્દ્રતા પૃથ્વીના મધ્યમ સાન્દ્રતાના ચોથાજ ભાગની છે. બીજી રીતે કહીએ તો પૃથ્વી અને સૂર્યમાં એકજ જાતનું દ્રવ્ય હયાતિ ભોગવતું માલૂમ પડે છે; પણ પૃથ્વીમાં છે તેના કરતાં તે સૂર્યમાં વધારે પૃથક્ પૃથક્ અને નબળી-ઘટ્ટ સ્થિતિમાં આવેલું છે.

જ્યારે આપણને યાદ આવે છે કે જે ગુરૂત્વાકર્ષણ બળ સમુચ્ચયને એક સાથે ખેંચે છે તે ગુરૂત્વાકર્ષણ બળ પૃથ્વીના કરતાં સૂર્યમાં ૨૭ ગણું વધારે છે ત્યારે આ બીના વધારે તાજુબ લાગે છે. જે દ્રવ્યના સમુચ્ચયને આપણે એક રતલ વજન કહીએ છીએ તેને સૂર્યમાં મોકલી આપ્યો હોય તો પૃથ્વીની સપાટી ઉપર ૨૭ રતલ ઉંચકવાને જેટલો શ્રમ લેવો પડે તેટલોજ શ્રમ તે એક રતલ ઉંચકવાને જોઇએ. પૃથ્વીની સપાટી ઉપર ૨૭ માણસનું જેટલું વજન થાય તેટલું વજન સૂર્યની સપાટી ઉપર એક માણસનું થાય. જો તે સૂર્ય ગયો હોય તો તે કોઈ પણ શ્રમથી પોતને ઉંચકી શકે નહિ; તે તેના પોતાના વજનના બળથીજ સૂર્યની સપાટી સામે ભચડાઈ જાય.

આટલા ગંજાવર સંકોચન બળ છતાં પૃથ્વીના દ્રવ્યના કરતાં સૂર્યનું દ્રવ્ય કેમ ઓછું ઘટ્ટ છે? તેનો જવાબ એકે સૂર્યનું ઉષ્મામાન ઘણુંજ વધારે છે. ઉષ્મા દ્રવ્યને પ્રસારે છે અને સૂર્યની સખત ઉષ્મા જબરદસ્ત પ્રસારક બળ ઉત્પન્ન કરે છે, જે સંકોચન ક્રિયાને અટકાવે છે. આ ઉપરથી આપણે અનુમાન બાંધી શકીએ કે કોઈ પણ પળે સૂર્યનો સમૂહ બે સામસામા બળની સત્તાને તાબે છે; એક બળ ઉષ્માને લીધે, જેનું તે સમૂહને પ્રસારવા તરફ વલણ છે; બીજું ગુરૂત્વાકર્ષણ બળ, જેનું વલણ તેને સંકોચવા તરફ છે.

આ બે બળમાં કાંઈ પણ ફેરફાર થાય નહિ તો તેઓની વચ્ચેનું સમતોલપણું જળવાઈ રહે. પણ સમતોલપણું હમેશાં બદલાય છે અને પાછું તેની તે સ્થિતિએ આવે છે. ઉષ્માનું આક્ષેપનથી વહન થાય છે; ઉષ્માથી ઉત્પન્ન થતું પ્રસારક બળ આ પ્રમાણે ઓછું થાય છે; પછી ગુરૂત્વાકર્ષણ બળનું જોર વધે છે અને પરિણામે સંકોચન ક્રિયા થાય છે. પણ સંકોચન ક્રિયા વધારે ગરમી ઉત્પન્ન કરે છે. મને ખાતરી છે કે તમે આ જાણીતા નિયમના દૃષ્ટાંતોથી જાણીતા છો. જો હું હવા-બંદુક (air-gun) ની નળીમાંની હવા ઉપર દબાણ કરૂં તો મારા હાથમાં મને તે નળી ગરમ લાગશે; તેવીજ રીતે જો સૂર્યને ગુરૂત્વાકર્ષણના ગંજાવર બળથી સંકોચવામાં આવે છે તો તે વધારે ને વધારે ગરમ થતો જાય છે; અને આ પ્રમાણે આક્ષેપનથી ઓછી થતી ઉષ્મા સંકોચનથી પાછી મેળવાય છે. ત્યારપછી વધારે ઉષ્મા જતી રહે છે; ફરીથી સંકોચન થાય છે અને ફરીથી ખોટનો બદલો પૂરો પડે છે. આ ઉપરથી એમ જણાય છે કે જ્યાંસૂધી આક્ષેપનથી ઉષ્મા ખૂટી જાય છે અને ત્યારપછી વધારે દબાણ થયાં કરશે ત્યાં સૂધી સૂર્યની અંદર રહેલો ઉષ્માનો ભંડાર કાંઇપણ ઘટાડો થયા સિવાય હમેશાં તાજો રહેશે. (અપૂર્ણ.)

સાંકળચંદ જેઠાલાલ.

૧-૮-૦ સાર્વજનીક પુસ્તકાલય કરજણ
૧-૮-૦ સ. ગુ. શાળા પીલુદરા.
૧-૮-૦ સ. ગુ. શાળા મોટી દાઉ.
૧-૮-૦ કઠોર ઉર્દુશાળા.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧લો માલોસણ
૧-૮-૦ મિત્રમંડળ પુસ્તકાલય સિદ્ધપુર.
૩-૦-૦ હેડમાસ્તર, ઉદ્યોગશાળા અમરેલી
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં. ૧લો પાટણ
૧-૮-૦ સ. ગુ. શાળા નં. લો વડોદરા.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૪ થો અમરેલી
૧-૮-૦ સ. ગુ. શાળા વામજ તા. કડી
૧-૮-૦ સ. ગુ. શાળા પાનસર.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૩જો અમરેલી
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧લો મહેસાણા
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૩જો પેટલાદ
૧-૮-૦ ધનજીભાઇ ખોજાઓર્ફનેજ મુંબઇ
૧-૮-૦ ડે. એ. ઇ. કલોલ વિભાગ
૧-૮-૦ કલોલ શિક્ષક હીતવર્ધક સમાજ
૧-૮-૦ સ. ગુ. શાળા કજાપૂર.
૧-૮-૦ સ. ગુ. શાળા ગવાડા.
૧-૮-૦ સ. ગુ. શાળા જોરણુંગ
૧-૮-૦ સ. ગુ. શાળા છત્રાલ.
૧-૮-૦ સ. ગુ. શાળા ભાયલી.
૧-૮-૦ સ. ગુ. શાળા શેરથા
૧-૮-૦ મિત્રમંડળ પુસ્તકાલય ધમારા
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં. ૧ લો અમરેલી
૧-૮-૦ ડે.એ.ઇન્સ્પેકટર કામરેજ વિભાગ
૧-૮-૦ ડે. એ. ઇન્સ્પેકટર વ્યારા.
૧-૮-૦ સ. ગુ. શાળા ઉનાઉ
૧-૮-૦ સ. ગુ. શાળા ચાંગા.
૧-૮-૦ સ. ગુ. શાળા ડાભલા

૧-૮-૦ હીરાલાલ વ્રજભુખણદાસ વડોદરા
૩-૦-૦ સ. ગુ. શાળા માડગોળ
૧-૮-૦ સરકયુલેટીંગ લાઇબ્રેરી મકરપુરા
૧-૮-૦ ડે. એ. ઇ. ખેરાળુ વિભાગ
૧-૮-૦ અત્યંજ બોર્ડીંગ હાઉસ પાટણ
૧-૮-૦ સ. ગુ. શાળા ડેશર
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં. ૩ જો અમરેલી
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૧લો નવસારી
૩-૦-૦ સ. ગુ. શાળા અનાવલ
૧-૮-૦ સ. ગુ શાળા ધમીજ
૧-૮-૦ સ. ગુ શાળા નાનામાંચીયાળા
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા બાંધણી
૧-૮-૦ સ. ગુ. શાળા ગડત
૧-૮-૦ સ. ગુ. શાળા માંચોટ
૧-૮-૦ ધા. વ. શાળા મહુવા
૧-૮-૦ સ. ગુ. શાળા એઠોર
૧-૮-૦ સ્ટેટ લાઇબ્રેરી વડોદરા.
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૯ મો વડોદરા
૧-૮-૦ સ. ગુ. શાળા વાલમ
૧-૮-૦ સ. ગુ. શાળા નં. ૪ પાટણ
૧-૮-૦ ધારગણી કન્યાશાળા.
૧-૮-૦ સ. ગુ. કન્યાશાળા નં. ૨ જો પાટણ
૧-૮-૦ ગોસ્વામી બીજનાથ શર્મા આગ્રા
૧-૮-૦ કપોળ બોર્ડીંગ સ્કુલ અમરેલી
૧-૮-૦ છગનલાલ જેકીશનદાસ બંગાળી સુરત
૧-૮-૦ ગોંસાઇ વિશ્રામ ભારથી આનંદ ભારથી દીવ.
૧-૮-૦ સરક્યુલેટીંગ લાઇબ્રેરી દીવેર.

REGISTERLD No. B. 241.

## બસો રૂપીઆમાં અન્ન દાન સાથે.

# અમર નામ!

દાનવીર સજ્જનો અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો ! ! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ ! ! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ દાનમાં મળશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દરવર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે. અને તે દાતાના નામની આરસીની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

# જીવીતદાન.

## આપનાર સો પાળક પણ નહીં નીકળે.

દીન વત્સલો પ્રભુની ખાતર દયા અને અનાથોના પાળક બનો. દર માસે રૂ. ૭) આપનાર ધર્માત્માના નામથી બાર વર્ષથી મોટી ઉમરના અનાથને પાળી વિદ્યાદાન આપી શકીશું. આ પુણ્ય ભુમીમાં અનાથના પ્રાણદાતા એવા ૧૦૦) પાળક પણ નહિ નીકળે ? જરૂર દયા લાવી લખોઃ—

## મંત્રી હિંદુ અનાથ આશ્રમ--નડિયાદ.

# વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| પિતાને યાચના ... | ( રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી. ) | ૨૫૭ |
| રવિન્દ્રનાથ ટાગોર કૃત–"ગીતાન્જલી"માંથી એક કાવ્ય. | ( રા. રા. ભાઈશંકર કુબેરજી શુક્લ. ) | ૨૫૮ |
| દીન દરવેશની કવિતા. ... | ( રા. રા. પોપટલાલ કેવળચંદ શાહ. ) | ૨૫૯ |
| રજપૂત લોકોની લઢાઇમાં વંચાતું મહાભારત. ... | ( રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળ. ) | ૨૬૧ |
| જયા અને જયન્ત. ... | ( રા. રા. શિવભાઇ બાપુભાઇ ) | ૨૭૨ |
| દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈ. ... | | ૨૮૨ |



ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી (અમદાવાદ) તરફથી

તંત્રી અને પ્રકાશક,

હીરાલલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી.

ઘ શીરામની પોળ—અમદાવાદ.

લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧॥) અગાઉથી. ટપાલ ખર્ચ માફ.

છૂટક દર અંકના ત્રણ આના.

અમદાવાદ—ધી અ૦ યુનિયનપ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

# बुद्धिप्रकाश.

પુસ્તક ૬૧ મું. સપ્ટેમ્બર, સને ૧૯૧૪. અંક ૯ મો.


## પિતાને યાચના.

( હિંદી કવિ મૈથિલીશરણ ગુપ્તના એક કાવ્યનો અનુવાદ. )

દયા-દાન દેશો ? દયા-ધામ છો,
રમો ચિત્તમાં આપ તો રામ છો,
પ્રભો ! ભક્તિ દ્યો, શક્તિ દ્યો કે ન દ્યો,
મને એજ દ્યો, મુક્તિ દ્યો કે ન દ્યો,
ગુણાતીત છો કે નિરાકાર છો,
વિભો ! મુજ કાજે તમે સાર છો.
સહુ ઠામ જો સૃષ્ટિમાં છો વસ્યા.
પુનઃ દૃષ્ટિથી છો કહો ક્યાં જૂદા ?
તજો શૂન્યતા ઇશ ! સાકાર છો,
પુનઃ રૂપમાં ભાવ-વિસ્તાર છો.
બન્યાં ચર્મના ચક્ષુ પણ ધન્ય છે,
ન જોશે વિના આપ કૈં અન્ય એ.
બહુ જન્મનો હાય ! વિશ્લેષ છે;
કહોને હજીયે રહ્યું શેષ છે ?
ન ચિન્તા જૂદો આપથી હું રહ્યો,
સદા આપનું ધ્યાન ધરતો રહ્યો.
વ્યથા જો નથી ભૂમિને ભારની,
નથી તો મને ભીતિ સંસારની.
તમારા જગદ્રાજ્યમાં ભીતિ શી ?
પ્રભો ! મુજ કાજે નવી નીતિ શી ?
તમારૂં જગદ્રાજ્ય એવુંજ રહે,
સદા આપના પ્રેમને એ ગ્રહે.
વધો શાન્તિ જેવી વિધુની કળા.

સહુના ભલામાં ભલું મારૂં હો !
મને ધ્યાન દ્યો, જ્ઞાન દ્યો કે ન દ્યો,
ગિરા–ગાન દ્યો, માન દ્યો કે ન દ્યો.
તમારા ગુણ–ગ્રામ ગાયા કરૂં,
તમારા ગુણોમાંજ માયા ધરૂં.
નથી લાલસા હે પ્રભો ! વિત્તની,
મને ચેતના જોઇએ ચિત્તની.
ભલેને જરાયે ન દ્યો સમ્પદા,
રહે આત્મ વિશ્વાસ પૂરો સદા.
નથી માગતો હીર કે હેમ દ્યો,
દીધું વિશ્વ તો વિશ્વનો પ્રેમ દ્યો.
ભલે દુઃખ આપત્તિઓ ઘેરી લ્યે,
નહીં ઉર દુર્વૃત્તિઓને ગ્રહે.
રહું સર્વદા દુઃખમાં, શોચ શો ?
તમારૂં દીધું દુઃખ, સંકોચ શો ?
યદિ આપના ગુણ ગાતાં મરૂં,
ન તો લેશ મૃત્યુ થકી હું ડરૂં.
તમે મુજ શાન્તિ તણું ધામ છો,
તમે દાસનો એક વિશ્રામ છો.
ભિખારી ઉભો છું, જરા ધ્યાન દ્યો,
ન દ્યો કાંઈ તો દૃષ્ટિનું દાન દ્યો.

કલકત્તા.
તા. ૨૦–૧૨–૧૩

ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી.

---

# રવિન્દ્રનાથ ટાગોર કૃત—"ગીતાન્જલી" ના કાવ્યો.

( ગુર્જર ગિરામાં. )

૫.

વસન્ત તિલકા.

ત્હારી સમક્ષ ક્ષણ એકજ બેસવાને,
યાચું પ્રભુ ! ક્ષણિક આટલી છૂટ દેને;
જે કર્મ છે જગતના મુજ શીર ચોંટયા,
મૂકું ઘડીક અળગાં, પછી તે કરીશ. ૧

જો તાહરા મુખ થકી ઘડી થાઉં દૂર,
તો હર્ષ શાન્તિ વીણ વ્યાકુળ થાય ઉર;
ને કર્મ થાય શ્રમ નિષ્ફળ ને અખૂટ,
કાંઠા વિના ઉદધિને તરવો અયુક્ત. ૨

આજે નિદાઘ મુજદ્વાર નજીક આવ્યો,
ધીમો સમીર કરી વાતું કરે શું ભાવ્યો;
પુષ્પિત કુંજ તણી સુન્દર વાટીકામાં,
ઉડે ઘણા ભ્રમર ગાયક શું મજામાં. ૩

આવ્યો હવે સમય શાન્તિથી બેસવાનો,
ત્હારી સમક્ષ તુજ મુખ નિહાળવાનો;
આ શાન્તને અતિવ હર્ષદ નિવૃત્તિમાં,
ગાઈ ગીતો કરૂં સમર્પણ જીન્દગી આ. ૪

ભાઈશંકર કુબેરજી શુકલ.

---

# દીન દરવેશની કવિતા.

( સંપાદક પોપટલાલ કેવળચંદ શાહ—રાજકોટ. )

**ઝુલણા છંદને ઢાળે.**

હરણુકે* કહાં રાવણ કહાં, ઇંદ્રજીત નહિ ફિર આવનેકા,
અરૂ કંસ કહાં ઉગ્રસેન કહાં, જાલંધર ના જગ આવનેકા;
ચક્રવર્તી હુવા સોહી નાહીં રહા, સાકાર દિસે સભી જાવનેકા,
તેરે મન માને સોહી કર પ્યારે, સાંઇ દીન તો સચ બતાવનેકા. ૧

ગઢકોટ કિલ્લા ધરા રહેગા એ, ધરા રહેગા ખાઈ વો તોપખાના,
શુરવીર જંજાલકા જોર નહિ લગાવ લગે નહિ કેક બાબા,
સિલેપોસ સિપાઇ અનેક ખડે જીવ જમકે હાથ જરૂર જાના,
સાંઇ દીન કહે તેરી કોન ચલે દેખદેખતે મેં ગયે રાવરાના. ૨

---

* મેવાડના એક બારોટ પાસેથી આ ઉતારેલું. તેણે જણાવ્યું કે દીન દરવેશ અમારા મેવાડમાં થઇ ગયેલ છે. દીન દરવેશના કેટલાક કુંડળીયા કવેશ્વર દલપતરામભાઇએ અગાઉ બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ કર્યાં છે. અહીં મેં જે આપ્યા છે તે મારા જાણવા પ્રમાણે પ્રસિદ્ધ થયેલ નથી. * હિરણ્યકશ્યપુ.

તુઝે રામકા નામકી ગમ નહિ, પંડીત હુઇ ક્યું ફિરતાહે,
ગીતા રહેમાન કુરાન પઢે, દિલ દામહી દામહી જપતાહે;
ગીતગીતકે કેહી અરથ કરે ધીરજ સંતોષ ન ધરતા હે,
સાંઇ દીન કહે પરતીત બિના, ઝકઝોર બંકોર ક્યું કરતા હે. ૩

જીવ ઠેઠ કે શૂલ તો ભૂલ ગયા, ધંન પેટકી કાજ ભટકતા હે,
કેહી કુડ કપટ ઝપટ કરે, લાલચ લપટ લટકતા હે;
હરામકા કામ તો ઓત કરે સાહિબ કે નામ અટકતા હે,
સાંઇ દીન કહે અક્કડ મતિ પકડકે કાલ પટકતા હે. ૪

ચેતચેત અચેત ક્યોં સોઇ રહે, ગાફિલ જનમ ગુમાવતા હે,
નરદેહકે પાયકે કયાંહી કિયા, અબુજ અસત કમાવતા હે;
મતિહિન કહા ગતિ હોયગી એ, સચ કહું સો તાંહીં સુહાવતા હે,
તેરી મન માને સોહીકર પ્યારે, સાંઇ દીન તો સમ બતાવતા હે. ૫

દોહી તીન ગુના સાંઇ માફ કરે, માફમે માફ ગમાયતાજ,
સાહેબતો થાપ ઉથાપ થાપે, ભુલ મત તુઝે ભમાયગાજ;
કુકર્મ કબદકા કામ કરે, કુકર્મે અસલ દમાયગાજ,
સાંઇ દીન કહે ચડયા દાંત સોહી ઘડા પાપ ભર્યા ફુટ જાયગાજ. ૬

---

## કુંડલીઆ.

માયા મનડા કરત હે, દિલમેં ધરકર દાવ;
હિસાબ સબકા હોયગા, કોણ રંક કોણ રાવ.
કોણ રંક કોણ રાવ, જમ જંજિર જડેગા,
ધની માંગસી ન્યાય, જિસીદિન ખબર પડેગા.
કહે દીન દરવેશ, હક સાહેબ ફુરમાયા;
દિલમેં ધરકર દાવ, કરતહે મનડા માયા.
મરગયે સિંધિયા માદજ, ધર્યા રહ્યા ધનધામ;
મેદપાટ નવકોટિકા, લીયા દિલીકા દામ.
લિયા દિલીકા દામ, લારકી ફોજ દમંગલ;
પાદશાહ આધીન, સોહી જ્યું સુતા જંગલ.
કહે દિન દરવેશ, હાડા કહાં છત્ર સાલજ;
ધર્યા રહ્યા ધન માલ, સિંધિયા મર્યા માદજ,

# રજપૂત લોકોની લઢાઈમાં વંચાતું મહાભારત.

રજપૂત લોકની લઢાઇઓમાં ભાટ ચારણો રાતે મહાભારતની કથા કહી, યોદ્ધાઓને શૂર ચઢાવતા હતા તે વાત તો ઇતિહાસ પ્રસિદ્ધ છે. આ કાવ્ય સાંભળવાથી શૂરવીર ક્ષત્રિઓને એટલુંજ તો શૂર ચઢતું હતું, કે તે દહાડે લઢાઇના કામથી કંટાળી અને થાકી ગયા છતાં, બીજે દહાડે પો ફાટતાં ફરીને લઢવા માટે આનન્દ અને કર્તવ્ય સમજતા હતા. ભાટ ચારણોની આ વીરરસ કથાઓ સંસ્કૃતમાં નહિ, પણ તે વખતની પ્રચલિત ભાષામાં થતી હશે, એમ ધારી શકાય છે. કારણ કે સંસ્કૃત ભારત સમજવા જેટલું જ્ઞાન શ્રોતાઓમાં તેમ વક્તાઓમાં હોય એમ લાગતું નથી; તેની સાથે સંસ્કૃત ઉપરથી ગુજરાતી કરી સમજાવવા જતાં મૂળ કાવ્યના કર્તાના ખરા રસની જોઇએ તેટલી જમાવટ થાય નહિ, એ દેખીતું છે. તેથી ભાટ ચારણોએ આવા પ્રસંગ માટે ખાસ જુદાં જુદાં ચાલતી ભાષામાં ભાષાંતર કરેલાં જણાય છે. આવું એક વીરરસ પ્રાધાન્ય લખેલું કાવ્ય હાથ આવતાં, આ નીચે તેમાંના જુદા જુદા ભાગોની થોડી થોડી કવિતા આપવામાં આવી છે.

આ કાવ્ય જૂની ગુજરાતી ભાષામાં છે, તેમ છતાં તેમાં ચારણી બોલીના શબ્દો એટલા બધા આવેલા છે, કે તેનો અર્થ બરોબર રીતે સમજી શકાતો નથી. આ ઉપરથી એમ અનુમાન થાય છે, કે આ કાવ્યનો કર્તા કોઈ ચારણ જાતિનો કવિ હશે. ને તેજ કારણથી તેણે જૂની ગુજરાતી ભાષામાં પોતાની બોલીના શબ્દો મૂકયા હશે.

કેટલાક લેખકો, જૂની ગુજરાતી ભાષાને ચારણી ભાષા કહે છે, પણ ખરૂં જોતાં આ વાત માનવા જેવી લાગતી નથી. કારણ કે ચારણી એ ગુજરાતના એક અમુક વર્ગના માણસોની બોલી છે, અને ગુજરાતી ભાષાતો તમામ વર્ગના લોકની એક સામાન્ય ભાષા છે. આ વિષે વધારે માહિતી માટે અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા જૂની ગુજરાતી ભાષાના લેખો સાથે, આ કાવ્યમાં આવતા ચારણી શબ્દોનો મુકાબલો કરી જોવાની જરૂર છે. ઝાલોર—મારવાડ—ના વીશલનગરા નાગર કવિ પદ્મનાભ કૃત કાન્હડદે પ્રબંધ વિ. સં. ૧૫૧૨ માં રચાયો છે, અને આ કાવ્ય વિ. સં. ૧૫૩૨ માં રચાયેલું જણાય છે, એટલે આ કાવ્યની ભાષા સાથે કાન્હડદે પ્રબંધની ભાષા મેળવી જોયાથી આ વાતની વિશેષ ખાતરી થશે.

કોઇપણ કાવ્ય વાંચી જવું, અને તેનું તે કાવ્ય, કોઈ મધુર કંઠવાળા માણસના મોઢેથી સાંભળવું, તેમાં ઘણો ફેર પડે છે. વાંચી જવા કરતાં સાંભળવાથી સાંભળનારા માણસના દિલમાં દશગણી વધારે અસર થાય છે. આજ કારણથી દરેક માણસને એક નાટક વાંચી જોયા કરતાં, તે પ્રત્યક્ષ ભજવાતું જોવાને વધારે મન થાય છે. રાજપીપળા સંસ્થાનના કે. મહારાજા વેરીસાલજી મહારાજ પાસે કનોજનો છોટાલાલ નામનો એક માન કરી હતો, તે આ કાવ્ય એવી છટાથી વાંચી સંભળાયતો હતો, કે તે સાંભળી રાજા, સરદારો અને દરબારમાં બેઠેલા અન્ય ક્ષત્રિઓને ઘણું શૂર ચઢી આવતું, તે વખતે વીરરસ એવો તો જામી જતો, કે ઘણા ક્ષત્રિઓનો જમણો હાથ, અનાયાસે ડાબી બાજુએ બાંધેલી

શમશેરની મુઠ ઉપર પડી જતો, તેમ કેટલાક તો સાંભળતાં સાંભળતાં હથીઆર સાથે અર્ધા ઉભા થઈ જતા. કચેરીમાં બેસનારા ક્ષત્રિઓ, વાણીયા બ્રાહ્મણ પેઠે પલાંઠી વાળીને ન બેસતાં ડાબો પગ વાળી, જમણો પગ ઉપર ટટાર છાતી કાઢીને બેસે છે, જેથી તેમને પ્રસંગ આવે ઊભા થઇ જતાં વાર લાગતી નથી.

મળેલા ચોપડામાં આખું મહાભારત લખેલું નથી. પણ તેનાં બે ત્રણ પર્વ અને બીજાં છૂટક કાવ્ય લખેલાં છે. તેમાં તે બધાં એકજ છંદમાં, એટલે છપય છંદમાં રચાએલાં છે. આથી કર્તાએ આખું મહાભારત રચ્યું હશે, કે આટલા ભાગજ રચીને તે કામ પડતું મૂક્યું હશે તે કાંઇ સમજાતું નથી.

ચોપડાના આરંભમાં સભાપર્વ પૂરેપૂરૂં લખેલું છે, અને તેના એકંદર ૨૪૫ છંદ છે. તેની લખ્યા સાલ વિ. સં. ૧૭૮૬ ના શ્રાવણ વદિ ૫ ને શુક્રવાર છે. આ પર્વના સાતમા છપય છંદમાં કર્તાએ આ કાવ્યની રચ્યા સાલ નીચે પ્રમાણે આપી છે.

છપય છંદ.

સંવત પંનર સમિ, વરસ બોલુ બત્રીસિ;
સંવછર શુભ કૃત, દેવગણ ઊરધમ દીસિ.
શ્રાવણ વદિ તેરસ, × × પુનરવસ;
કુહુ ઢપુ હુ × × ચઢિ, પવીત્ર બોલું પંડવ જશ.
વડસરિ વસીનિ મિ વદૂ, વદૂ જે ત્રણા દેવડિ,
મયા ગુંધારૂ મુના સવે[1] તુ સભા પરવ સ્રાદિ[2] ચઢિ.

સભા પર્વ પછી ૧૦૫ છંદનું વૈરાટ પર્વ આવે છે. તેની લખ્યા સાલ પણ વિ. સં. ૧૭૮૬ છે.

તે પછી દક્ષિણ ગૌગ્રહી ( દક્ષિણ ગઉ હરણ ) નામનું એક ન્હાનું કાવ્ય આવે છે. ત્હેના ૨૭ છંદ છે, અને તેની સાથેજ ઉત્તર ગઉગ્રહી નામનું ૮૨ છપય છંદનું કાવ્ય લખેલુંછે.

ત્યારપછી કૃષ્ણવિષ્ટિ નામનું ૫૩ છપયનું કાવ્ય, અને તેની પછી યુદ્ધ પર્વ આવેછે. આ યુદ્ધ પર્વના છપય ઉપર આંકડા મૂકેલા નથી, તો પણ પાનાની સંખ્યા જોતાં તે સભા પર્વની બરોબર હશે, એમ માલમ પડે છે. આ પર્વ અધુરૂં છે.

તે પછી પૃથુરાજ રાજાના વરદાયી કવિ ચંદ બારોટ કૃત પૃથુરાજ રાસાનો ભાગ લખેલો છે. ત્હેના કુલ છંદ ૧૮૦ છે. ત્હેને છેડે લખ્યું છે કેઃ—

ઇતિશ્રી કબી ચંદ વિરચીતે પ્રથીરાજ રાસાકેન સંજોગતા વીવાહ સમયો નામ જેષ્ટ ખંડ સંપૂર્ણ. સમાપ્ત.

સંજોગતા વિવાહ સમય પછી રાજપીપળા સંસ્થાનના કૈ. મહારાજા જીતસિંગજીનો ગણ ( કાવ્ય ) લખેલું છે. તે કાવ્ય કોઇ આધુનિક ચારણ કવિનું રચેલું જણાય છે. કવિએ આ ન્હાના કાવ્યમાં ઘણી જાતના અપ્રસિદ્ધ છંદ વાપર્યા છે. એકંદર ૪૦ છંદમાં કાવ્ય પુરૂં થાય છે.

× × અક્ષર ગયેલા છે. ૧ સર્વે ૨ સરાડે.

છેવટે હરિરસ નામનું એક ન્હાનું કાવ્ય આપેલું છે. તેનો વિષય તેના નામ પ્રમાણે હરિ–પરમેશ્વર–સંબંધી છે. ભાષા હિન્દી જણાય છે, પણ તે શુદ્ધ હિન્દી ન હોતાં તેમાં ચારણી શબ્દો મનમાનતા વાપર્યા છે.

ઉપર બતાવ્યા પ્રમાણે આ કાવ્યની રચ્યા સાલ વિ. સં. ૧૫૭૨ ના શ્રાવણ વદિ તેરસ છે, અને ઝાલોરના વીશલનગરા નાગર કવિ પદ્મનાભ કૃત કાન્હડદે પ્રબંધની રચ્યા સાલ વિ. સં. ૧૫૧૨ છે, એટલે કાન્હડદેના કાવ્ય કરતાં, આ કાવ્ય વીશ વરસ પછી રચાયુંછે.

કોઇ પણ પર્વમાં કર્તાએ પોતાનું નામ આપ્યું જણાતું નથી, પણ કૃષ્ણ વિષ્ટિના છેડે તે પોતાનું નામ નીચે પ્રમાણે આપે છે.

છપય છંદ. (૫૩)

કાં સિહિ દેશ ચલ્યી, કાંઇ વાઊ છકવાઓ;<br>
કાં રવ્ય[1] ઝાંખું થયું, કાંયિ સાયિર[2] ઝલકાઓ.<br>
કાં એ મેરૂ ગર[3] નમ્યું, કાંયિ દ્રુ મંડલ્ય ડોલિ;<br>
કાં અવની આકંપ, કાંયિ બહૂ વનચર બોલિ,<br>
ત્રૂટયાં નખત્ર નીઘાત જો, સિાહ નાંમી શીજત અસિ,<br>
સિહીદેવ[4] કિહિ સુણાં સ્વામ જો, અદભૂત ક્રમાં[5] અવની હશિ.

આ જોતાં કોઇ સહેદેવ નામના કવિએ આ કાવ્ય રચેલું હોય એમ જણાય છે. આજ નામના એક કવિએ સદ્દગુરૂ વાચા નામનું એક કાવ્ય રચ્યું છે, તે બંને એકજ હોય એમ જણાતું નથી. કેમકે સદ્દગુરૂ વાચાના કાવ્યની ભાષા ગુજરાતી સાથે હિન્દી મીશ્રિત છે, તેમ ગુજરાતી ભાષા બહુ જૂની જણાતી નથી.

મળેલા ચોપડાનું લખાણ ચોખ્ખું છે, તોપણ લેખકે પ્રમાદથી કોઇ કોઇ સ્થળે ભૂલો કરેલી જણાય છે. પાઠાંતર મેળવવા માટે બીજી લખેલી પ્રત નહિ મળવાથી આવી ભૂલો સુધારવાને કાંઇ બની શક્યું નથી. તેથી શંકા પડતા શબ્દો ઘણી જગોએ તેવા તે કાયમ રાખવા પડયા છે. તેમ જોડણી પણ કાયમ રાખી છે.

દરેક પર્વ અને છૂટક કાવ્યોમાંથી નમુના દાખલ: થોડા થોડા છપય છંદ જે લખવામાં આવ્યા છે, તેમાંના કઠણ શબ્દોના અર્થ જે સમજાયા તે આપ્યા છે, ને જે શબ્દોના અર્થ બરોબર સમજાયા નથી તે એમના એમ ( અર્થ કર્યા વિના ) પડતા મૂકવામાં આવ્યા છે. આશા છે, કે કરેલા અર્થમાં કાંઇ ભુલ હશે તો તે વાંચનાર બંધુ દરગુજર કરશે.

સભા પર્વમાં નારદઋષિ, ધર્મરાજાને કહે છે કે રાજ્ય દરબારમાં આવાં આવાં લક્ષણવાળાં માણસ જોઇએ.

---

૧ રવિ, સૂર્ય. ૨ દરીઓ, ૩ ગિરિ, પર્વત. ૪ સહેદેવ. ૫ ક્રમો,

### છપય છંદ (૩૧)

અંગરખા[૧] અસમાંન્ય,[૨] કંઇ નવ બોલિ કૂડૂ;
આઠ પહોર ઓલગિ[૩], રાઓ મનાવિ રૂડૂ.
રૂડી સેવા કરિ, વ્રથા બોલતાં તિ વારિ;
શુભ અશુભ સાંભળી, તેહ પણ ત્યાંહાં વીસારિ.
અંતસપૂર મહિ[૪] ઊપજિ[૫], કશી વાત તે નવ કરિ;
જૂધિષ્ટર એહવા જોઇએ, અધીકનાં ઓછૂં ઓચરિ.

વૈરાટ નગરમાં પાંડવો, વેશ બદલીને રાજાના દરબારમાં રહ્યા હતા, ત્યાં રાજાના સાળા કીચકે, દ્રૌપદીને બદદાનતથી મારી હતી, તેથી તે રાતે છાનીમાની ભીમ પાસે જઇને કહેવા લાગી.

### છંદ (૭૨)

એમ કરતાં આથમ્યુ,[૬] રાત તુ પિહિલી[૭] વાંમી[૮]
ચડવડ[૯] ચાલી જાયિ,[૧૦] ભણી, સૈરંધ્રી[૧૧] સ્વામી.
રસોમાંહિ[૧૨] જઇ રડી, વાલાનિ કંઠિ વલગી;
જ્યમ[૧૩] વેલિ વીંટયો વર્ખ, તેમ નાં થાએ અલગી.
કલ[૧૪]વંતી કઇચક પ્રજાવી,[૧૫] આજ અહમાં આવ્યૂં શરૂ,
પૂઠ નાં છોડિ પાપીઓ, કિહિનાં ભીમ હૂ કમ[૧૬] કરૂં.

દ્રૌપદીનુ આ દુઃખ ભાગવા માટે ભીમે ત્હેની સાથે રાતે નિશાળમાં જઇ, કીચકને યમ સદનમાં પહોંચાડી દીધો, તે પછી દ્રૌપદી નિશાળ બહાર આવી બુમ પાડી કહેવા લાગી.

### (૯૦)

હરખી હૈયામાંહિ, બૂંબ[૧૭] દેઇ આવી બાહર;
સૂતૂ જાગૂ સહૂ, રીર[૧૮] અત્ય[૧૯] પડિ સરાહર.
સતી સદ્રણા તમો, વીર અત્ય ઘણૂં તે વાર્યો;
મૂકનિથુ[૨૦] માયિ, મલી ગંધર્વિ તે માર્યો.
જણાં જણાં બોલિ જૂજૂયાં,[૨૧] અસનાં એક માર્યો અછણુ;
તે ધાત્યુ નાં દીસિ પ્રગટા[૨૨], કૂટી કીધૂ કાચણુ.

---

૧ અંગનું રક્ષણ કરનારા. ૨ સમાનપણે નહિ પણ વિશેષ્ય રીતે. ૩ ચાકરી. ૪ અંતઃપુરમાં. ૫ થઇ, બનેલી. ૬ સૂર્ય આથમ્યો. ૭ પહેલી રાત, પહેલો પહોર. ૮ વીતી, ગઇ. ૯ ઉતાવળી. ૧૦ ગઈ. ૧૧ દ્રૌપદી. ૧૨ રસોડામાં. ૧૩ જેમનું ટુંકું રૂપ, જૂની ગુજરાતીમાં ઘણી જગાએ વાપરેલું જોવામાં આવે છે. ૧૪ વૃક્ષ, ઝાડ. ૧૫ દુભવી. દુખી કરી. ૧૬ કેમ. ૧૭ બુમ. ૧૮ રીડ, બુમ. ૧૯ અતિ. ૨૦ મ્હારી પાસેનો. ૨૧ જુદાં જુદાં જૂજવાં. ૨૨ પ્રત્યક્ષ.

મારી નાખેલા કીચકને બાળવા લેઇ જતાં, ત્હેની સાથે દ્રૌપદીને પણ જીવતા બાળી મૂકવા સારૂ, ત્હેના ભાઇઓ લેઇ ગયેલા, પણ ત્યાં ભીમે આવી તે બધાને પકડી પકડીને જીવતાને જીવતા ચિતામાં નાખી દીધા ને વહેલો વહેલો દરબારમાં આવી રસોડામાં જઇ બેઠો.

( ૧૦૧ )

કીચક સવિ[1] સંહરી,[2] વલ[3] મંદર ગિઉ વિહિલુ;
રસોમાંહિ જઇ રહુ, પરખ[4] પંચાલી વિહિલુ.
હરખુ હૈયામાંહિ, જૂધ કિહિનિ[5] નવ જાણુ;
શત[6] જનાં સંહરી, અંત ઘણુ ઘણા તે આણુ.
એટલૂ સદ્રષ્ટા વિ સાંભલૂ, રહી અત રાંમા રડિ;
ઘણૂ ઘણૂ વિરાટ ઘેર, પેર પેર પોકો પડી.

**દ્ખણાં ગઉ અહી કાવ્યમાંથી.**

દુર્યોધન, પાંડવોનો શોધ કરી તેમને ફરી વનવાસ કાઢવા માટે જુદા જુદા દેશોમાં જુદા જુદા ચર મોકલે છે, ને તેઓ કયા દેશમાં હશે, અથવા જોઇએ, તેના માટે તે દેશની એંધાણીઓ–ચિન્હો–કહી બતાવે છે, કે જેથી તેઓનો પત્તો બરોબરને વહેલો લાગે, અને ધારેલું કાર્ય પાર પડે.

( ૭ )

જિણિ દેશ ઘણી દયા, મેહ જાંહાં વરસિ માગ્યા;
સબલુ[7] હોય સંગ્રામ, વીર સાંભળજો વાગ્યા[8]
સહૂ સૂખ પરવરિ[9] કમિ[10] નાં ચાલિ કૂડૂ;
આપ આપણી રૂદ્ધિ[11] ધરમતુ વરતિ[12] રૂડૂ.
ચર પ્રતિ દુરજોજન ચવિ,[13] ભ્રાત તમુ ભાંજુ મણા;
એ ધાંણુ જિણિ ખંડ એટલાં, તાં પંડવ અર [14]છિ[15] આપણા.

આ સાંભળી ચર કહે છે કે–

( ૮ )

અનચર[16] બોલિ એમ, ભોમ[17] અમ રહૂ તાં ભમતા;
અંગમ[18] મ ધરો ઉચાટ, રાઉ તમો હીંડો રમતા.
પાંડવ પ્રગટ કરૂ, અહ્મ જોતાં ક્યાંહાં જાશિ;
છાંના નહી રિહિ છેહ, વીર સાંભળશો વાસિ.
સારા દેશ તે શોધશું, રાઆં[19] તન જોશુ રહી;
જો કંહી હશિ તે જીવતા; તો સધ[20] લેઇ આવૂ સહીં.

---

૧ સર્વે. ૨ મારી. ૩ વળ્યો. ૪ પુરૂષ, ૫ કેકેણે ૬ સો. ૭ સબળો, મ્હોટો. ૮ વાગતા ફર્યા, તિરસ્કાર વાચક શબ્દ જણાય છે. ભટકતા ફર્યા. ૯ છોડી દઇ. ૧૦ જરાપણ. ૧૧ હૃદયમાં. ૧૨ ધર્મથી 'તુ' પાંચમી વિભક્તિનો પ્રત્યક્ષ છે. ૧૩ ચાલે. ૧૪ કહે. ૧૫ અહીં. ૧૬ છે. ૧૭ ચાકર. અનુચર ( અનુ=પાછળ+ચર–ચાલનારો. ) ૧૮ ભૂમિ. ૧૯ અંગ–મનમાં. ૨૦ રાજાઓનાં ૨૧ શોધ.

કૌરવો અને તેમનું લશ્કર, વૈરાટ નગરમાં ગાયો વાળી જાય છે, તે વખતે ધર્મરાજા તેને પાછી વાળી લાવવા માટે ભીમને કહે છે, ત્યારે તે બોલે છે, કે આ કામમાં મદદ આપવવાની જરૂર નથી, કેમકે રાજાના સાળા કીચકે, સૈરિંધ્રી–દ્રૌપદી–ને લાતો મારી હતી, તે વખતે રાજા પાસે હોવા છતાં તે કાંઇ બોલી શકયો નહતો. આ સાંભળી ધર્મ-રાય કહે છે, કે અવગુણ પાછળ જે ગુણ કરે તેજ માનભાવ–મ્હોટા પુરુષો જાણવા.

( ૨૪ )

ભીમ રાઉ પ્રત[1] ભણિ, દાસ એ જાવા દીજિ;
પાપી હીડયો પાપ, નાંમ એહનૂ નહ[2] લીજિ.
પંચાલી શર[3] પ્રહાર, સભા દેખતાં તે કીધુ;
સૂથ[4]નાં વારીં શકયો, ખત્રીં ખણાં એક નાં સીધુ.
વદિ જુધીષ્ટર ત્રાસીઉ, દોહિલિ[5] પડિ જે દખ[6] હરિ;
માંનભાવ[7] તે જાંણુવા જે, અવગણ કેડિ ગણ[8] કરિ.

## ઉત્તર ગઉ અહી કાવ્યમાંથી.

દક્ષિણ દિશાની ગાયોની વહારે વૈરાટ ગયેલો તે વખતે ઉત્તર દિશા તરફની ગાયોનું હરણ થતાં, તેમની મદદે જવા માટે અર્જુન, ઉત્તર કુંવરને કહે છે, પણ તે લઢાઇના કા-મમાં કાયર હોવાથી જવા માટે તૈયારી કરતો નથી, તે જોઇ અર્જુન તેને ધીરજ આપેછે.

(૧૮)

ત્રિહિદલ[9] કિહિ સુણાં વછ, [10]તાત વિરાટ તાહરિ
બોલ મ એવા બોલ, સહી સારથ[11] એમ વારી
લોક વગોશિ[12] લાખ, સહી અંત ઓર સારૂ
હૈયિ[13] હાર માં કૂડ,[14] કૂયુ સંગ્રાંમાં નાં હારૂ
શત્ર[15]સાંહામિ ચાલી સોફલી, ભલ[16]રાઓત[17]જે ક્રમાં[18]ભરિ
ઉત્તર તૂ માંને એટલૂ, તે અંતકાલ અપછર[19] વરિ

છેવટે અર્જુનના અતિ આગ્રહને લીધે તે ગાયોની વહારે ચઢે છે, પણ ત્યાં ગયા પછી કૌરવનું લશ્કર જોઇ ત્હેને હિંમત રહેતી નથી, તેથી જીવવાની આશાએ રથ પાછો ઘેર લેઇ જવા માટે અર્જુનને કાલાવાલા કરે છે, તેમ લાલચ આપે છે. તે ન માનતાં અર્જુન પોતાનાં સમડી ઝાડ ઉપર મૂકેલાં આયુધ લેવા જાય છે.

(૧૩)

વછ કહિ ત્રિહિદલ્ય, માંન્ય જો કહઉ માહારૂં
ભલ[20] આપૂ ભંડાર, કારજ મા સારિ તાહારૂં

---

૧ પ્રતિ. ૨ નહા. વિન્ધ્યાચળ વાસી ભીલોમાં વપરાતો શબ્દ. ( ન=નહિ+હા=હા ) =હા નહિ એટલે ના. આજ પ્રમાણે નહતું શબ્દનો અર્થ પણ તેને મળતો છે. ૩ શિર. ૪ રાજા ? ૫ કઠણુ. ૬ દુઃખ ૭ મહાત્મા. ૮ ૯ અર્જુન. ૧૦ કુંવર. વત્સ, ઉપરથી. ૧૧ હસારથ. ૧૨ વગોવશે. ૧૩ હૈયે. ૧૪ મૂર્ખ. ૧૫ શત્રુ. ૧૬ ઉત્તમ, ભલા, ૧૭ રાજાઓ. ૧૮ કર્મ–કામો. ૧૯ અપ્સરા. ૨૦ સારા, મ્હોટા.

મોહિ માઝ મન ગમિ, તેહ હૂ સોંપૂ તૂહનિ
લાખ કટકમાં હાં લેઇ, કાંએ મરાવુ મૂહનિ.
જાઉ વર ગઉ ધણાં જણાં હશો, ગયો એમ લજ ગમી[1]
આયૂધ જાંહાં હતાં આપણાં, તેજી આવ્યા તલ સમી.[2]

અર્જુને દુર્યોધનનાં લશ્કરને હરાવી, કેટલાકને મૂર્છાગત પમાડયા, ને પછી ઉત્તર કુંવરને કહેવા લાગ્યો, કે આ મૂર્છાગત પામેલાનાં મુગટો વગેરે લેઈ આવ, એટલે આપણે ગાયોને વાળીને શહેર ભણી જઇએ.

(૫૮)

કટક તે કઉરવ તણૂ, વીર અરજન વીભાડૂ[3]
ભીષમ ભડ વણુ કોડ, મછર મોહાંગત પાડૂ
કુઅર પ્રત એમ કહિ, વયિણાં સાંભળ માહરાં
ઉત્તર હવિ ઉતાર, સવિ શરબંધનાં[4] સારાં
દુરજોધન દુશાશનતણાં, કરણ દ્રોણાં ધરણે ઢળ્યા
મનાં વાંચીત લીજે મોલીઆં, વાલી ગઉ આપણાં વલ્યા.

ઘર તરફ આવતાં અર્જુન, ઉત્તર કુંવરને કહે છે, કે તારે આ મ્હારા જીત્યાની વાત હમણા કોઇને કહેવી નહિ, કારણ કે હજુ ગુપ્ત રહેવાની મુદતમાં અમારે બે ત્રણ દહાડા બાકી છે.

(૬૦)

ત્રિહિદલ કિહિ સણાં વચ, વીર તૂજ મૂકૂ વારી
રાજા આગલ રખે, વાત કાંઇ કહો અમારી
સમીઉ મૂકયા સાર, આઉધ જાંહાં હતાં અગિ[5]
ભાગા મિ તૂ ભણે, રંગ રાયાં હર લાગિ
[6]દન બેઅ ત્રણાં દોહિલા, ત્રિહિદલ ઉત્તર પ્રત[7] ભણિ
બોલામાંહાં ઊછૂ એટલૂ, અવધ પુહુતી અહ્ય તણિ

કોરવો પાસેથી છોડાવેલી ગાયો:શહેર તરફ આવતાં કેવી આનંદમાં દોડતી આવે છે તે વિષે કવિ લખે છે કે

(૬૧)

ગઉ વછોડી ગ્રહી,[8] કોડ હીસારવ કરતી
વળી ભણી વાછર, પળી[9] પયોધર[10] ઝરતી
પુહુતી નગર નવેશ, વેગ વધાવી વાજી[11]
ઉત્તર જીતૂ આજ, ગિયા કુરવ ભડ ભાજી[12]

૧ ગુમાવી. ૨ સમીના ઝાડ નીચે. ૩ નસાડયું. ૪ શિરબંધન. શિરપેચ હશે? ૫ પહેલાં. ૬ દિન. ૭ પ્રતિ. ૮ પકડી. ૯ ગઇ. ૧૦ આંચળ. ૧૧ ઘોડા. ૧૨ ભાગી.

આનંદ વરાત અત્ય ઘણો, સિહિ નિયર મંદિર સિહિ
મછ રાજા આવ્યુ મછરયુ, દલ્વ જીતોં દખણાં ગઉ ગ્રિહિ.

ઉત્તર કુંવર વિજય કરી આવ્યાથી, દરબારમાં તેને વધાવી ત્હેના પરાક્રમની પ્રશંસા થાય છે.

(૬૨)

વધાવી (ને) વનવ્યા, સ્વાંમ ઉત્તર અરયર[1] ભગા
ગઉં વછોડી ગ્રહી, ગિયા ઊવલ્યા અવગા
જીતા કુઅરિ જોધ, જોધ દુરજોધન જેહા[2]
દ્રોણાચારજ દ્રોણ, કરણા ધર કહીંવિ કેહા
કુરવ કટક તેણે હણૂ, સભટ કોટ ધડ[3] રણાં રહીં
ઉત્તર પૂરા લેઇ એવડાં, સત સાજુ આવિ સહી.

વૈરાટ રાજા કંકની પાસે પોતાના કુંવરના પરાક્રમનાં વખાણ કરે છે.

(૬૫)

કુહુ કંક અસમંન્ય,[4] કાજ તે કુઅરિ કીધૂ
પાંડવ કાઢયા પંચ, રાજ રધ્ય લીલાં લીધૂ
સબલ દ્રોણ સત[5] ગંગ,[6] ભંગ દુરજોધન ભારથ
ઉત્તર રણ એકલૂ, સબલતુ ત્રિહિદલ સારથ
કરણ દૂશાશન કેટલા, ધટિ કુણ નાવિ ઘણૂ
જીતી વરિ આવ્યુ જીવતુ, એ તુ ભાએગ આપણૂ

આ પ્રમાણે ઉત્તર કુંવરની જાતનાં વખાણ સાંભળી કંક (ધર્મરાજા) વૈરાટ રાજાને કહે છે, કે એ તો સારથીના બળનો પ્રતાપ છે.

(૬૬)

કિહિ કંક વિરાટ, સ્વાંમ એ ત્રિહિદલ સારથ
જાં (હાં) રણાં ખેડિ જોધ, ભંગ[7] તાં ન હોયિ ભારથ
આપોપિ[8] અણભંગ,[9] જોધ તે અરજન જાંણિ
રાજા આગળ રહ્યું, વીર વીરત[10] વખાંણિ
દૃધટ[11] ધાટ[12] વસમિ સમિ, સિહિ થાંન્યક[13] સોહી ચડિ
રેવંત[14] હકારિ રણ ચડિ, (તાં) પવત્ર સ્વાંમ ભંગ નાં પડિ

૧ દુશ્મન. ૨ જેવા. ૩ દઢ. ૪ ન બને એવું. અસમાન, ૫ સુત, ૬ ગંગા, ગંગાપુત્ર ભીષ્મ પિતામહ. ૭ ભંગાણ. નાશ. ૮ પોતે, જાતે. ૯ નાશ ન થાય એવો, હારે નહિ એવો, અજીત. ૧૦ વીરત્વ. ૧૧ કહણ. ૧૨ રસ્તા, બનાવ. ૧૩ થાવક ૧૪ ઘોડા.

આમ પોતાના કુંવરની જીતના યશમાં બ્રિહિન્નલ જેવા નપુંસક પુરૂષને ભાગીદાર થતો જોઈ, વૈરાટ રાજાને ક્રોધ ચઢે છે ને ક્રોધાવેશમાં કંકના નાક ઉપર રમવાના પાસા મારે છે.

(૬૭)

અણુખુરા[1] અત્ય ઘણૂ, કંક તમો કાંઇ નાં જાંણૂં
નપૂછક[2] નિરવાંણા,[3] વીર કરી વયિણ[3] વખાંણૂ
કુઅર ઉભાં કુણ માત્ર, અતિ કલી રવ કેહી
છૂટા નાંખ્યા છેક, પાંણતુ[4] પાસા લેઇ
નરતુ જઇ વાગુ નાસકા, રોહીં[5] રજ સરે જમ ઝરી
કચોલી કૃષ્ણા[6] કનકમિ, ધાઇ લેઇ આગલ ધરી.

ત્યાર પછી વૈરાટ રાજા પોતાના કુંવરને લઢાઇની બધી હકીકત પૂછે છે, ને સત્ય વાત કહી દેવાને આગ્રહ કરે છે. પણ ઉત્તર કુંવરને ખરી વાત કહેવાની મનાઈ કરેલી હોવાથી તે અર્જુનનું નામ ન આપતાં કહે છે, કે એક દેવ આવીને અમને જીતાડી ગયો.

(૭૧)

વદિ ભૂપ વિરાટ, બાપ જીત્યા કુરવ શ્રમ[7]
ગઉ વછોડી ગ્રહી,[8] કુંહુ શુ વગત[9] સત[10] અમ
વલતૂ કુઅરિ વધ્યૂ, કાંઈ અમિ જધ્ય[11]નાં કીધૂ
અંતરથી આવ્યુ એક, દેવ તીણિ પૂરૂં લીધૂ
ભાંજી કટક તે ભડ હણ્યા, કીધ કામ કારણાં કશિ
ત્રોહો[12] રિયિણિ[13] પૂઠિ તાત સણ[14]પુરખ તેહ પ્રગટ થશિ

ગુપ્ત રહેવાની મુદ્દતમાં જે ત્રણ દિવસ ખુટતા હતા તે પુરા થવાથી પાંડવો પોતે જાહેર થાય છે.

(૭૨)

દેવા[15] હૂતા દીહ,[16] વીર તે પંચે વુલ્યા[17]
અધક[18] નાં ઓછૂ એક, ખત્રી સિહિદેવે ખુલ્યા[19]
વલી વમાંસી વાત, સવે સર[20] મંજન[21] સાર્યાં
વારૂ[22] પિહિર્યાં[23] વસ્ત્ર, અંગ આયૂધ ઉધાર્યાં[24]
જૂધીસ્ટર સંઘાસન જઈ, મહા જોગ મહૂરત કર્યૂં
વેગિ ચમર હલ્યાવીયાં, ધૂન છત્ર તે શર ધર્યૂં.

૧ અજાણ્યા ? ૨ નપુંસક. ૩ નક્કી. ૩ વચન. ૪ હાથથી. ૫ લોહી. ૬ દ્રોપદી. ૭ મહેનત. ૮ લાવ્યા. લીધી, પકડી. ૯ વીગત. ૧૦ સત્ય, ખરી. ૧૧ યુદ્ધ. ૧૨ ત્રણ. ૧૩ રેણી, રાત. ૧૪ સુણ. ૧૫ દેવા, આપવાના, ૧૬ દિવસ, દિન. કાઠિયાવાડનો પ્રચલિત શબ્દ. ૧૭ કાઢયા, ૧૮ અધિક, વધારે. ૧૯ જાહેર કર્યાં. ૨૦ સારૂં. ૨૧ સ્નાન. ૨૨ સારૂં. ૨૩ વહેર્યાં. ૨૪ ધર્યાં.

પોતાના સિંહાસન ઉપર આમ ધર્મરાજાને ચઢી બેઠેલા જોઇ વૈરાટને ઘણો ક્રોધ ચઢવાથી તેમને મારવાની તૈયારી કરવા લાગ્યો, તે જોઇ ઉત્તર કુંવરે તેને ખરી હકીકત કહી.

(૭૪)

શઉં થઉ રાતહ, સહત પરવાર તે સાઈ
રખે જાયિ જીવતા, વલે સંધ મારિ મારૂ
કારણ દૂઅરિ કિહિયુ, સવે જણ ઝૂઝ[1] સંકેલુ
કાં અણખૂટિ મરો, મછર ભર આયેધ મેહિલુ
પાંચે પાંડવ પ્રગટીયા, તજો ક્રોધ સેવા કરો,
તાત હોયિ ધેર તાહિર, ધર્મનંદન આગલ ધરો

આવી રીતે પાંડવોને પોતાની પાસે જાહેર થયેલા જોઇ, વૈરાટ રાજા તેમને પગે પડીને કહેવા લાગ્યો.

(૭૫)

પગે પડયુ વિરાટ, અત્ય અપરાધ અમારો
રાજ રધ્ય[2] રેવંત, સ્વામિ શપ તંગ ઉધારો
આ કંન્યા ઉત્તરા, વીર તે અરજન વરસિ[3]
આંહાં જે કો કો અછિ,[4] અહ્ય ઘર ઓલગ[5] કરશિ
પિહિલા તસુ છતા નવ પ્રગટયા, મછ રાજા:એણી પેર ભણિ
પાંચે સક્ષ નાં પરવર્ય, વતાં[6] કીધ ઘર અમતણિ

રાજા, ઉત્તરા કુંવરીને અર્જુન સાથે પરણવવાનું કહેતાં, અર્જુન કહે છે કે.

(૭૬)

વલતૂ અરજન વદિ, દેવ અમો દૂખણ[7] લાગિ
લોક વમાંસિ લાખ, એહ જે કારણાં આગિ
એ પૂત્રી અમ તણી, ભરહ સંગીત ભણાવી
સત માહાઈ સમરથ, ધટિ તુ ત્યાંહાં પરણાવી
અણ વ્રત મ આંણુ એવડી, રાજ રધ્ય માનૂ સહૂ
મછરાજા કુઅર તાહરી, વેદ[8] અલ્યાર કલ વહૂ

અભિમન્યુ પરણતી વખતનું વર્ણન.

(૮૧)

સાવધ્યાંન તિણિ સમિ, માંહિ પોહોકી પધરાવ્યુ
મેલ્યુ હાથિ હાથ, ભૂપ મછ ઘણૂશ ભાવ્યુ
વીપ્ર વેદ ઉચરિ, ભાટ તાં ભણવા લાગ્યા

૧ યુદ્ધ. ૨ પૈત્ર દ્રવ્ય વગેરે. ૩ પરણશે. ૪ છે. ૫ ચાકરી, ૬ ચાકરી, ૭ દુષણ, કલંક. નકી, ૮ કુલ.

ગાયિ ગાંધર્વી મીત, વરણાં જૂજૂયાશ વાગ્યા
નૃત્યકી તે નાચિ નૃત્ય કરી, આનંદ મછ અંબર ધરૂ
ચુરી[1] ચત્ર[2] મંગલ્ય વરતીઆં, અભિવન[3] તે પ્રણી ઉઠયુ

હવે કૃષ્ણુ વિષ્ટિના કાવ્યમાંથી બે છપય આપી લેખ બંધ કરૂં છું.

શ્રીકૃષ્ણુ મહારાજ પાંડવો તરફથી વિષ્ટિ કરવા જાય છે, તેમની આવ્યાની ખબર જાણી દુર્યોધન રાજા લશ્કર સાથે સામો જઇ હસ્તીનાપુર લેઇ આવે છે, પણ ત્યાં ગયા પછી કૃષ્ણ, દુર્યોધનના દરબારમાં ન ઉતરતાં વિદુર ભક્તને ઘેર ઉતરે છે, તેથી દુર્યોધન રાજા ક્રોધે ચઢી, વિદુરને કોઇ અન્ન ન આપે, તેવી બંધી કરે છે.

(૪)

તવ દરજોધન હઠો, રાચુ ગાઠો[4] દૂવાંણુ*
પાડુ તેહની ખાલ, કણ જે અપિ દાંણુ
હાટ દીયુ હડતાલ, વળી વવશાહા વવરાવુ
વીદૂર ધરિ નહી અંન, ખરો પગ ભમણુ[5] કરાવુ
તેડાવ્યા રાયિ વાંણીઆ, દુરજોધન મનમિ ગમિ
વીષ્ણૂ વીદૂર ઘર ઉતરી, જોઇયિ ઠાકુર શુ જમિ

વિષ્ટિ માટે ગયેલા શ્રીકૃષ્ણુ મહારાજે દુર્યોધનને સલાહ કરવાનું કહેતાં તે કહે છે, કે આવા રાજ્ય દરબારી કામમાં તું શું સમજે. તું તો—

(૧૫)

ગઉ ચારી તૂ જાંણુ, જાંણુ વાંસલીં તે વાહી
અબળા[6] ઉછેરી જાંણુ, જાંણુ તૂ દાંણુ ઉગ્રાહી[7]
દડિ દોટ દેઇ જાંણુ, જાંણુ તૂ દો કર દોહી
ઉન ઉચેલી,[8] જાંણુ, જાંણુ વાંહાંણિ વલોઇ[9]
જાંણુજ નરત્ય[10] નેત્રાંતણી, જાંણુ જાુડલાં[11] પૂલવી[12]
માંને તૂ માહવ મૂજ બલ પ્રથવી કરૂ ન પાંડવી.

કહેવત છે, કે ‘વિનાશ કાળે વિપરીત બુદ્ધિ’ તે પ્રમાણે દુર્યોધનના અંતનો સમય નજીક આવ્યાથી તે કૃષ્ણુને મારવાનો વિચાર કરે છે, પણ છેવટે તેમ કરતાં મન આંચકો ખાઈ તેમને જણાવે છે, કે

---

૧ ચોરી. ૨ ચાર. ૩ અભિમન્યું. ૪ ઘણું? * દુભાયો. ૫ ભ્રમણ. ૬ અબળા, સ્ત્રી, ૭ ઉઘરાવી. ૮ ઉકેલી. ૯ વલોવી. ૧૦ નૃત્ય, નાચ, ૧૧ ઘેટાં બકરાં, ભરવાડ લોક એને ટાટાં પણ કહે છે. ૧૨ ચારી.

(૧૭)

અમ ઘર આવ્યા ધણૂ, કુહુ કેશવ શું કહીયિ
જાઇ નહી જીવતુ, પણ લોકીત[1] લહીયિ
અમ બિઠાં આગલિ, કોએ બાંગડુ[2] ન બોલિ
પ્રાંણુ હુઅિ પંચાશ, તેહ ડગમગિ શો ડૂલિ
અધ ચાસ નાં આપૂ આઝુણુ, ભરથો મદ રા[3] એમ ભણિ
ચાલે તે કીજે ચક્રધર,[4] તેહ કાજ પાંડવ તણિ

---

૧ ધણું કરીને જૂની ગુજરાતી ભાષામાં હ્રસ્વ 'ઇ' નો 'અ' થાય છે, જેમકે કહીયિ કહીયે. બિઠાં—બેઠાં વગેરે, તેમજ

૨ ધણું કરીને હ્રસ્વ 'ઉ' નો 'ઓ' થતો જોવામાં આવે છે. જેમકે, પુહુતી—પોહોતી. પહોતી. જીવતુ—જીવતો.

૩ ચારણી બોલીમાં શબ્દનાં ખરાં રૂપ તોડી નાંખવામાં આવ્યાં છે. જેમકે, અરીનું અર, ગિરીનુ ગર. વગેરે

**નાંદોદ.** **છગનલાલ વિદ્યારામ રાવળ.**

---

# જયા અને જયન્ત.*

—————*-*-*-*—————

ગુજરાતી સાહિત્યનાં નાટકો દિન પ્રતિદિન ઉતરતી પંક્તિનાં રચાય છે ને ભજવાય છે, જેથી નાટકનું સાહિત્ય ક્ષીણ થતું જાય છે, " એવી એક બાજુ વિદ્વાન્ વર્ગની બુમ છે, ત્યારે " નાટકો સારા વિદ્વાનો તરફથી નથી લખાતાં, તેથી જેવાં નાટક અમને તૈયાર મળે છે તેવાં અમે ભજવી બતાવીએ છીએ, " એમ બીજી બાજુથી નાટક મંડળીઓના વ્યવસ્થાપકો કહે છે. તે ઉભય પક્ષને ખોટ પુરી પાડવાને " વસન્તોત્સવ, " " ઇંદુકુમાર" આદિના કર્તા સાક્ષર કવિ રા. ન્હાનાલાલ દલપતરામે હાલમાં **જયા અને જયન્ત** નામનું દૃશ્ય નાટક પ્રકટ કર્યું છે.

આ નાટક " બ્રહ્મચર્ય " અને " આત્મલગ્ન " ઉપર રચવામાં આવ્યું છે. રા. ન્હાનાલાલના શબ્દોમાં કહીએ તો, " આ નાટકમાં એક મુખ્ય બાબત એ લક્ષમાં રાખી છે કે સ્નેહ એટલે દેહવાસના નહીં, પણ ત્હેનાથી પર કોઇક નિર્મળી આત્મભાવના. સ્નેહયોગ દેહભોગમાં પરિણમવોજ જોઇએ, એવી કાંઈ કુદરતી આવશ્યકતા નથી.

---

૧ લૌકિક, લોક લાજ. ૨ નઠારૂં, ફાવે તેવું, ૩ રાજા ૪ ચક્ર ધરનાર, શ્રીકૃષ્ણ મહારાજ.

* ( કર્તા રા. ન્હાનાલાલ દલપતરામ કવિ. એમ. એ. કિંમત સવા રૂપીઓ. )

" જ્હાં જ્હાં આત્મા, ત્હાં ત્હાં શરીર,
નથી એવું કાંઈ બ્રહ્માંડ મીમાંસાનું ન્યાયસૂત્ર. "

દેહી કહેવાતા તત્ત્વનાં યે દેહ વિના અસ્તિત્વ હોય છે. એ સ્નેહ એક તરફી ન હોય ને પરસ્પર હોય તો ત્હેમાં પણ

**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ॥**

એ ઉપનિષદ્ વાક્યાનુસાર કંઈક સંલગ્નતા છે, ને તેથી તે સાયુજ્યને આત્મ લગ્ન કહીએ તો અયોગ્ય નથી. માનસશાસ્ત્રની એ ઝીણવટ આ નાટકના બીજમાં જોતાં જણાશે."

આ નાટકનું સ્થલ ગિરિદેશ, વન અને વારાણસી છે, અને કાલ દ્વાપર અને કલિયુગની સંધ્યા છે. ત્રિગુણાત્મક સૃષ્ટિનાં પાત્રો કલ્પ્યાં છે, જેના સંબંધમાં ( Guardian Angel ) રક્ષક દેવદૂત જેવા દેવર્ષિ કહે છે કે–

**उर्ध्वं गच्छन्ति सत्त्वस्था, मध्येतिष्ठन्ति राजसा,**
**जघन्य गुण वृत्तिस्था अधोगच्छन्ति तामसाः।**

નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત પાળતું, અને સંસારની અનેક વિષમય વાસનાઓને જીતીને પારંગત થયેલું જયા ને જયન્તનું યુગલ સત્ત્વગુણથી પ્રધાન છે, કાશીરાજને શેવતીનું યુગલ રજસ્ ગુણથી પ્રધાન છે, ત્યારે નૃત્યદાસી, વામાચાર્ય, તીર્થગોર વિગેરે પાત્રો તમસ ગુણથી પ્રધાન છે.

આ નાટકનું વિવેચન કરતા પહેલાં તેનાં કેટલાંક ઉત્તમ પાત્રો અને તેમના મુખથી નિકુળતા સુવિચારોનાં દૃષ્ટાંત આપવાં અત્રે અસ્થાને નહીં જણાય. રા. ન્હાનાલાલની વાઙ્મય રચના, ને શૈલીની મધુરતા સાબીત કરવાને આ દૃષ્ટાંતો પુરતાં થશે એવી અમારી માન્યતાછે.

યોગી લોકના કર્તવ્ય વિષે શરૂઆતમાં દેવર્ષિ કહે છે કે:—

" અમારે યોગીઓને જોવાનું છે એકજ,
જગત્ ઉંચું વ્હડે છે કે નીચું ? "

નાટકનો નાયક જયન્ત સ્વર્ગમાં અસુરો ઉપર દિગ્વિજય મેળવી આવે છે, તેને વધાવવાને નાયિકા ગિરિરાજ દુહિતા જયા આવે છે, જયા તેને જગત્ જીતવાનું કહે છે ત્યારે જયન્ત તેને કહે છે કે—

" એકલે હાથે ? નહીંજ જયા !
કો જીત્યું નથી, કો જીતશે નહીં,
પુરૂષ અને પ્રકૃતિની બેલડીજ
નવ બ્રહ્માંડ સરજે છે
પ્રગટાવ, ઓ ગિરિ કુમારિકા !"

× × × ×

જયા ગુંથીશું એવાં જીવન ?
તું મ્હારૂં ધનુષ્ય
ને હું ત્હારૂં બાણ.
તેને જયા પ્રતિઉત્તર આપે છે.
" જયન્ત ! વિલાસને હજી વાર છે
આજ નથી પાકી એની અવધ. "

જયન્ત—" વાર " અને " અવધ " એટલે, જયા !
આવેલાં અજવાળાંને પાછાં વાળવાં !

જયા— પ્રભુ અજવાળાં તો અખંડ છે,
ને આથમતાં નથી કલ્પાન્તે એ,
જયન્ત ! ધારણ કર તારૂં ધનુષ્ય.
બહુ જીતવાનું બાકી છે હજી
જો ! જગત્ મ્હોટું છે
જગતના દુશ્મનો યે મ્હોટા છે.
દિલમાંના દૈત્યોને જીત
દેવને વસાવ દુનિયામાં
ને બનાવ અવનવી અમરાપુરી.
આશા ને કાલ અનન્ત છે.
કાલગંગાને કોઈ કાંઠડે
કોઈક ઋતુમાં સ્વીકારીશ, કુમાર !
સોંપે છે એ સઘળું ય તે
હજી આઘે છે એ પ્રભાત.
જયન્ત ! ઓ દૈત્યોના જેતા જયન્ત !
લે, ધારણ કર ને જીત.
જીતીને આવજે એ,
આપીશ તું ઇચ્છે છે તે.
નથી આજે એ અમૃતનો અવસર.

આ પ્રમાણે એ બેનો બાળસ્નેહ દિવ્યસ્નેહમાં ઉતરે છે. ગિરિરાજની તેમ નગરજનની એમ ઇચ્છા થાય છે કે જયા જયન્તને પરણાવવી, પણ રાજરાણી એની વિરુદ્ધ છે. જયન્ત ગમે તેવો પરાક્રમી છે, છતાં તે રાજા નથી, માટે તેને જયા ન દેવાવી જોઇએ એવી રાજરાણીની દઢ ઇચ્છા છે, તેના સંબંધમાં રાજ રાણી કહે છે કેઃ—

" જયન્તને માથે રાજમુગટ નથી,
હાથે રાજદંડ નથી,

બેસવા સિંહાસન નથી.
રાજમુગટને, રાજદંડને, રાજસિંહાસનને
પરણશે ગિરિરાજની રાજકુમારિકા."

રાજા અને રાણી વચ્ચે ઘણો વાદ વિવાદ થાય છે, એમાં રાણી જીતે છે. છેવટે ગિરિરાજ કહે છેઃ—

"રાણીજી ! વાણી વેરાઈ જશે,
ગિરિદેશનો ગિરિરાજ
રણવાસમાં મહારાણો નથી
રાજમહેલમાં રાજવી નથી
એ અનુભવું છું આજે."

રાજરાણી—ગિરિદેશમાં રાણાજીનાં રાજ્ય,
પણ રણવાસમાં તો રાણીજીનાં, હો !

છેવટ જયા કાશીરાજને દેવાની ઠરે છે, પણ તે ખબર જયાને આપવામાં આવતી નથી. "પોતાની પુત્રી રાજાનેજ દેવાવી જોઇએ ને ભાયાત કે હલકા ગરાસીયાને ન દેવાવી જોઇએ," એવી રાજરાણીઓની હઠ આ સમયમાં પણ થાય છે. એ વાત સુવિદિત છે. અર્થાત્ સર્વ કાલમાં ને સર્વ સ્થળે જનસ્વભાવની સમાનતા મળી આવે છે.

જયાને જયન્ત સરોવર કિનારે હંસ અને હંસી પકડવાની નિર્દોષ રમત રમે છે, તે વખતે કામદેવ તેમના ઉપર પોતાના પુષ્પશરનો પ્રહાર કરે છે, પણ તેમાં નિષ્ફળ જાય છે, તેથી નિરાશ થઇને કહે છે કેઃ—

"ભૂલ્યો મનોજ ! ચુક્યો ત્હારૂં લક્ષ્ય ?
અજીત ધનુષ્યે હાર્યું ત્હારૂં આજ.
નથી ચ્હડી હજી એ મન્મથ !
પૃથ્વીની ખુમારી ત્હેમના પ્રાણને !
તેજશરીર રાજહંસ સમોવડા
આત્માઓ એમના છે ઉજ્જવળા.
આ ઉપવન નથી મ્હારે રમવાનાં."

જયાની એક દાસી તેને વિરાગવૃત્તિ છોડી દેવાની અને મોજમઝા માણવાની સલાહ આપે છે, જેથી તેના ઉપર તે ગુસ્સે થાય છે અને તેને રજા આપે છે. ગિરિરાજ અને રાજરાણી છુપી રીતે કાશીરાજને બોલાવે છે, જેની જયાને ખબર પડતાં, પ્રાણાન્તે પણ એને પરણવું નથી એવી પ્રતિજ્ઞા લઈ બ્હાર ચાલી જાય છે. ગિરિરાજ નિરાશ થઈ જાય છે ને કાશીરાજ ક્રોધાયમાન થાય છે. જયન્તનું રાજરાણી અપમાન કરે છે, ને જયાને શોધી લાવે તોજ મ્હોં બતાવજે એમ કહે છે. આ ઉપરથી તે એને બધે સ્થળે શોધે છે, પણ જડતી નથી, તેને દેવર્ષિ આજ્ઞા કરે છે કેઃ—

"વત્સ ! જગાવ ધુનિ ઉભો છે ત્હાંજ.
આ કુંજને હરિકુંજ કહેજે.
લગાવ અખંડ સમાધિ
તું શોધે ત્હેની.
ભમીશ તો ભુલો પડીશ.
લે આ બ્રહ્મદીક્ષાનો અંચળો.
બ્રહ્મયોગ એજ દેવયાન માર્ગ.
ઇચ્છે છે તે અહીં આવશે."

જયન્ત અહીં સંપૂર્ણ તપ કરે છે, ને સાયુજ્ય પ્રાપ્ત કરે છે. હરિકુંજની સ્થાપના કરે છે, ને અનેક શિષ્યોને બોધ આપી ઉદ્ધારે છે.

દેવર્ષિ પોતાના યોગબળથી ત્રણ કાળને મૂર્તિમાન કરી પુછે છે કે તમે શું કર્યું? ઉત્તરમાં ભૂતકાળ કહે છે કેઃ—

"યોગીરાજ ! ઇતિહાસ મૂર્તિ છું
સૃષ્ટિનું સ્મરણ છું
માનવ કથાનું મહાકાવ્ય છું.
ચિત્રવિચિત્રનો ચોપડો છું"

ઇત્યાદિ.

વર્તમાનકાળ કહે છેઃ—

"યોગીરાજ ! જીવન્મૂર્ત્તિ છું.
જગતની ગતિ અને પ્રવૃત્તિ છું,
માનવ મહાકથાનો ચાલતો અધ્યાય છું,
ચિત્ર વિચિત્રની કલમ છું."

ઇત્યાદિ.

ભવિષ્ય કાળ કહે છેઃ—

"યોગીરાજ ! આદર્શ મૂર્ત્તિ છું
માનવી ને દેવની યે આશા છું,
બ્રહ્માંડની કવિતા છું,
પરબ્રહ્મની પ્રસન્નતા છું"

ઇત્યાદિ.

જે ઉપર દેવર્ષિ અવલોકે છે કેઃ—

"સ્મરણ, પ્રવૃત્તિ, અને આદર્શ
ઇતિહાસ, પરકમ્પાને મોક્ષ
ત્રણે કાલ સરજ્યાં છે, સરજનહારે
બ્રહ્માંડોની ઉન્નતિને અર્થે
પડ્યા છે ભૂતકાલના હિમાદ્રિ
સમાધિસ્થ, અવિચલ ને યોગમૂર્ત્ત;
જન્મે છે તેમાંથી વર્તમાનગંગા
વહે છે સદા તે વાડીઓમાં થઈ
ઉભા છે આરે આરે
તીર્થ તપસ્વીઓ ને ઋષિ આશ્રમો;
ઉદ્ધારે છે બ્રહ્માંડ પ્રવાસીઓને
અને મુકે છે લઈ જઈ
ભવિષ્યના બ્રહ્મ મહાસાગરમાં.
જગત્ એટલે ઉન્નતિક્રમ
બ્રહ્મ ધામનાં અમૃત પગથીયાં,
જગત્ અસત્યે નથી
જગત્ અનીશ્વરે નથી,

**असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्**

ગીતા ભાખે છે એને અસુર વાણી
દેવ સંઘને દુનિયાં સત્યજ છે.

**ब्रह्म सत्यं जगत् सत्यं,**

**जीवो ब्रह्म सुहृद्वयम्**

ગંગા ! ઓ કાલગંગા !
બ્રહ્માંડના ભાગ્યની ઓ ભાગીરથી !
બોલો, સહુ સૃષ્ટિનાં સત્ત્વો !
દિશા કાલની ગંગા યમુનાનો જય !
બ્રહ્મ અને બ્રહ્માંડનો જય !

દેવર્ષિ ગવરાવે છે ને સૃષ્ટિનાં સત્ત્વો ગાય છે.

× × × × ×

"વડાં પાથર્યાં આભનાં પત્ર કાળાં
લખી તેજના શબ્દથી મન્ત્ર માળા
દિશા કાલ દોરે ગુંથ્યા સૌ ખગોળે
મહા ગ્રન્થ બ્રહ્માંડનો બ્રહ્મ બોલે."

દેવર્ષિ—

**कालोस्मि लोकक्षयकृत् प्रवृद्धः ।**

પ્રભો, એ છે એકપક્ષી.
ગાવ, ગાવ, ફરી એક વેળા.
માનવજાતિની કલ્યાણગીતા, ઓ નાથ !
સર્વત્ર નિગૂઢ મહાસત્યની વેદ ઋચા કે

**कालोस्मि लोकोन्नतिकृत् प्रवृद्धः ।**

રજસ્ વૃત્તિ પ્રાધાન્ય કાશીરાજના અને શેવતીના પ્રેમનું વર્ણન પવિત્ર શૃંગાર સૂચવે છે. કાશીરાજ વનમાં રમતી શેવતીને નિહાળે છે ને તેના ઉપર આસક્ત થાય છે. શેવતી તેનો પ્રેમ સત્કારે છે. તેમના સંવાદનો કેટલોક ભાગ અત્રે આપ્યો છેઃ—

શેવતી—મ્હારો હિંચકોરે અમર વેલડીની માંય;
અમલ વેલડીની માંહ્ય;
અમર વેલડીની માંહ્ય;
મ્હારો હિંચકોરે અમર વેલડીની માંહ્ય.
વિજળી જયમ ગગન માંહ્ય,
કાવતા કવિનયન માંહ્ય,
એમ હીંચી હૃદય માંહ્ય
પ્રેમરાય
ગાય;
પ્રેમ હીંચકોરે, હૃદય વેલડીની માંહ્ય.

× × × × ×

કાશીરાજ—બ્રહ્મબાલે ! ઉભો છે વિરાટ
કોટિ નયને નિરખતો આપણો કાલ.
કોયલ સાક્ષી, ને ફુલડાં છે સાક્ષી.
ફૂલડાં ફોરશે ને કોયલ ટહુકશે
ત્હાં સુધી આપણેય બેય
ટહુકશું ને ફોરશું
રસની અમૃત કુંજોમાં.

(પરસ્પર સત્કારે છે.)

ચાલો ચાલો સદ્ગુણિ ! રસકુંજમાં,

શેવતી—ચાલો ચતુર સુજાણ !

કાશીરાજ—ઉગ્યાં નયનોમાં ભાણ;

શેવતી—મ્હારા પરમ કલ્યાણ !

કાશીરાજ—રસકુંજમાં.

ચાલો રસની સરિતાને ઘાટ જો !
ચાલો ફુલડાંને વેલી પ્રવાટ જો !

શેવતી—મ્હારા રસિયાને માટ

કાશીરાજ—રસકુંજમાં.

શેવતી—( ઉપવન દાખવતી )

ખીલ્યો સુન્દર શો બાગ !

કાશીરાજ—( શેવતીનું દેહોદ્યાન દાખવતો )

ખીલ્યો સુન્દર શો બાગ !

શેવતી—( ઉપવન દાખવતી )

મહીં મધુરા પરાગ

કાશીરાજ—( શેવતીનું દેહોદ્યાન દાખવતો ).

મહીં મધુરા પરાગ;

શેવતી—( સ્નેહ લજ્જાથી કાશીરાજના વિશાળ વક્ષઃસ્થળ ઉપર માથું ઢાળી દઇ )

મ્હારા અખંડ સૌભાગ્ય !

કાશીરાજ—રસ કુંજમાં

( વનઘટામાં જાય છે ).

આ પ્રમાણે તેમનો વિશુદ્ધ પ્રેમ વધતાં તેઓ ગન્ધર્વ લગ્નથી જોડાય છે.

રાજ્ય મહેલનો ત્યાગ કરી વનમાં ભ્રમણ કરતી જયા વામમાર્ગીઓના સમૂહમાં આવી ચ્હડે છે. પરિત્યાગ કરાયલી નૃત્યદાસી વામીઓની રાણી થાય છે. વામ માર્ગે આર્યાવર્તનું જે પાપમયી વૃત્તિથી નિકંદન કર્યું છે તેનું સારૂં ચિત્ર રા. ન્હાનાલાલે આપ્યું છે. માનવજાતમાં વાસ કરી રહેલા છ રિપુઓ ( કામ ક્રોધાદિક ) નિડર અને નિરંકુશપણે વામીઓના સમૂહમાં નિવર્તે છે. વામીઓની અધમ વાસના અને ભાવના રા. ન્હાનાલાલે એવી સારી રીતે વર્ણવી છે, કે આજ કાલના ઉચ્છૃંખલ લેખકોને મનન કરવા જેવી છે. બિભત્સ વસ્તુ હિત અર્થે કહેવી યોગ્ય હોય તો તેનું શી રીતે કથન થવું જોઇએ તેનું મનન વામીઓના સમૂહના વર્ણન ઉપરથી તેમને સહજ જણાઈ આવશે.

નૃત્યદાસી જેને વામીઓએ દેવી તરીકે સ્વીકારી છે તે નીચે મુજબ ગવરાવે છેઃ—

" ભુવન ભુવન મદનનાં મહારાજ્યરે,
ગાવ–ગાવ ગીત મદન રાજનાં સખિ !
ગાવ–ગાવ ગીત મદન રાજનાં સખિ !
સુન્દરી વિનાનું નથી સદન કો સખિ !
સુન્દરીના નયન એના વાસરે,
ગાવ, ગાવ, ગીત મદન રાજનાં સખિ ! "

આચાર્ય વેદમાંથી કામસ્તુતિ ભણે છે.

**"कोदात् कस्मादात्**
**कामोदात्, कामायादात्**
**कामोदाता, कामः प्रतिगृहीताः**
**कामैतत्ते**

× × × × ×

ચાર્વાકાદિ મહાજનો ગયા
એજ આપણો રાજમાર્ગ."

દેવી—સુખ તે મોક્ષ;
મન્મથ તે મહા પ્રભુ
ઇચ્છા પૂરવી તેજ સદ્ધર્મ
મ્હને દેવી સ્થાપી
તો મ્હારોય ધર્મજ છે કે
સહુ સન્તોને દેવી આપવી.
જુવો આ મ્હારા સૌન્દર્યના ફુલ છોડ
સુખ શય્યાઓ સમી રતિરમણિઓ,
આજનો મહિમા
એજ આપણો આદ્ય મન્ત્ર
લ્યો એક એક યૌવન રાણી
ને ઉજવો એમ આજનો મહિમા.

જયાકુમારીને ભ્રષ્ટ કરવા ઉપદેશ કરતી એ એને બહુ સ્હમજાવતાં કહે છે કેઃ—

" કિયા સંસારમાં છે, ઓ કુમારી !
કામ વિનાનો પ્રેમ ?
અમારાંય લગ્ન છે તમ જેવાં.

ત્હમારાં જીવન જીવનનાં
અમારાં દિવસ દિવસનાં
× × × × ×

જયાના રૂપ ઉપર મોહિત થયેલો પારધી તેને શોધી કહાડે છે અને વામીઓના ટોળામાંથી છોડવવા વામાચાર્યને તીર મારે છે. તેથી તે મરણ પામે છે. મરતી વખતે વામાચાર્ય કહે છે કેઃ—

" આવ્યું આવ્યું યમનું બાણ
માર્યો મ્હને કુમારી !
પણ વામ માર્ગ નહીં મરે
**મનમાંના શયતાનને માર્શો**
**તેજ મરશે, આ પાપપન્થ.**
ત્હાં સુધી અનેક રૂપે અવતરશે એ
ભવિષ્યની ભૂમિયોને ય ભરી ભરી"

વામીઓ એટલે લગી ભ્રષ્ટ હોય છે કે તે નરમાંસનું ભક્ષણ કરતાં પણ સંકોચ પામતા નથી. જુઓ તેનો દાખલોઃ—

દેવી કહે છેઃ—
આચાર્યનો અસ્ત થયો.
પણ આથમે તે ઉગવા માટે.
આચાર્ય મરે પણ ઉત્સવ મરતા નથી;
ગાદીપતિ મરે, પણ ગાદી મરતી નથી.
આજ ગુરૂની અમાસનો છે ઉત્સવ
આચાર્યનું શબ શેકી ભોજન કરીશું.
આવો, ઉત્સવ વાસીઓ !
આદરો ઉત્સવ ગુરૂની અમાસનો

" ભુવન ભુવન મદનનાં મહારાજ્યરે
ગાવ ! ગાવ ! ગીત મદન રાજ્યનાં, સાખ ! "

આ પ્રમાણે નૃત્યદાસી પોતાનું જીવન ગાળે છે. પણ દેહનું રૂપ નાશ થતાં તેના સાથીઓ છોડી દે છે. છેવટ પોતાના પાપનું ફળ મળે છે ત્યારે નીચે પ્રમાણે કરગરે છેઃ—

( અપૂર્ણ. )

ખારાઘોડા, } શિવભાઈ બાપુભાઈ.

# દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈ.

(ઇ. સ. ૧૮૪૪ થી ૧૯૧૪.)

તા. ૧૨ મી. સપ્ટેમ્બર ૧૯૧૪ ને શનિવારને રોજ, આશરે સાંજના સાડાત્રણ વાગે, લગભગ ૭૧ વર્ષની પાકી વયે, દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈ, આ નાશવંત શરીરને ત્યાગ કરી, અમરત્વને પામ્યા. તેમના મૃત્યુના શોચનીય સમાચાર શહેરમાં ફેલાતાં સર્વત્ર શોકની છાયા પથરાઇ ગઈ અને કેટલીક જાહેર સંસ્થાઓ તેમના માન ખાતર બંધ કરવામાં આવી. તા. ૨ જી ઑગષ્ટના અરસામાં તેઓ લકવાની બીમારીના એકાએક ભોગ થઈ પડયા, તે પહેલાં તેમની શરીર સુખાકારી બહુ સારી અને તદન નીરોગી હતી અને શરીરના આરોગ્ય માટે જે ચીવટ અને કાળજી તેઓ રાખતા હતા અને નિયમપૂર્વક બધા કાર્યો કરતા હતા, તે વિચારતાં, ભાગ્યેજ કોઇને ખ્યાલ આવ્યો હશે કે તેમનું અવસાન છેક નજદીકમાં થશે.

તેમણે ઉભી કરેલી અને ઉછેરેલી, ગુજરાત કેળવણી મંડળીની પ્રથમ વાર્ષિક સામાન્ય સભામાં તેઓ પ્રમુખપદે બીરાજ્યા, એજ તેમનું છેલ્લું જાહેર કાર્ય હતું. તે પછી તેઓ પથારીવશ રહ્યા અને બીલકુલ બહાર નીકળી શકયા નહિ. પણ માંદગી દરમ્યાન તેઓ હમેશ ગુજરાત કેળવણી મંડળીના કાર્ય માટે ચિંતન કરતા અને તેનું કાર્ય આગળ ચલાવવાને વખતોવખત સૂચનાઓ આપ્યા કરતા. લગભગ બે વર્ષથી તેમણે પોતાની બધી પ્રવૃત્તિ અને શક્તિ ગુજરાત કેળવણી મંડળીની સ્થાપના કરવામાં અને તેનો કાર્ય પ્રદેશ અને વિસ્તાર આગળ વધારવામાં રોકી હતી. ખરી રીતે જોતાં, એજ તેમનું નિત્ય-કર્મ હતું. ગુજરાત કેળવણી મંડળીના ઉત્કર્ષ માટે અને તેના ઉદ્દેશો ફળીભૂત થાય તે માટે તેઓ નિરંતર વિચાર કરતા અને તેનો જલદી અમલ કરવા સારૂ સતત પ્રયાસ જારી રાખતા હતા. તે તેના પિતા અને પોષક હતા, તેના ચેતનરૂપ હતા.

તેમના મૃત્યુથી તેમના કુટુંબીઓ મિત્રો અને પ્રશંસકોએ એકલા નહિ, પણ આખા ગુજરાતે, બલ્કે સમસ્ત દેશે એક સાચો મિત્ર અને હિતચિંતક અને મહાન પુરૂષ ગુમાવ્યો છે.

ગુજરાત કેળવણી મંડળીને જે ખોટ પડી છે, તે લાંબા કાળ સુધી પણ પુરાવી મુશ્કેલ છે.

તેઓ પ્રથમ કેળવણી ખાતામાં જોડાયા અને એક શિક્ષક અને ડિસીપ્લીનેરીઅન તરીકે, સારી નામના મેળવી. તેમના અનેક શિષ્યો હજી પણ એક આદર્શ શિક્ષક ગુરૂ તરીકે તેમની તારીફ કરે છે અને તેમને માટે અતિશય માન ધરાવે છે. આ તેમની મહત્તાનો એક અંશ છે. કેળવણી ખાતામાંથી છુટા થઈ તેઓ દેશી રાજ્યમાં—વરોદરાના ન્યાયખાતામાં—દાખલ થયા અને ત્યાંજ પોતાના જીવનનો મુખ્ય ભાગ ગાળ્યો. જુદે જુદે સ્થળે નોકરી કર્યાબાદ છેવટે વડોદરાની વરિષ્ટ કોર્ટના વડા ન્યાયાધિશનો ઉંચો અને માનવંતો હોદ્દો પ્રાપ્ત કર્યો અને સારી પ્રતિષ્ઠા અને ખ્યાતિ મેળવ્યાં. એક બાહોશ અને નિષ્પક્ષપાત ઇન્સાફ આપનાર તરીકે બધે બહુ પંકાયા. તેમની મહત્તાનો આ બીજો અંશ છે. નોકરીમાંથી ફારેગ થયા પછી તે અમદાવાદમાં આવી વસ્યા અને પોતાનો નિવૃત્તિ કાળ લોકકાર્યમાં ગાળ-



સ્વર્ગસ્થ દિ. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇ.

જન્મ ઇ. સ. ૧૮૪૪ મરણ ઇ. સ. ૧૯૧૪.

વાનો નિશ્ચય કર્યો અને દેશ સેવાનો મહામંત્ર સ્વીકાર્યો. તેમની ખરી મહત્તા, અત્યાર સુધી જે દેશી રાજ્યના એક ખુણામાં ઢંકાઈ રહી હતી, તે હવે વધારે દેદિપ્યમાન બને છે અને ચોમેર ઝળકે છે.

આખા દેશમાં તેમની એક સાચા દેશભકત અને દેશાભિમાની વીર-નર તરીકે નામના થાય છે. એક વિદ્વાન અને પ્રતિષ્ઠિત આગેવાન અને ગંભીર વિચારક તરીકે ગુજરાતમાં તેઓ ઓળખાય છે. અમદાવાદની લગભગ બધી જાહેર હિલચાલ અને જાહેર સંસ્થાઓના તેઓ નેતા અને મુખ્ય નિયામક બને છે.

થોડા સમયથી અમે તેમના નિકટ પરિચયમાં આવ્યા હતા અને તે દરમ્યાન અમને તેમની પાસેથી ઘણું નવું જાણવાનું અને શીખવાનું મળ્યું હતું. તેઓ એક મહાન પુરૂષ હતા. અને આવા એક મહાન આત્માનું પ્રમાણભૂત જીવન-વૃત્તાંત લખવાને અમને પ્રાપ્ત હોવો જોઇએ, તેટલો અધિકાર મળેલો નથી અને તેમની આખી કારકિર્દી જાણવાના સાધનો પણ બહુ ઓછા છે. તેથી પ્રસ્તુત લેખમાં તેમના વિશે જે કાંઈ હકીકત મળી આવે છે, તેની નોંધ કરી સંતોષ માન્યો છે. તેમનું જીવન સર્વદેશી હતું અને એક લેખમાં તેને પુરતો ન્યાય આપવાનું બની શકે નહિ એ દેખીતું છે. પણ કેટલાક મિત્રોએ તેમની જીવનની રૂપ રેખા, વિધવિધ દૃષ્ટિબિન્દુથી આલેખી, તેમનું જીવન-વૃત્તાંત લખી મોકલવા કબુલ કર્યું છે, એટલે આમાં આવી જતી ન્યૂનતાઓ કેટલેક અંશે તે લેખો પૂરી પાડશે.

૨.

મધ્યમ સ્થિતિના એક બ્રહ્મક્ષત્રિય કુટુંબમાં તે જન્મ્યા હતા. મુત્સદી વર્ગના હોવાથી શરૂઆતથીજ સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ઈંગ્રેજી કેળવણી દાખલ થતાં તેનો અભ્યાસ શરૂ કર્યો અને મેટ્રિક સુધી પહોંચ્યા. મુંબાઈ સાથે સળંગ રેલ્વે વ્યવહાર ખુલ્લો મુકાતાં, ત્યાં જઈ મેટ્રિક્યુલેશનની પરીક્ષા આપવાની પહેલ કરી. તે વખતે મુંબાઈ જવું, એ એક સાહસ લેખાતું હતું. કહે છે કે તેમને વળાવવાને સ્ટેશનપર સંખ્યાબંધ સગાં સ્નેહીઓ આવ્યાં હતાં.

મુંબાઇ રહી તેમણે યુનિવરસીટીની એક પછી એક પરીક્ષાઓ ઉંચે નંબરે પસાર કરી બહુ કીર્તિ અને નામના મેળવ્યાં. સારાં સારાં ઇનામો અને સ્કાલરશીપો પ્રાપ્ત કર્યાં. મુંબાઇનું ઘરખર્ચ તે આ સ્કોલરશીપમાંથી કાઢતા હતા. તેમની આવડત, હોશિયારી અને બુદ્ધિ માટે તેમના સહાધ્યાયીઓને બહુ માન હતું. અને પ્રોફેસરો પણ તેમને માટે બહુ સારો અભિપ્રાય ધરાવતા હતા. તેમની વિદ્વત્તા સંબંધી એક વાત બહુ પ્રસિદ્ધિ પામી છે. તેની નોંધ અત્રે બંધબેસ્તી થઈ પડશે.

"હેમનું સસ્કૃતનું જ્ઞાન ઘણું સારૂં હતું. પોતાના એક સહાધ્યાયીએ મશ્કેરી કર્યાથી એક ટર્મ લૅટીન લીધું ને હેમાં પહેલે નંબરે પાસ થયા. તે સહાધ્યાયીએ ફરીથી ટકોર મારી કે ગમે એટલું હોયે સાહિત્ય ક્ષેત્રમાં તમ્હે જોર બતાવી શકો; ગણિતશાસ્ત્રમાં બતાવો ત્યારે ખરૂં." આથી ઉશ્કેરાઈ બી. એ. ની બીજી ટર્મમાં હેમણે ગણિતશાસ્ત્ર પોતાના ઐચ્છિક વિષય તરીકે લીધું. તેમ ન કરવા ચેટફીલ્ડ સાહેબે હેમને ઘણુંએ સમજાવ્યા, પણ પોતાની પ્રકૃતિને અનુસરીને તેઓ પોતાના આગ્રહને વળગી રહ્યા, ને આખરે ગણિત

શાસ્ત્રમાં પ્હેલે નંબરે પાસ થયા. વળી પાછો પોતાનો ઐચ્છિક વિષય પહેલાં હતો તેજ લીધો, ને આખરે સંસ્કૃત લઇને બી. એ. ની પરીક્ષામાં ૧૮૬૭ ની સાલમાં પાસ થયા. એમ. એ. માં ફર્સ્ટ કલાસમાં આવ્યા. તેઓ ગુજરાતી હિન્દુઓમાંથી પહેલાજ ગ્રેજ્યુએટ હોવાથી ' ગુજરાતી ગ્રેજ્યુએટોના પિતા ' કહેવાય છે. "

જેવી તેમની વિદ્યાર્થી અવસ્થા યશસ્વી અને જ્વળંત હતી, તેવી એક અમલદાર તરીકેની તેમની કારકિર્દી, ઉંચા પ્રકારની, આદરણીય અને અનુકરણીય હતી. પ્રથમ તેઓ કેળવણી ખાતામાં જોડાયા. સુરત અને પછીથી અમદાવાદમાં હેડમાસ્તર તરીકે કામ કર્યું. હજી પણ તેમના અનેક શિષ્યો તેમને " માસ્તર " નામથી વધારે ઓળખે છે. એક આદર્શ હેડમાસ્તર તરીકે તેઓ મશહુર છે.

" અંબાલાલભાઈ શિક્ષક તરીકે બહુ વખણાતા. એલ્ફીન્સ્ટન કોલેજના ૧૯૦૭ ની સોશિયલ ગેધરિંગ વખતે ન્યાયમૂર્તિ ચંદાવરકરે નીચે પ્રમાણે ત્હેમની પ્રશંસા કરી હતી. હું જ્યારે કોલેજમાં ભણતો હતો, ત્યારે ગુજરાત તરફથી આવતા વિદ્યાર્થીઓને મ્હોંએથી દીવાન બહાદુરની શિક્ષણ પદ્ધતિનાં મ્હેં અત્યંત વખાણ સાંભળ્યાં હતાં, ને તે એટલે સુધી કે ત્હેમની પાસે ભણેલા વિદ્યાર્થીઓ સારા હોવાજ જોઇએ, એમ બધા માની લેતા. મ્હને તો એમ લાગે છે કે દીવાન બહાદુરે જો કોઇપણ મ્હોટામાં મ્હોટી ભૂલ કરી હોય તો તે ત્હેમણે શિક્ષકનો ઉમદા ધંધો છોડી દીધો એ છે. ત્હેમના એક શિષ્ય સાક્ષર વર્ય કેશવલાલ હર્ષદરાય ધ્રુવે એક વખત કહ્યું હતું કે અંબાલાલભાઈ જેવા બંદોબસ્ત રાખનાર એમના જેવા ડિસીપ્લીનેરીઅન–હજી લગીતો મ્હેં કોઈ જોયા નથી. જે કાંઈ કરવું તે એકાગ્ર મનથી બરોબર અને ચોક્કસ કરવાનો સ્વભાવ અને સંસ્કૃત ઉપર ગાઢ પ્રીતિ એ બે બાબતોમાં અંબાલાલભાઇની મ્હારા ઉપર ખાસ અસર થઈ છે."*

કેળવણી ખાતામાં હતા તે વખતે તેઓ " હિતેચ્છુ " પત્રમાં ઇંગ્રેજી લેખો લખતા હતા અને તેની પ્રશંસા થતી હતી. એમ કહેવાય છે કે તેમાં વડોદરા રાજ્યની વ્યવસ્થા વિશે તેમના લખેલા લેખોથી ના. સરકારનું તે તરફ ખાસ ધ્યાન ખેંચાયું હતું. વડોદરા રાજ્યમાં ન્યાયાધિશ તરીકેની તેમની પસંદગી અને નિમણુંક કેટલેક અંશે ઉપરોક્ત લખાણને આભારી છે. આ અરસામાંજ તેઓએ મીલકૃત " અર્થશાસ્ત્ર " નામના પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું. અને કેળવણી ખાતા માટે ઇંગ્રેજી–ગુજરાતી કોશ તૈયાર કર્યો, જેની હાલમાં બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે. વડોદરામાં ન્યાયાધિશ તરીકેની તેમની કારકિર્દી પ્રસિદ્ધ છે. એક ન્યાયી, સત્યપ્રિય અને આદર્શ અધિકારી તરીકે સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. નોકરીમાંથી રીટાયર થયા પછી તેમના લાંબા કાળની તારીફ લાયક સેવાની કદર કરી નામદાર બ્રિટિશ સરકારે તેમને દીવાન બહાદુરનો માનવંતો ઇલ્કાબ બક્ષ્યો હતો.

ઉપરની હકીકતપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે એક બુદ્ધિશાળી વિદ્યાર્થી તરીકે, એક બાહોશ શિક્ષક તરીકે અને એક સત્યપ્રિય ન્યાયાધિશ તરીકેની તેમની આખી કારકિર્દી, ઘણી તેજસ્વી, યશસ્વી અને આદર્શરૂપ હતી.

( ૩ )

વાનપ્રસ્થ થઈ તેઓ અમદાવાદમાં આવી રહ્યા. પોતાનો નિવૃત્તિનો વખત જાહેર

* સમાલોચક. વર્ષ ૧૯૦૯.

કામોમાં ગાળવાનો નિશ્ચય કર્યો. પ્રથમ જ્ઞાનવર્ધક નામની એક સભા સ્થાપી, શહેરમાં જાહેર ભાષણો અપાવવાની શરૂઆત કરી. મદ્યપાન નિષેધક મંડળીમાં જોડાયા. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના પ્રમુખ નીમાઈ તેના કામકાજમાં ઉત્સાહ ભર્યો અને આગળ પડતો ભાગ લેવા માંડયો. બીજી પણ અનેક જાહેર સંસ્થાઓમાં દાખલ થયા અને શહેરની ઘણીખરી જાહેર હિલચાલ અને સાર્વજનિક કામોમાં તેના અગ્રેસર થઈ પડયા. સન ૧૯૦૨ માં અઢારમી રાષ્ટ્રિય પરિષદ અમદાવાદમાં ભરાઈ, ત્યારે આવકાર આપનારી (રીસેપ્સન) કમિટીના ચેરમેન તેઓ નિમાયા હતા. ચેરમેન તરીકેનું તેમનું ભાષણ દેશની ખરી સ્થિતિની વ્યાપક સમાલોચનાના ઉત્તમ નમુના તરીકે અને વિદ્વત્તાપૂર્ણ રાષ્ટ્રિય વિચાર અને સિદ્ધાંતના નિરૂપણ માટે આખા દેશમાં વખણાયું હતું.

આખું ભાષણ ફરી વાંચી મનન કરવા જેવું છે. વિસ્તાર થઈ જવાના ભયથી તેમાંથી અહિં ઉતારા કર્યા નથી.

સન ૧૯૦૫ માં બંગાળાના ભાગલાને લીધે આખા દેશમાં નવીન જાગૃતિ આવી હતી. સર્વત્ર સ્વદેશી ચળવળ પ્રસરી હતી. તે વખતે સ્વદેશીનો ઝુંડો આગળ ફેલાવવાને તેઓએ આગેવાન ભાગ લીધો હતો અને તેમના વિચારની જબરી અસર થઈ હતી. દેશના આર્થિક પ્રશ્નોનો તેઓએ બહુ સારો અને ઉંડો અભ્યાસ કર્યો હતો. ઘણી વખત તેઓ તે વિશે ચર્ચા કરતા હતા.

સન ૧૯૦૭ માં સુરત ખાતે ભરાએલી ત્રીજી ઔદ્યોગિક રાષ્ટ્રિય પરિષદના પ્રમુખ નીમી, એક આગેવાન દેશભક્ત અને દેશ હિતચિંતક તરીકે, તેમને માન આપવામાં આવ્યું હતું.

સન ૧૯૦૯ માં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના હીરક મહોત્સવ પ્રસંગે પ્રમુખપદેથી અને તેજ વર્ષમાં રાજકોટ સ્થળે ભરાએલી ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ગુજરાતી ભાષા અને સાહિત્ય વિશે, બહુ વિચારશીલ અને અનુભવ પૂર્ણ ઉપયોગી ભાષણો કર્યા હતાં, જેમાં તેમની વિદ્વત્તા, વ્યવહારિકતા અને માતૃભાષા પ્રત્યેનો તેમનો પ્રેમ અને લાગણી સ્પષ્ટ દેખાઈ આવે છે.

સન ૧૯૧૧ માં તેમની (બ્રહ્મક્ષત્રિય) જ્ઞાતિના કોન્ફરન્સના પ્રમુખ તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય, બંને સંસ્કૃતિના ઉત્તમ અંશો તેમનામાં ઉતર્યા હતા અને તેનું બહુ સારૂં સંમિશ્રણ થયું હતું. તેઓ સુધારક હતા પણ 'ધીમે ધીમે સુધારાનો સાથ,' એ વિચાર–પક્ષના હતા. તેઓ આખા સમૂહને સાથે લઇને આગળ વધવાને અને સુધારો કરવાને હીમાયત કરતા હતા. બીજાઓથી છુટા પડી જઈ, એક નવું મંડળ ઉભું કરવું, પોતે આગળ વધવું, પોતાનું શ્રેય ઇચ્છવું, એ પદ્ધતિ તેમને પસંદ નહોતી. આ દૃષ્ટિબિન્દુથી તેમના જ્ઞાતિ વિશે । વિચારો, ખાસ મનન કરવા જેવા છે.*

બીજું દરેક પ્રશ્નનો વિચાર તેઓ વ્યવહારૂ દૃષ્ટિએ કરતા હતા. કેટલીક તરફથી એમ કહેવામાં આવે છે કે તેઓ સ્ત્રીકેળવણીની વિરૂદ્ધ હતા પણ તે વાસ્તવિક હકીકત નથી. તેઓ સ્ત્રીકેળવણી વિરૂદ્ધ કદાપિ નહોતા. સ્ત્રીકેળવણીના તો તેઓ ચુસ્ત હીમાયતી હતા. વ્યવહારૂ દ્રષ્ટિએ વિચારતાં સ્ત્રીઓને ઇંગ્રેજી કેળવણી બહુ જરૂરની નથી એમ તેઓ માનતા હતા અને તેથી સ્ત્રીઓને ઇંગ્રેજી કેળવણી કેટલે દરજ્જે આપવી, તે પરત્વેજ માત્ર તેમનો મતભેદ હતો. અને તે અભિપ્રાય આપણી સાંસારિક અને સામાજીક સ્થિતિનો પુરતો ખ્યાલ કરીને

* છઠ્ઠી બ્રહ્મક્ષત્રિય કોન્ફરન્સનો રીપોર્ટ પૃ. ૩–૪.

બાંધ્યો હતો. તે તેમની વ્યવહારૂ સમજનું પરિણામ હતું. જુઓ, આ તેમના શબ્દોઃ—

"સ્ત્રી કેળવણી એટલે ગુજરાતની બધી વર્ણની દરેક સ્ત્રીને તેની સ્થિતિને યોગ્ય અને બને તેટલી સારી કેળવણી આપવી એ સાહિત્યની વૃદ્ધિનો એક મોટો ઉપાય છે. હાલની સ્ત્રીકેળવણી બહુ છીછરી છે અને તેનું ફળ બહુ થોડું છે. સાધારણ રીતે સ્ત્રીને અંગ્રેજી ભાષાની કેળવણી આપવાનું હું ફળ સમજી શકતો નથી. પરંતુ જે સ્ત્રીઓને પૂર્ણ અવકાશ હોય ને આગળ જતાં તેનો પુરો ઉપયોગ કરી શકે એવી હોય, તેમને અંગ્રેજી ઉંચી કેળવણી આપવી તે ઇષ્ટ છે. પણ હાલ તો મારા બોલવાનો આશય એટલોજ છે કે તમામ સ્ત્રીઓને સ્થિતિને અનુસાર સારી કેળવણી મળવી જોઇએ."+

તેમની જીંદગીનો છેવટનો ભાગ નાણાં સંબંધી મુશ્કેલીઓમાં આવી પડયો હતો. પોતે સાવ કરજદાર થઈ ગયા હતા. પોતાપર દુઃખ આવી પડયું હતું. છતાં પણ બધી વિપત્તિ તેમણે બહુ ધૈર્યથી અને હિંમત રાખી સહન કરી હતી અને પોતાના વિચાર અને સિદ્ધાંતમાંથી લેશ પણ ડગ્યા નહોતા.

દેશી ભાષાદ્વારા જનસમૂહની કેળવણી એજ દેશોન્નતિનું, મુખ્ય સાધન છે, એવી તેમની દૃઢ ખાત્રી હતી અને કેળવણીના બહોળા પ્રસાર માટે હમેશ બોધ કરતા હતા. પોતે જઇફ હતા, પોતાપર આફત હતી, બીજી અનેક હરકતો હતી, છતાં પોતે દેશી ભાષાના પ્રચાર અર્થે, બનતા વ્યવહારૂ ઉપાયો લેવાનો પાકો નિશ્ચય કર્યો. તે અમલમાં મૂકવાને ગુજરાત કેળવણી મંડળ સ્થાપવા પ્રયાસ કર્યો. સન ૧૯૧૨ ના ડિસેમ્બર માસમાં તેની શરૂઆત કરી. નાની નાની રકમો મેળવી રૂ. ૬૦૦૦ નું મોટું ફંડ એકઠું કર્યું. હાલમાં તે સંસ્થાના લગભગ ૧૫૦ સભાસદો છે. આટલી ટુંક મુદતમાં, મંડળીની આવી આબાદ સ્થિતિ એ તેમના સતત પ્રયાસનું ફળ છે. મરતાં સુધી તેઓ તેના કામકાજ માટે ફીકર રાખતા હતા. એજ તેમના જીવનનું છેલ્લું પણ મહત્વનું અને અતિ ઉપયોગી કાર્ય હતું. પરમાત્મા તેમની શુભેચ્છાઓ પાર પાડો.

( ૩. )

કેટલાક વિષયોને માટે દી. બા. અંબાલાલભાઇને અતિશય પક્ષપાત હતો અને તે માટે તેઓ હમેશાં આગ્રહી રહેતા. આરોગ્યનો વિષય તેમને બહુ પ્રિય હતો. ગમે તે પ્રસંગે કંઇક તક મળતાં, તેઓ શરીર સંપતિ વિશે ઉપદેશ કરવાનું કદાપિ વિસરતા નહિં. દેશની શારીરિક સંપત્તિ નિર્માલ્ય અને દુબળી જોઈ, તેમનું દેશાભિમાની હૃદય ઘણું દુઃખી થતું અને દેશના ભારે મૃત્યુ પ્રમાણ માટે ખેદ દર્શાવતા. બીજા દેશોમાં પ્રજા લાંબુ આયુષ્ય ભોગવી શકે, તંદુરસ્ત રહે અને મૃત્યુ પ્રમાણ બહુ ઓછું આવે, જ્યારે આપણે રોગીલાં, નબળાં અને મુડદાલ રહીએ, મધ્યાવસ્થામાં ઘરડા થઈ જઈ, અશક્ત થઇએ, વહેલાં મૃત્યુ પામીએ અને મૃત્યુ પ્રમાણ પણ મોટું આવે, તે શાથી ? આ માટે તેઓ પ્રજાને જવાબદાર ગણતા. તેની બેદરકારી, ગફલતી અને અજ્ઞાનતાનું પરિણામ છે, એમ કહેતા. તેથી તેઓ દરેકને સ્વચ્છ અને ખુલ્લી હવામાં રહેવાનું, શરીરને જરૂર પુરતી કસરત આપવાનું અને નિયમિત અને વખતસર ખોરાક લેવાનું વારંવાર કહેતા. યુવાવસ્થામાં એકવાર તેમનું શરીર એકાદ મહા વ્યાધિથી પીડાયું હતું. પણ તે પછી નિયમિત વર્તન રાખ્યાથી અને પદ્ધતિસર કામ કરવાથી, તેઓ લાંબુ આયુષ્ય ભોગવી શક્યા હતા અને મરતાં સુધી નીરોગી રહ્યા હતા.

+ હીરક મહોત્સવ પ્રસંગે આપેલું ભાષણ પૃ. ૧૫

તેમને કંઇક પીડા થતી કે તુરત તેનું કારણ શોધી કાઢવાને તેઓ પ્રયાસ કરતા અને બનતાં સુધી, તે વ્યાધિ ફરીને ઉદ્‌ભવે નહિ તે માટે ખાસ સંભાળ રાખતા હતા. તેઓ કહેતા કે 'આપણે રોગી, નિર્બળ અને હોશ વગરના છીએ. આરોગ્ય અને બળ નથી એટલે જોમ, જુસ્સો સત્વ કે દમ હોયજ ક્યાંથી? જ્યાં સુધી શરીર સંપત્તિ મેળવીશું નહિ, ત્યાં સુધી પ્રજા તરીકે આપણે નકામા છીએ. સંસારની સર્વ પ્રકારની ચઢતીનો પાયો શરીર સંપત્તિ છે અને શરીર સંપત્તિ વગર ઇતર પ્રગતિ થઈ શકે નહિ.'

લાંબા કાળના અનુભવ પરથી અને દેશની સ્થિતિ અને તેના પ્રશ્નોનું નિરંતર મનન કર્યાથી તેમની પાકી ખાત્રી થઇ હતી કે " આ મોટા દેશની ઉન્નતિ કરવી હોય તો સર્વ જ્ઞાન દેશી ભાષામાં આપ્યા વગર છુટકો જ નથી. × × જ્યાં લગી ઉંચી કેળવણી અંગ્રેજી ભાષા દ્વારા આપવાની રીત રહેશે, ત્યાં લગી ઉંચા સાહિત્યની આશા રાખવી ફોકટ છે. બધું જ્ઞાન આપણી સ્વભાષામાં મળવું જોઇએ ને અંગ્રેજી માત્ર બીજી ભાષા તરીકે ભણવી જોઇએ. ××× બીજું જન સમસ્તને અક્ષર ને જ્ઞાનના મુખ્ય મુખ્ય સંસ્કાર આપવા જોઇએ. કોઈ પણ પુરૂષ કે સ્ત્રી એટલા સંસ્કાર વગરની રહેવી ન જોઇએ. તેથી તેઓ વખતોવખત બધી ઉંચી કેળવણી દેશી ભાષા દ્વારા આપવાને અને દરેક વ્યક્તિને જરૂર પુરતું શિક્ષણ મળે, તેની વ્યવસ્થા કરવાને, ઊહાપોહ કરતા હતા. અને આટલા માટે તેઓએ ગુજરાત કેળવણી મંડળી સ્થાપી હતી. તેમના જ શબ્દમાં તે મંડળીનો ઉદ્દેશ દર્શાવીશું:—"એ સંસ્થાનો મુખ્ય હેતુ એકજ છે; તે એકે ગુજરાતમાં ગુજરાતી ભાષા દ્વારા સર્વ પ્રકારના જ્ઞાનનો, કળાનો, નીતિનો તથા શરીર સંપત્તિનો પ્રસાર કરવો."

તે જ પ્રમાણે તેમની ભાષા અને સાહિત્ય વિશેના વિચારો પણ કીમતી અને મનન યોગ્ય છે.

"ભાષા અને સાહિત્ય એ લોક સમસ્તની વાણી છે. માણસના મનમાં જે જે વિવિધ વિચારો, ખ્યાલો, તુરંગો, ઉભરાઓ, ઊર્મિઓ, ઉમળકાઓ, દાઝો, લાગણીઓ ને ભાવનાઓ નિરંતર ચઢ ઉતર કર્યા કરે છે, તેને શબ્દનો વેશ આપી માણસ જગત આગળ ધરે છે. જો અંતરની લાગણી ઉંડી ને બળવાન હોય છે તો તેના ઉદ્‌ગાર પણ ગંભીર ને જુસ્સાદાર નીકળે છે. જો તે લાગણી છાછરી ને ખીનકૌવતવાન હોય છે તો મુખનો શબ્દ પણ ધીમો ને નબળો નીકળે છે. અન્તરના મનની ને બુદ્ધિની દષ્ટિ જો બહોળી ને ઉચ્ચ હોય છે તો તેનો વિષય પણ વ્યાપક ને વિસ્તૃત હોય છે. જો મન દબાયલું, રાંક, બાયલું, કાયર, બીકણ, ને કંટાળેલું હોય છે, તો તે મૂગું બની જાય છે. વળી ખરા રૂપિઆનો રણકો જેમ ખરો થાય છે, તેમ ખરી લાગણીનો ધ્વનિ પણ ઓરજ થાય છે. ખરી લાગણી ને ખરા વિચાર, તથા વિપુલ ને અબાધિત અવકાશ એવી ભૂમિમાંજ સાહિત્ય રૂપી છોડવો પોષાય છે, ને સ્વતંત્રતા રૂપી શુદ્ધ વાયુના આવરણમાં તે વહેલો ઉછરે છે. અઘટિત અંકુશની છાયામાં તે કરમાઈ, ચિમળાઈ, અથવા ઠિંગરાઈ જાય છે. સાહિત્યનો ખરો ઉદ્‌ભવ દેશના સર્વ જનોના કાયિક, માનસિક, આત્મિક ઉદ્‌ભવ જોડે સંકળાએલો છે, અને આ ઉદ્‌ભવો રાજકીય, સંસારી, ઔદ્યોગિક અને શિક્ષણપ્રસારના સુધારા ઉપર આધાર રાખે છે. સાહિત્યના સુધારાનાં આ ઉંડાં કારણો ઉપર લક્ષ ખેંચવાનો હેતુ એ છે કે કારણની પ્રફુલ્લતા વગર કાર્યની આશા રાખવી અઘટિત છે એ સિદ્ધાંતનું સ્મરણ થાય."

તેમની લેખનશૈલી સારી અને સરલ પણ જોમદાર અને અસરકારક હતી. તેઓ નિત્ય વપરાસના અને વ્યવહારૂ શબ્દોનો ઉપયોગ કરતા. સહેલાઇથી સમજી શકાય તેવું લખાણ કરવાને આગ્રહ કરતા. જોડણી માટે એટલું જ કહેતા કે શબ્દની જે જોડણી લખો તે બધે સમાન, એક સરખી રાખો. એકવાર એક શબ્દની જોડણી એક રીતે અને બીજી વખતે તેજ શબ્દની જોડણી જુદી રીતે લખવી એ વાસ્તવિક નથી. લખાણમાં સમાનતા રહેવી જોઇએ. પુસ્તકમાં રહી જતી પ્રેસ ભૂલો માટે તેમને બહુ ચીઢ હતી અને શુદ્ધિપત્રક જોઇને સખ્ત ટીકા કરતા. તેઓ કહેતા કે ઇંગ્રેજી પુસ્તકો એક પણ પ્રેસ દોષ વિના પ્રસિદ્ધ થઇ શકે અને આપણું એક પણ પુસ્તક, શુદ્ધિપત્રક વિનાનું ન હોય, એ શું ઓછું ન્હાનમ ભરેલું છે?

માસિકોમાં આવતા લેખો માટે, સામાન્ય રીતે તેઓ કહેતા કે અત્યારે વિદ્વત્તાના નીરસ અને શુષ્ક વિષયોપર ચાલુ ચર્ચા કરવાને બદલે, જીવનમાં ઉપયોગી થઇ પડે, સમાજની ઉન્નતિ માટે સહાયભૂત થાય, તેવા જીવન અને દેશના ગંભીર અને મહત્વના પ્રશ્નોની ચર્ચા અને નિરૂપણ અત્યંત જરૂરના છે. તે વધારે ઉપયોગી અને ફળદાયી થઇ પડશે. આરોગ્ય વિશે કંઇક ઉપયોગી લખાણ તેમના વાંચવામાં આવતું કે તુરત તેનો તરજુમો કરી, અમને તેઓ તે પ્રસિદ્ધિ માટે મોકલી આપતા. એટલી તે માટે તેમને કાળજી અને ખંત હતાં.

તેઓ એક ચુસ્ત સ્વદેશી હતા, સ્વદેશીના જબરા હીમાયતી હતા. પોતે બધો માલ સ્વદેશી વાપરતા અને સ્વદેશી કારીગરી અને હુન્નરને ઉત્તેજન અને મદદ આપવાને નિત્ય બોધ કરતા. નાની અને ઝીણી વસ્તુ માટે પણ તેઓ એક સરખું ધ્યાન આપતા. હમેશા સ્વદેશી ચીજને તે પ્રથમ પસંદ કરતા. ગુજરાત કેળવણી મંડળી માટે સ્ટેશનરી વગેરે સરસામાન જોઇતો હતો તે તેઓ જાતે જઇને સ્વદેશી લઇ આવ્યા હતા. તેમની રહેણી બહુ સાદી હતી. જરૂર વિનાની એક પણ નકામી ચીજ તેઓ ખરીદ કરતા નહિ.

દરેક કાર્ય, તેઓ ચોકસાઇથી અને ઝીણવટથી કરતા અને તે ઉત્સાહપૂર્વક અને ધ્યાન દઇને., ઉપરચોટીઆ કામ પ્રત્યે તેમને કંટાળો હતો. કોઇ તે પ્રમાણે કરે તો તેને ઠપકો આપતા હતા. તેમની સ્મરણશકિત અગાધ હતી. ગમે તેટલી જુની વાત હોય તો પણ તેઓ કદી વિસરતા નહિ. જે કંઇ તેઓ વાંચતા હતા તે ધીમેથી પણ બરોબર સમજીને અને વિચાર કરીને. ગમે તે અભિપ્રાય તેમની સમક્ષ રજુ કરવામાં આવે તો મોટા નામથી દોરાઇ જઇ તેઓ એકદમ સ્વીકારતા નહિ. વળી કોઇના તેજમાં કે રોફમાં લેવાઇ જતા નહિ અને પોતાને યોગ્ય જણાય તેવો સ્પષ્ટ અભિપ્રાય લેશ ખંચકાયા વિના નિડરતાથી આપતા. તેઓ સ્વતંત્ર વિચારના અને આગ્રહી હતા; તેમના દરેક કાર્યમાં તેમના વ્યક્તિત્વની છાપ જણાતી. કેટલીકવાર, તેઓ જાણતા કે અમુક કાર્ય કરવા માટેના અભિપ્રાયમાં પોતે એકલા જુદા પડે છે, તે છતાં તેઓ પોતાનો સ્વતંત્ર અભિપ્રાય જણાવવાને ચૂકતા નહિ.

પણ આ બધા ગુણો કરતાં તેમનું ચારિત્ર્ય વધારે અનુપમ અને આકર્ષક હતું. બધે તેનો પ્રભાવ પડતો અને એજ તેમની મહત્તાનું ખરૂં કારણ હતું. આપણને બુદ્ધિશાળી અને વિદ્વાન પુરૂષો મોડા વહેલા મળી આવશે પણ આવા સદ્વર્તનશાળી, ન્યાયી અને સત્યનિષ્ઠાવાળા મનુષ્યો મળવા દુર્લભ છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ અર્પો !

---

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી લોકહિતાર્થે અતિ સસ્તી કિંમતે નીકળતા

# ઉત્તમ ગ્રંથો અને ગ્રંથમાળાઓ.

ચાર વર્ષથી ચાલતી ચાર હજાર
ગ્રાહકો ધરાવતી

## વિવિધ ગ્રંથમાળા

જેના ગ્રાહક થવાથી—
વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો
દર વર્ષે ૨૦૦૦ પૃષ્ઠ જેટલાં
માત્ર રૂ. ૨) માં મળે છે.
પાકાં પૂઠાં સાથે ૩) પો૦ માફ.
અગાઉનાં પુસ્તકો માટે–વાંચો આગળ.

## ચરિત્રમાળા

જેના ગ્રાહક થનારને—
દેશવિદેશનાં પ્રાચીન અર્વાચીન, મહાન
સ્ત્રી પુરુષોનાં ઉત્તમ જીવનચરિત્રો
દર વર્ષે પૃષ્ઠ ૧૫૦૦
જેટલાં માત્ર રૂ. ૨) માં મળે છે. પાકાં
પૂઠાં સાથે ૩) પો. માફ.
અગાઉનાં પુસ્તકો માટે–વાંચો આગળ.

## તૈયાર મ્હોટા ગ્રંથો.

| | |
|---|---|
| શ્રી જ્ઞાનેશ્વરી ... ... ... | રૂ. ૨) |
| શ્રીમદ્ ભાગવત ... ... ... | રૂ. ૨) |
| શ્રી શિવાજી છત્રપતિ | રૂ. ०॥, ૧, ૧। |
| રાજસ્થાનનો ઈતિહાસ | |
| ગ્રંથ ૧ લો. મેવાડ રાજ્ય. | રૂ. ૨, ૨॥, ૩॥ |
| આર્યભિષક્... ... ... ... | રૂ. ૧॥ |
| સ્વામી રામતીર્થ ભા. ૧ થી ૫ | રૂ. ૧, ૧। |
| શાન્તિપર્વ–મહાભારતનું.... | રૂ. ૨, ૨॥ |

## નીકળનાર ગ્રંથો.

| | |
|---|---|
| દાસબોધ ( રામદાસ કૃત ) ... | ૧) |
| રાજસ્થાન–ગ્રંથ ૨ જો. ... ... | ૨॥ |
| ભકતચરિત્રસંગ્રહ ... ... ... | ०॥ |
| યોગવાસિષ્ઠ છએ પ્રકરણ ... ... | ૫) |
| સંપૂર્ણ મહાભારત ૪ ભાગમાં | રૂ. ૧૨, |
| " પ્રથમથી ગ્રાહક થનારને | રૂ. ૧૦ |
| એકનાથી ભાગવત. ... | ... |
| તુકારામના અભંગ. ... | ... |
| પારસભાગ ભાષાંતર ... | ... |

## બીજા તૈયાર ગ્રંથો.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ગુટકા શ્લોક
ટીકા છબી ઈ૦ સહિત, ૩૦૦ પૃષ્ઠ

| | |
|---|---|
| સાદું પૂઠું ... ... ... ... | ०)= |
| પાકું પૂઠું ... ... ... ... | ०)≡ |
| રેશમી કે સોનેરી પૂઠું ... ... | ०। |
| ખાસ ઉંચી આવૃત્તિ ... ... | ०॥ |
| મનહર પદ ... ... ... | ०)=॥,०। |
| સદ્‌ગુણી બાળકો ... ... ... | ०)≡ |
| બાળ સદ્‌બોધ ... ... ... | ०)≡ |
| બાળકોની વાતો ... ... ... | ०)≡ |
| સુબોધ રત્નમાળા છત્રીશી ... | ०॥। |
| વૈરાગ્ય મુમુક્ષુ પ્રકરણ ... ... | ०।≡ |
| એકાદશ સ્કંધ ... ... | ०।,०।=॥,०॥ |
| વસિષ્ઠસારગીતા ... ... ... | ०॥= |
| સુબોધ રત્નાકર ... ... ... | ०।-॥ |
| આર્યધર્મ નીતિ ... ... ... | ०। |
| ઈ. વિદ્યાસાગર ચરિત્ર ... ... | ०)≡ |
| ભગવાનની છબી ... ... ... | ०)- |

ઉપલી દરેક બાબત વિષે વધુ માહિતી માટે આગળ વાંચો. મળવાનું સ્થળ—

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય મુંબઈ–૨ અને

મ્હોટા જનને મારગે, વ્હેવા ચાહો વીર;
ચરિત્ર વાંચી તેમનાં, ધારો ગુણ ગંભીર.
ચરિત્ર ઉત્તમ વાંચતાં, અંતર ઉત્તમ થાય;
'ચરિત્રમાળા' ચાહથી, તે અર્થે વંચાય.
મહાજન દેશ વિદેશના, પવિત્ર તેનાં કામ;
શાણા સ્નેહે સાંભળી, ફ્હાડો તેવાં નામ.

# ચરિત્રમાળા

ઉત્તમ જીવનચરિત્રોનાં પુસ્તકો
વાર્ષિક રૂ. ૨) માં પૃષ્ઠ ૧૫૦૦ નાં
પાકાં પૂઠાં સાથે રૂ. ૩) પો. માફ.

## ૧૯૭૧ માં નીકળશે.

ભારતની દેવીઓનાં વિસ્તૃત ચરિત્ર, ભારતના મહાન પુરૂષો ભાગ ૩ જો, જગવિખ્યાત પુરૂષો ભાગ ૩ જો, વિદેશી વીરપુરૂષો, વિદેશી સ્ત્રીરત્નો. ઈ. માંથી

## આગલાં પુસ્તકો

નીચલો દરેક ૧૫૦૦ પૃષ્ઠનો સૅટ રૂ. ૨,
પાકાં પૂઠાંનો ૩)માં મળે છે. પો. માફ.

### સં. ૧૯૬૮ નાં પુસ્તકો

૧-૨ બુદ્ધ ચરિત્ર અને બુદ્ધોપદેશ.
૩ થી ૮ ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો.
૯ થી ૧૨ ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો.

### સં. ૧૯૬૯ નાં પુસ્તકો

૧૩-૧૪ ભારતના મહાન પુરૂષો ભા. ૧ લો.
૧૫...ડૉ. આનંદીબાઈ જોશી.
૧૬થી૧૯ ભારતના વીર પુરૂષો.
૨૦થી૨૨ ભારતના સંત પુરૂષો ભા. ૧ લો.
૨૩થી૨૪ જગવિખ્યાત પુરૂષો ભા. ૧ લો.

### સં. ૧૯૭૦ નાં પુસ્તકો

૨૫થી૨૮ ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૩ જો.
૨૯થી૩૧ બુકર ટી. વૉશિંગ્ટન.
૩૨થી૩૪ ભારતના મહાન પુરૂષો.
૩૫-૩૬ જગવિખ્યાત પુરૂષો ભા. ૨

# વિવિધગ્રંથમાળા

દરવર્ષે વિવિધ વિષયનાં પુસ્તકો
પૃષ્ઠ ૨૦૦૦ માત્ર રૂ. ૨) માં
મળે છે. પાકાં પૂઠાં રૂ. ૩) પો. માફ.

## ૧૯૭૧ માં નીકળશે.

સ્વામી વિવેકાનંદના ઉપદેશ, સાચું સ્વર્ગ, અખાની વાણી, ટુંકી વાર્તા ભા. ૩, નવાયુગની વાતો ભા. ૩, દૈવીજીવન, રામતીર્થ ભાગ ૮. ઇ. ઈ. માંથી નીકળશે.

## આગલાં પુસ્તકો

નીચલો દરેક ૧૫૦૦ પૃષ્ઠનો સૅટ રૂ. ૨ાા,
પાકાં પૂઠાંનો ૩) માં મળે છે. પો. માફ.

### સં. ૧૯૬૭ નાં પુસ્તકો

૧-૨ આર્યધર્મનીતિ ઈ૦
૨..અબળાહિત દર્પણ.
૪-૫-૬ સ્વામી રામતીર્થના ત્રણ ભાગ.
૭...લઘુ લેખ સંગ્રહ.
૮...સંસારમાં સુખ ક્યાં છે ?
૯...નવાયુગની વાતો ભાગ ૨ જો.
૧૦-૧૧ યોગીની.
૧૨ અક્ષરમાળા.

### સં. ૧૯૬૮ નાં પુસ્તકો

૧૩-૧૪ નવસંહિતા.
૧૫-૧૬ કાશ્મીરનો પ્રવાસ ઇ૦
૧૭-૧૮ વિવેકાનંદના પત્રો.
૧૯ નવાયુગની વાતો ભાગ ૨ જો.
૨૦-૨૧ સ્વામી રામતીર્થ ભાગ ૪.
૨૨થી૨૪ વીર દુર્ગાદાસ.

### સં. ૧૯૬૯ ના પુસ્તકો

૨૫-૨૬ સ્વામી રામતીર્થ ભાગ ૫.
૨૭...પદ્યાત્મક ભગવદ્ગીતા.
૨૮...નવલકથા સંગ્રહ ભાગ ૧.
૨૯...નામદાર શહેનશાહ ઇ૦
૩૦...છોટાલાલ પદબોધિની.
૩૧...વૈરાગ્ય બોધ કાવ્ય.
૩૨...દુઃખમાં વિદ્યાભ્યાસ.
૩૩...કથાગુચ્છ ભાગ ૧ લો.
૩૪ થી ૩૬ ટુંકી વાર્તાઓ ભાગ ૧.

### સં. ૧૯૭૦ નાં પુસ્તકો

૩૭-૩૮ સ્વામી રામતીર્થ ભાગ ૬.
૩૯-૪૦ સામાજીક સેવાના સન્માર્ગ.
૪૧થી૪૩ ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો.
૪૪-૪૫ સ્વામી રામતીર્થ ભાગ ૭.
૪૬ થી ૪૮ નેપોલિયન બોનાપાર્ટ.

'બૃહદ્ ગ્રંથમાળા' દ્વારા નીકળેલા ખાસ મ્હોટા ઉત્તમ અને સસ્તા ગ્રંથો

આ જમાનાના મહા સમર્થ ઉપદેશક

# स्वामी रामतीर्थ

## એમ. એ. ના સદુપદેશ

ગ્રંથ ૧ લો—ભાગ ૧ થી ૫ ભેગા.

સ્વામીજીના ઉત્તમ ચરિત્ર અને ચાર દર્શનીય છબીઓ સાથે મ્હોટાં પૃષ્ઠ ૪૨૦ પાકું પૂઠું છતાં માત્ર રૂ. ૧) સોનેરી રૂ. ૧ાા. પો. ૦ા~

આ ગ્રંથમાં વ્યવહાર, પરમાર્થ બંનેની સિદ્ધિના અનેક ઉત્તમમાર્ગ, સાયન્સ, શાસ્ત્ર તથા અનુભવનાં અનેક દૃષ્ટાંતવડે એવી તો સરલ, રસીક અને સચોટ રીતે દર્શાવેલા છે કે જેથી વાચકના હૃદયમાં અપૂર્વ ચૈતન્ય, અખૂટઉત્સાહ અને દિવ્યમનોબળ રેડાઇ તેનું જીવન બદલાતું જાય છે.

પ્રત્યેક ભારતસંતાને અવશ્ય વાંચવા યોગ્ય હિંદુ ધર્મના રક્ષક મહા પરાક્રમી પુરૂષ

# शिवाजी छत्रपति

આ ચરિત્ર નવિન, સંપૂર્ણ, વિસ્તૃત, વીરત્વ ભરેલું, સુબોધક અને અસરકારક છે.

મોટાં ૩૫૦ પૃષ્ઠ, છતાં માત્ર રૂ. ૦ાાા સારા કાગળ રૂ. ૧) ખાસ ઉંચી આવૃત્તિ રૂ. ૧ાા પો. ૦ા~

# आर्यभिषक्

## અથવા હિંદુસ્થાનનો વૈધરાજ.

વૈદ્યકનો ઉત્તમ ગ્રંથ—પૂર્વાર્ધ તથા ઉત્તરાર્ધ. પૃષ્ઠ ૫૩૦, સોનેરી પૂઠું રૂ. ૧ાા પો. ૦ા~

# श्रीमद् भागवत

વેદધર્મ સભાવાળું ઉત્તમ ભાષાંતર પાકું સોનેરી પૂઠું રૂ. ૨) પો. ૦ાા=

મહાભારતનો અતિ બોધદાયક વિભાગ

# शान्तिपर्व

## રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ

શ્લોકના અંક સહિત ઉત્તમ ભાષાંતર.

## પૃષ્ઠ ૮૪૦—અધ્યાય ૩૬૬

મજબૂત કાગળ, ઉત્તમ છપાઈ, સોનેરી પૂઠાં, છતાં મૂલ્ય—પ્રથમના રૂ. ૮) ને બદલે માત્ર ૨ાા સામાન્ય આવૃત્તિ રૂ. ૨) પો. ૦ાા~ ૧૯૭૧ આખર સુધી દર પ્રતે રૂ. ૦ા કમી.

કર્નલ ટૉડકૃત મહાન ગ્રંથ

# राजस्थान

## નો ઈતિહાસ—ગ્રંથ ૧લો.

એમાં મેવાડ રાજ્યના પ્રથમથી હાલ સુધીના વૃત્તાંત સાથે સેંકડો ધીરવીર સ્ત્રી પુરૂષો અને રાજારાણીઓનાં અદ્ભૂત ચરિત્રો અને ઐતિહાસિક બનાવોનો સંગ્રહ છે.

વળી એમાં ૪૦ વ્યક્તિઓનાં ચિત્ર, સેંકડો નવિન ટીપ્પણ, સરળ, તેજસ્વી અને રસીક ભાષા, મ્હોટાં ૮૦૦ પૃષ્ઠ, બે મ્હોટાં વંશપત્ર, મજબૂત પૂઠું છતાં માત્ર રૂ. ૨), સામાન્ય આવૃત્તિ રૂ. ૨ાા, ઉંચી આવૃત્તિ રૂ. ૩ાા. પો૦ ૦ાા= થી ૦ાાા~

# श्री ज्ञानेश्वरी गीता

શ્રી જ્ઞાનેશ્વરજીકૃત ટીકાનું ઉત્તમ ભાષાંતર; ગીતાના દરેક શ્લોક, અર્થ તથા જ્ઞાનેશ્વરજીના ઉત્તમ વિસ્તૃત ચમત્કારિક ચરિત્ર સાથે પૃષ્ઠ ૫૫૦, મજબૂત કાગળ, સોનેરી પૂઠું છતાં માત્ર રૂ. ૨) પો. ૦ા= વધુ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. ઠે. કાલબાદેવી, હાથીબિલ્ડીંગ—મુંબઈ, નં. ૨

પ્રથમથી નામ નોંધાવી, હપતે નાણાં ભરી, માત્ર રૂ. ૧૦) માં ગરીબો પણ ખરીદો.

## ભારતવાસીઓનો સર્વથી મહાન, પ્રિય, પૂજ્ય ગ્રંથ

# સંપૂર્ણ મહાભારત

## ચાર મ્હોટા ભાગમાં—આઠ પેજી પૃષ્ઠ ૩૭૫૦

**જેમાં-સુંદર પચરંગી ૨૦ ચિત્રો, મજબૂત એન્ટ્રીક કાગળ, સુશોભિત સોનેરી પૂઠાં, મજબૂત બંધાઈ, સફાઇદાર છપાઈ, પ્રત્યેક શ્લોકના અંક તથા પ્રત્યેક અધ્યાયના આદિ અંતમાં એકેક શ્લોક આવશે.**

આ પ્રમાણે આ મહાભારત બીજાંઓ કરતાં અનેક બાબતોમાં ચ્હડીયાતું થવા સાથે તેમાં ભાષાંતર પણ અન્ય ગુ૦ મહાભારતોથી ઉતરે નહિ એવું ઉત્તમ અને સરલ આવશે; આમ છતાં તેનું મૂલ્ય બીજે રૂ. ૨૫-૩૦ છે, તેને બદલે આ ખાતાએ પોતાના ધોરણને અનુસરીને

## માત્ર રૂ. ૧૨, અને પ્રથમના ગ્રાહકને માટે ૧૦, જ રાખ્યું છે.

| | |
|---|---|
| શાન્તિપર્વ-તૈયારછે......પૃષ્ઠ ૮૫૦ મૂલ્ય રૂ ૨॥ | ૩ ઉદ્યોગ, ભીષ્મ અને દ્રોણપર્વ.....પૃષ્ઠ ૧૦૦૦ રૂ ૩ા |
| આદિ, સભા, વન અને વિરાટ. પૃષ્ઠ ૧૦૦૦ રૂ ૩ા | ૪ બાકીનાં છેવટ સુધીનાં મળીને ૧૦પર્વ. ૯૦૦ રૂ. ૩) |

**પાછલા ત્રણ ભાગો**-વર્ષ વર્ષને અંતરે નીકળશે તેમ મૂલ્ય લેવાશે, જેથી ગરીબમાં ગરીબ માણસ પણ મહીને ०। બચાવી ખરીદી શકશે. પોતાની જાત, કુટુંબ અને વંશજોના હિતાર્થે આવો મહાન ગ્રંથ આટલા સસ્તામાં સંગ્રહ કરવાની તક ફરીફરીને નહિ મળે. પો. દરેક ભાગનું જૂદું સમજવું.

**પ્રથમથી ગ્રાહક થનારે**—તે વિષે અમદાવાદ કે મુંબઈના કાર્યાલયનેજ લખવું, અને શાન્તિપર્વ તૈયાર છે તે તરતમાં રૂ. ૨) થી ખરીદવા ઉપરાંત રૂ. ૧) અનામતનો મોકલવો. **વી. પી. થી** મંગાવનારે શાન્તિપર્વનું પોસ્ટેજ ०॥~ મળી ૩॥~ ભરવા પડશે; અને પછી દરેક ભાગ નીકળ્યાની ખબર અપાયેથી એક માસમાં તે પોતાને ખર્ચે મંગાવી લેવા જોઇશે. અનામતનો રૂ. ૧) છેલ્લા ગ્રંથમાં મજરે મળશે.

**છૂટક**—શાન્તિપર્વ સિવાયના બીજા ભાગો સગવડ હશે તો છુટક દોઢી કિંમતે અપાશે.

---

**રેલ્વે રસ્તે**—આ ખાતાનાં રૂ. ૫) યા વધુનાં પુસ્તકો રેલ્વે રસ્તે મંગાવવાથી બહુજ ઓછા ખર્ચે અમદાવાદથી આવશે; પણ એ પ્રકારમાં કિંમત પૂરી પ્રથમથી મોકલી સ્ટેશનનું નામ લખવું. પેકીંગ માફ.

આ ખાતાનાં સર્વ પુસ્તકો નીચલે ઠેકાણેથી પણ (રેલ ખર્ચજોગા જુજ વધુ મૂલ્યે) મળશે, જેથી ટપાલ ખર્ચ બચશે.

મુંબઈ—**ઑારુએ સ્વદેશી સ્ટૅાર્સ**-બોરીબંદર સ્હામે.
,, **એન. એમ. ત્રિપાઠીની કું૦**-પ્રિન્સેસસ્ટ્રીટ.
,, **વસનજી પરમાનંદ**-ચાહવાળા, કાલબાદેવી.
સુરત—**ચંદ્રપ્રકાશ ઑાફીસ**-ભાગાતળાવ.
ખેડા—**બુ. જેઠાલાલ મનસુખરામ.**
ભરૂચ—**બુ. દેશાઈ બ્રધર્સ**-ઠે. કતોપોર દરવાજે.
વડોદરા—**બુ. મોહનલાલ મનસુખરામ**-લ્હેરીપુરા.
રાજકોટ—**બુ. બ્હેચર મેઘજી**-ઠે. પરાબજાર.
ભાવનગર—**બુ. અબદુલ હુસેન આદમજી.**
નડીઆદ—**ચુનીલાલ બાધાભાઈ**-અમદાવાદી ભાગોળે.

**પોસ્ટેજ સર્વ પુસ્તકનું જૂદું. વધુ ખુલાસા માટે રિપ્લાઈ સાથે લખો:—**

સંબઇ ૨ અને

# ગુ. વ. સોસાઇટીનાં હસ્તકનાં ટ્રસ્ટ ફંડોની સ્કોલરશીપો, ઇનામો વગેરે અપાયાની હકીકત.

(૮) **નવલરામ લક્ષ્મીરામ સ્કોલરશીપ**—ગુજરાત કોલેજમાં પ્રિવિયસ કલાસમાં દાખલ થયેલા વિસનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્યાર્થી **જોશી નાનાલાલ રાજારામને** માસિક રૂ. ૧૦ ની સ્કોલરશીપ.

(૯) **લલ્લુભાઇ શામળદાસ સ્કોલરશીપ**—ઇન્ટરમિડિયેટની પરીક્ષામાં પાસ થઇ ગુજરાત કોલેજમાં બી. એ. ના પહેલા વર્ષમાં અભ્યાસ કરતા વડનગરા નાગર ગૃહસ્થ જ્ઞાતિના વિદ્યાર્થી **એમ. જી. મજમુદાર** ને માસિક રૂ. ૧૦ ની સ્કોલરશિપ.

(૧૦) **નીલકંઠરાય ત્ર્યંબકરાય પારઘી સ્કોલરશીપ**—ગુજરાત કોલેજમાં પ્રિવિયસ કલાસમાં અભ્યાસ કરતા વડનગરા નાગર ગૃહસ્થ જ્ઞાતિના વિદ્યાર્થીમાંથી મેટ્રીક્યુલેશન પરીક્ષામાં વધારે માર્ક મેળવી પાસ થયલા વિદ્યાર્થી **એમ. જી. બક્ષી.** ને ૩ ૮ ની માસિક સ્કોલરશીપ.

(૧૧) **પટેલ છોટાલાલ વાલજી ભુધરદાસ**—ગુજરાત કોલેજમાં મેટ્રીક્યુલેશનની પરીક્ષા ઉંચે નંબરે પાસ કરી અને પ્રિવિયસ કલાસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી **અમીન મણીલાલ એમ.** ને માસિક રૂ. ૩ ની સ્કોલરશીપ.

(૧૨) **માધવલાલ રણછોડલાલ સાઠોદરા નાગર સ્કોલરશીપ**—ગુજરાત કોલેજમાં પ્રિવિયસ કલાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી **ઝોટ રત્નમણિરાય બી.** ને રૂ. ૧૦ ની માસિક સ્કોલરશીપ.

(૧૩) **પંડ્યા વજેશંકર ગોવિંદરામ ભટ્ટ મેવાડા સ્કોલરશીપ**—ગુજરાત કોલેજમાં પ્રિવિયસ કલાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી **આર. જી. પાઠકને** રૂ. ૩ા ની માસિક સ્કોલરશીપ ચાલુ રહી છે.

(૧૪) **આરોડેલ સ્કોલરશીપ**—અમદાવાદ જીલ્લાના અને મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં ઉંચે નંબરે પાસ થઈ, ગુજરાત કોલેજમાં પ્રિવિયસ કલાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી **મી. આથલે દામોદર બી.** ને માસિક સ્કોલરશીપ રૂા. ૯ પ્રમાણે.

(૧૫) **રામનારાયણ ઔદિચ્ય બ્રાહ્મણ સ્કોલરશીપ**—ગુજરાત કોલેજમાં પ્રિવિયસ કલાસમાં અભ્યાસ કરતા અમદાવાદની ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્યાર્થી, મી. **વ્યાસ એમ બી.** ને ચાલુ વર્ષની સ્કોલરશીપ રૂા. ૩ા ની.

REGISTERED No. B. 241.

(૧૬) માધવલાલ રણછોડલાલ ગુર્જર [illegible] સ્કોલરશીપ—[illegible] જમાં આ ફંડની સ્કોલરશીપો નીચે પ્રમાણે અપાઇ છે:—

| નંબર | વિદ્યાર્થીનું નામ. | કયા કલાસમાં. | કેટલા રૂ. |
|---|---|---|---|
| ૧. | દિક્ષિત રતિલાલ બી. | પ્રિવિયસ. | ૫—૦—૦ |
| ૨. | ભટ્ટ હરદેવલાલ ઇ. | જુનિયર બી. એ. | ૧૦—૦—૦ |
| ૩. | જોશી. કે. જે. | સીનીયર બી. એ. | ૧૦—૦—૦ |

(૧૭) **મયારામ શંભુનાથ સંસ્કૃત ઇનામ**—ગુજરાત કોલેજમાંથી સંસ્કૃત લઈ બી.એ. ની પરીક્ષામાં વધારેમાં વધારે માર્ક મેળવી પાસ થએલા વિદ્યાર્થી **મી. સી. બી. જાઠાવાળાને** રૂ. ૨૦ નું ઇનામ.

(૧૮) **કહાનદાસ કાળીદાસ સ્કૉલરશીપ ફંડ**—આ ફંડની સ્કોલરશીપો નીચે પ્રમાણે આપવાનો એ ફંડની કમિટીએ ઠરાવ [illegible] છે:—

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બાઇ કાશી હરગોવન. | ફીમેલ ટ્રેનિંગ કોલેજ અમદાવાદ. | બીજું વર્ષ | રૂ ૫-૦-૦ |
| ૨ | દોશી ફુલચંદ નાથાભાઇ. | નડિયાદ હાઇસ્કુલ. | ધોરણ સાતમું. | ૪-૦-૦ |
| ૩ | તલાટી કેશવલાલ ત્રીભોવનદાસ. | બરોડા હાઇસ્કુલ. | ,, | રૂ ૨-૦-૦ |
| ૪ | શાહ મોહનલાલ ફુલચંદ. | પાટણ હાઇસ્કુલ. | ,, | રૂ ૨-૦-૦ |
| ૫ | શાહ મોહનલાલ ચુનીલાલ. | નડિયાદ હાઇસ્કુલ | ,, | રૂ ૨-૦-૦ |
| ૬ | પરીખ માણેકલાલ રણછોડદાસ. | અમદાવાદ પ્રોપાયટરી હાઇસ્કુલ. | છઠું ધોરણ. | રૂ ૩-૦-૦ |
| ૭ | પરીખ નટવરલાલ મગનલાલ. | ઉમરેઠ જ્યુબિલી ઇન્સ્ટીટ્યુટ. | ,, | રૂ ૨-૦-૦ |
| ૮ | પરીખ સાકરલાલ માણેકલાલ. | નડિઆદ હાઇસ્કુલ | ,, | રૂ ૨-૦-૦ |
| ૯ | મી. ભીમભાઇ અતુપરામ. | ઉમરેઠ જ્યુબિલી ઇન્સ્ટીટ્યુટ. | ,, | રૂ ૨-૦-૦ |
| ૧૦ | ભટ્ટ દેવશંકર રામકૃષ્ણ. | મુંબાઈ જૈન હાઇસ્કુલ. | પાંચમું ધોરણ. | રૂ ૨-૦-૦ |
| ૧૧ | પરીખ ચીમનલાલ કેશવલાલ. | ઉમરેઠ જ્યુબીલી ઇન્સ્ટીટ્યુટ. | ,, | રૂ ૨-૦-૦ |
| ૧૨ | શાહ ભાનુદાસ કીશનદાસ. | આગ્રા કોલેજ. | ,, | રૂ ૫-૦-૦ |
| | | | | રૂ ૩૩-૦-૦ |

(૧૯) **રાયકવાડ વિદ્યોત્તેજક ફંડ સ્કોલરશીપ**—ગુજરાત કોલેજમાં પ્રિવિયસ કલાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભટ્ટ અનંતલાલ કેશવલાલને રૂ. ૩॥ ની માસિક સ્કોલરશીપ આપવામાં આવી છે.

// बुद्धिप्रकाश.

BUDDHIPRAKASHA.

पुस्तक ६१ मुं. अकटोम्बर. १९१४. अंक १० मो.

## વિષયદર્શન.

| વિષય. | લેખક. | પૃષ્ઠ |
|---|---|---|
| " નૂતન-વર્ષાભિનન્દન." | (રા. રા. હીરાલાલ મગનલાલ દેશાઇ.) | ૨૮૯ |
| ભારતલક્ષ્મી. | (રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદ્દેશી.) | ૨૯૦ |
| પ્રાર્થના. | (રા. રા. હરગોવિન્દ કાનજી ભટ્ટ.) | ૨૯૧ |
| ગુજરાતના ઇતિહાસનાં સાધનો. (૨.) | (રા. રા. રણજીતરામ વાવાભાઈ બી. એ.,) | ૨૯૨ |
| જયા અને જયન્ત. | (રા. રા. શિવભાઇ આપુભાઇ) | ૩૦૫ |
| આપણી પ્રાથમિક શાળાઓ અને આરોગ્ય. | (રા. રા, કાંતિલાલ ભોગીલાલ દેસાઇ.) | ૩૧૦ |
| મેઘદૂત. (ઉત્તરમેઘ) | (રા. રા. લલ્લુભાઈ નરોત્તમદાસ મહેતા.) | ૩૧૨ |
| આર્થિક સુધારાની અગત્ય. | (રા રા. મણિલાલ છબારામ.) | ૩૧૮ |
| ગુજરાત વર્નાકયુલર સોસાઇટીને મળેલું નવું ટ્રસ્ટ ફંડ | | |

**ગુજરાત વર્નાકયુલર સોસાઈટી (અમદાવાદ) તરફથી**

તંત્રી અને પ્રકાશક,

**હીરાલલ ત્રીભોવનદાસ પારેખ,** બી. એ.,

**આસિ. સેક્રેટરી.**

ધારીરામની પોળ—**અમદાવાદ.**

**લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧ાા.) અગાઉથી. ટપાલ ખર્ચ માફ.**

છૂટક દર અંકના ત્રણ આના.

**અમદાવાદ—ધી અ૦ યુનિયનપ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.**

## બસો રૂપીઆમાં અન્ન દાન સાથે.

# અમર નામ!

દાનવીર શાજનો અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો!! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ!! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ દાનમાં મળશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દરવર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે. અને તે દાતાના નામની આરસીની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

# જીવીતદાન.

## આપનાર સો પાળક પણ નહિં નીકળે.

દીન વત્સલો પ્રભુની ખાતર દયા અને અનાથોના પાળક બનો. દર માસે રૂ. ૭) આપનાર ધર્માત્માના નામથી બાર વર્ષથી મોટી ઉમરના અનાથને પાળી વિદ્યાદાન આપી શકીશું. આ પુણ્ય ભુમીમાં અનાથના પ્રાણદાતા એવા ૧૦૦) પાળક પણ નહિ નીકળે? જરૂર દયા લાવી લખોઃ—

**મંત્રી હીંદુ અનાથ આશ્રમ--નડિયાદ.**

---

# बुद्धिप्रकाश.

પુસ્તક ૬૧ મું    અક્ટોમ્બર સને ૧૯૧૪    અંક ૧૦ મો.

## " નૂતન-વર્ષાભિનન્દન "

ઇન્દ્રવજ્રા:

આવ્યું રૂડું નૂતન વર્ષ આજે    હર્ષે ભર્યાં આ હૃદથી સહુને,
અર્પું અભિનન્દન પૂર્ણ પ્રેમે    સત્કાર કર્જો મમ મિત્ર સર્વે.

શિખરિણી:

પ્રકાશો આકાશે,    સુરજ સુખના વ્યોમ વિલસો !
અને આછાં રશ્મિ    નભ ઘુમટમાં ઝળહળી રહો !
કુળા રશ્મિ કાપો    ગગન તળથી અભ્ર દુઃખના !
ડુબો નિજાનન્દે    પ્રણય ઝરણે સ્નેહ જગના !
કદી ભાનુ રશ્મિ    ચળકિત હીરા ઉપર પડે,
પ્રતિભા રુપે તે    ઝળકિ ઉઠશે સર્વ દિશમાં;
રુડી તેવી રીતે    પ્રતિ વિલસજો જ્ઞાન કિરણો !
ઝગાવી જ્યોત્સ્નાને    અમર સુખના ફૂલ વિણજો !

શાર્દૂલવિક્રીડિત:

આધિ વ્યાધિ ઉપાધિ સર્વ જગની    વામો વિભુ સર્વદા !
વિદ્યા પ્રાપ્ત કરી અનેરી જગમાં    ખ્યાતિ વધો વિશ્વમાં !
લક્ષ્મી ના કમળો સમા કર વિશે    રાચો તમે સર્વદા !
વિશ્વે વ્યાપક ઇશના કવનમાં    ગાજો રુડાં ગીતડાં !
વાધો પ્રેમ અનન્ત આદિ વિભુજે    આ સ્નેહ સૃષ્ટિ વિશે !
ને એ પ્રેમ તણા વિશુદ્ધ ઝરણે    ડૂબ્યાં રહો સર્વદા !
આશા ઉચ્ચ ધરી સદૈવ હૃદયે    સત્યાગ્નિ પ્રકટાવજો !
ને એ સત્યની રજ્જુ હસ્ત ગ્રહીને    દેશોન્નતિ સાધજો !

વસંતતિલકા:

પીયૂષ પાન ચિર શાન્તિતણું કરીને,
કર્તવ્ય કેરી ધુનમાં ઘૂમજો સદાયે !
બ્રહ્માંડ સર્વ પ્રણયાબ્ધિ વિશે ડૂલાવી,
સંસાર લ્હાણુ લઇને વિભુગાન ગાજો !

ત્રોટક:

નવસૃષ્ટિ તણા રચનાર પિતા ! અહ: વિશ્વતણા પ્રતિપાલક આ !
ગિરિજા પતિ હે ! નિલકંઠ ત્હમે ! ત્રિપુટી બનીને દુઃખને દળજો ?

શિખરિણી:

દિવાળીના રુડાં દિવસ મહીં આનન્દ કરજો !
પ્રભુ પન્થે પાછાં નૂતન વરસે પાદ ભરજો !
યથેચ્છા નન્દોથી જીવન ક્રમમાં પ્રવૃત થજો !
મનુની સેવાના મધુર મંત્રે ધ્યાન ધરજો !

ચોપાટી—મુંબાઈ. હીરાલાલ મગનલાલ દેશાઈ.

# ભારતલક્ષ્મી.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરના એક કાવ્યના હિન્દી અનુવાદ ઉપરથી.

જય જનકજનની-જનનિ, જય ભુવન માનસહારિણી,
જય ધરણિ રવિકર સમુજ્જવલ વિમલતા વિસ્તારિણી !
ધૌત તારા ચરણતલ છે નીલ નીરધિ નીરથી,
જય અનિલકમ્પિત મનોરમ શ્યામ અંચલધારિણી !
વ્યોમચુમ્બી ભાલ હિમગિરિ છે, તુષાર કિરીટ છે,
જય જયતિ લક્ષ્મી સ્વરૂપા, દૈન્ય દુઃખ નિવારિણી !
પ્રથમ તો તારાજ ગગને સુપ્રભાત થઈ અહા !
પ્રથમ વેદધ્વનિ જગાવ્યો તેંજ પુણ્યપ્રસારિણી !
તારાજ વન-ભવને પ્રથમ સુપ્રચારિતા હા ! થઈ હતી,
જ્ઞાન-ધર્મમયી કથાઓ સકલ અઘસંહારિણી !
ધન્ય છે, મંગલમયી, તું સતત દેશવિદેશને,
પાળતી દઈ અન્ન પ્રેમે હે ભવાર્ણવિતારિણી !
જાહ્નવી-યમુના સ્ખલિત છે સ્તન્ય તવ પીયૂષ સમ,
જય અમારી દિવ્ય ધાત્રી પતિતપાવન કારિણી !

કલકત્તા.
તા. ૨૦-૮-૧૪ } અંપશી વિઠ્ઠલદાસ ઉદ્દેશી.

# *પ્રાર્થના.

## શિખરિણી.

૧.

તમારી સેવાને ચરણ રજમાં શિર નમશે,
ડુબાઓ ગર્વોને અતિશય વિશુદ્ધ જળ વિષે;
ખરા નીતિ રસ્તે વિમળમતિ આપો ભય હરિ,
તમારો માનીને અભયપદ આપો હરિ હરિ !

૨.

અમારા માટેનું નિશદિન બધું માન તજશું,
તમારી શુદ્ધિમાં પળ પળ ફરીને વિહરશું;
ભલે મૃત્યુ જેવાં વિષમ દુઃખડાં સર્વ સહીશું,
તથાપિકો કાળે નહિ નહિ દયાળુ ! વિસરશું.

૩.

અમારા કાર્યોમાં કદિ નહિ અમે કાંઇ મથશું,
તમારી ઇચ્છાઓ પુરણ કરવા સ્વાર્થ તજશું;
અરેરે ! ફેલાવો મદ મદનનો બંધ કરશું,
દયાનાં તત્વોને જીવન ભરમાં ગ્રાહ્ય કરશું.

૪.

સદા શાન્તિ ઇચ્છી શિશુસહ બધાં ક્રોધ તજશું,
બુરા લાભો ત્યાગી સજન પથમાં સ્નેહ ધરશું;
કરી રૂડાં કાર્યો ડગડગ વિષે ખૂબ ડરશું,
હરિ ! હોંશે આવો હૃદય કમળેઃ પૂર્ણ ભજશું.

હરગોવિન્દ કાનજી ભટ્ટ.

---

* બાબુ રવિન્દ્રનાથ ટાગોરના મૂળ ગીતાંજલિના કાવ્યનો અનુવાદ—કર્તા.

# ગુજરાતના ઈતિહાસનાં સાધનો.

૨.

[ ઈ. સ. ૧૯૦૯ ના ઑગષ્ટના બુદ્ધિપ્રકાશમાં આ લેખમાલા આરંભી હતી. પણ ભાવનગરમાં પૂરતાં સાધન મળી ન શકવાથી એ લેખમાલા અધૂરી રહી હતી. ઈ. સ. ૧૯૧૩ માં મુંબાઈ અને પુણામાં નિવાસ કરવાનો જોગ લાધવાથી મુંબાઇની એશિયાટિક સોસાયટિના ગ્રંથસંગ્રહ અને મુંબાઈ સરકારના પ્રાચીન શોધખોળ ખાતાની પુણાખાતેની ઑફીસના ગ્રંથ સંગ્રહની મદદથી પ્રથમ લેખમાં વલભીરાજ્યનાં જે તામ્રશાસનોની ફેરિસ્ત છાપી હતી તે તામ્રશાસનોમાંથી જેટલા વિશે અહેવાલ મળ્યો તે વાંચી ગયો. વાંચને તારવેલી હકીકત કોષ્ટકરૂપે આ લેખમાં છાપવામાં આવે છે. ]

દરેક તામ્રશાસનમાં પ્રાયઃ નીચે પ્રમાણે હકીકત આપેલી હોય છેઃ

(૧) તામ્રશાસન પ્રકટ કરવાનું સ્થાન.
(૨) દાતાનો વંશાનુક્રમ.
(૩) દાનનું વર્ણન, તેની સ્થિતિ અને સીમાઓ.
(૪) રાજપુરુષો અને બીજા માણસોએ પાળવાની આજ્ઞાઓ.
(૫) ભવિષ્યના રાજાઓ દાન પાળે માટે તેમને ધર્મશાસ્ત્રાનુસાર વિનંતિ.
(૬) દાનનો ધાર્મિક હેતુ.
(૭) પ્રતિગ્રહિતાનાં નામ, વર્ણ, ગોત્ર, વેદ, શાખા વગેરે.
(૮) દાન હમ્મેશ કાયમ રહે, પ્રતિગ્રહિતા વંશપરંપરા તે ભોગવી શકે અને કોઈ તેને હરકત ન કરે એવો ઉલ્લેખ.
(૯) પ્રતિગ્રહિતાને એનાયત થએલા ખાસ હકો.
(૧૦) આશીર્વાદ અને શાપ.
(૧૧) રાજાની સહી.
(૧૨) તિથિ અને સંવત્.
(૧૩) દાન લખનાર, પ્રકટ કરનાર, કોતરનાર રાજપુરુષોનાં નામ.
(૧૪) રાજમુદ્રાની છાપ.

વલભીનાં તામ્રશાસનોમાં આ પ્રમાણે જે જે હકીકત આપેલી છે તેનાં જૂદાં જૂદાં કોષ્ટકો સાલવાર મુજબ નીચે છાપવામાં આવે છેઃ—

### કોષ્ટક क.

આ કોષ્ટકમાં રાજપુરુષોની આવલિ લખવામાં આવી છે. કૌંસમાં તેમના અધિકાર જણાવ્યા છે. પ્રત્યેક તામ્રશાસનનો સંવત્ નિશાણી આપ્યો છે.

| વલભી સંવત્ | દૂતક. | લેખક. |
|---|---|---|
| ૧૮૩ | | કુમારિલપભિદત્ત (ક્ષત્રિક) |
| ૨૦૬ | મમ્મક. | કિક્કક. |
| ૨૦૭ | ,, ( પ્રતિહાર ) | ,, |
| ૨૦૭ | ,, | ,, |
| ૨૧૦ | ,, | ,, |
| ૨૧૦ | રુદ્રધર. | ,, |
| ૨૧૬ | ——— | ,, |
| ૨૧૭ | ભટ્ટિ (રાજસ્થાનીય ) | ,, |
| ૨૨૧ | ,, ( સૂપકારાપતિ ) | ,, |
| ૨૪૦ ( ૨૩૭ ? ) | ... પુત્ર વિષ્ણુસિંહ. | ——— |
| ૨૪૬ | ——— | સ્કન્દભટ (સંધિવિગ્રહક) |
| ૨૪૮ | ——— | ,, |
| ૨૫૨ | ચિર્બિર. | ,, |
| ૨૫૨ | ,, અથવા ચિબ્બિર. | ,, |
| ૨૫૨ | ,, | ,, |
| ૨૫૨ | ,, | ,, |
| ૨૫૨ | ,, | ,, |
| ૨૫૨ | રાજદુહિતા ભૂવા | સંધિવિગ્રહક દિવિરપતિ વત્રભટ્ટિનો પુત્ર દિવિરપતિ સ્કંદભટ. |
| ૨૬૮—૯ | સામન્ત શીલાદિત્ય | સ્કંદભટ (સં. વિ. દિ.) |
| ૨૭૦ | ,, | ,, |
| ૨૮૬ | ભટ્ટ આદિત્યયશસ્ | વત્રભટ્ટિ અથવા વશભટ્ટિ? અથવા ચંદ્રભટ્ટ ? (સં. વિ.દિ) |
| ૨૮૬ | ——— | ભટ્ટ આદિત્યશસ્ (સં. વિ.) |
| ૨૯૦ | ખરગ્રહ | ચન્દ્રભટ્ટિ (સં. વિ. દિ.) |
| ૩૧૦ | ——— | ——— |
| ૩૨૦ | રાજપુત્ર ખરગ્રહ | સં. વિ.દિ. વત્રભટ્ટિનો પુત્ર દિ.સ્કંદભટ |
| ૩૨૦ | રાજપુત્ર ખરગ્રહ | દિવિરપતિ વત્રભટ્ટિનો પુત્ર દિવિરપતિ સ્કંદભટ. |
| ૩૨૧ | ,, ,, | ,, ,, |
| ૩૨૬ | ——— | ,, ,, |
| ૩૨૬ | ——— | ,, ,, |
| ૩૩૦ | ——— | ——— |
| ૩૩૦ | રાજદુહિતા ભૂપા અથવા ભૂવા | સ્કંદભટ. |
| ૩૩૪ | નાગ (પ્રમાતૃ) | (સં. વિ.દિ.)સ્કંદભટનો પુત્ર દિવિરપતિ અણહિલ. |
| ૩૩૭ | શ્રીનાગ ( પ્રમાતૃ ) | ,, |
| ૩૫૦ | રાજપુત્ર ધ્રુવસેન | ,, |
| ૩૫૨ | ,, | દિવિરપતિ અણહિલ. |
| ૩૬૫ | × × | × × |
| ૩૭૨ | રાજપુત્ર ખરગ્રહ | બલાધિકૃત ભોગક બપ્પનો પુત્ર દિવિરપતિ હરગણ. |

| | | |
|---|---|---|
| ૩૭૫ | રાજપુત્ર ખરગ્રહ | બલાધિકૃત ભોગિક બપ્પનો પુત્ર દિવિરપતિ હરગણ. |
| ૩૭૬ | ,, | × × |
| ૩૮૨ | રાજપુત્ર ધરસેન. | × × |
| ૪૦૩ ૪૦૩ | ,, શીલાદિત્ય | શ્રીબુદ્ધભટ્ટનો પુત્ર બલાધિકૃત શ્રીગિલ્લક. |
| ૪૪૧ | ગાત્રજશાતિ શ્રીજજ્જુ | સસ્યગુપ્ત |
| ૪૪૭ | દેટહ (મહાપ્રતિહાર) | હેમ્મટનો પુત્ર ગુહ (અમાત્ય, પ્રતિનર્તક, કુલપુત્ર) |

છેલ્લા તામ્રશાસનમાં દૂતક અને લેખકનાં નામ ઉપરાંત અક્ષપટલિક રાજકુલ શર્વટ ( સિદ્ધનાથ કે સિદ્ધસેનના પુત્ર ) નું નામ આપવામાં આવ્યું છે. અને લેખક ગુહને દૂતકે નિયુક્ત કર્યો હતો એવું પણ લખવામાં આવ્યું છે.

કોષ્ટકોમાં જ્યાં જ્યાં રેખા છે ત્યાં ત્યાંના નામ તામ્રશાસનોમાં નથી એમ સમજવાનું છે અને જ્યાં જ્યાં બે ચોકડી છે તે તામ્રશાસનો જોવાનું ભાગ્ય પ્રાપ્ત થયું નથી.

### કોષ્ટક ख.

આ કોષ્ટકમાં પ્રતિગ્રહિતાનાં અભિધાન, બ્રાહ્મણ હોય તો તેમનાં ગોત્ર, વેદ અને નિવાસસ્થાન આપવામાં આવ્યાં છે.

| વલ્લભી સંવત્ | નામ | ગોત્ર | વેદ | નિવાસસ્થાન. |
|---|---|---|---|---|
| ૧૮૩ | **દેવી ભગવતી પાણુરાજ્યાનું મંદિર** (દેવીનો કર્માન્તિકભિરુગવક ). | | | |
| ૨૦૬ | કુમારશર્મા જરભજ્યી | શાંડિલ્ય | છાંદોગ્ય | શકરવાટક. |
| ૨૦૭ | સચિતિશર્મા | દ્રોણાયન | અથર્વવેદ | હસ્તવપ્ર. |
| ૨૦૭ | ધમ્મિલ | દર્ભ | વાજસનેય | ——— |
| ૨૧૦ | વિષ્ણુશર્મા | જાબાલિ | ,, | સિંહપુર. |
| ૨૧૦ | સ્કંદ | ઔપસ્વરિત | ,, | અક્રોલક. |
| ૨૧૬ | **વલ્લભીમાં દુદ્દાવિહારનો સંઘ.** | | | |
| ૨૧૭ | (૧) ,, ,, ,, <br>(૨) ,, **આચાર્યભદન્ત બુદ્ધદાસના વિહારનો સંઘ.** | | | |
| ૨૨૧ | સ્કન્દત્રાત ગુહત્રાત | ભારદ્વાજ | છાંદોગ્ય | આનન્દપુર |
| ૨૪૦ | **વલભીમા દુદ્દાવિહારનો સંઘ.** | | | |
| ૨૪૬ | ,, ,, ,, (—૧૮ નિકાય ) | | | |
| ૨૪૮ | ,, **મિમ્માએ બાંધેલા આભ્યંતરિકા વિહારનો હીનયાન સંઘ** | | | |
| ૨૫૨ | વિશાખ બપ્પ | કશ્યપ | છાંદોગ્ય | ——— |
| | | | ( ૧૮ નિકાય ) | |
| ૨૫૨ | રુદ્રભૂતિ | વત્સ | વાજસનેય કાણ્વ | ઉન્નત. |
| ૨૫૨ | દુશ (ધ) શક્રિ | શાંડિલ્ય | છાંદોગ્ય કૌથુમ | ——— |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫૨ | ભુદ્ર | કૈરાદિ | બહ્વૃચ્ | —— |
| | દસિલ | ત્રૈવાલમ્બાયન | ,, | —— |
| ૨૫૨ | છચ્છર | ભાર્ગવ | મૈત્રાયણક માનવક | બ્રહ્મપુર. |
| ૨૫૨ | રોધ, શ્યેન | કૌશિક | વાજસનેય માધ્યંદિની શાખા | —— |
| ૨૬૮ | **વલભીમાં આચાર્ય ભદન્ત સ્થિરમતિએ બાંધેલો 'બપ્પપાદવિહાર.'** | | | |
| ૨૭૦ | વિષ્ણુમિત્ર | શાર્કરાક્ષિ | બહ્વૃચ્ | આનર્તપુર ખેટક |
| ૨૮૬ | **બૌદ્ધવિહાર** | | | |
| ૨૮૬ | **વલભીમાં દુદ્દાનો બૌદ્ધવિહાર.** | | | |
| ૨૮૬ | દ્રોણ | | | |
| | ઇન્દ્રવસુ ( ઇન્દ્રવસુ ) | | | |
| | વત્સ | | | |
| | પદ્ધિ | | | |
| | ગુહિલા | | | |
| | ભટ્ટિસૂર્ય | | | |
| | દિન્નભટ્ટિ | | | |
| | ભુદ્રક | | | |
| | આદિત્યવસુ | | | |
| | દ્વિ દ્રોણ | | | |
| | ત્રિ દ્રોણ | | | |
| | કુમારશર્મા | | | |
| | ભટ્ટિ | | | |
| | આદિત્યરવિ | | | |
| | ગણુક કે ગણુર્ક (ગણાર્ક) કે ગણુરત્ન (ગણુરત્ન) | | | |
| | ક્રિ [ જ્ઝ ] ક ? | | ગોત્ર ચરણ | |
| | ગોપાદયક | | | |
| | ખન્દ (સ્કન્દ) | | | |
| | શર્મ્મ | | | |
| | ભદ્ર | | | સંગપુરી. |
| | આદિત્ય | | વિવિધ વિવિધ | |
| | દ્વિ આદિત્ય | | | |
| | બપ્પટક | | | |
| | મતૃશર્મ્મા (માતૃશર્મ્મા) | | | |
| ૨૯૦ | **બાલવર્માના ભટપદમાં હરિનાથે સ્થાપેલું મહાદેવનું મંદિર.** | | | |
| ૩૧૦ | **દુદ્દા વિહારાંતર્ગત ગોહકવિહારનો સંઘ.** | | | |
| ૩૨૦ | **દેવી કોટ્ટમહિકાનું મંદિર.** | | | ત્રિસઙ્ગમક |
| ૩૨૦ | અગ્નિસ્વામી કુમારસ્વામી | પારાશર | વાજસનેય | ઉદુમ્બરગહ્વરનાવતની અગસ્તિકાગ્રહારનો રહેવાસી |
| | સંગરવિ મહેશ્વર | કૌશિક | ,, | જમ્બુસરનો વતની અયાનકાગ્રહારનો રહેવાસી. |

ઇશ્વર
બાપ્પસ્વામી
દ્વિ બપ્પટક
ગોપ
દામ
દ્વિ ભદ્ર
ખોક્ખક
કેશવ
ગોવશર્મા
અગ્નિશર્મા
દ્વિ ગોપ
નાવુવ[ક]
કુમારભદ્ર
સીહ
નટ્ટક
ગિંજક
ગોગ્ગક
સંગમ
દ્વિ ભટ્ટિ
ભાનુ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨૧ | દત્તસ્વામી બુધસ્વામી | પારાશર | માધ્યંદિન વાજસનેય ત્રિવેદી | દશપુરનોવતની અયાનકાગ્રહારનોરહેવાસી |
| | કુમારસ્વાની બુધસ્વામી | ,, | વાજસનેય ચાતુર્વેદ | ઉદુમ્બરગહ્વરનો વતની અગસ્તિકાગ્રહારનો રહેવાસી. |
| ૩૨૬ | અર્જુન ગુહાઢ્ય | ભારદ્વાજ | છાંદોગ્ય | સિંહપુરનો વતની કિક્કટાપુત્રનોરહેવાસી |
| | મંકસ્વામી ગુહાઢ્ય | ,, | ,, | ,, | ,, |

૩૨૬ **હસ્તવપ્રમાં ચોવાનક ગામમાં દ્વિવિરપતિ સ્કંદભટે બાંધેલા વિહારનો મહાયાન સંઘ.**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩૦ | નારાયણમિત્ર કેશવમિત્ર | શાર્કરાક્ષિ | બહ્વૃચ્ચાતુર્વેદી | આનર્તપુરનો વતની કાસરનો રહેવાસી. |
| ૩૩૦ | અદિતિશર્મા ભવીનાગ | પરાશર | વાજસનેય | ઉદુમ્બરગહ્વરવાસ્તવ્ય ખેટક નિવાસી. |
| ૩૩૪ | ભટ્ટિભટ બપ્પ | કૌશિક | વાજસનેય | મહિચ્છક |
| ૩૩૭ | નારાયણ કેશવ | શાર્કરાક્ષિ | ચાતુર્વેદ | આનંદપુર વાસ્તવ્ય ખેટક નિવાસી |
| ૩૫૦ | ભટ્ટિ ધનપતિ<br>ઇશ્વર ધનપતિ | કૌણ્ડવ્ય | વાજસનેય | દ્વિપનિર્વિગત |
| ૩૫૨ | મગોળદત્ત કિક્કક | ગાર્ગ્ય | યજુર્વેદ | આનંદપુર વિનિર્ગત વલભી નિવાસી. |
| ૩૬૫ | × × | × × | × × | × × |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭૨ | ભૂતકુમાર દ્રોણ | ભરદ્વાજ | મૈત્રાયણીય | ગોમૂત્રિકા વિનિર્ગત વલભી વાસ્તવ્ય |
| ૩૭૫ | દેવિલ પપ્પક | શાંડિલ્ય | ચતુર્વેદ | વિંચુદશપુર વિનિર્ગત વંશકટ નિવાસી. |
| ૩૭૬ | × × | × × | × × | × × |
| ૩૮૨ | × × | × × | × × | × × |
| ૪૦૩<br>૪૦૩ | ભટ્ટ વાસુદેવભૂતિ<br>દામોદરભૂતિ | ગાર્ગ્ય | બહ્વૃચ | લિસિખણ્ડ વાસ્તવ્ય વર્દ્ધમાનભુક્તિવિનિર્ગત |
| ૪૪૧ | સમ્ભુલ્લ ડાટલ | પારાશર | અર્થવેદ | દાહક |
| ૪૪૭ | આખંડલામિત્ર ભટ્ટવિષ્ણુ | શાર્કરાક્ષિ | ચતુર્વેદ | આનંદપુર વિનિર્ગત ખેટકપુર નિવાસી ? |

### કોષ્ઠક ग.

દાનના સીમાનિર્દેશ માટે તેમજ બીજાં કારણસર ભૂપ્રદેશની ગામ તથા જીલ્લાવાર વર્ણવાએલી હકીકત આ કોષ્ટકમાં સંગ્રહી છે.

| | | |
|---|---|---|
| ૧૮૩ | ત્રિસઙ્ગમક | 'હસ્તવપ્ર' **આહરણીમાં.** |
| ૨૦૬ | મદ્દણા<br>તાપસીય<br>તિનિષક | હસ્તવપ્ર |
| ૨૦૭ | હરિયાનક | 'અક્ષસરક' **પ્રાપમાં,** 'હસ્તવપ્ર' **આહરણીમાં** |
| ૨૦૭ | કુક્કટ | " " |
| ૨૧૦ | ભલ્લર | " |
| | વસુકીય | અક્ષસરક પ્રાવેશ્ય. |
| ૨૧૦ | અક્રોલક | ——— |
| ૨૧૬ | પિપ્પલરુંખરી; | અનુપુંજ્ય પરાન્તે. |
| ૨૧૭ | વટપ્રજ્યક (?) | ——— |
| ૨૨૧ | શમિહમ્બર. | |
| | ભદ્રણિકા. | |
| | દ્રોણિકા. | |
| | સરસ્વતીવટ | |
| ૨૩૦ | ત્રિસઙ્ગમક. | |
| ૨૪૬ | સમીપદ્ર વાટક | ( આનુમંજી અને પિપ્પલરૂંખરીની વચ્ચે ) |
| | સંગમાનક | 'મણ્ડલી' ના **દ્રંગમાં.** |
| | નદીય | 'દેટક' **આહારમાં.** |
| | ચોસ્સરી. | " " |
| ૨૪૮ | બહુમૂલા | 'વટસ્થલીકા' **પ્રાપમાં** |
| ૨૫૨ | ડામરિપાટક | 'વહપલિક' **સ્થલીમાં** |

| | | |
|---|---|---|
| ૨૫૨ | અન્તરત્રા<br>ડોમ્ભિગ્રામ<br>વજ્રગ્રામ | ઉન્નત. |
| | શિવકપદ્રક<br>ભુમ્ભુરપદ્રક | |
| ૨૫૨ | સૂર્યદાસ | |
| | જ્યોતિપદ્રક | |
| | લેશુદક | |
| ૨૫૨ | મદસરસ્ | |
| | વીરપુત્ર | |
| | પૃથાપુત્ર | |
| | ઇશ્વરદેવસેનાક. | |
| ૨૫૨ | વટગ્રામ | 'દીપનક' પેઠ, 'બિલ્વખાત' **સ્થલી** |
| | ભટાર્કભેદ | ,, ,, |
| | અમૂલીકવાહ | |
| | વેલાપદ્રક. | 'ઝરી' **સ્થલી** |
| | દધિકૂપાક | |
| | ભ્રામરકલ્પ | |
| ૨૫૨ | નાટયોટક | 'બંવુવાનક' **સ્થલી** |
| | ઐ(ય)કલિક | |
| | દેવરક્ષિતપાટક | 'નિમ્બકુપ' **સ્થલી** |
| | વત્સા **અથવા** વત્સવાહક નદી | |
| | ખંડભેદક તળાવ | |
| | ચિત્રસ્થલ્ય, | 'કદમ્બપદ્ર' **સ્થલી** |
| | કદમ્બપદ્ર | |
| ૨૬૮ | મહેશ્વર દાસેનક | 'હસ્તવપ્ર' **આહરણી** |
| | દેવભદ્રિ પલ્લિકા | 'ધારાખેટ' **સ્થલી** |
| | ભદ્રોપાત્ત વાસક (?) | |
| ૨૭૦ | અશિલાપલ્લિકા | 'બણ્ડારજ્જિદ્રિ' **પથક.**<br>'ખેટક' **આહાર.** |
| ૨૮૬ | રક્ષરપુત્ર | પાલીતીરા બ્રહ્મમાં |
| | ઉદ્રપદ્રક | |
| ૨૮૬ | પંડરકૂપિકા<br>ઉચ્ચાપદ્રક<br>કક્કિજ્જ<br>ઇંદ્રાણિપદ્રક | 'પુષ્યાનક' **સ્થલી** |
| ૨૮૬ | ભોણ્ડાનક | 'વટનગર' **સ્થલી** |

૨૯૦ વટપદ્ર

ભદ્રાણક
વીતખદ્દા
દ્વિજાનાક
બરટક
બ્રમિલનક
પુષ્મિલાનક

૩૧૦ ભસન્ત — 'કાલાપક' પથમાં, સુરાષ્ટ્રમાં.

૩૨૦ ત્રિસઙ્ગમક

૩૨૦ નવગ્રામક — માલવક.

વરાહોટક
લક્ષ્મણ પદ્દિકા
પુલિંદાનક

૩૨૧ ચંદ્રપુત્રક — માલવક

ધમ્મણ હડ્ડિકા
દેવકુલપાટક.

નિર્ગુણ્ડી ( તળાવડી)

૩૨૬ શર્કરાપદ્રક — કિક્કટપુત્રમાં, 'કાલાપક' પથમાં, સુરાષ્ટ્રમાં

પટાણક

૩૨૬ યોધાનક — હસ્તવપ્રમાં

૩૩૦ દેસુરક્ષિતિજજ્જ — 'સિંહપલિકા' પથકમાં, 'ખેટક' આહાર

૩૩૦ કોલમ્બ
વડુસોમાલિકા
સીહમુહિજ્જ
વિંશ્વપલ્લિ
} 'ખેટક' આહાર.

દુહદુહ (દુહદુહિકા)
જાહ્મણપલ્લિ
ગુડુપલ્લિ
} 'નગરક' પથક, 'ખેટક' આહાર

૩૩૪ પટ્ટપદ્રક — દક્ષિણપટ્ટે 'શિવભાગપુર' વિષય.

સિરિ–સિમ્મિણિકા

૩૩૭ પંગુલપલ્લિકા — 'ઘૃતાલય' ભૂમિ, ,, ,,

૩૫૦ દેસેનક

મૂલવર્મપાટક
વિશાલપાટક
શ્રિવત્રાતઈજ્જ
}

વિઞ્છકૂપિકા નદી.
મહ્ન તડાગ
મધુમતી નદી
માણ્ડઇજ્જિકા નદી.
}

| | | |
|---|---|---|
| ૩૫૨ | ધ્રુષા | સુરાષ્ટ્ર |
| ૩૬૫ | × × | |
| ૩૭૨ | લોણાપદ્રક<br>બાલાદિત્યતટાક | 'લોણાપદ્રક' **સ્થલી,** સુરાષ્ટ્ર. |
| ૩૭૫ | મોરંજિજ્જ | અન્તરત્રા, સુરાષ્ટ્ર |
| ૩૭૬ | × × | |
| ૩૮૨ | × × | |
| ૪૦૩ | અન્તરપલ્લિકા | સુરાષ્ટ્ર |
| ૪૦૩ | કાણ્હ્હજ્જ દિણ્ણાપુત્ર<br>કુઆ સિડઃઘ | ,, |
| ૪૫૧ | વટ્ટુઅબ્બટક<br>વપ્પોખકા નદી | 'સૂર્યાપુર' **વિષય** |
| ૪૪૭ | મહિલાબલી | 'ઉપ્પલહેટા' પથક, 'ખેટક' આહાર |

## કોષ્ટક ઘ.

આ કોષ્ટકથી ખેતરવાળા ખેડુતો, બ્રાહ્મણો, ગોવાળ આદિનાં નામ જણાશે.

| વલભીસંવત્ | ખેડુ | બ્રાહ્મણ | ઇતરજાતિ. |
|---|---|---|---|
| ૨૦૭ | ચોતિલ | | |
| ૨૧૦ | — | વિશાખ | |
| ૨૨૧ | — | સ્કન્દ<br>સ્વામિદત્ત.<br>દેવ<br>દ્રોણ. | |
| ૨૪૮ | શ્યામણેર ( કુટુમ્બી ) | | છેણ્ડવક (ગોવાળ)<br>અસ્ત ( દાસક ) |
| ૨૫૨ | સ્કંભસેન.<br>વર્ધકિ.<br>મહત્તર વીકિદિન્ન.<br>ખોટક ( કુટુમ્બી )<br>વીરસેન દંતિક. | | |
| ૨૫૨ | ઝજ્ઝક.<br>ખંડક. | | |
| ૨૫૨ | અરિ.<br>દારક ( હ ? )<br>આદિત્ય.<br>ગોક્ષ.<br>ધાર્મિક. | | |

| | | | |
|---|---|---|---|
| | કોધક. | | |
| ૨૮૬ | સૂર્યક ( કુટુમ્બી ) | — | કુંભાર, અર્હિક. |
| ૨૯૦ | — | બલભટ<br>ચન્દ્રભટ | ઘોષ (વણિક્)<br>કાકણિ (?) |
| ૩૨૬ | — | — | વીરતર મણ્ડલી મહત્તર. |
| ૩૨૬ | વિહ'લ ( કુટુંબી ) | પષ્ઠિભવ | |
| | વત્તુક. | | |
| | ચત્ર. | | |
| | ચંદ્ર ( કુટુંબી ) | | |
| | મહક... | | |
| ૩૩૦ | — | દ્રોણ.<br>મહેશ્વર. | ગોલક મહત્તર. |
| | સમ્ભીલક. | વૈરભટ. | |
| ૩૫૦ | | બાવ<br>સ્કન્દ | બપ્પક<br>ઈશ્વર |

## કોષ્ટક ङ.

દાન અપાએલી જમીન, ગામ, વાપી આદિની તપસીલ આ કોષ્ટકમાં નોંધી છે.

વલભીસંવત્.

| | |
|---|---|
| ૧૮૩ | ત્રિસઙ્ગમક |
| ૨૦૬ | ૧૪૦, ૧૪૦, ૧૦૦ પાદાવર્ત જમીન. |
| ૨૦૭ | કૂપ અને હ્રાદ, સીતાપાદાવર્તમાં. |
| ૨૦૭ | ૩૦૦ પાદાવર્ત જમીન = ૮ ખંડ. |
| | ૪૦ પાદાવર્ત જમીન } યમલવાપીનું નિરનિરાળું<br>૨૦ ,, ,, } ક્ષેત્રફળ. |
| ૨૧૦ | 'કરદ' ખેતર, 'આમ્રલિકા' તળાવ. |
| | ૫૦ પાદાવર્ત જમીન. |
| ૨૧૦ | ૩૦ પાદાવર્ત જમીન ( ખેતર ) અને કૂવો. |
| ૨૧૬ | **પિપ્પલરુંખરી** ગામ. |
| ૨૧૭ | **વટપ્રજયક** ( ? ) |
| ૨૨૧ | ૧૦૦ પાદાવર્ત જમીન. |
| ૨૪૦ | **ત્રિસઙ્ગમકના ગઞ્જમાંથી રોજ એક રુપક.** |
| ૨૪૬ | **સમીપટ્ટવાટક.** |
| | **સંગમાનક.** |
| | **નદીય.** |
| | **ચોરસરી.** |
| ૨૪૮ | **બાહુમૂલા.** |

૨૫૨ ૬૦ પાદાવર્તનું ખેતર.
૨૫૨ ૧૦૦, ૧૫; ૧૨૦, ૧૦, ૯૦; ૧૦૦, ૨૮; ૧૦૦, પાદાવર્ત જમીન.
૨૫૨ ૨૦૦ પાદાવર્ત જમીન અને વાપી.
૨૨૦ અને ૩૫ પાદાવર્ત જમીન.
૨૫૨ ૫૦, ૬૦, ૫૦, ૮૦ પાદાવર્ત જમીન.
૨૫૨ ૧૦૦ પાદાવર્ત જમીન.
૨૫ ,, ,, અને કૂવો.
૧૬૦ ,, ,,
૨૫૨ ૧૮૦ પાદાવર્ત જમીન
૧૨૦ ,, ,, અને 'નિમ્બ' નામની વાપી
૧૦૦ ,, ,, અને 'અવતર' નામની વાપી
૨૭૦ **અશિલાપલ્લિકા.**
૨૮૬ ખેતર
૨૮૬ **પંડરકૂપિકા**
ખેતરો, વાડી, કૂવા.
૨૮૬ **ભોણ્ડાનક** ગ્રામ.
૨૯૦ ૧૫૦, ૧૨૦ પાદાવર્તનાં ખેતરો; ૨૫,૨૫ પાદાવર્તની યમલવાપી.
૩૧૦ **ભસન્ત ગામ**
૩૨૦ ૧૦૦ 'ભક્તિ' જમીન
૧૦૦ ,, ખેતર
૩૨૬ **ચોધાનક** ગામ : ⅞ વિહાર માટે, ⅛ પાસેના તળાવ માટે
૩૨૬ ૫૬ પાદાવર્તનું ખેતર
૧૬ ,, ની વાપી
૨૮ ,, જમીન
૧૪ ,, ખેતર
૬ 'પટ્ટક'
૧૮૨ પાદાવર્તનું ખેતર, વાપીનું.
૩૩૦ **દેસુરક્ષિતિજ્જ**
૩૩૦ ૨ ખેતર અને ૧ 'ભૃષ્ટિ'
૩૩૪ **પટ્ટપદ્રક**
૩૩૭ **પગુલ પલ્લિકા.**
૩૫૦ ૭૦,૯૦,૨૦, પાદાવર્તનાં ખેતરો, ૫૫ પાદાવર્તની વાપી.
૩૫૨ ખેતર
૩૭૨ **લોણાપદ્રક**
૩૭૫ **મોરંજિ જ્જ.**

૪૦૩ **અંતરપાલ્લિકા.** ગામ
૪૦૩ **કાણ્ડઙ્જ.** ,,
૪૪૧ **વહુઅબ્બટક.**
૪૪૭ **મહિલાબલી.**

## કોષ્ટક च.

તામ્રશાસનોમાં કેટલેક સ્થળે ખેતરો ઓળખાવવા તેમનાં નામ આપ્યાં છે તેમનું આ કોષ્ટક બનાવ્યું છેઃ

કદર, શમીકેદાર, ખગ્ગડિકેદાર, આટિરમણ કેદાર, ખંડકેદાર, આરલિકેદાર, શમીકેદાર, વિશિણ્ણ કેદારિકા, કપિત્થોદની કવિટ્ટિકા, ઉચ્ચા, કૌટુમ્બ.

## કોષ્ટક छ.

દાનની તિથિ, તામ્રશાસનનાં પ્રકટ અને પ્રાપ્તિસ્થાનની તપસીલનું આ કોષ્ટક રચવામાંઆવ્યુંછેઃ

| વલભી સંવત્ | માસ અને તિથિ | પ્રકટ સ્થાન | પ્રાપ્તિસ્થાન |
|---|---|---|---|
| ૧૮૩ | શ્રાવણ સુદ ૧૫ | વલભી | ભમોદરા (મ્હોટા) |
| ૨૦૬ | ભાદ્રપદ સુદ ૫ | વલભી | પાલીતાણા. |
| ૨૦૭ | કાર્તિક સુદ ૭ | ,, | ભાવનગર |
| ૨૦૭ | વૈશાખ વદ ૧૫ | ,, | ગણેશગઢ |
| ૨૧૦ | શ્રાવણ સુદ ૧૫ | ,, | પાલીતાણા |
| ૨૧૦ | અશ્વયુજ્ સુદ ૫ | ,, | ,, |
| ૨૧૬ | માઘ વદ ૩ | ખુડ્ડવેદિય ( વિજયસ્કંધાવાર ) | વળા |
| ૨૧૭ | અશ્વયુજ્ વદ ૧૩ | — | — |
| ૨૨૧ | અશ્વયુજ્ વદ ૧ | — | વાવડીઆ જોગીઆ |
| ૨૪૦ | શ્રાવણ સુદ | — | અલીણા |
| ૨૪૬ | માઘ વદ | — | વળા |
| ૨૪૮ | અશ્વયુજ્ વદ ૧૪ | વલભી | કતપુર ભાવનગર |
| ૨૫૨ | વૈશાખ વદ ૫ | ભદ્રપત્તનક (વિ. સ્કં.) | માળીઆ |
| ૨૫૨ | ,, ,, ૧૫ | | |
| ૨૫૨ | ,, ,, ,, | | સોરઠ (?) |
| ૨૫૨ | ,, ,, ,, | | |
| ૨૫૨ | ,, ,, ,, | વલભી | ઝરી ( અમરેલી ) |
| ૨૫૨ | ,, ,, ,, | ,, | — |
| ૨૬૮ | ચૈત્ર વદ ૨ | વલભી | વળા |
| ૨૭૦ | — | — | — |
| ૨૮૬ | જ્યેષ્ઠ વદ ૬ | — | વળા |
| ૨૮૬ | વૈશાખ વદ ૬ | — | વળા |
| ૨૮૬ | અષાઢ વદ ૮ | વલભી | નવલાખી |

| | | | |
|---|---|---|---|
| ૨૯૦ | ભાદ્રપદ વદ ૮ | **વલભી** (વિ. સ્કં) | ઢાંક |
| ૩૧૦ | અશ્વયુજ્ વદ ૫ કે ૧૫ | — | બોટાદ |
| ૩૨૦ | આષાઢ સુદ | વલભી | ભમોદરા ( મ્હેટા ) |
| ૩૨૦ | ભાદ્રપદ વદ ૫ | વલભી | જેગવા |
| ૩૨૧ | ચૈત્ર વદ ૩ | **વર્દ્ધિતપલ્લી** (વિજયસ્કંધાવાર) | જેગવા |
| ૩૨૬ | માઘ વદ ૫ | — | ભાવનગર |
| ૩૨૬ | અષાઢ સુદ | — | — |
| ૩૩૦ | માર્ગશિર સુદ ૩ | **ભૃગુકચ્છ** (વિજયસ્કંધાવાર) | અલીણા. |
| ૩૩૦ | દ્વિતીય માર્ગશિર સુદ ૨ | ,, ,, | ખેડા |
| ૩૩૪ | માઘ સુદ ૯ | **સિરિસિમ્મિણિકા** (વિજયસ્કંધાવાર) | કપડવંજ |
| ૩૩૭ | આષાઢ વદ ૫ | **આલિંદક અથવા પુલિંદક** (વિજયસ્કંધાવાર) | અલીણા |
| ૩૫૦ | ફાલ્ગુન વદ ૩ | **ખેટક** (વિ. સ્કં.) | લુણસાડી |
| ૩૫૨ | ભાદ્રપદ સુદ ૧ | **મેઘવેણ** ( ,, ? ) | લૂણસાડી |
| ૩૭૨ | શ્રાવણ વદ ૯ | **બાલાદિત્યતટાક** (વિજયસ્કંધાવાર) | — |
| ૩૭૫ | જ્યેષ્ઠ વદ ૫ | પુણ્ડ્રિક | દેવળી |
| ૪૦૩ / ૪૦૩ | માઘ વદ ૧૨ | ખેટક (વિ. સ્કં.) | ગોંડળ. |
| ૪૪૧ | કાર્તિક સુદ ૫ | **ગોદ્રહક** ( વિજયસ્કંધાવાર ) | લૂણાવાડા |
| ૪૪૭ | જ્યેષ્ઠ સુદ ૫ | **આનન્દપુર** ( વિજયસ્કંધાવાર ) | અલીણા |

( અપૂર્ણ. )*

બળેવ
પુણા

**રણજીતરામ વાવાભાઈ.**

---

* આ કોષ્ટકોમાં સંગ્રહેલી હકીકતપરથી ફલિત થતાં અનુમાનો હવે પછી લખવામાં આવશે.

# જયા અને જયન્ત.

( અનુસંધાન પૃષ્ઠ ૨૮૧ થી. )

" તારો તારો કોઈ ઉગારો,
હરિ જન કો ઉદ્ધારો.
બળું છું, સળગું છું સદાની
દેહ અને દેહીની મહા ઝાળમાં.

*  *  *

ભમ્મરોમાં ભમરા ડંખે છે
રોમ રોમમાં વીંછીની વેદના
હોલવો કોઇ એ હોળી
ઉતારો કોઇ એ ઝેર
બળે છે કેટલી યે હું જેવી
મોહના મહેલમાં રમનારીઓ.
ઉગો, જન્મો, આવો,
બ્રહ્મજ્યોત કો બ્રહ્મર્ષિ,
પુણ્યભવન કો પુણ્યાત્મા !
બળતાંને—સળગતાંને
તારો, ઉગારો, ઉદ્ધારો ! "

આ પ્રમાણે પાપનું સંપૂર્ણ રીતે તે પરિણામ ભોગવી યોગીજનને શરણ જાય છે, ને તપ કરે છે.

જયાના દેહ ઉપર મોહિત થયેલો પારધી વિચિત્ર પ્રકારનો નરપશુ છે. પોતાનું પરાક્રમ બતાવવા ઝાડ ઉપર બોલતી મેનાંને ગોફણ મારે છે, જેને લીધે મેના અને ડાળ તુટી પડે છે. તેને હાથમાં પકડી પારધી બોલે છે:—

" કાચીને કાચીજ ખાઉં
આમલીનાં પાંદડાં એ મશાલો
ઉન્હા લોહીનો સ્વાદ
કુંવરી બળગોજ છે.
વનની વાઘણ થઇશ તું યે
પછી પાર વનું પીવા મળશે ઉન્હું લોહી. "

જે સાંભળતાં જયા વિચારે છેઃ—

> " પ્રભો ! છે, છે ત્હારા જગતની મંહી
> વાઘથીયે લોહી તરસ્યા પારધી. "

તેજબાની મદદથી પારધીને ઘાયલ કરી જયા કાશીક્ષેત્રમાં આવે છે, જ્યાં તે તીર્થગોરના સપાટામાં આવે છે

પાપમૂર્ત્તિ તીર્થગોર એમજ માને છે કેઃ—

**अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।**

> " અમારે તીર્થવાસીને તે વળી
> પાપ શાં ને પુણ્ય શાં ? "

તીર્થગોરોને માથે આધુનિક સમયમાં પણ આવા દોષો સાંભળીએ છીએ. મનુષ્યો પાપ ધોવાને તીર્થ સ્થળમાં જાય છે. પણ ત્યાં પાપના પંઝામાં સપડાય છે. તીર્થગોરને તેજબાએ જે શિખામણ દીધી તે ક્ષેત્રવાસીઓએ ગ્રહણ કરવા યોગ્ય છે કેઃ—

**तीर्थक्षेत्रे कृतंपापं वज्रलेपो भविष्यति ॥**

યમયાતના ભોગવતો તીર્થગોર છેવટમાં કબુલ કરે છે કેઃ—

> " જન્મારો તીર્થમાં ગાળ્યો પણ
> આજ જાણ્યું તીર્થ એટલે શું.
> પગ મૂકતાંજ રૂઝાય છે
> પગમાંના ઉંડાં ઉંડા ઘાવ.
> નથી ઓછાં વીતાડયાં મારે માથે સાધુઓએ.
> ચાર દિનમાં તો ચાર ભવ થયા.
> ગોખરૂની શય્યામાં સૂવાડયો
> ઝાડથી ઉંધે માથે લટકાવ્યો
> ચિતાની જ્વાળા સોંસરો ચલાવ્યો
> તપ્ત લોહની સ્ત્રી મૂર્ત્તિઓને ભેટાડયો
> સર્પની કાંચળીની પેઠે
> ઉતારી આખીયે મ્હારી ખોળ.
> મ્હેં યે મણા ન્હોતી રાખી
> રાવણે તો એક સીતા હરી હતી.
> હરિ ! હરિ ! પ્રભો પ્રભો
> કેટલી યાત્રા કરશે માનવ યાત્રાળુ
> પાપના મ્હોટા પોટલા ઉપાડી ઉપાડી ?

પણ હાશ શીળી શીળી લાગે છે
આ મુક્તપુરીની ધરતી યે.
સાધુઓના લોચનમાંથી તો
અમૃતના વરસાદ વરસે છે."

તીર્થગોરના સપાટામાંથી બચવા જયા જાન્હવીમાં પડે છે. જ્યાંથી **બેભાન અવસ્થામાં એક બ્રહ્મચારી જયન્તના આશ્રમમાં તેને** લાવે છે. એકાન્ત ગુફામાં કુમારીને યોગાસન ઉપર સુવાડે છે. જયન્ત આવે છે તે વખતે તેનાં નેત્ર ખુલ્લાં હોય છે, પણ ચેતના હોય એમ જણાતું નથી. જયન્તને ઘણું લાગી આવે છે. તે કહે છે:—

"ન ભાગી પડ, ઓ શરીરના માળખા !
ન ફુટી જાવ, ઓ અમ્મર આત્મા !
એ તો દેહનું શબ છે;
નથી ચેતનાના બ્રહ્મ મ્હેલ."

આ પ્રમાણે કેટલોક વખત જાય છે, તે વખતે જયન્તના માતપિતા પિતૃ લોકમાંથી બ્રહ્મ લોકમાં જતાં જતાં ઘડી થંભે છે, પુત્ર ઉપર પુષ્પ વૃષ્ટિ કરે છે. જયા જરા હાલે છે.

પિતા—દેવિ **पुत्रात् शिष्यात् पराजयः**

આપણો આજે મોક્ષ:થયો.

માતા—આર્ય ! પુત્ર એટલે પ્રગતિ;
અધૂરો મૂક્યો હોય
સંસારનો યજ્ઞ માત તાતે
ત્હાંથી આદરી પૂરો કરે તે.
આજ આપણા યજ્ઞ જીવનની પૂર્ણાહુતિ.
પુત્રે દીધાં પુણ્ય જીવનનાં તર્પણ
ને જગદુદ્ધારની શ્રાદ્ધાંજલિ
એથી આજ આપણી મોક્ષ તિથિ,
પુત્રનું મુખ નિરખ્યું
ત્હારેજ નિરખ્યા હતા દેવ ત્હાં.

પિતા—પૂજી લ્યો ત્હારે પુત્રને
પુત્ર પૂજા એટલે પ્રગતિની પૂજા.
આશીર્વાદ ઘો પુત્ર ધનના સૌને
કામ વિજય તો યોગ જીવનનો પાયો છે.

પિતા } સંસારીઓ! એવાં સન્તાન પામજો કે માત પિતાનાં અધૂરાં મૂકેલાં આરંભો
માતા } પૂરાં કરે.

ફરી પુષ્પ વૃષ્ટિ કરે છે. જયા આળસ મરડી ઉઠે છે, ને જયન્ત નિરખી ઓળખે છે.

જયા—કોણ? જનમનો જોગી જયન્ત?

જયન્તને માથે તેજ મુગટ પ્રગટે છે. તે નિહાળી આનન્દતા પિતૃલોકવાસીઓ બ્રહ્મ લોકમાં સિધાવે છે.

ત્યાર બાદ જયા અને જયન્ત પોતાનાં વિતકની વાતો કરે છે, ને છેવટ શું નિર્ણય કરવો તે ઉપર વિચાર ચલવે છે.

જયન્ત—લગ્ન કે ધર્મ?
કામ કે સ્નેહ?
સંસાર કે સેવા?
એ દ્વંદ્વો ખડાં છે સન્મુખ.
તું નીકળ એકની જોગણ થઈ
ત્હારી સંગે ઉભો છું
અલખ જગાવવા.

જયા—હવે દેહની કથા ન કરવી.
જયન્ત! પારધી મોહ્યો,
વામાચાર્ય લોભાયો:આ દેહકલામાં:
એવાં નથી જયન્ત!
મોહ આંજેલાં બ્રહ્મ રાક્ષસી લોચન
મ્હારાં કે ત્હારાં હવે.

તેઓ યોગ દીક્ષા લે છે. ગિરિરાજ ને રાજરાણી આવે છે ને ક્ષમા આપે છે. કાશી-રાજ ને મહિષી પણ ક્ષમા આપે છે. અને પુરૂષને પ્રકૃતિની જોડ જેવાં એ બે ગંગાને એક કિનારે જયાનો અને બીજે કિનારે જયન્તનો એમ બે આશ્રમ બાંધે છે, તે બ્રહ્મમય બને છે.

ગંગા નદીમાં પૂર્ણિમાની રાત્રિએ જયા જયન્તનાં હોડકાં ચંદ્રિકામાં તરતાં હોય છે. તે વખતે જયન્ત ગાય છે કે—

"સગર કુમારોને તારિયા,
ને એમ તારશે માનવ જાતરે!
જાન્હવી જગની ધૂમેરે.
બ્રહ્માંડે ભર્યાં બ્રહ્મનાં અમી,
સાધો! માણજો મહીં દિન રાતરે!
જાન્વી જગની ધૂમેરે!"

દેવર્ષિ—(ગીત વચમાં અટકયે અન્તરિક્ષે દેવવિમાનમાંથી)

**प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादि उभावपि ।**

આ પ્રમાણે આ નાટકના કેટલાક ઉત્તમ ફકરાઓ ને ચિત્રો રજુ કરવામાં આવ્યાં છે. જેમ જેમ પુસ્તક વાંચવામાં અને મનન કરવામાં આવે છે, તેમ તેમ તેની સુંદરતા, રસિકતા તેની સાથે ચર્ચેલા વિષયની ગહનતા સાક્ષાત્કાર થાય છે.

જયા અને જયન્તે આચરેલું નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત તે કાલમાં કઠિન હતું તો વિલાસ અને વૈભવના આ યુગમાં એવું વ્રત પાળવું ઘણું મુશ્કેલ છતાં બ્રહ્મચર્યની ઉત્તમ ભાવના સર્વ કાલમાં સ્વીકારાઈ છે. અને ભીષ્મપિતામહ, નારદ, હનુમાન, ને સરસ્વતી આદિના બ્રહ્મચર્યવ્રતનાં ઉદાહરણો સાબીત છે. તેવી રીતે આર્યાવર્તમાં હવે પણ બ્રહ્મચારિઓને બ્રહ્મચારિણીઓ થઈ શકવા સંભવ છે. જો કે એ વ્રત પાળવું એ દરેકના અધિકારની વાત નથી.

રા. ન્હાનાલાલ આપણી સમક્ષ આપણા પ્રાચીન પૌરાણિક ઐતિહાસિક વિચારોને નવા રૂપમાં મુકે છે. ને તે મુકવામાં એમની અદ્‌ભુત કવિત્વ શક્તિનો ઉપયોગ કરે છે. આપણામાં એક એવી માન્યતા છે કે નવું શિવાલય કે નવી ધર્મશાળા બંધાવવા કરતાં જીર્ણોદ્ધાર કરવાનું વિશેષ પુણ્ય છે. તે પ્રમાણે રા. ન્હાનાલાલ આપણાં પ્રાચીન શાસ્ત્રોનો જીર્ણોદ્ધાર કરે છે. આ પુસ્તકની શરૂઆતની અર્પણપત્રિકામાં તેઓ કહે છે કે—

"વસો આ અધુરાં ગીત
સ્નેહનાં—બ્રહ્મચર્યનાં,
પુરાણાં—નવલાં ત્હોયે
પાળેલાં પુણ્યવર્યનાં."

આ નાટક ઇન્દુકુમારના પ્રથમ અંકથી કોઈ પણ રીતે ઉતરતું નથી. ઇન્દુકુમારના ઉચ્ચ આશય આમાં હોવા છતાં જગતની ત્રિગુણાત્મક સૃષ્ટિનું ચિત્ર અને દિગ્દર્શન સારૂં કરવામાં આવ્યું છે. પણ જ્યાં સુધી ઇંદુકુમારના બીજા બે અંક પ્રકટ થયા નથી ત્યાં સુધી એ બાબત ઉપર મૌન રહેવું યોગ્ય છે. પણ એટલું તો કહ્યા વિના નહીં ચાલે કે "ઇંદુકુમાર" ને "જયા ને જયન્ત" એક રથનાં બે ચક્ર જેવાં છે.

હવે પ્રશ્ન એ રહે છે કે આ નાટક આધુનિક સમયમાં રંગભૂમિ ઉપર ભજવી શકાય એમ છે કે નહીં? સામાન્ય નાટક મંડળીઓનું ગજું નથી કે ભજવે. પણ કોઈ સારી કેળવાયલી નાટક મંડળી મન ઉપર લઈ પાત્રોને કેળવે તો આમાં ન ભજવી શકાય એવું કાંઈ નથી. બલ્કે આજકાલ ધાર્મિક નાટકો રચવાની પ્રથા ચાલે છે, તો આ નાટક એક ઉત્તમ પ્રકારનું ધાર્મિક નાટક થઈ શકે એમ છે.

કોલેજોમાં તેમ શાળાઓમાં 'ટર્મ'ને છેડે નાટક વિગેરે પ્રયોગો ભજવવામાં આવે છે. તેવે વખતે નવીન નાટક મળતાં નથી, ને વારંવાર એકના એક તરેહનાં નાટક ભજવવાં પડે છે. તેમને "જયા ને જયન્ત" ઉપયોગી થઈ પડશે એમ આશા રાખવામાં આવે છે. એવી રીતે પ્રચલિત થતાં આ નાટક રંગભૂમિ ઉપર પણ ભજવાતું નજરે પડશે.

" ઈંદુકુમાર " નાટકની પેઠે આમાં પણ રા. ન્હાનાલાલે પોતાની નવીન ગદ્ય–પદ્ય શૈલી રાખી છે. છતાં અંદરનાં કેટલાંક કાવ્યો ઘણી ઉત્તમ પંક્તિનાં છે, ને કેટલાક રાગો તો સામાન્ય નાટકમાં વારંવાર ગવાય છે તેવા છે, એટલે એ રીતે પણ આ નાટક ભજવવામાં ઉપયોગી થઈ પડે એમ છે.

આ નાટકમાં રસ, અલંકાર કે વિચાર; કશાની ખામી માલુમ પડતી નથી ને એક ઉત્તમ પ્રકારનું સંપૂર્ણ નાટક છે.

શુષ્ક, નિર્માલ્ય થતા જતા ગુર્જર સાહિત્ય ઉદ્યાનમાં આ નાટક સુંદર પુષ્પવૃક્ષ જેવું છે. આવા ઉત્તમ પ્રકારના નાટકની રચના માટે રા. ન્હાનાલાલને ધન્યવાદ ઘટે છે. આપણે આશા રાખીએ છીએ કે " ઇન્દુકુમાર " ના અપ્રસિદ્ધ રહેલા બાકીના બે અંકો તેમના તરફથી હવે વગર ઢીલે પ્રકટ કરવામાં આવશે.

શિવભાઈ બાપુભાઈ.

---

# આપણી પ્રાથમિક શાળાઓ અને આરોગ્ય.

It is clear that there should be as much eagerness for Sanitation in Schools as there is for education, nay, even more.

( Herald of Health. )

આપણી પ્રાથમિક ગુજરાતી શાળાઓમાં આરોગ્યના નિયમોનું સેવન બરાબર થતું નથી. તેથી નાના પ્રકારના વ્યાધિઓનો ઉપદ્રવ જંતુઓ દ્વારા ફેલાવાનો ભય રહે છે અને કેટલીક વખત અસાધ્ય રોગોના ભોગ અજાણતા, નાના બાળકો થઇ પડે છે, જેથી અકાળે તેમના જીવનનો અંત આવે છે. માટે સત્તાવાળા અને લોકો તરફથી સત્વર ઉપાય લેવાવાની બહુ જરૂર છે. માટે નીચેની કેટલીક સૂચનાઓ આપણી નિશાળોમાં સુધારો કરવાને અસ્થાને નહિ ગણાય.

૧ હાલની આપણી નિશાળોના મકાનો આરોગ્ય શાસ્ત્રના નિયમને અનુસરીને બાંધેલા હોતા નથી. તે અસ્વચ્છ હોય છે અને તેની આસપાસનો લત્તો ગંદા લોકોના વસવાટ વાળો હોય છે.

૨ નિશાળોના મકાનો, હવા, પ્રકાશ આવે તેવા; અને બાળકોને રમવા, હરવાફરવા માટે ખુલી અને વિશાળ જગ્યાવાળાં જોઇએ.

૩ નિશાળના શિક્ષકોમાં એક શિક્ષક, આરોગ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય એવો

જોઇએ કે જેથી નાના બાળકોને આરોગ્ય શાસ્ત્રના નિયમોના સંસ્કારો શાળા દ્વારાએ મળી શકે. અને મેજીક લેન્ટર્ન વિગેરે સાહિત્ય દ્વારા શરીર અને તેની રચના, વિગેરે બાબતો જે મનુષ્યની જીવન દોરી ટકાવવામાં ઉપયોગી છે તેનું તેમને જ્ઞાન આપી શકાય.

૪ હુશિયાર દાકતર પાસે બાળકોના શરીર તપાસાવવાં. જે વિદ્યાર્થી ખબર ન પડે તેવા રોગથી પીડાતો હોય તેને માટે નિશાળ દ્વારા યોગ્ય માવજત અને સારવાર કરવા માટે તેના વાલીને સૂચના આપવી. દાખલા તરીકે કેટલીક વેળાએ નાના બાળકોની આંખો નબળી હોય છે. માબાપોને તથા શિક્ષકોને ખબર હોતી નથી કે આનો સત્વર ઉપાય લેવાવો જોઇએ. તેવીજ રીતે છાતીના, પેટના અને બીજા રોગો સંબંધી સમજવું.

૫ શાળાની ભોંયની જમીન છોવાળી બનતા સુધી હોવી જોઇએ. કે જે આઠે દિવસે ગરમ પાણી અગર ફીનાઇલ વિગેરે જંતુવિનાશક દવાઓથી ધોઇ શકાય. વળી નિશાળના બારી, બારણાના કાચ, પાટલીઓ, ખુરસીઓ ટેબલ વિગેરે પણ જંતુ વિનાશક દવા વાળા પાણીથી દર અઠવાડીએ અગર અનુકૂળ રજાના દિવસે સાફ કરાવવાં.

૬ નિશાળમાં વિદ્યાર્થીની સંખ્યાના પ્રમાણમાં જાજરૂ અને પેસાબ કરવા જવાને માટે પેસાબખાના પુરતી સંખ્યામાં હોવા જોઇએ અને તેને દરરોજ પાણી અને ફીનાઇલ વિગેરે નાખી સાફ રાખવા બંદોબસ્તની જરૂર છે.

૭ નિશાળ પાસે બે વાગ્યાની રજામાં મીઠાઇ અને ખાવાનું વેચવા આવનાર વેપારી સારી જાતનો માલ છોકરાંઓને ખાવાને આપે છે કે કેમ તેની તપાસ દાકતર દ્વારા અગર શાળાના ઉપરીએ રાખવી. અને જો ખરાબ ખોરો માલ આપતો હોય તો તેવા વેપારીને નિશાળના વિદ્યાર્થીઓને માલ આપતો બંધ કરવો.

ઉપર ખાસ મુખ્ય બાબતો જણાવી છે. તે સિવાય બીજી ઘણી બાબતોમાં પ્રાથમિક શાળાઓમાં સુધારા કરવા જેવા છે. સમાજની સેવા કરવા ઉત્સુક આપણા દાકતરો નિસ્વાર્થ વૃત્તિથી આવી શાળાઓમાં પોતાના વખતનો થોડોક ભાગ અજ્ઞાન બાળકોમાં આરોગ્યના શિક્ષણ આપવા માટે સત્તાવાળાઓની પરવાનગી લઇને રોકે તો ઘણું થઇ શકે તેમ છે. વળી, આપણા વિદ્વાન બંધુઓ, કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ અને નિસ્વાર્થ વૃત્તિ વાળા ગ્રહસ્થો સમાજની સેવા ખાતર પણ પોતાનો સમય રોકીને પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય સંબંધી જ્ઞાન આપવા ધારે તો ઘણું કરી શકે.

કાંતિલાલ ભોગીલાલ દેસાઇ.

# મેઘદૂત.*

—*—

## ( ઉત્તરમેઘ. )

**સાત્વિક પ્રેમ યાને શુદ્ધ ભાવના.**

ગતાંકમાં ( ઑગષ્ટ ) જણાવ્યા મુજબ હૃદયનો શુદ્ધ પ્રેમ—સાત્વિક પ્રેમ—જે મનુષ્યમાં હોય છે તેને કાંઇક ઉચ્ચ–સ્થિતિએ લેખવામાં આવે છે. શુદ્ધ પ્રેમ એટલે શુદ્ધ ભાવના. આ બન્નેના અર્થમાં તફાવત નથી. અમુક માણસ તરફ કે ચીજ તરફ આપણને પ્રેમ થયો તો પછી તેને ભાવના ન કહેવી તો બીજું શું કહેવું? અર્થાત્ ભાવના અને પ્રેમમાં બિલકુલ ફરક નથી.

દરેક ભાષામાં કોઈ કવિએ આવા શુદ્ધ પ્રેમનું આલેખન કરેલું ન મળી આવે પણ તે મહાન કાલિદાસથી ચડે તેમ નથીજ. કાલિદાસની શુદ્ધ પ્રેમ વર્ણવી બતાવવાની શક્તિ બીજા કવિમાં નથીજ. અને આગળ વધીને અભિમાન સાથે એટલું પણ જણાવવું જોઇએ છીએ કે કાલિદાસના જેવી ભાવનાનું વર્ણન થવું પણ મુશ્કેલ છે. કારણ ચાલુ જમાનાની ભાષામાં ઘણા જ ભેદ પડેલા છે કે, ( ગુર્જરભાષામાં ) અમુક વર્ગ એવો છે કે પોતાનું લખાણ પોતાનાજ મિત્રોને રૂચતું હોય, કોઇનું લખાણ વિદ્વત્તા ભરેલું હોય તે ફક્ત વિદ્વાનોજ વાંચી શકે. કોઇનું લખાણ અમુક પક્ષનું હોય, માત્ર વિદ્વાન અને સામાન્ય એમ બન્ને વર્ગના મનુષ્યોને પસંદ પડે તેવું લખાણ આપણી ભાષામાં બહુજ થોડા પ્રમાણમાં છે પણ હવે તે તરફ રૂચિ થતી હોવાથી આગળ વધવાનો સંભવ છે.

હશે, વિષયાંતર ન થવા દાખલ આડા ફંટાવું ગેરવ્યાજબી છે. શૃંગાર રસના વિદ્વાન

---

* ઉત્તરમેઘનું અવલોકન શરૂ કરતા પહેલાં ઘણાજ ખેદ સાથે જણાવવું જોઇએ કે પ્રસ્તુત ગ્રંથના ભાષાંતર કર્તા રા. રા. કિલાભાઈ ઘનશ્યામ ભટ્ટ તા. ૧૩ મી જુલાઇએ સ્વર્ગવાસી થયા છે. આપણા ગુર્જર સાહિત્યનાં કમભાગ્ય કે, કાંઇક સેવા સાક્ષરોને બજાવવાનો સમય આવે તે પહેલાં તેઓના આત્મા પોત પોતાને સ્થાને ખેંચાઈ જાય છે. ગોવરધનરામભાઈ, મનસુખરામભાઈ, ઇચ્છારામભાઈ માફક કિલાભાઈ પણ સાહિત્ય સેવકોને રડતા મુકી ચાલ્યા ગયા તે શું ઓછું શોકકારક છે ? ખયર, પણ જો રા. કિલાભાઈ વધુ વખત જીવવા પામ્યા હોત તો તેઓએ સાહિત્ય પર વધારે પ્રકાશ પાડયો હોત. પણ જ્યાં ન ગમતી વાત હોય ત્યાં પછી પૂછવુંજ શું ? તેઓનું કુમારસંભવનું ભાષાંતર કરેલું છે. તેમ સાંભળ્યું છે તો આશા છે કે સત્વર તેઓશ્રીના મિત્રો પ્રગટ કરી સાહિત્યમાં પ્રકાશ પાડશેજ.

કાલીદાસનાં નાટકો, કાવ્યો પર સ્વ. કિલાભાઇને બહુજ પ્રેમ હતો. આથી કરી—અમે સાંભળ્યું છે તેમ—કાળીદાસનાં તમામ કાવ્યો, નાટકોનાં ભાષાંતર કરવાનો તેમનો ઇરાદો હતો. તેમાંના બેના અનુવાદ તો ગુર્જર પ્રજા સન્મુખ રજુ કર્યા છે અને લોકોના ધન્યવાદને પાત્ર થયેલા છે. હજુ વધુ સેવા બજાવી શકત પણ તેટલામાં આપણા સાહિત્યનાં કમનસીબે સ્વર્ગવાસી થયા ! પ્રભુ તેમના આત્માને શાન્તિ આપો !!

**કાલિદાસનો સમય.** વર્ણન કર્તા કાલિદાસના જન્મ સંબંધી પણ અનેક મતભેદ છે. કેટલાક વિદ્વાનો, ઈ. સ. સાતસેંમાં તો કેટલાક પૂર્વે સાતસેંમાં, થયાનું જણાવે છે. પણ છેવટે ઈ. સ. પૂર્વે ૫૬–૫૭ માં કાલિદાસ થયા હોવા જોઇએ. એ મત તરફ બહુજ વજન પડેલ છે. સ્વ. કિલાભાઇએ પોતાના વિક્રમોર્વશીયના ભાષાંતરમાં જણાવેલું હતું કે ઈ. સ. પૂર્વે ૫૬–૫૭ માં થયા હોવા જોઇએ પણ તે મત ફેરવી હાલ "ઈ. સ. પૂર્વે ૧૫૦ થી ૧૭૦ સુધીમાં થયા હશે" આમ નિર્ણય કહાડેલ છે. અને જણાવેલું છે કે "હજી પણ આપણને પ્રમાણભૂત સાધનો ભવિષ્યમાં મળે અને વિચાર ફેરવવાનો પ્રસંગ આવે ખરો."

આમ કહી પોતાનું નિરાભીમાનીપણું સાબીત કરી આપ્યું છે.

કાલિદાસ માટે કિલાભાઈ લખે છે કે "આ કવિએ પોતાના જીવનચરિત માટેની શોધનો પરસેવો વિદ્વાનોને જેટલો ઉતરાવ્યો છે તેટલો બીજા કોઇએ નથી ઉતરાવ્યો." છે પણ તેમજ. કાલિદાસના સમય માટે અનેક મતમતાંતરો ચાલે છે. કોઈ કહે છે કે કાલિદાસ બ્રાહ્મણ હતો અને એક વિદ્વાનની કન્યાને–કમલાને–તેનું ચરણ પુરૂં કરી પરણ્યો. અને તેના સાળાએ પહેલાં કહેલ વાક્યના પદ ઉપરથી કાવ્યો રચ્યાં* કેટલાક વિદ્વાનો ઈ. સ. પૂર્વે પહેલા સૈકામાં થયાનું જણાવે છે.§ કેટલાકો ઈ. સ. આઠસેંમાં થયાનું જણાવે છે+ કોઈ છઠ્ઠામાં થયાનું જણાવે છે. આ બધાનો સાર કાઢતાં ઈ. સ. પૂર્વે પહેલા સૈકામાં થયા હશે, તે મતને ઘણા મળતા આવે છે. અને અમારૂં પણ તેમજ માનવું છે. સ્વ. કિલાભાઈ આ મતથી જુદા પડે છે. પરંતુ પ્રમાણભૂત સાધનો જોઇએ તેટલાં મળ્યાં નહિ હોવાથી સૌ સૌને ગમે તે મત રાખવાનુંજ.

**ઉત્તર મેઘ.** આવા બહુ વખણાયલા કવિની કૃતિ–અધુરી કૃતિ–ને દુનિયામાં બહુજ ઉચ્ચ સ્થાન મેળવવા પામેલ છે તેમાંના બાકી રહેલ વસ્તુ તરફ નજર નાખીશું તો અયોગ્ય નહિજ ગણાય.

ઉત્તરમેઘમાં અલકા નગરીના મહેલોનું વર્ણન કરતાં કવિ લખે છે કે,

હસ્તે લીલા કમલ, અલકે કુન્દનાં પુષ્પ નાનાં,
ભાસે લોધ્ર પ્રસુન રજથી, પાંડુ શોભા મુખે જ્યાં.
અંબોડામાં કુરવક નવાં, ચારુ કાને શિરીષો.
ધારે સેંથે તુજ થકી ઉગ્યાં નીપ પુષ્પો વધૂઓ.

---

* જુઓ ડા. ભાઉ દાજીનો Essay on Kalidasa, તથા નંદારગીરકરના મેઘદૂતની પ્રસ્તાવનાની ફુટનોટ. પાનું ૧૭.

§ જુઓ રા. રા. કેશવલાલભાઈની "પરાક્રમની પ્રસાદી."

\+ મી૦ આપ્ટેનો નિબંધ.

વર્ષા સમયમાં મેઘ યક્ષનો સંદેશો લઇ જતો હોવાથી અલકાનગરીની સુંદરીઓનું વર્ણન કરતાં કહે છે કે, દરેક ઋતુનાં પુષ્પો ત્યાંની સ્ત્રીઓ વિલાસ માટે રાખે છે. વળી દરેક ઋતુમાં પુષ્પો વર્ષાઋતુમાં–એકજ ઋતુમાં–થતાં હોવાથી ભૂમિનું દેવભૂમિત્વ દર્શાવ્યું છે. પ્રસ્તુત શ્લોક બહુજ વર્ણનાત્મક હોઈ શૃંગાર રસમાં આગળ પડતો ભાગ લે છે. "ધારે સેંથે તુજ થકી ઉગ્યાં નિપ પુષ્પો વધુઓ" નામક ચરણથી મેઘને સારૂં લગાડેલ છે, અર્થાત્ બંધુત્વ ભાવ–બતાવી દ્વિઅર્થી વાક્ય આપેલું છે. અને કદંબનાં પુષ્પો વર્ષા ઋતુમાંજ થાય છે તેમ પણ દેખાડી આપ્યું છે.

પછી આગળ ચાલતાં કવિ કહે છે કે,

" જેમાં યક્ષો સ્ફટિકથી જડી સ્વચ્છ બેસી અગાશી.
તારા બિંબે કુસમિત થતી, નારીઓ લૈ વિલાસી.
સેવે પ્રીતે રતિ ફળ મધુ કલ્પ વૃક્ષે દીધેલો.
તા'રા ધીર ધ્વનિશિ ગરજે ધીરી ધીરી મૃદંગો. "

પ્રસ્તુત શ્લોકમાં કવિએ શૃંગાર રસની છેલ્લી અણી દેખાડી આપી છે. અર્થાત્ બહુજ ઉચ્ચ પ્રકારે યક્ષને વર્ણવી યક્ષના રિતરિવાજોનું પ્રદર્શન દેખાડવા ઉપરાંત કામચેષ્ટા કેવા પ્રકારની હોય છે અને કામ વાસનામાં તથા કામ ચેષ્ટા પૂર્ણ કરવાની પણ વૃત્તિમાં કેવા પ્રકારના ભેદ રહેલા છે અને શુદ્ધ પ્રેમથી કેવા પ્રકારનો ભાવ રચાય છે, વિગેરે દેખાડનાર કવિ કાલિદાસની શક્તિનું વર્ણન કરવાની અમારામાં શક્તિ નથી., જેના શબ્દ રૂપી અમૃત માટે મહાન કવિ બાણને પણ કબુલ કરવું પડયું છે કે—

**"निर्गतासु न वा कस्य कालिदासस्य सूक्तिषु।**
**प्रीतिर्मधुरसार्द्रासु मंजरीष्विव जायते ॥"**

મધુર રસમાંથી નિકળતી મંજરીઓ માફક મહાન કવિ કાલિદાસના મુખમાંથી નીકળેલી સુઉક્તિઓમાં—કયા માણસને પ્રીતિ ઉત્પન્ન નથી થતી? એટલે કાલિદાસની શ્રેષ્ઠતા કાંઈ આધુનિક જમાનામાં થઈ છે તેમ નથી પણ ત્યાર પછી મોટા મોટા કવિઓ તેની વાણીને અમૃત રૂપી પાણીનું સર્ટીફિકેટ આપી ગયેલા છે. આને માટે વધારે બોલવું નકામું છે.

અલકાના વર્ણનમાં આગળ કવિ કહે છે કે,

" જ્યાં વાયુથી ભવન શિખરે, મેઘ ખેંચાઈ આવી,
આલેખેલાં જળકણ વડે, ચિત્ર નાખે બગાડી,
તેથી જાણે ભયભીત થઈ, ધૂમના ગોટ જેવા;
જાળી માર્ગે થઈ વિખરતા મેઘ તારા સમાણા. "

અર્થાત્ ત્યાંના મહેલો બહુજ ઉંચા હોવાથી મેઘનાં વાદળાં પવનથી ઘસડાઈ આવી તેમાંથી–મહેલમાંથી–આરપાર ચાલ્યાં જાય છે. તેના જળકણોથી—જેને ચાલુ સમયમાં લોકો વાછંટ કહે છે તે—મહેલમાંનાં ચિત્રોનો રંગ બગાડી નાખવાના ગુન્હાથી ડરી ગયેલા તારા જેવા મેઘ, જાળી માર્ગેથી ધૂમની પેઠે વિખરાઇને બહાર જતા રહે છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિ મહેલોનું તથા વરસાદથી થતું નુકશાન—એટલે, રંગ વિગેરેનો ખીગાડ વિગેરે બહુજ માર્મિકતાથી દર્શાવેલું છે. અને યક્ષને મુખે વરસાદનું વર્ણન કરાવવામાં ઓછું ચાતુર્ય વાપરેલ નથી.

આગળ ચાલતાં કવિ પોતાના યક્ષના મહેલનું વર્ણન કરતાં કહે છે કે, અમુક પ્રકાર ત્યાં તને નજરે પડશે તે જાણજે કે આજ મારો યક્ષનો મહેલ છે. તે મહેલમાં તું તારા મોટા સ્વરૂપે પેસીશ નહિ. કારણ, તારી ગર્જનાથી ત્યાંની સ્ત્રીઓ ડરી જશે માટે તારા નાના સ્વરૂપે પેસજે. પછી આગળ ચાલતાં કહે છે કેઃ—

"શ્યામા વેષે નહિ નીચી ઉંચી, ફૂટડાં ગાત્ર વાળી,
ધાટે નાની હારણી સરખાં; નેત્ર વાળી રૂપાલી;
હારે હારે દશન કણિયો, રત્ન જેવી ગણાતી,
શોભે ઝીણી કળી અધરની બિંબથી રાતી રાતી;
ઉંડાં નાભી ઉદર વિલસે, પાતળી કેડ જેની:
ભારે ઉંચા સ્તનથી કટીમાં, સે'જ નીચી નમેલી,
શ્રોણી ભારે મલપતી રૂડી ચાલતી ધીમી ચાલે,
નારી રૂપે પ્રથમ વિધિએ હોય નિર્મેલી જાણે."

પણ હાનિ નહિ પોચાડતાં બહુજ ઝીણવટથી સમજાવવાનો પ્રયાસ કર્યો છે. સ્વ. કિલાભાઇમાં મૂળના રસને જરા પણ હાનિ ન પહોંચે તેવો ભાવ આણવાનો બહુજ ઉત્તમ ગુણ રહેલો છે જે ગુણ રા. રા. શ્રીયુત કેશવલાલભાઈ પણ ડગલે ડગલે સ્વીકારે છે. પ્રસ્તુત શ્લોકનું ચોથું ચરણ.

**या तत्र स्याद्युवति विषय सृष्टि राधेवधातुः ॥**

આનું ભાષાંતર,

"નારી રૂપે પ્રથમ વિધિએ હોય નિર્મેલી જાણે."

---

પ્રસ્તુત શ્લોકનો મૂળનો ભાવ બરાબર સરળતાથી સમજાય તેટલા ખાતર સ્વ. કિલાભાઇએ બહુજ સ્પષ્ટતાથી તે આપણા સમક્ષ રજુ કર્યો છે. નીચે મૂળ શ્લોક આપીએ છીએ.

**तन्वी श्यामा शिखरीदशना पक्वबिम्बाधरोष्ठी**
**मध्ये क्षामा चकित हरिणीप्रेक्षणा निम्ननाभीः ।**
**श्रोणीभारादलसगमना स्तोकनम्रा स्तनाभ्यां**
**या तत्र स्याद्युवतिविषये सृष्टिराधेव धातुः ॥**

પ્રસ્તુત શ્લોકનું ભાષાંતર અને મુળની સરખામણી કરતાં એમજ જણાશે કે, શૃંગાર રસ જેવો કાલિદાસે લોકોને ચખાડવા તૈયાર કર્યો હતો તેને સ્વ. કિલાભાઇએ ચખાડવામાં પણ મસાલેદાર બનાવ્યા પછીજ ચખાડયો છે. વળી ભાષાંતર વાંચવામાં મુળના રસને જરા વધારી આ શ્લોકમાં સ્ત્રી વર્ણનનો ભાગ આપી યક્ષની નારીઓનું લક્ષણ બતાવેલ છે. યક્ષની સ્ત્રીઓ કામાસક્ત પુરૂષને કેવી પ્રિય હોય છે તેનો પણ દાખલો છે.

આમ ટુંકાનું ટુંકામાંજ પતાવેલ છે અને આગલાં ત્રણ ચરણોનો ભાવ પોતાના ભાષાંતરમાં સાત ચરણમાં સમાવ્યો છે. અને શ્લોકનો ભાવ સુલભ બનાવવાનો પોતાથી બનતો પ્રયત્ન કર્યો છે.

ત્યાર પછી ૩૮ મા શ્લોક સુધી કવિ યક્ષની સ્ત્રીનું વર્ણન કરે છે અને કહે છે કે હે મેઘ ! જો તે ઉંઘતી હોય તો બહુજ ધીમેથી ટંડો વાયુ પ્રસારી તેને તારાં 'નવજલ કણવડે' શાન્તિ દેજે; પછી કહેજે કે હું તારા પતિનો મિત્ર છું અને સંદેશો કહેવા આવ્યો છું, અને નીચે મુજબ સંદેશો કહેજે:—

"હે આયુષ્મન્ ! મુજ વિનતિથી ને કૃતાર્થિ થવા ત્યાં,
કે'જે તારો પિઉ કુશળ છે, રામગિર્યાશ્રમોમાં;
પૂછાવે છે ખબર અબળા ! તાહરી એ વિયોગી,
પે'લી આ'વી ખબર પૂછવી, પ્રાણિને દુઃખ ભાગી."

આ શ્લોકથી સંદેશો શરૂ થાય છે. સંદેશામાં યક્ષે પોતાના શાપના દિવસોમાં પોતાની સ્ત્રીથી ખમવો પડતો વિરહાગ્નિ તેનું કરુણારસમાં આબેહુબ વર્ણન કર્યું છે. જે બહુજ વાંચવા લાયક છે. જો બધા શ્લોકો અહીં આપીયે તો લંબાણ થઈ જવાનો ભય રહેતો હોવાથી ટુંકામાં પતાવ્યું છે.

સંદેશો આ શ્લોકથી શરૂ થયા પછી ૫૩ શ્લોક સુધી વિરહ વર્ણન છે. ત્યાર પછી છેલ્લે મેઘ પોતા પર આવો અમુલ્ય ઉપકાર કરવા માટે બહુજ આભારીપણાનો ભાવ દર્શાવે છે. અને ત્યાં કાવ્યની સમાપ્તિ થાય છે. છેલ્લો શ્લોક વાંચકોની જાણ માટે નીચે આપીયે છીએ:—

"સાધી, મારૂં પ્રિય, અઘટતું છે છતાં પ્રાર્થનાથી,
કાં મૈત્રીથી, વિરહી સમજીને, દયા આણી મા'રી.
વર્ષાશ્રીથી સુભગ બનતો જા ગમે તે તું દેશ,
મા થાશો રે ! ક્ષણ વિજળીથી આમ તારે વિયોગ."

હે મેઘ ! મારૂં આટલું પ્રિય કામ—સંદેશો લઇ જવાનું—જો કે તને સોંપવું એ હું અઘટિત જાણું છું પણ મારી પ્રાર્થનાથી, કાં વિરહી સમજીને દયાથી, પણ આટલું કાર્ય બજાવી તું તારે ગમે તે દેશ ફરજે. અને હું તને પણ આશીર્વચન કહુંછું કે તારે તારી પ્રિયા વિજળીથી ક્ષણ માત્ર પણ વિયોગ થશે નહિ.

ત્યાર પછી કવિએ કાંઇ લખ્યું નથી. પણ સંદેશો લઇ ગયા પછી શું થયું તે જાણવાની ઉત્સુકતા ધરાવનાર વાંચકો માટે, વિદ્વાનોએ જે ક્ષેપકો ઉમેર્યા છે તેમાંથી મુખ્ય ત્રણ શ્લોકો ટાંકી પોતાની—યક્ષની—પ્રિયાનો મેલાપ કરાવ્યો છે. અને સમાપ્તિ કરી છે.

ઉપર મુજબ મેઘદૂત મેં અવલોકન યથાશક્તિ ગુર્જર વાંચકો સન્મુખ રજુ કર્યું છે. આવાં સુંદર પુસ્તકોની સાહિત્યમાં બહુજ જરૂર છે. જે "ગુજરાતી" પ્રેસે કાંઇક પુરી પાડી સાહિત્યમાં સારો ઉમેરો કર્યો છે. ચિત્રો પણ પહેલાં વહેલાં જ આપેલાં છે છતાં ભાવ બહુ જ

સારા સમજી શકાય છે. સાતમું ચિત્ર બરોબર શ્લોકનાઈ§ ભાવને મળતું જ છે જેમાં યક્ષનો મહેલ બહુ જ સુંદર રીતે મનોહર દેખાતો નજરે પડે છે અને આઠમું *યક્ષની સ્ત્રીનું છે જે પણ બહુજ ઉત્તમ અને મનોકર્ષક છે. ચિત્રથી પણ ઘણી બાબત સારી સમજાય છે.

પ્રસ્તુત પુસ્તક જેવું તેના ગુણોમાં ઉત્કૃષ્ટ છે તેવુંજ છપાઇ, બંધાઇ વિગેરેમાં વખાણવા લાયક છે. સા. શ્રી તનસુખરામભાઇએ પણ લખ્યું છે કે જેવું ગુણોમાં ઉત્તમ છે તેવુંજ રા. રા. મણિલાલ ઈ. દેશાઇએ સુંદર પ્રકારે છાપી અતિ મનોહર કર્યું છે. આપણામાં છાપા કળા ખીલવવામાં કોઇપણ ભાગ લેનાર–વધારે હોય તો તે એક ગુજરાતી પ્રેસજ છે. તેનાં પુસ્તકો વિશે આગલા અંકમાં લખી ગયા છીએ તેથી, તેમજ "ગુજરાતી" પત્રની સુંદર છપાઇ, પ્રેસનું સુંદર સફાઇદાર કામ વિગેરે કારણોથી પુનઃ પિષ્ટપેષણ કરવા માગતા નથી.

**ઉપસંહાર.** અંતમાં આપણે ઇચ્છીશું કે આવાં પુસ્તકોનો ગુર્જર સાહિત્યમાં બહુજ ફેલાવો થાય અને અનેક વિદ્વાનોને હાથે આવાં પુસ્તકો રચાઈ બહાર પડે.

છેવટે કવિ કાળીદાસ કે જેવા માટે પ્રાચીન સમર્થ ટીકાકારો પણ લખી ગયા છે કેઃ—

**कालिदासकृतिः कुत्र कुत्र मे बुद्धिवैभवः ।**
**तदिदं वेश्मनेत्रेन कुर्वे विश्वावलोकनं ॥**

**લલ્લુભાઇ નરોત્તમદાસ મહેતા.**

---

§ શ્લોક ૧૫ મો.

ત્યાં હર્મ્યેથી ધનપતિતણા, ઉત્તરે ધામ મારૂં,
દ્વારે ઉંચી સુરધનુ સમી છે કમાને સુહાતું;
જેની પાસે સુત સમગણી વા'લી એ છે ઉછેર્યો,
ગુચ્છે ઝુકી કર અડકતો દેવમન્દાર ના'નો.

* શ્લોક ૩૭ મો.

તે વેળાએ જલદ ! કદી એ ઉંઘતી હોય તો તું,
પાસે બેસી નાહ ગરજતાં થોભજે પોર થોડું;
આ વ્હાલાનો નહિતર થતાં સંગ સ્વપ્ને પરાણે,
કંઠે બાંધી, સજડ ભુજની બાથ છૂટી જશેરે.

ઉપર્યુક્ત ભાવ બરોબર ચિત્રોમાં ઓળખાયલો છે જે જોવાથી પ્રતીતિ થશે.

# આર્થિક સુધારાની અગત્ય.

આપણા દેશને હાલ મોટી અગત્ય આર્થિક સુધારાની છે. જમાનાઓની અનુદ્યોગતા ઉદ્યોગ સંબંધીનું અજ્ઞાન, અને સુપીક દેશને લીધે આવી ગયેલું આલસ્ય ખંખેરી નાખી હવે આપણે ઉદ્યોગપર થવાની અગત્ય છે. દુનિયાંની તમામ પ્રજાઓ હાલ ઉદ્યોગપર થઈ પોતાની આર્થિક સ્થિતિ સુધારવા અને સદ્ધર કરવા લાગી છે. ત્રીશ ચાળીશ વર્ષ જેટલા ટુંક કાળમાં જાપાન ઉદ્યોગી અને સધન પ્રજાઓની પંક્તિમાં જઈ બેઠું છે, જ્યારે આપણે, જે બહુ પ્રાચીન કાળથી દુનિયાંની પહેલી સુધરેલી પ્રજા ગણાઇએ છીએ તે કશી ગણતરીમાં જ ગણાતા નથી. આપણી આર્થિક સ્થિતિની સુધારણા તરફ જો આપણે આવાને આવાજ બેદરકાર રહીશું તો આવતા સૈકામાં આપણે ગુલામોની સ્થિતિએ ઉતરી પડીશું, માટે આપણે ઉદ્યોગપર થવું ઘટે છે.

આપણા પૂર્વજોએ આપણને એવો દેશ વારસામાં આપેલો છે કે જેમાં મનુષ્ય જીવનના નિર્વાહની દરેક વસ્તુઓ ઉત્પન્ન થાય છે. આપણા પૂર્વજો, તેમનો પોતાનો–એકલાનો જ એ વસ્તુઓ ઉપર નિર્વાહ ચલાવતા નહિ, પરંતુ બીજી પ્રજાઓને પણ તે તેઓ પુરી પાડતા અને તેમાંથી પોતે હમેશ સધન રહેતા. દરેક જાતના ઉદ્યોગ હુન્નર અને કળાનાં મૂળ તેઓએ નાંખેલાં છે એમ અત્યારે પશ્ચિમ તરફની પ્રજાઓ મુક્તકંઠે કબુલ કરે છે એજ ઉદ્યોગી આર્યોના વંશજો આપણે આજે આપણી રોટલીને માટે બીજાઓની સામુ જોયા કરીએ છીએ. આપણાજ દેશની વસ્તુઓ પરદેશ જઇ ત્યાંથી વાપરવા યોગ્ય થઇ આવે છે, અર્થાત્ આપણા પોતાના ઘઉં આપણે કેળવીને ખાવાને પણ દિવસે દિવસે અશક્ત થતા જઇએ છીએ. ઉદ્યોગ હુન્નર કળા અને ખેતીવાડી વગેરે બધી બાબતોમાં આપણે મંદ પડી ગયા છીએ માટે હવે ઉદ્યોગી થવાની જરૂર છે. જાપાનના ઉદય પછી જાગ્રતિના કંઈક સુચિહ્ન દેખાવા માંડ્યા છે અને પંચતંત્રના હોલાઓની માફક સર્વે સાથે મળીને યત્ન કરીશું તો આ અધઃપાતમાંથી ઉપર આવતાં વાર લાગશે નહિ. અસ્તુ! પ્રથમ આપણે ખેતી તરફ નજર કરીએ.

આપણા પ્રાચીન સાહિત્ય ઉપરથી તેમજ પરદેશીઓએ લખેલા હેવાલો અને ઇતિહાસો ઉપરથી એ તો પુરવાર થયેલી જ વાત છે કે, હિંદુસ્તાન ખેતીવાડીનો દેશ છે અને હિંદી પ્રજાનો બહુ મોટો ભાગ તેની ઉપરજ જીવે છે. એકાદ વર્ષ માઠો વરસાદ થતાં હિંદુસ્તાનમાં દુકાળની બૂમ પડી રહે છે તેનું કારણ એજ કે પ્રજાનું મોટું સાધન ખેતી છે. દરેક જાતની ખેતી આપણા દેશમાં થાય છે અને દરેક વસ્તુ એટલી પાકે છે કે જે આપણા નિર્વાહ ઉપરાંત પરદેશ પણ મોકલી શકાય છે. રૂ તો હિંદુસ્તાનનું જ દુનિયાંને વસ્ત્ર પુરાં કરનારૂં આજથી સો સવાસો વર્ષ પહેલાં હિંદુસ્તાનજ હતું. ગ્રીસના–યુરોપના પ્રાચીન ઇતિહાસકો અને લેખકોએ રૂ ને હિંદુસ્તાનના વનસ્પતિ જન્ય ઊન તરીકે ઓળખાવેલું છે આ રૂની ખેતીની અને રૂના વણાટ વગેરેના ઉદ્યોગોની કેટલી પડતી થઇ છે તે એટલાજ ઉપરથી ધ્યાનમાં આવશે કે સો સવાસો વર્ષ ઉપર આપણે દુનિયાંને ઢાંકતા હતા અને હાલ યુરોપ આપણને ઢાંકે છે. આપણા રૂની ખેતીના પુરાતન દેશમાં હાલ એકરે ૬૦–૭૦ રતલ

રૂ ઉતરે છે જ્યારે અમેરિકામાં એક એકરે ૨૦૦ રતલ રૂ ઉતરે છે. આ સરખામણીથી અલબત એકદમ નિરાશ થવાનું કારણ નથી. કારણ કે અમેરિકાની ભૂમિ આપણા ખેડુતોના બોલમાં બોલીએ તો કુંવારી ભૂમિ છે અને તેમાં વધારે પાક ઉતરે એ સ્વાભાવિક છે, છતાં એટલું તો કબુલ કરવું જોઇએ જ કે, ખેડુતોના અજ્ઞાનને લીધે રૂની જાત બગડી ગઇ છે અને ખેતી કરવાનું ધોરણ જમીન ને ખાતર આપવાની બેદરકારી ઓછી ઉતર અને હલકી જાત થવાનાં મુખ્ય કારણો છે, એમાં સુધારો કરવામાં આવે તો રૂની જાત ઉંચી થાય અને ઉતર પણ વધે. બીજો મુખ્ય પાક ઘઉંનો છે. આપણા દેશમાં એક એકરે ૭૦૦ રતલ ઘઉં ઉતરે છે ત્યારે ઇંગ્લંડમાં ૧૭૦૦ રતલ ઉતરે છે. આ તફાવત પણ બહુજ મોટો છે. આ પ્રમાણે આપણી જમીનનો કસ ઉતરી ગયો છે અને ખેડુતો અજ્ઞાનને લીધે તેમાં કંઇ પણ સુધારો કરી શકતા નથી. ખાતર એ ખેતીને માટે મુખ્ય ચીજ છે અને તેની બેદરકારી એજ ખેતીની પડતી છે. આપણા ખેડુતો ખાતર પૂરતા નથી, સારાં બીજની પસંદગી કરતા નથી અને અસલના વખતથી ચાલુ રહેલાં ઓજારોમાં સુધારો કરતા નથી તેથી ખેતીમાં બરકત રહી નથી. ખેતીનો સુધારો સૂચવનારાઓ ઓજારોની બૂમ પાડે છે એ વાતમાં સત્ય હશે, પરંતુ સાથે સાથે અત્ર એ પણ કહ્યા વગર ચાલતું નથી જ કે, યુરોપ અને અમેરિકાનાં ઓજારો ઘણાં ખરચાલ છે અને તેનું સમાર કામ ગામડાંમાં થઇ શકે તેમ નથી. વિષયથી કંઇક બહાર જવા જેવું થાય છે તોપણ કહેવું જોઇએ કે, ઓજારો વગેરે કેટલીક પરદેશી વસ્તુઓની આપણી મોહિની ખોટી છે અને આપણા દેશને તે ઝટ લઇને લાગુ થઇ જાય એવો સંભવ નથી. સુસાધ્યતા ઉપર અને ઘણી કરકસર ઉપર આપણાં ઓજારો વગેરે યોજાયેલાં છે. આપણા એક ચાલુ રૂઢિના દીવાનો દાખલો લઈ જોતાં તરજ સમજાય છે કે આપણી ઘર અજવાળવાની આ રૂઢિ બહુજ કરકસરવાળી તેમ સહેલી અને વગર જોખમની છે. આજ પ્રમાણે ખેતીવાડીને લગતાં ઓજારો પણ સુસાધ્ય અને કરકસરના ધોરણ ઉપર યોજાયેલાં છે. નવી જાતનાં ખરચાળ અને કસોજ થતાં નકામાં થઈ પડે એવાં પરદેશી ઓજારો દાખલ નહિ કરતાં આપણાં દેશી ઓજારોમાં જ તેના જાણકારોએ સુધારા કરવા એ યોગ્ય માર્ગ છે અને તેજ ખેડુતો સત્વર ઉપાડી લઈ શકે એવો માર્ગ છે. અસ્તુ, વિષયાંતરે નહિ જતા રહેતાં આપણે આપણી ખેતીવાડીના સુધારા ઉપર પાછા આવતાં સુધારો સૂચવનારાઓને ભલામણ કરીશું કે અમારા અજ્ઞાન ખેડુતોને હસી નહિ કાઢતાં તેમના અજ્ઞાન [ઉપર ફિટકાર નહિ કરતાં દીલસોજીની લાગણીએ તેમને સુધારવા તેમને બંધ બેસતા થાય એવા સુધારા ધીરેથી દેખાડવા અને તેમાં તેમને પાવરધા કરવા. અજ્ઞાન ખેડુતોથી ન સમજી શકાય એવી ભૂલો તેમને દેખાડવી અને ઉપદેશ કરવો. દાખલા તરીકે આપણે હાડકાં લઇશું.

એમ કહેવાય છે કે આપણી જમીનમાંથી ફોસફેટ બહુજ ઓછું થઈ ગયું છે. જમીનને ફોસફેટ પુરૂં પાડનાર ઢોરોનાં હાડકાં છે, છતાં લોકો તે જાણતા નથી એટલે વર્ષ દહાડે ૬૦,૦૦,૦૦૦ રૂપિયાનાં હાડકાં પરદેશ ઘસડાઈ જાય છે. દેશમાં રસાયનિક એવી સંસ્થા હોય કે જે સોંઘે ભાવે સલફ્યુરિક એસીડ દેશને પુરૂં પાડે અને તેથી હાડકાંનું ખાતર બનાવવામાં આવે તો કસરહિત થયેલી આપણી જમીન કસવાળી થાય અને પાક સારા ઉતરવા માંડે. ભણેલા માણસોએ ખેતીના ધંધામાં પડવાની જરૂર છે અને જેઓ રસાયન આદિ ભૌતિક શાસ્ત્રોમાં પ્રવીણ છે તેમણે દેશની ખેતીવાડી તરફ લક્ષ આપવાની

જરૂર છે. વિદ્વાનો અને ધનાઢ્યો જેમને હૈડે દેશની દઝ છે તેઓ ઘણું કરી શકે તેમ છે. આફ્રિકામાં કરોડાધિપતિ થઈ ગયેલા રહોડસને માટે કહેવાય છે કે, તે જે પ્રદેશમાં રહેતો હતો તે પ્રદેશનો પાક એક જાતનાં જીવડાં બગાડી નાંખતાં હતાં. તજવીજ કરતાં તેને જણાયું કે યુરોપમાં એવાં જીવડાંનો નાશ કરનારાં એક જાતનાં પંખી થાય છે. મિ. રહોડસે યુરોપમાંથી બહુ મોટી સંખ્યામાં એ પંખીઓ પકડી મંગાવ્યાં અને પોતાના દેશમાં ઉડાડી મુકાવરાવ્યાં. એ પંખીઓ પછી ત્યાંજ રહ્યાં અને ખેડુતોનો એ પાક જે જીવડાં બગાડતાં હતાં તે એ પંખીઓને લીધે બગાડતાં રહ્યાં. દેશહિતની બીજી લાંબી ચોડી હિલચાલો કરનારાઓને જોનાથન સ્વીફ્ટનાં નીચેનાં વચનો વાંચવા જેવાં હોવાથી ઉતારીશું:—

Whoever could make two ears of corn, or two bladers of grass, to grow upon a spot of ground where only one grew before, would deserve better of mankind, and do more essential service to his country than the whole race of politicians put to-gether.

**મણિલાલ છબારામ.**

—*×*—

## ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીને મળેલું નવું ટ્રસ્ટ ફંડ.

## સ્વ. શિવપ્રસાદ કેશવલાલ સ્મારક ફંડ.

(રૂ. ૧૦૦૦)

**મેહેરબાન ઓનરેબલ રાવબહાદુર રમણભાઇ મહીપતરામ નિલકંઠ.**

ઓનરરી સેક્રેટરી, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, **અમદાવાદ.**

**મેહેરબાન સાહેબ,**

વિશેષ વિનંતિ જે મારા મર્હુમ પુત્ર શિવપ્રસાદ (જે જન્મથી બેહેરો-મુંગો હતો તે નવ વર્ષનો થઈ ગુજરી ગયો છે. તેની યાદગીરીમાં આ સાથે રૂ. ૧૦૦૦)ની સન ૧૮૫૪–૫૫ ની ૩½ ટકાની ગવર્નમેન્ટ પ્રોમીસરી નોટ નં. ૧૫૮૯૫૭ ની મોકલી છે તેનું વ્યાજ દર વર્ષે અમદાવાદમાં ચાલતી બેહેરા મુંગાની નિશાળમાં શિખતા ગરીબ વિદ્યાર્થીઓના ખર્ચના ફંડમાં આપવું, જો કોઇ કારણથી એ સંસ્થા બંધ થાય અને અમદાવાદમાં એવી કોઇ નિશાળ બીજી હોય તો તેમાંના ગરીબ વિદ્યાર્થીઓના ખર્ચમાં આપવું અને જો એવી કોઇ નિશાળ ના હોય તો તે વ્યાજની રકમ નડીઆદ હિંદુ અનાથ આશ્રમમાં અગર તેના અભાવે મહીપતરામ રૂપરામ અનાથ આશ્રમના ફંડમાં દર વર્ષે આપવી. આ શરતે ઉપરની રકમ સોસાઈટી સ્વીકારશે એવી આશા છે.*

**દેવગઢ—બારીઆ.**
તા. ૧૫ જુલાઇ ૧૯૧૪ } **(સહી) કેશવલાલ મોતીરામ.**

---

*તા. ૨૬–૭–૧૯૧૪ ના રોજ મળેલી વ્યવસ્થાપક કમિટીમાં સદરહુ ટ્રસ્ટ ફંડ સ્વીકારવાને સર્વાનુમતે ઠરાવ થયો હતો.

**આજના અંકનો વધારો.**

# મોતીગૌરી.

જાણીતાં સચિત્ર માસિક **ગુલશન** અને અઠવાડિક **સ્વતંત્ર** વાળા મી૰ **દીનશાહ કુ. ભાગળીઆ** ની કલમથી લખાયલી આ અતિહાસિક વાર્તા સુંદર ચિત્રો સાથની ખરેજ વાંચવા જોગ છે. મોગલ રાજ્યના વખતમાં હિંદમાં વસતા હિંદીઓની હાલત; મુસલમીન સત્તાનો દોર; મોગલ શાહનશાહનો કિસ્સો; ઝનાનખાનામાં વસતાં પંખેરાંની વિગત; રાજપુત શુરવિરતાના નમુના, શાહજાદા દારાંની કહાંણી; ભલા શાહનશાહ શાહજહાંની ભલાઇ; શાહજહાંની દરબારમાં અમરસીંહે ચલાવેલી કતલ; મિયાં સલાબતની મસ્તી ને પ્રપંચ; રાજપુત બાળા રંભાની ચાલાકી અને ઉલ્લુઓને ઉડાવવાની તેણીની સફાઇ; કુંવરી મોતીગોરીની નમનતાઇ; શાહજાદીઓ જહાંનારા અને રોશન આરાની ચાલાકી........આ ઉપરાંત અનેક ઐતિહાસીક દીલ ઉશ્કેરનારી વિગતો આ પુસ્તકમાંથી મળશે. એકવાર શરૂ કરતાં પુરૂ કરવા વના ગમશે નહિ.

ખાસ દોરાવેલાં ચિત્રો.

પેજ ૩૫૦ કિમંત રૂપીયા બે પોરટેજ બે આના.

( વધુ માટે નીચે જુઓ. )

## ગુલશન.

**સચિત્ર માસિક**

સુનંદા લેખો—સુંદર વાર્તાઓ—વાંચવા જોગ ચાલુ વાર્તા—ખાસ અંક વગેરે બાનુંઓ અને અહરય લેખકોની મોટી સંખ્યા.

વાર્ષિક લવાજમ ભેટ સાથે રૂપ્યા ૩-૧૪-૦

## સ્વતંત્ર.

**જાણીતું સચિત્ર અંગ્રેજી ગુજરાતી અઠવાડિક**

છેલ્લામાં છેલ્લી ખબરો—તારો—વાર્તાઓ રમુજી લેખો—

વાર્ષિક લવાજમ ભેટ અને પોરટેજ સાથે રૂપ્યા ૩-૮-૦

લખો—મેનેજર, ગુલશન પ્રિંટિંગ વર્કસ, નવસારી


*Mr. Dinshah K. Bhagalia*

*NAVSARI.*

B. B. & C. I. R

# લુપીનની લાહેરી.

દુન્યાની તમામ પોલીસને હચમચાવતો, પોતાની નામનાનો ડંકો વગડાવતો; જરમનીના કયસરને વટીક શેકહેન્ડ કરવાનું માન મેળવી શકતો, શ્રીમંતોને લુટી ગરીબોને નવાજતો; ઘડીકમાં ડાક્ટર તો ઘડીકમાં મારતર, ઘડીકમાં શેઠ તો ઘડીકમાં નોકર; ઘડીકમાં અમીર તો ઘડીકમાં ફકીર, ઘડીકમાં ઉસ્તાદ તો ઘડીકમાં ચેલો, ઘડીકમાં વકીલ તો ઘડીકમાં અસિલ; ઘડીકમાં ડીટેક્ટીવ તો ઘડીકમાં ચોર; ઘડીકમાં બુઢો તો ઘડીકમાં જવાન......... એવા એવા અનેક અવતાર ધરાવતો ફ્રાન્સનો વાજતો ધુંધરો લુપીન—આરસેની—લુપીન આ પુસ્તકમાં કમાલમાં કરે છે. તે ઘડીકમાં શયતાન અને ઘડીકમાં ફરેસ્તાનું કેવું પાત્ર ભજવે છે તે આ વાર્તા બતાવશે સ્ત્રીઓને ખાતર લુપીન કેટલી હદે નમ્ર થઇ જઇ પોતાના જાનની દરકાર વટીક કરતો નથી તે સાંભળતાં આફ્રિનનો પુકાર કાઢયા વિના રહી શકાતું નથી.

પાન ૨૫૦ કિંમત રૂપ્યો દોઢ. પોરટેજ બે આના

( [illegible] )

( અહીંથી કાપી ઉપયોગમાં લેશોજી. )

---

મી. દીનશાહ કુ. ભાગલ્યા.

—નવસારી.

જત તમોએ બહાર પાડેલાં બે પુસ્તકો ૧. મોતી-ગૌરી ( ઐતિહાસિક વાર્તા ) ૨. લુપીનની લાહેરી ( ઠગચોરની કહાંણી ) ની એકેક પ્રત હમો પર આ કાર્ડ મળતાં વી૦ પી૦ થી મોકલી આપશો.

લી૦ ________________

________________

** બન્ને પુસ્તકો સાથે મંગાવનારને પોરટેજ સાથેજ રૂપ્યા ત્રણ અને એક આનાનુંજ વી. પી. ફકત થશે. બન્ને વાર્તાઓમાંથી એકજ મંગાવનારે જે તે કિંમત આપવી પડશે.

# પુસ્તકોની પહોંચ.

☞ નીચેનાં પુસ્તકો અમને ભેટ દાખલ મળ્યાં છે તેની પહોંચ ઉપકાર સહ સ્વીકારવામાં આવે છે.

| નંબર | પુસ્તકનું નામ | કોના તરફથી | કીંમત. |
|---|---|---|---|
| ૨૨ | વાયુપુરાણ | મે. વિદ્યાધિકારી સાહેબ વડોદરા | ૨—૮—૦ |
| ૨૩ | " | " | ૨—૮ ૦ |
| ૨૪ | શ્રી ભાષ્ય-અધ્યાય ૧ લો | " | ૪—૮—૦ |
| ૨૫ | " | " | ૪—૮—૦ |
| ૨૬ | શ્રી ભાષ્ય-અધ્યાય ૨-૩-૪ | " | ૪—૮—૦ |
| ૨૭ | " | " | ૪—૮—૦ |
| ૨૮ | નીતિ શિક્ષણ (બે નકલ) | " | ૦-૧૨-૦ |
| ૨૯ | ધર્મ વર્ણન " | " | ૦—૯-૦ |
| ૩૦ | જૈન ધર્મનાં વ્યાખ્યાનો | " | ૦—૪ ૦ |
| ૩૧ | " | " | ૦—૪—૦ |
| ૩૨ | વિવાહ વિધિ સાર | " | ૦—૮—૦ |
| ૩૩ | " | " | ૦—૮—૦ |
| ૩૪ | વિદ્યાર્થીઓની સાંસારિક અને નીતિ વિષયક સ્થિતિ | " | ૦—૮—૬ |
| ૩૫ | " | " | ૦—૮—૬ |
| ૩૬ | અરાઢમા સૈકાનું યુરોપ | " | ૩—૦—૦ |
| ૩૭ | " | " | ૩—૦—૦ |
| ૩૮ | આર્વાચીન યુરોપ | " | ૨—૮ ૦ |
| ૩૯ | " | " | ૨—૮—૦ |
| ૪૦ | આર્યભિષેક | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય | ૧—૮—૦ |
| ૪૧ | સ્વામી રામતિર્થ ગ્રંથ ૧ લો (ભાગ ૧ થી ૫) | " | ૧—૯—૦ |
| ૪૨ | સ્વામી રામતિર્થ ભા. ૭ મો | " | ૦—૮—૦ |
| ૪૩ | સામાજીક સેવાના સન્માર્ગો | " | ૦—૪—૬ |
| ૪૪ | મહાન પુરૂષો | " | ૦—૭—૦ |
| ૪૫ | ટુંકી વાર્તાઓ | " | ૦—૫—૦ |
| ૪૬ | શ્રીમદ્ રાજ્યચંદ્ર | રા. રા. મનસુખલાલ રવજીભાઇ | ૩—૦—૦ |
| ૪૭ | રાજબોધ | " | ૦—૬—૦ |
| ૪૮ | જૈન ગ્રંથાવલી | જૈન શ્વેતામ્બર કોન. મુંબઇ | ૩—૦—૦ |
| ૪૯ | સ્પર્શાસ્પશ | શેઠ રણછોડ ભગવાન | ૦ ૧૨—૦ |
| ૫૦ | વિવિધ સુખાભાસ | શાસ્ત્રી રત્નસિંહજી ગોવિંદજી | ૨—૮—૦ |
| ૫૧ | ઇંદ્રજીત વધ કાવ્ય | રા. રા. દોલતરામ કૃપારામ | ૧—૦—૦ |
| ૫૨ | ભારત લોકકથા | રા. રા. માણુલાલ ઇચ્છારામ દેસાઇ | ૦—૧૨—૦ |
| *૫૩ | બાપારાવ | સસ્તી વાર્તા માળા | ૦—૯—૦ |
| ૫૪ | કહાન્ડદે પ્રબંધ | રા. રા. ડાહ્યાભાઇ પી દેરાસરી | ૧—૪—૦ |
| ૫૫ | અનુપકુમારી | સસ્તી વાર્તા માળા | ૦—૯—૦ |
| ૫૬ | આચારદર્શન | રા. રા દુર્લભજી વિ. શ્યામજી | ૧—૦—૦ |
| ૫૭ | સ્પર્શાસ્પર્શ | રા. રા. શંભુપ્રસાદ શિવપ્રસાદ | ૧—૦—૦ |
| ૫૮ | રાઇનો પર્વત | ઓન. રા. બ. રમણભાઇ મહીપતરામ | ૧—૦—૦ |

| | | | |
|---|---|---|---|
| ૫૯ | પ્રતાપસિંહ | સસ્તી વાર્તામાળા | ૧—૦—૦ |
| ૬૦ | સંસાર દર્પણ | રા. રા. નર્મદાશંકર બાલાશંકર | ૧—૦—૦ |
| ૬૧ | અનુવાદ બાવની | રા. રા. નાગરદાસ વૈકુંઠજી | ૦—૫—૦ |
| ૬૨ | ચિંતવન માળા | રા. રા. ઉત્તમરામ ભગવાનદાશ | ફ્રી |
| ૬૩ | નવિન સન્યાસી | રા. રા. વ્રજલાલ જાદવજી | ૦—૮—૦ |
| ૬૪ | સમાજ | " | ૧—૦—૦ |
| ૬૫ | મુખગણિત-શિક્ષક | રા. રા. છગનલાલ મોતીરામ | ૦—૨—૦ |
| ૬૬ | " | " | ૦—૨—૦ |
| ૬૭ | ગુજરાતી પુસ્તકાલયોને વાસ્તે ૧૦૦૦ પુસ્તકોની યાદી | રા. રા. ચીમનલાલ ડાહ્યાભાઈ | ૦—૮—૦ |
| ૬૮ | રસીલી વાર્તાઓ | રા. રા. રામમોહનરાય જશવંતરાય | ૦—૮—૦ |
| ૬૯ | " | " | ૦—૮—૦ |
| ૭૦ | રવિકાન્ત ભા. ૧ લો. | રા. રા. ચુનીલાલ નરભેરામ | ૨—૦—૦ |
| ૭૧ | રાજચંદ્ર જૈનકાવ્યમાળાભા.૨ | રા. રા. મનસુખલાલ રવજી | ૧—૦—૦ |
| ૭૨ | રાજજયંતિ વ્યાખ્યાન | " | ૦—૮—૦ |
| ૭૩ | રામવિણા | રા. રા. પ્રભુલાલ પ્રીતમલાલ | ૧-૧૨—૦ |
| ૭૪ | આંતર-ધ્વનિ | રા. રા. વંદ્રાવનદાસ દામોદર | ૧—૪—૦ |
| ૭૫ | ઓન. મી. ગોખલે | સર્વંટ ઓફ. ઈન્ડીયા સોસાઇટી | ૦—૯—૦ |
| ૭૬ | અહિચ્છત્ર કાવ્ય | રા. રા. દયાશંકર ભાઇશંકર | ૦-૧૮—૦ |
| ૭૭ | ઇન્દિરા | સૌ. પ્રીયમતિ શુકલ | ૧—૪—૦ |
| ૭૮ | જ્યારે સુર્યોદય થશે | " | ૦—૮—૦ |
| ૭૯ | ઉત્તમબોધ | "મિત્રમંડળ" | ૦—૪—૦ |
| ૮૦ | શ્રીકૃષ્ણ ચૈતન્ય | રા. રા. નર્મદાશંકર બાલાશંકર | ૦-૧૦—૦ |
| ૮૧ | કાવ્ય પીયુષ | રા. રા. મણિલાલ છબારામ | ૦—૮—૦ |
| ૮૨ | કાઉન્ટ ટ્રોલ્સટોયભાગ ૧લો | રા. રા. ભોગીન્દ્રરાવ રતનલાલ | ૦—૪—૦ |
| ૮૩ | કલ્લોલિની | રા. રા. દામોદર ખુસાલદાસ | ૦—૮—૦ |
| ૮૪ | ખલીફના અદ્દભુત પરાક્રમ | રા. રા. મણિલાલ કેશવલાલ | ૧—૦—૦ |
| ૮૫ | ગાયત્ર્યર્થ-પ્રકાશ | રા. રા. મણિલાલ જાદવરાય | ૦—૨—૦ |
| ૮૬ | જૈન રાસમાળા | જૈન કોન્ફરન્સ | ૦—૪—૦ |
| ૮૭ | જૈન પર્યુષણનો અંક | રા. રા દેવચંદ દામજી | ૦—૪—૦ |
| ૮૮ | દમ્પતિધર્માભ્માનિધિભા.૧લો | રા. રા. સોમેશ્વર રઘુનાથ | ૧—૮—૦ |
| ૮૯ | દેશદેશની રસમય વાર્તા | રા. રા. હરિલાલ માણેકલાલ | ૦—૪—૦ |
| ૯૦ | ધર્નુવેદ | રા. રા. લક્ષ્મીદાસ ત્રીકમજી | ૦—૪—૦ |
| ૯૧ | નાના ગામડાઓની આરોગ્યતા | ડૌ. ધનજીભાઇ હોરમસજી | ૦—૧—૦ |
| ૯૨ | પ્રાચીન શ્વેતાંમ્બર અર્વાચીન દિગમ્બર | મુનીરાજ વિદ્યાવિજય | ૦—૪—૦ |
| ૯૩ | પ્રગતિ | રા. રા. જગન્નાથ પ્રભાશંકર | ૦-૧૨—૦ |
| ૯૪ | પંચાળી ચરિત્ર અને ચિરપૂર્તિ | રા. રા. મોતીલાલ છોટાલાલ | ૧—૪—૦ |
| ૯૫ | પ્રાચીન ભારત | રા. રા. મગનલાલ માણેકલાલ | ૦—૮—૦ |
| ૯૬ | વૈદિક સિદ્ધાંત મંજરી | રા. રા. હીરાલાલ જાદવરાય બુચ વેદાન્ત કવિ. | ૦—૬—૦ |

( અપૂર્ણ. )

UDDHIPRAKASHA.

पुस्तक ६१ मुं. डिसेम्बर. १९१४ अंक १२ मो.

## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ |
|---|---|---|
| વડીલોને. ... ... ... ... ... ... ... | ( રા. રા. હરગોવિન્દ કાનજી ભટ્ટ. ) | ૩૫૩ |
| ભિન્નમાળ અને કનોજનો ગુર્જર પ્રતિહાર વંશ. ... ... ... ... | ( રા. રા. રણજીતરામ વાવાભાઇ મહેતા, બી. એ., ) | ૩૫૪ |
| સતી માનુબાઈ. ... ... ... ... ... ... ... | (રા. રા. લલ્લુભાઈ નરોત્તમદાસ મહેતા.) | ૩૬૬ |
| ક્ષય સંબંધી. ... ... ... ... ... ... ... | ( રા. રા. જાલમભાઇ ડાહ્યાભાઈ. ) | ૩૭૦ |
| કામદેવનાં બાળ-શસ્ત્રો. ... ... ... ... ... ... | ( રા. રા. હરિપ્રસાદ ઠીરપારામ ઠાકોર. બી. એસસી. એલ. સી. ઇ., ) | ૩૭૮ |
| ગુ. વ. સોસાઇટીને મળેલું નવું ટ્રસ્ટ ફંડ.... ... ... ... ... | | |
| ગુ. વ. સોસાઇટી હસ્તકના હસ્તલિખિત પુસ્તકોની યાદી. ... ... ... | | |


---

**ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી (અમદાવાદ) તરફથી**

તંત્રી અને પ્રકાશક,

**હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ,** બી. એ.,

**આસિ. સેક્રેટરી.**

ધાશીરામની પોળ—**અમદાવાદ.**

---

**લવાજમ—વર્ષ એકનો; રૂ. ૧ાા.) અગાઉથી. ટપાલ ખર્ચ માફ.**

**છૂટક દર અંકના ત્રણ આના.**

---

અમદાવાદ—ધી અ૦ યુનિયનપ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

*Janmahomed Scholarship and Prize*
*the Premchand Raichand Training College*
*Men, Ahmedabad and the Ranchhodlal*
*Chhotalal High School, Ahmedabad.*

1. The Scholarship will be called "The Khan Saheb Janmahomed Scholarship"

2. From the interest of the amount of Rs. 1800 invested in Government papers, a scholarship of Rs. 5 p. m. will be given to a Mahomedan student belonging to the Mahikantha Agency and coming highest at the Entrance Examination of the Premchand Raichand Training College for Men, Ahmedabad, among the Agency Mahomedan students and who is admitted to the 1st year class of the said College.

3. Failing such a student the scholarship will be given to any Mahomedan student belonging to the Mahikantha Agency studying in any of the three years' classes of the College who stands in need of money.

4. The scholarship will be tenable for one year on usual terms of good behavior and satisfactory progress. It will be given in addition to any scholarships that is held by the student.

5. The selection of the scholar will rest with the Principal of the College with the approval of the Educational Inspector, Northern Division.

6. On the strength of a report from the Principal to the effect that a Mahomedan student fulfilling the above conditions is not available, the scholarship will be given to (a) a poor and deserving Mahomedan student belonging to the Mahikantha Agency learning in any of the standard of the Ranchhodlal Chhotalal High School, Ahmedabad, on the conditions specified above,

(b) it will be continued to the same student for a year more if no student as described in rules 2 and 3 from the Premchand Raichand Training College for Men, Ahmedabad, is available.

(c) The scholarship will be given to a Mahomedan student of any District, if no Mahomedan student from the Mahikantha Agency is available. Preference will be given to a student learning in the highest standard.

# बुद्धिप्रकाश.

પુસ્તક ૬૧ મું | ડિસેમ્બર સને ૧૯૧૪ | અંક ૧૨ મો.

## [1]વડીલોને.

( મારૂં મોંઘું બચપણ )

**માલિનિ.**

૧

બચપણ મંહિ જે જે ખેલ ખેલ્યા અનેરા,
રમત શિશુ કરેછે ફક્ત એ જાણતાતા;
લવ પણ ભય ન્હોતો લાજ ન્હોતી લગાર,
જીવન સરિત વ્હેળો પૂર્ણ વ્હેતો અશાન્ત.

૨

અરૂણ ઉદય વેળા કોઈ જો સાદ પાડે,
શ્રવણ કરી સખાના મીષ્ટ સાદો મનાએ;
અધિક છુટ લઇને મોઝ માણી કરેલો,
સમય સરસ કેવો? સાંભરે બાળ વાતો?

૩

સરસ સરસ કોઈ ગાન ગાન ગાતા કદાપિ,
સફળ શ્રવણ તોયે અર્થ શું, વાત કેવી?
તદપિ પ્રણય સાથે સંગ ગાતાં મઝેથી—
હૃદય મધુર નાચે બોલ્ય કાળે અશાન્ત.

૪

સરળ રમત કેરી શેષ આજે છબિ ક્યાં?
દિનમણિ શશી એ ક્યાં? શુદ્ધ આકાશ એ ક્યાં?
ભુવન રહી ભરાઈ સુખ એકાંત માણ્યું,
ચરણ રજ તમારી શું? નહિ લેશ જાણ્યું!!

**હરગોવિન્દ કાનજી ભટ્ટ.**

---

[1] કવિ રવિન્દ્રનાથ ટાગોરના એક બંગાળી કાવ્યનો અનુવાદ.

# ભિન્નમાળ અને કનોજનો ગુર્જર પ્રતિહાર વંશ.

**૧. નાગભટ ૧** આસરે ઈ. સ. ૭૨૫–૪૦.

મ્લેચ્છોને એણે હરાવ્યા હતા. ઈ. સ. ૭૧૨ માં **મહમદ** બીન કાસમ સાથે **સિંધ** આવેલા **આરબો** આ મ્લેચ્છ કદાચ હશે.

**૨. કકુસ્થ વા** કક્કુક આસરે ઈ. સ. ૭૪૦–૫૫.

**નાગભટ**ના અનભિહિત ભાઇનો પુત્ર થાય. એના વખત વિશે કાંઈ જાણવામાં નથી આવ્યું.

**૩. દેવશક્તિ વા દેવરાજ** આસરે ઈ. સ. ૭૫૫–૭૦.

કકુસ્થનો નાનો ભાઈ. એની રાણીનું નામ **ભૂ**યિકાદેવી હતું. વત્સરાજનાં એ મા થાય. એ પરમ વૈષ્ણવ હતો.

**૪. વત્સરાજ** આસરે ઈ. સ. ૭૭૦–૮૦૦.

આગલા ત્રણ રાજાઓનાં નામ માત્ર જ પ્રસિદ્ધ છે; પણ આને વિશે ઘણી હકીકત જણાઈ છે. એની રાણીનું નામ **સુ**ન્દરી દેવી હતું. **નાગ**ભટ ૨ જાનાં એ મા થાય. વિખ્યાત **ભ**ણ્ડિ વંશનું સામ્રાજ્ય એણે બળથી લીધું એવું **સાગરતાલ**નો શિલાલેખ જણાવે છે. **ભ**ણ્ડિ વિશે પણ ચોક્કસ માહિતી શિલાલેખમાં આપી નથી. **બાણનાં શ્રી**હર્ષચરિતમાં **હ**ર્ષનાં માતુશ્રી **યશો**મતીનો ભત્રીજો **ભ**ણ્ડિ **હ**ર્ષનો વયસ્ય હોવાનું લખેલું છે.

ડૉ. **હ**ર્નલનું અનુમાન છે કે **માલવ** સર કર્યા પછી **હર્ષે ભ**ણ્ડિને તેનો રાજા બનાવ્યો હોય; **ભ**ણ્ડિ **હ**ર્ષના મામા **શી**લાદિત્ય, જે **માલવા**ધીશ હતા તેમનો પુત્ર હતો. **શીલા**દિત્યના પિતા **યશો**ધર્મા–**વિ**ષ્ણુવર્ધન-**વિક્ર**માદિત્યે **હૂ**ણોને હરાવી મ્હોટું સામ્રાજ્ય સ્થાપ્યું. **શ**કારિ **વિક્ર**મ અને **યશો**ધર્મા એકજ હોવાનો વાદ ડૉ. **હ**ર્નલે ઉભો કર્યો છે. આવા ઉજ્જવળ અને વિભૂતિવાન્ વંશથી રાજા **ભ**ણ્ડિનો વંશ ' વિખ્યાત ' કહેવાયો હોય.[1]

પણ **યશો**મતી કે **ભ**ણ્ડિના કૂળ વિશે **બાણે** કાંઈ જ માહિતી આપી નથી એટલે **મી. સ્મિથ વ**ત્સરાજે હરાવેલો **ભ**ણ્ડિ વંશ એજ **ભ**ણ્ડિમાંથી ઉતરી આવેલો માનતો નથી.

**માન્યખેટ** અને **નાસિક**ના **રાષ્ટ્રકૂટ** અને **ગુર્જરો** વચ્ચે વંશપરંપરા વિગ્રહ ચાલ્યા હતા. **રાષ્ટ્રકૂટ** વંશના **લેખોપરથી વત્સરાજ**ના મહેચ્છુ સ્વભાવ અને **એનાં આક્રમણથી** વ્યાપ્ત પ્રદેશના વિશાળ વિસ્તારનો ખ્યાલ મળે છે. **રાષ્ટ્રકૂટ ગોવિન્દ** ૩ નાં ત્રણ શાસનો ( ઈ. સ. ૮૦૬–૮૧૨ લગીના ) થી જણાય છે કે **ગુર્જરે**શ્વર **વત્સરાજે ગૌ**ડ અને **વંગ** દેશ જીત્યા હતા; પણ **ગોવિ**ન્દના પિતા **ધ્રુ**વે **વ**ત્સરાજને હરાવી **મારવાડ**ના રણમાં હાંકી કાઢયો હતો. **ગૌ**ડ અને **વંગ**થી આણેલાં રાજછત્રો એની પાસેથી **ધ્રુ**વે લઈ લીધાં હતાં. **ધ્રુ**વના મળતીઆ **કક્કરાજ**–જે **ગુજરાત**નો **રાષ્ટ્રકૂટ** રાજા હતો–તેણે **માળવા**માં **ગુર્જરો**ને આવતા ખાળ્યા હતા.

૧. J. R. A. S. Jan. 1909 p. 127.

ગુર્જરોના દુશ્મનો વત્સરાજના વિજયની નોંધ લે છે એટલે તે આપણે સાચો જ લેખવો પડશે. રાજસ્થાનનો રાજા ઠેઠ બંગાળા લગી જાય અને આખું બંગાળ સર કરે એ નાનું સનું પરાક્રમ નથી.

ગૌડમાં તે વખતે પાલ વંશનું આધિપત્ય હતું. વત્સરાજે હરાવેલા રાજાનું નામ ગોપાલ હશે અને લડાઈ ઈ. સ. ૭૭૦ અને ૭૭૭ ના અંતરાળમાં, ૭૭૫ ની આસપાસ થઈ હશે.

ગૌડ પરાજિત કરવાથી વત્સરાજ એટલો બધો ફૂલાયો કે માળવા જીતવા ચડાઈ કરી પણ ભાગ્યદેવી પાછી ફરી અને રાષ્ટ્રકૂટોને હાથે પરાજય પામ્યો. પણ રાષ્ટ્રકૂટોથી સિકસ્ત પામવાથી ગુર્જર સામ્રાજ્ય બલહીન ન્હોતું થયું.

રાષ્ટ્રકૂટોના શાસનો ઉપરાંત જૈન હરિવંશ પરથી વત્સરાજ અને એના સમકાલીન રાજાઓ વિશે જાણવા જોગ માહિતી મળે છે.

શાકેષ્વબ્દ શતેષુ સપ્તસુ દિશં પઞ્ચોત્તરેષૂત્તરાં
પાતીન્દ્રાયુધનામ્નિ કૃષ્ણ નૃપ જે શ્રીવલ્લભે દક્ષિણાં ।
પૂર્વાં શ્રીમદવન્તિભૂભૃતિ નૃપે વત્સાદિ રાજેઽપરાં
સૌર્યા (રા)ણામધિ મણ્ડલે (લં) જયયુતે વીરે વિરાહે ઽવતિ ॥[1]

આ શ્લોકના અર્થ માટે તકરાર જબ્બરી ચાલે છે. પણ શિલાલેખાદિ લક્ષ્યમાં લઈ અર્થ કરીએ તો સારાંશ આવો નીકળે છેઃ—

શક સંવત્ ૭૦૫ માં જ્યારે ઉત્તરમાં ઇન્દ્રાયુધ રાજ્ય કરતો હતો, દક્ષિણમાં કૃષ્ણ પુત્ર શ્રીવલ્લભ રાજ્ય કરતો હતો, પૂર્વમાં અવન્તિના રાજાનું રાજ્ય હતું અને પશ્ચિમમાં વત્સ-રાજનું રાજ્ય હતું અને સૌર્યોના મણ્ડલમાં વીર જયવરાહનું આધિપત્ય હતું.

અવન્તિ એટલે પશ્ચિમ માલવ પણ એના રાજાનું ચોક્કસ નામ મળી શકતું નથી. સૌર્ય મંડલ એટલે સૌરાષ્ટ્ર હશે. જયવરાહ વિશે હાલ કાંઇજ હકીકત ઉપલબ્ધ નથી.

પંચાલ—જેની રાજધાની કનોજમાં હતી તેનો રાજા ઇન્દ્રાયુધ હતો. નાગભટ ૨ જાની કારકીર્દી વર્ણવતાં એને વિશે વિસ્તારીશું. દક્ષિણનો રાજા શ્રીવલ્લભ રાષ્ટ્રકૂટ અને તે પણ કૃષ્ણ ૧ લાનો પુત્ર ગોવિન્દ ૨ જો અથવા તેનો ભાઈ અને પ્રતિસ્પર્ધી ધ્રુવ હશે. મી સ્મિથ ધ્રુવનેજ શ્રીવલ્લભ ગણે છે. ધ્રુવને હાથે પરાજય પામનાર વત્સરાજ જ પશ્ચિમનો રાજા હોવો જોઇએ. જૈન ગ્રંથથી કનોજેશ્વર ઇન્દ્રાયુધ, દાક્ષિણાત્ય રાષ્ટ્રકૂટ નૃપતિ ધ્રુવ અને ભિન્નમાલના ગુર્જરેશ્વર વત્સરાજ ઈ. સ. ૭૮૩ માં સમકાલીન હતા એટલું સાબીત થાય છે.

વત્સરાજની કારકીર્દિનો ટુંકો અહેવાલ નીચે પ્રમાણે ઉપજાવી કાઢીએઃ રાજસ્થાનના ગુર્જર પ્રતિહાર વંશનો ચોથો રાજા વત્સરાજ હતો. દેવરાજ અને ભુયિકા દેવીનો તે પુત્ર હતો. એની રાણી સુન્દરી દેવી હતી અને પુત્ર નાગભટ ૨ જો હતો.

૧. Bom. Gaz. 1896 Vol.I pt.ii p.197n.

વત્સરાજ પરમ માહેશ્વર હતો. તે મહત્ત્વાકાંક્ષી અને આક્રમણશીલ હતો. ગાંગેય પ્રદેશ સોંસરો લઇને ગૌડ અને વંગ, ગૌડાધીશ બૌદ્ધ ગોપાલને હરાવી સર કર્યાં હતાં. કેટલાંક વર્ષ વીત્યાં પછી રાષ્ટ્રકૂટ ધ્રુવ સાથે ભેટો થતાં વત્સરાજે સખ્ત હાર ખાધી અને મારવાડના રણમાં ભાગી જવું પડયું. પશ્ચિમ માળવા સર કરવા જતાં ગુજરાતના રાષ્ટ્રકૂટ કક્કરાજે એને ખાળ્યો. ખાણનો ભાઈ ભણ્ડિ પૂર્વ માળવાનો રાજા થયો હોય અને જે ભણ્ડિ વંશને વત્સરાજે હરાવ્યો તે એનોજ વંશ હોય તો પૂર્વ માળવા વત્સરાજને આધીન થએલું. ઈ. સ. ૭૮૩–૪ માં વત્સરાજના સમકાલીન રાજાઓમાં રાષ્ટ્રકૂટ વંશમાં ધ્રુવ, કનોજમાં ઇન્દ્રાયુધ, સૌરાષ્ટ્રમાં જયવરાહ અને અવન્તિમાં અજ્ઞાત રાજા હતા. ઈ. સ. ૮૦૦ ના અરસામાં એ પરલોકવાસી થયો હતો.

**૫. નાગભટ** ( નાગભટ્ટ ) ૨ જો આસરે ઈ. સ. ૮૦૦–૨૫.

જોધપુર રાજ્યના બકલાના લેખ પરથી ઈ. સ. ૮૧૫ માં નાગભટ રાજ્ય કરતો હતો એવું જણાય છે. એ દેવી ભગવતીનો ઉપાસક હતો. નાગભટ, એનો પૌત્ર મિહિરભોજ, અને પ્રપૌત્ર મહેન્દ્રપાલ દેવીભક્ત હતા. ગુર્જર પ્રતિહાર વંશના દશમા રાજા મહીપાલની મુદ્રામાં ભગવતીની મૂર્તિ છે પણ વંશાવળીમાં એને સૂર્યોપાસક કહ્યો છે.

નાગભટની રાણી અને એના ગાદીનશીન થનાર પુત્ર રામભદ્ર અથવા રામદેવની મા ઇશતાદેવી હતી.

સાગરતાલના શિલાલેખ, બંગાળાના પાલવંશી ધર્મપાલના શાસનો અને રાષ્ટ્રકૂટ લેખ પરથી નાગભટના પ્રોજ્જ્વળ જીવનનો અહેવાલ મળે છે. બૌદ્ધ ઇતિહાસકાર તારાનાથના વૃત્તાંતમાંથી આ ઉલ્લેખોને સમર્થન મળે છે. સાગર તાલના શિલાલેખ પ્રમાણે નાગભટે આન્ધ્ર, સૈન્દવ, વિદર્ભ, કલિઙ્ગ અને વઙ્ગના રાજાઓને હરાવ્યા, ચક્રાયુધને પરાજિત કર્યો, અને આનર્ત, માલવ, કિરાત, તુરુષ્ક, વત્સ અને મત્સ્ય દેશના પહાડી કિલ્લાઓ સર કર્યા. ચક્રાયુધને પરાજય પમાડી નાગભટે પંચાલનું રાજ્ય ભિલમાલના રાજ્યમાં ભેળવી દીધું અને ગુર્જર રાજધાની કનોજમાં કીધી.

ગોડપતિ ધર્મપાલના શાસન પરથી પ્રતીત થાય છે કે પોતાના અમલના ૩૨ મા વર્ષ પૂર્વે ધર્મપાલે કનોજેશ્વર ઇન્દ્રાયુધને હરાવી પદભ્રષ્ટ કર્યો હતો, અને ખાલી પડેલી ગાદી પર ચક્રાયુધને—ઘણું કરીને ઇન્દ્રાયુધના નાના ભાઇને બેસાડયો હતો. આસપાસનાં રાજ્યો—ભોજ, મત્સ્ય, મદ્ર, કુરુ, યદુ, યવન, અવન્તિ, ગંધાર, અને કીરનાં રાજ્યો પાસે ધર્મપાલે ચક્રાયુધનો રાજ્યાભિષેક કબૂલ રખાવ્યો હતો. આ સર્વે રાજ્યો નકશામાં ગોઠવી શકાય એમ નથી પણ યાદી પરથી ઉત્તર અને વાયવ્ય ભરતખંડમાં ઈ. સ. ના નવમા સૈકાના આરંભમાં જે રાજ્યો હશે તેમની નામાવલી જણાય છે.

ધર્મપાલ જેવા વિક્રમશાલી મહારાજાના બળથી અને નવ રાજાની સંમતિથી જેનો રાજ્યાભિષેક થએલો એવા ચક્રાયુધને રાજ્યભ્રષ્ટ કરવામાં નાગભટે જબરી બહાદુરી બતાવી છે. ધર્મપાલ અને એના મળતીઆ રાજાઓ સાથે આથી એણે દુશ્મનાવટ ઉભી કરી હતી.

આવા વિકટ પરાક્રમથી ઉત્તર **ભારતવર્ષ**માં ગુર્જરેશ્વરને ચક્રવર્તિત્વ પ્રાપ્ત થયું હશે. **ધર્મપાલ**નું ચક્રવર્તિપદ હીનત્ત્વ પામ્યું હશે.

આ મહત્ત્વના પરિવર્તનની સાલ ઈ. સ. ૮૦૦ ની પછી હશે, ઈ. સ. ૮૧૦ ની આસપાસ કદાચ હશે. **નાગભટ**ના આઠ વંશજોએ **કનોજ** અથવા **મહોદય**માં રાજધાની કરી હતી એટલે **નાગભટે ભિલમાળ**માંથી ગાદી ત્યાં ફેરવી હોવી જોઇએ.

**ગોદાવરી** અને **કૃષ્ણા**ના અંતરાળના પ્રદેશ **આંધ્ર, સૈન્દવ** અથવા **સિંધ, વિદર્ભ** અથવા **વરાડ** અને **કલિંગ** અથવા **ઉડીયા**ના રાજાઓને હરાવ્યાની વાત ખરી છે કે ફોકીયત છે તે જાણવાનાં સાધન નથી. દૂરસ્થ **કનોજ**નું રાજ્ય વશ કરવા જે સમર્થ હતો તેણે **આનર્ત** ( ઉત્તર કાઠીઆવાડ ), **માળવા**, અને **મત્સ્ય** ( પૂર્વ **રાજસ્થાન** ) ના પહાડી કિલ્લાઓ સર કર્યા જ હશે. **સિંધ**માં અને **ગુજરાત** (કાઠીયાવાડ) ના કેટલાક ભાગમાં વસતા **આરબો** તે **તુરુષ્ક** હશે. **કિરાત** હિમાલયની તળેટીમાં વસતી પહાડી જાત હશે. **વત્સ**નું સ્થાન નિર્ણીત કરવું મુશ્કેલ છે. **રેવા**ના રાજ્યમાં અથવા નજીક **કૌશામ્બી**નું રાજ્ય તેજ વત્સદેશ કદાચ હશે.

**રાષ્ટ્રકૂટ ગોવિંદ** ૩ જાએ ( ૭૮૪–૮૧૫ ઈ. સ. ) **નાગભટ**ને પરાભવ પમાડયો એવું એના એક લેખમાં છે. પરાજય વસ્તુતઃ થયો હશે તોપણ તેની સ્હેજ પણ અસર **ગુર્જર** સામ્રાજ્ય પર થઈ ન્હોતી કારણ કે દિનપ્રતિદિન તેનો ઉદય થતો ગયો હતો.

**૬. રામ, રામભદ્ર અથવા રામદેવ** આસરે ઈ. સ. ૮૨૫–૪૦.

સૂર્યોપાસક હતો. એકલેખ પરથી જણાય છે કે **ગ્વાલીઅર** એના રાજ્યમાં સમાયલું હતું.

**૭. મિહિર અથવા ભોજ ૧ લો** આસરે ઈ. સ. ૮૪૦–૯૦.

એ **રામભદ્ર** અને **અપ્પા** દેવીનો પુત્ર હતો.

એના સમકાલીનોમાં મુખ્ય **રાષ્ટ્રકૂટ** વંશના **અમોઘવર્ષ** ૧ લો અને **કૃષ્ણરાજ ૨** જો, **ચેદિ**નો **કોક્કલ્લ** ૧ લો, **જેજાકભુક્તિ**ના **ચાંદેલ** વંશના **રાહિલ** અને **હર્ષ** હતા. **કૃષ્ણરાજ કોક્કલ**નો જમાઈ હતો અને **કોક્કલ**ની રાણી **નદ્દ ચાંદેલ** રાજપુત્રી હતી. આ સર્વે રાજાઓ વચ્ચે અનુરાગ સારો હતો.

એનું ખરૂં નામ **મિહિર** હતું. **ભોજ, આદિવરાહ, પ્રભાસ** વગેરે એનાં બિરુદ હતાં.

વંશાવળીઓમાં એને **ભગવતી** દેવીનો ઉપાસક વર્ણવ્યો છે. એનાં નામ અને બિરુદોથી એની ધર્મભાવના ઉદાર લાગે છે.

શિલા અને તામ્રના લેખો પરથી **મિહિર**ના રાજ્યમાં **જોધપુર**નું **દૌલતપુરા, ઝાંસી** પ્રાંતના **લલિતપુર** તાલુકાનું **દેવગઢ, ગ્વાલીઅર, પંજાબ**ના **કર્નાલ** પ્રાંતનું **પેહેવા** અને રાજધાની **કનોજ** જેવાં દૂર દૂર વીખરાએલાં સ્થળો સમાએલાં હતાં એવું જણાય છે. એના વંશજોને આધીન **સૌરાષ્ટ્ર** અને **અયોધ્યા** હતાં તે કદાચ એને પણ વશ હોય. એના રાજ્યવિસ્તારની મર્યાદા આંકીએ તો ઉત્તરે **હિમાલય**નો ચરણ પ્રવેશ; વાયવ્યમાં **સતલજ** નદી, પશ્ચિમમાં **સિંધ, મિહાન**, અને **હિંદી મહાસાગર**ની સીમા બાંધતી **હકા** નદી—જે હાલ

રણમાં સમાઈ ગઈ છે; દક્ષિણે જેજાકભુક્તિની સીમા બાંધતી જમના નદી; નૈઋત્યમાં નર્મદાનો સમુદ્રગામી પ્રવાહ; અને પૂર્વમાં મગધના પાલ રાજ્યની સીમા. દક્ષિણમાં ચેદિ અને જેજાકભુક્તિના પ્રતિસ્પર્ધી રાજ્યો કદાચ ભોજના માંડલિક જેવાં હશે. ભોજના પૌત્ર મહીપાલના જમાનાથી ચાંદેલ રાજ્ય તદ્દન સ્વતંત્ર થએલું. પોતાની કારકીર્દીના પાછલા ગાળામાં પંજાબમાં પોતાની આણ ફેલાવતાં ભોજને કાશ્મીર પતિ શંકરવર્માએ અટકાવ્યો હતો. ઇ. સ. ૮૮૩ થી ૯૦૨ લગી શંકરવર્મા ગાદીનશીન હતો. ( રાજતરંગિણી, ૫, ૧૫૧. )

ઈ. સ. ૮૫૧ માં આરબ મુસાફર સુલેમાને પોતાના પ્રવાસવૃત્તમાં નોંધ્યું છે કે સિંધના આરબો ભોજના રાજ્યની પશ્ચિમ સીમા પર નિરંતર આક્રમણ કરતા હતા એટલે ભોજને અને આરબોને દુશ્મનાવટ હતી. ગુર્જર રાજ્યનું હરીફ દાક્ષિણાત્ય રાષ્ટ્રકૂટ રાજ્ય મુસલમાન પરદેશીઓની દોસ્તી સાંધી પડોસી નાનાં રાજ્યોને હંફાવવા તેમની કુમક મેળવતું હતું. ગુર્જર ( જેને આરબ પ્રવાસી જુજ કહે છે ) રાજાનું સૈન્ય પ્રબળ હતું. એના જેવું અશ્વસૈન્ય કોઇનું ન્હોતું અને સાંઢણી સ્વારનું લશ્કર પણ મ્હોટું હતું. ગુર્જરેશ્વર ઘણો શ્રીમંત હતો અને એના રાજ્ય સિવાય હિન્દુસ્તાનમાં એવો કોઈ પણ પ્રદેશ ન્હોતો જ્યાં ચોરી ન થતી હોય. ભોજના રાજ્યની આંતર વ્યવસ્થાનો ખ્યાલ આપવા આરબ પ્રવાશીની આ સંક્ષિપ્ત શબ્દાવલી સિવાય બીજા આધાર પ્રાપ્ત થયા નથી પણ એટલા પરથી સ્પષ્ટ થાય છે કે ભોજ મ્હોટો અને જબરો રાજા હતો. પોતાના રાજ્યમાં સુલેહ જાળવી શકતો હતો અને પરદેશી શત્રુઓની સામે ટક્કર ઝીલી શકતો હતો.

ઉત્તર હિન્દુસ્તાનમાં સ્થળે સ્થળે હલકા રૂપાના સિક્કાઓ મળે છે તેમની એક બાજુએ મ્હોટા અક્ષરે આદિવરાહ લખેલું હોય છે અને બીજી બાજુએ વરાહ અવતાર અને સૂર્યનું ચક્ર હોય છે. આ સિક્કા ભોજના છે. એના વંશજોએ પણ એવાજ સિક્કા પાડ્યા કર્યા હશે. ગ્રીક અને સાશાની દ્રમ્મ પરથી આ સિક્કાઓ એમના પરનાં ચિન્હ અને આકારથી ઉતરી આવેલા લાગે છે.

**૮. મહેન્દ્રપાલ** આસરે ઈ. સ. ૮૯૦–૯૦૮.

ઈ. સ. ૮૯૦ ના અરસામાં મિહિર ભોજની ગાદીએ એનો પુત્ર મહેન્દ્રપાલ આવ્યો. એની માતાનું નામ ચન્દ્ર ભટ્ટારિકા દેવી હતું. મહીન્દ્રપાલ, મહેન્દ્રાયુધ, નિર્ભયરાજ તેમજ સંસ્કૃત અભિધાનોનાં રાજશેખરનાં નાટકોમાં વપરાએલાં પ્રાકૃત સ્વરૂપો એનાં નામનાં થએલાં છે. રાજશેખર મહેન્દ્રપાલનો ગુરુ હતો. પોતાના પ્રસિદ્ધ ચારે નાટકોમાં આ સંબંધનો સગર્વ ઉલ્લેખ એણે કર્યો છે. પિતાની પેઠે મહેન્દ્રપાલ પણ દેવી ભગવતીનો ભક્ત હતો.

શિલા અને તામ્રલેખો પરથી મહેન્દ્રપાલના રાજ્યમાં સૌરાષ્ટ્ર, અયોધ્યા, ગ્વાલીઅર પંજાબના કર્નાલ પ્રાંતનો સમાવેશ થયાનું જણાય છે. પિતા પાસેથી વારસામાં મેળવેલું વિસ્તૃત રાજ્ય લગીર પણ ખંડિત થયું હોય એવું માનવાને જરા પણ અવકાશ નથી.

ઉનાના તામ્ર લેખોમાં કનોજેશ્વરોનાં માંડલિક સૌરાષ્ટ્રના કેટલાક ચૌલુક્યોનાં નામ આવે છે. એમનો વંશાનુક્રમ નીચે પ્રમાણે છેઃ—

[ વાહુક ] ધવલ
|
અવનિવર્મા ૧ લો
|
બલવર્મા
|
અવનિવર્મા ૨ જો, યોગ.

**બલ**વર્મા અને **અ**વનિવર્મા ૨ જો–બન્ને **મ**હેન્દ્રપાલના માંડલિક હતા. **બલ**-વર્માના તામ્રશાસનમાં ૫૭૪ **વલ**ભી સંવત્ લખેલું છે. આ સંવત્નો આ સૌથી પ્રાચીન પ્રસિદ્ધ ઉલ્લેખ છે. **જ**જ્જપ નામના **હૂ**ણ રાજાને **બ**લવર્માએ હરાવી મારી નાંખ્યો હતો. તે કાળના **હૂ**ણ રાજાઓમાંથી આ એક જ હૂણ રાજાનું નામ કાળનાં સ્રોતમાં વિલીન થતું અટક્યું છે. આ **હૂ**ણ વિગ્રહ **રા**જસ્થાનમાં થયો હશે, **બ**લવર્માના પિતામહે **ક**ર્ણાટ અથવા **રા**ષ્ટ્રકૂટ સૈન્યને રણક્ષેત્રમાં પરાજય પમાડયું હતું, તેમ જ ગૌડાધિપતિ **ધ**ર્મ અથવા **ધ**ર્મપાલ સ્હામે પણ વિજય મેળવ્યો હતો. **બ**લવર્માનો પિતામહ **વા**હુકધવલ **ભો**જનો સામંત હશે અને પૂર્વમાં થએલા વિગ્રહમાં લડયો હશે. આ વિગ્રહની નોંધ **સૌ**રાષ્ટ્રના આ **ચૌલુ**-ક્યોનો તામ્રશાસન સિવાય બીજે નથી. **અ**વનિવર્મા ૨ જાની સ્હામે થનાર **ધ**રણીવરાહ **મ**હીપાલના વખતના ઈ. સ. ૯૧૪ના લેખમાં જેનું નામ ફરીથી લેવાયું છે તે **ચા**પ રાજા હશે.

દિઘ્વા દુબૌલીના તામ્ર શાસનથી **સ્રા**વસ્તી ભુક્તિમાં **સ્રા**વસ્તી મંડલમાં **વા**લવિકા વિષયમાં આવેલા એક ગામનું દાન કનોજમાંથી કરવામાં આવ્યું હતું. **સ્રા**વસ્તીનું વિખ્યાત નગર **ને**પાળમાં આવેલું છે એટલે **અ**યોધ્યાની ઉત્તરના પ્રદેશમાં પણ **મ**હેન્દ્રપાલની આણ પ્રવર્તતી હશે.

સીયડોણીના **શિ**લાલેખથી **ગ્વા**લીઅર **મ**હેન્દ્રપાલની સત્તા નીચે હોવાનું જણાય છે. એના પૂર્વગ **ભો**જ અને અનુગ **મ**હીપાલ અને **દે**વપાલની આણ પણ એજ પ્રદેશપર ફરતી હતી.

**પે**હવાના લેખથી **પં**જાબનું કર્નાલ પણ એને એના પિતાની માફક વશ હોવાનું જ-ણાય છે. આ લેખમાં **તો**મર વંશની પ્રશસ્તિ છે. આ વંશના ત્રણ પુરુષોએ **વિ**ષ્ણુનું મંદિર બાંધ્યું હતું. એમના પૂર્વ જ **જા**ઉલનું નામ **કુ**ર શિલાલેખમાં **તો**રમાણ **શા**હિને અપાયલા અભિધાન **જા**ઉવ્લને મળતું આવે છે. **તો**મરો ઘણું કરીને **ગુ**ર્જરોની શાખા હતા અને **ગુ**ર્જરોને **હૂ**ણો સાથે નિકટ સંબંધ હતો એટલે **તો**મર વંશમાં સ્હેજ ફેરફાર સાથે **હૂ**ણ નામ જળવાઈ રહ્યું હોય એમાં નવાઈ નથી.

**૯. ભોજ ૨ જો** આસરે ઈ. સ. ૯૦૮–૧૦

એની માતા **દે**વનાગા **દે**વી હતી. પરમ વૈષ્ણવ હતો. એની પાછળ વારસ અથવા સમર્થ વારસ ન હોવાથી એની સાવકી માનો પુત્ર **મ**હીપાલ ગાદી પર ચડી બેઠો.

**૧૦. મહીપાલ** આસરે ઈ. સ. ૯૧૦–૪૦.

એની માતા મહીદેવી દેવી હતી. સૂર્યોપાસક હતો. એનાં બીજાં નામો ક્ષિતિપાલ, હેરંબપાલ, વિનાયકપાલ, હર્ષ વગેરે હતાં.

રાષ્ટ્રકૂટ ગોવિન્દ ૪ થાના ખંભાતમાં પ્રાપ્ત થએલાં તામ્રશાસનો પરથી જણાય છે કે મહીપાલની કારકીર્દીની શરૂઆતમાં ગોવિન્દના પિતા ઇન્દ્ર ૩ જાએ કનોજ સર કર્યું હતું. કાનડી કવિ પમ્પ લખે છે કે નરસિંહે ગુર્જર નૃપતિ મહીપાલને હરાવ્યો અને ત્રિવેણી સંગમ આગળ ગંગામાં પોતાના ઘોડાને સ્નાન કરાવ્યું એટલે નરસિંહ ઠેઠ પ્રયાગ લગી ગયો હતો. કવિના આશ્રયદાતા અરિકેસરી કર્ણાટનો નરસિંહ પિતા થાય. તે ચૌલુક્ય માંડલિક હતો અને રાષ્ટ્રકૂટની આણ સ્વીકારતો હશે.

ઇન્દ્ર ૩ જાએ કનોજમાં રાષ્ટ્રકૂટોનો ધ્વજ નિરન્તર ફરકાવવા કે પંચાલ રાજ્યમાં પોતાની આણ વર્તાવા પ્રયત્ન કર્યો હોય એમ લાગતું નથી; કારણ કે આ પરાજય પછી એક શતક લગી ગુર્જરોનું રાજ્ય કનોજમાં રહ્યું હતું. પણ થોડા કાળ માટેય રાજધાની શત્રુને હાથ જાય તેથી મહીપાલની સત્તાને સખ્ત આઘાત થએલો અને આ પ્રસંગથી એના વંશનો હ્રાસ અને નાશ આરંભાએલા—આમ છતાંય ભારતવર્ષમાં તે મહાન સમ્રાટ્ લેખાતો હતો. નાટ્યકાર રાજશેખર, વિના સંકોચે એને આર્યાવર્ત ( ઉત્તર ભારતવર્ષ ) નો અધિપતિ કહે છે. મહીપાલની સમક્ષ કનોજમાં રાજશેખરનું છેલ્લું નાટક બાલભારત અથવા પ્રચણ્ડ પાંડવ ભજવાયું હતું. રાજશેખરનાં બીજાં ત્રણ નાટક કર્પૂરમંજરી, વિદ્ધશાલભંજિકા અને પ્રિયદર્શિકા પ્રગટ થએલાં છે.

સૌરાષ્ટ્ર પર મહેન્દ્રપાલની આણ વર્તતી રહેલી કારણ કે ઈ. સ. ૯૧૪ ના ડિસેમ્બરમાં એના માંડલિક ધરણીવરાહ ચાપે વઢવાણમાં એક ગામનું દાન કર્યું હતું. ભિન્નમાળ અને કનોજના ગુર્જર રાજ્યને તાબે સૌરાષ્ટ્ર ઠેઠ વિજયપાલ ગુર્જરના કાળ લગી ઈ. સ. ૯૬૧ લગી રહ્યું હશે. અણહિલવાડના ખંડીઆ ચાપ ( ચાવડા ) વંશને મુળરાજ ચૌલુક્યે નિર્મૂળ કર્યો અને સૌરાષ્ટ્રમાં તે ફરી વળ્યો ત્યાં લગી એ તાબેદારી રહેલી. કદાચ ઇ. સ. ૯૬૧ પૂર્વે પણ સૌરાષ્ટ્ર સ્વતંત્ર થઈ ગયું હોય. મુળરાજે સ્થાપેલો ચૌલુક્ય વંશ કનોજથી તદ્દન સ્વતંત્ર હતો. ઇંદ્ર ૩ જાએ મહીપાલની રાજધાની સર કરી ત્યારે પોતાના રાજ્યનો પશ્ચિમ ભાગ મહીપાલ ખોઈ પણ બેઠો હોય. રાષ્ટ્રકૂટ કૃષ્ણ ૩ જો ( ૯૪૦–૫૬ ઈ. સ. ) ઉત્તરના ગુર્જરોને પરાસ્ત કર્યાનો દાવો કરે છે.

પૂર્વમાં કાશી લગી મહીપાલની સત્તા ફરતી હતી. વિજયપાલના ગુર્જર પ્રતિહાર માંડલિકનું રાજ્ય અલવરમાં હોવાનું એક શિલાલેખ પરથી જણાય છે; એટલે મહીપાલને પણ તે આધીન હશેજ. પણ એથી આગળ પશ્ચિમમાં એની સત્તા હોવાનું સંશયગ્રસ્ત છે. ઇ. સ. ૯૧૫ માં અલ–મસૂરી નામનો મુસાફર હિંદુસ્તાનમાં આવેલો અને ઇ. સ. ૯૫૦ માં તેણે પોતાનો પ્રવાસવૃત્તાંત લખેલો. તેમાં તે લખે છે કે જુજના રાજા પાસે ઘણા ઘોડા અને ઊંટ છે; બાબલ ( બાબીલોન ) ના રાજા સિવાય પૃથ્વીના બીજા રાજાઓની સમાન પોતાને તે લેખતો હતો.

ખજુરાહોના એક ખંડિત લેખમાં જણાવ્યું છે કે ક્ષિતિપાલને ( =મહીપાલને ) એક

**ચાંદેલ** રાજાએ ગાદી પર બેસાડયો હતો. ઈ. સ. ૯૧૬ ના અરસામાં ઈન્દ્ર ૩ જા એ **કનોજ** લીધા પછી પોતાની ગાદી પાછી મેળવવામાં **મહી**પાલને **ચાંદેલ** રાજા મદદ કરી હશે. **ડૉ. હુર્નલ ચાંદેલ** રાજાનું નામ **યશો**વર્મા આપે છે. **કીલ્હોર્ન** અને મિ. **સ્મિથ** એના પિતા **હ**ર્ષદેવનું નામ આપે છે; કારણ કે **ખજુરાહો**ના એક બીજા લેખ પ્રમાણે **મહી**પાલ (**હે**રંબ-પાલ) ના પુત્ર દેવપાલનો યશોવર્મા સમકાલીન હતો.

**૧૧. દેવપાલ** આસરે ઈ. સ. ૯૪૦–૫૫.

કૈલાસ પર્વત પાસેથી **ભોટ** ( તિબેટ ? ) ના રાજાને **વૈ**કુંઠ ( =**વિ**ષ્ણુ ) ની મૂર્તિ મળી હતી તે એણે મિત્રતાના સંભારણા દાખલ **કીરરાજ સા**હિને આપી; **સા**હિએ હાથી અને ઘોડાનું સૈન્ય લઈ મૂર્તિ **હે**રંબપાલ ( =**મહી**પાલ ) ના પુત્ર દેવપાલને વેચી. **દેવપાલ** પાસેથી **ચાંદેલ**રાજ **યશો**વર્માએ મેળવી અને મંદિર બાંધી તેની પ્રતિષ્ઠા ઈ. સ. ૯૫૪ માં કરી.

આવી કીમ્મતી અને ઈતિહાસ પ્રસિદ્ધ મૂર્તિ **દેવ**પાલે **યશો**વર્માને આપી દીધી એ બતાવે છે કે ઈ. સ. ૯૫૦ માં **ગુર્જરે**શ્વરની સત્તા તેના પ્રતિસ્પર્ધી **ચાંદેલ** રાજથી મોળી હતી.

**દેવ**પાલને પુત્ર અથવા સમર્થ સંતાન ન હોવાથી એનો ભાઈ, વખતે સાવકો ભાઈ **વિ**જયપાલ ગાદીએ આવ્યો.

**૧૨. વિજયપાલ** આસરે ઈ. સ. ૯૫૫–૯૦.

**મહી**પાલના વખતથી કનોજનું સામ્રાજ્ય ક્ષીણ થવા માંડેલું તેવું ને તેવું **વિ**જયપાલના વખતમાં પણ ચાલુ રહ્યું. ઈ. સ. ૯૬૧ ના અરસામાં **અણ**હિલવાડમાં **મુ**ળરાજ **સો**લંકીએ ગાદી સ્થાપી એટલે **કનોજ**ની સત્તામાંથી **ગુ**જરાત તદ્દન બાતલ થઈ ગયું. **જૈનો**એ દંતકથા નોંધી રાખી છે કે ઈ. સ. ૯૫૩ ના અરસામાં **રાજસ્થાન**માં **ગુર્જરો**ની પ્રાચીન રાજધાની **ભીન**માળમાંથી ૧૮૦૦૦ વતનીઓ પરદેશ ચાલ્યા ગયા; અને ઈ. સ. ૯૯૦ ના અરસામાં **ભીન**માળનો સ્થાનિક માંડલિક **મુ**ળરાજનો આધીન મળતીઓ થયો હતો. **માળવા**નું **પર**-માર રાજ્ય પણ તદ્દન સ્વતંત્ર થઈ ગયું હતું. ઈ. સ. ૯૭૪ અને ૯૯૫ ની વચ્ચે **મુંજ** યાને **વાક્**પતિ બીજા નામવાળા સુવિખ્યાત **નર**પતિની ત્યાં સત્તા ચાલતી હતી. **મિહિરભોજ** એને એના પુત્રને તાબે જે **પાશ્ચાત્ય** પ્રદેશો હતા તે **વિ**જયપાલના વખતમાં સ્વતંત્ર થઈ ગયા હતા.

દરમ્યાનમાં **જે**જાકભુક્તિનું પ્રતિસ્પર્ધી **ચાંદેલ** રાજ્ય બળવાન થતું જતું હતું અને રાજા **ધંગ** ( આસરે ઈ. સ. ૯૫૦–૧૦૦૦ ) ના વખતમાં સત્તાની ટોચે પ્હોંચ્યું. **કનોજ**ના **પ્રતિ**-હારોની જૂના વખતથી **ગ્વાલીઅર** ( **ગોપાદ્રિ** ) પર આણ ફરતી હતી તે **ગ્વાલીઅર** પોતાનું હોવાનું દાવો **ધં**ગે કર્યો હતો. ઈ. સ. ૯૭૭ ની પૂર્વે **વજ્રદામા** નામના **કચ્છવાહ** (**કચ્છપઘાત**) રજપૂતે **ગોપાદ્રિ**નો ગઢ **વિ**જયપાલ કનેથી પડાવી લીધો. ઘણું કરીને **વજ્રદામા ચાંદેલ** રાજા **ધંગ**નો માંડલિક હતો. **કચ્છવાહ**ના હાથમાં **ગ્વાલીઅર** ઈ. સ. ૧૧૨૮ લગી રહ્યું. ત્યાર પછી સ્થાનિક **પરિ**હાર વંશને તાબે ઈ. સ. ૧૨૩૨ લગી રહ્યું. એ સાલમાં **દીલ્હી**ના બાદશાહ **અલ્તમ્સે પરિ**હારોને હરાવ્યા. **મુસલમાનો** પાસે એ કિલ્લો લગભગ સો વર્ષ રહ્યો

પછી એક તોમર રજપૂત તે મેળવી સ્વતંત્ર થયો. વજ્રદામાએ ગઢ લીધા પછી ગ્વાલીઅર પાછું કદી કનોજને આધીન થયું નહી.

ઈ. સ. ૯૯૦ માં અથવા જખતે ૯૯૧ માં પંજાબ (ભથિન્દહ)ના રાજા જયપાલે અમીર સબક્તગીનની સ્હામે થવા દીલ્લી, અજમેર, કાલંજર, અને કનોજના રાજાઓની ભેગી હુકમ મેળવી હતી.

બન્નુ અને ઘઝનીના અંતરાળમાં, ઘણું કરીને કુર્મહની ખીણમાં મ્હોટું યુદ્ધ થયું તેમાં હિન્દુઓ હાર્યા અને મુસલમાનોએ પેશાવર સર કર્યું. મળતીઆ ચાર રાજાઓમાં કાલંજર (જેજાકભુક્તિ)નો રાજા ધંગ ચાંદેલ હતો. બાકીનાં ત્રણ કોણ હતા તે જાણી શકાતું નથી. વિજયપાલ અને એના પુત્ર રાજ્યપાલનાં રાજ્યભોગનાં વર્ષો નિર્ણીત થયા વિના કનોજના રાજાનું નામ ચોક્કસ કરવું બને એમ નથી.

**૧૩. રાજ્યપાલ** આસરે ઈ. સ. ૯૯૦–૧૦૧૯.

ઈ. સ. ૧૦૦૧ ના નવેમ્બરની ૨૭ મી તારિખે અમીર સબુક્તિગીનના પુત્ર સુલતાન મહમુદે જયપાળને સજ્જડ હાર ખવાડી. ઈ. સ. ૧૦૦૨ માં જયપાળ ચિતા ખડકી બળી મુવો. એની ગાદી પર એનો પુત્ર આનંદપાળ બેઠો. સુલતાને મુલ્તાન પર ચડાઈ કરી ત્યારે આનંદપાળે એને હેરાન કરવાથી ઈ. સ. ૧૦૦૮ માં મહમુદ એને જડમૂળ ઉખેડી નાંખવા ઉદ્યુક્ત થયો. પિતાની માફક પુત્રે પણ પડોશી હિન્દુ રાજ્યોની મદદ માંગી. ઉજ્જૈન, ગ્વાલીઅર, કાલંજર, કનોજ, દીલ્હી અને અજમેરના રાજાઓએ નિમંત્રણનો સ્વીકાર કરી અગાઉ કરતાં ઘણું મ્હોટું લશ્કર ભેગું કર્યું. પેશાવરના મેદાન પર ૪૦ દિવસ લગી લડાઈ ચાલી. દરમ્યાનમાં હિન્દુ લશ્કરમાં તાજા લશ્કરની ભરતી થયે જતી હતી અને ખાસ કરીને પંજાબના લડવૈયા ખોખરની ૪૦,૦૦૦ જેટલી સંખ્યા તેમના તરફથી લડવા આવી હતી. બહાદુરીથી ખોખરોએ મુલતાનના બાંધકામ સોંસરા જઈ જોતજોતામાં થોડીક ક્ષણમાં ત્રણ ચાર હજાર મુસલમાનોનો સંહાર કરી નાંખ્યો. વિજયલક્ષ્મી હિન્દુઓને વરવા હાર નાંખવા જતી હતી ત્યાં એક નજીવા બનાવથી પરાક્રમનું પરિણામ નકામું થયું અને લાભને સ્થળે હાનિ થઈ. હિન્દુઓના સેનાધિપતિ આનંદપાળનો હાથી બ્હીવાથી નાઠો અને હિન્દુ સૈન્યમાં ગભરાટ ફેલાવી દીધો. જ્યાં હિન્દુ સૈન્ય વ્યસ્ત થયું કે પાછાં એકત્ર થઈ લડવાની તક આવીજ નહી. પાંચ કે છ હજાર આરબ સ્વારો અને તેમની પેઠે દશ હજાર તુર્ક, અફઘાન અને ખલ્જીઓ હિન્દુઓ પર ધસી આવ્યા અને બે રાત અને બે દિવસ લગી હિન્દુઓની પૂઠ પકડી આઠ હજારનો ઘાણ કહાડી નાંખ્યો. ત્રીસ હાથી ઉપરાંત અસંખ્ય માલ મુસલમાનોને હાથ આવ્યો. ઈ. સ. ૧૦૦૯ માં મહમુદ ગઝની પાછો વળ્યો.

આ સંહાર અને હારમાં કનોજ રાજા રાજ્યપાળ હશે. કાલંજરનો રાજા ધંગનો પુત્ર ગંડ ચાંદેલ હતો. ગ્વાલીઅરનો રાજા કીર્તિરાજ કચ્છવાહ હશે. અજમેરનો રાજા શાકંભરીનો ચોહાણ રાજા હશે. દીલ્લીમાં થોડાંજ વર્ષ થયાં તોમર રાજ્ય સ્થપાયું હતું. એટલે બધાં નામો ચોક્કસ રીતે હાલ જાણી શકાયા નથી.

ઈ. સ. ૧૦૧૮ ની શરદ ઋતુમાં સુલતાન મહમુદ ગઝનીથી નીકળ્યો અને બુલંદ શહેરમાં થઇને ડિસેમ્બરમાં જમનાને કાંઠે મથુરાં પ્હોંચ્યો. શ્રી કૃષ્ણની પવિત્ર નગરી લુંટાઇ અને બાળવામાં આવી. ડિસેમ્બરની આખરે સુલ્તાન કનોજ આગળ પ્હોંચ્યો. ગંગા નદીને કાંઠે સાત કોઠથી રક્ષણ પામતું કનોજ શહેર મજબૂત સ્થિતિમાં હતું. નગરમાં દશ હજાર તો મંદિરો હતાં. રાજ્યપાળમાં વીરત્વ ન હોવાથી રાજધાનીના બચાવ માટે ઉપાય લેવા કરતાં તે સુલ્તાનને શરણે થયો. એક દિવસમાં નગરનો માલિક થવાથી સુલ્તાને પોતાના સિપાહીઓને લૂંટવાની અને પકડાય તેટલા કેદી પકડવાની પરવાનગી આપી. જે નાશી છૂટયા તે બચ્યા. બાકીના નાગરિકો કાં તો ગુલામ થયા કે તરવારને ઝાટકે સ્વધામ પ્હોંચ્યા. મંદિરો લૂંટી જમીનદોસ્ત કરવામાં આવ્યાં. પણ શહેર ઉજ્જડ કરવામાં ન્હોતું આવ્યું. વસંત ઋતુમાં લૂટ અને કેદીઓ લઈ સુલ્તાન પોતાને દેશ પાછો ફર્યો.

રાજ્યપાળે પરાક્રમ બતાવ્યું નહીં, મ્લેચ્છને શરણે થયો, કનોજ છોડી ગંગાને સ્હામે પાર બારીમાં રાજધાની કરી. તે માટે કાલંજરનો ગંડ ચાંદેલ તથા બીજા રાજાઓને એના પર ક્રોધ વ્યાપ્યો. રાજ્યપાલને સિકસ્ત આપવા તેઓ એકસંપ થયા. ગ્વાલીઅરનો કચ્છવાહ રાજા અર્જુન પણ આમાં સામીલ થયો. ગંડના પુત્ર ચાંદેલ યુવરાજ વિદ્યાધરની સરદારી નીચે એકઠા થઈ સૌએ કનોજ જીત્યું અને રાજ્યપાળનો વધ કર્યો. ચોમાસું બેસતાં પહેલા અને સુલ્તાનના ગયા પછી ઉનાળામાં આ બનાવો બન્યા હતા. રાજ્યપાળની દુષિત ગાદી પર એનો પુત્ર ત્રિલોચનપાલ બેઠો.

પોતાના માંડલિક રાજ્યપાળની દુર્દશા થએલી સાંભળતાંજ મહમુદનો ગુસ્સો ગયો. સંપેલા રાજાઓની સત્વર ખબર લેવા નિશ્ચય કર્યો. ઈ. સ. ૧૦૧૯ ના ઓકટોબરમાં પોતાની રાજધાનીમાંથી પાછો નીકળ્યો અને ત્રણ મહિના કૂચ કરી, પરિહારોની નવી રાજધાની બારી જીતી લીધી. કોઈ સ્હામું થયું નહી, શહેર લૂંટવામાં આવ્યું અને મંદિરો જમીનદોસ્ત કરવામાં આવ્યા.

પછી મહમુદ દક્ષિણમાં ચાંદેલ રાજ્ય તરફ ઉતર્યો. સખ્ત ઝપાઝપી થવાની આશા એણે રાખી હતી. પણ રાજ્યપાલના હીચકારાપણા માટે સિકસ્ત આપનાર ગંડમાં ઇસ્લામના ઝનૂની યોદ્ધાઓની સ્હામા થવાની પોતામાં હિમ્મત ન્હોતી.

હિન્દુઓની અગણિત સંખ્યા જોઇ સુલ્તાન ગભરાયો. દુશ્મન પ્રદેશમાં વગર વિચારે એકદમ ધસી જવા માટે તેમજ ભયોત્પાદક સ્થિતિ નીહાળવા એક ટેકરી પર ચડ્યો પણ એની ચિંતા નકામી નીવડી કારણ કે રાત પડી એટલે ગંડ બ્હીધો અને ગભરાયો. સરસામાન વગેરે સર્વ પડતું મૂકી પોતાના ખાસ અનુચરોને લઈ ગંડ ન્હાસી ગયો. હિન્દુઓએ આમ હીચકારાપણાથી જીત ખોઈ. મહમુદે પુષ્કળ લૂંટ મેળવી. ૫૮૦ તો હાથી મળ્યા. જય અને ફતેહના વાગતા ડંકા સાથે તે ગઝની પાછો ફર્યો.

**૧૪. ત્રિલોચનપાલ** ઈ. સ. ૧૦૧૯–? ૧૦૩૦.

દુર્ભાગી રાજ્યપાલનો પુત્ર ત્રિલોચનપાલ હશે. પિતાની માફક એ પણ મહમુદની સ્હામે

જીત મેળવી શક્યો નહીં. આરી મહમુદે લૂંટયું અને મંદિરો તોડી નાંખ્યા.ઈ. સ. ૧૦૨૭ માં ત્રિલોચનપાલ પ્રયાગમાં રહેતો હતો અને ઝુસી (પ્રતિષ્ઠાન) ના બ્રાહ્મણોને ગામનું દાન કર્યું હતું. એનો ક્યારે અવસાન ગયો તે જણાયું નથી. યશઃપાલનું નામ કરાના ખંડિત લેખમાં (ઈ. સ. ૧૦૩૬) નોંધાએલું છે; તે વખતે એની પછી ગાદીનશીન થયો હશે. ત્યાર પછી પરિહાર રાજાઓ થયા હોય તો તેમનાં નામ જાણવામાં નથી આવ્યાં.

ઈ. સ. ૧૦૯૦ના અરસામાં ચંદ્રદેવ ગહરવાર (ગહડવાલ)ના હાથમાં કનોજ ગયું. ઈ. સ. ૧૧૯૩ માં શીહાબૂ-ઉદ્-દીને એ શહેરનો નાશ કર્યો ત્યાં લગી એ એના વંશના તાબામાં રહ્યું. ત્યાર પછી પણ કનોજમાં રાજાઓ હતા.

પુણા.
૨૯-૯-૧૪.

રણજીતરામ વાવાભાઈ.

---

તા. ક. ગુજરાતના ઇતિહાસના અભ્યાસ માટે ગુજરાતનાં પડોસી રાજ્યોનો ઇતિહાસ જાણવો આવશ્યક છે. તેમાં ખાસ કરીને રાજસ્થાન અને માળવાના ઇતિહાસ તો જાણવા જ જોઇએ. વિલાયતની રોયલ એશિયાટિક સોસાયટિની પત્રિકામાં ઇ. સ. ૧૯૦૯ માં મિ. વિન્સેંટ સ્મિથે લખેલા લેખ પરથી આ લેખ લખવામાં આવ્યો છે. અવકાશે, માળવાના પરમાર, નાડોલના ચોહાણ, શાકંભરી ચોહાણ વગેરેના ઇતિહાસ પણ ગુજરાતી ભાષામાં ઉતારવામાં આવશે.

ર. વા.

## ભિન્નમાળ અને કનોજનો ગુર્જર પ્રતિહાર વંશ.

| અંક | રાજા | —નો પુત્ર | રાણી | જણાવેલી ઇસ્વીસાલ | ગાદી નશીન થવાની સાથ | વિશેષ વિવેચન |
|---|---|---|---|---|---|---|
| ૧ | નાગભટ ૧ લો. | અજ્ઞાત | — | — | ૭૨૫ | ભીન્નમાલમાં રાજધાની. |
| ૨ | કકુસ્થ ( કક્કુક. ) | ૧ લાનો ભાઈ | — | — | ૭૪૦ | ,, ,, |
| ૩ | દેવરાજ અથવા દેવશક્તિ. | ,, ,, | ભૂયિકાદેવી | — | ૭૫૫ | ,, ,, |
| ૪ | વત્સરાજ. | ૩ જાનો પુત્ર | સુન્દરીદેવી | ૭૮૩–૪ | ૭૭૦ | ,, ,, |
| ૫ | નાગભટ ૨ જો. | ૪ થા ,, ,, | ઇશિટાદેવી | ૮૧૫ | ૮૦૦ | કનોજ જીત્યું. |
| ૬ | રામભદ્ર વા રામદેવ. | ૫ મા ,, ,, | અપ્પાદેવી | — | ૮૨૫ | કનોજમાં રાજધાની. |
| ૭ | મિહિરના ભોજ ૧. ( પ્રભાસ, આદિવરાહ. ) | ૬ ઠા ,, ,, | ચન્દ્ર ભટ્ટારિકાદેવી | ૮૪૩,૮૬૨,૮૭૫, ૮૭૬,૮૮૨ | ૮૪૦ | ,, ,, |
| ૮ | મહેન્દ્રપાલ ( મહેન્દ્રાયુધ, મહીન્દ્રપાલ, નિર્ભયરાજ, નિર્ભય નરેંદ્ર, ણિભ્ભર, ણિભ્ભય, ભાક. ) | ૭ મા ,, ,, | ૧ દેહનાગાદેવી<br>૨ મહીદેવી દેવી | ૮૯૩,૮૯૮,૮૯૯<br>૯૦૩,૯૦૭ | ૮૯૦<br>૯૦૮ | ,, ,,<br>,, ,, |
| ૯ | ભોજ ૨ જો. | ૮ મા ,, ,, પહેલી રાણીથી | — | ૯૧૪,૯૧૭,૯૩૧ | ૯૧૦ | ,, ,, |
| ૧૦ | મહિપાલ ( ક્ષિતિપાલ, વિનાયકપાલ, હેરંબપાલ, હર્ષ. ) | ૮ મા ,, ,, બીજી રાણીથી | — | ૯૪૮ | ૯૪૦ | ,, ,, |
| ૧૧ | દેવપાલ. | ૧૦ મા ,, ,, | — | | | |
| ૧૨ | વિજયપલ. | ,, ,, ,, | — | ૯૬૦ | ૫૫ | ,, ,, |
| ૧૩ | રાજ્યપાલ. | ૧૨ મા ,, ,, | — | ૧૦૦૯,૧૦૧૯ | ૯૯૦ | ,, ,, ૧૦૧૮ ના |
| ૧૪ | ત્રિલોચનપાલ. | ૧૩ મા ,, ,, | — | ૧૦૧૯,૧૦૨૭ | ૧૦૧૯ | અંત લગી પછી બારીમાં. રાજ્યનાં વર્ષ જણાયાં નથી. વખતે જુવાનપુરમાં રાજધાની. |
| [૧૫ | યશઃપાલ. | અજ્ઞાત | — | ૧૦૩૬ | ૧૦૩૦ | |

# સતી માનુબાઈ.

૧.

ઉષઃકાળ થવાની તૈયારી હતી, પક્ષીઓ ચોતરફ કલરવ કરી રહ્યા હતા, આકાશમાં લાલી છવાઇ રહી હતી અને આસપાસના ડુંગરોના દેખાવ અને તેમાં છવાયેલી લીલોતરી આંખને બહુ પ્રિય લાગતા હતા. આવા વખતે બે ઘોડેસ્વાર હથીઆરબંધ, તેમજ જામ પેકશ પોતાના ઘોડા દોડાવે જતા હતા. એક સ્વારની પછવાડે એક સ્ત્રી બેઠેલી હોય તેમ જણાતું હતું. એમ ત્રણ સ્ત્રી પુરૂષ હતાં છતાં અત્યાર સુધીમાં ત્રણેમાંથી એકના પણ મુખમાંથી બોલવાનો અવાજ સુદ્ધાં બહાર નીકળ્યો ન હતો. તેઓ વિચારમાંજ લીન થયેલા હતા.

પોતાને સ્થાને આવી પહોંચ્યા. ડુંગરાઓની હારમાં આવેલી એક વિકટ ગુફાની મધ્યમાં આવી તે સ્ત્રીને ઉતારી કહ્યું કે બેન, આ ગુફામાં જાઓ. ત્યાં અન્ન પાણી વિગેરે સામગ્રી તૈયાર છે માટે ત્યાં રહો, સાંયકાળે તમારા પતિ આવશે. આમ કહી ગુફા સુધી એક જણ તેને મુકી આવ્યો. અહીં સ્ત્રી એકલી હતી. તેનો ચહેરો આજે આનંદી દેખાતો હતો પણ તેનું અંતઃકરણ ધડકતું હતું તેથી તેના મનમાં કંઇક અશુભ થશે એવી ચિંતા થતી હતી.

સાંજ પડી, રાત્રિ પોતાનું જોર ફેલાવવા લાગી. ડુંગરાપરના એક ભાગમાં લગભગ દોઢસો માણસો કસુંબા પીતા હતા. તેમાંના એકે કહ્યું કે નાયકરાવ, પેલી ગુફામાં જાઓ, ત્યાં અમારી બેન રાહ જોતાં બેઠાં છે.

હેં! શું કહો છો? તમારી બેન અત્રે કયાંથી? શું કાલે તમે ત્યાંજ તેડવા ગયા હતા કે? હા, જી, હા! હમેશાં આવાં મોટાં યુદ્ધોના ઘણા પ્રસંગ આપણને પ્રાપ્ત થાય છે તેથી કદાચ ન કરે નારાયણને આપનું મૃત્યુ થાય તો પાછળ નિર્વંશ ન થાઓ તેટલા માટે અમારી બેનને તેડી લાવવાનું સાહસ કર્યું છે. તે માટે અયોગ્ય થયું હોય તો ક્ષમા કરશો. જાઓ ત્યાં તમામ વ્યવસ્થા બરાબર કરેલી છે.

આ સાંભળતાં બહારથી ખુશી દેખાડતો બાવાવાળો ઉઠયો અને બબડતો બબડતો ગુફા ભણી ચાલ્યો. પણ શું, વિયોગીઓના સંયોગથી જેમ બંને પ્રેમીઓને સુખ થાયછે તેવું સુખ તેના અંતઃકરણમાં થયું હતું? ના, ના, નહિજ. તેનું કારણ? એજ કે માનુબાઇનાં ધડકતા અંતઃકરણમાંથી બહાર પડેલા અપશુકનની આ નિશાની હતી!!

૨.

કાઠિયાવાડમાં ઝીંઝુડા નામનું ગામડું છે. તેની આસપાસ ડુંગરાઓ છે. તે ડુંગરાઓ જો કે બહુ મોટા નથી પરંતુ તે સઘળો પ્રદેશ ડુંગરમાંજ હોવાથી નિર્જન અરણ્યજ કહી શકાય. લગભગ નેવું વર્ષ પૂર્વે ત્યાં બાવાવાળો નામક એક કાઠી જાતનો પ્રખ્યાત પુરૂષ થઇ ગયો છે. તે પુરૂષ અમારા જાણવા મુજબ ચીતળ પાસેના એક ગામડામાં એક

કાઠીની કન્યા માનુબાઇને પરણ્યો હતો. આ કન્યા બહુજ રૂપાળી હોવાથી તેમજ સદ્ગુણી હોવાથી બધા માનની નજરે જોતા હતા. જ્યાં બાવાવાળો પરણ્યો હતો ત્યાં તે ગામમાં–બાવાવાળાને બધા સાથે તેના સાસરીયા પક્ષ સિવાયના–માણસો સાથે વેર હતું. તેથી તેનાથી ત્યાં પ્રકટ રીતે આવી શકાતું નહિ.

બાવાવાળો પોતાના જન્મથીજ લૂટફાટનો ધંધો આદરી બેઠો હતો. તેથી હમેશાં કોઇની સાથે લડીને લોહીવાળાં લૂગડાં કરવાજ પડતાં. તે પરણ્યો અને તેની સ્ત્રીને આણુ વાળવા તેડી ગયા, ત્યાર પછી તેના સાથીઓમાંના બે ચાર ડાહ્યા પુરૂષોએ વિચાર કર્યો કે આપણા નાયકનું મૃત્યુ કયે વખતે થશે તેનો ભરોંસો નથી. માટે તેની સ્ત્રીને તેડી લાવવી જોઇએ. માસ દોઢ માસ રાખી પાછી ત્યાંજ મુકી આવશું. કારણ અત્રે સ્ત્રી રાખવી સલામતી ભરેલું નથી. વળી તેટલા વખતમાં પુત્રરત્નની પ્રાપ્તિ થાય તો આપણાં ભાગ્ય સફળ થયાં માનવાં અને નામ પણ અમર રહી જાય. આવા ઉદ્દેશથી બે જણા ગુપચુપ રાતોરાત ગયા અને તેના ભાઇને–બાવાવાળાના સામાને–કહ્યું કે આવી રીતની અમારી ઇચ્છા હોવાથી રાતોરાત આણુ વાળવા આવ્યાં છીએ. ત્યારે તુરતજ હા પાડવાથી તેઓ તેને તેડી લાવ્યા અને પછી બાવાવાળાને જે કહ્યું તે આપણે જાણીએ છીએ.

૩.

ફટ! ચંડાલણી!! તને ધિક્કાર છે! આવા શબ્દો ઉચ્ચારતો બાવાવાળો ગુફાની અંદર દાખલ થયો. તે વિરહીણી સુશિલા સ્ત્રી આવા શબ્દોના ઉચ્ચારથી જેમ આકાશમાંથી વિજળી પડે, અગર જેમ ધરતીકંપ થવાથી મનુષ્યોનાં હૃદયમાં ભીતિ ઉત્પન્ન થઈ છાતીને હચમચાવી નાખે તેવોજ આઘાત તેનાપર થયો. પોતાને થનાર હર્ષની રાહ જોતી હતી, તેને બદલે આમ એકાએક દુઃખિત વાક્યો સાંભળી, તેને થયેલા દુઃખની કલ્પના જ કરવી બસ થશે. પોતે કાંઈ મોટો ગુન્હો કર્યો છે કે મારા પતિ મને આમ ધિક્કારે છે, એવો પ્રશ્ન પોતાના મનમાં વિચાર કરતી ઉભી રહી. પછી થોડી વારે હૃદયને ભારથી દાબી રાખી પૂછ્યું કે કેમ! પ્રાણનાથ? આવો ગુસ્સો કરવાની દાસીપર શાથી જરૂર ઉભી થઇ છે?

ચંડાલણી! તને આટલી પણ શરમ ન આવી કે પરપુરૂષના અંગ સાથે પોતાનું અંગ અડાડીને ઘોડે બેસી આટલે સુધી આવી? બાવાવાળો બોલ્યો.

મને તેડવા આવનારાઓએ સગી બહેન કરતાં વિશેષ રીતે રાખી છે અને બહેન કહીનેજ તે મુજબજ મારી સાથે વર્ત્યા છે. તેમાં તમને આટલો ગુસ્સો ઉપજ્યો? માનુબાઇએ કંપતાં કંપતાં ઉત્તર આપ્યો.

તે તો હું સારી પેઠે જાણું છું કે તેવું કદાપિ બનેજ નહિ. તેઓ તને બેન કહે છે અને સગા ભાઇ કરતાં પણ વિશેષ ખુબીથી વર્ત્યા હોય તેવી મારી ખાત્રી છે પણ આ તારૂં શરીર તેના અંગને અડયું તેથી મને તું કશા કામની નથી. એક પત્ની પ્રમાણે તું મારા પાસે રહેવા લાયક નથી. માટે તું તારે પિયર ચાલ, હું તને પાછી મુકવા આવું. આ પ્રમાણે બોલી બાવાવાળો તુરતજ પોતાની ઘોડીપર વિના સામનેજ સ્વાર થઇ તેનો હાથ ખેંચી પોતાની પછવાડે બેસારી દીધી અને તેના પિયર ભણી રાતોરાત આવ્યા.

એ કલાકમાં તો તેને ઘેર (સાસરે) આવી પહોંચ્યો અને બારણાં ઉઘડાવ્યાં. પછી ઘરમાં જઇને તેણે માનુબાઇને તેના ભાઇના હાથમાં આપી કહ્યું કે લ્યો, તમારી બેનને મારાથી પત્ની તરીકે સ્વીકારી શકાય તેમ નથી.

આનું કારણ ?

કારણ કાંઇ નહિ, પણ મારૂં વચન કદિ ફરનાર નથી.

આમ કહી પાછો જવા તૈયાર થયો ત્યારે અંદરથી એક છોડીએ આવી અને કહ્યું કે ભાઇ બનેવીને થોડીવાર રોકજે.

બાવાવાળો કાંઇ અણુસમજુ અગર ઉછાંછળો નહોતો કે ઝટ ચાલ્યો જાય. તે શોકાતુર બેઠો.

થોડીવારે દાસી આવી અને તેણે કહ્યું કે બાવાવાળાને બોલાવે છે. તે તુરતજ ઉઠયો; ઘરમાં પલંગ પાસે સતી માનુબાઇ શોકાતુર ચ્હેરે ઉભી હતી ત્યાં જઈ તે બોલ્યો કે તને હવે રામ રામ છે. જીવતાં તો નહિ પણ મુઆ પછી સ્વર્ગમાં તને આવી મળીશ.

પણ નાથ! આપ વિના અપરાધે મને શા માટે તજો છો ! તમારા મનમાં મારા સતિત્વ માટે ભય રહે છે, અગર શંકા રહે છે ? માનુબાઇ દુસકા ખાતાં ખાતાં બોલી.

ના, તે માટે મારા મનમાં લેશ માત્ર પણ શંકા નથી તેમ આવશે પણ નહિ. પરંતુ પર પુરૂષને તારૂં શરીર અડયું એજ તારો ગુન્હો છે. આને માટે મારા મત મુજબ તું પવિત્ર નથીજ. માટે સર્વ આશા ફોગટ છે? બાવાવાળો દ્રઢતાથી બોલ્યો.

પછી માનુબાઇએ સીતા, દ્રૌપદી, વિગેરેના દાખલા આપ્યા પણ તેમાં તે ટકી મન ચલિત થયુંજ નહિ અને કહ્યું કે સીતાએ તો પોતાની પરીક્ષા અગ્નિમાંથી જીવતાં નીકળી બતાવી આપી હતી. પણ તારે માટે શું તેવું છે ?

હા, જો તમારે મને તજી દેવાજ વિચાર હોય તો મારે જીવતા રહી શું કરવું છે ? મારૂં હવે પછી કોણ છે ? પિયરમાં પણ સુખથી રહેવાશે નહિ ? મેણાં ટોણાં મારાથી સંભળાય શી રીતે. આ કરતા તો મૃત્યુ જ આણવું સારૂં છે. માટે જો મને કબુલ ન રાખતા હો તો મને માર્યા પછીજ પગલું ભરજો.

ત્યારે મરવા માટે તૈયાર થઇ જા ! બાવાવાળાને કોઇ પણ પ્રકારે દયા નથીજ આવવાની, તેમ કહી તેણે તલવાર બહાર કહાડી.

માનુબાઇએ વિચાર કરી કહ્યું કે ઠીક છે, જ્યારે તમે મને તજી દેવા તૈયાર થયા છો અને છેવટે મારી નાખવા તૈયાર થયા છો તો હવે મારે વિધાતાને તાબે થવું જ જોઇએ. માટે અહીં મરવા કરતાં મારૂં કહેવું માન્ય રાખી નદી કિનારે ચાલો, ત્યાંજ મરણ પામવું સારૂં છે અને સીતા, દ્રૌપદીનો દાખલો દેખાડવો છે. આમ કહી પોતે કંકુ, અબીલ વિગેરે થાળ લાવવા એક છોડીને હુકમ કર્યો અને સાથે એક બાજઠ લીધો.

પોતે પોતાના ઉત્તમમાં ઉત્તમ કપડાં તેમજ ઘરેણાં સાથે લીધાં અને બાવાવાળાને કહ્યું કે તમારો ઘોડો લઇ મારા ભાઇની રજા લઇને નદી કિનારે આવો. હું પણ ત્યાંજ જાઉં છું. આમ કહી નદી તરફ દાસી સાથે ચાલી.

૪.

ઘોડીનું ચોકડું ઝાલીને વેગળે સાથે આવેલી છોડી ઉભી હતી. તે બિચારી ભયથી કંપતી હતી. કારણ, મધ્યરાત્રી અને તે વળી કૃષ્ણપક્ષની, આસપાસ તમરાંના અવાજો, આવા ભયાનક દેખાવથી તે બિચારી છોડીની હિમ્મત રહી કેમ શકે? તેથી તે બિચારી ભયથી કાંઇ પણ નહિ બોલતાં ઉભી ઉભી શું થાય છે તેજ જોવામાં લીન થઇ ગઇ હતી.

માનુબાઇ નદીમાં સ્નાન કરી સાથે લાવેલા વસ્ત્રાભૂષણ પહેર્યાં. કપાળમાં તિલક કર્યું, અને પૂર્વ તરફ હાથ જોડી બાજઠપર ઉભી, તે વખતનો દેખાવ સાક્ષાત અંબિકા માતા પૃથ્વીપર ઉતર્યા હોયની તેવોજ જણાતો હતો. પછી બોલી કે હે પ્રાણનાથ! હજુ પણ મારાપર રહેમ લાવી ઉગારો અને મારો સંગ કરો. અર્થાત્ પત્ની તરીકે સ્વીકારો.

બસ, બસ, મેં કહ્યું છે કે બાવાવાળો પોતાના નિશ્ચયથી કદિ ફરનાર નથીજ.

પછી ઘણીવાર આજીજી કરી પણ ન માન્યું ત્યારે છેવટે ક્રોધથી કહ્યું કે આને માટે પાછળથી પસ્તાશો, માટે હજી સ્વીકાર કરો. પણ જ્યારે બાવાવાળાના મુખપર ફેરફાર ન જણાયો ત્યારે કહ્યું કે ત્યારે તલવાર કહાડો અને ઘા કરો. પણ એકજ ઘાવડે મારૂં મસ્તક ધડથી છૂટું પડવું જોઇએ. પછી તમે પાંચ મિનિટ ઉભા રહી મારા શરીરને અગ્નિ સંસ્કાર કરાવી ચાલ્યા જજો. આટલું વચન આપો, માનબાઇ બોલી.

કબુલ છે, આમ કહી બાવાવાળાએ તલવાર કહાડી ઘા કરવાની તૈયારી કરી, ત્યારે માનબાઇએ હજુ પણ પોતાના સ્વીકાર માટે આશા બતાવી પૂછ્યું. માનુબાઈ કાંઇ મરણથી ડરતી ન હતી પણ પોતાના મર્યા પછી થનારી પતિની હાલત વિશે તેને દુઃખ લાગતું હતું.

જ્યારે બાવાવાળાનો નિશ્ચય પોતાને મારવાનોજ જાણ્યો કે તુરતજ તેણે ઘા કરવા કહી પોતાના પતિના ધ્યાનમાં આત્માને લગાડી જાણે કોઇ પૂતલી ઉભી હોય તેમ હાથ જોડી ઉભી. બાવાવાળાએ તલવારના એકજ ઘાથી ધડ છૂટું કર્યું. તે ધડ હજુ અડગજ હતું. પાંચ મિનિટ થઇ કે ધડ ધ્રુજવા લાગ્યું, અને બન્ને હાથ ઉંચા થઇ એક બીજા સાથે એટલે બને હાથની હથેલીઓ જેમ તાલી પાડે તેમ તાળીઓ ન પાડતાં ભેગા થઇ ઘસાણાં અને હાથેલીઓમાંથી આપોઆપ અગ્નિ ઉત્પન્ન થયો. માનુબાઇનો આત્મા આ નાશવંત સંસારમાંથી મુક્ત થઇ મોક્ષને પામ્યો.

× × × × × × ×

બાત્રોવાળો તો સ્તબ્ધ થઇ ગયો. છોડી રડતી ઉભી રહી. બાવાવાળો છોડીને છાની રાખી, પોતે સ્નાન કરી પોતાના રહેઠાણ ભણી ચાલ્યો ગયો!

લલ્લુભાઈ નરોત્તમદાસ મહેતા.

---

# ક્ષય સંબંધી.

એવી ગણુત્રી કહડાઈ છે કે આખી દુનિયા ઉપર દર વર્ષે આશરે ૨૦ લાખ માણસો ક્ષય રોગથી મરે છે. એકલા મુંબાઈ ઇલાકામાં આશરે ૬૦ હજાર માણસો આ ભયંકર રોગને ભોગ પડે છે. દર હજાર મરણમાં લગભગ ૧૦૭ મરણ જુદી જુદી જાતના ક્ષયથી થાય છે. દરેક ઘીચ વસ્તીવાળાં મોટાં શહેરોનાં મરણ પ્રમાણ જોઇશું તો આ રોગથી ઘણાં મોત નીપજે છે એમ જણાશે. પ્લેગ વિગેરે રોગો અમુક વખતે ત્રાસ વર્તાવી જતા રહે છે. એ રોગો કરતાં પણ વધારે નુકશાન કરનાર ક્ષય રોગ તરફ આપણો દુર્લક્ષ આપીએ છીએ, અને એ દુર્લક્ષને જ પરિણામે ક્ષય આપણામાં પ્રસરતો અટકી શકતો નથી. સુભાગ્યે પશ્ચિમ તરફના દેશોમાં આ રોગ સંબંધી જાગ્રતી ઉત્પન્ન થઇ છે અને તેને જેમ બને તેમ ફેલાતો શી રીતે અટકાવવો તે તરફ ઘણા વિદ્વાન ડૉકટોરોનું તેમજ ઘણા દેશની સરકારોનું ધ્યાન ખેંચાયું છે. આ રોગ સંબંધી કેવળ અંધારામાં રહ્યાથી એનો વધતો જતો ફેલાવો અટકાવી શકાય તેમ નથી. માટે તે સંબંધી થોડું લખવું અનુચિત ગણાશે નહિં.

માણસોના કટ્ટા દુશ્મન ક્ષય રોગનાં જંતુ સળીઆના આકારનાં એટલાંતો સૂક્ષ્મ હોય છે કે સાતસેં જંતુ સોયની અણી ઉપર એક બીજાની સાથે ઉભાં રહી શકે છે! એક ટપાલની ટીકીટ જેટલી જગ્યામાં સુમારે દશ લાખ આવાં જંતુ સમાઇ શકે છે! આ રોગનાં ક્ષય ઉપરાંત કફ, ક્ષય, જીર્ણજ્વર વિગેરે નામોનો ઉપયોગ વૈદ્યો કરે છે. ગમે તે નામે હો, પણ તે ક્ષય તરફ જો દુર્લક્ષ અપાય તો પરિણામ વિપરીત જ આવે. ક્ષયનાં ચિન્હો દર્દિમાં દેખાયાં એટલે તેના મરણની નોબતો વાગી એવું જે પહેલાં મનાતું તે ડૉ. કૉકના સુપ્રસિદ્ધ પ્રયોગોને પરિણામે ખોટું પડયું છે. હવે ક્ષય થયેલા દર્દિને જીવાડી શકાય છે અને તેનો ચેપ બીજાને લાગતો અટકાવી પણ શકાય છે.

બાળકોની સંભાળ રાખવી એ ક્ષય અટકાવવાનું પહેલું પગથીયું છે. ક્ષયવાળાં મા બાપનાં છોકરાં ક્ષય લઇને જ અવતરતાં નથી. પણ તેમનાં શરીરનું બંધારણ એવું હોય છે અને તેમનામાં જીવન શક્તિ એટલી ઓછી હોય છે કે અનુકૂલ પ્રસંગ આવતાં તેમને આ રોગના પંજામાં સપડાઇ પડતાં વાર લાગતી નથી. અનુભવથી એવું જણાયું છે કે બાલ્યાવસ્થામાં પેસી ગયેલાં ક્ષયનાં જંતુ ઘણાં વર્ષો સુધી સુસ્ત પડી રહે છે, અને મોટી ઉમ્મરે રહેજ પણ પ્રસંગ મળ્યે ઘણા જ જોરથી પોતાનું દુષ્કૃત કરવા મંડી પડે છે. જે બાળકોને ભવિષ્યમાં ક્ષય થશે એમ જણાય તેવાં બાળકોની પ્રથમથી જ ઘણી સંભાળ લેવી. ક્ષય રોગવાળી માએ બાળકને મુદ્દલ ધવરાવવું નહિં. બાળકને ધાવણમાંથી જ આ ભયંકર રોગનાં જંતુનો વારસો મળે છે અને માની નબળી સ્થિતિ ધાવણ જવાથી વધારે નબળી પડે છે. આવાં બાળકોને દુધ પાઇ ઉછેરવાં. નબળાં બાંધાનાં બાળકોને જ્યારે ઓરિ ઉટાંટીયું વિગેરે થાય ત્યારે તેમની ખાસ સંભાળ લેવી જરૂરની છે. એવા રોગ થઇ ગયા પછી બાળકોને ક્ષય થવાનો ઘણો સંભવ છે. આથી તેમને ખુલ્લી હવામાં ફેરવવા અને તેમને ત્યાં થોડી કસરત મળે તેમ કરવું.

બાળકો જ્યારે વધમાં પડે ત્યારે તેમને પોષણ મળે તેવો ખોરાક વધારે આપવો. વધ-

વાનાં પ્રમાણમાં ખોરાક ન મળવાથી બાળક નબળાં પડે છે. તે વખતે તેમને ખુલી હવામાં રહેતાં શીખવવું.

નિશાળોમાં શિક્ષકો બાળકોની તંદુરસ્તી તરફ અને કેટલીક કુટેવો તરફ રહેજ લક્ષ આપે તો ભવિષ્યની પ્રજા ઘણી ઓછી સંખ્યામાં ટુંકી નજરવાળી (શોર્ટ સાઇટેડ) અને ક્ષય વાળી થાય. ઘણા વિદ્યાર્થિઓને વાંચતી વખતે પુસ્તક જાણે નાકનું ભાઇબંધ હોય તેમ છેક પાસે રાખી વાંચતા આપણે જોઇએ છીએ. તેમજ કોપી, ડિકટેશન વિગેરે લખતી વખતે ગુરૂત્વાકર્ષણથી માથાં જાણે પાટલીને અથડાઇ પડવા જતાં હોય એવો દેખાવ નજરે પડે છે. આ ક્ષુલ્લક કુટેવોથી કેવાં ભયંકર પરિણામ આવે છે તેનો શિક્ષકોને લેશ પણ ખ્યાલ હોતો નથી. 'કિત્તા છટકારશો નહિ', 'અક્ષર સારા કહાડો' વિગેરે હુકમો આપવા એ શિક્ષકો પોતાનો ધર્મ સમજે છે, પણ 'ટટાર બેસીને લખો' 'ડોક સીધી રાખીને લખો' એવી સૂચના આપતા શિક્ષકો દુર્ભાગ્યે ઘણા જ થોડા મળી આવે છે. વાંકાં વળીને લખતાં બાળકોનાં કુમળાં ફેફસાં સંકોચાઇ જાયછે અને જોઇએ તેટલા પ્રમાણમાં તેમાં શ્વાસ ભરી શકતાં નથી, પરિણામે ભયંકર ક્ષય! નિશાળોમાં એક ઓરડામાં ઘણા વિદ્યાર્થિઓ બેસે છે—આથી પણ સ્વચ્છ હવા દરેક વિદ્યાર્થીને પુરતી મળતી નથી. કેટલાક દેશોમાં નબળાં બાળકોને ખુલ્લી જગ્યામાં ભણાવાય છે. માબાપ પોતાનાં નબળાં બાળકોને આવી શાળામાં જ મોકલે છે. આપણા દેશમાં પણ જો આવી શાળાઓ થાય તો તે ઘણી આવકારદાયક થઇ પડે.

સુભાગ્યે બાળલગ્નો હવે ઓછાં થતાં જાય છે. છતાં જેઓ બાલલગ્નના હીમાયતી હોય તેમણે પણ ક્ષય થશે એવા સંભવ વાળાં અથવા જેનામાં ક્ષયનાં ચિન્હો ખુલ્લાં જણાયાં હોય તેવાં બાળકોને તેમની પોતાની ખાતર અને જન સમાજની ખાતર લગ્નની ધુંસરીમાં ન જોડવાં.

બાળકનું શરીર રહેજ સુકાઇ જાય એટલે ક્ષય જ હશે એમ માની બેસવું નહિં. સતત વજન ઘટયું જ જાય એ આ રોગનું મૂખ્ય સુચક ચિન્હ છે. બાળકોને ખુલ્લી હવામાં જેમ બને તેમ વધારે રહેવાનો અને ત્યાં કસરત કરવાનો અભ્યાસ પડાવવો. તેમના પોષણ તરફ પણ પુરતું લક્ષ આપ્વાથી ઘણો ભય દૂર થશે. બાળકોને ઉછેરવા તરફ સંપૂર્ણ કાળજી રાખ્યાથી ભવિષ્યની પ્રજામાં ક્ષય થતો કાંઇક અંશે અટકશે.

બાળકો ઉપરાંત જુવાન માણસોએ અને તેમાંએ ખસૂસ કરી નબળા બાંધાના જુવાનોએ પોતાની તંદુરસ્તી તરફ તદન બેદરકાર રહેવું યોગ્ય નથી. આવા બાંધાના માણસોએ ગળામાં કે છાતીમાં સોજો ન આવી જાય અથવા સખત ઉધરસ ન થઇ જાય તે તરફ ખાસ ધ્યાન આપવું. ફેફસાંની તેમજ ગળાની શ્વાસ લેવાની શક્તિ વધે અને સ્વચ્છ હવા ફેફસાંમાં વધારે દાખલ થાય તે સારૂ તેમણે ખુલ્લી હવામાં હરવું ફરવું. બની શકે તો ઉન્હાળામાં કોઇ પહાડી પ્રદેશ પર જવું. હવા અને પ્રકાશ જ્યાં ઓછાં હોય તેવી જગ્યામાં બેસી કામકાજ ન કરવું. કોઇ પણ રીતે હરતાં—ફરતાં—બેસતાં કે કામ કરતાં છાતી વાંકી વળેલી ન રહે તે ખસૂસ ધ્યાનમાં રાખવું. ધૂળનાં અથવા ગળાને નુકશાન કરે તેવાં કોઇ પણ પ્રકારનાં રજકણો ઉડતાં હોય ત્યાં રહેવું નહિં અથવા તેવા ધંધામાં હાથ ઘાલવો નહિં. દરેક નબળા માણસો અથવા જેમને ક્ષય થવાની બ્હીક લાગતી હોય તેવા માણસોએ ઘણો ભાગ ખુલ્લી હવામાં રહી કામ કરવાનું હોય તેવા ધંધા બને ત્યાં સુધી પસંદ કરવા. વિદ્વાન ડૉકટરોના અનુભવ પરથી જણાયું છે કે સૂર્યનાં કિરણો ક્ષયનાં જંતુનાં દુશ્મન છે. તડકામાં

રહી કામકાજ કરનાર ખેડુતો, ગામડીયા વિગેરેને કવચિત જ ક્ષય થાય છે. આથી નબળા બાંધાના માણસે ધીમે ધીમે તડકામાં ફરવાની ટેવ પાડવી જરૂરની છે. ભેજ અને ક્ષય બે નિકટ સંબંધીઓ છે, માટે બને ત્યાં સુધી ભેજવાળી જગ્યામાં કે તેની આસપાસ વસવું નહિં. દુશ્મનો કિલ્લામાં પેસે પછી તેને જેર કરવા પ્રયત્નો કરવા તેના કરતાં કિલ્લાની બહારજ ઘેરો ઘાલતાં તેમની રહામું ધસવું તે સુગમ તેમજ લાભદાયક છે. ક્ષય થયા પછી તેને નાબુદ કરવો એ પણ દેહનો ધર્મ છે ખરો પણ ક્ષય ન જ થાય એવાં અગમચેતીનાં પગલાં ભરવાં એ કાંઇ ઘેલછા નથી. જેમ કિલ્લા બહારથી જ દુશ્મનો પર છાપો મારવામાં લશ્કરની જરૂર છે તેમ શરીર પર વ્યાધિને ધસારો કરતાં અટકાવવાને એ રોગ સંબંધી જ્ઞાન રૂપી લશ્કરની જરૂર છે. જ્ઞાનને અભાવે ઘણી વખત આ રોગના તેની શરૂઆતમાંજ લેવા જોઇતા ઉપાય લેવાતા નથી. તેથી આ રોગનાં કેટલાંક પ્રાથમિક ચિન્હો અને તેની અવસ્થાનું આ સ્થળે વર્ણન કરવું અયોગ્ય ગણાશે નહિં.

આ રોગની બહુધા ત્રણ અવસ્થાઓ કલ્પી છે પણ આ ત્રણ ઉપરાંત એક બીજી અવસ્થા ઉપર પણ ઘણું લક્ષ આપવાની જરૂર છે. આ અવસ્થાને ક્ષયની ગણાતી પહેલી અવસ્થાની પૂર્વેની સ્થિતિ છે. આ અવસ્થામાં ક્ષય લાગુ પડયો હોતો નથી પણ સળેખમ અથવા થોડી ઉધરસ વારે ઘડીએ થાય છે અને મટી જાય છે. ભુખ બરોબર લાગતી નથી–પાચન શક્તિ સ્હેજ નબળી પડે છે. વારે વારે અપચો થવાથી કોઇવાર ઝાડા પણ થાય છે. આવાં ચિન્હો વારે ઘડીએ થઇ આવે છે. આ અવસ્થામાં ન્હાનાં બાળકો એકદમ ઉંચાં વધે છે પણ ઉંચાઇના પ્રમાણમાં શરીર નબળું દેખાય છે. જુવાન સ્ત્રીઓને ઋતુસ્રાવ અનિયમિત આવે છે. શરીરની આ સ્થિતિમાં ક્ષય લાગુ પડતાં વાર લાગતી નથી. આવાં ચિન્હો જેનામાં વારેઘડિએ દેખાય તેમણે શરીરની ઘણી સંભાળ લેવી. આ અવસ્થાને ક્ષય થયા પહેલાંની અવસ્થા ગણી છે.

ભુખ ન લાગે, અન્ન જોતાં જ ઉબકા આવે, અન્નદ્વેષ થાય, વજન ઘટી જાય–શરીર ક્ષીણ થઇ જાય–સંધ્યા કાળે થાક લાગે ને પગ ચુંથાય, કાંઇ પણ કામ કરતાં તાવ ભરાય, સંધ્યાકાળે શરીરનું ઉષ્ણતામાન (ટેમ્પરેચર) ૯૯° થી ૧૦૦° સુધી રહે અને કોઇ કોઇ વખત ઉધરસ થઈ આવે એ ચિન્હો ક્ષયની પહેલી અવસ્થાનાં ગણાય છે. ડાકટરોના અનુભવ ઉપરથી એમ જણાયું છે કે આ અવસ્થામાં ચાંપતા ઉપાયો લેવાથી ઘણે ભાગે મટવા સંભવ છે. તાતકાલિક ઉપાય ન લેવાય તો દર્દિ ક્ષય રોગની બીજી અવસ્થાએ આવી પહોંચે છે.

પહેલી અવસ્થાનાં ચિન્હો આ બીજી અવસ્થામાં વધારે ભયંકર રૂપ ધારણ કરે છે. અન્નદ્વેષની સ્થિતિ બગડીને વારે વારે ઉલટી અને ઝાડો થાય છે; વજન ઘટતું જ જાયછે; અશક્તિ એટલી બધી વધી જાય છે કે દર્દિથી ઘરમાં પણ હરીફરી શકાતું નથી. અને પડી રહેવાની જ ઇચ્છા થાય છે; સંધ્યા કાળે શરીરનું ઉષ્ણતામાન ઘણું રહે છે; રહવારે તાવ હોતો નથી; રાત્રે એટલો બધો પરસેવો થાય છે કે પહેરેલાં લુગડાં તરબોળ થઈ જાય છે; ઉધરસ ઘણી વધી જાય છે અને ખસુસ કરી રાત્રે બહુ ત્રાસ આપે છે; ઉધરસને લીધે ઉંઘ પણ આવતી નથી. સરસ સારવાર અને દવા દારૂ થાય તો બીજી અવસ્થાએ પહોચ્યા છતાંએ મટવાની કાંઇક આશા આપી શકાય. જો એમ ન બને તો બેથી ચાર મહિના સુધીમાં દર્દિ આ રોગની ઘણી જ ભયંકર ત્રીજી અવસ્થામાં ઘસડાઈ જાય છે.

આ અવસ્થામાં અન્નદ્વેષની સ્થિતિ છેક કથળી જાય છે; ખોરાકમાં સહેજ ભુલ થાય તો વારેઘડિએ ઉલટી થાય છે; તેમાં વખતે ગળફા પણ નીકળી પડે છે; દસ્ત ઘણા થાય છે; શરીર છેક હાડ પીંજર જેવું થઈ જાય છે; વજન ઘણું પડી જાય છે; સંધ્યાકાળે સખત તાવ આવે છે અને રાત્રે પરસેવાનો સુમાર રહેતો નથી; દર્દિ ઘણો જ શક્તિ હીન થઈ જાય છે; થોડી મીનીટ પથારીમાં બેસતાં પણ શ્રમ પડે છે; ખસુસ કરી સવારમાં ઉધરસ બહુ ત્રાસ આપે છે ને તેમાં પરૂ જેવો કફ પડે છે ને કોઈ વેળા ઘણું લોહી પણ તુટી પડે છે. આ ત્રીજી અવસ્થાએ પહોંચ્યા પછી મટવું અશક્ય જેવું થઈ પડે છે. આ અવસ્થાએ પહોંચ્યા પછી દર્દિને કડવાં-ગંધાતાં ઔષધો ગળામાં રેડી ત્રાસ આપવો નિરર્થક છે. આ સમયે તો **औषधं जान्हवीतोयं वैद्यो नारायणो हरिः** એજ શ્રેયસ્કર છે.

ઉપર દર્શાવેલાં બધી અવસ્થાનાં ચિન્હો દરેક દર્દિમાં સરખાં જ હોતાં નથી. કોઇનામાં અમુક ચિન્હ પ્રબળ હોય અને અમુક ચિન્હો સમૂળાંગે હોય નહિ એવું પણ બને છે. આ પ્રમાણે ચિન્હો જુદા જુદા રૂપમાં હોય છે. કોઇને પહેલી અને બીજી અવસ્થા ઘણી ત્વરાથી આવી જાય છે.

આ ભયંકર રોગને પ્રસરતો અટકાવવો એ દરેક વ્યક્તિનો ધર્મ છે. તેમાંએ મુખ્યત્વે કરી જે માણસો આ ભયંકર રોગના પંજામાં એકવાર સપડાયા હોય તેમનું તો એજ લક્ષ્યબિંદુ હોવું જોઇએ કે જે ત્રાસ મ્હેં વેઠયો છે તેવા ત્રાસથી મારા બીજા બંધુઓને હું દૂર રાખવા કાંઇક પ્રયત્ન કરૂં. કારણ કે ક્ષયથી પીડાતાં માણસો એ રોગનાં બી બીજામાં રોપે છે એ સિદ્ધાંત હવે સર્વમાન્ય છે. એવી ગણત્રી કહાડવામાં આવી છે કે ક્ષય પીડીત માણસના એક દિવસના ગળફામાંથી દશ લાખ કરતાં વધારે ક્ષયના જંતુઓ નિકળે છે. રસ્તા પર પડેલા ગળફા સુકાઇ જાય છે ત્યારે તેમાંનાં ક્ષયનાં જંતુ ધૂળ સાથે હવામાં તરે છે, અને ત્યાં થઈ જતાં આવતાં માણસોના શરીરમાં નાક અને મ્હોં વાટે દાખલ થાય છે. આજ કારણને લીધે શહેરના જે ભાગમાં વધારે ધૂળ ઉઠતી હોય ત્યાં હરવું ફરવું કેટલું જોખમ ભરેલું છે તે સહજ સમજાશે. શહેરના જે ભાગમાં ઓછી ધૂળ ઉડતી હોય તે ભાગમાં વસનાર માણસોમાંથી ઘણાં ઓછાંને ક્ષય લાગુ પડે છે એવો પણ કેટલાક ડાક્ટરોનો અનુભવ છે. અમદાવાદનો જ દાખલો લઇએ તો જણાશે કે કાલુપુર લત્તામાં જેટલા ક્ષયના દર્દિ મળી આવે છે, તેટલા શહેરના બીજા ભાગમાં નથી. આનું મૂખ્ય કારણ તે ભાગની ધૂળ છે. સમુદ્રપર રાત દિવસ રહેનારા ખલાસીઓને ક્ષય જવલ્લેજ થાય છે. તંદુરસ્ત માણસના શરીરમાં પેઠેલા જંતુઓ નાશ પામે છે પરંતુ નબળા માણસમાં તેના ફેફસામાં અથવા તો શરીરનો જે ભાગ નબળો પડી ગયો હોય ત્યાં આ જંતુઓ ઘર કરી ઘણીજ ત્વરાથી વધે છે. પરિણામે બીજા માણસને ક્ષય થાય છે. ક્ષયનો ચેપ આ રસ્તે પ્રસરે છે. ઘરમાં કે રસ્તે ચાલતાં થુંકવાની કુટેવ હિંદુસ્તાનમાં તેમજ યુરોપાદીની આ જમાનાની સુધરેલી પ્રજામાં પણ નજરે પડે છે. યુરોપ અને અમેરિકામાં આ ટેવ ઉપર કેટલેક અંશે અંકુશ મુકયા છે. રેલ્વે, હોટલો, ન્હાની અને દારૂની દુકાનો વિગેરે જગ્યાઓમાં લાકડાનો વ્હેર ભરી તેમાં કાર્બોલિક એસિડ નાંખી થુંકવાનાં કુંડાં રાખવામાં આવે છે. આપણા ન્હાતાળાઓ અને હોટલ વાળાઓ જાહેર રસ્તા ઉપર પણ જયારે ત્યારે એઠવાડ અને ગંદા પાણીની ડોલોનો જેમ છંટકાવ કરે છે તેમ ત્યાં આવાં કુંડાં જ્યારે ભરાય છે ત્યારે

દુકાનદારો રસ્તા પર ઢોળી શકતા નથી, પરંતુ તેને બાળી નાંખવામાં આવે છે. આથી ગળફા માંહેલા જંતુઓનો નાશ થાય છે. ન્યુયોર્કમાં ગમે ત્યાં થુંકવા બદલ માણસોનો દંડ કરાય છે. તેમજ ઠેર ઠેર “ અહિં થુંકવું નહિ ” એવી સૂચના વાળી કાગળીઆં ચ્હોટાડવામાં આવે છે. આપણે અહિં પણ હિંદુસ્તાનની વડી સરકાર લોકોને રસ્તા પર ઠેર ઠેર થુંકતા શી રીતે અટકાવવા તેનો ઘણા વર્ષથી વિચાર ચલાવ છે, અને તેનો કેટલેક અંશે અમલ પણ શરૂ કર્યો છે. માયાળુ સરકારના એ પ્રયત્નને જ્યાં સુધી સમાજ સહાય ન કરે ત્યાં સુધી તે ફળીભૂત થવાની આશાજ નથી. સાજા કે માંદા કોઇ પણ માણસે ગળફા સુકાઇ જવાનો જોગ ન મળે તેવી જગાએ કહાડવા નહિ. થુંકવાની કુટેવ નજ કહાડી શકાય અથવા તો જેને ઉધરસ ક્ષય વિગેરે થવાથી ગળફા પડતા હોય તેમણે જાપાનીઝ રૂમાલ સદા પાસેજ રાખી ગળફા તેમાંજ કહાડવા અને તેવા રૂમાલ રોજ બાળી નાંખવા. તે ઉપરાંત અનેક તરેહની સોંઘી ખીસામાં રાખી શકાય તેવી પીકદાનીઓ સહેજ શ્રમ લીધાથી બનાવી શકાય છે. માત્ર એક થુંકવાની ક્ષુલ્લક ટેવ ઉપર અંકુશ મુકવાથી આપણે આખી મનુષ્ય જાતના ભલામાં ફાળો આપીએ છીએ એટલું જ અભિમાન જો દરેક માણસમાં આવે તો અમુક વર્ષો પછી ક્ષયનું અસ્તિત્વ દુનિયાં ઉપર રહે નહિં.

માણસોના ગળફા ઉપરાંત જનાવરો પણ આ ભયંકર રોગ ફેલાવવામાં મદદ કરે છે. ક્ષય થયેલી ગાયો અને ભેંશોના દુધ વાટે તેમજ એવાં માંદાં જનાવરોનું માંસ ખાવાથી આ રોગનાં જંતુ માણસના શરીરમાં દાખલ થાય છે. દુધ જેટલો ઉપયોગી ખોરાક છે તેટલોજ તે જોખમ ભરેલો પણ છે. શહેરોમાં જે દુધ મળે છે તે કયાંથી આવે છે, કેવી રીતે આવે છે અને તેમાં શું શું દગો થાય છે તેનાથી આપણામાંના ઘણા અજાણ્યા છીએ. મ્યુનિસિપાલીટી ભેળશેળ વાળું દુધ વેચનાર ઉપર પ્રોસિક્યુશન કરી શકે છે– પણ કરોડો ક્ષયના તેમજ બીજા રોગોના જંતુથી ઉભરાતું દુધ ઘાંચીયો અને દુધવાળાઓ બેધડક વેચે છે. માખણ કહાડી લીધેલું દુધ ગામડામાંથી આવેલા તાજા દુધમાં ઉમેરાય છે. જેઓએ ડેરીયોની મુલાકાત લીધી હશે તેમને તો ત્યાંના ગંદવાડનો પ્રત્યક્ષ અનુભવ થયો જ હશે. ગામડેથી આણેલું અથવા તો માથા ઉપર ઉભા રહી દહોવડાવેલું દુધ પણ ક્ષયના જંતુથી મુક્ત હશે એ માનવું ભુલ ભરેલું છે. ઢોરને ક્ષય થયો છે એવું ઢોરના અજ્ઞાન માલીકો ભાગ્યેજ સમજે છે. વળી ઢોર બાંધવાની જગ્યામાં છાણ વિગેરેના ગંદવાડની તો સીમાજ હોતી નથી. ઢોર દહોતી વખતે દહોનાર કોઇ પણ તરેહની સ્વચ્છતાની કાળજી રાખતું નથી. દહોનારના હાથ અને જેમાં દહોવાય છે તે વાસણો કેવાં સ્વચ્છ જોઇએ તેનો ખ્યાલ તે લોકોને હોતોજ નથી, આવી રીતે અનેક તરફથી ક્ષયના તેમજ બીજા જંતુથી તરબોળ હોવાના સંભવવાળું દુધ આપણ સવાર સાંજ પીએ છીએ. પશ્ચિમના સુધરેલા દેશોમાં પણ આપણા જેવીજ દુધની હાડમારી છે. અલબત ત્યાં દુધને માટે અને ઢોરોના વાડા તપાસવા ઇન્સ્પેક્ટરો રખાયા છે છતાં તદન ચોખ્ખું દુધ મેળવવું ત્યાં પણ મુશ્કેલ થઇ પડે છે. આ ઉપરથી સ્વાભાવિક એક જ પ્રશ્ન ઉભો થાય છે કે શું દુધ ખાવુંજ નહિં ? દુધ એ આ બાળ વૃદ્ધનું જીવન છે. પરંતુ આ બધા જોખમથી દુર રહેવા માત્ર એકજ સરલ ઉપાય છે જે દુધ વાપરવું તે બે ત્રણ ઉભરા આવે ત્યાં સુધી ઉકાળવું અને પછી તેનો ઉપયોગ કરવો. માત્ર આટલી જ કાળજી રાખ્યાથી ઘણું જોખમ દૂર થશે.

ક્ષયવાળા પાસે જતાં જ ક્ષય ચોંટી જશે એવો ગભરાટ એ ઘેલછા છે. પણ ક્ષય જેને ઘણો વધી ગયો હોય તેવા માણસના નિકટ સંબંધમાં સતત રહેવું જોખમ ભરેલું છે. ફ્લ્યુગે નામના વિદ્વાને કેટલાક પ્રયોગો કર્યા તે ઉપરથી તેને જણાયું કે જે કે દર્દિમાં ક્ષય ઘણો વધી ગયો હોય તે ઉધરસ ખાય, છીંકે, કે બોલતો હોય તે વખતે તેના થુંકનાં ઘણાં જ ઝીણાં રજકણોમાં પણ ક્ષયના જંતુની હયાતી હોય છે. અને એક બીજા વિદ્વાને એવું પણ અનુભવ્યું છે કે આ જંતુ ભરેલાં રજકણો દર્દિના મ્હોંથી એકથી દઢોડ ફીટ આઘે સુધી ઉડે છે. આ રજકણો જો બારોબાર બીજાના મ્હોમાં જાય તો તેને પણ ક્ષય લાગુ પડે છે. ફ્લ્યુગેને ક્ષયના દર્દિને ડુક્કરના મ્હોં સામો ઉભો રાખી ઉધરસ ખવરાવી પ્રયોગો કરી જોવાથી જણાયું છે કે આ રજકણો દર્દિના મ્હોમાંથી બારોબાર બીજાના મ્હોમાં જવાથી ક્ષય સ્હામાં માણસને લાગુ પડે છે.

ક્ષય પીડીત માણસોએ બાળકોને કે સ્નેહિયોને ચુંબન કરવું એ જોખમ ભર્યું છે, તેમજ ક્ષયના દર્દિનાં પહેરેલાં લૂગડાં, સુવાની તળાઇ, અથવા જેમાં તે જમતો હોય કે પાણી પીતો હોય તે વાસણો વિગેરે કોઈ પણ વસ્તુ જેનો આ દર્દિએ ઉપયોગ કર્યો હોય તેનો બીજા માણસે ઉપયોગ કરવો અનુચિત છે.

ક્ષયના દર્દિને સાધારણ તંદુરસ્ત માણસ કરતાં વધારે ખોરાકની જરૂર છે. જ્યારે દર્દિને તાવ ન હોય અથવા તો બહુજ થોડો તાવ હોય ત્યારે તો તેને પુષ્કળ ખોરાક આપવાનું બની શકે છે. પરંતુ ઘણા તાવવાળી અથવા તો પાચન શક્તિ બગડી હોય તે સ્થિતિમાં આમ ખોરાક આપવામાં ઘણી મુશીબતો નડે છે. તે વખતે તેને સહેલાઇથી પચી શકે તેવો પ્રવાહી ખોરાક ખવડાવવો જોઇએ. ક્ષયના દર્દિને શું ખવડાવવું અને શું ન ખવડાવવું એ વાદગ્રસ્ત વિષય છે, પરંતુ જે ખોરાકમાં ચરબી અને કાર્બોહાઇટ્રેટ વધારે હોય તેવા સ્નિગ્ધ ખોરાકથી ઘણોજ લાભ થાય છે એ વાતપર ઘણા ખરા ડાકટરો એક-મત થાય છે. જે દર્દિને અન્ન દેખીનેજ બકારી આવતી હોય તેવા દર્દિને ખાવાને સમજાવવું બહુ મુશ્કેલ છે. એવે વખતે સારવાર કરનારે અનેક યુક્તિઓ કરી ખાવાની વસ્તુને એવી સ્વચ્છતાથી અને સફાઇથી મોહક બનાવી દર્દિ આગળ ધરવી કે તેને જોતાંજ તે ખાવા લલચાય. બહુજ વહેલા પચી જાય તેવા ખોરાક પસંદ કરવા. જેમને ક્ષયમાં તાવ ન આવતો હોય તેમણે જાત જાતની પણ સરળતાથી પચે તેવી પૌષ્ટિક વસ્તુઓ ખાવી. દુનિયાના તમામ દેશના લોકોની હવે ધીમે ધીમે ખાત્રી થવા માંડી છે કે દુધ અને તે-માંથી બનતાં પદાર્થો એ સર્વોત્તમ ખોરાક છે. આપણે તો પરાપૂર્વથી એ વાત માનતા આવ્યા છીએ. મેચિનકોફ નામનો વયોવૃદ્ધ વિદ્વાન તો એટલે સુધી કહે છે કે કેવળ દહી ખાઇનેજ રહેનાર માણસો પોતાનું આયુષ્ય લંબાવી શકે છે—અને તેમને વૃદ્ધાવસ્થાની નબ-ળાઇઓ જણાતી નથી. એના પ્રયોગો એ પોતાની જાતપરજ કરી બતાવે છે. ક્ષયના દર્દિએ પણ પચે તેટલું ચોખ્ખુ દુધ ઉકાળીને પીવું. ગાય કે ભેંશના કરતાં બકરાંનુ દુધ ક્ષય રોગીને ઘણું સલામતી ભરેલું છે. રાયતાં, અથાણાં, તેમજ અતિશય ઘી અને ગળપણ વાળી મીઠાઇઓ અથવા બીજી કોઈ પણ વસ્તુ જે હોજરીને પચાવવી મુશ્કેલ પડે તે ખાવી ન જોઇએ.

ક્ષયમાં હવા એ મૂખ્ય ભાગ ભજવે છે. કોયલાનાં, રૂનાં, તેમજ બીજાં અનેક તરેહનાં નુકશાન કરનારાં રજકણોથી તરબોળ હવામાં ઘણો વખત રહેવાથીજ ફેફસામાં અનેક જાતના ઉપદ્રવ થઈ શરીરની સ્થિતિ નબળી પડે છે, અને ક્ષય થાય છે. ક્ષયવાળાને જેમ બને તેમ સુકી હવામાં રહેવાની ડાકટરો સલાહ આપે છે. આ દર્દિઓ શ્વાસોશ્વાસ કઈ જાતની હવામાં લે છે તે તરફ ઘણુંજ લક્ષ આપવું અગત્યનું મનાય છે. ક્ષયમાં દવાઓ પીધાથી જે લાભો થાય છે તે કરતાં હજાર ગણા લાભ ખુલ્લી હવાથી મળે છે. આ દર્દિને જેમ બને તેમ છેક ખુલ્લી હવામાં રાખવાથી ઘણાં સારાં પરિણામો આવ્યાં છે. આટલાની ખાતર આ દર્દિઓને સારૂ ઘણી જગાએ સેનેટોરીઅમ બંધાયાં છે, જ્યાં તેમને તદન ખુલ્લી હવામાં રાખે છે અને ખુલ્લી હવામાં રહેવાની મોહની લગાડે છે. કેટલાંક સેનેટોરીયમોમાં તો દર્દિના હિંચકા સુંદર દેવદારનાં ઝાડપર લટકાવી રાખે છે અને ત્યાં જેટલો બને તેટલો વધારે વખત તેમને પડી રહેવા લલચાવે છે. અતિશય ત્હાડ અથવા વરસાદને લીધે જ્યારે ઘરમાં સુવાની જરૂર પડે છે ત્યારે પણ તમામ બ્હારી બારણાં ખુલ્લાં રાખી સુવાડે છે. આથી ઘણાનો ત્હાડ વાવાનો કે શરદી લાગી જવાનો ગભરાટ જતો રહે છે. ઇંગ્લાંડ જેવી ત્હાડ અને થંડી હવામાં પણ કેટલાંક સુવ્યવસ્થિત સેનેટોરીઅમોમાં દર્દિઓ બધાએ ઋતુઓમાં બહુધા ખુલ્લી હવામાં રહી શકે છે. પરંતુ જો દર્દિની સ્થિતિ આમ રાત દિવસ ખુલ્લી હવામાં રહી શકાય તેવી ન હોય તો જ્યાં પુષ્કળ હવા અને સૂર્યનાં કિરણો આવતાં હોય તેવા ઓરડામાં તેને રાખવો. દરેક વ્યક્તિનો રોગ અને તેના શરીરની સ્થિતિ ઉપર પણ જરૂર લક્ષ આપવું. તદન ખુલ્લામાં રહેવાથી સખત ઉધરસ થઈ આવતી હોય, શરીરના કોઈ ભાગમાં બહારથી કે અંદરથી સોજો ચ્હડી આવતો હોય એવા અથવા તો ઘણાજ નાજુક બાંધાના ક્ષયના દર્દિને "ખુલ્લી હવાથી ક્ષય મટે છે" એમ આંધળીઆં કરી ખુલ્લામાં રાખવાથી અનિષ્ટ પરિણામ પણ આવે. આવા દર્દિને છેક ખુલ્લામાં ન રાખવા. પણ તેનો અર્થ એમ નહિ કે બિલકુલ હવા ન મળે તેવી જગ્યાએ પુરી રાખવા. પરંતુ હરકોઈ પ્રકારે તેને સ્વચ્છ હવા મળે તેવી યુક્તિ કરવી.

ક્ષય થયો એટલે અમુકજ જાતની હવામાં વસવું એ કાંઈ ખાસ અગત્યનું નથી. ડાકટરોના હમણાના અનુભવ ઉપરથી જણાયું છે કે ઈંગ્લાંડ અને જર્મની જેવા દેશ જેની હવા એકંદરે ક્ષયના દર્દિ માટે સારી ગણાતી નથી તેજ દેશોમાં સારી જગા ઉપર બાંધેલાં અને સુવ્યવસ્થિત સેનેટોરિયમ દર્દિઓને લાભદાઇ નીવડયાં છે.

આ ઉપરાંત દર્દિને જો તાવ આવતો ન હોય તો મિજાનસર કસરતથી પણ ઘણો લાભ થાય છે. ચાલવાથી, ઘોડે બેસવાથી અને ઢાળવાળી ઉંચાણ જમીન પર ચ્હડવાથી ફેફસાંને કસરત મળે છે, ને તેથી તંદુરસ્તી સારી થાય છે. ખુલ્લી હવામાં પ્રાણાયામ કર્યાથી પણ ફેફસાંને કસરત મળે છે ને પુષ્કળ તાજી હવા તેમાં ભરાય છે. પ્રાણાયામ કરતી વખતે ફેફસામાં ધીરે ધીરે જેટલી ભરાય તેટલી વધારે હવા ભર્યા પછી એક બે મીનીટ શ્વાસ રોકી રાખી ધીરે ધીરે ફેફસાં પુરેપુરાં ખાલી કરી નાંખવાં.

યુરોપના ડાકટરોમાં એક સમયે પાક્યા વિના ઘા રૂઝાયજ નહિ અથવા તો ઓપરેશન પછી ઘા પાકેજ એવી માન્યતા હતી. આને પરિણામે યુરોપની ઇસ્પીતાલોમાં અસંખ્ય માણસો માત્ર "હોસ્પીટલ પ્લેગથીજ" એટલે ઓપરેશન પછી ઘા પાકયાથીજ મરી

જતાં. લોર્ડ લિસ્ટરે આ અજ્ઞાન દુર કર્યું. જંતુ વિદ્યા પ્રકાશમાં આવ્યા પછી આખા વૈદ્યકશાસ્ત્રમાં કાંઇ નવીજ પ્રગતિ ઉત્પન્ન થઈ. પશ્ચિમના ખંતીલા ડાકટરોનાં ઝીણું અવલોકનને પરિણામે વૈદ્યકશાસ્ત્રમાં એટલાતો ફેરફારો થાય છે કે ગઇ કાલે થયેલી શોધ આજે જુની જેવી ગણાય છે. ક્ષય એ ચેપી ને ભયંકર રોગ છે એ કાંઇ આજે જણાયલી નવી વાત નથી; પરંતુ ક્ષય મટાડી શકાય છે અને ફેલાતો અટકાવી શકાય છે એ સિદ્ધાંત નામાંક્તિ ડાકટર કૉકેજ પ્રતિપાદન કર્યો. ક્ષય રોગના જંતુની રસી સંબંધી આ નામાંકિત નરે પોતાનો અનુભવ ઈ સ. ૧૮૮૪ માં પ્રસિદ્ધ કર્યો. આવા ભયંકર રોગનો ઉપાય પ્રસિદ્ધ થયો સમજી ઘણા ડાકટરો હર્ષ ઘેલા બની એ કિમિયાનો ઉપયોગ કરવા લાગ્યા. પરંતુ શા પ્રમાણમાં દર્દિના શરીરમાં રસી મુકવી તે સંબંધી ડૅા. કૉકની સુચનાની ઉમંગમાં અવી જવાથી અવજ્ઞા થઇ. જેને પરિણામે દર્દિયોને ઘણી વાર લાભ કરતાં નુકશાન વધારે થયું. અને વિશેષ નુકશાન તો એ થયું કે લગભગ વીશ વરસ સુધી આ મહાન શોધને અંધારામાં પડી રહેવું પડયું. ડૅા. કૉકના કેટલાક ખંતીલા અનુયાયીઓએ આ સંબંધી પોતાનો અભ્યાસ ચલાવ્યાજ કર્યો જેના શુભ પરિણામે પાછી એજ રસી સંબંધી અતિશય જાગ્રતિ ઉત્પન્ન થઇ છે. રોગની શરૂઆતની અવસ્થાઓમાં જો રસીનો ઉપયોગ કરાય છે તો રોગ મટે છે એવો ઘણા વિદ્વાન ડાકટરોનો અનુભવ છે. ડૅા. કૉકે શોધી કહાડેલી જુની રસી હાલમાં શરીરમાં દાખલ કરતા નથી. પરંતુ નવી સુધરેલી રીત પ્રમાણે ક્ષયવાળા માણસોના ગળફામાંથી ક્ષયના જંતુ એકઠા કરી તેમને એક પ્રવાહીમાં રાખી, વૃદ્ધિ કરે છે–આમ જે પ્રવાહીમાં વૃદ્ધિ કરે છે તે પ્રવાહીને ક્ષયના જંતુઓ સાથેજ ઘણાં વખત સુધી ઉકાળે છે–આમ ઉકાળવાથી પ્રવાહી માંહેલા ક્ષયના જંતુ મરી જાય છે, પછી આ પ્રવાહીને ગાળી કહાડે છે. આમ ગાળી કહાડેલો જે પ્રવાહી પદાર્થ તે ટયુબરકયુલીન અથવા રસી. આ રસી હવે શરીરમાં મુકાય છે. ઉપરોક્ત રસી બનાવવાની ક્રિયામાં ઘણીજ સાવચેતી રાખવી પડે છે અને સરકારે તેને ઘણું જોખમભર્યું કામ ગણ્યું છે. આથી જર્મન સરકારે કેટલી ગણીગાંઠી પહેડીઓનેજ આ રસી બનાવવાની પરવાનગી આપી છે. આવી પરવાનાવાળી પેઢીઓમાં બનેલી રસીનો પણ સરકારના અમલદારો કસ કહાડી જુએ છે અને જ્યારે તેમની ખાત્રી થાય છે કે આ રસી માણસના શરીરમાં દાખલ કર્યાથી કશું નુકશાન નહિં જ કરે ત્યારેજ રસીની શીશીઓ ઉપયોગ માટે દુકાનમાંથી ઇસ્પીતાલોમાં કે પરદેશ જઇ શકે છે. આ રસી શરીરમાં દાખલ કરી ક્ષય રોગ નાબુદ કરવાના પ્રયોગો યુરોપમાં ધમધોકાર કરાય છે, અને ઘણે અંશે આ પ્રયત્નો સફળ થયા છે.

ક્ષય સંબંધી ઘણા મોટા ગ્રંથો લખાયા છે. આ રોગની ઉત્પત્તિ અને તેના અટકાવવાના ઉપાય સંબંધી જ્ઞાન જેમ બને તેમ લોકોમાં વધારે ફેલાશે ત્યારે આ રોગ આગળ વધતો અટકશે એવો વિદ્વાન ડાકટરોનો અભિપ્રાય હવે સર્વમાન્ય થયો છે. ઇંગ્લાંડ જર્મની વિગેરે દેશોમાં આ રોગ સંબંધી માહિતીનાં નાનાં નાનાં ચોપાનીયાં વખતો વખત લોકોમાં વહેંચાય છે. આ નાનો લેખ પણ એજ ઉદ્દેશથી લખાયો છે.

જાલમભાઇ ડાહ્યાભાઈ.

# કામદેવનાં બાળ--શસ્ત્રો.

કાન્તિલાલ મારા મિત્ર હતા. બચપણમાંજ તેમનાં માબાપ ગુજરી ગયાં હતાં અને તે એકના એક પુત્ર હોવાથી એકલવાયા પડયા હતા. મૂળે સ્વભાવ શરમાળ તેમાં પોતાના તનનું કોઇ માણસ ન રહ્યું એટલે તેને પોતાના વિચાર મનમાંજ રાખવાની ટેવ પડી હતી. અમે બેએ સાથે અભ્યાસ કર્યો હતો. પરિણામે અમારી વચ્ચે સારી મિત્રતા હતી, તો પણ મારી સાથે પણ તે મન મુકીને કવચિતજ બોલતા. પણ મને તેનો સ્વભાવ ખબર હતો. ઉપરથી હિમ જેવા ઠંડા દેખાતા તેના હૃદયમાં જે સંતાયેલો પ્રેમ-ભાવ હતો તે હું જાણતો હતો તેથી બ્હારનાને તેનો સ્વભાવ અતડો લાગતો ને તે દૂર રહેતા પણ હું તેને વધારે ચ્હાતો.

મારૂં લગ્ન મેટ્રિક પાસ થતાંજ થયું હતું અને હું હમણાં એલ. એલ. બી. થઇ વકીલાત કરૂં છું. ઇશ્વર કૃપાએ અમારે બે સંતાનો છે—એક પુત્ર અને એક પુત્રી—રમણ અને શારદા. વળી મારી સાળી, રસિકા, પણ અમારે ત્યાંજ રહે છે, મારી પત્નિ તો સાધારણ ગુજરાતીજ ભણેલી ને વ્હેલાં લગ્ન થયાં ને સંસારજાળમાં પડી એટલે આગળ અભ્યાસ અટકયો હતો પણ રસિકા પછેવાળની હતી એટલે મારા સસરાના મનમાં તેને સારી કેળવણી આપવાની ઇચ્છા હતી. તે હમણાં સત્તર વર્ષની કુમારી હતી. તે કોલેજમાં જતી હતી એટલે અમારે ત્યાં રહેતી. તેનો સ્વભાવ બહુ મમતાળુ અને આનંદી હતો. અમારા ઘરમાં એને લીધે કલ્લોલ હતો ને રમણ—શારદા તો મા કરતાં માશીને વધારે ચ્હાતાં. × ×

'બાપુનો આજ કાગળ આવ્યો છે...બધાં ખુશીમાં છે ને રસિકાના વિવાહનો વિચાર ચાલે છે' આજ રાત્રે મારી પત્નિએ મને કહ્યું.

'કેમ બી. એ. થવા દેતો શી હરકત છે?'

'પણ બાનું શરીર હમણાં સારૂં રહેતું નથી એટલે એનો બહુ આગ્રહ છે. બાપુ લખે છે કે પરણ્યા પછી પણ આગળ અભ્યાસ થાય એવું બને તો સારૂં.'

'કાન્તિલાલ સર્વ વાતે લાયક છે પણ એના મનની શી ખબર પડે?

'ચોથે વર્ષે રજાઓમાં અહિં આવ્યા હતા ત્યારે રસિકાને જોઇ તો હતી ને તેની સાથે વિનોદ કરવામાં એમની શરમ છોડતા.'

'હા, પણ તે વખતે તો રસિકા હજી બાળક હતી ને બાળક જાણી તેની જોડે વિનોદ કરતા પણ એ સંબંધ જુદો ને આ લગ્ન-સંબંધ જુદો. કાન્તિલાલ હજી તો પુસ્તક પંડિતજ છે. તેને દુનિયાનો અનુભવ નથી ને શરમાળ તો એટલો છે કે ન પુછો વાત.'

'એમને બોલાવોને રજા લીધી છે તે અહિંઆં?'

× × × × × × ×

કાન્તિલાલ બી. એ થઇ, એલ. સી. ઈ થયો હતો અને પરીક્ષામાં પ્હેલે નંબરે પાસ થઇ, એસિસ્ટંટ ઇજનેર નીમાયો હતો. હાલ તેણે હકની રજા લીધી હતી તેથી મેં એને પત્ર લખતાં તે અમારે ત્યાં આવ્યો. રસિકાને પણ હમણાં રજા હતી. મારે અવારનવાર ફોજદારી કામનો પ્રસંગ આવતો તે શિવાય નિવૃત્તિ હતી.

અમારા ઘરમાં રસોઇઓ ન્હોતો એટલે મારી પત્નિ રાંધતી ને રસિકાને પણ રજા હતી એટલે અવકાશ મળતો તેથી પીરસતી. હું ને કાન્તિલાલ સાથે જમવા બેસતા ને વાર્તા-વિનોદ કરતા. હું કાંઇ કાંઇ બાબતમાં રસિકાને વચ્ચે બોલાવતો. તે જવાબ દેતી પણ તેને ગાલે શેરડા પડતા, ને પોતે જાતે તો કાંઇ બોલતીજ નહિ. કાન્તિલાલને પણ રસિકાના અભ્યાસ-વિશે કે બીજા વિષયમાં પ્રશ્ન કરતાં તે પણ સંકોચાતો. આ બેનાં

મન કેમ પ્રગટ કરવાં ? એક બાજુએ સ્ત્રી–જાતિનો સ્વાભાવિક સંકોચ અને બીજી બાજુએ અમારા કાન્તલાલભાઇનો શરમાળ સ્વભાવ !

× × × × × × ×

'કાન્તલાલભાઇ, આ જુઓને રસિકા તો હજી આવી નહિ ને મારે તો જેકોર માશીને ત્યાં જવું છે. હમણાં રસિકા આવશે. નીચે ચાકર છે, તમે જરા ઘર જોશો? કાન્તિલાલ વ્હાર જતાં જતાં અટકયા. 'ધીરૂભાઇ હમણાં આવતા હશેને ?' ધીમેથી પુછ્યું.

'હા, પણ એમનું તે કાંઇ પ્રમાણ છે? હમણાંએ આવે ને કલાકે એ આવે. આ હું જઈ આવું છું, જરા જો જો.' કહી વિજ્યા વ્હાર નીકળ્યાં ને કાન્તિલાલભાઇ પણ હાથમાં પુસ્તક લઇ નીરાંતે વાંચવા બેઠા. થોડી વાર થઇને દાદરા ઉપર પગરવ સંભળાયો ને કાન્તિલાલે ડોકું ઉંચું કરી નજર નાંખી તો, એક એકને આગળ હઠેલતાં લપાઇ ઉભેલાં શરમાળ સ્મિત કરતાં રમણ–શારદાને દીઠાં. 'કેમ, શું છે !' તેમણે જરા સંકોચથી પણ માયાથી પુછ્યું. રમણ આગળ આવ્યો, ઉપર ચ્હડયો ને ઓરડામાં પેસી શાંતિથી બોલ્યો 'રામો તો વ્હાર ગયો છે ને અમને નીચે ગમતું નથી ને તમે ઉપર વાંચતા'તા તેમાં અમ આવ્યાં.'

'એમ કે ?' કાન્તિલાલ બોલ્યો, પાછો ખુરશી ઉપર જઇ બેઠો. 'રામાને કેટલીવાર લાગશે ?' એમ વિચાર કર્યો ને પછી 'સારૂ, ડાહ્યાં થઇને બેસો' કહી ચોપડી હાથમાં લીધી. શારદા પટપટ કરતી આગળ આવી ને ઢીંચણે વળગી. 'પોપી' તેણે માગ્યું.

'શું?' 'પોપી' તેણે ઘાંટો જરા વધારે તેજ કરી કહ્યું.

'ચોપડી માગે છે એ. તમારે તેને બતાવવી પડશે, પછી મને એક વાત કહેજો.' રમણે સમજાવ્યું.

શારદા જે આકળી હતી તેણે ખમીસ ખેંચવા માંડયું ને 'પોપી.ઇ.ઇ.ઇ. ની બુમ પાડી 'ઠીક, ઠીક' કહી કાન્તિલાલે તેને ઉંચકી લીધી ને આસપાસ નજર કરી પણ સરસ્વતીચંદ્ર કે નર્મગદ્ય કે અર્થશાસ્ત્રનાં મૂળતત્ત્વો એમાંથી કંઇ તેને બાળકના ઉપભોગ વાસ્તે યોગ્ય ન લાગ્યું.

થોડી વાર અધિરાઇથી તેની તરફ જોઇ રહી 'રાતી પોપી છેઇએ થીએ' શારદા બોલી 'એને રાતી ચોપડી જોઇએ છીએ.' ચોકમાં છે. તમે જઇને લાવોને. મને એકલા જતાં બ્હીક નથી લાગતો પણ ગમતું નથી ?

કાન્તિલાલે નિસાસો મુકયો, ચપ્પુ ઠેકાણે મુકયું ને શારદાને ધીમેથી નીચે ઉતારી. પછી ચોકમાંથી પાટલા તળે પડેલી ચિંથરે-હાલ ચોપડી શોધી લાવ્યો. ને જોતાંજ શારદાએ હર્ષની કીકીઆરી પાડી.

'ચાલો, હવે આપણે રામો આવે ત્યાં લગણ આ ચોપડી વાંચીએ ને ચિત્ર જોઇએ.' તેણે ઉત્સાહથી કહ્યું. 'આ છબી સીતા રાણીની છે. તે–બાઇ...'

'અમને રમાડે છે તે? રમણે પુછ્યું.

'ના, બાપુ. તેને તેં જોઈ નથી. તે તો મરી ગઇ છે'...'કોણે મારી નાખી ?'

'કોઇએ નહિ. એતો એમને એમજ મરી ગઇ...તું શું કરે છે ?'

તમારી જોડે ખુરશી ઉપર બેસવું છે' કહી ખુરસી ઘસડતો રમણ આવ્યો. ખુરશી શેતરંજીમાં ભરાઇ, ગબડીને શારદાને વાગી. રમણ પણ પડયો. વચ્ચે ખુરશી ને બે બાજુએ રમણ, શારદાનું ગાયન ચાલ્યું.

'ચાલો, ચાલો કાંઇ બહુ વાગ્યુ નથી' ગભરાયલા કાન્તિલાલ બોલ્યા, બંને જણને ઉઠાડયા ને તપાસ્યાં. કાંઇ વાગ્યું જણાયું નહિ. 'આ જુઓ આ ચિતરામણ, આ ઉંટ છે.' 'ઢુંત શું ?' 'એક જાતનુ જાનવર છે. માણસને ખાંધ ઉપર બેસાડે છે...' 'દાનવદ શું?' 'એ તો ગાય. તું શું સમજે?' રમણ બોલ્યો.

'ના ના...શું છે શારદા?' 'માડી ઢાય' 'એતો એની ગાય માગે છે. ઓરડામાં પડી હશે. હું લાવું તો ખરો પણ મને નીચે જવું ગમતું નથી ? કાન્તિલાલે શારદા તરફ દૃષ્ટિ નાખી પણ તે કુમારી તો તેના સામું ડપકા ભરી નજરે જોઇ રહીને આંખમાં પાણી આણ્યું.

'છાની રહે. છાની રહે હમણાં લાવું છું' કહી કાન્તિલાલ નીચે ઉતર્યો. ઓરડો ખોલ્યો, પરસાલ ખોળી, ખડકી ખોળી પણ ગાય જડે નહિ. ને એટલામાં મેડીએથી શોરબકોર સંભળાયો. તે દોડતો ઉપર આવ્યો ને જુએ છે તો શારદા ઉંધી પડેલીને રમણ તેના ઉપર બે તકીયા ગોઠવી નીરાંતે બેસવાની તજવીજ કરતો હતો. 'આ શું ધાંધળ' કાન્તિલાલે શરૂ કર્યું. 'એ ઉંટ થઇ છે' રમણે શાંતિથી જવાબ આપ્યો 'મેં પુછ્યું કે થઇશ ત્યારે હા કહી ને પછી ન ગમ્યું. મૂર્ખ છોકરી!' બ્હાર સળવળી નીકળવાને જોરથી પ્રયત્ન કરતી શારદાએ ચીસ બંધ કરી 'ઢાય ત્યાં થે?' કહી ઉછાળો મારી રમણને ગબડાવી પાડયો ને તેનું માથું હિંચકાની કોરે અથડાયું. 'ઇશ્વર તારો આશરો? કાન્તિલાલ બિચારો બોલ્યો. બન્ને મોટે સાદે રડતાં છોકરાંને ઉચકી એક બીજા જોડે ખુરશીમાં ચોટાડયાં. 'રમણ તું લાજતો નથી? કાંઇ માથે ઢેકો તો દેખાતા નથી. ચાલો બેસો. હું ગય લઇ આવું ત્યાં લગણ અહિંથી હાલતાં નહિ. તે નીચે દોડયો ને સારે નશીબે ગાય કોયલાની ટોપલીમાંથી મળી આવી. તે લઈ ઉપર આવે તો શાંતિ દેખી અને ખુરશી ખાલી જણાઇ, બંડારીઆનું બારણું ઉઘાડી, તેમાંની મુરબ્બાની બરણી શેત્રંજી ઉપર નીરાંતે આડીવાળી લપાઈ બેસી રસ ચાટતાં બે જણને ખુણામાં જોયાં, તે પ્હેલાં તો 'છોકરાં કયાં ગયા હશે?' તે વિચારે તેની છાતી ધડકી 'શું કરો છો?' તેણે પુછ્યું પણ બેમાંથી એકએ જવાબ ન દીધો. તેનું કારણ પછી જણાયું. બન્નેના મોંમાં મુરબ્બાના દાટા હતા.

રમણે આ મિષ્ટાન્ન ઉપરથી દૃષ્ટિ પ્હેલી ખસેડી ને કાન્તિલાલ તો તેનું ખરડાયલું શરીરને મ્હોં જોઇને આભોજ થઇ ગયો. 'રમણ, રમણ' રમણ ધીમે હસ્યો. પછી શારદા તરફ નજર કરી. કાન્તિલાલે મ્હોડું ગંભીર કર્યું ને કહ્યું 'તમને નવ્હડાવવાં પડશે.' 'ઠીક' રમણ બોલ્યો ને બરણીમાંથી મુરબ્બાના કડકાની મુઠી ભરી મ્હોંમાં મુકી.

'ચાલો, નીચે ઉતરો' કહી તેમને નીચે ઉતારી ખાળે લઇ, ટુવાલને સાબુનો કકડો કાન્તિલાલ શોધી લાવ્યો. રમણને પ્હેલો પકડી નવ્હડાવ્યો એટલામાં શારદાએ તો પોતાનું શરીર કચરામાં સારૂ રગદોળ્યું......આ સમયે રસિકા આવી. બારણામાં પેસતાંજ ખચકી. રગદોળાયલી શારદા, પાણીથી નિતરતો રમણ અને નવ્હડાવતાં ભીના થયેલા કપડાવાળા કાન્તિલાલ, એવો તાલ જોઇને આભી બની. પછી હસીને માયા દૃષ્ટિથી કાન્તિલાલ તરફ જોઇ બોલી–'કેમ આ શી રમત માંડી છે?' કાન્તિલાલ શરમાયો પછી હિમ્મત ધરી ઉંચુ જોઇ બોલ્યો. 'આ તો ગૃહ–વ્યવસ્થાનો પ્હેલો પાઠ શિખું છું.'

'મને તો માશી પાઠ શિખવાડે છે' રમણ બોલ્યો

'ટમે માઠી પાઠ ઠીખો.' શારદા કાન્તિલાલ તરફ ગંભીર દૃષ્ટિએ જોઇ બોલી. બન્ને શરમાયાં ને આડુ જોયું.'પછી નજર ઉંચી કરી ત્યાં એક સાથે નજર ઉંચી કરવાથી દૃષ્ટા દૃષ્ટ મળી. બન્નેને હસવું આવી ગયું. સંક્ષોભ થયો તે ગયો. કાન્તિલાલે પુછ્યું 'કેમ શિખવશો?' રસિકાએ શો જવાબ દીધો તે અમારા જાણવામાં નથી. પણ આજ જમતી વખતે કાન્તિલાલની વાગ્ધારા અસ્ખલિત ચાલતી હતી અને પીરસતી રસિકાના મ્હોં ઉપર આનંદ, હાસ્ય વારંવાર ઝળકતું હતું. ધીરૂભાઇને વિજ્યા પણ દૃષ્ટિ મળતાં મલકાયાં.

હરિપ્રસાદ ધીરજરામ ઠાકોર.

# ગુજરાત વર્નાકયુલર સોસાઈટીમાંના હસ્તલિખિત પુસ્તક સંગ્રહની યાદી.

| નંબર. | પુસ્તકનું નામ. | કર્તા. | રચ્યા સાલ | ઉતર્યા સાલ. | પૃ. સંખ્યા. |
|---|---|---|---|---|---|
| ૭૩ | દશમ (ભાગવત) | સુંદર સુત માધવદાસ | સં. ૧૭૦૫ | સં. ૧૯૧૮ | ૧૦૮ |

છેવટઃ—

"સંવત સતર પાંચ્યો તેરે, આંકની સંખ્યા કહું
પંનર સતને એકોતરને, દક્ષણાયણ રવીને લહુ
ભાદરવા કૃષ્ણ પક્ષ દ્વીતીયા, ચંદ્ર સુધ વાસરવલી,
ધ્રુવ જોગ તૈતલ કર્ણ, નક્ષેત્ર તેરે વતી મળી
તેએ દિવસે એ ગ્રંથ પુરણ કૃપા હરી સાધુ તણી
જે આસ પોતી દાસની, નીત્ય ઇચ્છા મન્ય ધરતો ધણી.
હવે ગ્રંથની સંખ્યા વિશે, પદ ચાર સેહેસ્ત્ર પુરણ સહી
વળી ચર્ણ સતને બોહોતેર શ્લોકે, કરી પુરણતા કહી,
ભેદ પીંગળ કવિત છંદનો, જુગત અર્થ જાંણુ નહિ
સંત જનની કીપાથી એ, કથા સંક્ષેપે કહી.
રખે કવિજન ખોડ દેતા, નીરમલ બુદ્ધ મહારી નથી
અન્ય કવિનો લઇ આસે, કથા પદ બંધે કથી.
સુરત બંદર તાપી ત્રઠ સહી, તે મધ્યે વાસો રહું
વાલ્મીક કાયસ્થ જ્ઞાત મહારી, હવ્ય કવ્ય કાંઇ નવ્ય લહુ
સુંદરસુત બેહુ પાણ જોડી; સંત મહંતની વીનતી કરે
માધવદાસને ચરણે રખો, ભવ સાગરમાંથી જમ તરે
× × × × × ×

(આ કવિના રચેલા આદિ પર્વ માટે જુઓ નં. ૩૦)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૪ | દશમ સ્કંધ | તુલજારામ | સં. ૧૭૬૫ | સં. ૧૮૪૧ | ૪૩૬ |

છેવટઃ—

કૃપા ગુરૂ પરમાત્માએ કરિ, તો દશમ ચરિત્ર કહુ વિસ્તરી
સંવત ૧૭ શુભ કલ્યાણ, ઉત્તમ વર્ષ પાંસેટ જાણુ,
માસ અસાડ ગુરૂવાર ત્રયોદશિ, શુકલ પક્ષ પુનેમ ચંદ્ર શ્રી
ઉગતે દિન ઘટકા ચાર, પૂરણ પ્રબંધ કરે દેવ મુરાર
જ્ઞાત નાગર અમદાવાદ નિજ સ્થાનક રહેતા ઉહલાદ
જ્ઞાત નાગર વડોદરૂ ગામ, દિન આધિન લહો તુલજારામ
બુદ્ધમાને કથા એ કહી, આશા એક સ્વામિની ગ્રહી
શ્રોતા વક્તા પ્રિછક જેહ, આણે ભાવ લહે હરિ પદ તેહ

૭૫ }
૭૫અ. } સ્ત્રી ચરિત્રની વાર્તા. શામળભટ્ટ

( વાર્તા ૨૯ મી. શીલવંતી પુતળીએ કહેલી. )

છેવટ:—

ભોજ પ્રત્યે કહે પુતળી, આપે ગઇ આકાશ,
એ કથા પૂરણ થઈ કેહે કવિ **સાંમળદાસ.**

**શામળભટ્ટે** રચેલી બત્રીસ પુતળીની વાર્તાઓ છપાયેલી છે.
(પ્રસિદ્ધ કર્તા-બુકસેલર મગનલાલ મનસુખરામ પટેલ સન ૧૯૧૧ની આવૃત્તિ.)

ઉપરની વાર્તા માટે જુઓ છાપેલાં પૃ. ૫૭૯ થી ૬૧૨

**આ પ્રત અસલ નથી પણ અસલપરથી ઉતારી લીધેલી નકલ છે.**

૭૬ **હરણની વાર્તા. શામળભટ્ટ**

( વાર્તા ૧ લી. નંદા પુતળીએ કહેલી. )

છેવટ:—નંદા કેહે નરપત સુણો ભોજરાય ભડભૂપ
એહેવો થયો તે અધિપતી વિક્રમ રાજ્ય સ્વરુપ

જુઓ છાપેલાં પૃ. ૧ થી ૧૩ (૯૫૨ પ્રમાણે)

૭૭ **હંસની વાર્તા શામળભટ્ટ**

( વાર્તા ૯ મી કામાક્ષા પુતળીએ કહેલી. )

છેવટ:—

એ કથા પરીપુરણ થઇ કેહે કવી **સાંમળદાસ.**

( જુઓ છાપેલાં પૃ. ૧૪૩ થી ૧૫૬ )

૭૮ **સાગરની વાર્તા શામળભટ્ટ**

વાર્તા ૧૩ મી પુતળી માદળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. ૨૩૮ થી ૨૪૬.) શરૂઆતનો ભાગ છાપેલી પ્રતમાં કાંઇક વધારે અને જુદી જાતનો છે.

૭૯ **સિંહલદ્વિપની વાર્તા. શામળભટ્ટ**

વાર્તા ૪ થી. પુતળી માનવંતીએ કહેલી.

( જુઓ. છાપેલાં પૃ. ૫૫ થી ૭૭. )

૮૦ **વિપ્રની વાર્તા. સામળભટ્ટ**

વાર્તા ૨ જી સુભદ્રા પુતળીયે કહેલી.

છેવટ:—

**ગુજરદેશ ગરુયો ઘણો, વેગનપુરમાં વાસ**
**શ્રીગોડ માળવી વીપ્ર કેહે કવિ સાંમળદાસ**

જુઓ છાપેલાં પૃ. ૧૩ થી ૩૩.

૮૧ **વૈતાલની વાર્તા શામળભટ્ટ.**

વાર્તા ૨૦ મી સભારંજની પુતળીએ કહેલી.

( જુઓ છાપેલાં પૃ. ૩૭૩ થી ૩૮૩ )

૮૨ **વહાણની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૧૮ મી ઇંદુમતિ પુતળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. )

૮૩ **લક્ષબુદ્ધિની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૨૭ મી તરુણી પુતળીએ કહેલી.

જુઓ છાપેલાં પૃ. ૫૨૯ થી ૫૪૪)

૮૪ **કળશની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૧૧ મી બાળા પુતળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. ૧૮૭ થી ૧૧૦)

૮૫ **વિક્રમ રાજાની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૧૨ મી સિંહિકા પુતળીએ કહેલી.

છેવટ;—

બ્રાહ્મણ ભાટ સહુનો હું રાંક, ગુણ અવગુણ નવ કાડો વાંક
તમ ચરણ પ્રતાપે પાવંન થાઉં શ્રી સરસ્વતિ તણા ગુણ ગાઉં

જુઓ છાપેલા પૃ. ૨૧૧ થી ૨૩૮. લખેલી અને છાપેલી પ્રતોમાં કેટલેક સ્થળે ફેરફાર છે.

૮૬ **ભરથરીની વાર્તા શામળભટ્ટ.**

વાર્તા ૩૦ મી સરસ્વતી પુતળીએ કહેલી.

છેવટ:—

શ્રોતા વક્તા સાંભળો, કેહે કવી કરજોડ
સાંમળભટ મુખથી વદે, બોલે જે જે શ્રી રણછોડ.

જુઓ છાપેલાં પૃ. ૬૧૨ થી ૬૩૬. છાપેલી પ્રતમાં આ વાર્તાનો આંક ૨૬ મો છે.

૮૭ **માધવાનળની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૨૬ મી અઘનાશના પુતળીએ કહેલી.

છેવટ:—

શ્રી ગુર્જર ગુણ આગમો અધિક જહાં ઉલ્હાદ
ભાગ્યશાળી ભાવક ભલો, આવે **અમદાવાદ.**

(જુઓ છાપેલાં પૃ. ૫૧૧ થી ૫૨૯)

૮૮ **ભાભારામની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૧૯ મી પ્રદ્યુમ્ના પુતળીએ કહેલી.

છેવટ:—

પરદુખ દેખી નવ શકે, પરકાજે દે પ્રાણ
કલ્પતરુ તે કલીયુગ વિશે સાચો વીર સુજાણ.

જુઓ છાપેલાં પૃ. ૩૫૩ થી ૩૬૩. છાપેલી પ્રતમાં શરૂઆતનો તેમજ છેવટનો ભાગ જુદો છે.

૮૯ **મેના પોપટની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૧૫ મી ચંદ્રા પુતળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. ૨૬૯ થી ૨૮૫)

૯૦ **મેના પોપટની વાર્તા. શામળભટ્ટ.**

ઉપરની વાર્તાની આ બીજી પ્રત છે.

૯૧ **રણસ્થંભગઢની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૩૨ મી મોહના પુતળીએ કહેલી.

જુઓ છાપેલાં પૃ. ૩૪૨ થી ૩૫૩. છાપેલી પ્રતમાં આ વાર્તાનો આંક ૧૮ મો છે.

૯૨ **કામધેનુની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૨૨ મી સુભગા પુતળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. ૪૨૫ થી ૪૧૧)

૯૩ **કાષ્ટના ઘોડાની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૧૬ મી અમૃત સ્વાદ પુતળીએ કહેલી.

જુઓ છાપેલાં પૃ. ૨૮૫ થી ૩૧૪. લખેલી પ્રતનો શરૂઆતનો ભાગ આશરે ત્રણ પાના છાપેલી પ્રતમાં આપેલો નથી.

૯૪ **પાનની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૨૧ મી કર્પૂરગૌરી પુતળીએ કહેલી.

છેવટઃ—

પુરાણ લખાંણાં લક્ષધા કીધા કાલીદાસ
સંસ્કૃતમાંથિ શોધિયુ, વિવિધ પ્રકારે વિલાસ
એ ચરિત્ર જે સાંભળે પુરણ મન પ્રસંન
પુજ્ય ચંદ્રાયણ વ્રતનું રેવાનું દરશન.

જુઓ છાપેલાં પૃ. ૩૯૬ થી ૪૨૫. લખેલી પ્રતનો છેવટનો ભાગ છાપેલી પ્રતથી જુદો પડે છે.

૯૫ **ગર્ધસેનની વાર્તા. શામળભટ્ટ.**

વાર્તા ૧૦ મી વિનતા પુતળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. ૧૫૬ થી ૧૮૭.)

૯૬ **જોગણીની વાર્તા. શામળભટ.**

વાર્તા ૨૫ મી સુગંધના પુતળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. ૪૯૬ થી ૫૧૧)

૯૭ **ધનવંતશેઠની વાર્તા. શામળભટ.**

વાર્તા ૮ મી લક્ષ્મણા પુતળીએ કહેલી.

(જુઓ છાપેલાં પૃ. ૧૩૧ થી ૧૪૩)

૯૮ **નાપિકની વાર્તા. શામળભટ.**

વાર્તા ૭ મી શામા પુતળીએ કહેલી.

છેવટઃ—

એ સિંહાસન અવનવું બીજે ના ધરે કો પાય
એવું કહી પુતળી આપે ગઇ આકાશ.

(જુઓ છાપેલાં પૃ. ૧૧૯ થી ૧૩૧)

# બુદ્ધિપ્રકાશ.

( વર્ષ ૬૧ મું. )

ઇ. સ. ૧૯૧૪.

## અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | લેખક. |
|---|---|---|
| અભિલાષ. | ૩૩ | ( રા. રા. મલયાનિલ. ) |
| આફ્રીકાની આરપાર રેલ્વે. | ૨૪૭ | ( રા. રા. મણીલાલ છબારામ ભટ. ) |
| આપણી પ્રાથમિક શાળાઓ અને આરોગ્ય | ૩૧૦ | ( રા. રા. કાન્તિલાલ ભોગીલાલ દેસાઈ. ) |
| આર્થિક સુધારાની અગત્ય. | ૩૧૮ | ( રા. રા. મણીલાલ છબારામ ભટ. ) |
| ઐતિહાસિક કાવ્ય. | ૧૬ | ( તંત્રી. ) |
| કવિ ન્હાનાલાલને કંઠે. | ૧૯૩ | ( રા. રા. લલિત. ) |
| કર્તવ્ય. | ૧૯૫ | ( રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી. ) |
| કાપડને ફાયરપ્રુફ બનાવવાની કળા. | ૧૦૪ ૨૦૬ | ( રા. રા. 'સી' ) |
| કામદેવનાં બાળશસ્ત્રો. | ૩૭૮ | ( રા. રા. હરિપ્રસાદ કીરપારામ ઠાકોર ) |
| કાઠિયાવાડી દુહા. | ૧૩૦ | ( રા. રા. પોપટલાલ કેવળચંદ શાહ ) |
| ક્ષય સંબંધી, | ૩૭૦ | ( રા. રા. જાલમભાઇ ડાહ્યાભાઇ ) |
| ખગોળમાં ઉત્ક્રાંતિની સાબીતિઓ. | ૯૯ | ( રા. રા. છોટાલાલ. બી. પુરાણી ) |
| ખંભાત શબ્દની વ્યુત્પત્તિ તથા તેજ શહેરના શ્રેષ્ઠ ઋષભદાસે કરેલું ચિતોડના ઘેરાનું વર્ણન. | ૪૮ | (રા.રા. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ, એમ એ.) |
| ખંભાત શબ્દની વ્યુત્પત્તિ. | ૮૮ | " " |
| | ૮૯ | રા. રા. નરસિંહરાવ ભોળાનાથ બી. એ. સી. એસ. ) |
| " " " | | ( રા. રા. સી. ડી. દલાલ. એમ. એ.) |
| " " " | | " |
| ખંભાયતિ. | ૧૪૬ | ( રા. રા. નરસિંહરાવ ભોળાનાથ. બી. એ. સી. એસ. ) |

| વિષય. | પૃષ્ઠ. | લેખક. |
|---|---|---|
| ગ્રંથાવલોકન–માળા. | ૫૪ | ( તંત્રી. ) |
| ,, જયાજયન્ત. | ૨૭૨, ૩૦૫ | ( રા. રા. શિવભાઇ બાપુભાઇ. ) |
| ,, મેઘદૂત | ૨૪૭, ૩૧૨ | (રા. રા. લલ્લુભાઇ નરોત્તમદાસ મ્હેતા) |
| ,, રાહનો પર્વત. | ૧૮૩ | (રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે.) |
| ગાથા સપ્તસતિનો સમસામાયિક સંસાર. | ૪૪ | (રા. રા. રણજીતરામ વાવાભાઇ બી. એ.) |
| ગીતાંજલી. | ૯૭ | ( સે. રા. મલયાનિલ. ) |
| ગુ. વ. સો. નો. ૬૫મો વાર્ષિક સભાનો હેવાલ ૨૧૧ | | |
| ગુ. વ. સો. હસ્તલિખિત પુસ્તકસંગ્રહની યાદી | ૧૩, ૧૭, ૨૧, ૨૪, ૨૫. | (તંત્રી.) |
| ગુજરાતી જોડણી | ૧૩૨ | ( રા. રા. કુબેરદાસ એફ. મહેતાજી. ) |
| 'ગુજરાતી' પ્રેસના પુસ્તકોનું દિગ્દર્શન. | ૧૬૯ | (રા. રા. લલ્લુભાઇ નરોત્તમદાસ મહેતા.) |
| ગુજરાતનાં ઇતિહાસનાં સાધનો. | ૨૯૨ | (રા. રા. રણજીતરામ વાવાભાઇ બી. એ.) |
| ગેંડો. | ૧૩૫ | ( ડૉ. મણિલાલ મોહનલાલ ઝવેરી. ) |
| દિલ. | ૩૩ | ( મી. હાસમ હીરજી ચારણીયા. ) |
| દીન દરવેશની કવિતા. | ૨૫૯ | ( રા. રા. પોપટલાલ કેવળચંદ શાહ. ) |
| ,, ,, | ૩૨૩ | ( રા. રા. કલ્યાણસિંહ નવલસિંહ ક્ષત્રી. ) |
| ,, કુંડળીયા. | ૩૨૩ | ,, ,, |
| દી. બા. અંબાલાલ સાકરલાલ દેશાઈ. | ૨૮૨ | ( તંત્રી. ) |
| દીર્ઘાયુષ્ય. | ૩૩૫ | ( સ્વ. A. S. D. ) |
| દૈવ અને મનુષ્ય. | ૬૫ | ( રા. રા. હીરાલાલ મગનલાલ દેશાઇ ) |
| ધારાપુરીની ગુફામાં. | ૧૭૭ | ,, ,, ,, |
| નાણાંબીડ. | ૧ | ( દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇ ) |
| નાથજીને અરજી. | ૧૬૧ | ( રા. રા. ત્રિભુવન ગૌરીશંકર. ) |
| ન્યાય પદાર્થ. | ૩૪૬ | ( સ્વ. રા. રા. ચમનરાય શિવશંકર. ) |
| નૂતન–વર્ષાભિનન્દન. | ૨૮૯ | ( રા. રા. હીરાલાલ મગનલાલ દેસાઇ. ) |
| નેપાલ પ્રવાસ વર્ણન. | ૩૫, ૧૧૬, ૧૭૪. ૧૫૬, | (રા. રા. ત્રંબકલાલ ચંદ્રશંકર દેશાઈ.) |
| પરીક્ષા. | ૧૪૭, | ( પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર. ) |
| પનામાની નહેરની વાસ્તુ ક્રિયા–મહાનપ્રદર્શન | ૩૯ | ( રા. રા. રામલાલ ચુનીલાલ મોદી ) |
| પરદેશીઓનું આપણા સંબંધી અજ્ઞાન. | ૭૦ | ( રા. રા. મણીલાલ છબારામ ભટ. ) |
| પ્રવાસી. | ૧૨૯ | ( રા. રા. કુન્ઝ ) |
| પ્રભુ તાં પંખીડાને | ૨૨૬ | ( રા. રા. હીરાલાલ મગનલાલ દેસાઇ ) |
| પ્રાચીન કાવ્ય. | ૨૨૩ | ( રા. રા. સી. ડી. દલાલ એમ. એ. ) |
| પ્રાચીન આર્યાવર્તમાં અર્થશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતો. | ૧૧૩ | ( રા. રા. પુનમચંદ કેશવલાલ શાહ ) |

| વિષય. | પૃષ્ઠ. | લેખક. |
|---|---|---|
| પ્રાર્થના. | ૨૯૧ | ( રા. રા. હરગોવિંદ કાનજી ભટ. ) |
| પિતાને યાચના. | ૨૫૭ | ( રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી. ) |
| પુરાણ-પારણુ. | ૩૨૧ | ( રા. રા. સીતારામ જે. શર્મા. ) |
| પુસ્તકશાળામાં બાળવિભાગ. | ૩૨૭ | ( રા. રા. કેશવપ્રસાદ છોટાલાલ દેશાઇ. બી. એ. એલ એલ. બી. ) |
| બાલ કુસુમોને. | ૩૪ | ( રા. રા. 'કુન્જ.' ) |
| બ્રિટનના વિજય માટે પ્રભુ પ્રાર્થના. | ૩૨૬ | ( રા. રા. હીરાલાલ વિદ્યારામ રાવળ. ) |
| ભક્તિ. | ૭૭ | ( રા. રા. મોહનલાલ સી. કોઠારી. ) |
| ભણવાનો શો અર્થ. | ૧૫૨ | ( રા. રા. મણીલાલ છબારામ ભટ. ) |
| ભારત વીર કથા. | ૩૫૫ | ( રા. રા. લલ્લુભાઇ નરોત્તમદાસ મ્હેતા.) |
| ભારતલક્ષ્મી. | ૨૯૦ | ( રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી. ) |
| ભિન્નમાળ અને કનોજના ગુર્જર પ્રતિહાર વંશ. | ૩૫૪ | ( રા. રા. રણજીતરામ વાવાભાઇ બી. એ.) |
| મંગળનોગ્રહ એક કૂટ પ્રશ્ન. | ૨૪૧ | ( રા. રા. જાલમભાઇ ડાહ્યાભાઇ દેરાસરી) |
| મિતાહાર ને દીર્ધાયુષ્ય. | ૧૬૨ | ( દી. બા. અંબાલાલ સાકરલાલ દેશાઇ. એમ. એ. એલ એલ. બી. ) |
| રજપૂત લોકોની લડાઇમાં વંચાતું મહાભારત. | ૨૬૧ | ( રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળ. ) |
| રજતગિરિ. | ૭૪ | ( રા. રા. બકુલ. ) |
| રવિન્દ્રનાથ ટ ગોરકૃત 'ગીતાંજલી'માંનું કાવ્ય. | ૧૯૪ | ( રા. રા. ભાઇશંકર કુબેરજી શુકલ. ) |
| ,, ,, | ૨૫૮, ૩૨૨, ૩૨૩. | ( રા. રા. હરગોવિંદ કાનજી ભટ. ) |
| રવિન્દ્રનાથ ટાગોરનું 'શાન્તિનિકેતન' અને બોલપુરમાંનું બ્રહ્મચર્યાશ્રમ. | ૩૨૨ | ( તંત્રી. ) |
| લાખો વર્ષ ઉપરનાં પાણી. | ૬૬ | (રા.બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા |
| વડિલોને. | ૩૫૩ | ( રા. રા. હરગોવિંદ કાનજી ભટ ) |
| વાગ્ભટાલંકાર અને ગુજરાતનો ઇતિહાસ | ૧૩૧ | ( રા. રા. રણજીતરામ વાવાભાઇ બી.એ. |
| શરીર અને તનદુરસ્તી ઉપર વિચારની અસર | ૨૨૯ | ( રા. રા. હરિલાલ દ્વારકાંદાસ સંઘવી ) |
| સબૂમરીન. | ૩૩૯ | ( રા. રા. વિજયલાલ કનૈયાલાલ ધ્રુવ. એલ. સી. ઇ. ) |
| સ્વ. રા. ભગુભાઇ ફતેચંદ કારભારી. | ૩૩૬ | ( ' એક મિત્ર.' ) |
| સતી ભાનુબાઇ. | ૩૬૬ | ( રા. રા. લલ્લુભાઇ નરોત્તમદાસ. ) |
| સ્વ. અ. સૌ. વિજ્યાલક્ષ્મી ત્રિવેદી. | ૧૯ | ( "સુંદરીસુબોધ" માંથી. ) |
| સંયોગો ઉપર વિચારની અસર. | ૧૩૯ | ( રા. રા. હરીલાલ દ્વારકાંદાસ સંઘવી.) |
| સમાજ શાસ્ત્રનો એક અધ્યાય. | ૧૯૬ | ( રા. રા. ત્રંબકલાલ ચંદ્રશંકર દેસાઇ.) |
| સાક્ષરસપ્તક. | ૨૨૫ | ( રા. રા. નવલ. ) |

| વિષય. | પૃષ્ઠ. | લેખક. |
|---|---|---|
| સ્ત્રી ધૈર્ય. | ૩૩૬ | ( રા. રા. હરિપ્રસાદ કીરપારામ ઠાકોર એલ. સી. ઇ. ) |
| સ્વીકાર. | ૨૫, ૫૪, ૧૨૬. | ( તંત્રી. ) |
| સીંચણીયું. | ૮૨ | ( રા. રા. જયંતીલાલ મોરારજી મહેતા. ) |
| સૂર્યની કાર્યશક્તિનું ઉત્પતિ સ્થાન. | ૧૬૫, ૨૫૩ | ( રા. રા. સાંકળચંદ જેઠાભાઇ શાહ એમ. એ. ) |
| હાસ્યરૂદન. | ૧૬૧ | ( મી. હાસમ હીરજી ચારણીયા. ) |

(d) The selection of the scholar in the Ranchhodlal Chhotalal High School, Ahmedabad, with rest with the Head Master of the said school.

7. The savings that may accure after deducting the incidental expediture if any, and the expenditure on account of scholarship, will be utilized in giving a prize to a Mahomedan student coming highest among Mahomedans at the 3rd year's Examination of the Premchand Raichand Training College for Men, Ahmedabad, preference of course will be given to the Mahikantha Agency scholar. Failing such a scholar the prize will be given to a Mahomedan student of the 2nd or 1st year class of the said College coming highest as said above, preference will be given to a student of the 2nd year in place of the 1st year. This selection will rest with the Principal of the College.

8. Failing a suitable scholar from the College the prize will be given to any Mahomedan student of the Ranchhodlal Chhotalal High School, Ahmedabad, coming highest at the annual examination of the school among Mahomedans of the same standard, preference to be given to a student of the highest standard.

9. Failing suitable students for the scholarship and prize from either the College or the High school, the amount will be utilized in any school the Educational Inspector, N.D. thinks best.

## વજીભાઇ અંજા બ્રહ્મક્ષત્રિય સ્કૅાલરશિપ.

અંજા બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના જે વિદ્યાર્થીઓ ઇંગ્રેજી ચોથા ધોરણથી તે મેટ્રિક્યુલેશન અથવા સ્કૂલ ફાઇનલની પરીક્ષા સારૂ અભ્યાસ કરતા હોય તેમાંથી એકને માસિક રૂ. ચારની સ્કોલરશિપ આપવાની છે. મુંબઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પહેલી પસંદગી મળશે.

ઉમેદવારે પોતે અંજા બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિનો હોવા વિષેનું નીચેની કોઇ પણ એક ગૃહસ્થનું સર્ટિફીકેટ અરજી સાથે મોકલવું.

૧ રા. રા. વિશ્વનાથ મોરેશ્વર અંજા, નં. ૯ કાન્દાવાડી લેન, ગીરગામ—મુંબાઈ

૨ રા. રા. જેઠાભાઇ મૂળજી મચ્છર, પહેલી કાર્પેન્ટર ગલ્લી—મુંબાઈ.

૩ રા. રા. પુષ્પદત્ત મોરેશ્વર અંજા, ૯ કાન્દાવાડી લેન, ગીરગામ—મુંબઇ.

૪ રા. રા. હરીચંદ રૂપચંદ જોગી કીકા સ્ટ્રીટ—મુંબઇ.

૫ રા. રા. વિઠ્ઠલ પુરૂષોતમ મચ્છર, કાટન આર્યન વર્કસ, બીજી ખેતીવાડી ગલી-મુંબઇ

**અરજીઓ નીચેને શીરનામે તા. ૧૫ મી ડિસેમ્બર સન ૧૯૧૪ સુધીમાં મોકલવી.**

**રમણભાઇ મહીપતરામ નીલકંઠ.**
ઑનરરી સેક્રેટરી,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી—અમદાવાદ.

REGISTERED No. B. 241.

# સ્ત્રી શિક્ષણ પરીક્ષા.

નિશાળ છોડયા પછી સ્ત્રીઓને પોતાનો અભ્યાસ વધારવાને ઉત્તેજન મળે, અને સ્ત્રી ઉપયોગી જ્ઞાનની સ્ત્રીઓમાં વૃદ્ધિ થાય એ હેતુથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ **સ્ત્રી શિક્ષણ પરીક્ષા** લેવાની કરેલી યોજનાના સુધારેલા નિયમો સન ૧૯૧૩ ના સપ્ટેમ્બર માસના **બુદ્ધિપ્રકાશમા** પ્રસિદ્ધ કરેલા છે. એ પરીક્ષા અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના નગર શેઠ **પ્રેમાભાઈ હૉલમાં** તા. **૫ મી માહે માર્ચ સન ૧૯૧૫ ને શુક્રવારને** રોજ બપોરના **બે વાગે** શરૂ થશે. માટે જે સન્નારીઓની ઈચ્છા આ પરીક્ષા આપવાની હોય તેમણે નીચે સહી કરનારને તા. **૨૮ મી ફેબ્રુઆરી ૧૯૧૫** સુધીમાં નીચેની હકીકત સાથે લખી જણાવવું. પરીક્ષામાં પાસ થનાર સર્વેને સર્ટિફિકેટ આપવામાં આવશે તથા ઉંચે નંબરે પાસ થનારને ઠરાવેલાં ઇનામ આપવામાં આવશે.

૧ પોતાનું નામ, બાપનું નામ તથા ( પરણી હોય તો ) ધણીનું નામ.
૨ જાત. ૩ ઉમ્મર.
૪ ક્યા ગામથી પરીક્ષા આપવા આવે છે?
૫ કયા ધોરણમાં પરીક્ષા આપવાની છે તે? ઊંચા ધોરણમાં પરીક્ષા આપવાની હોય તો નીચા ધોરણની પરીક્ષા કઇ સાલમાં પાસ કરી છે?
૬ શાળા ક્યારે છોડી છે? અથવા કઇ સ્કૂલમાં શિખે છે?
૭ અંગ્રેજી અભ્યાસ કર્યો છે કે નહિ? ને કર્યો છે તો કેટલો?
૮ ઉપરની માહિતી સાથે પોતાના બાપ કેટલીનું સરટિફીકેટ એવી મતલબનું કે ઉમેદવાર શાળામાં જતી કે ગઈ નથી તેથી તે પરીક્ષા આપે તેમાં તેમની સંમતિ છે. ( બાપ કે વાલી ન હોય તો કોઇ પ્રતિષ્ટત ગૃહસ્થનું સરટીફીકેટ મોકલવું. ) આ પરીક્ષામાં નીચેનાં પુસ્તકોમાંથી સવાલો પૂછવામાં આવશે.

## નીચુ ધોરણ.

પ્રશ્નપત્ર ૧ લો:—( ૧ ) "સ્ત્રી બોધક સતી ચરિત્રો—સૌ. સગુણાગૌરી ભાનુસુખરામ.
( ૨ ) સદ્ગુણી સ્ત્રીઓ. કર્તા સ્વ. બેન સુમતિ.
( ૩ ) "શિક્ષાવચન" (ગુ. વ. સોસાઇટી અગીઆરમી આવૃત્તિ.)

પ્રશ્નપત્ર ૨ જો:—( ૧ ) "દર્દીની સારવાર." ( ડૉકટર ધનજીભાઇ કૃત )
( ૨ ) "અકસ્માતમાં પ્રાથમિક મદદ" ( ડાકટર ધનજીભાઇ કૃત )
( ૩ ) "સ્ત્રીનીતિ ધર્મ" ( કર્ત્તા રા. વિઠ્ઠલદાસ ધનજીભાઈ )

## ઉચુ ધોરણ.

પ્રશ્નપત્ર ૧ લો:—( ૧ ) "જીંદગીનો ઉપયોગ." ( રા. રા. છગનલાલ ઠાકોરદાસ મોદી )
( ૨ ) દલપતકાવ્ય ભાગ ૧ લામાંથી પ્રકરણ ૩ જું.
(ત્રીજી આવૃત્તિનાં પૃષ્ઠ ૬૪ થી ૧૦૨ સુધી )
( ૩ ) "શહેનશાહબાનુ મેરી" ( કર્ત્તા મણિલાલ છબારામ ભટ્ટ. )

પ્રશ્નપત્ર ૨ જો:—( ૧ ) "ગૃહવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા." ( ડા. ત્રીભુવનદાસ કૃત. )
( ૨ ) "નારીશિક્ષા ભાગ ૧ લો" ના પૃ ૪૫ થી ૮૭.
"નારીશિક્ષા ભાગ ૨ જો." પૃ. ૧ થી ૧૦૨.
( ૩ ) હીરા માણેકની એક મોટી ખાણ—કર્ત્તા.—રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટ. ( કીંમત ૦—૨—૦. )

અમદાવાદ.
તા. ૨૦—૧૨—૧૪.

**રમણભાઇ મહીપતરામ નીલકંઠ**
ઑનરરી સેક્રેટરી ગુ. વ. સોસાઇટી.